Gujarati

# Yog Vaasishth

**Part-2**

**(4) Sthiti Prakaran**

**(5) Upsham(Nivrutti) Prakaran**

(In Simple Gujarati Langauage)
Based On Valmiki's
Yog-Vaasishth
(Maha Ramayan---OR---Uttar Ramayan)

By
Anil Pravinbhai Shukla
(Inspiration by Mom Indu)
July-2016
www.sivohm.com
-Email-
lalaji@sivohm.com-OR-anilshukla1@gmail.com

# યોગવાસિષ્ઠ


**ભાગ-2**

**(૪) સ્થિતિ પ્રકરણ- અને - (૫) ઉપશમ(નિવૃત્તિ)પ્રકરણ**


(સરળ ગુજરાતીમાં)
વાલ્મિકીજી રચિત ગ્રંથ
યોગવાશિષ્ઠ
(મહારામાયણ---અથવા---ઉત્તર રામાયણ)
પર આધારિત

સંકલન
અનિલ પ્રવિણભાઈ શુક્લ
(મા ઇન્દુ ની પ્રેરણાથી)
July-2016
www.sivohm.com
-Email-
lalaji@sivohm.com-OR-anilshukla1@gmail.com

Dedicated to-In loving Memory Of



Grandpa-Labhshanker



Grandma-Santok Baa



Dad-Dr.Pravinbhai



Mom-Induben (Inda)

: From :

Anil and Renuka

Son-Manan-and-Daughter in law--Anne

---

## **અનુક્રમણિકા**

---

page#

**યોગવાશિષ્ઠ-બુક-ભાગ-૧ માં પહેલાં ત્રણ પ્રકરણ છે.**

- વૈરાગ્ય- પ્રકરણ-૧
- મુમુક્ષુ -પ્રકરણ -૨
- ઉત્પત્તિ -પ્રકરણ- ૩
-

**યોગવાશિષ્ઠ-બુક-ભાગ-૨-આ ભાગમાં પ્રકરણ-૪ -અને પ્રકરણ-૫ છે.**

- સ્થિતિ -પ્રકરણ-૪ .................ની અનુક્રમણિકા............................................................002
- ઉપશમ (નિવૃત્તિ)પ્રકરણ-૫.......ની અનુક્રમણિકા...........................................................115

Total Page-301

## (૪) સ્થિતિ પ્રકરણ-અનુક્રમણિકા

(૧) જગત રૂપી ચિત્ર નું અવળી રીતે વર્ણન અને સાંખ્ય મત નું ખંડન
(૨) જગતની સ્થિતિ નું ખંડન તથા સત્ય-સ્વ-રૂપ ની સ્થિતિ નું મંડન
(૩) જગત નું અનંત-પણું
(૪) જગત નું મૂળ મન છે અને મન ના નાશથી જગતની શૂન્યતા
(૫) શુક્રાચાર્યને અપ્સરાનું દર્શન અને તેનામાં થયેલી તન્મયતા
(૬) શુક્રાચાર્ય નું સ્વર્ગ માં જવું અને ત્યાં તેમનું સન્માન
(૭) શુક્રાચાર્ય અને અપ્સરાનો અનુરાગ
(૮) સ્વર્ગસુખ ભોગવ્યા પછી કેટલાક જન્મ બાદ શુક્રાચાર્ય નો તપસ્વી જન્મ
(૯) શુક્રાચાર્ય નું મરણ
(૧૦) શુક્રાચાર્ય ના મરણથી,ભૃગુ નો કાળ પર ક્રોધ
(૧૧) ભૃગુઋષિ અને કાળનો સંવાદ
(૧૨) મોહ થી થયેલી વિચિત્રતા ની વિવર્તતા
(૧૩) મન ની શક્તિનું વર્ણન અને ભૃગુએ શુક્રાચાર્ય પાસે જવાની કરેલી તૈયારી
(૧૪) શુક્રાચાર્ય ને તેમના પૂર્વ-દેહ નું સ્મરણ કરાવ્યું
(૧૫) શુક્રાચાર્યે કરેલો ખેદ-અને રામને ઉપદેશ
(૧૬) શુક્રાચાર્ય નો પુનઃ પૂર્વ-દેહમાં પ્રવેશ-દૈત્યો નું આચાર્ય પણું અને જીવનમુક્તિ
(૧૭) સત્ય સંકલ્પો સિધ્ધ થાય છે
(૧૮) મલિન ચિત્ત સાથે મલિન ચિત્ત નો યોગ અને ચિત્ત શુદ્ધિ થી મોક્ષ
(૧૯) જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ-અને તુરીય અવસ્થા નું વર્ણન
(૨૦) જગત મન ની ભ્રાંતિ-રૂપ છે
(૨૧) મન નો નિર્ણય
(૨૨) રુઢ બોધવાળા ની દશા
(૨૩) શરીર-રૂપી નગરી નું વર્ણન
(૨૪) ઇન્દ્રિયોની પ્રબળતા અને તેમને જીતવાના ઉપાયો
(૨૫) દામ-વ્યાલ-કટ,નામના ત્રણ દૈત્યો ની ઉત્પત્તિ
(૨૬) દેવતાઓની સાથે દામ-વ્યાલ-કટ ના સંગ્રામનું વર્ણન
(૨૭) હારી ગયેલા દેવતાઓને બ્રહ્માએ જીતવાનો ઉપાય બતાવ્યો.
(૨૮) ત્રણ દૈત્યોની સાથે દેવતાઓએ ફરીથી યુધ્ધ શરુ કર્યું
(૨૯) ત્રણે દૈત્યો ને દેહાભિમાન થવાથી તેઓની થયેલી હાર
(૩૦) યમરાજાએ કરેલી શિક્ષાથી ત્રણે દૈત્યો ના થયેલા અનેક અવતારો
(૩૧) અર્થની હાનિ અને અનર્થ-પ્રાપ્તિ અહંકારથી જ પ્રાપ્ત થાય છે
(૩૨) દામ-વ્યાલ-કટ નો મોક્ષ
(૩૩) શુભ ઉદ્યોગ નું વર્ણન અને અહંકારથી બંધન તથા તેના ત્યાગ થી મોક્ષ
(૩૪) વિષ્ણુએ શંબરાસુરને માર્યો અને વાસના-રહિત ત્રણ દૈત્યોનો મોક્ષ
(૩૫) વાસના-ત્યાગનું નિરૂપણ
(૩૬) ચૈતન્ય-સ્વ-રૂપ નું વર્ણન
(૩૭) બોધ-અકામતા-કર્મ રહિતતા થી આત્મા ની સ્વ-રૂપ સ્થિતિ
(૩૮) જ્ઞાની ને કર્તા-પણું,ભોક્તા-પણું,બંધન કે મોક્ષ નથી
(૩૯) રામને પ્રબોધ કરવા વસિષ્ઠ નો વિચાર
(૪૦) જીવ અને ઉપાધિ નું બ્રહ્મ-પણું
(૪૧) અનિર્વચનીય માયા -એ અવિચારણીય અને ટાળવા યોગ્ય છે.
(૪૨) વાસના ના પ્રાબલ્ય થી જીવોનો ઉતારવાનો ક્રમ
(૪૩) અવિવેકથી અનેક યોનિઓની પ્રાપ્તિ અને વિવેકથી મુક્તિ
(૪૪) મુક્તિ અને પ્રલય નું અંતર તથા બ્રહ્મા નો શરીર-ગ્રહણ નો ક્રમ
(૪૫) જગત સ્વ-સત્તાથી નહિ પણ બ્રહ્મ ની સત્તાથી છે
(૪૬) જીવન-મુક્ત ના ગુણો નું વર્ણન
(૪૭) અનિયમિત ક્રમો વાળા ભૂત-ભવિષ્ય-વર્તમાન નાં કરોડો બ્રહ્માંડો નું વર્ણન
(૪૮) દાશૂરાખ્યાન -અગ્નિએ દાશૂર ને વરદાન આપ્યું
(૪૯) કદંબ-વૃક્ષ નું વર્ણન
(૫૦) કદંબ પર બેઠેલા દાશૂરે દશે દિશાઓ ને દીઠી
(૫૧) દાશૂરે વન-દેવી ને પુત્ર આપ્યો અને તે પુત્ર ને જ્ઞાન આપ્યું
(૫૨) 'જગત મન કલ્પિત છે' એ સમજાવવા ખોત્થરાજા નું ચરિત્ર
(૫૩) ખોત્થરાજાના કલ્પિત ઉદાહરણ નો સિધ્ધાંત
(૫૪) સંકલ્પ ની ઉત્પત્તિ-વગેરેનું નિરૂપણ
(૫૫) દાશૂર અને વસિષ્ઠ નો સમાગમ-અને દાશૂર-આખ્યાન ની સમાપ્તિ
(૫૬) જગત ની સત્તા-અસત્તા,તથા ચૈતન્ય નું કર્તુત્વ અને અકર્તુત્વ
(૫૭) વાસના-ત્યાગ નો ક્રમ અને વાસના-રહિત ની પ્રશંસા
(૫૮) બૃહસ્પતિના પુત્ર- કચે ગાયેલી કથા
(૫૯) બ્રહ્મા ના સંકલ્પ થી જગત ની કલ્પના અને શાસ્ત્રો ની ઉત્પત્તિ
(૬૦) શરીરગ્રહણનો ક્રમ અને તત્વવેત્તાઓની પ્રશંસા
(૬૧) સત્પુરુષો ની પ્રશંસા અને વિવેક તથા વૈરાગ્ય ના ક્રમ
(૬૨) સત્સંગથી તથા પુરુષાર્થ થી ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

## (4) સ્થિતિ પ્રકરણ

### (૧) જગત રૂપી ચિત્રનું અવળી રીતે વર્ણન અને સાંખ્ય મત નું ખંડન

વશિષ્ઠ કહે છે કે-હે,રામચંદ્રજી.આ પ્રમાણે મેં તમને ઉત્પત્તિ પ્રકરણ કહ્યું.
હવે હું તમને મોક્ષ પમાડનાર સ્થિતિ પ્રકરણ કહું છું.

મારા આગળ કહેવા પ્રમાણે આ દૃશ્ય જગત –એ “અહંતા-યુક્ત” આકાર વિનાનું,ભ્રાંતિ-માત્ર ને અસત્ છે.
વળી તે કર્તા વિનાનું,આકાશમાં ઉત્પન્ન થયેલા ચિત્ર જેવું,સ્રષ્ટા વિનાનું,અનુભવ-રૂપ,નિંદ્રા વિનાનું અને સ્વપ્ન જેવું છે.તે ચિત્તમાં રહીને ઉદય પામેલું છે.અને અર્થ ને સાધનારું છે.

બ્રહ્મથી તે અભિન્ન નથી છતાં તે જુદા ની પેઠે રહેલું છે.તે આકાશમાંના સૂર્ય-પ્રકાશ ની જેમ શૂન્ય છે અને આધાર વિનાનું છે.તે અસત્ય છતાં સત્યના જેમ પ્રતીત થાય છે.તે,કલ્પિત નગરની પેઠે તે અનુભવમાં આવે છે, છતાં તે અસત્ય છે.તેની કોઈ સ્થળે સ્થિતિ નહિ હોવાથી તે અસ્થિત છે,તે,નિસાર છે છતાં દૃઢ છે.
તે વસ્તુ વિનાનું છે છતાં સ્વપ્નની સ્ત્રીના સમાગમની જેમ ભોગ-ક્રીડા કરનારું અને અનર્થ-રૂપ છે.

અનુભવ કરેલા મનોરાજ્ય ની પેઠે,તે સ્વરૂપ તથા ફળ થી મિથ્યા છે.અને ચિત્રમાં રહેલા કમળ ની પેઠે, સાર તથા સુગંધ વિનાનું છે.પરમાત્મા નો થોડો વિચાર કરીએ તો પણ આ જગત સ્તંભ જેવું,અસાર અને જડ છે,અને મિથ્યા પંચમહાભૂતો વડે રચેલું છે.એમ જણાય છે.
તે નેત્ર-દોષ થી દેખાતા અંધકાર જેવું મિથ્યા અને અત્યંત રૂપ-રહિત હોવા છતાં પ્રત્યક્ષ દેખાય છે.

તે પાણીના પરપોટા ના આકાર જેવું છે,શૂન્ય છતાં અંદરથી સ્ફૂરાયમન શરીર વાળું છે.
ઝાકળની પેઠે તે વિસ્તાર પામેલું છે,અને પકડવા જતા તે હાથમાં આવતું નથી.
તે જડ-રૂપ,અવિદ્યાના સ્થાનક-રૂપ અને શૂન્ય છે અને પરમાણુ જેવું છે.
આ પ્રમાણે ભિન્ન ભિન્ન મતવાદીઓ ના મત છે.

રામ કહે છે કે-બીજમાં અંકુર રહે,તેવી રીતે પ્રલયકાળના સમયમાં આ જગત પરમાત્મા માં રહે છે,તથા, પાછું તેમાંથી જ ઉદય પામે છે.-તો એવી રીતે માનનાર જે માણસો છે તે જ્ઞાની છે કે અજ્ઞાની છે-
તે મારો સંશય મટાડવા તમે મને કહો.

વશિષ્ઠ કહે છે કે-બીજમાં અંકુર રહે તેમ,આ દૃશ્ય-જગત પ્રલયકાળમાં પરમાત્મા માં રહે છે -
તેમ જે,માનનાર છે તેનું માત્ર અજ્ઞાન-પણું જ છે.

હે રામ તમે સાંભળો, "આ જગતનો કોઈની સાથે સંબંધ નથી-
એમ માનવાથી પણ કોઈ સ્થળે વાસ્તવ સંબંધ જણાય છે અને કોઈ જગ્યાએ વાસ્તવ સંબંધ દેખાતો નથી.
એટલા માટે "બીજમાં અંકુરની પેઠે,પરમાત્મા માં જગત રહેલું છે"
તેવો બોધ વિપરીત છે,અને વક્તા તથા શ્રોતાને મોહ કરનારો છે.

"બીજમાં અંકુર ની જેમ પરમાત્મામાં જગત રહે છે"-એવા પ્રકારની જે બુદ્ધિ છે,
"તે પ્રલયકાળમાં જગતની સત્યતા જણાવવા માટે છે " પણ તેવી બુદ્ધિ રાખવી તે મૂઢ-પણું છે.
તેનું હું કારણ કહું છું તે તમે સાંભળો.

ધાન્ય-વગેરે જે બીજ જોવામાં આવે છે,તે ચિત્ત અને ઇન્દ્રિયોથી ગોચર (જોઇ શકાય તેવા) છે,
માટે તેમાંથી પાન-અંકુર ની ઉત્પત્તિ થવી ઘટે છે.પણ,

પરમાત્મા તો,પાંચ ઇન્દ્રિયો-અને છઠ્ઠા મન થી પણ અતીત છે.અણુંરૂપ છે,સ્વયંભુ છે,
તો,તેમાં જગતનું બીજ-પણું કેવી રીતે રહી શકે?
આકાશ થી પણ સૂક્ષ્મ,કોઈ પણ નામથી અપ્રાપ્ય અને "પર થી યે પર"
એવા પરમાત્મા ને બીજ-પણું કેમ અને કેવી રીતે ઘટે?

પરમાત્મા વસ્તુતઃ સત્ય છે,તો પણ અતિ સૂક્ષ્મ હોવાથી અજ્ઞાની ની દ્રષ્ટિએ અસત્-રૂપ જણાય છે.
તેને બીજપણું નથી તો અંકુર-પણું કેવી રીતે ઘટે?
જે પોતે (પરમાત્મા) પણ કોઈ વસ્તુ  નથી-તો પછી, તેમાં બીજી વસ્તુ (જગત) કેવી રીતે રહી શકે?
અને જો વસ્તુ હોય તો તેમાં રહેલી વસ્તુ કેમ ના દેખાય?

આ પ્રમાણે આત્મા (પરમાત્મા) નું કોઈ પણ જાતનું "સ્વ-રૂપ" નથી,
માટે તેમાંથી જગત કેમ અને કેવી રીતે ઉત્પન્ન થયું?
"શૂન્ય-રૂપ ઘટાકાશ" (પરમાત્મા-રૂપ) માંથી પર્વત (જગત) ક્યાં કેવી રીતે ઉત્પન્ન થાય?

જેમ,તડકામાં છાયા રહી શકે નહિ,તેમ સત્ય પરમાત્મામાં જડ-સત્તા વાળું જગત કેમ રહી શકે?
સૂર્યમાં અંધકાર કેમ રહે?અગ્નિમાં હિમ કેમ રહે?અણુંમાં મેરુ પર્વત કેમ રહે?
નિરાકાર વસ્તુમાં સાકાર કેમ રહે?

જેમ,છાયા ને તડકાની એકતા થઇ શકતી નથી તેમ,ચૈતન્ય અને જડ-જગત ની એકતા કેમ થઇ શકે?
બીજા દેશમાં અને બીજા મનુષ્યોમાં,બુધ્ધિ-વગેરે ઇન્દ્રિયોની શક્તિ થી,
પ્રત્યક્ષ અનુમાન વગેરે બુધ્ધિના જ્ઞાન વડે,જે આ વાસ્તવિક જગત જોવામાં આવે છે,
તે વાસ્તવિક રીતે છે જ નહિ.(સર્વ પરમાત્મા-મય કે બ્રહ્મ-મય છે)

પરમાત્મા "જગત-રૂપી કાર્ય" માં “કારણ-પણા” ને પામેલા છે,એમ કહેનારા મૂઢ બુધ્ધિ વાળા છે.
જો પરમાત્મા માંથી જ જગતઉત્પન્ન  થયું
તો પછી કયા સહકારી કારણ (એક વસ્તુ ને ઉત્પન્ન કરવામાં કારણરૂપે રહેલાં બીજાં સાધન)
સહિત તે ઉદય પામ્યું? તે કહો.

માટે દુર્બુધ્ધિ વાળાઓએ કલ્પેલા “કાર્ય-કારણ-ભાવ” ને દૂર રાખો.અને,
**આદિ-મધ્ય-અને અંત થી રહિત,જે “બ્રહ્મ” છે-તે જ આ જગત-રૂપે રહેલું છે તેમ તમે જાણો.**

(નોંધ-અહીં "જગત-રૂપી ચિત્ર" નું "સામાન્ય પ્રસિધ્ધ ચિત્ર"થી અવળા-પણું (વૈધર્મ્ય) વર્ણવેલું છે.
અને સાંખ્ય-વગેરેના મતો નું ખંડન  કરીને બ્રહ્મ-માત્ર ની સિધ્ધિ કરેલી છે.
સાંખ્યો કહે છે-તે પ્રમાણે તેઓ પુરુષ અને પ્રકૃતિ ને જુદા પાડે છે તે દ્વૈત-વાદ છે
જયારે અહીં અદ્વૈત (એક બ્રહ્મ) સિધ્ધ કરવાનો ભાવ છે)

## (૨) જગતની સ્થિતિ નું ખંડન તથા સત્ય-સ્વ-રૂપ ની સ્થિતિ નું મંડન

વશિષ્ઠ કહે છે કે-હે,રામ,.જો,પરમાત્મા માં જગત વગેરે અંકુર રહેલા હોય તો-
તે કયાં સહકારી કારણો (એક વસ્તુ ને ઉત્પન્ન કરવામાં કારણરૂપે રહેલાં બીજાં સાધન)
સહિત ઉત્પન્ન થાય છે તે તમે કહો.
માટે જ,સહકારી કારણ વિના અંકુરની ઉત્પત્તિ કહેવી તે વંધ્યા સ્ત્રીના પુત્ર જેવું છે.
હવે,જો સહકારી કારણ વિના પણ જગત ઉત્પન્ન થયું છે એમ માનતા હો ,તો,
મૂળ "કારણ" પોતે જ,“જગત ના સ્વ-ભાવ” થી "સ્થિતિ" પામેલું છે.

સર્ગ ના આરંભમાં.”બ્રહ્મ” એ નિરાકાર પણે,”સર્ગ-રૂપે” “આત્મા” (પોતાના) માં રહેલું છે.
માટે તેમાં,ઉત્પન્ન થવા યોગ્ય (જન્ય) અને ઉત્પન્ન કરનાર (જનક) નો ક્રમ કેવી રીતે હોઈ શકે?

કદાચ કોઈ એમ કહે કે-પરમાત્મામાં પૃથ્વી-વગેરે સહકારી કારણ-રૂપ રહેલાં છે,
તો પૃથ્વી,ઉત્પન્ન  થયા પહેલા જ -તે પોતે  સહકારી કારણ કેમ બની શકે?
એટલે કે (પૃથ્વી-વગેરેની) ઉત્પત્તિ થયા વિના તેમનું, સહકારી-કારણ-પણું ના ઘટે,
અને સહકારી કારણ વિના ઉત્પત્તિ ના  થઇ શકે.

“એટલા માટે સહકારી કારણ સહિત જગત પ્રલય કાળમાં “પરમ-પદ”બ્રહ્મ માં શાંત થાય છે.
અને,તેમાંથી (પરમ-પદમાંથી) પાછો તેનો (જગતનો) વિસ્તાર થાય છે”
એમ કહેવું તે બાળકના કહેવા (અજ્ઞાન) બરાબર છે,
પણ વિદ્વાન (જ્ઞાની) મનુષ્યો આમ કહેતા નથી.

હે,રામચંદ્રજી,આ જગત પ્રથમ હતું નહિ,વર્તમાન માં છે નહિ અને ભવિષ્યમાં થશે નહિ.
માત્ર,”ચેતન-આકાશ” (ચેતાનાકાશ) પરમાત્મા માં પ્રકાશ પામે છે.
જયારે જગતનો અભાવ છે-ત્યારે અખિલ જગત બ્રહ્મ નું જ સ્વ-રૂપ છે.અને તેમાં અન્યથા-પણું નથી.

કામ-કર્મ વગેરે,વાસનાનાં બીજ સહિત જો,જગતની શાંતિ થતી હોય,
તો તે તેનો અત્યંત "અભાવ" થયો કહેવાય,
પણ ચિત્ત ની શાંતિ થયા વિના કામ-કર્મ વગેરેની શાંતિ થતી નથી.
ત્યારે દ્રશ્યતા (જગત) શાંત કેવી રીતે થાય?
<u>માટે જ -"આ દ્રશ્ય-જગતનો અત્યંત અભાવ છે" એમ માન્યા વિના –</u>
<u>એ અનર્થ (જગત) નો ક્ષય કરવા માટે બીજી કોઈ યુક્તિ નથી.</u>

“આ હું છું” અને “આ હું નથી” એ લોક પ્રસિદ્ધ વ્યવહાર –એ ચિત્ર-કથા જેવો છે.
આ પર્વત,પૃથ્વી,વર્ષ,ક્ષણ,કલ્પ,જન્મ-મરણ,કલ્પ નો અંત (કલ્પાંત),સર્ગ નો આરંભ,
આકાશ વગેરે સૃષ્ટિ નો ક્રમ,કલ્પનાં લક્ષણ,કોટિ બ્રહ્માંડ,ચાલ્યા ગયેલા સર્ગો,ફરી આવેલા સર્ગો,
દેવ તથા મનુષ્યના સ્થાનક ના ભેદ,સાત દ્વીપ અને ત્રેતા કાળ ની કલ્પના-વગેરે----
અનેક પ્રકારના "ભેદો" માં  “મહા-ચૈતન્ય-રૂપી-પરમ-આકાશ” અનંત-રૂપે તેમને વીંટળાઇને રહેલું છે.

જેવી રીતે આકાશમાં વિસ્તાર પામેલા,સુર્યના પ્રકાશ વડે,પરમાણુ ના ભેદ જણાય છે,
તેવી રીતે,પ્રથમ,શાંત-રૂપે રહેલું,આ જગત,મહા-ચિત્ત પરમ-આકાશ (પરમાકાશ) માં પ્રકાશ પામે છે.
“ચૈતન્ય” પોતે પોતાની અંદર રહેલા ચમત્કારનું જે વમન કરે છે,તે જ સર્ગ-રૂપે જણાય છે.
પણ તે સર્ગ -એ રૂપ-રહિત અને નિરાધાર છે.

ખરું જોતાં.મોટી શિલામાં સ્થિર થઈને રહેલી રેખાની પેઠે,
આ જગતનો ઉદય નથી,નાશ નથી,જતું નથી ને આવતું પણ નથી.
એક નિરાકાર આકાશમાં જેવી રીતે જુદા નિરાકાર આકાશના ભાગ દેખાય છે,
તેવી રીતે નિર્મળ આત્મા (પરમાત્મા) માં પોતાની મેળે જ સર્ગ સ્ફૂરે છે.

જેવી રીતે જળમાં દ્રવ-પણું છે,વાયુમાં સ્પંદ છે,સમુદ્રમાં ધુમરી છે,અને
ગુણવાન મનુષ્યમાં ગુણ રહેલા છે,તેવી રીતે,ઉદય તથા અસ્તના આરંભ-રૂપે રહેલું,
આ જગત એક વિજ્ઞાનઘન,શાંત,"બ્રહ્મ-રૂપે" જ વિસ્તાર પામેલું છે.
“સહકારી કારણ વિના શૂન્ય વસ્તુમાંથી પોતાની મેળે આ જગત ઉત્પન્ન થયું છે” એમ કહેવું,
તે ઉન્મત (પાગલ) મનુષ્યના બોલાવા જેવું છે.

આથી જેના વિકલ્પના સમૂહ નો નાશ થયો છે-એવા તમે જાગ્રત થાઓ.અને પછી,
રાજા જેવી રીતે પોતાની સભાના સ્થાનક ને શોભાવે,તેવી રીતે,
તમે બ્રહ્મ-બોધ થવાથી અભય પદવીને પામીને બ્રહ્મવેતાઓ ની સભાને શોભાવો.

(નોંધ-અહીં,આ બીજા સર્ગ માં "તર્ક" થી કે “સ્વ-રૂપ-ભેદ” થી,"જગતની સ્થિતિ નું ખંડન"કર્યું છે,
અને "પરમાનંદ-સત્ય-સ્વરૂપ ની સ્થિતિ નું મંડન" કર્યું છે-
ખંડન-મંડન ના આ વાદ-વિવાદો એ અત્યંત મહાજ્ઞાનીઓ અને પંડિતો માટે રાખીને
આપણા જેવા સામાન્ય માનવીએ -એ ભાંજગડમાં બહુ પડવા જેવું નથી,એમ મહાત્માઓ કહે છે.
(કારણકે આગળ જઈને તો સર્વ એક જ થાય છે) એટલે,
અહીં,ટૂંકમાં એક-ચૈતન્ય-આત્મા-પરમાત્મા-છે અને જગત પણ બ્રહ્મ છે- એટલું સમજાય એટલે ઘણું.....)

**(૩) જગત નું અનંત-પણું**

રામ કહે છે કે-હે,બ્રહ્મન,"મહા-કલ્પ" ના પ્રલય પછી,સૃષ્ટિના આરંભમાં પ્રથમ આ પ્રજાપતિ,
સ્મૃતિ-રૂપે ઉત્પન્ન થાય છે,અને તેનાથી જગત ઉત્પન્ન થાય છે તેમ હું માનુ છું.

વશિષ્ઠ કહે છે કે-હે,રામચંદ્રજી,તમે કહો છો તેમ,મહા-પ્રલય ના અંતે સૃષ્ટિના આરંભમાં “સ્મૃતિ-રૂપે” જ
પ્રથમ પ્રજાપતિ (બ્રહ્મા) ઉત્પન્ન થાય છે.બ્રહ્મા ના સંકલ્પ-રૂપ આ જગત, એ "સ્મૃતિ-રૂપ" છે.
અને પ્રજાપતિ (બ્રહ્મા) નું પ્રથમ સંકલ્પિત જે નગર છે તે જ આ જગત છે.
પણ,જેવી રીતે,આકાશમાં જેવી રીતે વૃક્ષ નો સંભવ નથી,
તેવી રીતે, સૃષ્ટિના આરંભમાં “જન્મ-ના-હોવાથી” તે પરમાત્માને “સ્મૃતિ” નો સંભવ નથી.

રામ કહે છે કે-હે,બ્રહ્મન.સૃષ્ટિ ના આરંભમાં પૂર્વ-જન્મ ની સ્મૃતિ નો સંભવ કેમ નથી?
તથા મહાપ્રલય ના મોહ વડે પૂર્વ-કલ્પ ની સ્મૃતિ નો કેમ નાશ થાય?

વશિષ્ઠ કહે છે કે-પૂર્વે જે –બ્રહ્મા-વગેરે દેવતાઓનો મહા-પ્રલયમાં નાશ થયો,
તે અવશ્ય “બ્રહ્મ-પદવી” ને પામી ગયા છે.તો પછી પૂર્વ-જન્મ નો કર્તા કોણ? તે તમે કહો!!
એટલેકે “સ્મરણ કરનાર”ની જ મુક્તિ થવાથી-તે “સ્મૃતિ” એ નિર્મળ-પણાને પામી ગઈ.
આમ સ્મરણ કરનારનો જ જો અભાવ હોય તો
સ્મૃતિ કેમ ઉત્પન્ન થાય?

વળી,મહા-કલ્પ માં સર્વે નો મોક્ષ થાય છે."ચૈતન્ય-રૂપી-આકાશ"માં -અનુભવ થવાથી કે ના થવાથી,
જે સ્મૃતિ છે,તે જ આ જગતનું સ્થાનક છે.અને તેથી જ આ "ચૈતન્ય-પ્રભા" એ દૃશ્ય (જગત) રૂપે દેખાય છે.
આ પ્રમાણે આદિ અને અંત વિના પ્રકાશ પામતી "ચૈતન્ય-પ્રભા" એ જ "જગત" છે.

એ તો-અનાદિ કાળથી સિધ્ધ છે કે-જે "બ્રહ્મ નું પોતાનું ભાન" છે તે જ "આતિવાહિક-દેહ" છે.
અને <u>બ્રહ્મ પોતે જ "સ્થૂળ-સૂક્ષ્મ ભાવનાના આરોપ"ના ક્રમ વડે જગત-રૂપે જણાય છે.</u>
વન,વાદળાં,આકાશ,દેશ,ક્રિયા અને દિવસ-રાત્રિ ના ક્રમથી યુક્ત આ જગત એ "પરમાણુ"માં જણાય છે.

એ પરમાણુ ની અંદર બીજો પરમ-અણું વિસ્તાર પામીને રહેલ છે,
અને તેની અંદર પ્રકાશ પામતા પર્વતના સમુહો શોભે છે.
તેની અંદર પણ,તેવી જ રીતે અને દૃશ્ય જગત થી શોભતો બીજો પરમાણુ દેખાય છે,
પણ તે વાસ્તવિક રીતે મિથ્યા છે.

જ્ઞાનીની દ્રષ્ટિએ,આ દૃશ્ય જગત,કેવળ "શાંત અને અવ્યય રૂપ" જ છે
અને અજ્ઞાની ની દ્રષ્ટિએ તે,પ્રકાશિત ભુવન થી યુક્ત છે.
જેવી રીતે એક અણુંમાં બીજા હજારો અણુંઓ દેખાય છે,તેવી રીતે બ્રહમાંડ વડે વિકાસ પામેલું આ જગત છે.
જેવી રીતે થાંભલામાં એક પૂતળી હોય અને તેના અંગમાં કોઈ બીજી પૂતળીની કલ્પના કરે,અને તે બીજી
પૂતળીમાં કોઇ, ત્રીજી પૂતળીની કલ્પના કરે,તેવી રીતે આ ત્રૈલોક્ય-રૂપી (પહેલી) પૂતળી રહે છે.

જેમ,પર્વતમાં રહેલા પરમાણુ તેનાથી ભિન્ન નથી,અને ગણી શકાય તેવા પણ નથી,
તેમ,બ્રહ્મ માં રહેલા ત્રૈલોક્ય-રૂપી પરમાણુઓ તેનાથી ભિન્ન નથી અને ગણી શકાય તેવા નથી.
એટલે કે "ચૈતન્ય-રૂપી-સૂર્ય"માં ત્રૈલોક્ય-રૂપી પરમાણુ ઉત્પન્ન થાય છે.
જેમ,સૂર્ય ની કાંતિથી જળમાં ને રજમાં અસંખ્ય પરમાણુઓ ભમે છે-
તેમ,ચૈતન્ય-રૂપી આકાશમાં,ત્રૈલોક્ય-રૂપી પરમાણુઓ ભમે છે.

જેવી રીતે,શૂન્ય અને અનુભવ-રૂપ "ભૂતાકાશ" રહેલું છે,
તેવી રીતે સર્ગ ના અનુભવ-રૂપ "ચિદાકાશ" રહેલું છે.
સર્ગ ને સાર-રૂપે જાણવાથી અધોગતિ થાય છે,અને તે -સર્ગને બ્રહ્મ-રૂપે જાણવાથી કલ્યાણ થાય છે.

જે "વિજ્ઞાનાત્મા" છે અને જે "વિશ્વ ના કારણનું શાસન કરનાર" છે,તે બંને-
પરમ-અર્થ (પરમાર્થ) થી વિચાર કરવાથી,સંપૂર્ણ ચિદાકાશ-રૂપ બ્રહ્મ નું જ સ્વરૂપ છે.
જે-જેમાંથી ઉત્પન્ન થયું છે,તે-તે રૂપ જ છે,એમ સમજવું.
વળી <u>જ્ઞાન થયા પછી સર્વ જાણવાની વસ્તુ-તે "શુધ્ધ-ચૈતન્ય-માત્ર" જ છે.</u>

## <u>(૪) જગત નું મૂળ મન છે અને મન ના નાશથી જગતની શૂન્યતા</u>

વશિષ્ઠ કહે છે કે-હે,રામ,ઇન્દ્રિયો-રૂપી સંગ્રામમાં,"જય-રૂપી-સેતુ" (પુલ) વડે ભવસાગર પર કરી શકાય છે.
બીજા કોઈ કર્મથી (ઇન્દ્રિયો પર જીત મેળવવા-સિવાયનાથી) ભવસાગર પાર થતો નથી.
અને શાસ્ત્ર,સજજનો નો સમાગમ,જ્ઞાનાભ્યાસ અને વિવેક થી જેને ઇન્દ્રિયો ને જીતી છે,
તે મનુષ્ય જ આ દૃશ્ય જગતનો અત્યંત અભાવ છે તે જાણી શકે છે.
આ,પ્રમાણે સંસાર સાગર ની પંક્તિ જે પ્રમાણે જાય છે અને આવે છે
તે –મેં કહી સંભળાવ્યું.

વશિષ્ઠ કહે છે કે-વધારે શું કહું? મન,છે તે જ કર્મ-રૂપી વૃક્ષનો અંકુર છે,
માટે તેનું છેદન કરવાથી જગત-રૂપી વૃક્ષનું છેદન થાય છે.
આ સર્વ જગત મન-રૂપ છે,માટે મન ની ચિકિત્સા કરવાથી,સકળ જગત-જળ-રૂપી રોગની ચિકિત્સા થાય છે.
મન નું "દેહ-આકાર" નું જે મનન છે તે જ (સ્વપ્ન ની પેઠે) ક્રિયા કરવાને સમર્થ-એવા- દેહ-રૂપે થાય છે.
એટલે જ તો-મન વિના દેહ ક્યાં દેખાય છે?

આ દ્રશ્ય જગત અત્યંત અસંભવ છે,એમ જણાયા વિના,મન-રૂપી પિશાચ ને સો કલ્પો સુધી શાંતિ નથી.
માટે મન-રૂપી રોગ નો ઉપચાર કરવામાં –આ દૃશ્ય-જગત અત્યંત અસંભવ " છે-
એવું જણાવું (અનુભવ થવો) –તે જ ઉત્તમ ઔષધ છે.
આ જે,મન છે તે જ મોહ ઉત્પન્ન કરે છે,
મન ને લીધે જ જન્મ-મરણ છે,અને તે પોતાના જ પ્રસાદથી બંધન આપે છે કે મુક્ત થાય છે.

મન ને લીધે ચિત્ત ની વૃધ્ધિ થવાથી,આ જગત, એ-
વિસ્તાર-વાળા આકાશમાં ગંધર્વ-નગર ની જેમ સ્ફૂરે છે.
જેમ,પુષ્પમાં રહેલી સુગંધ તે પુષ્પ માં રહેલી છે છતાં તેનાથી જુદી જણાય છે,
તેમ,આ વૃધ્ધિ પામેલું જગત,મનમાં સ્ફૂરે છે અને મનમાં રહેલું છે.
તલ માં જેવી રીતે તેલ છે તેમ આ ચિત્તમાં જગત રહેલું છે.

સૂર્યમાં જેવી રીતે પ્રકાશ છે,અગ્નિમાં જેવી રીતે ઉષ્ણતા છે,હિમ માં જેવી રીતે શીતળતા છે,
આકાશમાં જેવી રીતે શૂન્ય-પણું છે,અને વાયુમાં જેવી રીતે ચંચળતા છે,
તેવી રીતે મનમાં રહેલું આ "જગત" છે.

મન છે તે જ આ અખિલ જગત છે.અને અખિલ જગત એ મન જ છે.
આ પ્રમાણે એક બીજા વિના એકબીજાની સ્થિતિ નથી.
પણ એ બંને માંથી જયારે મન નો ક્ષય થાય છે,ત્યારે જગતનો ક્ષય થાય છે.
પણ જગતનો ક્ષય થાય છે ત્યારે મન નો ક્ષય થતો નથી.

## (૫) શુક્રાચાર્યને અપ્સરાનું દર્શન અને તેનામાં થયેલી તન્મયતા

રામ કહે છે કે-હે,ભગવન,બહાર સ્ફૂરી રહેલો આ સંસાર મનમાં કેવી રીતે સ્ફૂરી રહ્યો છે?
તે તમે સ્પષ્ટ દૃષ્ટાંત આપીને સમજાવો.

વશિષ્ઠ કહે છે કે-આગળ કથા આવી ગઈ તેમાં -ઇન્દુ બ્રાહ્મણના દશ પુત્રોના મનમાં દૃઢ થયેલાં જગત,
જે પ્રમાણે સ્થિર થઈને રહેલાં હતા,તે પ્રમાણે મનમાં આ જગત રહેલું છે.
ઇન્દ્રજાળ ની કળાથી વ્યાકુળ થયેલા લવણ-રાજાને જેવી રીતે ચંડાળ-પણું પ્રાપ્ત થયું હતું,
તેવી રીતે આ જગત મનમાં રહેલું છે.
જેવી રીતે શુક્રાચાર્ય ને ઘણા કાળ સુધી સ્વર્ગ-ભોગ ભોગવવાની ઇચ્છાથી,
"ભોગાધીનપણું,સંસારીપણું" પ્રાપ્ત થયું હતું,તેવી રીતે આ જગત મનમાં રહેલું છે.

રામ કહે છે કે-ભૃગુના પુત્ર શુક્રાચાર્ય ને સ્વર્ગ ના ભોગ ભોગવવાની ઇચ્છાથી,
ભોગાધીનપણું અને સંસારીપણું કેમ પ્રાપ્ત થયું હતું? તે કથા મને કહો.

વશિષ્ઠ કહે છે કે-પૂર્વે,મંદરપર્વતના શિખર પર ભૃગુ તથા કાળ નો જે સંવાદ થયો હતો તે તમે સાંભળો.
તે મંદરપર્વતના શિખર પર ભૃગુઋષિએ એક વખત ઘોર તપસ્યા કરવાનો પ્રારંભ કર્યો હતો-
ત્યારે તેમની પાસે તેમના મહા-બુદ્ધિમાન એવા “શુક્ર” (શુક્રાચાર્ય) નામના બાળ-પુત્ર રહ્યા હતા.

તે શુક્ર,પૂર્ણિમા ના ચંદ્ર જેવા કાંતિવાળા અને સૂર્ય સમાન પ્રકાશમાન હતા.
ભૃગુઋષિ તો કેવળ  નિશ્ચળપણે સમાધિમાં જ રહેતા ત્યારે બાળક શુક્રાચાર્ય વનમાં વિવિધ ક્રીડાઓ કરતા હતા.

જેવી રીતે સ્વર્ગ અને પૃથ્વી ની વચ્ચે-વિશ્વામિત્રે નિર્માણ કરેલા સર્ગમાં “ત્રિશંકુ” નામના રાજા રહ્યા છે.
તેવી રીતે,શુક્રાચાર્ય વિદ્યા અને અવિદ્યા ની વચ્ચે મોટી આપત્તિ પામ્યા હતા.

એક વખતે આકાશમાં ચાલી જતી એક અપ્સરા શુક્રાચાર્ય ની દ્રષ્ટિએ આવી.અને તે અપ્સરાને જોઈને
શુક્રાચાર્ય નું મન ક્ષોભ પામ્યું,અને અપ્સરા પણ શુક્રાચાર્ય નું સુંદર મુખ જોઈને કામ-વશ થઇ ગઈ.
અપ્સરા ને જોઇને મોહ પામી ગયેલા શુક્રાચાર્યે પોતાના મનને બોધ આપ્યો,
તો પણ તેમનું ચિત્ત,તે અપ્સરામાં એકાગ્ર  હોવાથી,તે “અપ્સરા-મય”  થયા.

<u>**(૬) શુક્રાચાર્ય નું સ્વર્ગ માં જવું અને ત્યાં તેમનું સન્માન**</u>

વશિષ્ઠ કહે છે કે-હે,રામ,ત્યાર પછી તે અપ્સરાનું મન થી ધ્યાન કરતાં કરતાં શુક્રાચાર્યે,
<u>પોતાનાં નેત્રો મીંચીને “મનોરાજ્ય” (મનથી રાજ્ય) કરવાનો પ્રારંભ કર્યો.</u>

“આ મારી પાસે રહેલી અપ્સરા,આકાશમાર્ગે ઇન્દ્રના ભુવનમાં ચાલી જાય છે તેની પાછળ હું પણ દેવો જેમાં
વિહાર કરે છે,તેવા સ્વર્ગ માં આવ્યો છું.ત્યાં જુદા જુદા અસંખ્ય દેવો અને અપ્સરાઓ છે.ગંગા નદીને કિનારે,
વાડીમાં દેવો નાં અત્યંત સુશોભિત મકાનો છે.ઐરાવત હાથી છે.
પુણ્ય ને લીધે,પૃથ્વીમાંથી આકાશમાં તારારૂપે થયેલા મહાન પુણ્યવાન પુરુષો,મનોહર સુવર્ણ જેવા દેહવાળા
છે,અને,વિમાન માં બેસનાર છે.ઇન્દ્રના ઉપવનમાં ઇન્દ્ર અને અપ્સરાઓ ક્રીડા કરી રહ્યા છે.

દેવો ની સ્ત્રીઓ (અપ્સરાઓ) ને મનોહર ગીતના શબ્દ અને વીણાના સૂરથી આનંદ આપી તેમને નચાવનારા,નારદ
અને તુંબરૂ નામના ગંધર્વો છે. ફળો થી શોભતા કલ્પ-તરુઓ છે,
ત્રૈલોક્ય ને સર્જનાર  જાણે કે બીજા બ્રહ્મા હોય તેમ,ઇન્દ્ર એક આસન પર બેઠા હતા,
ત્યારે હું (શુક્રાચાર્ય) તેમને અભિનંદન કરું  છું.”
(<u>શુક્રાચાર્યે પોતાના મનથી જ સ્વર્ગ માં પહોંચી ઇન્દ્ર ને અભિનંદન કરે છે!!!)</u>
અને આકાશમાં જાણે બીજા શુક્રાચાર્ય હોય,તેમ તેમણે (શુક્રાચાર્યે) ઇન્દ્રને અભિનંદન કર્યું.

ત્યાર પછી ઇન્દ્રદેવે આદરથી ઉભા થઈને શુક્રાચાર્ય ની પૂજા કરીને પોતાની પાસે આસન પર બેસાડ્યા.
અને કહ્યું કે-હે,શુક્રાચાર્ય,તમારા આગમનથી સ્વર્ગ-લોક ને ધન્ય છે.માટે,હે,નાથ તમે ઘણા કાળ સુધી
અહીં નિવાસ કરો.બીજા  સઘળા દેવતાઓએ પણ શુક્રાચાર્યને અભિનંદન કર્યું તેથી શુક્રાચાર્ય ઘણો
સંતોષ પામ્યા અને પછી તો તે ઇન્દ્ર-દેવતાના અતિ-પ્રિય પાત્ર થઇ પડ્યા.

<u>**(૭) શુક્રાચાર્ય અને અપ્સરાનો અનુરાગ**</u>

વશિષ્ઠ કહે છે કે-હે,રામ,આ પ્રમાણે શુક્રાચાર્ય પોતાના તેજ થી (મન અને કલ્પના વડે) મરણના દુઃખનો
અનુભવ કરાયા વિના જ સ્વર્ગ-લોકમાં આવ્યા અને તેમને પોતાના પૂર્વ ભાવનું વિસ્મરણ થઇ ગયું.

એક મુહૂર્ત સુધી ઇન્દ્ર ની સાથે વિશ્રાંતિ લીધા પછી,સ્વર્ગ-સુખથી આનદ પામેલા એ શુક્રાચાર્ય, સ્વર્ગમાં વિહાર કરવા માટે ઉભા થયા.સ્વર્ગ ની અપ્રતિમ શોભા જોતાં અને ફરતાં,તેમણે અપ્સરાઓ ના સમુહમાં,પોતે જેને પ્રથમ જોયી હતી,અને જેની પાછળ પાછળ તે આવ્યા હતા તે મૃગ-નયની અપ્સરાને જોઈ.અપ્સરાએ પણ શુક્રાચાર્ય ને જોયા અને પરવશપણાને પામી ગઈ.શુક્રાચાર્ય પણ પરવશ થયા ને તેમના અંગ માંથી પરસેવાનાં ટીંપા પડવા લાગ્યાં.અને તેમણે તે અપ્સરા તરફ દૃષ્ટિ કરી.

શુક્રાચાર્યની દૃષ્ટિ થી તે અપ્સરા પણ તત્પરાયણ થઇ,અને બંને સાથેજ એકબીજામાં અનુરુક્ત થઇ ગયાં. પરસ્પર આશક્ત થયેલાં ભ્રમર અને ભ્રમરી,જેમ કમલીની માં પ્રવેશ કરે તેમ,પવને કંપાવેલી વનસ્થળી માં તે દંપતીએ પ્રવેશ કર્યો.

## (૮) સ્વર્ગસુખ ભોગવ્યા પછી કેટલાક જન્મ બાદ શુક્રાચાર્ય નો તપસ્વી જન્મ

વશિષ્ઠ કહે છે કે-હે,રામ,આમ તે શુક્રાચાર્યે “પોતાના ચિત્ત-વિલાસથી” ઘણો કાળ “કલ્પિત સ્નેહ” કરીને, તે અપ્સરા સાથે વિહાર કર્યો.ક્ષીર-સમુદ્રના કાંઠાઓ પર તે વનિતા (અપ્સરા) સાથે વિહાર કરનાર તે શુક્રાચાર્ય નો સતયુગ નો અર્ધ-કાળ ચાલ્યો ગયો.ને પછી કાળ ને પામ્યા.

અને ફરીથી પાછા તે જ અપ્સરા સાથે
ઇન્દ્રના નગરમાં સુખ થી બત્રીસ યુગ સુધી રહ્યા,પછી પુણ્ય નો ક્ષય થવાથી,તેમનું દિવ્ય શરીર પતન ના ભયથી ગળી ગયું અને તે માનિની અપ્સરા સાથે જ પૃથ્વી પર પડ્યા.

જેમ,પાણી નું ઝરણ પથ્થર પડવાથી તેના સો વિભાગ થાય છે,તેમ પૃથ્વી પર પડેલા તે શુક્રાચાર્ય નું શરીર,દીર્ઘ ચિંતા સહિત સો પ્રકારનું થયું,અને તેમણે આકાશમાં પ્રવેશ કર્યો.
ચંદ્ર-કિરણ ના હિમ-પણાને પામીને તેમણે શાલમાં (એક જાતના ફળમાં?) પ્રવેશ કર્યો.
પછી,દશાર્ણ દેશના કોઈ બ્રાહ્મણે એ પાકેલા શાલ નું ભોજન કર્યું,અને તે બ્રાહ્મણ ના વીર્ય-પણાને પામીને, તેની સ્ત્રીના ગર્ભમાં રહ્યા.અને તે બ્રાહ્મણ ને ઘેર પુત્ર-રૂપે તેમનો જન્મ થયો.

ત્યારબાદ મુનિઓ ના સમાગમ થી - ઈલા-વૃત-ખંડમાં એક મન્વંતર સુધી તેમણે ઉગ્ર તપ કર્યું.
ત્યારે ત્યાં ઈલાવૃત-ખંડમાં શાપ પામેલી પૂર્વની અપ્સરા મૃગની યોનિમાં જન્મી હતી, તેની સાથે શુક્રાચાર્ય (જે બ્રાહ્મણ-પુત્ર તરીકે હતા) ને સ્નેહ થયો અને તેમને મનુષ્યની આકૃતિ નો મૃગી-પુત્ર થયો.
પુત્રના સ્નેહથી ફરીથી તેમણે મોહ થયો.અને તપનો ત્યાગ કરીને પુત્રની ચિંતાથી ધર્મ-ભ્રષ્ટ થયા.
તેથી તેમના આયુષ્ય નો ક્ષય થયો અને તેમનું મરણ થયું.

ત્યાર પછી તે મદ્ર-દેશના રાજાને ત્યાં જન્મ્યા,અને પોતે રાજા થયા.
અને વૃધ્ધાવસ્થા આવી ત્યારે તેમણે તપ કરવા નો નિશ્ચય કર્યો,
પણ તપની વાસના સાથે જ તેમનો દેહ (તપ કર્યા પહેલાં) પડી ગયો.
અને સમંગા નદીના કાંઠા પર રહેનાર એક તપસ્વી બ્રાહ્મણને ત્યાં જન્મ્યા.
ત્યાં તેમણે રાગ-દ્વેષ ને ત્યજીને નદીને કાંઠે તપ કરવા માંડ્યું.

આ પ્રમાણે તે શુક્રાચાર્ય પોતાના મન ની વિવિધ પ્રકારની વાસનાને લીધે,તે તે વાસના પ્રમાણે, વિવિધ જન્મ-દશા પામ્યા.અને અનેક પ્રકારની શરીર-પરંપરા નો અનુભવ કરીને અંતે તેઓ, સમંગા નદીને કિનારે દૃઢ થઈને સુખથી નિશ્ચળ પણે તપ કરતા રહ્યા.

**(૯) શુક્રાચાર્ય નું મરણ**

વશિષ્ઠ કહે છે કે-એ પ્રમાણે પોતાના પિતાની (ભૃગુ-ઋષિ) પાસે રહીને (અપ્સરાનો) વિચાર કરતા શુક્રાચાર્ય નો ઘણા સંવત્સર નો સમય ચાલ્યો ગયો.ત્યાર પછી,કેટલેક કાળે,પવન અને તાપથી શિથિલ થયેલો-તેમનો દેહ,મૂળમાંથી કપાઈ ગયેલા વૃક્ષની જેમ પૃથ્વી પર પડી ગયો.

ત્યારે જેમ, વનમાં જેમ મૃગલો ફર્યા કરે છે તેમ-તેમનું ચંચળ મન સ્વર્ગ-ગમન આદિ અતિ-વિચિત્ર દશાઓમાં ભમી રહ્યું.પછી તો જાણે ચક્રમાં પરોવેલું હોય,તેમ તેમનું એ આકુળ મન,ભોગની કલ્પનાથી, ભ્રાંતિ પામીને,જન્મ-મરણ ની પરંપરા પામીને,સમંગા નદીને કાંઠે (ઉપર પ્રમાણે) વિશ્રાંતિ પામ્યું. આ પ્રમાણે શુક્રાચાર્ય ને "દેહ ની નહિ " પણ મનથી જ- સંસૃતિ (જન્મ-મરણ) નો અનુભવ થયો.

તે બુદ્ધિમાન શુક્રાચાર્ય નો મંદરાચળ પર્વત પર (પોતાના પિતા ભૃગુ ઋષિ સાથેનો) જે દેહ હતો, તેમાં માત્ર ચામડા અને હાડકાં જ બાકી રહ્યાં હતાં.ભૃગુ ઋષિના પુણ્ય પ્રતાપે (ઉપર મુજબ) પૃથ્વી પર પડી ગયેલા તેમના દેહનું,પક્ષીઓ ભક્ષણ કરી ગયા નહિ.

તેમનું ચિત્ત (રૂપી શરીર) સમંગા નદીને કિનારે તપ કરતું હતું,
ત્યારે તેમનું મૃત -શરીર પવન અને તાપથી રાતું થઇ,તે પર્વત ની મોટી શિલા પર પડ્યું હતું,.

**<u>(૧૦) શુક્રાચાર્ય ના મરણથી,ભૃગુ નો કાળ પર ક્રોધ</u>**

વશિષ્ઠ કહે છે કે-ત્યાર પછી એક હજાર દિવ્ય વર્ષે -ભૃગુ ઋષિ-પરમાત્મા નો બોધ થાય તેવી સમાધિમાંથી વિરામ પામ્યા ત્યારે તેમણે પોતાના પુત્રને નહિ જોતાં તેની કાયાનું પિંજર જોયું. પુત્રના સુકાઈ ગયેલા શબને જોઈને ભૃગુ ઋષિ બીજો કોઈ વિચાર કર્યા વિના ઉભા થયા,અને એમના મનમાં વિચારવા લાગ્યા કે આ મારો પુત્ર મરી ગયો કે શું?
અને જયારે તેમને ખાતરી થઇ કે-તે ખરેખર મરી ગયો છે,
ત્યારે "મારા પુત્ર નું અકાળે પેલા "કાળે" (મૃત્યુ-દેવે) મરણ કર્યું છે" એમ વિચારીને તેઓ ગુસ્સે થઈને કાળ ને શાપ આપવા તત્પર થયા.

તે સમયે-પ્રજાનો સંહાર કરનારો "કાળ" (મૃત્યુ-દેવ) હાજર થયો અને
ક્રોધે ભરાયેલા ભૃગુ-ઋષિને સાંત્વના કરીને કહ્યું કે-
હે,મુનિ, આ "લોક" ને જાણનાર મહાત્માઓ, બીજાઓ ભલે અપરાધ-રૂપ નિમિત્ત હોય
પણ તેથી મોહ પામતા નથી.તો નિમિત્ત વિના તો તેઓ કેવી રીતે મોહ પામે?

તમે અનંત તપ કરનાર બ્રાહ્મણ છો,અને અમે "નિયતિ" નું પાલન કરનાર છીએ.
તમે પૂજ્ય છો એમ માનીને હું તમારી પૂજા કરું છું.પણ તમારા શાપ વગેરેને ભયથી
હું તમારી પૂજા કરું છું એમ તમે સમજશો નહિ.
માટે હે બ્રહ્મ-શ્રેષ્ઠ,મને શાપ દઈને તમે તમારા તપનો નાશ કરો નહિ.
કલ્પ-કાળના મોટા અગ્નિ થી મારો નાશ થયો નથી તો તમે મને શાપ થી કેમ કરીને બાળી શકશો?

મેં,બ્રહ્માંડ ની કેટલીયે પંક્તિઓ નો નાશ કર્યો છે,અસંખ્ય,રુદ્ર (શંકર) અને વિષ્ણુ નું પણ મેં ભક્ષણ કર્યું છે.
હે,મુનિ અમે કયે સ્થળે સમર્થ થતા નથી? અમે ભોક્તા છીએ અને તમે અને બીજાઓ અમારું ભોજન છે.
આ પ્રમાણે એકબીજાની ઈચ્છા તથા દ્વેષ વિના જ-એકબીજાની સ્વાભાવિક મર્યાદા રહી છે.

કાળ કહે છે કે-
જેમ, અગ્નિ-શિખા,પોતાની મેળે જ ઉંચી જાય છે,
જેમ,જળ પોતાની મેળે જ નીચા પ્રદેશ તરફ વહી જાય છે,અને જેમ ભોજન ભોક્તા પાસે જાય છે
તેમ,સૃષ્ટિનો અંતકાળ કરનાર "કાળ" પાસે જીવો પોતાની મેળે જ જાય છે.
આ સમગ્ર જગત મારા ભોજન તરીકે જ કલ્પેલું છે
કારણકે-પરમાત્મા પોતે જ જગત -રૂપે પ્રકાશે છે અને પોતે જ તેનો સંહાર કરે છે.

તાત્વિક દૃષ્ટિ થી-જ્ઞાનથી વિચાર કરતાં,કોઇ કર્તા નથી ને કોઈ ભોક્તા નથી.જયારે
અજ્ઞાની દૃષ્ટિ થી વિચાર કરતાં ઘણા કર્તા છે.
માટે,હે,બ્રહ્મન,જેને તત્વનો સાક્ષાત્કાર થયેલો નથી,તેને જ,માત્ર,કર્તાપણું અને અકર્તાપણું કલ્પેલું છે.
પણ જેને તત્વજ્ઞાન છે તેને,કર્તાપણું કે અકર્તાપણું નથી.

જેમ,વૃક્ષના સમૂહોમાં પુષ્પો પોતાની મેળે જ આવે છે ને જાય છે,અને તેમની હયાતિ દરમિયાન તેમનાં
નામ કલ્પાય છે,તેમ,ભવનોમાં પ્રાણીમાત્ર પોતાની મેળે જ આવે છે જાય છે અને તેમનાં પણ,તેમની
હયાતિ દરમિયાન નામ વગેરે કલ્પાય છે.

જેમ,પાણીમાં રહેલા (પડેલા) ચંદ્રના પ્રતિબિંબ ના ચલનમાં (ચંદ્ર નું) કર્તા-પણું કે અકર્તા-પણું ,એ,
સત્ય નથી કે અસત્ય પણ નથી.તેમ,જ, સૃષ્ટિમાં કાળનું કર્તા-પણું કે અકર્તા-પણું સમજવાનું છે.
જેમ,કોઇ રજ્જુમાં સર્પ ની કલ્પના કરે
તેમ,મન,મિથ્યા-ભ્રમ-રૂપી-ભોગ માં કર્તા-અકર્તા-પણાની કલ્પના કરે છે.
માટે હે,મુનિ,તમે આકુળ થઈને-મારા અપરાધ વિના,મારા પર ક્રોધ કરો નહિ.
આપત્તિ નો એવો જ ક્રમ છે.માટે તમે સત્ય વસ્તુનો વિચાર કરો.

અમે (કાળ) ભ્રાંતિ થી કલ્પિત નામ અને પૂજામાં પ્રીતિ-વાળા નથી,વળી અભિમાનને વશ થયેલા પણ નથી.
આ હું તમારી પાસે આવ્યો છું,તે માત્ર તમે તપસ્વી છો,અને માનનીય છો એમ ધારીને આવ્યો છું.

જગતની મર્યાદા નું પાલન કરનાર પરમેશ્વરની "ઇચ્છા-રૂપી-નિયતિ"ના પરવશ-પણા થી,
ડાહ્યા મનુષ્યો,વ્યવહાર ની "ઈચ્છા-રૂપી-નિયતિ" ને અનુસરી રહેલા હોય છે.
માટે ચતુર મનુષ્યે,અવશ્ય કર્તવ્ય-કર્મ કરવું જોઈએ.
અને તેથી તમે તમો-ગુણનો આશ્રય કરીને-તેનો નાશ કરો નહિ.
જ્ઞાની ના સર્વ-પ્રસિધ્ધ માર્ગમાં તમે અંધ ની જેમ કેમ મોહ પામો છો?

હે,મુનિ,તમે પોતાનાં કર્મ-ફળના પાકથી ઉત્પન્ન થયેલી દશાનો શા માટે વિચાર કરતા નથી?
અને સર્વજ્ઞ હોવા છતાં તમે સામાન્ય મનુષ્ય ની જેમ મને વૃથા શાપ દેવાની ઇચ્છા કેમ કરો છો?

હે,મુનિ,દેહધારી મનુષ્ય-માત્રને બે પ્રકારનું શરીર છે-શું તે તમે જાણતા નથી?
મનુષ્યમાત્ર ને એક પ્રસિદ્ધ દેહ-રૂપી શરીર છે અને બીજું મન-રૂપી શરીર છે.

દેહ,જડ છે અને તેનો થોડા નિમિત્તથી પણ તેનો નાશ થાય છે,અને મન સ્થાયી મોક્ષ સુધી રહેનારું છે.
તે મન ક્રોધ-વગેરે થી પીડા પામે છે.પણ,
જેમ,ચતુર સારથી,રથ નું વહન કરે છે તેમ,મન પણ સ્નેહથી દેહ-રૂપી રથનું વહન કરે છે.
જેમ,બાળક,કાદવના પુરુષની કલ્પના કરે છે,
તેવી રીતે મન દેહાંતર (દેહને બદલવાના) વિષયનો "સંકલ્પ" કરે છે તથા,પૂર્વ-સિધ્ધ દેહનો નાશ કરે છે.

કાળ કહે છે કે-
ચિત્ત છે તે જ પુરુષ છે,માટે ચિત્તે કરેલું-તે જ કરેલું કહેવાય છે.
અસત્ સંકલ્પની કલ્પનાથી ચિત્તને બંધન થાય છે તથા કલ્પનાનો ત્યાગ કરવાથી ચિત્ત મુક્ત થાય છે.
“આ દેહ છે,આ મસ્તક છે,આ અંગો છે” એવી રીતે અતિ-વિકાર-વાળું મન જ કલ્પના કરે છે.
અને મન પોતાના નિશ્ચય-પણાથી જ એક જીવ (શરીર)માંથી બીજા જીવ (શરીર) ને પામે છે.
આ પ્રમાણે અહંકારથી મન પોતે અનેકપણા ને પામે છે.

બીજાં પાર્થિવ શરીર છે જ નહિ-
તેમ છતાં,મન એ દેહની વાસના કરીને પોતાની ઇચ્છાથી બીજાં પાર્થિવ શરીર જુએ છે.
અને આમ કલ્પના કરનારું,મન જયારે સત્ય-પરમાત્મા નો વિચાર કરે છે,
ત્યારે તે શરીર નું ભાવનાઓનો ત્યાગ કરીને પરમ-નિવૃત્તિ પામે છે.

કાળ,ભૃગુઋષિને કહે છે કે-તમે જયારે સમાધિમાં હતા ત્યારે તમારા પુત્ર (શુક્રાચાર્ય) નું મન –
“પોતાના મનોરથથી બનાવેલ માર્ગ દ્વારા” ઈન્દ્રલોકમાં (સ્વર્ગમાં) ગયું,ત્યાં તેમણે અપ્સરા નું સેવન કર્યું.
અને જયારે તેમના પુણ્ય નો ક્ષય થયો ત્યારે પૃથ્વી પર પતન પામ્યા.જુદા જુદા અનેક જન્મોને તે પામ્યા.

ત્યાર પછી, જયારે બ્રહ્મા ની રાત્રિ સમાપ્ત થઇ
ત્યારે વિચિત્ર આરંભ કરનાર સંસારની રચના નો પ્રારંભ થયો.
તેમાં તમારા એ પુત્રની વાસના ચલાયમાન થઇ,બ્રાહ્મણપણા ને પામી.
તેથી આજ સતયુગમાં –પૃથ્વીમાં તેમનો બ્રાહ્મણને ઘેર જન્મ થયો છે,
અને તેમણે સમગ્ર શાસ્ત્રો નું અધ્યયન કર્યું છે.હાલ તે, સમંગા નદીને કિનારે તપશ્ચર્યા કરે છે.

**(૧૧) ભૃગુઋષિ અને કાળનો સંવાદ**

કાળ કહે છે કે-હે,ભૃગુ,તમારા પુત્રે જટા વધારી છે,રુદ્રાક્ષ ના બેરખા ધારણ કર્યા છે અને
સર્વ ઇન્દ્રિયો ના ભ્રમ ને જીત્યા છે.એવી રીતે સ્થિર તપમાં તેમને આઠસો વર્ષ થયાં છે.
હે,મુનિ તમને તમારા પુત્રને જોવાની ઈચ્છા હોય તો તમે જ્ઞાન-દૃષ્ટિ થી સમાધિ કરીને –તેને જુઓ.

વશિષ્ઠ કહે છે કે-જયારે કાળે તે પ્રમાણે કહ્યું ત્યારે,ભૃગુઋષિએ પોતાના પુત્રનું ચરિત્ર જ્ઞાન-દ્રષ્ટિથી જોયું.
તે સમયે બુદ્ધિ-રૂપી દર્પણમાં પ્રતિબિંબ-રૂપે રહેલું,પોતાના પુત્ર (શુક્રાચાર્ય)નું સઘળું વૃતાંત,
માત્ર એક મુહુર્તમાં તેમના જોવામાં આવ્યું.
પછી પુત્રની ચિંતાનો ત્યાગ કરીને,તેમણે કાળની પાસે રહેલા પોતાના શરીરમાં પાછું અનુસંધાન કર્યું.
અને વિસ્મય થી,આશ્ચર્યકારક દૃષ્ટિ વડે તેમણે કાળના તરફ સ્નેહભરી દ્રષ્ટિ કરી.

પછી રાગ-રહિત થયેલા એવા ભૃગુઋષિ એ કાળ ને કહ્યું કે-
હે,ભગવન,અમારું ચિત્ત રાગ –વગેરે થી મલિન થયેલું છે,માટે અમે અજ્ઞાની છીએ.
જયારે-તમારા જેવાની બુધ્ધિ તો ત્રણે કાળને જાણનારી છે.
અનેક પ્રકારના વિકારથી યુક્ત આ જગતની સ્થિતિ,એ અસત્ય હોવા છતાં સત્ય જણાય છે.
અને તે વિદ્વાન મનુષ્ય ને પણ ભ્રમ પેદા કરે છે.
ઇન્દ્રજાળની પેઠે માયા અને મોહને ઉત્પન્ન કરનારી મનોવૃત્તિ નું રૂપ તો તમે જાણો જ છે.

ભૃગુ ઋષિ કાળ ને કહે છે કે-
હે,ભગવન,આ મારા પુત્રનું "એક કલ્પ સુધી મૃત્યુ થાય જ નહિ" એમ હું સમજતો હતો.
તે છતાં તેને મરેલો જોવાથી,મારા મનને સંભ્રમ ઉત્પન્ન થયો કે-મારા પુત્રનો આયુષ્ય નો ક્ષય થયો નથી,
તો પણ કાળ તેનું કેમ હરણ કરી ગયો? એવી રીતે દૈવ ના પરવશપણાથી મારી તુચ્છ ઇચ્છાનો ઉદય થયો.
હે,પ્રભુ,અમે,સંસારની ગતિને જાણીએ છીએ,
તો પણ સંપત્તિ અને આપત્તિ ને લીધે હર્ષને ખેદ ને વશ થઇએ છીએ.
માટે જ અયોગ્ય કામ કરનાર પર ક્રોધ કરવો અને યોગ્ય કામ કરનાર પર પ્રસન્ન થવું,
એવી જ સ્થિતિ સંસારમાં રહેલી છે.

હે પ્રભુ,અમુક કાર્ય અવશ્ય કરવું જોઈએ અને અમુક કાર્ય ના કરવું જોઈએ –
તેવો-જ્યાં સુધી નિશ્ચય છે-ત્યાં સુધી જ જગતનો ભ્રમ છે.
પણ સત્યમાં તો-તે જગતના ભ્રમનો તથા ક્રોધ અને પ્રસન્નતાના નિયમ નો ત્યાગ કરવો જોઈએ.

તમે તો નિયતિ નું પાલન કરનારા છો,એ વિષે કંઈ પણ વિચાર્ય વિના મેં તમારા પર ક્રોધ કર્યો,
તેથી હું શિક્ષાને પાત્ર થયેલો છું.
તમે તો મારા પર મહેરબાની કરીને મારા પુત્રના મનની ચેષ્ટાઓ નું સ્મરણ કરાવ્યું.
આ જગતમાં મન છે તે જ ભૌતિક શરીરની કલ્પના કરે છે.
માટે એક ભૌતિક અને બીજું મન-રૂપી –એમ બે શરીરો છે અને મન-રૂપી શરીર થી સંસાર ની ભાવના થાય છે.

કાળ કહે છે કે- હે,મુનિ,તમે સાચું કહ્યું.મન છે તે જ શરીર છે,
જેમ,કુંભાર ઘડાનું નિર્માણ કરે છે તેમ,મન સંકલ્પથી દેહને ઉત્પન્ન કરે છે.
જેમ,બાળક ભૂતની કલ્પના કરે છે તેમ,મન -એ -મોહથી સંકલ્પ કરીને-
નહિ કરેલા આકારને કરે છે.અને કરેલા આકારનો નાશ પણ કરે છે.

સંભ્રમ થવો,સ્વપ્ન થવું,મિથ્યા જ્ઞાન થવું-વગેરે,તથા અસત્ આકાર નજરે આવવા-
એ બધી શક્તિ મનમાં રહેલી છે.
હે,મુનિ,આ સ્થૂળ દ્રષ્ટિની દશાના આધારથી,મન તથા શરીર-એમ પુરુષની બે કાયા છે.એમ કહેવામાં આવે છે.
મન ના મનન-માત્ર થી આ ત્રણ જગતનું નિર્માણ થયેલું છે.
અને તે સત્ પણ નથી અને અસત્ પણ નથી.તેથી તે અનિર્વચનીય છે.

વૃધ્ધિ પામેલી,ભેદની વાસનાના લીધે અને અજ્ઞાન થી થયેલા બે ચંદ્ર ના જ્ઞાન ની જેમ,
આ જગત નું અનેક-પણું ઉત્પન્ન થયેલું છે.
"ભેદ-વાસના" વડે પદાર્થ ને જોનારું મન,સર્વ પદાર્થ ને ભિન્ન-ભિન્ન જુએ છે.

"હું દુઃખી છું-હું મૂઢ છું" વગેરે,ભાવો ની ભાવના કરનારું મન,
પોતાના વિકલ્પ થી,થયેલા,સંસાર-પણાના ભાવ ને પામે છે.
જયારે- "મન થી કલ્પિત થયેલું આ કૃત્રિમ-રૂપ એ મારું નથી" એમ વિચારી એ કૃત્રિમ રૂપનો
ત્યાગ કરવાથી,મન શાંત થઈને સનાતન-બ્રહ્મનું જ સ્વ-રૂપ થઇને રહે છે.

જેમ,સમુદ્રમાં તરંગો રહેલા નથી,તેમ જ તેમાં તરંગો નથી રહેલા તેમ પણ નથી.પણ,
માત્ર સમુદ્રમાં જે તરંગો જોવામાં આવે છે,તે "સંકલ્પથી જુદા-પણાના ભેદ માટે કલ્પેલા" છે.
વારંવાર,તરંગો નો નાશ થાય છે અને વારંવાર તરંગો પેદા પણ થાય છે,તથા
તે એકબીજામાં સેળભેળ થાય છે,ત્યારે તેમાં ભિન્નતા જણાતી નથી.

જેમ,સમુદ્રના તે સર્વ તરંગ નું એક જળ એ જ સામાન્ય રૂપ છે.
તેમ, આદિ-અંત થી રહિત,સર્વ-શક્તિમાન,બ્રહ્મમાં વિચિત્ર આચારથી ચંચળ એવું આ જગત,
અભિન્ન છતાં ભિન્ન દેખાય છે.
બ્રહ્મ વિના જગત ના નામની કલ્પના છે જ નહિ,થઇ નથી અને થશે પણ નહિ.
ખરું જોતાં બ્રહ્મ અને જગત માં કોઈ ભેદ નથી,
માટે આ જગત સંપૂર્ણ બ્રહ્મ-રૂપ જ છે,એમ યત્ન થી નિશ્ચય કરો.અને અન્ય સર્વ પદાર્થ નો ત્યાગ કરો.

અનેક પ્રકારના આકારવાળી,એક આકારવાળી કે નિયત આકારવાળી-
"નિયતિ" (પદાર્થ ની સત્તા) એ પદાર્થ માં રહેલી છે.
જડ પદાર્થમાં જડ-રૂપ સત્તા અને ચૈતન્ય પદાર્થમાં ચૈતન્ય-રૂપ સત્તા રહેલી છે.

એ જ પ્રમાણે "વાસના-રૂપી-શક્તિ" પણ આત્મા ના પોતાના સ્વરૂપમાં રહેલી છે.
આ આત્મા અનેક પ્રકારના આકારો કરીને,તેમાં વિહાર કરવાથી,અનેક-પણાનો અંગીકાર કરે છે,
પણ જળ થી જેમ તરંગો જુદા નથી,તેમ જગત-રૂપી સમગ્ર કલ્પના પરમાત્મા થી જુદી નથી.

જેમ,આકરા તડકામાં વિચિત્ર રંગ(વર્ણ)-પણું રહેલું છે (આકરો તડકો એ સામાન્ય તડકાથી જુદો દેખાય છે)
તેમ,સત્-અસત્-રૂપ વિચિત્ર "શક્તિ" પરમાત્મા માં રહેલી છે.

જેમ,એક જ રંગ (વર્ણ) વાળા મેઘમાંથી,વિચિત્ર (કે વધારે) વર્ણ-વાળું મેઘ-ધનુષ્ય ઉત્પન્ન થાય છે,
તેમ,વિચિત્રતાથી રહિત એક પવિત્ર પદમાંથી,વિચિત્ર-રૂપ વાળી,આ દૃશ્ય(જગત) સ્થિતિ ઉત્પન્ન થયેલી છે.

જેમ,કરોળિયો અજડ છે,પણ તેમાંથી જડ-તંતુ નો ઉદય થાય છે (જેનાથી તે જાળાં બનાવે છે)તથા,
જેમ,અજડ પુરુષમાંથી,જેમ,સ્વપ્ન ના રથ-વગેરે જડ વસ્તુની ઉત્પત્તિ થાય છે,
તેમ,અજડ વસ્તુમાંથી,"જડ-પણાના હેતુ રૂપ જડતા" ઉત્પન્ન થાય છે.

હે,બ્રહ્મન,જેમ,કોશેટો કરનાર કીડો,પોતાની ઇચ્છાથી જ પોતાનું જ બંધન થાય તેવી ક્રિયા કરે છે,
તેમ,આત્મા પોતાની ઇચ્છાથી જ વિસ્મૃતિની ભાવના કરીને,કઠિન બંધન કરે છે.અને
પોતાની ઇચ્છાથી જ પોતાના સ્વ-રૂપ નો સાક્ષાત્કાર કરીને,સંસારના બંધનથી મુક્ત થાય છે.

આત્મા પોતે જેવી ઈચ્છા કરેછે તેવી,તરત જ "પોતાની મહાન શક્તિ" વડે તે પરિપૂર્ણ કરે છે.
જેથી,ઘણા વખતની ભાવના વડે,દૃઢ થયેલી "વાસના-શક્તિ"પોતાના યોગ-સ્વ-રૂપ ને પામે છે.

જેમ ઋતુ ને અનુસરીને વૃક્ષ ની સ્થિતિ (પાનખર-વગેરે) તે ઋતુ પ્રમાણે જ થાય છે,
તેમ,જે "શક્તિ" ઉદય પામે છે,તે, જ "શક્તિમય આત્મા" થાય છે
તેમ,છતાં તે આત્માને મોક્ષ કે બંધન નથી.

આમ,બંધન-કે મોક્ષ એ કશું છે જ નહિ,તે છતાં મનુષ્યો,બંધન અને મોક્ષના વિકાર-વાળાઓ જણાય છે,
કારણકે,તેનું "નિત્ય-સ્વ-રૂપ" એ અવિદ્યા-રૂપી વાસનાથી ભોગ ભોગવવાના ભાવ થી ઢંકાયેલું છે.
અને તે જ માયા-મય જગત છે.
જયારે આત્મા પોતાના ચિત્તમાં વિચાર કરે છે-ત્યારે અવિદ્યા (અજ્ઞાન કે માયા) થી તેને બંધન થાય છે-
અને તેમાંથી,અન્યોન્ય-રૂપ "વિકલ્પિત શરીરવાળા" કરોડો મન ની ઉત્પત્તિ થાય છે.
આ રીતે,આત્મામાંથી ઉત્પન્ન થયેલું આ જગત છે.

આ સ્પંદ-મય અને વિસ્તાર-વાળા “પરમાત્મા-રૂપી-સમુદ્ર” માં,ચૈતન્ય-રૂપી જળ રહેલું છે,
અને તે જળના “ચિત્ત-સંવેદન-રૂપી” કેટલાક મોજાં
બ્રહ્મા-વિષ્ણુ-મહેશ-મનુષ્ય-દેવ-વગેરે પણાને પણ પામેલા છે.
ચપળ એવાં તે મોજાં નાશ પામે છે,ઉત્પન્ન થાય છે અને થોડા સમય માટે સ્થિર પણ રહે છે.

## (૧૨) મોહ થી થયેલી વિચિત્રતા ની વિવર્તતા

કાળ,ભૃગુઋષિને  કહે છે કે-
હે,મુનિ,દેવતા,દૈત્ય,મનુષ્ય- વગેરેના આકારનું જે આ જ્ઞાન છે તે –“બ્રહ્મ-રૂપી-સમુદ્ર” થી અભિન્ન છે,
એ વાત તદ્દન સત્ય છે,માટે એને ભિન્ન માનવું તે મિથ્યા છે.
જેઓ પોતાના વિકલ્પથી કલંકિત થયા છે,તેઓ મિથ્યા ભાવના કરીને
“હું બ્રહ્મ નથી” એમ અંતઃકરણમાં નિશ્ચય કરીને અધોગતિ ને પામી ગયા છે.

બ્રહ્મ-રૂપી-સમુદ્રમાં ગયા હોય તો પણ,
બ્રહ્મ થી જુદાપણાનું ભાન રાખનાર ભયંકર ભવાટવી માં મોહ થી ભમ્યા કરે છે.
દેહાત્મ-ભાવ નું વારંવાર અનુસંધાન કરવાથી બ્રહ્મ-સંબંધી જ્ઞાન કલંકિત થાય છે,
કે જે પાપ અને પુણ્ય ની પ્રવૃત્તિ ના બીજ રૂપ છે.

અંતઃકરણમાં કલ્પનાઓ કરીને,કર્મ-જાળ-રૂપી બીજ થી
આ જગતમાં શરીર-રૂપી પંક્તિઓનો વિસ્તાર થયેલો છે.
અને તે એમ ને એમ જ સ્થિતિ પામે છે,હાસ્ય કરે છે,રુદન કરે છે કે નૃત્ય કરે છે.

જેમ,સ્પંદન ધર્મ થી પવન રહેલો છે,
તેમ બ્રહ્મ-લોકથી તરણા સુધી,જગતમાં વિસ્તાર પામેલા સર્વ પદાર્થો-
ઉલ્લાસ પામે છે,પ્રકાશ પામે છે,લય પામે છે કે કરમાઈ જાય છે.
તેમાંના કેટલાક
--હરિ (વિષ્ણુ) હર (શંકર) વગેરે જ્ઞાન તથા ઐશ્વર્ય ના ઉત્કર્ષ-પણાથી "અતિ-સ્વચ્છ" હોય છે,
--મનુષ્ય-દેવતા વગેરે "અલ્પ-મોહ"માં રહેલા હોય છે,
--વૃક્ષ-તૃણ વગેરે "અત્યંત-મોહ"માં રહેલાં હોય છે.
--કેટલાંક અજ્ઞાન માં મૂઢ થવાથી,કૃમિ-કીટ-પણાને પામેલ છે.

આ પ્રમાણે,સંસરણના ક્રમથી,મનુષ્ય વગેરે ના ભાવને પામ્યા પછી,
તેઓ સંસારની વિશ્રાંતિ ના કારણ-ભૂત--એવા જ્ઞાનનો શાસ્ત્ર દ્વારા જાણવા પ્રયત્ન કરે છે,
છતાં પણ જેમ જેમ જન્મ થાય છે,તેમ તેમ કાળ-રૂપી,ઉંદર તેને ખોતર્યા જ કરે છે.

હરિ (વિષ્ણુ),બ્રહ્મા,હર (શંકર) વગેરે કેટલાક "બ્રહ્મ-તત્વ-રૂપી-મોટા-સમુદ્ર" ની વચ્ચે આવીને,પોતાના
દેહ સહિત જીવન-મુક્ત-પણાને પામી ગયા છે.
કેટલાક અલ્પ-મોહ વાળા (દેવતા-મનુષ્ય) "બ્રહ્મ-રૂપી સમુદ્ર" નો પાર ના પામવાથી,
સમાધિનું અવલંબન કરીને રહેલા હોય છે.
અને જેમણે કરોડો જન્મો ભોગવ્યા છે અને હજી,કરોડો જન્મ ભોગવવાના છે,તેવી ભૂત-જાતિઓ –
ઉચ્ચ દેહને પ્રાપ્ત કરીને પ્રકાશમાન છે છતાં,કામાંધતા ને લીધે,તામસી અને નિષ્ફળ છે.

જેમ,હાથમાંથી ફળ નીચે પડે છે,તેમ કેટલાક ઉચ્ચ-પણાથી નીચ-પણાને પામે છે.તો કેટલાક ઉચ્ચ થી ઉચ્ચ થાય છે.આ પ્રમાણે સુખ-દુઃખ થી ભરેલ આ “જીવ-પણું” એ "પરમ-પદનું વિસ્મરણ" થવાથી પ્રાપ્ત થાય છે.અને પરમ-પદ નું સ્મરણ કરવાથી જીવ-પણાની શાંતિ થાય છે.

## (૧૩) મન ની શક્તિનું વર્ણન અને ભૃગુએ શુક્રાચાર્ય પાસે જવાની કરેલી તૈયારી

કાળ (ભૃગુને) કહે છે કે-હે ઋષિ,જેમ,સાગરમાંથી તરંગો ઉત્પન્ન થાય છે તેમ,આ ભૂત-જાતિઓ (જીવો) પરમાત્મામાંથી ઉદય પામી છે.અને એ ભૂત-જાતિઓમાંથી જેમણે મોહને જીત્યો છે અને જેમને પર-અપરનું જ્ઞાન થયું છે,તે જીવન-મુકતો જ કૃતાર્થ થયા છે.તે સિવાયના બીજા સ્થાવર અને જંગમ જીવો તો – ભીંત અને લાકડાની પેઠે મૂઢ છે.બીજા કેટલાક ક્ષીણ મોહ-વાળા છે-તેમને માટે શો વિચાર કરવો?

જેમ,સૂર્ય જયારે આકાશમાં વિહાર કરે છે-તો રાત્રિ નો અંધકાર દૂર થાય છે,તેમ,જેમનું અંતઃકરણ શુધ્ધ છે, તેવા મનુષ્યો-પોતાના દુષ્કર્મો નો નાશ થવા માટે,જો શાસ્ત્ર નો વિચાર કરે –તો તેમની બુધ્ધિ નિર્મળ થાય છે.
જ્યાં સુધી મન નો ક્ષય થયો નથી,ત્યાં સુધી મોહ થાય છે,અને સિધ્ધિ થતી નથી.
કારણકે-ક્ષીણ નહિ થયેલું મન ઝાકળ ની જેમ આવરણ કરે છે અને ભૂતની પેઠે નૃત્ય કરે છે.

હે,મુનિ,સર્વ દેહધારી મનુષ્ય-માત્રને –જે મન છે તે જ સુખ-દુઃખ ના અર્થ ને ભોગવે છે.
પણ આ માંસ-મય શરીર સુખ-દુઃખ ના અર્થ ને ભોગવતું નથી.
આ પંચમહાભૂત માંથી બનેલો –માંસ અને હાડકા નો જે,દેહ દેખાય છે,તે મન ના વિકલ્પ માત્ર થી જ છે.
પણ પરમ-અર્થ (પરમાર્થ) થી વિચાર કરતાં દેહ છે જ નહિ.

હે,મુનિ,તમારા પુત્રે મનથી કરેલા મન-રૂપી શરીર વડે -મન થી જ જે જે વિચાર્યું,તે તે (સ્વર્ગ અને અપ્સરા) તેને પ્રાપ્ત થયું. એમાં અમારો કોઈ અપરાધ નથી.
લોક પોતાની વાસનાને લીધે જે જે કર્મ કરે છે,તે તે તેવી જ રીતે તેને જપ્રાપ્ત થાય છે.
તેમાં બીજાને કોઇ જ કર્તા-પણું નથી.
જે,મનુષ્ય પોતાની મનો-વાસના વડે –તેના અનુસંધાનથી જે નિશ્ચય કરે છે-
તે મનુષ્ય નો તે નિશ્ચયને બીજો કોઈ –પૃથ્વી નો રાજા હોય તો પણ બદલવા સમર્થ થતો નથી.

જે જે સ્વર્ગ-નર્ક ના ભોગ છે,અને જે જે જન્મ-મરણ ની એષણા (ઈચ્છા) છે,તે સઘળું,
મનના મનન-માત્ર થી જ છે.માટે મન નું જરાક પણ ચલન થવું તે પણ દુઃખ-રૂપ જ છે.
હે ઋષિ તમને હું વધુ શું કહું? હવે,તમે ઉભા થાઓ અને જ્યાં તમારો પુત્ર છે ત્યાં આપણે જઈએ.
તમારો પુત્ર શુક્રાચાર્ય,પોતાના “મન-રૂપી” શરીર થી સ્વર્ગ નું સુખ ભોગવી,
આકાશ-વગેરે ના ક્રમ થી પૃથ્વીમાં અવતરી,ચંદ્ર-કિરણ ના સંયોગે,ઔષધ (ધાન્ય) માં પ્રવેશ કરી અનુક્રમે – અનેક જન્મ પામ્યો છે અને હમણાં સમંગા નદીને કિનારે તપ કરતો બેઠો છે.

વસિષ્ઠ કહે છે કે-એ પ્રમાણે કાળે ભૃગુ ને કહ્યું,અને જાણે તે જગતની ગતિ સામે (જોઈ) હસવા લાગ્યા.
પછી પોતાનો હાથ લાંબો કરીને ભૃગુ નો હાથ ઝાલ્યો.અને ભૃગુ પોતાના સ્થાનકે થી ઉભા થયા.
અને બંને એ સાથે મંદર-પર્વત થી સમંગા નદી તરફ પ્રયાણ કર્યું.

## (૧૪) શુક્રાચાર્ય ને તેમના પૂર્વ-દેહ નું સ્મરણ કરાવ્યું

વસિષ્ઠ કહે છે કે-કાળ અને ભૃગુ જયારે સમંગા નદીને કિનારે આવ્યા ત્યારે તેમણે એક કિનારે બ્રાહ્મણ ને (શુક્રાચાર્ય નો નવો જન્મ) જોયો.કે જેમનું દેહાન્તર થવાથી,તેમનો શુક્ર-ભાવ (શુક્રાચાર્ય-ભાવ)

મટી ગયો હતો,તેમની ઇન્દ્રિયો શાંત થઇ હતી અને તેમણે સમાધિ લગાવી હતી,
તેમનો મન-રૂપી મૃગ ચંચળ નહોતો તથા ઘણા દિવસના શ્રમની શાંતિ માટે તેમણે લાંબા સમય થી,
વિશ્રાંતિ લીધી હતી.અનંત-જગત-રૂપી આવર્ત (ફરી ફરી આવવું-તે)માં બહુ લાંબા સમય ફરવાથી.
અતિ ભ્રમિત થયેલા ચક્ર ની જેમ,તે નિશ્વલ-પણાને પામ્યા હતા.એમ,તેમની એકાંત માં સ્થિતિ હતી.

તેમની ચેષ્ટાઓ શાંત થવાથી,ચિત્તનો સંભ્રમ તથા સંગ-વિરામ પામ્યો હતો.તે નિર્વિકલ્પ સમાધિમાં
રહ્યા હતા.અને સુખ-દુઃખ વગેરે દ્વંદ-વૃત્તિ માંથી વિરામ પામ્યા હતા.અને પોતાની શીતળ બુધ્ધિથી,
અખિલ લોક ની ગતિને જાણે હસતા હોય –તેવા તે જણાતા હતા.
તેમણે પ્રવૃત્તિ-માત્રનો તેમ જ પ્રવૃત્તિ ના ફળનો પણ ત્યાગ કર્યો હતો અને કલ્પનાના સમૂહનો નાશ કરીને
આત્મ-સુખમાં આલંબન કર્યું હતું.અને આત્મ-પદ માં વિશ્રાંતિ લીધી હતી.
સંકલ્પ-વિકલ્પ થી રહિત બોધ-વાળી અને ધીરજવાન એવી- તેમની બુધ્ધિ થઇ હતી.

આવી સ્થિતિ-વાળા પોતાના પુત્ર શુક્રાચાર્યને (નવા જન્મના શુક્રાચાર્યને) ભૃગુ-ઋષિએ ત્યાં જોયા,
એટલે કાળે ભૃગુ ને કહ્યું –કે-આ જ તમારો પુત્ર છે.અને પછી,કાળે-શુક્ર ને કહ્યું કે-જાગ્રત થાઓ.
એટલે શુક્રાચાર્ય સમાધિમાંથી વિરામ પામ્યા.અને તેમણે નેત્ર ઉઘાડીને જોયું.
ઉભા થઈને તેમણે બંને (કાળ અને ભૃગુ) ને દંડવત પ્રણામ કર્યા.
અને પરસ્પર યોગ્ય સત્કાર કરીને એક શિલા પર તે ત્રણે બેઠા.
ત્યાર બાદ તે બ્રાહ્મણે (શુક્રાચાર્યે) બંને ને પૂછ્યું કે-તમારાં દર્શન થી મને અતિ આનંદ થયો છે,
અત્યંત તેજસ્વી એવા આપ કોણ છે?

વસિષ્ઠ કહે છે કે-હે,રામચંદ્રજી,પોતાના પુત્રનાં એવાં વચન સાંભળી,ભૃગુ-ઋષિએ કહ્યું કે-
તમે તમારા આત્મા નું સ્મરણ કરો.કારણકે તમે જ્ઞાની છો.અજ્ઞાની નથી.
અને આમ કહી ભૃગુ-ઋષિએ જયારે તેમની જન્માંતર ની દશાનો બોધ આપ્યો,ત્યારે શુક્રાચાર્યે,
મુહૂર્ત-માત્રમાં ધ્યાન કરી,દિવ્ય-દૃષ્ટિ થી વિચાર કર્યો.પોતાની જન્માંતર ની દશાનું તેમને ભાન થયું,
અને આશ્ચર્ય પામેલા શુક્રાચાર્ય કહેવા લાગ્યા કે-

"કર્મ-ફળ ની વ્યવસ્થા ના હેતુ-રૂપ" એવી "પરમાત્મા ની માયા-શક્તિ"નો
આરંભ કોઈના જાણવામાં આવતો નથી.
અને તે (માયા) સર્વ થી "ઉત્કર્ષ-પણે" રહેલ છે.બ્રહ્માંડ-પર્યંત,આ જગત નું ચક્ર તેને આધીન રહેલું છે.
મારા અનેક જન્મ થઇ ગયા પણ તે મારા જાણવામાં આવ્યા નથી.

મેં,પ્રલય જેવાં મરણ,મૂર્છા,દુઃખ તથા મોહ-વગેરે અનુભવ્યાં છે.
જેમાં "કઠિન-ક્રોધ રહલો છે"તેવા કેટલાક વૈભવ મેં જોયા છે,અને
દ્રવ્ય સંપાદન કરવામાં કેટલાક ભ્રમ પણ મને થયા છે.
એવું કંઇ પણ નથી કે-જે અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિ માં
મેં ના ભોગવ્યું હોય,ના કરેલું હોય, કે ના જોયેલું હોય.
પણ હવે સત્ય જાણવાની વસ્તુ પણ મેં જાણી લીધી છે,
સત્ય જોવાની વસ્તુ મેં જોઇ લીધી છે-તેથી હું વિશ્રાંતિ પામ્યો છું,અને મારો ભ્રમ-માત્ર મટી ગયો છે.

શુક્રાચાર્ય કહે છે કે-હે તાત,ઉભા થાઓ,ચાલો આપણે મંદર-પર્વત પર મારા સુકાઇ ગયેલા શરીર ને જોઇએ.
જો કે મારે તે શરીર થી કંઇ કર્તવ્ય નથી,તેમ કર્તવ્ય નથી તેમ પણ નથી.
માત્ર નિયતિની રચના જોવા માટે આપણે ત્યાં જઇએ.

"સત્ય એક આત્મા જ છે" એવા દૃઢ નિશ્ચય થી,જે -ચરિત્ર-શુભ ફળ આપનારું છે,
તે ચરિત્ર જેવી રીતે સ્થિર થાય તેવી રીતે હું અનુસરીશ.
માટે હવે મારી બુધ્ધિ કદીક પૂર્વ-દેહના જીવન-રૂપ થાય-તો પણ તેમાંકોઈ ક્ષતિ થવાની નથી.
તે પૂર્વ-દેહ વડે જે પ્રારબ્ધ શેષ રહ્યું છે,તેના ભોગ ને અનુકૂળ –પ્રાકૃત વ્યવહારનું
હું અનુસરણ કરીશ.અને તમા મૂઢ ની પેઠે અભિનિવેશ નહિ કરું.

## (૧૫) શુક્રાચાર્યે કરેલો ખેદ-અને રામને ઉપદેશ.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,એ પ્રમાણે જગતની ગતિનો વિચાર કરતાં -તે ત્રણે (કાળ-ભૃગુ-શુક્ર) તત્વ-વેતાઓએ
સમંગા નદીના તટ થી પ્રયાણ કર્યું અને સિધ્ધો ના માર્ગે ક્ષણમાં મંદર-પર્વત ની ગુફા પાસે આવ્યા.
ત્યાં શુક્રાચાર્યે (સમંગા નદીના કિનારા ના બ્રાહ્મણ ના શરીરે રહેલા)
તે પર્વતની ઉપલી ભૂમિમાં લીલાં પાંદડાથી ઢંકાયેલું,તથા સુકાઇ ગયેલું,પોતાના પૂર્વ-જન્મનું શરીર જોયું.

શુક્રાચાર્ય કહે છે કે-હે,તાત,જે દેહનું તમે પૂર્વે લાલન કર્યું તે આ મારો દેહ છે.
આ શરીર પર પૂર્વે ધાત્રીએ સ્નેહનો અંગીકાર કરીને કપૂર-ચંદન નો લેપ કર્યો હતો,
આ મારા શરીરને માટે મેરુ-પર્વત ની ઉપવન ભૂમિમાં-મંદર-પુષ્પ ની શીતળ શય્યા રચી હતી.
જે મારા પૂર્વ દેહનું સ્ત્રીઓ એ લાલન કર્યું હતું ત આ મારો દેહ,
સર્પ-વીંછી-વગેરેના ડંખ-થી છિદ્ર-વાળો થઈને પૃથ્વી પર પડ્યો છે.તેને તમે જુઓ.

અરે,દેહ,જુદાજુદા વિચિત્ર વિલાસમાં ભિન્ન ભિન્ન દશામાં તથા જુદી જુદી ભાવનામાં તું ભરપૂર હતો,અને
હવે સ્થિત થઈને કેમ પડેલો છે?
અરે,દેહ, હવે તારું "શબ" એવું નામ પડ્યું છે.
તાપથી તું સુકાઇ ગયો છે,તથા હાડકાં નો માળો જ બની રહ્યો છે,તેથી તું મને ભય પમાડે છે.
જે દેહ વડે હું અનેક પ્રકારના વિલાસમાં હર્ષ પામતો હતો
તે જ દેહ જયારે અસ્થિ-પિંજર થઇ ગયો છે તો તેનાથી હું ભય પામું છું.

જે,સુવર્ણ ની કાંતિ જેવું મારું શરીર ઉત્તમ અપ્સરાઓને પણ લોભ પમાડે તેવું હતું,
તે હમણાં ભયંકર હાડ-પિંજર બન્યું છે.
આ મારું શરીર,તે "પોતાનું તુચ્છ-પણું" બતાવીને,સત્પુરુષ ના અંતઃકરણમાં
"શરીર ના મિથ્યા-પણા નો" ઉપદેશ કરતુ હોય તેમ દેખાય છે.

શબ્દ-રસ-સ્પર્શ-રૂપ -અને ગંધ ના લોભથી મુક્ત થઇને,જાણે નિર્વિકલ્પ સમાધિમાં હોય,
તે રીતે આ શરીર,સુકાઇ ગયેલું છે.અને
પોતાનામાંથી ચિત્ત-રૂપી પિશાચ નીકળી જવાથી જાણે સુખેથી રહેલું છે,
તથા, દૈવ થી પ્રાપ્ત થતી વિપત્તિ થી તે બીતું નથી.

શુક્રાચાર્ય કહે છે કે-
જુઓ,જેનો સંદેહ શાંત થયો છે અને કલ્પના-જાળ વિરામ પામી છે,તેવો આ દેહ વનમાં કેવો શાંતિથી સૂતો છે?
ચિત્તની રંજાડ થી ક્ષોભ પામેલું કાયા-રૂપી વૃક્ષ એવી રીતે હાલે છે કે તે મૂળમાંથી ઉખડી જાય છે,
(એટલે કે જીવ ને નીચી યોનિમાં પાડે છે)
પણ ચિત્ત-રૂપી અનર્થ થી મુક્ત થયેલો આ દેહ તો ,જાણે,પરમાનંદમાં રહેલો હોય તેવો દેખાય છે.

આશા ના મૂળ કારણ-રૂપ-મોહ નો નાશ કરવા,અ-ચિત્ત-અવસ્થા આવતી નથી
ત્યાં સુધી પ્રાણીના કલ્યાણનો માર્ગ હું જોતો નથી.
જે પુરુષના મન નો નાશ થયેલો છે,તે શાંત બુદ્ધિ વાળા પુરુષો જ,
બ્રહ્મ ના સાક્ષાત્કાર રૂપી-બુદ્ધિ થી,સુખ ની સીમા ને પામ્યા છે.
સર્વ દુઃખ ની દશાથી મુક્ત થયેલા તથા તાપ વગરના થઈને રહેલા
અને મન થી રહિત થયેલા આ મારા દેહને હું વનમાં જોઉં છું તે સારું થયું.

રામ કહે છે કે-હે ભગવન,જે સમયે શુક્રાચાર્યે પોતાનો પૂર્વ-દેહ દીઠો,તે પહેલા તેમણે વારંવાર,ઘણાં શરીર
ભોગવ્યાં હતાં,તો પણ ભૃગુ-ઋષિએ ઉત્પન્ન કરેલા તે દેહ વિષે,તેમને અતિશય મોહ અને ખેદ થયો,
તેનું કારણ શું?

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,ભૃગુ થી ઉત્પન્ન થયેલું,શુક્ર નું શરીર –એ પૂર્વ-જન્મમાં કરેલાં સત્કર્મોનું,
"ફળ ભોગવવા માટેની  ઉગ્ર વાસના"થી થયું હતું.અને એ રીતે  શુક્ર ની "વાસના" જીવ-દશાને પામી હતી.

તે વાસના “ઇદમ-પ્રથમતા” (સંદર્ભ-ઉત્પત્તિ પ્રકરણ-૯૪) ના ક્રમથી,
માયા-સબળ બ્રહ્મ માંથી –આ કલ્પ માં પ્રથમ શરીર-ભાવને પામી.
અને પછી ભૂતાકાશના પદમાંથી પ્રાણવાયુમાં ગઈ,
પછી,તે વૃષ્ટિ દ્વારા,અન્નાદિ-ભાવમાં મળી અને પ્રાણાપાન પ્રવાહથી,ભૃગુ ના હૃદય માં પ્રવેશી.
ત્યાં ક્રમથી વીર્ય-રૂપે થઇને,તે ભૃગુ થી,શુક્રાચાર્ય-રૂપે ઉત્પન્ન થઇ.
તે શુક્રના દેહને તેના પિતા ભૃગુએ બ્રાહ્મ-સંસ્કાર કર્યા હતા,અને કાળે કરીને તે હાડ-પિંજર-રૂપ પામ્યો હતો.

આ પ્રમાણે શુક્રાચાર્ય નો તે  પ્રથમ દેહ હતો,તેથી તે દેહને માટે તેમણે ખેદ કર્યો.
અને સમંગા નદીના  કિનારાવાળો બ્રાહ્મણ દેહ-કે જે પણ રાગ-ઇચ્છાથી રહિત હતો,
તો પણ તે દેહને માટે પણ શુક્રાચાર્યે ખેદ કર્યો.
દેહ નો સ્વભાવ જ એવો છે,
દેહ જ્ઞાની હોય કે અજ્ઞાની હોય,તો પણ જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી
તે દેહનો એવો ક્રમ  છે કે-આસક્તિ કે અનાસક્તિ થી પણ લોક ની પેઠે વ્યવહાર કરવો.

જેઓ સર્વ ગતિને જાણનારા જ્ઞાની છે કે જેઓ પશુના જેવા અજ્ઞાની છે,
તે-સર્વ લોકો –જાળની પેઠે,આ લોકના વ્યવહારમાં રહેલા છે.
વ્યવહારમાં જેવી રીતે અજ્ઞાની રહે છે,તેવી જ રીતે પંડિત રહે છે.
પણ તે બંને ને  "બંધન કે મોક્ષ" આપવામાં વાસના-માત્ર નો ભેદ છે.

ધીરજવાન પુરુષ પણ અજ્ઞાનીની પેઠે,જ્યાં સુધી પોતાનું શરીર રહે છે,
ત્યાં સુધી દુઃખ ની અવસ્થામાં દુઃખ,અને સુખ ની અવસ્થામાં સુખ બતાવે છે.
પણ તેમાં તેઓ પોતાની બુદ્ધિને આસક્ત રાખતા નથી.

જેમ,પાણીમાં સૂર્યનું પ્રતિબિંબ પડેલું હોય તો તેની ચળ-અચળ અવસ્થા થાય છે પણ,
આકાશમાં રહેલા સૂર્ય ની એવી અવસ્થા થતી નથી.તેમ,લોક-વૃત્તિ (વ્યવહાર) માં જ્ઞાની પુરુષ રહે છે.
જેવી રીતે સૂર્ય સ્વસ્થ હોવા છતાં,પ્રતિબિંબમાં અસ્વસ્થ છતાં ચંચળ-પણું બતાવે છે,
તેવી રીતે,આ લોકમાં કર્મનો જેણે ત્યાગ કરેલો છે,
તેવો,જ્ઞાની વ્યવહારમાં અજ્ઞાની-પણું બતાવે છે.

આમ,જેની કર્મેન્દ્રિયો વ્યવહારમાં બંધાઈ છે,તો પણ જે બુધ્ધિ-ઇંદ્રિયો થી મુક્ત છે તે મુક્ત જ છે.અને
જે,કર્મેન્દ્રિયો થી મુક્ત થયેલો છે,પણ બુધ્ધિ-ઇન્દ્રિયો થી બંધાયેલો છે,તે બંધાયેલો જ છે.
જેમ,પ્રકાશ માટે તેજ એ કારણભૂત છે,તેમ સુખ-દુઃખ અને બંધન-મોક્ષમાં બુધ્ધિ-ઇન્દ્રિયો જ કારણભૂત છે.
માટે,હે,રામચંદ્રજી,તમે સકળ ઈચ્છાની શાંતિ કરીને,બહારથી લોકને ઇચ્છિત હોય તેવો આચાર કરો,તથા
અંતઃકરણ થી આચારનો ત્યાગ કરીને સમાન-પણે રહો.

તમે કર્મ-ફળ ના સંગ થી મુક્ત રહો,પરમાત્મા માં સ્થિતિ રાખો,અને
મન વડે કર્મ કરો,કારણકે,કર્મ કરવાં એ દેહનો સ્વભાવ છે.
આ સંસારના માર્ગમાં માનસિક તથા શારીરિક દુઃખો રહેલાં છે અને જન્મ-મરણ-રૂપી મોટા ખાડાઓ છે.
તેમાં મમતા-રૂપી અંધારો કુવો છે,તે સંતાપ આપનારો છે માટે તેમાં પડશો નહિ.

તમે સંસારના ભાવમાં નથી અને તમારામાં સંસારના ભાવ નથી-પણ
તમે શુધ્ધ-બુધ્ધ સ્વભાવ-વાળા આત્મા છો.માટે તમે અંતઃકરણથી સ્થિર થઈને રહો.

તમે નિર્મળ,શુધ્ધ બ્રહ્મ-રૂપ,સર્વાત્મા અને સર્વ-કર્તા છો,માટે
"આ અખિલ વિશ્વ શાંત અને અજ છે." એમ વિચાર-પૂર્વક અનુભવ કરીને તમે સુખી થાઓ.

મમતા-રૂપી મોટો અંધકાર મટી જઇ,તમે નિર્મળ તથા પૂર્ણ પદવી,પામીને
જો ચિત્તને શાંત કરવામાં સમર્થ થશો,
તો તેવા અપરિમિત બુધ્ધિવાળા,પરિપૂર્ણ  અને સત્ય બ્રહ્મ-ભૂત એવા તમને અમારા જેવા પણ નમસ્કાર કરશે.

**<u>(૧૬) શુક્રાચાર્ય નો પુનઃ પૂર્વ-દેહમાં પ્રવેશ-દૈત્યો નું આચાર્ય પણું અને જીવનમુક્તિ</u>**

વસિષ્ઠ કહે છે કે-તે પછી,હે,રામ,કાળે શુક્રાચાર્ય ના એ વચનો નો અનાદર કરીને કહ્યું કે-

(કાળ કહે છે કે) હે,ભૃગુ-ઋષિના પુત્ર,જેમ રાજા નગરીમાં પ્રવેશ કરે છે –તેમ,તમે સમંગા નદીના કાંઠાના
તપસ્વી દેહનો ત્યાગ કરીને,આ દેહમાં પ્રવેશ કરો.આ શુક્ર-દેહ તમને પ્રથમથી જ પ્રાપ્ત થયેલો છે.
અને આ દેહમાં પ્રવેશ કરીને તમારે દૈત્યોનું ગુરૂ-પણું કરવું.અને,
હજાર યુગનાં પરિમાણ વાળો,બ્રહ્માનો દિવસ પરિપૂર્ણ થાય ત્યારે તમારે દેહનો ત્યાગ કરવો.

જેમ,ઉપભોગ કર્યા પછી કરમાઇ ગયેલાં ફૂલોનો ફરીથી અંગીકાર થતો નથી,
તેમ,તમારે પણ પછી ફરી થી દેહ ધારણ કરવો પડશે નહિ.
આ તમારા પૂર્વ-દેહથી તમે જીવન-મુક્તિ પામ્યા છો.તેથી તમે હવે,
દૈત્યોના ગુરૂ થઈને રહો. તમારા બંને નું કલ્યાણ થાઓ.--આમ કહી કાળે ત્યાંથી વિદાય લીધી.

વસિષ્ઠ કહે છે કે-તે પછી "ઈશ્વરેચ્છાથી થતી ભાવિ કર્મગતિ કોઈ થી મટાડી શકાતી નથી"
એવો શુક્રાચાર્યે વિચાર કર્યો અને પછી જેમ,સુંદર લતામાં જેમ વસંત-ઋતુ પ્રવેશ કરે તેમ,
કાળ ના કારણથી સુકાઈ ગયેલા,દેહમાં પ્રવેશ કર્યો.
એટલે તે સમયે સમંગા નદીને કિનારે રહેનાર બ્રાહ્મણ નો દેહ જમીન પર પડી ગયો.

ભૃગુ ઋષિએ પોતાના પુત્રના દેહ પર કમંડલુ ના જળ વડે,મંત્ર થી સિંચન કર્યું.
કે જેથી જેમ,વર્ષા-ઋતુમાં ખાડાઓ જળથી પુરાઈ જવાથી નદી શોભે છે,
તેમ,તે દેહની સર્વ નાડીઓ શોભવા લાગી.અને પછી

જેમ જળ અને વાયુના સંયોગ થી મેઘ ઉભો થાય તેમ,શુક્રાચાર્ય ઉભા થયા અને
પોતાના પિતાને પ્રણામ કર્યા.ત્યારે ભૃગુ એ પોતાના પુત્રને પહેલાંની પેઠે જ આલિંગન કર્યું.
ભૃગુએ પોતાના પુત્ર ના કોમળ દેહ પરથી દૃષ્ટિ કરી-પણ “આ મારો પુત્ર છે” એવી રીતની અયોગ્ય
વ્યવસ્થા ને વશ થયા વિના તેના તરફ હાસ્ય કરીને (ઉપહાસ કરીને) પોતાના પુત્ર પરના સ્નેહ નો ત્યાગ
કર્યો.કારણકે જ્યાં સુધી દેહમાં જીવભાવ છે ત્યાં સુધી જ તેમાં પોતાપણું રહે છે. (ભ્રુગુમાં જીવભાવ નથી)

ત્યાર પછી તે બે મહા-બુધ્ધિમાનો એક મુહૂર્ત ત્યાં રહ્યા,
અને ત્યાંથી ઉભા થઈને સમંગા નદીને કિનારે રહેનાર,તે બ્રાહ્મણ ના દેહને અગ્નિ-સંસ્કાર કર્યો.

ત્યાર બાદ જેમ આકાશમાં સૂર્ય અને ચંદ્ર રહે છે તે પ્રમાણે તે પવિત્ર વનમાં બંને રહેવા લાગ્યા.
તે બંને જીવન-મુક્તો જગતના ગુરૂ સમાન છે,અને
તેઓ દેશ-કાળને લીધે પ્રાપ્ત થતી,શુભ-અશુભ અવસ્થામાં સમાન ભાવે રહેતા હતા.

ત્યાર પછી કેટલેક કાળે,શુક્રાચાર્યને દૈત્યો નું ગુરૂ-પણું પ્રાપ્ત થયું
અને ભૃગુ ઋષિ પણ પોતાને યોગ્ય પ્રજાપતિ ના અધિકારપણાને પામ્યા.

## (૧૭) સત્ય સંકલ્પો સિધ્ધ થાય છે.

રામ પૂછે છે કે-હે,ભગવન,ભૃગુ ના પુત્ર શુક્ર ને મનોરથ થી જે પ્રતિભાસ થયો,
તે પ્રતિભાસ સ્વર્ગના સુખથી સફળ થયો,
તો તે પ્રમાણે બીજાઓને જે પ્રતિભાસ થાય છે તે કેમ સફળ થતો નથી?

વસિષ્ઠ કહે છે કે-શુક્રાચાર્ય ના –પહેલાં કરેલા-તે - (અગાઉના) કલ્પ -ના જે સઘળા દોષો હતા,
તે,દોષો,તે કલ્પ –ના "છેલ્લા જન્મ"માં કરવામાં આવેલા કર્મોથી અને ઉપાસનાઓથી,ક્ષય પામી ગયા હતા.
માટે આ કલ્પ માં શુક્ર નું જે પ્રથમ શરીર ઉત્પન્ન થયું,તેમાં પૂર્વ-કલ્પ ના દોષો નો સંબંધ હતો જ નહિ.

શુક્રાચાર્ય નું -તે શરીર તો "અધિકાર ભોગવવા" માટે "બ્રહ્માના સંકલ્પ" થી જ ઉત્પન્ન થયેલું હતું.
તેથી તેમાં,શુક્ર ના સંકલ્પ નો કોઈ દોષ હતો જ નહિ.
વળી તેમાં બીજ તથા ગર્ભ આદિ નો કશો દોષ હતો જ નહિ.
આથી તેમના સંકલ્પો સિધ્ધ થયા.પણ બીજાઓને તે પ્રમાણે સંકલ્પો સિધ્ધ થતા નથી..

સર્વ પ્રકારની તૃષ્ણાઓ શાંત થતાં,"શુધ્ધ થયેલા ચિત્તની જે સ્થિતિ" થાય છે,તે જ "પરમ સત્ય-બ્રહ્મ" છે.
અને તે જ "નિર્મળ ચૈતન્ય" કહેવાય છે.
અને તે નિર્મળ થયેલું ચિત્ત જેવી ભાવના કરે છે,તે ચિત્ત –તરત જ તેવા પ્રકાર નું જ થઇ જાય છે.
જેમ,જે પાણી છે તે જ ચકરી-રૂપ થઇ જાય છે,
તેમ,જે ચિત્ત છે તે જ પોતે ધારેલા પદાર્થો-રૂપ થઇ જાય છે.

જેમ,શુક્ર ને એ વિભ્રમ,પોતાની મેળે જ ઉઠતાં,સત્ય-રૂપે જોવામાં આવ્યો હતો,
તેમ, શુધ્ધ ચિત્ત-વાળા,બીજાઓને પણ,જે મનોરથ ઉઠે છે,તે સત્ય-રૂપે જ જોવામાં આવે છે.
જયારે-અશુધ્ધ ચિત્તવાળાઓને-મરણ ના સમયમાં જે કર્મો અને વાસનાઓ ઉદય પામે છે,
તે કર્મો અને વાસનાઓ પ્રમાણે તેમને બીજા જન્મ માં જગત નો પ્રતિભાસ થાય છે.
આ માટે શુક્ર નું આ વૃતાંત એ દૃષ્ટાંત-રૂપ છે.

જેમ બીજમાં જે તત્વ રહેલું છે,
તે જ તત્વ બહાર અંકુર અને પાંદડાં વગેરે-થી અનેક ચમત્કાર-રૂપે દેખાય છે,
તેમ,સર્વ પ્રાણીઓના (જીવોના) ચિત્તમાં જે વિભ્રમો રહેલા છે,
તે વિભ્રમો જ બહાર દ્વૈત ના વિભાગો-રૂપ દેખાય છે.
જે આ જગત જોવામાં આવે છે-તેવાં જ સઘળાં જગત,પ્રત્યેક જીવના ચિત્ત થી જુદાંજુદાં
ઉદય પામેલા છે.અને તેઓ મિથ્યા જ ઉદય પામેલાં છે.અને મિથ્યા અસ્ત પણ પામે છે.

આમ,પ્રત્યેક જીવનાં જુદાંજુદાં જગત હોવાથી,જેટલા જીવો છે તેટલાં જ જગત છે.પણ,
વાસ્તવિક રીતે જોતાં કોઈ પણ જગત ઉદય કે અસ્ત પામતું નથી.એ સર્વ એ ભ્રાંતિ-માત્ર જ છે.
કારણકે માયા જ ઉન્મતની પેઠે સઘળા વિલાસો કર્યા કરે છે.

જેમ,હમણાં આપણને આ સંસાર નો પ્રતિભાસ થાય છે,
તેમ બીજા જીવોને પણ,બીજા  હજારો સંસારના પ્રતિભાસો થયા જ કરે છે.
પણ જેમ બીજાના સ્વપ્ન માં કે સંકલ્પ માં થયેલા નગર ના વ્યવહારો અન્ય ના જોવામાં આવતા નથી,
તેમ,પ્રત્યેક જીવના મિથ્યા સંકલ્પો માં અનેક નગરોના મિથ્યા સમૂહો રહેલા છે-
પણ તે જ્ઞાન વિના જોવામાં આવતા નથી.
<u>પિશાચો,યક્ષો અને રાક્ષસો-પણ એવી જ રીતે સંકલ્પ-માત્ર શરીર વાળા છે.</u>
<u>અને તેઓ પણ સંકલ્પ-માત્ર સુખ દુઃખથી ઘેરાયેલા છે.</u>

હે,રામ,આ આપણે પણ શુક્ર ના પ્રતિભાસ ની પેઠે જ છીએ.એટલે કે સંકલ્પ-માત્ર આકાર-વાળા જ છીએ.
અને તે છતાં ખોટી રીતે,દેહાદિકનું સત્ય-પણું માની લઈએ છીએ.
“સમષ્ટિ-રૂપ” કહેવાતા “હિરણ્ય-રૂપ-ગર્ભ” માં પણ આ રીતે જ ખોટા સંસાર નો સમૂહ રહેલો છે.
અને તે ખોટા સંસારો નો સમૂહ,પોતાની સત્તાથી નહિ,પણ અધિષ્ઠાન-રૂપ-બ્રહ્મ ની સત્તાથી જ રહેલો છે.
માટે જે અધિષ્ઠાન છે તે જ સત્ય છે.

જેવી રીતે,વસંત-ઋતુ નો એક જ રસ અનેક ઝાડ-પાન-રૂપે મિથ્યા જ ઉદય પામે છે,
એમ,એક અધિષ્ઠાન-રૂપ-એક જ-બ્રહ્મ પ્રત્યેક જીવના જુદાજુદા જગત-રૂપે મિથ્યા જ ઉદય પામેલું છે.
“પોતાનો જે સંકલ્પ છે તે જ જગત-રૂપે વિસ્તાર પામેલો છે”
આ વિષય તત્વ-દૃષ્ટિ થી જોતાં યથાર્થ જાણવામાં આવે છે,અને
“અનાદિકાળનું જે અજ્ઞાન છે તેના પેટમાં રહેલું ચિત્ત જ મોટા જગત-રૂપે દેખાય છે”
આમ જે જાણે છે તે જ “તત્વ-વેત્તા” કહેવાય છે.

જગત ની સત્તા પ્રતિભાસ ના સમયમાં જ છે-પણ જયારે અધિષ્ઠાન ને જોવામાં આવે ત્યારે નથી.
માટે જગત છૂટી જાય છે ત્યારે ચિત્ત છૂટી જાય છે,જે ચિત્ત છે તે જગત છે અને જગત છે તે ચિત્ત છે.
એટલે બેમાંથી એક નો નાશ થાય તો બંને નો નાશ થાય છે.
અને એ નાશ અધિષ્ઠાન ના વિચારથી થાય છે.
શુધ્ધ થયેલા ચિત્તોનો સંકલ્પ સાચો નીવડે છે,તે પરથી નિશ્ચય થાય છે કે-
ચિત્તની સત્તાથી જ જગતની સત્તા છે

જેમ મલિન (ગંદા) થયેલ મણિને ઉપાય થી શુધ્ધ કરવામાં આવે તો તે શુધ્ધ થાય છે,
તેમ,ચિત્તને તત્વ-વિચારમાં દૃઢ-પણે,એકાગ્ર કરી રાખવામાં આવે તો તેની શુધ્ધિ થાય છે.

ચિત્તમાંથી સંકલ્પો નું દબાણ મટી જાય –તો નિર્મળ-પણા નો ઉદય થાય છે.
જેમ મેલા કપડામાં સારો રંગ બેસતો નથી તેમ મેલા ચિત્તમાં અદ્વૈત-વિદ્યા સ્થિરતા પામતી નથી.

રામ પૂછે છે કે-શુક્ર ના જોવામાં આવેલું જગત,શુક્રના ચિત્તની  પ્રાતિભાસિક કલ્પના-રૂપ હતું,
તો-તેમાં ઉદય અને અસ્ત સહિત કાળના ક્રમો અને ક્રિયા ના ક્રમો થયા તે કયા કારણથી થયા?

વસિષ્ઠ કહે છે કે-શુક્રે પોતાની ઇન્દ્રિયોથી,પિતાના વચનો થી,અને શાસ્ત્રના વચનો થી,
જેવા પ્રકારના –ઉત્પત્તિ- નાશ-વાળા જગતને જાણ્યું હતું,તે તેમના "સંસ્કાર-રૂપે"રહ્યું હતું.
એટલે કે તેમના ચિત્તમાં રહેલું જગત,એ તેમના પિતાના અને શાસ્ત્રો ના વચન ઉપરથી
અનુક્રમે ગોઠવાયું હતું તેમ સમજવું.

જીવ જાગ્રતમાં જ વાસનાથી બંધાયેલો હોય છે,અને તે વાસના પ્રમાણે જ સ્વ-રૂપ માં જુએ છે.
તે જ રીતે,સ્વપ્ન વગરના સમયમાં પણ જીવ જે વાસનાથી બંધાયો હોય
તે વાસના પ્રમાણે જ ચિત્તના  સ્વ-રૂપ ની અંદર જુએ છે.

હે,રામ,જેમ,સૈન્ય માં રહેલ દરેક મનુષ્ય,સૈન્ય ની વાસનાથી બંધાયેલો હોવાને લીધે,
રાત્રિએ સ્વપ્નમાં-પોતપોતાની વાસનાથી કલ્પાયેલું,જુદુજુદું સૈન્ય જુએ છે,
અને સાથે સાથે તે સૈન્ય ને એક નું એક માને છે,
તેમ,જીવો પણ વાસનાથી બંધાયેલા હોવાને લીધે,પ્રત્યેક જીવ જુદાજુદા જગતને જુએ છે,
અને સાથે સાથે તે જગતને એક માની લે છે.

રામ કહે છે કે-પ્રત્યેક જીવના જુદાજુદા સંસારો છે એમ આપે કહ્યું,
તો તે વિષયમાં મને જીજ્ઞાસા થાય છે કે-
એ જુદાજુદા સંસારમાં કોઇ સંસાર પરસ્પર મળે છે કે નથી મળતા? એ વિષય આપે સંપૂર્ણ કહેવો જોઇએ.

જો કોઈના પણ સંસાર પરસ્પર મળતા ના હોય તો ગુરૂ અને શિષ્ય નો સંસાર જુદોજુદો હોવાને લીધે,
જેમ સ્વપ્નમાં કરેલ પરોપકાર તે પરોપકાર કરનાર ધણીને પ્રાપ્ત થતો નથી,
તેમ ગુરુએ કરેલ ઉપદેશ,શિષ્ય ને પ્રાપ્ત થતો નથી
અને તેથી કોઇને મોક્ષ થતો જ નથી,એમ માનવું પડશે.અને
જો પરસ્પર સંસારો મળતા ના હોય તો,એક ના એકલા જ્ઞાનથી સંસાર નો બાધ થઇ શકે નહિ.

વસિષ્ઠ કહે છે કે-મલિન મન સામર્થ્ય વગરનું હોવાને લીધે,શુધ્ધ મન ની સાથે મળી શકતું નથી,
પણ,જેમ એક,તપાવેલું લોઢું,બીજા તપાવેલા લોઢા સાથે એક થઇ જાય છે,
તેમ શુધ્ધ મન શુધ્ધ મન સાથે એક થઇ જાય છે.
આમ છે એટલા માટે શુધ્ધ મનવાળાઓના સંસારો પરસ્પર મળે છે,અશુધ્ધ મનવાળાઓના નહિ.
એટલે તમે કહેલો એકે દોષ આ વિષયમાં લાગુ પડતો નથી.

ચિત્તની “સાધારણ-શુધ્ધિ” ની વાત જુદી છે-પણ ચિત્તની “પરમ-શુધ્ધિ” એ તો અત્યંત વાસના-રહિત-પણું
એટલે કે-“કોઇ પણ સંસ્કાર નું નહિ રહેવા-પણું” અને સર્વદા “એક-રૂપ-પણું” જ છે.
આ રીતે ચૈતન્ય-માત્ર-રૂપે સ્થિતિ-રૂપ-એવી ચિત્તની જયારે શુધ્ધિ થાય છે-ત્યારે તે તરત જ
“પરમ-બોધ-વાળાઓ” થાય છે.અને એટલા જ લાભ થી તે મોક્ષ ને પ્રાપ્ત થાય છે.

**(૧૮) મલિન ચિત્ત સાથે મલિન ચિત્ત નો યોગ અને ચિત્ત શુધ્ધિ થી મોક્ષ**

વસિષ્ઠ કહે છે કે-આત્મા એ "ચૈતન્ય-એક-રસ" છે,પણ તેમાં જુદાજુદા આકારોની કલ્પનાને લીધે,
પ્રત્યેક જીવને જુદાજુદા સંસાર છે.અને આમ થવાનું કારણ એ છે કે-
સઘળા જીવોને "સુષુપ્તિ અવસ્થા" પછી,તરત જ વ્યવહારને માટે જે જે કોઇ પ્રવૃત્તિ કે નિવૃત્તિ થાય છે,
તે સઘળી આત્માની વ્યાપ્તિ (આત્મા સર્વ વ્યાપેલો હોવાથી) ને લીધે જ થાય છે.

વ્યવહાર કરનારા સઘળા જીવોને પદાર્થનું જે કંઇ દર્શન થાય છે,તે સઘળું આત્માના પ્રકાશ થી જ થાય છે.
તેમાં જે જે જીવના "ચૈતન્ય ની ઉપાધિઓ" એક બીજામાં મળી જાય છે,
તે તે જીવો પરસ્પરના કલ્પેલા સંસારો ને જુએ છે.
વિચિત્ર "સંસાર-રૂપી-જળાશયો-રૂપ-ઉપાધિઓ"નો જ્યાં મેળ હોય ત્યાં તે એક બીજામાં મળે છે,અને
તેમ થવાથી સત્યતાની ભ્રાંતિ દૃઢ થતાં,તે ભ્રાંતિ ઘાટી થાય છે.
આમ,કેટલાક સંસારો પરસ્પર ભળેલા છે ,તો,કેટલાક જુદા છે,તો વળી કેટલાક જુદા જ લય પામે છે.

આવી રીતના અનેક સંસારો-રૂપી ચણોઠીઓના વન-રૂપ "બ્રહ્મ" એક જ અને અખંડિત છે.
જેના એક પરમાણુ જેટલા પ્રદેશમાં સંસારો-રૂપી અસંખ્ય ચણોઠીઓ રહેલી છે.
અને સામાન્ય રીતે-તે એકબીજાને સંલગ્ન થયા વગર-જ રહેલી છે.
પણ,તે "બ્રહ્મ" નામનું વન અતિ અદભુત છે.
તેઓમાં કોઇ કોઇ સંસાર-રૂપ ચણોઠીઓ પરસ્પર મળવાથી ઘાટા-પણા ને પામેલી છે.

તે બ્રહ્મ માંના સઘળા પદાર્થો સર્વ ના જોવામાં આવે તેમ પણ નથી,
પણ જે જે પદાર્થો "પ્રારબ્ધ-ભોગ ને અનુકૂળ"થઈને જ્યાં રહ્યા હોય,ત્યાં તેટલાજ પદાર્થો જોવામાં આવે છે,
બીજા પદાર્થો જોવામાં આવતા નથી.
બીજાના મનમાં ચાલતા "મનો-રાજ્ય" ને જોવા તથા ભોગવવા,તે-"એક" મન ની જે અસમર્થતા છે,તે.
અસમર્થતા થી જ મન "જુદાંજુદા" માનવામાં આવે છે.
અને એ "મન ની જુદાઈ" થી જ જીવો ની "જુદાઈ" છે.

આવી રીતે,જુદાંજુદાં "મનોરાજ્ય-રૂપી-સંસારો"માં કેટલાંક મનોરાજ્યો પરસ્પરથી મળીને ગાઢ થાય છે,
એટલે "દેહાભિમાન" (દેહ નું માનવું) દૃઢ થઇ જાય છે.
અને જો એ મનોરાજ્ય નું વિસ્મરણ થઇ જાય તો-સ્વાભાવિક રીતે- દેહનો અભાવ જ થઇ જાય છે.
આ રીતે,એ, "ચૈતન્ય-રૂપી-સોનું" એ "હાર-રૂપ-મિથ્યા આકાર" નું "અભિમાન" ધારણ કરવાને લીધે,
પોતાના સ્વ-રૂપ ને ભૂલીને -મિથ્યા રીતે જ કેવળ "માયિક-દેહાકાર-રૂપ-હાર-પણા " નો અનુભવ કરે છે.

આમ,કોઈ કોઈના કર્મોની કે વાસના ની "સમાનતા" થતાં,
તે કર્મો કે વાસનાઓ,જયારે કોઇ એક કાળમાં,ફળ આપવાને ઉન્મુખ થાય છે,
ત્યારે,"અશુધ્ધ ચિત્તોનું" પણ પરસ્પરના સંસારો-રૂપે મળવાનું થાય છે.
પણ, જો મન શુધ્ધ થયેલું હોય (વાસના વિનાનું હોય) તો પરાયા મનો-રાજ્ય ને જાણી શકે છે.

"જાગ્રત-સ્વપ્ન અને સુષુપ્તિ-એ ત્રણ અવસ્થાઓ સ્થૂળ દેહ હોય તો જ થાય છે" એમ સમજવું નહિ,
કારણકે,એ ત્રણે અવસ્થાઓનું મૂળ "જીવ-પણું" જ છે.
એટલે "જીવ જ ત્રણ અવસ્થા-રૂપ છે" એમ વિચાર કરતાં,જીવ થી જુદું દેહ નું સ્વરૂપ બાકી રહેતું નથી.
(જેવી રીતે,જળ ના સ્વરૂપ નો વિચાર કરતાં જળ થી જુદા તરંગો નું રૂપ બાકી રહેતું નથી)

તત્વવેતા જીવ આ રીતે "તુરીયપદમાં"- (જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ થી જુદા સ્વરૂપ માં) રહેલા
"બ્રહ્મ-ભાવ" ને જ્ઞાન થી પ્રાપ્ત થઈને,"જીવ-પણા" થી નિવૃત્ત થાય છે.
જયારે અજ્ઞાની જીવ પોતાની કલ્પના થી "દેહાકાર" થઈને વારંવાર સંસારમાં પ્રવર્તે છે.
જો કે જ્ઞાની જીવ અને અજ્ઞાની જીવ બંને વાસ્તવિક રીતે તો બ્રહ્મ-રૂપ હોવાથી બંને નું મુક્ત-પણું સરખું જ છે.
તો પણ,અજ્ઞાની જીવ સૂતેલા જેવો છે અને પોતાના સ્વરૂપ ને નહિ જાણવાથી,જન્મ-મરણ પામ્યા કરે છે.

ચૈતન્ય સર્વ-વ્યાપક હોવાને લીધે,કોઈ કોઈ જીવ બીજા જીવના સંસારમાં પણ પ્રવેશ કરે છે.
કારણકે-તે એક એક સંસારમાં જુદાંજુદાં-રૂપો-વાળા બીજા સંસારો પણ છે.
જેમ કેળના થાંભલા ની અંદર એક છોતરાની અંદર બીજું,અને બીજાની અંદર ત્રીજું -એમ છોતરાં ના સમૂહો
હોય છે,તેમ તે સંસારો ની અંદર પણ સંસારો ના સમૂહો રહેલા હોય છે.
વળી,જેમ અનેક છોતરાં છતાં કેળ "એક-રૂપે" રહેલ છે,તેમ અનેક સંસારો છતાં "બ્રહ્મ એક-રૂપે" રહેલ છે.,

જેમ,વડનું બીજ જળ ના સંસર્ગ થી વડ થઇને પાછું- બીજ રૂપે આવિર્ભાવ પામે છે,
તેમ,બ્રહ્મ પણ વાસના-આદિ ના સંસર્ગ થી મન-રૂપ થઈને -પાછો જ્ઞાન નો ઉદય થતાં તે બ્રહ્મ-રૂપને જ પામે છે
જેમ,રસથી થયેલું બીજ ફળ-રૂપે આવિર્ભાવ પામે છે,તેમ બ્રહ્મ થી થયેલો જીવ જગત-રૂપે આવિર્ભાવ પામે છે.
જેમ,"રસ નું કારણ શું હશે?" એમ પૂછવું અઘટિત છે,તેમ "બ્રહ્મ" નું કારણ શું હશે?" એ પૂછવું પણ અઘટિત છે.

"બ્રહ્મ એ એક જાતનો જગત નો સ્વ-ભાવ જ છે" એમ કહેવું એ યોગ્ય નથી,કારણકે-
"સ્વ-ભાવ" એ "કાર્ય" (જગત) ની સાથે ઉત્પન્ન થાય છે,પણ બ્રહ્મ એ જગતની સાથે ઉત્પન્ન થતું નથી.
બ્રહ્મ નિર્વિકાર,અદ્વિતીય અને અસંગ હોવાથી,વાસ્તવિક રીતે કોઇનું "કારણ" નથી,પણ,
"આરોપ ની રીતિ થી" તે સઘળા પ્રપંચો" નું આદિ કારણ પણ છે!! તે (બ્રહ્મ) માં જગતની વિચિત્રતા થવાનાં
બીજા કોઈ કારણો નથી.એટલા માટે "સાર-રૂપ-બ્રહ્મ"નો વિચાર કરવો જ યોગ્ય છે.
બાકી,સાર વગરના બીજા વિચારો કરવાથી કંઈ સિધ્ધ થાય એમ નથી.

જે બીજ હોય છે તે,પોતાના આકારને છોડીને,અંકુર આદિ-રૂપે થયેલું જોવામાં આવે છે.
પણ,બ્રહ્મ તો પોતાના સ્વ-રૂપ ને નહિ છોડતાં- જગત-રૂપે જ થયેલું છે.
વૃક્ષ નું બીજ ફાટીને તેમાંથી અંકુર નીકળી,એક થી બીજા પ્રદેશમાં વધારે ને વધારે ફાલે છે,
પણ,જગત એ બ્રહ્મ માં જ રહેલું હોવાથી,બ્રહ્મ ના પ્રદેશથી જરા પણ અધિક પ્રદેશમાં ફેલાયેલું નથી.

આમ, બીજ નું સ્વરૂપ અવયવો વાળું છે,માટે તે બીજ ની સાથે-અવયવ વગરના બ્રહ્મને
સમાન ગણવું એ યોગ્ય નથી. એટલે-<u>બ્રહ્મને કોઈની પણ ઉપમા લાગુ પડી શકે એમ નથી.</u>
જે બ્રહ્મ છે તે જ જગત-રૂપે "પ્રતીત" થાય છે.જોકે વાસ્તવિક રીતે તે (બ્રહ્મ) જગત-રૂપે થયું જ નથી.
જેમ રજ્જુ સર્પ-રૂપે થયેલી છે,અને સર્પ-રૂપે નથી પણ થયેલી.(ફર્ક માત્ર અંધારા ના લીધે છે)
તેમ,બ્રહ્મ જગત-રૂપે થયેલું છે અને નથી પણ થયેલું. (ફર્ક માત્ર અજ્ઞાન ને લીધે છે)

પોતે "દ્રષ્ટા" (જોનાર) હોવા છતાં પોતાને "દૃશ્ય" (જોવાની વસ્તુ) રૂપ માને તો -
પોતાના ખરા-સ્વરૂપ નું ભાન થતું નથી.અને જ્યાં સુધી પોતાનું સ્વ-રૂપ-જો- "દૃશ્ય-રૂપ-મનાયું" હોય,
તો-ત્યાં સુધી,પોતાના સ્વ-રૂપ ની સાચી સ્થિતિ નો કેવી રીતે અનુભવ થાય ?
જ્યાં સુધી ઝાંઝવા ના જળ માં જળ ની "ભ્રાંતિ" હોય,ત્યાં સુધી કશું સમજ-પણું નથી,કારણકે,
જો સમજ-પણું હોય તો ઝાંઝવા ના જળમાં -જળ ની ભ્રાંતિ જ કેમ હોય ?

આત્મા એ નિર્મળ,સ્વયંપ્રકાશ અને વ્યાપક છે,છતાં પણ તે જોવામાં આવતો નથી (જોઈ શકાતો નથી)
માટે બહિર્મુખ લોકો ની ભ્રાંતિ ભારે પ્રબળ છે !!

જેમ,નેત્ર બીજા પદાર્થો (દ્રશ્ય) ને જુએ છે,પણ પોતાના "દ્રષ્ટા-રૂપ" સ્વરૂપને જોતું નથી,
તેમ,બહિર્મુખ લોકો દૃશ્ય ને જુએ છે,પણ પોતાના "આત્મા" (દ્રષ્ટા) ને જોતા નથી.

જો કે બ્રહ્મ એ આકાશની પેઠે,વ્યાપક છે,તો પણ યત્ન કરવા છતાં પણ ભાગ્યે જ જોવા મળે છે,
પરંતુ (તો પછી-એમ હોવા છતાંયે)
જે દૃશ્ય (જગત) છે તેને જો દૃશ્ય-રૂપે (જગત-રૂપે) જ જોવામાં આવે તો બ્રહ્મ ની પ્રાપ્તિ બહુ જ દૂર છે.
એટલે-
દૃશ્ય-જગતમાં થી દૃશ્ય-પણાને દૂર કરીને જો "બ્રહ્મ-બુદ્ધિ" કરવામાં આવે તો-જ બ્રહ્મ પ્રાપ્ત થાય છે.
આમ,જ્યાં સુધી જગતને બ્રહ્મ-રૂપે નહિ પણ જગત-રૂપે જ જોવામાં આવે તો -બ્રહ્મ નું જ્ઞાન થવું ઘણું દૂર છે.
બહિર્મુખ લોકો દૃશ્ય ને જુએ છે દ્રષ્ટા ને નહિ-પરંતુ,હે,રામ,દૃશ્ય એ કંઈ -છે જ નહિ,કેવળ દ્રષ્ટા જ છે.

જો એમ "માનીએ" કે-જેમ,સર્વ-શક્તિમાન રાજા સઘળું બનાવીને તેનો અનુભવ કરે છે,
તો,પછી-રાજાને જેમ બીજાં સાધનો ની જરૂર પડે છે,તેમ,આત્મા ને પણ બીજાં સાધનો ની જરૂર પડે છે-
એમ સ્વીકારવું પડે (કે જે સાચું નથી)
એટલા માટે વાસ્તવિક સિદ્ધાંત એ છે કે-નિર્વિકાર આત્મા જ તે તે પદાર્થો-રૂપે ઉદય પામે છે.
તેથી આત્મા માં "લૌકિક-રીતનું-દ્રષ્ટા-કે દૃશ્ય-પણું" એ કંઈ નથી.
જે "દ્રષ્ટા" (આત્મા) છે તે જ "સર્વાત્મક" હોવાથી "દૃશ્ય-રૂપ" (જગત-રૂપ) છે.

જેમ,શેરડી નો રસ ખાંડ-રૂપ થાય છે,તેમ બ્રહ્મ જીવ-રૂપ થયેલ છે,અને તે ચૈતન્ય -એ પોતાના
"ચૈતન્ય-પણાને" છોડતો નથી અને દ્રષ્ટા-તથા દૃશ્ય (જગત) રૂપ થાય છે.
"અનુભવ-રૂપ" જે આત્મા છે તે જ પોતાની અંદર "જગત-રૂપી-સ્વપ્ન" ને જુએ છે.

જેમ,શેરડી પૃથ્વી માંથી પેદા થઇ હોવાથી તેનો રસ,તેનું ખાંડ-કે ગોળ-પણું,એ પૃથ્વીમાં છે જ,
તેમ,આત્મા માં જ -ચિત્તપણું,અહંકારપણું તથા પંચમહાભૂતપણું -વગેરે છે.
જેમ,પૃથ્વી નો રસ જ પોતાનાથી અભિન્ન એવા - અનેક વન-ખંડો-રૂપે ઉદય પામે છે-એ વાત નિઃસંશય છે,
તેમ આત્મા જ પોતાનાથી અભિન્ન અનેક દ્વૈત-ખંડો-રૂપે ઉદય પામે છે,એ વાત નિઃસંશય છે.

આત્મા થી જ આત્મામાં પ્રકાશ પામતાં,આત્મા ના જ "વિલાસ-રૂપી" ચિત્ત,દેહ,વૃક્ષો-વગેરે "દૃશ્ય-રૂપ"
સેંકડો શાખાઓ (જગતો) થી સંપન્ન છે.અને તેમનો "આત્મ-જ્ઞાન" થયા વિના અંત જોવામાં આવતો નથી.

જે જે જીવનો જે જે સંસ્કાર જે જે રીતે ઉદય પામે છે, તે તે જીવના તે તે સંસ્કાર અને
તે તે રીતે સંસાર-રૂપ થઇને,તે ચૈતન્ય (બ્રહ્મ) અનુસરે છે.
અને એવા અનેક સંસારોમાં કેટલાએક જીવોના સંસાર પરસ્પર મળે છે,
અને તેઓમાં જીવો પોતાની મેળે વિહાર કરીને,ઘણે કાળે શાંત થઇ જાય છે.

હે,રામ, તમે પરમ-સૂક્ષ્મ દૃષ્ટિ-રૂપ-જ્ઞાનચક્ષુ વડે જુઓ તો -
પરમાણુ ના મધ્યમાં પણ હજારો સંસારો ના સમૂહો રહે છે.
જેમ તલમાં તેલ રહ્યું છે,તેમ ચિત્ત,આકાશ,પથ્થર,અગ્નિ,વાયુ અને જળમાં લાખો સંસારો રહ્યા છે.
આ સઘળા એ ચિત્તના વિકારો છે.
એટલા માટે જ જયારે ચિત્ત શુદ્ધ થાય છે,ત્યારે જીવ બ્રહ્મ-રૂપ થાય છે.

એ ચૈતન્ય એ સર્વ-વ્યાપક છે,એટલા માટે -જેમ કોઇ સમયે આપણાં અને પરાયાં સ્વપ્નો મળી જાય છે,
તેમ,જુદાજુદા સંસારો પણ પરસ્પર મળી જાય છે.

બ્રહ્મા-વગેરેને પણ પોતાના સ્વ-રૂપમાં જ ભ્રાન્તિને લીધે,
આ બ્રહ્માંડ- રૂપી લાંબુ અને મોટું સ્વપ્ન -પોતાની અંદર જ ઉઠેલું છે.

વાસના ના ઉદય પ્રમાણે વિવર્ત પામવાનું ચૈતન્ય માં સામર્થ્ય જ છે.અને,
જેમ,પાંદડાં-ફળો વગેરે તેના બીજમાં રહેલાં છે,તેમ સર્વ વાસનાઓ ચૈતન્યમાં જ રહેલી છે.

"જગત" ની અંદર "જીવ-રૂપ પરમાણુઓ" અને "જીવો" ની અંદર "જગત-રૂપ પરમાણુઓ" પ્રતીત થાય છે,
તે આશ્ચર્ય નથી-કારણકે-જીવ અને જગત એ બંને બ્રહ્મ-રૂપ હોવાથી,તે  આકાશ-તુલ્ય છે.

હે,રામ,આમ સમજી ને તમે "જગતોની અને જીવોની પરસ્પરમાં સ્થિતિ કેમ સંભવે?"
માટે-એ ભ્રાંતિ ને છોડી દો.
ચૈતન્ય-રૂપ-જીવ, પોતાના જ અંશ-રૂપ દેશ,કાળ,ક્રિયાઓ અને દ્રવ્યો થી બનેલાં જગતને -
જાણે તે જગત,બીજાં હોય તેમ માની લે છે.પણ તે જગત કોઇ રીતે ભિન્ન સંભવતાં નથી.

બ્રહ્મથી માંડી કીડા સુધીના જીવોને "<u>સ્વપ્ન ની પેઠે",પોતાની અંદર પોતાની મેળે જ દેખાતા એ-</u>
<u>"ચૈતન્ય-રૂપ-અંશ-શરીર" -ને- ભ્રાંતિ થી "સ્થૂળ શરીર " માની લેવામાં આવ્યું છે.</u>
જે કંઈ આ જગત સ્ફુરેલું છે,તેનો કોઇ પણ અંશ વાસ્તવિક રીતે બ્રહ્મ થી જુદો પડતો નથી.-
પણ,ચૈતન્ય ના સૂક્ષ્મ અંશો-રૂપી જીવો "પોતાના-રૂપ- જગતને" ભ્રાંતિ થી જુદું માનીને તેનો સ્વાદ લીધા કરે છે.

અત્યંત વિસ્તીર્ણ આકારવાળો આ "બ્રહ્માંડ-રૂપી-વન--ખંડ" કે જે ચૈતન્ય ના એક પરમાણુ-રૂપ છે,
તે અમસ્તો જ જોવામાં આવે છે.કારણકે-
દૃશ્ય (જગત) ના બીજ-રૂપ ચૈતન્ય-એ સર્વ-વ્યાપક છે,અને અવિનાશી છે.
તેમ છતાં,તે સઘળાં બ્રહ્માંડો ને જોવા માટે અજ્ઞાની જીવ પોતાથી બહાર જુએ છે,
અને જ્ઞાની જીવ તેમને પોતાની અંદર જુએ છે.

બ્રહ્માંડ-રૂપ-દ્વૈત ને જોવાનો ઘણા કાળ નો અભ્યાસ થવાને લીધે,જીવ,તે બ્રહ્માંડમાં -
પોતાની અધોગતિ-કે ઉર્ધ્વગતિ થયાનું ભ્રાંતિ થી જ માની લે છે.
જેમ,એક સ્વપ્ન પછી બીજા અને બીજા પછી ત્રીજા- એમ વારંવાર સ્વપ્ન ને જોયા કરતો મનુષ્ય,
શિખર પરથી ઘસી પડેલી શિલાની જેમ મોટા ખાડામાં જાણે કે અથડાયા કરે છે,
તેમ,એક સંસાર પછી,બીજા અને બીજા પછી ત્રીજા-એવા સંસારો ને જોયા કરતો અજ્ઞાની જીવ -
જન્મ-મરણ ના મોટા ખાડાઓમાં  અથડાયા કરે છે.

વાસ્તવિક રીતે,અખંડ-તત્વ થી જુદા નહિ  પડતાં,અને જુદાંજુદાં શરીરો-રૂપે સ્ફુરેલા જીવોમાં -
કેટલાએક જ્ઞાની જીવો,-ભ્રાંતિ-રહિત-પોતાના  "સ્વ-રૂપ" માં જ રહ્યા છે,
કેટલાએક અજ્ઞાની જીવો દેહાદિક (શરીર-વગેરે) માં મળી ગયા છે,તો
કેટલાએક  જ્ઞાનીઓ બ્રહ્માંડ ને તથા જીવોને પોતાની અંદર ઉઠેલી ભ્રાંતિ-રૂપ જ સમજે છે-વળી,
તેઓ તો આ જોવામાં આવતા જગતને સ્વપ્ન જેવું મિથ્યા જ માને છે.

ચૈતન્ય સર્વ-વ્યાપક અને સર્વાત્મક છે,તેથી બ્રહ્માંડ નું બહાર જણાવું,એ-ચૈતન્ય ની સત્તા થી છે,
અને અંદર જણાવું તે પણ ચૈતન્ય ની સત્તાથી જ છે.

જ્યાં ચૈતન્ય હોય ત્યાં તેના વિવર્ત નો ઉદય પણ હોય જ-અને તે સ્વાભાવિક છે.
સઘળા જીવો વ્યાપક ચૈતન્ય ની અંદર પ્રતિભાસ-રૂપ છે,તે જીવો  ની અંદર જે અન્ય જીવો ઉદય પામે છે,

અને તેમની અંદર પણ,વળી, જે અન્ય (ત્રીજા વગેરે) જીવો વગેરે ઉદય પામે છે -
તે સઘળા જીવો ચૈતન્ય ની વ્યાપકતા ને લીધે ચૈતન્ય ની અંદર જ પ્રતિભાસ-રૂપ છે.

જેમ,જયારે-જાણવામાં આવે ત્યારે સોનામાં પ્રતીત થયેલું,આભુષણ-પણું,નષ્ટ થઇ જાય છે,
તેમ, જયારે-જાણવામાં આવે છે ત્યારે,બહારનું અને અંદરનું સર્વ દ્વૈત-પણું નષ્ટ થઇ જાય છે.
જે મનુષ્ય ને "હું કોણ છું?અને આ જગત શું છે?" એવો પ્રૌઢ વિચાર ઉત્પન્ન થતો નથી,
તેના મનમાંથી,અનાદિ-કાળનો "જીવ-પણાનો ભ્રમ" કદી છૂટતો નથી.

વૈરાગ્ય-પૂર્વક કરવામાં આવેલો વિચાર જ સફળ થાય છે,
પણ રાગ (આસક્તિ) વાળાઓએ કરેલો વિચાર સફળ થતો નથી.
જે સુબુધ્ધિ-વાળા પુરુષને દિવસે દિવસે સંસારના સુખો ની લાલચ પાતળી થતી હોય છે,
તે પુરુષનો વિચાર ફળ-દાયી થાય છે.
જેમ ઔષધ નો અભ્યાસ (ઔષધ લેવાનું) જો ચાલુ રાખવામાં આવે તો જ આરોગ્ય ની પ્રાપ્તિ થાય છે,
તેમ,ઇન્દ્રિયો ને જીતવાનો અભ્યાસ રાખવામાં આવે,તો વિવેક ફળ-દાયી થાય છે.

જે મનુષ્ય ને વાતચીત કરવામાં જ વિવેક હોય પણ,મનમાં વિવેક હોતો નથી,
તેણે પોતાનું અવિવેકી-પણું નહિ છોડેલું હોવાથી તે અવિવેકી-પણું તેને બહુ દુઃખ આપે છે.
જેમ,ચિત્રમાં પ્રકાશિત થયેલો અગ્નિ કશું કામ કરતો નથી,\
તેમ, કેવળ વાતચીત કરવામાં જ રાખેલો વિવેક કશું કામ કરતો નથી.

જેમ,પવન નો પ્રત્યક્ષ અનુભવ થતો નથી,પણ સ્પર્શ થી જ તેનો અનુભવ થાય છે,
તેમ, માત્ર -વાત  કરવાથી વિવેક થયેલો જણાતો નથી,
પણ ભોગ ની ઇચ્છા પાતળી પડવાથી જ "વિવેક" થયેલો જણાય છે.

પ્રથમ (મન ના) વિવેક થી રાગ-દ્વેષ ઓછો થાય છે,તથા તેનું મૂળ "અજ્ઞાન" ઓછું થાય છે,
અને તે પછી,ઇષ્ટ વિષયો મેળવવાની અને અનિષ્ટ વિષયો ને દૂર કરવાની પ્રવૃત્તિ ક્ષીણ થઇ જાય છે.
આ પ્રમાણે થયું હોય ત્યારે "વિવેક" પ્રાપ્ત થયો - સમજવો.
જેને વિવેક પ્રાપ્ત થયો છે,તે મનુષ્ય પતિત-પાવન છે,અને જીવન-મુક્તિને પાત્ર છે.

**<u>(૧૯) જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ-અને તુરીય અવસ્થા નું વર્ણન</u>**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,સઘળા જીવો ના બીજ-રૂપ,"પર-બ્રહ્મ" એ "આકાશની જેમ વ્યાપક" છે.
તેથી તે જીવોની અંદર પણ રહેલા છે.વળી તે  જીવો ની અંદર ના ભાગમાં જે જગત છે,
કે જેમાં પણ અનેક જીવો રહેલા છે.તેમાં પણ તે ચૈતન્ય જ રહેલું છે.
"ચૈતન્ય-એક-રસ" (પર-બ્રહ્મ) થી કોઈ પણ પ્રદેશ ખાલી નથી.

શુધ્ધ ચૈતન્ય-રૂપ-પરબ્રહ્મ જ્યાં જ્યાં દૃશ્ય-પણે રહેલું છે-ત્યાં ત્યાં,
તે તે દૃશ્ય ની અંદર,તેના "ભોક્તા જીવો" પણ રહેલા છે.
એ જીવો પોતાના કલ્યાણ માટે,વિચિત્ર પ્રકાર ની ઉપાસનાઓ ના ક્રમોથી
જે જે રીતે યત્ન કરે છે,તે તે રીતને અનુસરતાં ફળોને તે તરત જ પ્રાપ્ત થાય છે.

એટલે કે દેવતાઓનું યજન કરનારા દેવતાઓને પ્રાપ્ત થાય છે.
હિરણ્ય-ગર્ભ (બ્રહ્મા) નું યજન કરનારા હિરણ્ય-ગર્ભ ને પ્રાપ્ત થાય છે

તો પર-બ્રહ્મ નું યજન કરનારા પર-બ્રહ્મ ને પ્રાપ્ત થાય છે.
આમ છે એટલા માટે તુચ્છ નો ત્યાગ કરીને અતુચ્છ -"પરબ્રહ્મ" નો આશ્રય કરવો જ યોગ્ય છે.

ભૃગુ નો પુત્ર શુક્ર (શુક્રાચાર્ય) પોતાની જ્ઞાન-શક્તિ નિર્મળ હોવાને કીધે,મુક્ત હતો,
પણ,(બાળક હતો એટલે) અપ્સરા-રૂપ દ્રશ્ય થી સ્વાભાવિક રીતે તુરત જ બંધાઇ ગયો.
જગતમાં બાળકની જ્ઞાન-શક્તિ પ્રથમ કાચી અને કૂણી હોય છે.
જ્યાં સુધી તેને -સંસાર-સંબંધી વ્યસનો નો તાપ લાગ્યો ના હોય,ત્યાં સુધી
તેને જેવું વલણ આપવું હોય તેવું આપી શકાય છે.

પણ એકવાર તેને સંસાર-,સંબંધી -વ્યસનો નો તાપ લાગે અને
તેની જ્ઞાન-શક્તિ કઠિન થઇ જાય પછી તેને બીજી વ્યુત્પત્તિ (વલણ) આપી શકાતી નથી.
એટલા માટે જ્ઞાન-શક્તિ કૂણી  હોય ત્યારે જ તે (બાળક) ને "બ્રહ્મ-ભાવ" ની વ્યુત્પત્તિ આપવી,
પણ, જીવ-પણા -વગેરે ખોટા ભાવની વ્યુત્પત્તિ આપવી નહિ.

રામ પૂછે છે કે-હે,ભગવન,જાગ્રત અવસ્થા અને સ્વપ્નાવસ્થા - એ બેમાં શો ભેદ છે?
જાગ્રત અને સ્વપ્ન એ બંને અપરોક્ષ-રીતે અનુભવમાં આવે છે,તે છતાં જાગ્રત અવસ્થા સાચી કેમ કહેવાય છે ?
અને "સ્વપ્ન જાગ્રત ના જેવો ભ્રમ છે"  એમ કેમ કહેવાય છે?

વસિષ્ઠ કહે છે કે-જેના પદાર્થોમાં સ્થિરતા ની પ્રતીતિ થાય છે તે "જાગ્રત અવસ્થા" અને
જેના પદાર્થો માં અસ્થિરતા ની પ્રતીતિ થાય છે તે "સ્વપ્નાવસ્થા" કહેવાય છે.
સ્વપ્ન પણ જો કાળાંતરમાં ના રહે તો તે જાગ્રત કહેવાય,અને
જાગ્રત પણ જો કાળાંતરમાં ના રહે તો તે,સ્વપ્ન કહેવાય છે.
અને આ પ્રમાણે - સ્વપ્ન,એ જાગ્રતપણાને  અને જાગ્રત,એ સ્વપ્ન પણાને  પામે છે.

આમ જાગ્રતમાં  અને સ્વપ્નમાં -સ્થિર-પણા  અને અસ્થિર-પણા  સિવાય બીજો કોઈ ભેદ નથી.કારણકે-
સ્થિર-પણા અને અસ્થિર-પણા -વિના એ બે અવસ્થાઓનો બીજો સઘળો અનુભવ સર્વદા  સરખો જ છે!!
સ્વપ્ન પણ સ્વપ્ન ના સમયમાં સ્થિરતા થી યુક્ત જણાય તો જાગ્રત-પણાને  પામી શકે છે,અને તે જ રીતે,
જાગ્રત પણ જો જગ્રતના સમયમાં અસ્થિર જણાય તો સ્વપ્ન-પણા ને  પામી શકે છે.

<u>જ્યાં સુધી જે સ્થિર જાણવામાં આવે ત્યાં સુધી તે "જાગ્રત" જ છે,</u>
<u>પણ જો તેને "ક્ષણ-ભંગુર"  (અસ્થિર) સમજવામાં આવે તો તે "સ્વપ્ન-રૂપ" થઇ જાય છે</u>.
આમ કેમ થાય છે તે તમને  હું કહું છું તે તમે સાંભળો.

શરીરમાં તેજ,વીર્ય અને જીવ-ધાતુ વગેરે નામો થી કહેવાતું <u>"જીવન-તત્વ" છે કે જેનાથી જીવાય છે,</u>
<u>જયારે પ્રાણવાયુ ની પ્રેરણા થી,તે "જીવન-તત્વ" હ્રદયમાંથી શરીરમાં પ્રસરે છે-</u>
<u>ત્યારે શરીર-મનથી-કર્મ થી અને વાણી થી "વ્યવહાર" કરે છે.</u>

<u>એ "જીવન-તત્વ" જયારે અંદરની નાડીઓમાં પ્રસરે છે ત્યારે "સ્વપ્નાવસ્થા" પ્રાપ્ત થાય છે</u>-
એટલે-"જાગ્રત માં દેખાયેલો જગત-રૂપી ભ્રમ" જેમાં લીન થઇને રહ્યો હોય છે-એવા "ચિત્તમાં"
"જાગ્રત" ના જેવું સઘળું જ્ઞાન ઉદય પામે છે.અને-
<u>એ "જીવન-તત્વ" જયારે નેત્ર-વગેરેમાં પ્રસરે છે ત્યારે,અનેક પ્રકારના આકારો થી ભરપૂર એવા -</u>
<u>"પોતાના માં જ રહેલા" જગત ને તે બહાર જુએ છે એટલે "જાગ્રત-અવસ્થા" પ્રાપ્ત થઈ એમ કહેવાય છે.</u>

જો કે જાગ્રત અને સ્વપ્નની-એ બંને અવસ્થાઓના અનુભવમાં અપરોક્ષ-પણું સરખું જ છે,
તો પણ જેના અનુભવમાં સ્થિરપણાની કલ્પના કરી લેવામાં આવે છે તેને જાગ્રત -માની લેવામાં આવે છે.

હવે સુષુપ્તિ આદિ ની પધ્ધતિ કહું છું તે સાંભળો.
કાયિક,માનસિક અને વાચિક -એ ત્રણે જાતના વિક્ષેપો -હોય ત્યારે તે "જાગ્રત" કહેવાય છે,અને જયારે,
કાયિક-વાચિક વિક્ષેપ મટી જઈ -કેવળ-માનસિક-વિક્ષેપ પ્રવર્તે ત્યારે તે -"સ્વપ્ન" કહેવાય છે.
"માનસિક-વિક્ષેપ" પણ મટી જતાં -"જીવન-તત્વ" શાંત અને સ્વસ્થ-પણાથી રહે -તે "સુષુપ્તિ" કહેવાય છે.

જેમ વાયુ-વિહીન ઘરમાં રહેલો દીવો,ચલન રહિત થઇ ,માત્ર પ્રકાશ આપવાનું જ કામ કરે છે તેમ,
સુષુપ્તિમાં હૃદયાકાશ માં રહેલું "જીવન-તત્વ"
એ "સમતાને પ્રાપ્ત થયેલ-પ્રાણવાયુથી" ક્ષોભ ના-પામતાં-
વિક્ષેપ-રહિત થઈને માત્ર "પ્રકાશ" જ કરે છે.

આ સ્થિતિમાં રહેલું "જીવન-તત્વ" નાડીઓમાં પ્રસરતું નથી-તેથી તે સમયે "સ્વપ્ન" થતું નથી-
એજ રીતે તે નેત્ર-વગેરે છિદ્રોમાં પણ પ્રસરતું નથી તેથી "જાગ્રત-અવસ્થા" પણ થતી નથી.

તલમાં રહેલ તેલ ની પેઠે,તે "જીવન-તત્વ" સુષુપ્તિ-દશામાં અંદર જ સ્ફૂરે છે,
જો કે-એ "સુષુપ્તિ-દશામાં" જીવન-તત્વ અને બ્રહ્મ નો "અભેદ" થઇ જતો નથી,પણ,
એ "જીવન-તત્વ" નામનો "બ્રહ્મ નો અંશ" ઘણી ખરી "ઉપાધિ નો લય" થવાને લીધે-
માત્ર "પ્રકાશ" કરવા-રૂપ સ્થિતિ ને પ્રાપ્ત થાય છે (વાયુ વગરના પ્રદેશમાં રહેલ દીવાની જેમ)

ચિત્તમાંથી સઘળા વ્યવહારો નો અંત થાય -અને-
જયારે- શાસ્ત્ર દ્વારા "સર્વમાં ચૈતન્ય ની એકતા" જાણી લે (સર્વ બ્રહ્મ-મય છે-સર્વ માં બ્રહ્મ નો વાસ છે)
તથા -વિચાર તથા એકાગ્રતા-આદિ પ્રયત્નો થી,"સ્વ-રૂપ નો સાક્ષાત્કાર" થાય-ત્યારે-
જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિમાં -વ્યવહાર કરવા છતાં,પણ "**તુરીય અવસ્થા**" પ્રાપ્ત થઇ કહેવાય છે.

પ્રાણવાયુઓ -"સુષુપ્તિ" માં "સામ્ય-પણું" પામે છે.
પણ તેઓ (પ્રાણવાયુઓ) જયારે "વિષમ-પણું" પામીને " જીવન-તત્વ" ને ચલાયમાન કરે છે,
ત્યારે-તે "જીવન-તત્વ" તે "તે ભોગો ને આપનારા પૂર્વ સંસ્કારો ના જાગ્રત થવાથી" -
"ચિત્ત-રૂપે" ઉદય પામે છે.
અને આમ તે ચિત્ત -ઉદય પામીને-તે "પોતાની અંદર રહેલા -વિસ્તીર્ણ જગત ની ખટપટ ને"
--"જાગ્રત અવસ્થાના ના જેવા-ઉત્પત્તિ,નાશ ના ભ્રમો -સહિત" પણ -
અન્ય-રૂપે (જુદા રૂપે) તેને (જગત ની ખટપટને) જુએ છે-કે જેને "સ્વપ્ન" કહેવાય છે.

જેમ,યોગી,બીજ માં રહેલા ઝાડને -યોગ શક્તિથી સંપૂર્ણ વિસ્તાર-વાળું જુએ છે-
તેમ,સ્વપ્ન-અવસ્થામાં તે "જીવન-તત્વ" પોતાનામાં જ રહેલા,જગતને
જાગ્રત-અવસ્થા જેવા -સંપૂર્ણ વિસ્તાર-વાળું જુએ છે.

જયારે પ્રાણવાયુઓ તે "જીવન-તત્વ" ને -જો જરાક ચલાયમાન કરે છે-
ત્યારે સૂતેલું તે "જીવન-તત્વ" ---માત્ર "હું છું" એટલું જાણવા લાગે છે.પણ,
તે જ પ્રાણવાયુઓ -જો-તે "જીવન-તત્વ" ને અત્યંત ચલાયમાન કરે છે-
ત્યારે તે "જીવન-તત્વ" પોતાની આકાશમાં ગતિ થતી દેખે છે.

જયારે,સૂતેલો તે જીવ (જીવન-તત્વ) નાડીઓના અંદર રહેલા કફ ના દ્રવ્ય થી ભીંજાઇ જાય છે-
ત્યારે તે પોતાની અંદર જ વરસાદ-જળાશય -વગેરેના "સંભ્રમ" નો અનુભવ કરે છે.અને,
જેમ,પુષ્પ ને પોતાની અંદર જ પોતાની સુગંધ નો અનુભવ થાય છે,
તેમ,જીવ ને પોતાનામાં-"સ્વપ્ન" માં વરસાદ નો અનુભવ થાય છે.

આમ,તે,નિંદ્રા પામેલો -પણ- પ્રાણવાયુઓએ ચલાયમાન કરેલો,
જીવ (જીવન-તત્વ) પોતે જે જે વાસનાનું સેવન કરતો હોય છે,
તે તે વાસના ને જાણે ઇન્દ્રિયો થી બહાર અને અંદર જુએ છે.
તથા,બધું અંદર દેખાતું હોવા છતાં "આ સઘળું બહાર છે" એવી તે પ્રતીતિ કરે છે.
તે જીવ સ્વપ્ન ને લીધે ચક્ષુ -વગેરે ઇન્દ્રિયો ના છિદ્રો સુધી નહિ પહોંચતાં,પોતાની અંદર જ ક્ષોભ પામે છે.
અને આ રીતે થતાં,પોતાની "જ્ઞાન-શક્તિ"થી,પોતાની અંદર જ તે (બહાર ના પદાર્થો) નો તરત જ,
અનુભવ કરે છે-તેથી તેની એ સ્થિતિ "સ્વપ્ન" કહેવાય છે.

અને એ જ જીવ જયારે પ્રાણવાયુ થી ક્ષોભ પામીને,ઇન્દ્રિયો ના છિદ્રમાં પ્રસરીને,
બહાર,શબ્દ-વગેરે વિષયોનો અનુભવ કરે છે,ત્યારે તે "જાગ્રત-સ્વસ્થ-વાળો" કહેવાય છે.

હે,રામ,હવે તમે આ વાત સમજી છો,ચૂક્યા અને તમારા મનમાં સદ-વિચાર પામી ચૂક્યા છો,
માટે હવેથી તમારે કદી પણ મિથ્યા-રૂપ-જગત ને સાચું માનવું નહિ.
જગત ને સાચું માનવાથી,આધ્યાત્મિક,આધિભૌતિક,અને આધિદૈવિક -નિમિત્તો ને લીધે,
પોતાનામાં મરણ-વગેરે મિથ્યા દોષો પ્રાપ્ત થયાની મિથ્યા સંભાવના થાય છે.

**<u>(૨૦) જગત મન ની ભ્રાંતિ-રૂપ છે</u>**.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,મન નો સ્વભાવ સમજાવવા માટે,મેં તમને આ સઘળું જાગ્રત-વગેરે અવસ્થાનું
વર્ણન કર્યું,એ સિવાય આ કહેવાનું બીજું કોઈ પ્રયોજન નહોતું.
જેમ,લોઢાનો ગોળો અગ્નિના-સંપર્ક થી "અગ્નિ-પણા" ને પ્રાપ્ત થાય છે,
તેમ,દૃઢ નિશ્ચય-વાળું ચિત્ત,જે જે પદાર્થ ની બહુ ભાવના કરે છે,તે તે પદાર્થ-રૂપ-પણા ને પ્રાપ્ત થાય છે.

એક જ એવા "અધિષ્ઠાન" (ચૈતન્ય) માં સારા-કે-ખરાબ પદાર્થો જોવા,કે છોડવું-કે-ગ્રહણ કરવું-આવી
કલ્પનાઓ મન વડે જ થયેલી છે.એટલા માટે મન ની ચપળતા થી થયેલી,તે સઘળી કલ્પનાઓ
સત્ય પણ નથી અને અસત્ય પણ નથી.તે તો અનિર્વચનીય (વર્ણન ના થાય તેવી) જ છે.

મલિન મન જ મોહ ઉત્પન્ન કરનાર છે,અને તે જ જગતની "સ્થિતિ" નું કારણ છે.
મન જ જગત-રૂપ હોવાથી,જગત ને બનાવે છે,અને જે મન છે તે જ જીવ છે.
એટલા માટે મન ને જો શુભ માર્ગમાં જોડવામાં આવે તો-જગતમાં જે જે સિધ્ધિઓ છે તે પ્રાપ્ત થાય છે.
કારણકે સઘળી સિધ્ધિઓ મન નો જય કરવાથી જ મળે છે

જો "સ્થૂળ-દેહ" એ "જીવ" હોય તો-એ નો એ દેહ હોવા છતાં -
મહા-બુધ્ધિમાન શુક્રાચાર્ય ને સેંકડો જન્માંતર ના ભ્રમ-રૂપ જુદાજુદા દેહો કેમ પ્રાપ્ત થાય?
આમ છે એટલા માટે જ,જે મન છે-તે જ જીવ છે.
અને સ્થૂળ શરીર તો,મન ને લીધે જ ચેતના પામે એવું છે. માટે-એ મન -દૃઢ વાસના થી
જેવા પ્રકારના આકારની-ભાવના કરે છે -તેવા આકારને જ પ્રાપ્ત થાય છે.એમાં કોઈ સંશય નથી.

આ રીતે-જો મન એ દૃઢ-ભાવનાથી સર્વ પ્રકારના આકાર ની પ્રાપ્તિ કરવાને સમર્થ છે,તો,
તમે,જે,અતુચ્છ,પરિશ્રમરહિત,ઉપાધિ વગરનું-જે "બ્રહ્મ-પદ" છે -તેનું જ યત્ન-પૂર્વક અનુસંધાન કરો.
કે જેથી તમે બ્રહ્મ-પણાને પ્રાપ્ત થશો.
શરીર મન ના ધારેલા પ્રદેશમાં જાય છે,પણ,જ્યાં શરીર હોય ત્યાં મનને જવાનો કોઈ નિયમ નથી.
એટલા માટે હે,રામચંદ્રજી,તમારા મનથી તમે સત્ય-તત્વ ની પ્રાપ્તિ માટે જ યત્ન કરો.
અને દેહ-ઇન્દ્રિય-વગેરે મિથ્યા "દ્વૈત" ને છોડી દો.

## (૨૧) મન નો નિર્ણય

રામ પૂછે છે કે-હે,ભગવન,મારા મન માં એક મોટો સંશય ઘોળાયા કરે છે-કે-
બ્રહ્મ-એ દેશ,કાળ અને વસ્તુ ના પરિચ્છેદ થી રહિત છે,વ્યાપક,નિષ્કલંક છે-તો તેમાં-
આ "મન" નામની મલિન વાસના ક્યાં થી આવી? અને તે કેમ કરીને સંભવે?
બ્રહ્મ માં કોઈ પદાર્થ છે નહિ,હતો નહિ અને થશે પણ નહિ તો પછી-
તેમાં આ "મન-રૂપી-કલંક" ક્યાંથી અને કેવા પ્રકાર નું આવ્યું?

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,તમે બહુ સારું પૂછ્યું.હવે તમારી બુધ્ધિ અનુભવના ઉત્તમ ચમત્કાર વાળી થઇ છે,
અને તમારી બુધ્ધિ મોક્ષ ના વિષયમાં ઠીક ચોંટી છે.અને આગળ-પાછળ નો વિચાર કરવા માં તત્પર થઇ છે.
કે જેનાથી તમને ઉત્તમ પદ પ્રાપ્ત થશે.
પણ હે રામ,આ પ્રશ્ન પૂછવાનો હમણાં તમારો સમય નથી.(હાલ નો સમય તે પ્રશ્ન માટે બરોબર નથી)
કારણકે તમે જે "શુધ્ધ આત્મા માં મન-રૂપી કલંક ઘટતું નથી" એ પ્રમાણે હાલ જે પૂછ્યું-તે "પૂછવા-પણું"
શુધ્ધ આત્મા નો અનુભવ કર્યા પછી જ ઘટે છે.(એટલે કે-શુધ્ધ આત્માનો અનુભવ કર્યા પછી જ તે સમજી શકાય છે!)

(એટલે જ) જેને શુધ્ધ આત્મા નો અનુભવ થઇ ચૂક્યો હોય- તેની સામે અમે મન નું નિરૂપણ જ કરતા નથી,
(નોંધ-અહીં રામ આગળ મન નું નિરૂપણ કર્યું છે!!)
કે જેથી અમને તે (આવો -આત્મા માં મન ના કલંક- વિષે નો પ્રશ્ન) પૂછે
(એટલેકે-આત્મા ના અનુભવ થયા પછી આવો પ્રશ્ન ઉદભવી શકે જ નહિ)

પોતાને શુધ્ધ આત્મા નો અનુભવ નહિ હોવા છતાં "વિદ્વાન હોવાનો ડોળ કરીને"-જો કોઈ પ્રશ્ન પૂછવા ધારતો
હોય તેણે તો-"આત્મા માં અશુધ્ધ-પણું જ કેમ ઘટે?" એવી શંકા કરવી જોઇએ.
પણ "આત્મા-શુધ્ધ છે" એવું સ્વીકારીને-તે "શુધ્ધ માં મલિનતા કેમ ઘટે?" એવી શંકા કરવી જોઇએ નહિ !!!

આમ છે-એટલા માટે અજ્ઞાની પુરુષે ગુરૂની પાસે ઉપદેશ લેવાના સમયમાં "વિદ્વાન ની જેમ" પૂછવું યોગ્ય નથી!!
તમારા અંતઃકરણમાં આત્મા નો અનુભવ આરૂઢ થશે,ત્યારે તમારા અનુભવની સાથે મારા અનુભવ ને
મેળવવા માટે-હું જયારે બોલવા લાગીશ,ત્યારે જ તમારા આ પ્રશ્ન નું સમાધાન થશે.
"સિધ્ધાંત" (સિધ્ધાંત વિશે આગળ -છેલ્લે-નિર્વાણ પ્રકરણમાં વર્ણન આવશે) કહેવાના સમયમાં
તમે મને આ પ્રશ્ન ફરીવાર પૂછજો -એટલે આ પ્રશ્ન નું સમાધાન કરતાં-તે-
"સિધ્ધાંત" પણ તમને સમજવામાં સહેલો થઇ જશે (સમજાઈ જશે)

જેમ શરદ-ઋતુમાં હંસ ના શબ્દો શોભે,તેમ તમારું આવું પૂછવું,એ "સિધ્ધાંત" ના સમયે શોભે તેમ છે.પણ,
જેમ,શરદ-ઋતુમાં મોરના ટહુકા શોભે નહિ તેમ,હમણાં આ પૂછવું તે શોભતું નથી.
વળી,હજી સુધી સઘળા શ્રોતાઓને આત્મ-તત્વ નો બોધ થયો નથી,એટલે આ પ્રશ્ન પૂછવાનો અવસર જ નથી.
આમ,સિધ્ધાંત ના સમયે તમારો આ સુંદર પ્રશ્ન શોભે,પણ હમણાં તો અજ્ઞાની ને લગતો જ પ્રશ્ન શોભે !!!

હે,રામ,જેને લીધે લોકોનો જન્મ થાય છે,એવા મનના ઉપદેશનો જ હાલમાં આ  પ્રકરણમાં આરંભ કરેલો છે.
માટે તે વિષે તમે સાંભળો."શુધ્ધ બ્રહ્મ માં માયાનો (મન નો) સંબંધ કેમ ઘટે?"  એ વિષય ને પાછળ રાખી,
હમણાં તો હું "બ્રહ્મમાં માયા ના સંબંધ ને સ્વીકારી" ને ઉપદેશ ને આગળ ચલાવું છું.

હે,રામ,બ્રહ્મ જયારે "અહંકાર-રૂપે વિકાર" પામે છે,ત્યારે "પ્રકૃતિ (માયા)-રૂપ" થાય છે.અને
મનન કરે છે ત્યારે મન-રૂપ થાય છે,જુએ છે ત્યારે ચક્ષુ રૂપ થાય છે,સાંભળે ત્યારે શ્રોત્ર-રૂપ થાય છે.
અને બોલવા-વગેરે ના વ્યાપારો થી યુક્ત થાય છે,ત્યારે વાણી-વગેરે ઇન્દ્રિયો-રૂપ થાય છે.
મુમુક્ષુઓ એ શ્રુતિ વગેરે ના "પ્રમાણો" થી આ પ્રમાણે નો નિશ્ચય કર્યો છે.
(નોંધ-વિચિત્ર પ્રકારનાં -જુદાંજુદાં-પોતપોતાનાં શાસ્ત્રો ને વિચારીને વિવાદ કરતા -જુદાજુદા "મત-વાદીઓ" -
જુદાજુદા તેમના શાસ્ત્રોમાં આવતા મત-ભેદો ના કારણે,તે "બ્રહ્મ" ને પોતાને ગમતાં નામ-રૂપ આપી દે છે)

મનન કરતું ચંચળતાવાળું મન જે જે વાસનાનું ગ્રહણ કરે છે,તે વાસનાને અનુરૂપ રૂપો ને પ્રાપ્ત થાય છે.
જેમ,પવન જે ફૂલમાં રહે તે ફુલ ની સુગંધ ને ગ્રહણ કરે છે,તેમ મન વાસનાના આકારને ગ્રહણ કરે છે.
પોતાની વાસના થી કલ્પેલા "વિષય" નો જ યુક્તિઓથી નિર્ણય કરીને,તે "આ વિષય મારો પોતાનો છે"
એમ "અભિમાન" ધરે છે. અને પોતાના તે અભિમાન ને તૃપ્ત કરવા માટે-તે પોતે સ્વીકારેલા,
તે "વિષય" ની જ માથાકૂટ કર્યે જાય છે.

મન નો એવો સ્વભાવ છે કે-તે મને જે નિશ્ચય પકડ્યો (કર્યો)  હોય,તેમાં જ તેને સ્વાદ આવે છે.
અને તે સ્વાદમાં તે આરૂઢ થાય કે તરત-જ- શરીર અને જ્ઞાનેન્દ્રિયો પણ તેમાં તન્મય થઇ જાય છે.
આમ,મન વાસના માં આરૂઢ થાય એટલે તેની પાછળ તેને આધીન રહેનારો,દેહ પણ તે વાસનાને
અનુસરે છે.અને તે દેહ -વાસના-મય થઈ જાય છે.

આ રીતે,વાસનાને અનુસરીને પ્રાપ્ત થયેલા દેહમાં "જ્ઞાનેન્દ્રિયો" પ્રગટ થાય છે,
અને તે જ્ઞાનેન્દ્રિયો-પોતપોતાના "વિષયો"ની પ્રાપ્તિ ને અનુકૂળ ક્રિયાઓ કરવા માટે -
"કર્મેન્દ્રિયો" ના સમૂહ પણ પોતાની મેળે જ પ્રગટ થાય છે.અને-
જેમ,પવન ચપળતા પામતાં -પૃથ્વી ની રજ (ધૂળ) પણ ચપળ થાય છે,
તેમ,જ્ઞાનેન્દ્રિયો-વિષય-લંપટ થતાં,કર્મેન્દ્રિયો પણ પોતાપોતાની ક્રિયાઓમાં લંપટ થાય છે.

ક્ષોભ પામેલી કર્મેન્દ્રિયો પોતપોતાની "ક્રિયા-શક્તિ" ને પ્રગટ કરતાં-ઘણાંઘણાં "કર્મો" ઉત્પન્ન કરે છે.
આ પ્રમાણે, "કર્મ નું બીજ મન જ છે" અને સાથે સાથે એમ પણ કહી શકાય કે-"મન નું બીજ એ-કર્મ છે"
જેમ,પુષ્પ અને તે પુષ્પ ની સુગંધ ની સત્તા એક જ છે,તેમ "મન અને કર્મ" ની "સત્તા" એક જ છે.
મન,દૃઢ અભ્યાસને લીધે,જે જે ભાવનાનું ગ્રહણ  કરે છે,તે તે ભાવનાને અનુસરતી,
"ઇન્દ્રિયો ના ચલન-રૂપ" વિસ્તીર્ણ શાખાઓ તે મન માંથી નીકળે છે.

મન જે વાસના માં લંપટ થયું હોય,તે વાસનાને અનુસરતાં "ફળો" ને અવશ્ય ઉત્પન્ન કરે છે.
અને તેના સ્વાદ નો અનુભવ કરીને તે (મન) તુરત જ -તેમાં બંધાઈ જાય છે.
મન જે જે વિષય નું ગ્રહણ કરે છે તે તે વિષયને જ તે સાચો માની લે છે,અને તેમ થતાં-
"પોતે પકડેલો વિષય જ કલ્યાણ-રૂપ છે,એ સિવાય બીજા કશા થી કલ્યાણ  નથી જ"
એવો મન ને નિશ્ચય થઇ જાય છે.

આ રીતે પોતપોતાના (મન ના) નિશ્ચયો  પ્રમાણે,જુદાજુદા વલણો પામેલા લોકોનાં "મન",
"ધર્મ-અર્થ-કામ-મોક્ષ" ની પ્રાપ્તિ માટે-પોતપોતાના વલણો પ્રમાણે સર્વદા જુદાજુદા યત્નો કરે છે.

"સાંખ્ય-સિધ્ધાંતો" (સાંખ્ય-દર્શન) વાળાઓનું મન નિર્મળ હોવાથી,તે મન,પ્રથમ તો,
"આત્મા ના અસંગપણામાં,અને ચૈતન્ય-માત્ર-પણામાં" (એવું કહેવામાં) બરોબર પહોંચ્યું છે.
પણ "પ્રધાન" ને (પ્રકૃતિને) જગત નું "કારણ" ઠરાવવામાં (મન થી) તે ઠગાયું છે.
આ પ્રમાણે-તે સાંખ્ય-સિધ્ધાંત વાળાઓને એક અંશમાં સાચા-પણ બીજા અંશમાં ખોટા હોવા છતાં,
"પોતાના મન ના ફાંટાઓથી-પોતાનું ઠરાવેલું જ સત્ય છે" એમ માની લીધું છે (એટલે કે મન જ તેનું કારણ છે)
અને તે માનવા પ્રમાણે તેમણે ગ્રંથો બનાવી લીધા પણ છે.વળી,
"સાંખ્ય-સિધ્ધાંત ને અનુસર્યા વિના કોઈનો પણ મોક્ષ થવાનો નથી" એવા નિશ્ચય થી,
"પોતે કલ્પેલા-નિયમો-રૂપી-ભ્રમો" ને પકડી બેઠેલા -તે "સાંખ્ય-સિધ્ધાંત-વાળા-લોકો" પોતાની ચાતુરી નો
પ્રકાશ કરીને બીજાઓના મનમાં પણ પોતાનો સિધ્ધાંત ઠસાવવા નું કાર્ય કરે છે.

વેદાંતી (વેદાંત-દર્શન) લોકોના મન નો નિશ્ચય છે કે-
"આ જગત બ્રહ્મ છે અને બ્રહ્મ થી જુદું બીજું કશું-અણુમાત્ર પણ નથી"
અને આવા નિશ્ચય-રૂપ વલણ પર ચડેલાં વેદાંતીઓએ મન થી એવો નિશ્ચય કરેલો છે કે-
"સઘળા અનર્થો ની નિવૃત્તિ અને પરમાનંદ ની પ્રાપ્તિ એ જ મોક્ષ છે"
જો કે વેદાંતી લોકો "મોક્ષ ના સ્વ-રૂપ નો નિશ્ચય" કરવામાં કંઈ પણ ભૂલ્યા નથી,
તો પણ,તે મોક્ષ જેનાથી પ્રાપ્ત થાય છે-તેવા "જ્ઞાનની પ્રાપ્તિ" માટે
"સાધનો" નો "નિર્ણય" કરવામાં અને તે નિર્ણય નો શાસ્ત્ર દ્વારા ઉપદેશ કરવાની "પ્રક્રિયાઓમાં"
તે લોકોએ (વેદાંતીઓએ) પોતપોતાના "મન ના ફાંટા" પ્રમાણે ભારે ગોથાં ખાધાં છે.

વિજ્ઞાન-વાદી "બૌધ્ધો" પોતાના મન ના ભ્રમથી ચકચકિત એવી બુધ્ધિ થી નિર્ણય કરી બેઠા છે કે-
શમ-દમ-આદિ સાધનો થી જ મુક્તિ સાધ્ય થાય છે.
તેઓ "સર્વજ્ઞ-બુધ્ધિ-રૂપ-ધારા" માં પ્રવેશ કરવાની સ્થિતિ ને મુક્તિ કલ્પે છે.
અને એ સિવાય બીજી કોઈ રીતથી મુક્તિની પ્રાપ્તિ નથી-
એવા નિશ્ચય વાળા "બૌધ્ધો" પોતાના નિયમો ના ભ્રમો-વાળી પોતાની તે દૃષ્ટિ ને પ્રસિધ્ધ કરે છે.

"લોચ" (એટલે માથા ના વાળ પોતાને હાથે ખેંચી નાખવા) કરવાના કે ઉપવાસ કરવાના-વગેરે
અહિંસાના નિયમો પાળ્યા વિના મુક્તિની પ્રાપ્તિ થવાની જ નથી-એવી ભ્રાંતિ ને લીધે દૃઢ નિશ્ચયને
પામેલા જૈન લોકોએ "આકાશમાં ઉંચે ને ઉંચે ચડતું જવું એ જ મુક્તિ છે"
એમ પોતાના મન ના ફાંટાઓના વિચારો પોતાના ગ્રંથ દ્વારા પ્રગટ કર્યા છે.

(નોંધ-અહીં એ શંકા સ્વાભાવિક છે કે-વાલ્મીકિ ના સમયમાં બુધ્ધ અને મહાવીર ની વાત કેવી રીતે આવી?
પણ એ વાત કોઈ સંશોધકો માટે કે ચર્ચા કે વાદવિવાદ વાળા માટે જ છોડી દઈને -અને
અહીં આપણે મન ના નિર્ણય-વિશેની વાત કરીને જે સમજાવવા માગે છે તે જ આગળ સમજીશું??
રેફરન્સ-અખંડાનંદ ની પબ્લીશ કરેલી યોગ-વાસિષ્ઠ -બુક ના પાન-નંબર -૪૪૨-પર આ લખેલું છે )

આમ,પોતાના મનના ફાંટાઓથી,જુદા જુદા સંપ્રદાયો ના વિચિત્ર આચરણો કરનાર બીજા ઘણા લોકોએ પણ -
આ જ રીતે,પોતાના મનમાં આવ્યા તેવા શાસ્ત્ર-વિચારો કલ્પી કાઢયા છે.
જાણે કે-નિશ્ચળ પાણીમાં કોઈ પણ નિમિત્ત વિના જ -પરપોટા ઓના સમુહો ઉઠયા હોય,
તેમ,સર્વ કોઈના મન ના નિરર્થક નિશ્ચયો ને લીધે,અનેક પ્રકારના "આડંબરો-વાળા-સંપ્રદાયો" ચાલેલા છે.
હે,રામ,જેમ સઘળા પ્રકાર ના મણિ ઓનું ઉત્પત્તિ-સ્થાન સમુદ્ર છે-તેમ-આવા સંપ્રદાયો નું ઉત્પત્તિ-સ્થાન "મન" છે.
અરે,સંપ્રદાયો સિવાય પણ,સઘળા પ્રકારની વિચિત્રતાઓ નું કારણ પણ "મન ની કલ્પના" જ છે.

વાસ્તવિક રીતે જોવા જાઓ તો,લીંબડો કડવો નથી,શેરડી મીઠી નથી ,ચંદ્ર શીતળ નથી, કે અગ્નિ ગરમ નથી,
તે છતાં,જે વસ્તુ પર જેવી કલ્પનાઓ નો "લાંબા સમય સુધી અભ્યાસ" કરવામાં આવે છે,
તે વસ્તુ તેવા પ્રકાર ની જ અનુભવ માં આવે છે.અને એટલે જ લીંબડો કડવો,શેરડી મીઠી,
ચંદ્ર શીતળ અને અગ્નિ ગરમ છે એમ પ્રતીત થાય છે.

"મોક્ષ" એ તો અકૃત્રિમ આનંદ છે.સાવધાન મનુષ્યોએ તે મોક્ષ ને માટે પોતાના મન ને તન્મય કરી દેવું જોઇએ.
જેથી જ તે મોક્ષ ની પ્રાપ્તિ થાય છે.મન,તુચ્છ દૃશ્ય (જગત) ને છોકરાંની જેમ હાથમાં લઇ લઇને રમાડે છે.
તે મન જો એ દૃશ્ય ને છોડી દે તો-દૃશ્ય ના સંસર્ગ થી થનારાં સુખ-દુઃખ થી તે ખેંચાતું જ નથી.

દૃશ્ય (જગત) રૂપ વિસ્તીર્ણ બંધન અપવિત્ર છે,ખોટું છે,મોહ ઉપજાવનારું છે અને પ્રતીતિ-માત્ર છે.
તેની ભાવના જ કરો નહિ.જે દૃશ્ય (જગત) છે તે જ -"માયા" છે અને તે જ "અવિધા"  (અજ્ઞાન) છે.
માટે તેની ભાવના -બહુ ભયંકર પુરવાર થાય છે.
"મન નું દૃશ્ય માં જે એકાગ્ર-પણું રહે છે" તે જ મન માં "મોહ" ઉપજાવવાની "શક્તિ" છે,એમ સમજો.
આમ છે,એટલે માટે જ "દૃશ્ય-રૂપ" જે ખોટો અને મહા-મેલો કાદવ છે તેને ધોઈ જ નાખો.
મન માં જે સ્વાભાવિક રીતે "દૃશ્ય-પણું" જોવામાં આવે છે,
એ જ સંસાર-રૂપી મદિરા છે,અને તે જ અવિધા (માયા) છે-એમ વિદ્વાન લોકો કહે છે.

જેમ,આંખ આગળ આવેલાં પડળ થી આંખે આંધળો થયેલ મનુષ્ય,સૂર્ય ના તેજ ને જોઇ શકતો નથી,
તેમ,"દૃશ્યમય-પણા-રૂપ- અવિધા" (માયા) થી હણાયેલો જીવ કલ્યાણ પામતો નથી.
હે,મહાબુદ્ધિમાન,એ અવિધા -આકાશના વૃક્ષ ની પેઠે (આકાશમાં વૃક્ષ હોઈ શકે નહિ) સંકલ્પ માંથી,પોતાની
મેળે જ ઉત્પન્ન થાય છે.તે ભાવના નો નાશ કરવાનું સાધન કેવળ-"સંકલ્પ નો ત્યાગ" જ છે.
જયારે દ્વૈત (પુરુષ અને પ્રકૃતિ) ની ભાવના  ક્ષીણ થાય છે,ત્યારે સદવિચાર પોતાની મેળે જ પ્રફુલ્લિત થાય છે.
અને તે સદવિચાર થી કોઈ પણ પદાર્થો માં આસક્તિ રહેતી નથી.

અસત્ય વિચાર નાશ પામે -અને-સત્ય વિચાર પ્રાપ્ત થાય, તો નિર્વિકલ્પ ચૈતન્ય અને નિર્મળ-સ્વરૂપ
તે "બ્રહ્મ" ની પ્રાપ્તિ થાય છે.કે જે બ્રહ્મ ની અંદર જગત,માયા,વિષ-જન્ય સુખ કે દુઃખ-
કંઇ પણ જોવામાં આવતું નથી.પણ માત્ર "કેવળ-પણું" જ જોવામાં આવે છે.

જેમ,આકાશ એ વાદળાં થી નિઃસંગ છે (આકાશ નો વાદળાં જોડે સંગ હોતો નથી)
તેમ,આત્મા,પોતાનાથી અભિન્ન એવાં ચિત્ત-ઇન્દ્રિયો આદિ થી અને અનંત વાસનાઓ થી નિઃસંગ છે.
તે આત્મા અનર્થ-રૂપ-"દેહાધિક ની ભાવના" ને લીધે,જાણવામાં આવતો નથી.
કારણકે-તે બંધન-રહિત,ચૈતન્ય-રૂપ આત્માએ પોતાના માં જ બંધન ને કલ્પી લીધેલ છે.

જેમ,આકાશ દિવસના અને રાત્રિના સંબંધ ને કારણે જુદાજુદા પ્રકારનું હોય તેમ ભાસે છે,
તેમ,આત્મા પોતાનામાંથી થતી જુદીજુદી વસ્તુઓ ની કલ્પના ને લીધે -જુદા જુદા પ્રકારનો ભાસે છે.
કલ્પના નો ત્યાગ કરવામાં આવે તો-જે પદ અતુચ્છ છે,પરિશ્રમથી રહિત છે,ઉપાધિ થી રહિત છે,
ભ્રમ થી રહિત છે,અને કલ્પનાઓ ના સંબંધ વગરનુંછે-તે પદ બહુ જ સુખ આપે છે.

જેમ,ખાલી કોઠીમાં સિંહ હોવાનો ભય મિથ્યા છે,
તેમ,આ કલ્પિત શરીરની અંદર,બંધન થઇ જવાનો ભય પણ મિથ્યા જ છે.
જેમ,ખાલી કોઠીમાં નજરે જોતાં સિંહ નો પત્તો મળતો નથી,
તેમ,વિચાર કરતાં,આ શૂન્ય શરીરમાં સંસાર-રૂપી-બંધન થયા નો પણ પત્તો મળતો નથી.
જીવ ને "આ જગત છે અને આ હું છું"એવી ભ્રાંતિ ઉતપન્ન થયેલી છે.

વૈભવ અને દરિદ્રતા-રૂપ -શુભ અને અશુભ પદાર્થો -પણ કલ્પનાથી જ જરાવારમાં જતા રહે છે
અને જરાવારમાં પાછા પ્રાપ્ત પણ થાય છે.
માટે પદાર્થોમાં કામ કરવાની જે "શક્તિ" છે તે "કલ્પનાને અનુસરનારી" છે.

સઘળા પદાર્થો કલ્પના-પ્રમાણે જ ફળ આપનારા છે-
તેમ સમજીને -વિચારીને સમજુ મનુષ્યો,કોઈ પદાર્થ માં એક સ્થિતિ માનતા નથી.
ચિત્ત દૃઢ વાસના થી,જેટલા કાળ સુધી,જે પદાર્થ ની -જે પ્રકારે અતિશય ભાવના કરે છે,
તે પદાર્થમાં તેટલા કાળ સુધી,તેવા પ્રકારનું,તે જ ફળ જોવામાં આવે છે.
એટલે,સાચો નથી તેવો કોઈ પણ પદાર્થ નથી અને ખોટો નથી તેવો પણ કોઈ પદાર્થ નથી.
તેમ છતાં,,હકીકતમાં -વાસ્વિક રીતે તો એમ છે કે-મનુષ્ય પદાર્થને જે પ્રકારનો ધારે છે,તે પ્રકારનો જ જુએ છે.

માટે હે,રામ,તમે સઘળા પદાર્થો-રૂપ થનારા-"સંકલ્પ" ને જ છોડી દો.અને -
સુષુપ્તિ અવસ્થા વાળા ની જેમ,પોતાના "સ્વરૂપ" થી જ રહો.
મણિ-એ પોતાનામાં પડતાં પ્રતિબિંબો ને અટકાવવા સમર્થ નથી.પણ તમારા જેવો ચેતન આત્મા,
પોતાનામાં પડતાં પ્રતિબિંબો ને અટકાવવા સમર્થ ના હોય તેમ તો ના જ બને.
તમારા સ્વ-રૂપ માં જે આ જગત પ્રતિબિંબિત થાય છે તે મિથ્યા જે છે -એવો નિર્ણય કરીને તમે જગતથી
રંગાઓ નહિ.અથવા-તો જે જગત છે તે બ્રહ્મ થી અભિન્ન છે એમ માની ને પોતાની અંદર,
આદિ થી અંતથી રહિત -પોતાના "સ્વ-રૂપ" ની ભાવના કરો.

હે,રામ,તમારા ચિત્તમાં જે જે પદાર્થો પ્રતિબિંબિત થાય છે,તે તે પદાર્થો માં
તમે જો બ્રહ્મ ની ભાવના કરશો તો-તે તમને રંગી દેશે નહિ.અથવા તો-
જેમ સ્ફટિક માં તે પદાર્થો ના પ્રતિબિંબો પ્રગટ રીતે પડે છે,તો પણ તે સ્ફટિક પોતાની જડતાને લીધે,
એ પ્રતિબિંબો માં અનુસંધાન વગરનો હોવાથી,વાસ્તવિક રીતે તે પદાર્થો ના રંગો થી રંગાઈ જતો નથી,
તેમ,તમારામાં પણ પ્રારબ્ધ ના ભોગ ને લગતી જગત સંબંધી વ્યવહારની ઈચ્છાઓ -
પ્રગટ રીતે લાગુ પડે તો પણ,તમે તત્વ-બોધ ને લીધે,ઈચ્છાઓ નું વારંવાર અનુસંધાન કરશો નહિ,
અને આમ કરવા થી તમે ઇચ્છાઓ થી રંગાઈ જશો નહિ.

## <u>(૨૨) રૂઢ બોધવાળા ની દશા</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,જે અધિકારી પુરુષો છે,તેઓ તો વિચાર કરનારા હોય છે,અને તેમના ચિત્તની
વૃત્તિઓ ગળી ગયેલી હોય છે,તેમ છતાં તે સમજીને અભ્યાસ-પૂર્વક વ્યવહારો ના અનુસંધાન ને
ધીરે ધીરે તેઓ છોડતા જતા હોય છે.તેઓ આત્માકાર-પણાથી ઠરેલા મનવાળા હોય છે.

તેઓ, ત્યાગ કરવા યોગ્ય દૃશ્ય (જગત) ને અનુક્રમે છોડતા જતા હોય છે,
તેઓ,જ્ઞાન ની ભૂમિકાઓમાં ઉંચે ચડતા જાય છે,
તેઓ,સઘળા દૃશ્ય ને ચિન્માત્ર જોયા કરતા હોય અને કોઈ પદાર્થ ને ચૈતન્ય થી જુદો જોતા નથી,
તેઓ,જેમાં નિરંતર જાગ્યા કરવું જોઈએ એવા પરમ-તત્વમાં પરમ-વૃત્તિ થી જાગ્યા કરતા હોય છે,
તેઓ,ગાઢ મોહમય સંસારના માર્ગમાં વૃત્તિ (પ્રવૃત્તિ) રાખતા નથી,
તેઓ,ભોગવવાના સમયમાં જ રમણીય અને પરિણામે નીરસ -એવા ભોગોમાં લાલચ રાખતા નથી,
તેઓ,પ્રારબ્ધ થી પ્રાપ્ત થયેલા,ભોગોમાં પણ આસક્તિ રાખતા નથી.

જેમ,તડકામાં હિમ ના સમૂહ ઓગળી જાય છે,
તેમ,તે અધિકારી પુરુષનું "અનાદિ કાળ નું અજ્ઞાન" છૂટું પડીને પીગળી જાય છે.અને
"આત્મા-રૂપ" જળ ની સાથે એક થઇ જાય છે.ત્યારે-
જેમ,તરંગોવાળી અને મોટા મોટા હિચોળા ખાતી નદીઓ -પણ-શરદ-ઋતુમાં શાંત થઇ જાય છે,
તેમ,તે અધિકારી પુરુષની તરંગોવાળી અને મદભર ઉછળતી,સર્વ "તૃષ્ણા"ઓ શાંત થઇ જાય છે.
જેમ,ઉંદર પક્ષીઓની જાળ ને તોડી નાખે છે-તેમ,બોધ (જ્ઞાન) સંસાર ની વાસનાઓને તોડી નાખે છે.

વૈરાગ્યના વેગ થી જયારે "દેહાભિમાન" પોચું પડી જાય છે,
ત્યારે તે પુરુષનું મન વિકાસ પામીને સ્વચ્છ થઇ જાય છે,કે જેથી,
જેમ,પંખી પાંજરામાંથી નીકળી જાય છે
તેમ,કામના વગરનું,વિષયોમાં ગુણોના અનુસંધાન વગરનું અને બંધન થી રહિત થયેલું-
મન "મોહ"માંથી નીકળી જાય છે.
આમ જયારે સંદેહો ની ભૂંડાઈ શાંત થાય છે ત્યારે,મન વાસનાઓના વિભ્રમો થી શાંત થાય છે,
અને,તે આત્માનંદ થી પૂર્ણ થાય છે.જેથી,પૂર્ણિમા ના ચંદ્ર ની જેમ તે શોભી રહે છે.

જેમ,પવન શાંત થતા,સમુદ્રમાં ઉત્તમ સુંદરતા ને પ્રગટ કરનારી,ઉંચા પ્રકાર ની સમતા ઉદય પામે છે,
તેમ,વાસનાઓ શાંત થતા,જ્ઞાની ના મનમાં ઉત્તમ સુંદરતા પ્રગટ કરનારી,
અને વિનાશ નહિ પામનારી,ઉંચા પ્રકારની "સમતા" પ્રાપ્ત થાય છે.
બોધ (જ્ઞાન) નો ઉદય થતાં,મૂર્ખતા થી ઘેરાયેલી,અજ્ઞાનમય અને
જેમાં સત્-શાસ્ત્ર નો વ્યવહાર થતો નથી,તેવી સંસારની વાસના ક્ષીણ થઇ જાય છે.
પરમાત્મા-રૂપી સૂર્યનું દર્શન થતાં,વિવેક-રૂપ કમલિની પ્રફુલ્લિત થાય છે.
અને સવારના આકાશની પેઠે સ્વચ્છતાથી શોભે છે.

તેનામાં,સર્વ લોકો ને આનંદ આપવાના સામર્થ્યવાળી,અને સત્વ-ગુણની વૃધ્ધિ થી પ્રાપ્ત થયેલી
"વિચાર-શક્તિ"ઓ પૂર્ણિમા ના ચંદ્ર ના કિરણો ની જેમ,વૃધ્ધિ પામે છે.

ટૂંકમાં એટલું જ કહું કે-જ્ઞેય (જાણવા જેવી વસ્તુ-પરમાત્મા) વસ્તુને જાણી ચૂકેલો,
મહા-બુધ્ધિશાળી પુરુષ,નિર્મળ આકાશના મંડળ ની પેઠે ઉદય પામતો નથી,અને અસ્ત પણ પામતો નથી.
જેણે,વિચારથી "આત્મ-તત્વ" જાણી લીધું હોય,તે મહાત્મા પુરુષને -
(સૃષ્ટિ ની ઉત્પત્તિ-પાલન અને વિનાશ -વગેરે જેવા ક્લેશોમાં પડેલા)
બ્રહ્મા,વિષ્ણુ,શંકર અને ઇન્દ્ર (સ્વર્ગ નો રાજા) પણ "રાંક અને દયાપાત્ર" જણાય છે !!!
(નોંધ-અદ્વૈત સિધ્ધાંત વાળા સ્પષ્ટ કહે છે કે-બ્રહ્મા-વિષ્ણુ-મહેશ-વગેરે દેવો છે-પરમાત્મા (બ્રહ્મ) નથી !!
એટલે જ વિષ્ણુ ના અવતાર રામ-પણ અહીં દેવ છે-પરમાત્મા નહિ.પરમાત્મા માત્ર "એક-બ્રહ્મ-ચૈતન્ય" છે)

જેમ,મૃગો ઝાંઝવાના પાણીને પ્રાપ્ત થતા નથી,
તેમ,દેહધારી છતાં પણ,નિરહંકારી ચિત્તવાળા જ્ઞાની-પુરુષને વિક્ષેપો પ્રાપ્ત થતા નથી.
સર્વ લોકો પોતપોતાની ચિત્તની વાસના ને લીધે જ,તરંગોની પેઠે,ઉત્પન્ન થાય છે અને નષ્ટ પણ થાય છે.
એટલા માટે જન્મ-મરણ એ માત્ર વાસના-વાળા મનુષ્યો ને જ લાગુ પડે છે.જ્ઞાનીને નહિ..
બ્રહ્મ-વેત્તા પુરુષ તો જન્મ ને તથા મરણને એક તમાશા જેવાં જ ગણે છે.ને તેનાથી વિનોદ મળતો માને છે.

જેમ,ઘડામાં રહેલું આકાશ (ઘડાકાશ) જન્મતું પણ નથી,અને મરતું પણ નથી,
તેમ,દેહમાં રહેલો આત્મવેત્તા જન્મતો પણ નથી કે મરતો પણ નથી.
જ્યાં સુધી,"હું કોણ છું?' અને "આ જગત શું છે?" એવી રીતનો વિચાર ના કરવામાં આવે,

ત્યાં સુધી અંધારા જેવો સંસારનો આડંબર સ્થિર રહે છે.
હકીકતમાં,આ શરીર મિથ્યા ભ્રમ ના સમૂહ થી ઉત્પન્ન થયેલું છે,અને આપત્તિઓના સ્થાનક-રૂપ છે.

જે પુરુષ તે શરીરને "તત્વબોધ" ના અનુસંધાનથી મિથ્યા જુએ છે,તેને જ "દેખતો" સમજવો (તે જ સાચું જુએ છે)
"દેશ અને કાળ ને લીધે જે જે સુખ-દુઃખ થાય છે તેની સાથે મારે કોઇ સંબંધ નથી"
એમ જે પુરુષ "ભ્રમ-રહિત-પણા" ને જાણે છે તે પુરુષને જ "જાણનારો" સમજવો.

જેનો અંત કે પાર નથી,એવાં દિશા,આકાશ અને કાળ આદિ -અને-તેમાં રહેલા જે પદાર્થો છે-
"તે સઘળામાં હું (આત્મા) છું" એમ જે જાણે છે-તેને જ "વિચક્ષણ" સમજવો.

વાળના અગ્ર ભાગના લાખમા ભાગના કરોડો કટકા કરતાં,તેઓમાં ના એક કટકા ની જે સૂક્ષ્મતા થાય,
તે કરતાં પણ મારી સૂક્ષ્મતા અધિક છે,અને "એવી સૂક્ષ્મતા હોવા છતાં પણ હું (આત્મા) વ્યાપક છું."
એમ જે વિચારે છે તેને જ "વિચાર-વાળો" સમજવો.

જીવ અને જગત એ સર્વ બ્રહ્મ જ છે,એમ જે નિત્ય અભેદ દૃષ્ટિ થી જુએ છે,તેને જ "દેખતો" સમજવો.
સર્વ-શક્તિમાન,અનંત-રૂપ,અને અદ્વિતીય ચૈતન્ય-જે આત્મા છે-તે જ સર્વ પદાર્થમાં રહેલ છે,
એમ જે પુરુષ મનમાં જાણે છે -તેને જ "જ્ઞાની" સમજવો.

આધિઓ-વ્યાધિઓના ઉદ્વેગ થી ભય પામતો,અને જન્મ-મરણ-વાળો "દેહ" હું નથી.
એમ જે વિવેક થી જાણે છે તેને "વિચક્ષણ" (બુદ્ધિશાળી) સમજવો.
મારો વિસ્તાર આડે,ઉંચે તથા નીચે વ્યાપક છે,અને મારાથી બીજા કોઇ છે જ નહિ,
એમ જે જુએ છે તેને જ "દેખતો" સમજવો.

જેમ,દોરમાં મણિઓનો સમૂહ પરોવાયેલો હોય છે,તેમ સઘળી જગત મારામાં પરોવાયેલું છે-
અને હું ચિત્ત-રૂપ નથી જ-એવું જે જાણે છે તેને "વિચક્ષણ" સમજવો.
હું,જે "જીવ" કહેવાય છે,જે "જગત" કહેવાય છે,તે નથી,પણ,વર્તમાન-ભૂત અને ભવિષ્યમાં-
કેવળ "ચૈતન્ય-એક-રસ-બ્રહ્મ" જ છે-એમ જે જુએ છે તે જ "જુએ" છે.

જેમ,તરંગ એ સમુદ્રનો જ અવયવ છે,તેમ જે કંઇ "ત્રૈલોક્ય" છે તે મારો જ અવયવ છે,
એમ, જે પુરુષ અંતઃકરણમાં જાણે છે-તે જ "દેખતો" છે.
આ જે "ત્રિલોકી" (સૃષ્ટિ) છે,તે પોતાની સત્તા વગરની હોવાથી શબ જેવી છે,તે શોક કરવાનું જ પાત્ર છે,
મારી પોતાની સત્તા આપીને હું -જ તે (સૃષ્ટિ) ને પાળું છું અને જો હું મારી નજર કરડી (કડક) કરું છું તો તે-
તુરત જ પીડાઇ જાય એવી છે,આથી એ મારી નાની બહેન જેવી છે-એમ જે પુરુષ જાણે છે-તે જ "દેખતો" છે.

જે મહાત્મા-પુરુષ નું "હું પણું-તું પણું" દેહાદિક થી નિવૃત્તિ પામ્યાં હોય છે,અને આત્મા-પણામાં જ લીન
થયા હોય છે -તે જ ઉત્તમ વિચારવાળા છે અને તે જ "દેખતા" છે.(તે જ સાચું દેખે છે)
સર્વ જગત ને પૂરનારા (ભરનારા)-પોતાના "ચૈતન્ય-મય-સ્વ-રૂપ" ને -
જે પુરુષ,દૃશ્ય (જગત) ના મિશ્રણ થી રહિત દેખે છે -તે જ "દેખતો" છે.

સુખ-દુઃખ-જન્મ-મરણ-વગેરેના નિત્યાનિત્ય વિવેકથી થયેલા આત્મ-વિચારો-એ સઘળું હું જ છું,
એમ જે જાણે છે તે-પુરુષ વ્યવહાર ને જોતો હોય તો પણ કોઇ રીતે "સ્વરૂપ"થી ભ્રષ્ટ થતો નથી.
જગત મારી સત્તા થી ભરપૂર છે, અને મેં આપેલા આનંદ ના લેશથી જ તૃપ્ત છે,
તે (જગત) ના એક ભાગમાં રહેનારી-આ "લોક" કે "પરલોક" ની "ભોગ્ય-વસ્તુ" ઓથી-

"મને શું દુઃખ છે કે તેનો હું ત્યાગ કરું? કે મને શું સુખ છે કે તેનું હું ગ્રહણ કરું?"
એમ જે જાણે છે -તે જ ભ્રાંતિ વગરના જ્ઞાન વાળો છે.

આ સઘળું જગત "બ્રહ્મ-રૂપ" જ છે,એવા દ્રઢ નિશ્ચય ને લીધે,જે પુરુષ સર્વ પ્રકારની પ્રવૃત્તિઓ કરવા છતાં પણ,
કોઈ પ્રવૃત્તિ થી રંગાઈ જતો નથી,તે મહાત્મા સાક્ષાત "મહેશ્વર" જ છે.
જે પુરુષ,જાગ્રત-સુષુપ્તિ-સ્વપ્ન થી છૂટ્યો છે,સૌમ્ય,સમતાવાળો અને "તુરીય-પદ" માં જ રહેનારો છે,
તે પુરુષ ઉત્તમ પદ પામી ચુક્યો છે અને તેવા પુરુષ ને હું નમસ્કાર કરું છું.
"સકળ જગતમાં એક બ્રહ્મ જ છે" એવી જેની બુધ્ધિ છે,અને વિચિત્ર વૈભવો-વાળી -
"જગત ની ઉત્પત્તિ-સ્થિતિ-લય-રૂપ વિચિત્ર દશાઓ" માં, જેને સદૈવ "બ્રહ્માકાર-વૃત્તિ" રહી હોય છે-
તેવા સાક્ષાત સદાશિવ-રૂપ-જીવનમુક્ત પુરુષને હું નમસ્કાર કરું છું.

**<u>(૨૩) શરીર-રૂપી નગરી નું વર્ણન</u>**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, જેમ કુંભારનો ચાકળો,કુંભારે ફેરવવો છોડી દીધા છતાં પણ-
જ્યાં સુધી તેને "વેગ નો સંસ્કાર" લાગ્યો હોય ત્યાં સુધી,ફર્યા કરે છે.
તેમ,એ જીવનમુક્ત નો દેહ "પ્રારબ્ધ ના સંસ્કાર"ને લીધે,"ક્રિયા" કરતો હોય છે.

બ્રહ્મનું અનુસંધાન રાખ્યા કરતો-એ જીવનમુક્ત પુરુષ,શરીર-રૂપી-નગરી નું રાજ્ય કરવા છતાં પણ,
શરીર ના "સાચા-પણા નું અભિમાન" નહિ હોવાથી તેમાં લેપાતો નથી.
બગીચા જેવી આ પોતાના શરીર-રૂપી-નગરી,ક્રીડાઓ નો વિનોદ (સુખ) આપનારી હોવાને લીધે-
તે આત્મા ને જાણનારા જીવનમુક્ત પુરુષને ભોગ પણ આપે છે અને મુક્તિ પણ આપે છે.
એટલા માટે તે જીવનમુક્ત ની "દ્રષ્ટિ"માં તે (નગરી) સુખદાયી જ છે-દુઃખદાયી નથી.

રામ પૂછે છે કે-હે,મુનિ,શરીરમાં નગરીનું સમાન-પણું કયા પ્રકાર થી છે? અને શરીર-રૂપી નગરીમાં રહીને,
તેનું પાલન કરતો યોગી,રાજાની પેઠે સુખને જ કેમ ભોગવે છે? રાજાને તો કદાચ કોઈ સમય પર દુઃખ પણ
ભોગવવું પડે છે,પણ જીવનમુક્ત તો હરપળે સુખ જ ભોગવે છે એમ કેમ?

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આત્મજ્ઞાની પુરુષને આત્મ-પ્રકાશ-રૂપી ઐશ્વર્યથી પ્રકાશાયેલી,
અંનત વિલાસો થી સંપન્ન અને સઘળા ગુણોથી ભરેલી,આ શરીર-રૂપી નગરી રમણીય લાગે છે,

આ નગરીમાં "નેત્ર-રૂપી-ઝરૂખા"ઓમાં રહેલા "ચક્ષુઓ-રૂપ-દીવા"ઓથી સઘળા વિભાગો પ્રકાશી રહ્યા છે.
બે "હાથ-રૂપી-રાજમાર્ગો" એ "ગોઠણ-રૂપી" છેવટ ના પ્રદેશ સુધી પહોંચેલા (લંબાયેલા) છે.અને
તેમાં "રુવાંટાઓની પંક્તિઓ-રૂપ" લતાઓ તથા ગુચ્છો લાગી રહ્યા છે.
'પાની-રૂપી-પાટલી" પર પીંડીઓ સહિત સાથળો-રૂપી ગોળ "સ્તંભ" ગોઠવાયેલા છે.
ચામડી,મર્મ-સ્થળો,શિરાઓની શાખાઓ,અસ્થિઓ ના સાંધા-રૂપી "સીમાડા"ઓ ગોઠવાયેલા છે.
માથાના,દાઢીના-વગેરે કેશ-રૂપી "વન" છે તો ભ્રકુટી-રૂપ કાળાં પાંદડાં,લલાટ-રૂપી ધોળું પાંદડું,અને
હોઠ-રૂપી લાલ-પાંદડું-વગેરે થી મોઢા-રૂપી "બગીચો" શોભી રહ્યો છે.

ગાલ-રૂપી મોટી વિહારની જગ્યાઓમાં "કટાક્ષો-રૂપી-કમળો" પથરાયેલાં છે.
પેટ-રૂપી-પટારામાં "અન્ન-રૂપી-વસ્ત્રાલંકારો ભરી રાખવામાં આવે છે,શ્રોત્ર (કાન) ઘ્રાણ (નાક)-વગેરે,
"ઇન્દ્રિયો-રૂપ-શેઠિયા" પોતપોતાના ગોલકો-રૂપ-ઝરૂખાઓમાં બેઠેલા છે.
"લાંબા કંઠ-રૂપી ઉઘડેલા દ્વાર" માં જતો આવતો -"શ્વાસ-રૂપી-પવન" ઘોંઘાટ કર્યા કરે છે.
"હૃદય-રૂપી-બજાર" માં બેઠેલા "વિચારો-રૂપી-ઝવેરીઓ" પરીક્ષા કરી-કરીને "ઇન્દ્રિયો-રૂપી-વેપારીઓ"

પાસેથી,"શબ્દ-વગેરે-વિષયો-રૂપી-રત્નો" ખરીદે છે.
ચક્ષુઓ-વગેરે (ઇન્દ્રિયો) રૂપ નવ-દરવાજાઓમાંથી પવનરૂપી રહેવાસીઓ,નિરંતર આવ-જાવ કર્યા કરે છે.
"મોં-રૂપી-દરવાજા" માં જરાતરા દેખાતા,દાંતો-રૂપી-"તોરણો" ગોઠવાયેલાં છે.
અને તે "મોં-રૂપી-દેવળ" માં ઘૂમતી "જીભ-રૂપી ચંડિકા દેવી" ભોજન-રૂપી બલિદાનને ચાવ્યા કરે છે.
કાનના બે છિદ્રો-રૂપી-"કૂવાઓ" શોભી રહ્યા છે. મૂત્રાશય-ગુદા- વગેરે-રેંટ-ફરવાની જગ્યા-રૂપ જગ્યાની સમીપમાં વિષ્ટા-રૂપી કાદવ બન્યા કરે છે.

ચિત્ત-રૂપી-બગીચાની જગ્યામાં "આત્મ-ચિંતન-રૂપી-સ્ત્રી" સર્વદા ક્રીડા કર્યા કરે છે.
"બુધ્ધિ-રૂપી-ચામડાની દોરી" થી,બંધાયેલા "ઇન્દ્રિયો-રૂપ-ચપળ વાંદરાઓ" વધારે ટકી શકતા નથી.
"મોં-રૂપી-બગીચા" માં "હાસ્ય-રૂપી-પુષ્પો" ઉઘડીરહ્યા છે.
આવી રીતે સર્વ પ્રકારની શોભાથી ચળકતી,શરીર-રૂપી-મોટી નગરી,એ શરીર અને મનને જાણનાર જીવન-મુક્ત ને હિતકારી થાય છે,તે તેને  સુખ આપે છે - દુઃખ દેતી નથી.
જયારે,અજ્ઞાની ને તે અંનત દુઃખોના ભંડાર-રૂપ છે.

હે,રામ આ નગરી નાશ પામે તો,જ્ઞાની ને થોડી જ હાનિ છે,
અને તે હોય ત્યાં સુધી,તેના પ્રતિ -અનાસક્તિ હોવાથી,
તે જ્ઞાની ને-ભોગ અને મોક્ષ બંને નું સુખ છે.એટલા માટે જ્ઞાની ને તે સદા સુખ-દાયી જ  છે.
જ્ઞાની પુરુષ આ (શરીર-રૂપી) નગરીમાં બેસીને સંસારમાં સર્વ પ્રકારના ભોગ અને મોક્ષ ના સુખ લેવા માટે સારી રીતે વિનોદ કરે છે.એટલા માટે એ (શરીર-રૂપી) નગરી,જ્ઞાની પુરુષનો "રથ" (વાહન) કહેવાય છે.
જ્ઞાનીને આ નગરીમાં રહેવાથી જ,શબ્દ-સ્પર્શ-રૂપ અને ગંધ-રૂપ બંધુઓની સગવડો મળે છે.
એટલા માટે આ નગરી જ્ઞાની ને સુખ (લાભ) આપનારી છે.

હે,રામ,આ નગરી "સુખ-દુઃખ આપનારી ક્રિયાઓ"ને પોતાની મેળે જ ઉઠાવ્યા કરે છે,એટલા માટે આ નગરી, "જ્ઞાની-પુરુષ-રૂપ-રાજા" ને માટે (તે ક્રિયાઓ થી થતી) સઘળી વસ્તુઓનો સંગ્રહ કરવા માટે યોગ્ય જ છે.
આ નગરીમાં રાજ્ય કરતો જ્ઞાની પુરુષ,ઇન્દ્ર ની પેઠે,સંતાપો થી રહિત થઇ સ્વસ્થ-પણાથી રહે છે.
અને "મન-રૂપી-મસ્ત ઘોડા"ને યોનિ-રૂપ ભયંકર ખાડાઓમાં પડવા દેતો નથી.તથા,
તે કોઇ બીજા  "લોભ-રૂપી" રાજાને પોતાની "બુધ્ધિ-રૂપી-કુંવરી" ને આપતો (પરણાવતો) નથી.

"અજ્ઞાન-રૂપી-શત્રુ" આ જ્ઞાન-રૂપી રાજાના છિદ્ર ને જોવા પામતો જ નથી.(એટલે ત્યાં તે ધુસી શકતો નથી)
આ નગરીમાં રહેલ જ્ઞાની-રૂપી રાજા "સંસાર-રૂપી શત્રુનાં,ઊંડા મૂળો કાપ્યા કરે છે.
જે,"તૃષ્ણા-રૂપી પ્રવાહ" ની "મોટી ચકરીઓવાળું" અને "કામ-ભોગ-રૂપી-દુષ્ટ-સિંહો-વગેરે-રૂપ"
"સંસાર-રૂપી-વન' છે,તેમાં જ્ઞાની પુરુષ ભૂલે ચુકે પણ ખૂંચી (કે ખોવાઇ) જતો નથી.

બ્રહ્માકાર-વૃત્તિમાં આરૂઢ થયેલો,તે જ્ઞાની-પુરુષ-રૂપી રાજા,અંદર અને બહાર પરમાત્મા નાં જ દર્શન કરે છે.
તેથી તે "ઉપનિષદો-રૂપી-નદી"ઓના "સંગમ-રૂપી-તીર્થો" માં સર્વદા નાહ્યા કરે છે.
કામ-ભોગ-વગેરે ઇન્દ્રિયોના સુખો નો ઉપભોગ લેવા પર તે દૃષ્ટિ નાખતો જ નથી,અને,
"ધ્યાન" નામના અલૌકિક અંતઃપુરમાં વિનોદ (આનંદ) થી નિત્ય રહ્યા કરે છે.

ઇન્દ્ર ને જેમ પોતાની નગરી (સ્વર્ગ) સુખદાયી છે,તેમ ભોગ અને મોક્ષ -એ બંને ને આપનારી,
આ-શરીર-રૂપી નગરી,આત્મજ્ઞાની-પુરુષ-રૂપી-રાજા ને સર્વદા સુખદાયી છે.અને -
જેમ ઘડામાં રહેલા આકાશને,જો ઘડાનો નાશ થાય તો-કશી હાનિ થતી નથી,
તેમ,જીવનમુક્ત પુરુષને દેહ-રૂપી-નગરી નો નાશ થતાં કશી હાનિ થતી નથી.
આ શરીર-રૂપી નગરીમાં રહેલો જ્ઞાની-પુરુષ-રૂપ-રાજા,પોતે સર્વવ્યાપક હોવા છતાંપણ -

પ્રારબ્ધે આપેલા ભોગો ભોગવીને અંતે સર્વોત્તમ-પુરુષાર્થને (મોક્ષને) પ્રાપ્ત થાય છે.

જ્ઞાની પુરુષ,વ્યવહાર ની દ્રષ્ટિએ સઘળાં કર્યો કરતો હોવા છતાં,પણ પરમ-અર્થ (પરમાર્થ) ની દ્રષ્ટિએ
કશું કાર્ય કરતો નથી.એ પુરુષ કોઈ સમયે,જોઈતાં,બધાં કર્યો કરે છે અને કોઇ સમયે,કોઈ પણ જાતનો
પ્રતિબંધ નહિ રાખતાં,ભોગ ભોગવવાના કૌતુકવાળા પોતાના (નિર્મળ પણ ચપળ એવા) મનને,
વિનોદ (આનંદ) કરાવવા માટે,ભારે મોજ-શોખમાં પણ પડે છે.પણ,તેમ છતાં તે બ્રહ્માનંદમાં જ મસ્ત રહે છે.

લાંબા કાળ સુધી,મુમુક્ષુઓ ની આશાઓને પૂરનારો,અને બ્રહ્મ-ભાવની સંપત્તિ થી મનોહર થયેલો,
એ જીવનમુક્ત પૂર્ણિમાના ચંદ્ર ની જેમ શોભે છે.
જેમ સદાશિવ (શંકર) ના ગળામાં જે ઝેર છે તે સદાશિવ ને કલંકિત નથી કરતું પણ તેમણે શોભા આપે છે,
તેમ,જ્ઞાની,ભોગોનું સેવન કરે-તો પણ તે ભોગો જ્ઞાની ને કલંકિત કરતા નથી,પણ ઉલટાના તેને શોભા આપે છે.
ભોગ પણ જો "ભોગનું સ્વરૂપ" સમજીને ભોગવવામાં આવે તો-સંતોષ જ આપે છે.

જેમ,વટેમાર્ગુ લોકો,માર્ગ માં પોતાની મેળે જ આવતાં,ગામોને આસક્તિ રાખ્યા વગર જ જુએ છે,
તેમ,જ્ઞાની પુરુષો પોતાની મેળે જ પ્રાપ્ત થયેલી વ્યવહાર સંબંધી ક્રિયાઓને આસક્તિ રાખ્યા વિના જોયા કરે છે.
જ્ઞાની પુરુષ,પ્રારબ્ધ થી પ્રાપ્ત થયેલા વિષય નો કદી પણ ત્યાગ કરતો નથી તો-પ્રાપ્ત નહિ થયેલા વિષયને
કદી પણ યત્નપૂર્વક મેળવતો પણ નથી.તે તો સદાય ને માટે,"સંપૂર્ણ-પણા" થી જ રહે છે.
જેમની (જે વિષયો ની) ચિંતા કરવામાં આવતી નથી પણ ઉપેક્ષા જ કરવામાં આવે છે,
એવા ચપળ વિષયો,જ્ઞાની ને કંપાયમાન કરી શકતા નથી.

જેના સઘળા સંદેહો અને સઘળાં કૌતુકો-નાશ પામી ગાયા છે,અને જેના સ્થૂળ-સૂક્ષ્મ દેહ,વાસનાથી રહિત થવાને
લીધે ક્ષીણ થઇ ગયા હોય છે તેવા જ્ઞાની પુરુષો ચક્રવર્તી રાજાની જેમ શોભે છે.
સંપૂર્ણ,અપાર અને અનંત જ્ઞાની પોતે પોતામાં માતો નથી અને,પોતે પોતામાં જ વિલાસ કરે છે.
જેમ,ડાહ્યો મનુષ્ય ઘેલા (ગાંડા) ઓને જોઈને હસે છે તેમ,શાંત ચિત્ત-વાળો ધીર પુરુષ,ભોગ ની લાલચ થી
કંગાળ-પણું કરતા,દીન મનુષ્યોને તથા દીન ઇન્દ્રિયોને જોઇને હસે છે.
જેમ,એકે તજી દીધેલી સ્ત્રી નું ગ્રહણ કરવા ઇચ્છનારની બીજા માણસો હાંસી કરે છે,
તેમ,પોતે તજી દીધેલા ભોગનું ગ્રહણ કરવા ઇચ્છનારી  ઇન્દ્રિયોની--જ્ઞાની પુરુષ હાંસી કરે છે.

હે,રામ,જેમ મોટા હાથીને અંકુશ થી વશ કરવામાં આવે છે,
તેમ, આત્મા ના સુખ નો ત્યાગ કરતા અને વિષયોમાં દોડતા-મન ને "વિચાર" થી વશ કરવું જોઇએ.
તૃષ્ણા (ઇચ્છા) મન ની વૃત્તિ ને ભોગોમાં ગતિ આપે છે,તેને પ્રથમ થી જ હણી નાખવી જોઇએ,

જેમ,જેને બહુ પીડવામાં આવ્યો ન હોય,તેને બહુ માન આપીએ તો "તે માન ઘણું છે" એવું સમજે નહિ,
તેમ,મન નો નિગ્રહ કર્યા વિના જો મન ને રાજી રાખવાનો પ્રયત્ન કરીઓ તો તે તૃપ્ત થાય નહિ,એટલે જ,
જેમ,ગ્રીષ્મ-ઋતુથી બહુ તપેલા ચોખાના છોડને થોડુંક પાણી મળે તો તે તેને અમૃત જેવું લાગે છે,
તેમ,મન ને માર માર્યા પછી તેને જો થોડુંક રાજી કરવામાં આવે તો-તેટલાથી પણ તે સંતોષ માને છે.
જેમ,જે નદીઓ જળ થી પરિપૂર્ણ હોય તેમાં વરસાદ થી થોડુંક પુર ચડે તો કંઈ જણાતું નથી,
તેમ,જો,મન ને બહુ ભોગોથી રાજી રાખ્યું હોય-તો પછી તેને આપવામાં આવેલું થોડુંક સુખ તેને બહુ
સંતોષ-કારક થતું નથી.એટલા માટે પ્રથમ સારી પેઠે મનનો નિગ્રહ કરીને -બાદમાં,તેને થોડુંક સુખ આપવું.
એટલે તે થોડામાં "સંતોષ" માની ને સ્થિર થઇને રહે.

જેમ,સમુદ્ર,એ આખા જગતને બોળી (ડૂબાવી) દે એટલા પાણી થી ભરપુર છે તેમ છતાં,નદીઓ ના પાણી ને
પોતાની અંદર લીધા કરે છે તેમ,મન ઘણા વૈભવથી પરિપૂર્ણ છે,તેમ છતાં,બીજાં સુખ ની લાલચ રાખે તેવું છે.

પોતે પૂર્ણ છતાં પણ બીજા સુખ ની લાલચ રાખે તે પામર -મન નો સ્વભાવ જ છે.
આથી,મન ને પ્રથમ નિગ્રહ થી બહુ કલેશ આપવો,પછી તેને થોડું ભોગ-સંબંધી સુખ આપવું,
કે જેથી,તે મન,પ્રથમ દુઃખી હોવાને લીધે,તેટલાથોડા ભોગ-સુખ ને પણ ઘણું માને છે .
એટલા માટે જ-હાથથી હાથ દબાવવા જેવું કરીને,દાંત થી દાંત પીસવા જેવું કરીને અને
અંગોથી અંગો દબાવવા જેવું કરીને,પણ ઇન્દ્રિયો-રૂપી શત્રુઓને જીતવા.

જે વિચક્ષણ પુરુષો,બીજાઓને જીતવાનો ઉત્સાહ ધરાવે છે,
તેમણે પ્રથમ પોતાના -હૃદયમાં શત્રુઓ-રૂપ રહેલી,ઇન્દ્રિયોને સારી પેઠે જીતવી જોઇએ.
આખા વિશાળ પૃથ્વી-તળમાં-તે જ પુરુષો -ભાગ્યશાળી,બુધ્ધિશાળી કે ડાહ્યા ગણાય છે -
કે-જેમને-પોતાના ચિત્તે જીતી લીધા નથી.
હૃદય-રૂપી રાફડામાં ગૂંચળું વળી સર્વ ગર્વ ધારણ કરીને બેઠેલો,જેનો "મન-રૂપી-સર્પ" નિગ્રહ થી અત્યંત
નિર્બળ થઈને શાંત થયો હોય છે,તેવા ભાગ્યશાળી અને અત્યંત નિર્મળ તત્વ-વેત્તા ને હું પ્રણામ કરું છું.

## <u>(૨૪) ઇન્દ્રિયોની પ્રબળતા અને તેમને જીતવાના ઉપાયો</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,ઇન્દ્રિયો-રૂપી શત્રુઓ જિતાવા મુશ્કેલ છે.મોટાં મોટાં નરકોમાં તેમનું સામ્રાજ્ય છે.
તેઓ "આશાઓ-રૂપી બાણો" થી વીંધી નાખનારા છે,અને દુષ્કર્મો-રૂપી મદોન્મત હાથીઓ જેવા છે.
તે,"ઇન્દ્રિયો-રૂપી શત્રુ" ઓ કૃતઘ્ન થઈને પ્રથમ પોતાના "આશ્રય-રૂપ દેહ" નો જ નાશ કરે છે અને
નીચ કર્મોના મોટા ભંડાર-રૂપ છે.તેથી તેઓ જિતાવા બહુ કઠિન છે.

"શરીર-રૂપી-માળા"માં રહેનારા,"વિષયો-રૂપી-માંસ" ની લાલચવાળા-અને-"કાર્ય-અકાર્ય-રૂપી-ઉગ્ર-પાંખોવાળા"
એવા તે "ઇન્દ્રિયો-રૂપી-ગીધપક્ષીઓ" બહુ ઉત્પાત કર્યા કરે છે.
એ "ઇન્દ્રિયો-રૂપી-નીચ-ગીધપક્ષીઓ" ને જે પુરુષ "વિવેક-રૂપી-જાળ" થી પકડી લે છે-તેનાં "શાંતિ-વગેરે-અંગો"
ને તે ગીધો ફાડી શકતાં નથી.(એટલે કે ઇન્દ્રિયોને વિવેક થી વશ કરવાથી શાંતિ મળે છે)

ઇન્દ્રિયો એ નાંખેલા "લાલચો-રૂપ-પાશો" (દોરડાં ની જાળ) વિવેકી ને બાંધી શકતા નથી.
ઉપર-ટપકે જોતાં વિષયો સારા લાગે છે,પણ તે વિષયો તેના પરિણામ માં અત્યંત ખરાબ છે.
જે પુરુષ તે વિષયોમાં રમે છે,તે પુરુષ તે ઇન્દ્રિયોના પાશ થી બંધાઇ જાય છે.પણ,
જે પુરુષ,આ "દુષ્ટ-દેહ-રૂપી-નગરી" માં "વિવેક-રૂપી-ધન" નો સંચય રાખે છે,તે પુરુષ કદી પરતંત્ર થતો નથી,
તેથી તે, અંદર રહેનારા ઇન્દ્રિયો-રૂપી શત્રુઓથી પરાભવ પામતો નથી.અને સુખ-શાંતિ થી રહે છે.

જેના ચિત્તનો "ગર્વ" ક્ષીણ થયો હોય છે,અને જેણે ઇન્દ્રિયો-રૂપી શત્રુઓને પકડીને વશ કર્યા છે,
તે પુરુષના "શુધ્ધ-વિચારો" વધતા જાય છે અને તેની "ભોગ-વાસના" ક્ષીણ થઇ જાય છે.
જ્યાં સુધી,બ્રહ્મ-તત્વના દૃઢ અભ્યાસથી,મન જીતાયું ના હોય,ત્યાં સુધી "વાસનાઓ-રૂપી-પિશાચણી" ઓ,
અજ્ઞાનરૂપી-અંધકારથી ભરેલ "હૃદય-રૂપી-રાત્રિ" માં નાચ્યા કરે છે.

જ્ઞાનીને (વિવેકીને) પોતાના શરીર-રૂપી નગરી નું રાજ્ય ચલાવવામાં-
--શુધ્ધ થયેલું મન જ "મંત્રી" વગેરે નું કામ (સારાં કાર્યો ગોઠવી આપવાં-વગેરે) કરે છે.
--તે "મન" જ ઇન્દ્રિયો-રૂપી શત્રુઓને દબાવવામાં "સેનાપતિ" નું કામ કરે છે.
--તે "મન" ને રાજી કરવાથી,"સ્નેહ-વાળી-સ્ત્રી" નું કામ કરે છે.
--તે મન ધારેલું કામ કરી આપે છે-એટલે તે "નોકર" નું કામ કરે છે.
--તે મન શરીર નું પાલન કરીને "પિતા" નું કાર્ય કરે છે.
--તે મન વિશ્વાસ ને પાત્ર હોવાથી "મિત્ર" નું કામ કરે છે.

જેમ,પૂજ્ય-બુધ્ધિ થી જોયેલો અને પ્રેમ-બુધ્ધિ થી હિતેચ્છુ એવો "પિતા" પોતે મરણ પામીને,પુત્રને ધન આપે છે,
તેમ,બ્રહ્મ-બુધ્ધિ થી જોયેલો,વિવેક-બુધ્ધિ થી હિતકારી બનેલો "મન-રૂપી-પિતા" પોતે નષ્ટ થઇને,
જ્ઞાની ને મુક્તિ-રૂપ-પરમ-સિધ્ધિ આપે છે.
હે,રામ,મન-રૂપી-મણિ વાસના-રૂપી-કાદવ થી ખરડાયેલો છે.તેને વિવેક-રૂપી-જળ થી ધોઇને,
આત્મ-દર્શન માં તેના અજવાળાની સહાયતા લો.

તે મન-રૂપી-મંત્રી,શુભ કાર્યોમાં પ્રવૃત્ત થયેલા જ્ઞાની-રૂપી રાજાને એવાં કાર્યો કરવાની ની સહાયતા આપે છે-
કે જે કાર્યો થી,જન્મ-મરણ-રૂપી વૃક્ષો કપાઈ જાય છે.અને તેના પરિણામે "બ્રહ્માનંદ" નો આવિર્ભાવ થાય છે.
ઘણાઘણા ઉત્પાતો થી,ભરેલી "સંસાર-સંબંધી-ભયંકર-ભૂમિકાઓ" માં "વિવેક રહિત" થઈને રહેતો,અને
પામર વાસનાઓને વશ થયેલો પામર મનુષ્ય જેમ તે "ભૂમિકાઓ"માં પડે છે -તેમ તમે પડશો નહિ.

ઉદય પામેલી આ "સંસાર-રૂપ-માયા" સેંકડો અનર્થો થી ભરપૂર છે,અને "મોહ-રૂપ-ઝાકળ" વરસાવનારી છે.
"એ (માયા) મને શું કરનારી છે?" એમ વિચારીને (અહમથી) તેની ઉપેક્ષા કરશો નહિ.
પણ જે રીતે પણ તે "માયા" નું વિસર્જન થાય તેમ જ તમે કરો.
પરમ "વિવેક" નો આશ્રય કરીને,બુધ્ધિ થી સત્ય-તત્વ નો નિશ્ચય કરીને અને
ઇન્દ્રિયો-રૂપી-શત્રુઓને સારી પેઠે જીતીને-તમે સંસાર-રૂપી સમુદ્રને તરી જાઓ.

હે,રામ,શરીર મિથ્યા છે,સંસાર-સંબંધી સુખ-દુઃખ પણ મિથ્યા છે,છતાં તેઓમાં દૃઢ-વાસના બંધાઈ જાય તો,
"દામ-વ્યાલ-કટ" એ ત્રણ દૈત્યો (હવે પછી ના પ્રકરણમાં તેની કથા છે) ની પેઠે અનર્થોમાં પડવું પડશે.
એટલા માટે તે દૈત્યો જેવી "પધ્ધતિ" ને પકડશો નહિ.પણ-
"ભીમ-ભાસ-દૃઢ" એ ત્રણ દૈત્યો (આગળ-૩૪ મા પ્રકરણ માં તેની કથા આવશે) ના જેવી સ્થિતિમાં રહેશો.
એટલે પછી તમારે કોઇ પ્રકારે શોક કરવો પડશે નહિ.

હે,મહાબુધ્ધિમાન રામ,"આ દેહાદિક છે તે જ હું છું" એવું જે "મિથ્યા-અભિમાન" છે-તેને "તત્વના નિશ્ચય" થી,
બિલકુલ છોડી દો.અને જે પદ "ચૈતન્ય-એક-રસ" છે -તેનો જ આશ્રય કરો.
આમ "આસક્તિથી થી રહિત" થઈને તમે સંસાર-સંબંધી વ્યવહાર (ખાવા-પીવા-ચાલવા-વગેરે) કરશો-
તો પણ તમે એ વ્યવહારથી બંધાશો નહિ.

## <u>(૨૫) દામ-વ્યાલ-કટ,નામના ત્રણ દૈત્યો ની ઉત્પત્તિ</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, તમે લોકોને વિશ્રામ આપનારા છો,બુધ્ધિમાન છો,કલ્યાણ માટે યત્ન કરો છો અને
યત્નમાં ધ્યાન રાખીને,આ જગતમાં વિહાર કરો છો.દામ-વ્યાલ-કટ જેવા ત્રણ દૈત્યોના જેવી તમારી સ્થિતિ
થાઓ નહિ પણ ભીમ-ભાસ-દૃઢ -જેવા ત્રણ દૈત્યો ના જેવી સ્થિતિ પામીને તમારા સંતાપો દૂર કરો.

રામ કહે છે કે-હે,બ્રહ્મન,તમે કહ્યું તે -"દૈત્યોના જેવી સ્થિતિ પામીને સંતાપ દૂર કરવાનું" એમ કેમ કહ્યું?
કૃપા કરીને એ વિષય ના વર્ણન વાળી વાણી થી મને જાગૃત કરો (મને તે કહાણી કહો)

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,દામ-વ્યાલ-કટ ની જે સ્થિતિ હતી અને ભીમ-ભાસ-દૃઢ ની જે સ્થિતિ હતી,તે હું
કહું છું તે તમે સાંભળો,અને તે સાંભળીને તેમાંની જે સારી સ્થિતિ તમને લાગે તે તમે રાખો.
સઘળાં "આશ્ચર્યો"થી મન નું આકર્ષણ કરનારા પાતાળમાં "શંબર" નામનો એક દૈત્ય રાજ રહેતો હતો.
તે અનેક "માયા-રૂપી-મણિ" ઓના મહા-સાગર-રૂપ હતો.
તે શંબરાસુરે આકાશમાં કેટલાંક નગરો (!!) રચ્યાં હતાં.અને તેના બગીચાઓમાં દૈત્યોનાં ઘરો બનાવ્યાં હતાં.
તેને ઉત્તમ પ્રકાશ વાળા સૂર્ય અને ચંદ્ર રચ્યાં હતા!! અને તેમનાથી પોતાના રાજ્યને શણગાર્યું હતું.

તે અત્યંત શક્તિશાળી હતો અને પોતાની પાસેની  અનંત દૈત્યોની સેનાથી તેણે,ઇન્દ્રને જીતી લીધો હતો અને વિષ્ણુ ને પણ જીતી લીધા હતા.તે સઘળા પ્રકારની સંપત્તિઓ થી ભરપૂર હતો,અને સર્વ પ્રકારના ઐશ્વર્યો ને લીધે લોકો તેને પ્રણામ કરતાં હતા,પોતાની ભુજા (હાથ) રૂપી વન ની છાયામાં દૈત્યોનાં મંડળો વિશ્રાંતિ લેતાં હતા.
એ શંબરાસુર પોતે તો મહાન શક્તિશાળી હતો જ અને સાથે સાથે તેની પાસે દેવતાઓ ને નાશ કરનારું,દૈત્યોનું જે  મોટું સૈન્ય હતું કે જેનાથી તે દેવો ને ઉખેડી નાખતો હતો.કે જેનાથી દેવતાઓમાં હાહાકાર મચી ગયો હતો.

એટલે "માયા" ના "બળ" (શક્તિ) વાળો તે શંબરાસુર જયારે સૂતો હોય ત્યારે,તેનો લાગ લઈને દેવો
તેના સૈન્ય નો નાશ કરતા હતા.આ પ્રમાણે થતું જોઇને શંબરાસુરે,મુંડી-ક્રોધ-દ્રુમ-વગેરે ને સેનાપતિ તરીકે
નીમ્યા,પણ આકાશમાં ફરતા દેવોએ તેમને પણ લાગ જોઇ ને મારી નાખ્યા.
એટલે શંબરાસુરે બીજા પ્રબળ સેનાપતિઓ ઉત્પન્ન કર્યા.પણ દેવોએ તેમને પણ મારી નાખ્યા.

એટલે ક્રોધ થી વ્યાપ્ત થયેલો શંબરાસુર દેવોના નાશ માટે,સ્વર્ગ-લોકમાં ગયો, ત્યારે  તેના ડરથી દેવો
વનની ઝાડીઓમાં છુપાઇ ગયા.શંબરાસુર ને સ્વર્ગમાં કોઇ નહિ મળવાથી -સ્વર્ગને લુંટીને અને ત્યાં આગ
લગાવી તે પોતાના નગરમાં પાછો આવ્યો.દેવતાઓ સ્વર્ગ ને છોડી દઈને દિશાઓમાં સંતાઇ ગયા,અને
ફરીથી શંબરાસુરે જે જે  સેનાપતિઓ નીમતો તેમને ફરીથી દેવો લાગ જોઈને મારી નાખતા.
શંબરાસુર ફરીથી અતિ ક્રોધે ભરાયો,અને આખા ત્રૈલોક્યમાં દેવોની શોધ ચલાવી પણ દેવો તેના હાથમાં આવ્યા નહિ.એટલે શંબરાસુરે ફરીથી પોતાની માયાથી ત્રણ અતિ ભયંકર દામ-વ્યાલ-કટ -નામના દૈત્યો ને ઉત્પન્ન કર્યા.

આ ત્રણ દૈત્યો "ઇન્દ્રજાળ જેવા પુરુષો" હોવાથી -પોતે સ્વતંત્ર જીવ નહોતા અને માત્ર જે કામ તેમને કહેવામાં
આવે -તેટલું જ કામ કરનારા હતા.તેઓ કેવળ ચેતનાવાળા જ હતા,પણ વાસનાના પ્રાબલ્ય-વાળા નહોતા.
એમનાં ધર્મ-કે અધર્મ એવાં કર્મો નહોતાં.એટલે કે તેઓ "જુના જીવ" પણ નહોતા.
અને આમ હોવાથી તેઓ,ભય-શંકા-પલાયન-વગેરે વિકલ્પો થી રહિત હતા.અને તેમનાં શરીરોમાં
ચૈતન્ય ની સમીપતા ને લીધે,તેમની કેવળ "ચલન-રૂપ-ક્રિયા" હતી.

પણ,જે  વૃત્તિ ના સંબંધથી જ આ દામ-વ્યાલ-કટ  પ્રગટ થયા હતા,તે વૃત્તિ,
અનંત વાસનાઓવાળા "જુના જીવ" શંબરાસુરના "નિમિત્ત" ને લીધે થયેલી,
તથા,"ચાતુરી-રૂપ-મન ના સંકલ્પ" ને કારણે થયેલી હતી
કે જે,વૃત્તિ,કામ-કર્મ-વાસના થી રહિત અને "માયા ની કલ્પના-રૂપ" તથા ભોગ-શૂન્ય હતી.
આમ છતાં- તેઓ શંબરાસુર નામના "જુના જીવ"ના નાના નાના અંશો-રૂપ હતા.અને તેથી,
અત્યંત "અલ્પ-વાસનાવાળા" એ ત્રણે દૈત્યો "અંધ-પરંપરાથી કાક-તાલીય-ન્યાયે"
કેવળ યુદ્ધમાં "શત્રુઓની સામે થવું" એ ક્રિયાને જ અનુસરતા હતા.

જેમ અર્ધા સૂતેલાં બાળકો પોતાના અંગોથી ચેષ્ટા કરે પણ -વાસનાના જાગ્રતપણા અને દેહાભિમાન થી રહિત હોય છે,તે પ્રમાણે જ તે ત્રણ દૈત્યો હતા.એ ત્રણ દૈત્યો,શત્રુ પર તૂટી પડવાનું,શત્રુઓ ની ગફલત નો લાભ લઇ તેમના પર છાપો મારવા,નું,ભાગી જવાનું-વગેરે પ્રવૃતિઓ થી અજાણ અને જય-પરાજય-ડર  ને જાણતા નહોતા.
તેઓ તો માત્ર શત્રુઓ ની સેના સામે  આવે ત્યારે તેમની સામે થવાનું જ જાણતા હતા.
અને તેઓ એટલા બધા શક્તિમાન હતા કે પોતાના પ્રહારોથી પર્વતો ને પણ તોડી નાખતા હતા.

આવા ત્રણ દૈત્યોને ઉત્પન્ન કરી શંબરાસુરે વિચાર કર્યો કે-આ મારા ત્રણ દૈત્યો ના ભુજ-દંડો થી રક્ષાયેલી
મારી સેના દેવતાઓ ના ભારે પ્રહારો  પડવા છતાં પણ અત્યંત સ્થિર રહેશે.

## <u>(૨૬) દેવતાઓની સાથે દામ-વ્યાલ-કટ ના સંગ્રામનું વર્ણન</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,શંબરાસુરે એ પ્રમાણે નિશ્ચય કર્યો અને તેણે દામ-વ્યાલ-કટ ને સેનાપતિ બનાવીને
દેવો નો નાશ કરવા માટે દૈત્યો ની મોટી સેના તેમના સાથે મોકલી.
ત્રણે સેનાપતિ દૈત્યો ની સહાય થી દૈત્યોની સેનાએ,સ્વર્ગના તથા પૃથ્વીના મધ્ય ભાગને ભરી દીધો.
પ્રલય-કાળના જેવા તે સમયમાં અત્યંત કોપ પામેલા દેવતાઓના સમુહો પણ યુદ્ધ કરવા માટે,
મેરુ-પર્વતની નિકુંજોમાંથી બહાર નીકળ્યા.અને
દેવો તથા દૈત્યો ની સેનાઓ વચ્ચે,જાણે અકાળે મહાપ્રલય થતો હોય તેવું ભયંકર યુદ્ધ ચાલવા લાગ્યું.

## <u>(૨૭) હારી ગયેલા દેવતાઓને બ્રહ્માએ જીતવાનો ઉપાય બતાવ્યો.</u>

વશિષ્ઠ કહે છે કે-એ રીતે યુદ્ધ નો ભયંકર "સંભ્રમ" ચાલતો હતો.તેમાં દેવતાઓ અને અસુરો ના શરીરો પર
ઘા ના ઊંડા ઊંડા ખાડા પડતા હતા અને તે ખાડાઓમાંથી લોહીના પ્રવાહો નીકળતા હતા.
દામ -નામના સેનાપતિએ,દેવતાઓને ઘેરી લઇને મેઘની ગર્જના જેવો સિંહનાદ કરવા માંડ્યો,એટલે,
વ્યાલ-નામના સેનાપતિ સઘળા દેવતાઓ ના વિમાનોને પોતાના હાથથી ખેંચીને ચૂરો કરવા માંડ્યો.તો,
કટ-નામનો સેનાપતિ,દેવતાઓ નો નાશ કરવા માટે તત્પર થયેલો હતો.

થાકેલા અને ઘવાઇને હારેલા,દેવો ત્યાંથી નાઠા,અને જંગલોમાં ભરાઇ ને સંતાઇ ગયા.
દૈત્યોએ તેમનો પીછો કર્યો,પણ દેવતાઓ હાથમાં આવ્યા નહિ,
એટલે તે દામ-વ્યાલ-કટ નામના સેનાપતિઓ,પોતાના સૈન્ય સાથે,શંબરાસુર પાસે પરત આવ્યા.
ત્યાર પછી હારી ગયેલા અને થાકી ગયેલા દેવતાઓએ થોડી વાર સુધી વિશ્રાંતિ લીધી, અને પછી તેઓ,
યુદ્ધમાં દૈત્યો સામે જીતવાનો ઉપાય પૂછવા અપાર શક્તિવાળા બ્રહ્મા પાસે ગયા.પ્રણામ કરીને તેમણે
યુદ્ધ અને શંબરાસુર તથા તેમના ત્રણ સેનાપતિ ની વાત કહી સંભળાવી.ત્યારે બ્રહ્માએ બધી વાત સાંભળીને
વિચાર કર્યો અને પછી,દેવતાઓને નીચે પ્રમાણે ધીરજ આપનારું વચન કહ્યું.

<u>બ્રહ્મા કહે છે કે</u>-યુદ્ધમાં સર્વોપરીપણું ધરાવનારા "વિષ્ણુ" ના હાથથી,એક લાખ વર્ષ પછી,
શંબરાસુરને મરવાનું છે,માટે ત્યાં સુધી તે સમય ની રાહ જોયા કરો.
હમણાં તો એ દામ-વ્યાલ-કટ નામના દૈત્યો સાથે "માયાનું યુદ્ધ" કર્યા કરો અને યુદ્ધ કરી કરીને નાસી જવાનું જ
રાખો.જેમ,અરીસાના ઉદરમાં બાહ્ય પદાર્થો પ્રતિબિંબિત થાય છે,તેમ યુદ્ધ ના અભ્યાસ ને લીધે,
તેઓના અંતઃકરણમાં "અહંકાર" નો ચમત્કાર પ્રતિબિંબિત થશે.
પછી,હે દેવો,જેમ જાળમાં આવેલ પક્ષીઓ સહજ વશ થયા છે,
તેમ "વાસનાની જાળ" માં પડેલા એ-ત્રણ દૈત્યો,(દામ-વ્યાલ-કટ) સહજ જીતાય એવા થઇ જશે.

હમણાં તો તેઓ અલ્પ વાસના વાળા છે,સુખ-દુઃખથી રહિત છે,અને
ધીરજ રાખીને શત્રુઓને (દેવોને) મારે છે,માટે તે જીતવા અશક્ય થઇ પડે છે.
જગતમાં જેઓ "વાસના-રૂપી-તંતુઓ" થી બાંધીને આશાઓ-રૂપી પાશમાં પડે છે,
તેઓ દોરીથી (જાળથી) બંધાયેલા પક્ષીઓની જેમ વશ થઇ જાય છે.
સર્વ સ્થળોમાં આસક્તિ વગરની બુદ્ધિ વાળા -જે ધીર પુરુષો,વાસનાઓ છૂટી જવાને લીધે થતી શુભની
પ્રાપ્તિથી રાજી થતા નથી કે-અશુભ ની પ્રાપ્તિથી કચવાતા નથી,તે મહાત્માઓ કોઈથી જીતાતા નથી.

જે મનુષ્યના મનમાં વાસના-રૂપી દોરીની ગાંઠ બંધાઇ હોય છે તે મનુષ્ય ગમે તેટલો મોટો હોય,અને
ભલે ઘણું જાણનારો (જ્ઞાની) હોય પણ તે બાળકથી પણ જીતાઈ જાય છે.
"આ હું છું અને આ મારું છે"એવી રીતની કલ્પનાઓ કરનાર મનુષ્ય મુશ્કેલીઓ ને પામે છે.

જે પુરુષ આત્માને દેહાધિક-રૂપ માને છે,તે પુરુષ સર્વજ્ઞ હોય તો પણ,સર્વ સ્થળોમાં કંગાળ-પણું પામે છે.
અને આવો પુરુષ એ પોતાના થીજ પોતાના આત્માને પરવશ કરે છે.

જો ત્રૈલોક્યમાં પણ આત્માથી કંઈ જુદું હોય,તો તેમાં (લેવા-દેવા વગરની) વાસના બંધાય તો,એ ઠીક કહેવાય,
પણ આત્માથી જુદું કંઇ જ નથી,માટે સઘળી વાસનાઓ વ્યર્થ જ છે.
મિથ્યા વસ્તુમાં આસ્થા રાખવી,એ જ અનંત દુઃખ ની ખાણ છે,અને મિથ્યા વસ્તુમાં આસ્થા ના રાખવી,
એ જ અનંત સુખો ની ખાણ છે.માટે,જ્યાં સુધી,દામ-વ્યાલ-કટ એ સંસારની સ્થિતિમાં આસ્થા વગરના છે,
ત્યાં સુધી,જેમ,અગ્નિઓ એ મચ્છર થી જીતાતા નથી,તેમ તેઓ તમારાથી જીતાશે નહિ.

વાસના અવશ્ય દીનતા પમાડનારી છે,એ વાસના જો મનમાં હોય તો-પ્રાણી હારી જાય છે,પણ,
જો એ વાસના ના હોય તો,મચ્છર પણ મેરુ પર્વત જેવો દૃઢ રહે છે.
જે પદાર્થ ની પ્રથમ (શરૂઆતની) વાસના થોડી હોય છે,તે પદાર્થ ની વાસના પાછળથી પુષ્ટ થતી આવે છે.
જે પદાર્થ વિદ્યમાન (નજરે દેખાતો કે હાજર) હોય તેના અવયવો વધે છે,પણ અવિદ્યમાન પદાર્થ ના અવયવો
વધતા નથી,એ નિયમ પ્રમાણે -વાસના જો થોડીક પણ હોય,તો તેમાં પાછળથી વધારો થયા વગર રહેતો નથી.

<u>બ્રહ્મા કહે છે કે-</u>
આથી હે,ઇન્દ્ર,તમે એવું કરો કે જેથી એ દામ-વગેરે દૈત્યો-"અમે દેહાધિક છીએ અને જય-પરાજય-જીવન વગેરે
અમારાં છે" એવી ભાવના કરે અને તેમની આ ભાવના દૃઢ થાય.
લોકો વાસના-રૂપી તંતુઓ થી બંધાઇને ગોથાં ખાધા કરે છે.તેથી જો વાસના વધે તો તે મહા-દુઃખદાયી થાય છે.
જેમ,મોટો અને પ્રબળ સિંહ પણ સાંકળથી બંધાય છે,તેમ ધીર અને મહા-પંડિત પણ તૃષ્ણાથી બંધાય છે.
અને કાળ (મૃત્યુ) આવા વાસનાથી રાંક થયેલા લોકો ને પોતાની તરફ ખેંચે છે.

હે,ઇન્દ્ર,દામ-વ્યાલ-કટ ને જીતવા સારા આયુધો મેળવવાની -કે-યુદ્ધમાં ભ્રમણ કરવાની કશી જરૂર નથી,
પણ, યુક્તિ તથા યત્ન કરીને તેમનું "અભિમાન" વધે તેમ કરો.જ્યાં સુધી વાસના વધવાથી શત્રુઓનું "ધૈર્ય"
ઓછું થવા ના લાગ્યું હોય,ત્યાં સુધી તે શત્રુઓ પર,અસ્ત્ર-શસ્ત્રો કે નીતિશાસ્ત્રો-એમનું કંઇ પણ જીત મેળવી શકતું
નથી.એ દૈત્યો,યુધ્દ ના અભ્યાસને લીધે,મત્ત થઈને અંધકારમય વાસનાઓનું ગ્રહણ કરશે જ.
અને,શંબરાસુરે બનાવેલા એ મહા-શક્તિશાળી દૈત્યો, જયારે વાસનામાં બંધાશે,ત્યારે સહેલાઈથી જીતાઈ જશે.

માટે,હે,દેવતાઓ,તેઓ જ્યાં સુધી-અભ્યાસને લીધે દૃઢ વાસનાઓવાળા ના થઇ જાય,
ત્યાં સુધી,તમેયુક્તિ-પૂર્વક યુધ્દ કરીને તેમને તમારી સાથે લડાવ્યા કરો.
અને જયારે તેઓ દૃઢ વાસનામાં બંધાશે ત્યારે -તેઓ તમારે વશ થઇ જશે.
જ્યાં સુધી અંતઃકરણો -તૃષ્ણાથી પરોવાયેલાં ના હોય ત્યાં સુધી,કોઈ પણ લોકો નરમ થતા નથી.

## <u>(૨૮) ત્રણ દૈત્યોની સાથે દેવતાઓએ ફરીથી યુધ્દ શરુ કર્યું</u>

વશિષ્ઠ કહે છે કે-હે,રામ,બ્રહ્માએ દેવો ને એટલાં વચન કહીને ત્યાંથી અંતર્ધાન થયા.અને દેવો બ્રહ્માના વચનને
ગ્રહણ કરીને પોતપોતાની દિશામાં ગયા.અને પોતાના ઘરોમાં કેટલાક દિવસ સુધી વિશ્રામ લીધો.
પછી કોઈ શુભ કાળ (સમય) પ્રાપ્ત થતાં દેવોએ યુધ્દનાં દુંદુભિઓનો ડંકો કર્યો.

આ સમયમાં (આ વખતે) અંતરિક્ષમાં રહેલા દેવતાઓ નું પૃથ્વી પર ઉભેલા દૈત્યોની સાથે,
લાંબા સમયનું યુધ્દ ફરીવાર ચાલ્યું.

## (૨૯) ત્રણે દૈત્યો ને દેહાભિમાન થવાથી તેઓની થયેલી હાર

દામ-વ્યાલ-કટ એ ત્રણ દૈત્યો સાથેના દૈત્ય-સૈન્ય અને દેવો ની વચ્ચેના એ મહા સંગ્રામ માં,
દેવતાઓએ કેટલાક દિવસો માયા કરીને કાઢ્યા,કેટલાક દિવસો વિવાદો કરીને કાઢ્યા,કેટલાક દિવસો
સમાધાન ની ગોઠવણ થી કાઢ્યા,કેટલાક દિવસો નાસી જઈને કાઢ્યા,કેટલાક દિવસો ગુપ્ત રહીને કાઢ્યા,
કેટલાક દિવસો ધીરજ થી કાઢ્યા,કેટલાક દિવસો કંગાળની પેઠે શરણાગત થવાથી પ્રાર્થના કરીને કાઢ્યા,
કેટલાક દિવસો અસ્ત્રો થી યુદ્ધ કરીને કાઢ્યા,તો ઘણા દિવસો અંતર્ધાન થઈને કાઢ્યા.

એવી રીતે,પહેલો સંગ્રામ ત્રીસ વર્ષ સુધી ટકાવી રાખ્યો.તે પછીનો બીજો સંગ્રામ તેમણે પાંચ વર્ષ,આઠ મહિના
અને દશ દિવસ સુધી ટકાવી રાખ્યો.એટલા સમયથી (જીતવાના) અહંકારનો અભ્યાસ દૃઢ થવાથી,
દામ-આદિ સેનાપતિઓનાં,ચિત્તોને વાસનાએ ઘેરી લીધાં.અને તેમણે શરીરમાં "હું-પણા"નો વિશ્વાસ પકડ્યો.
જેમ,દર્પણમાં દૂરના પદાર્થો પણ સમીપતાથી એક સરખી રીતે (નજીક) પ્રતિબિંબિત થાય છે,
તેમ,તેમ એ દૈત્યો યુદ્ધના અત્યંત અભ્યાસ થી (અને જીત થી) અહંકારવાળા થઇ ગયા.અને જેનાથી તે-
દામ-વગેરે દૈત્યો ને "દેહમાં આત્મ-ભાવ" (હું દેહ છું-એવી) ની વાસના થઇ.અને એ દૈત્યો-
"અમે જીવીએ તો વધુ સારું-અમને ધન મળે તો વધુ સારું" એવો આશાથી કંગાળ-પણું પામ્યા.

આ રીતે,પ્રથમ,તે દૈત્યોને "સારાં-નરસાં કર્મો માં પ્રવૃત્તિ" ની વાસનાએ પકડ્યા,અને પછી,
"અમારો દેહ સર્વદા રોગરહિત અને ભોગમાં સમર્થ થાય તો વધુ સારું" એવી શરીરની વાસનાએ પકડ્યા,
અને આમ થતાં,આશા-રૂપી-પાશ થી બંધાઈ ને તેઓ કંગાળ બન્યા.
જો કે દામ-વ્યાલ-કટ એ ત્રણ દૈત્યો તો પ્રથમ અહંકાર વગરના હતા,તો પણ કોઇ રજ્જુમાં સર્પ કલ્પી લે,
તેમ તેમણે પાછળ થી ધન-વગેરેમાં મમત્વ કલ્પી લીધું.અને "અમારાં શરીર કેવી રીતે સ્થિર થાય?"
એવી રીતની તૃષ્ણા થી કંગાળ થયેલા એ લોકો પણ દીન-પણું પામ્યા.

આવી રીતે વાસના બંધાવાથી તેમની ધીરજ જતી રહી,અને બળ ઘટી ગયું.
એટલે તેમનામાં પ્રહાર કરવાની જે એકાગ્રતા હતી,તે ભૂંસાઈ ગયા જેવી થઇ ગઈ.
"આ જગતમાં અમે અમર શી રીતે થઈએ?"
એવી ચિંતાથી દૈત્યો પરવશ થઇ ગયા,અને પાણી વિનાના કમળની પેઠે રાંક થઇ ગયા.
દેહમાં અહંકાર પામેલા તેઓને,સ્ત્રી,અન્ન-વગરેમાં સારાપણા નો અભિનિવેશ થયો (સારા લાગવા લાગ્યા)
એટલે તેમને મહાભયંકર અને જન્મ-મરણ ના પ્રવાહમાં નાખનારી રુચિ ઉત્પન્ન થઇ.અને આમ થવાથી,
તેઓ રણમાં મૃત્યુની બીક-વાળા થયા. "રખેને (કદાચ) અમે મરી જઇએ" એવી ચિંતાથી તેમનાં ચિત્ત
પરવશ થયા,તેથી તેમનું બળ ઘટી ગયું-કે જેને પરિણામે દેવોએ તેમને દબાવી દીધા.(જીતી લીધા)

મરણ ની ફાળમાં પડેલા એ ત્રણ દૈત્ય સેનાપતિઓ (દામ-વ્યાલ-કટ) રણભૂમિ માંથી નાસી ગયા.
તેમના સૈન્યના મોટામોટા દૈત્યો હણાયા અને વધેલું થોડું સૈન્ય ચારે દિશાઓમાં નાસીને છુપાઈ ગયું.

## (૩૦) યમરાજાએ કરેલી શિક્ષાથી ત્રણે દૈત્યો ના થયેલા અનેક અવતારો

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,એ પ્રમાણે દાનવો હણાયા ને નાસી ગયા એટલે દેવો રાજી થયા.
આમ શંબરાસુરનું સૈન્ય નાશ પામ્યું એટલે તે કોપથી ભડભડી ઉઠ્યો અને
દામ-વ્યાલ-કટ ને પૂછવા લાગ્યો કે-મારું સૈન્ય ક્યાં?
શંબરાસુરના ભયથી તે ત્રણે દૈત્યો ત્યાંથી ભાગ્યા અને સાતમા પાતાળમાં જઇને રહ્યા.કે જ્યાં,
કાળ ની પેઠે ને બીજાઓને ત્રાસ આપી શકનારા "યમદૂતો" કૌતુક થી રહે છે.
કોઈથી પણ ભય પામે નહિ,તેવા તે યમદૂતોએ

ત્યાં (પાતાળમાં) આવેલા દામ-વ્યાલ-કટ એ ત્રણે ને "દેહધારી ચિંતા" ઓ જેવી ત્રણ કન્યાઓ આપી.

સાતમા પાતાળમાં દામ-વગેરે ત્રણ દૈત્યોએ અપાર દુષ્ટ વાસનાઓનું ગ્રહણ કર્યું હતું
અને યમદૂતોની સાથે રહીને દસ હજાર વર્ષનું પોતાનું આયુષ્ય વિતાવ્યું,
"આ કન્યા મારી પ્રિય છે અને એનાથી જ મારી પ્રભુતા છે"
એવા દુષ્ટ અને દૃઢ પ્રેમમાં બંધાઈને તેમના આયુષ્યનો મોટા ભાગનો સમય વ્યતીત થયો.

એવામાં એક વાર,મોટાં નરકો સંબંધી કામકાજોનો યમદૂતો ની સાથે વિચાર કરવા માટે
પ્રારબ્ધ યોગે "યમરાજા" ત્યાં (સાતમા પાતાળમાં) આવી પહોંચ્યા.
ત્યારે યમરાજા, ત્યાં છત્ર-ચામર વગેરે ચિહ્નો સાથે આવ્યા નહોતા એટલે
તે ત્રણ દૈત્યો તેમને જાણી શક્યા નહિ અને તેમને એક સામાન્ય ચાકર સમજીને તેમને વંદન પણ કર્યા નહિ.
આથી કોપે ભરાયેલા યમરાજાએ માત્ર ભ્રમર નો ઈશારો કરીને તે દૈત્યોને અંગારાઓથી ધગધગતી નરકની
ભૂમિઓમાં નખાવ્યા.ત્યારે  તે ત્રણે દૈત્યો દુઃખ થી બરાડા પાડવા લાગ્યા.અને બળી ગયા.

લાંબા કાળ સુધી યમદૂતો ના સંસર્ગ થી પ્રાપ્ત થયેલી,ક્રૂર વાસનાને લીધે,તેઓ ભીલ થયા.
તે જન્મ ને અંતે તેઓ જુદા જુદા અવતારો જેવાકે-કાગડા,ગીધ,પોપટ,સુવર,ઘેટાં,કીડા વગેરે યોનિઓનો
અનુભવ લઈને હજી કાશ્મીર પ્રદેશના એક ખાબોચિયામાં માછલાં થઈને રહ્યા છે.
જેમ,સમુદ્રમાં તરંગો ઉત્પન્ન થઈને પાછા નષ્ટ થાય છે,તેમ વિચિત્ર અવતારોના અનુભવ કરીકરીને વારંવાર મરણ
પામેલા,એ લોકો,માછલાં ના અવતારમાં દાવાનળ થી ઉકળેલું,કાદવ જેવું થોડુંથોડું પાણી પીને,
કાદવ જેવા શિથિલ થઇ ગયા છે ,અને મરતા પણ નથી  કે જીવી પણ શકતા નથી.

હે,રામ,સંસાર-રૂપી-સમુદ્રમાં પડેલા,વાસના-રૂપી-તંતુઓથી પ્રેરાયેલા,અને શરીર-રૂપી તરંગોએ,
લાંબા કાળ સુધી અનેક પ્રદેશોમાં પહોંચાડેલા,એ ત્રણ જીવો (દૈત્યો) અવિનાશી ફળ આપનારા ઉપશમ (મુક્તિ) ને
પ્રાપ્ત થયા નથી,માટે વાસનાઓની પ્રબળતા કેવી દારુણ છે તેનો તમે વિચાર કરો.

## (૩૧) અર્થની હાનિ અને અનર્થ-પ્રાપ્તિ અહંકારથી જ પ્રાપ્ત થાય છે

હે,મહાબુદ્ધિમાન રામ,એટલા માટે તમને સાવચેત કરવા માટે,હું તમને હસતાં હસતાં કહું છું કે-
દામ-વ્યાલ-કટ ને જે થયું તે પ્રમાણે તમારું ના થવું જોઈએ.
વિવેક નું અનુસંધાન નહિ કરવાને લીધે,ચિત્ત આવી "અભિમાન-રૂપ-આપત્તિ" ને ગ્રહણ કરે છે.અને સહજમાં જ
અનંત જન્મોનાં દુઃખો પ્રાપ્ત થાય છે.દેવતાઓ ને પીડનાર શંબરાસુરના સૈન્ય ના સેનાપતિઓ ક્યાં અને ક્યાં
આ ગરમીથી તપેલા કાદવ ના જળનાં માછલાંઓ? દેહાધિક અહંકાર ને લીધે જ તે આ સ્થિતિ પામ્યા છે.
માટે,હે,રામ સતત પ્રયત્ન કરીને અંદરથી અહંકાર ને જ ટાળી નાખો.અને "જે કંઈ દેહાધિક છે તે-હું નથી"
એવી ભાવના કરીને સુખી થાઓ.

એ દામ-વ્યાલ-કટ નામના ત્રણ "માયિક દૈત્યો" (માયાથી બનેલા દૈત્યો) ,મુદ્દલ તો હતા જ નહિ,છતાં અસ્તિત્વ
પામ્યા.અને અહંકાર-રૂપી-પિશાચ ના વળગાડ ને લીધે માછલાં થઈને શેવાળના ટુકડાઓ માટે ઝૂરી રહ્યા છે.

રામ પૂછે છે કે-જે પદાર્થ મુદ્દલ હોય જ નહિ-તેનું હોવું સંભવતું નથી,અને જે હોય તેનું ના હોવું સંભવતું નથી,
આવો નિયમ છે,તો હવે તે ત્રણ દૈત્યો મુદ્દલ હતા જ નહિ-
તો તેઓ જન્મ-મરણ ના પ્રવાહમાં સ્થિતિને પાત્ર કેમ થયા? તે મને સમજાવો.

વસિષ્ઠ કહે છે કે-હે મહાબાહુ,તમે કહો છો તેમ જ છે.
જે પદાર્થ કોઇ પણ વખતે,કંઈ પણ હોય જ નહિ તે પદાર્થ સંસારના પ્રવાહમાં સ્થિતિને પામતો જ નથી,
પણ પ્રથમ -જે-સૂક્ષ્મ હોય તે આવિર્ભાવ થી મોટો થાય છે.
હવે તમે જ કહો કે કયો પદાર્થ સત્ય છે અને કયો અસત્ય છે?
તમારી વાત સાંભળીને પછી યોગ્ય દૃષ્ટાંત થી હું તમને આગળ સમજાવીશ.

રામ કહે છે કે-હે,બ્રહ્મન,આ જે આપણે છીએ તે સાચા જ છીએ તેથી સંસારના પ્રવાહમાં રહ્યા છીએ.પણ
દામ -વગેરે ત્રણે દૈત્યો તો તમે કહો છો તેમ ખોટા જ છે- છતાં સંસારના પ્રવાહમાં સ્થિતિ પામ્યા છે. એમ કેમ?

વસિષ્ઠ કહે છે કે-જેમ,દામ-વગેરે દૈત્યો "માયામય હોવાને લીધે" ખોટા જ હતા,છતાં,ઝાંઝવાનાં પાણીના પુર ની
જેમ સાચા જેવા લાગ્યા હતા,તેમ સુર,અસુર અને દાનવો સહિત આપણે પણ ખોટા જ છીએ અને ખોટા છતાં
પણ ચેષ્ટા કરીએ છીએ.જઈએ છીએ અને આવીએ છીએ.
"રામ-પણું" પણ ખોટું છે અને "વસિષ્ઠ-પણું" પણ ખોટું છે.
તેમ જ આપણા શરીરો આપણા અનુભવમાં આવવા છતાં પણ ખોટાં જ છે.(અજ્ઞાન થી તે સાચાં લાગે છે)

જેમ,મરી ગયેલો કોઇ સંબંધી,સ્વપ્નમાં જીવતો હોવા છતાં,પણ વાસ્તવિક રીતે તો મૂએલો જ હોય છે,
તેમ,આ જગત અજ્ઞાન-કાળમાં સાચું દેખાવા છતાં જ્ઞાન થાય છે ત્યારે ખોટું જ છે.
અત્યંત મૂઢ (મૂર્ખ) મનુષ્યને "આ જગત ખોટું છે" એમ કહીએ તો-તે મનુષ્ય આ વાત ખોટી જ માને,
કારણકે,"તત્વ-વિચાર નો અભ્યાસ" કર્યા વિના,આ વાત તેના ગળે (મનમાં) ઉતરે તેવી નથી જ.
આ જગતમાં કોઇ પણ,માણસ ને મનમાં જે-દૃઢ નિશ્ચય (જગત સાચું છે-તેવો) થઇ ગયો હોય,
તે નિશ્ચય "તત્વ-વિચાર" ના અભ્યાસ વગર,કદી પણ નાશ પામી શકે જ નહિ.

"આ જગત ખોટું છે અને બ્રહ્મ જ સત્ય છે" એમ જે મનુષ્ય વાત કરે છે,તે મનુષ્યને -
બીજા મૂઢ (મૂર્ખ) મનુષ્યો,ઘેલા (ગાંડા) જેવો ગણીને હસી કાઢે છે,બાકી (સત્યમાં) ઘેલા તો તે મૂઢ મનુષ્યો જ છે.
આ પ્રમાણે,જો કે અજ્ઞાનીની વાતને જ્ઞાની માને નહિ અને જ્ઞાની ની વાત અજ્ઞાની માને નહિ, પરસ્પર સરખું છે.
તો પણ,જ્ઞાની અને અજ્ઞાની એ સરખા સંભવે જ નહિ,
જેમ,અંધકાર અને પ્રકાશ સરખો ગણાય નહિ,છાયા અને તડકો સરખાં ગણાય નહિ,
તેમ,જ્ઞાની અને અજ્ઞાની સરખા ગણાય જ નહિ.

મૂર્ખ મનુષ્યને મોટા પ્રયત્નથી સમજાવવા લાગીએ,તો પણ,તે પ્રત્યક્ષ અનુભવમાં આવતા,જગત ને મિથ્યા
માની શકે જ નહિ,અને તેથી તે મૂર્ખ મનુષ્યની આગળ,"આ સઘળું જગત બ્રહ્મ જ છે" એમ કહેવું પણ
બંધ-બેસતું (બરોબર) નથી,કારણકે,,તપનો અને વિદ્યા નો સંસ્કાર નહિ હોવાને લીધે,તે અજ્ઞાનીએ,
બ્રહ્મ નો નહિ પણ જગત નો જ અનુભવ કર્યો હોય છે.

હે,રામ,જે પુરુષ અત્યંત અજ્ઞાની ના હોય કે અત્યંત જ્ઞાની પણ ના હોય,તેની પાસે જ જગતના અસત્ય-પણાની
અને બ્રહ્મ ના અભિન્નપણા ની વાત કરવી શોભે છે.
અત્યંત જ્ઞાની પુરુષ -તો-પોતાના સ્વ-રૂપ સિવાય બીજું કંઈ જોતો નથી,તેથી તેની પાસે,જગતનો નિષેધ
સંભવતો જ નથી.કારણકે,જેની દ્રષ્ટિમાં "જગત" હોય તેની પાસે જગત નો નિષેધ કરવો સંભવે,પણ,
જ્ઞાની તો "આ સઘળું જે છે તે શાંત પર-બ્રહ્મ જ છે" એવો સર્વદા અનુભવ કર્યા કરે છે.
"મારામાં મારા સ્વ-રૂપ સિવાય બીજું કશું છે જ નહિ અને જેમ સોનામાં,દાગીના-વગેરે નો જે આકાર થાય છે,
તેમ મારામાં બીજો કોઇ આકાર થયો જ નથી" એ રીતે અત્યંત જ્ઞાની પુરુષ સારી પેઠે સમજે છે.

એવી જ રીતે,અત્યંત અજ્ઞાની પુરુષ,પોતાનામાં "પંચભૌતિક-પણા" (શરીર) વિના બીજું કશું જાણતો જ નથી,

તેથી જેમ,વીંટી-વગેરે દાગીના ને જોનાર બાળક ની દ્રષ્ટિમાં સોનું હોતું નથી,
તેમ,અજ્ઞાનીની દ્રષ્ટિમાં "બ્રહ્મ" હોતું જ નથી.માટે તેની પાસે જગત નો "નિષેધ" કરીને બ્રહ્મનું સ્થાપન કરવાની વાત કરવી સંભવતી નથી.એવો મૂઢ મનુષ્ય ખોટા "અહંકાર-મય" જ હોય છે,અને,(તેવી જ રીતે)
જ્ઞાની (તત્વ-વેત્તા) મનુષ્ય તો સાચા "આત્મા-મય" જ હોય છે,માટે તેમની પાસે જગતનો નિષેધ કરીને બ્રહ્મ'નું સ્થાપન કરવાની વાત ઘટતી નથી.
અત્યંત અજ્ઞાની મનુષ્ય પોતાની પેઠે સર્વને (જગતના સર્વ મનુષ્યોને) દેહમય જ સમજે છે,માટે,
તેની પાસે "હું બ્રહ્મ છું" એમ કહેવા બેસીએ તો-તે આપણા વાક્ય ને મૂર્ખાઈ ભરેલું જ ગણે.

વાસ્તવિક રીતે વિચાર કરતાં જગત ખોટું ઠરે છે,એટલા માટે આપણે કદી સાચા નથી,
અને દામ-વગેરે દૈત્યો પણ સાચા નહોતા.
વિદ્વાનો ના અનુભવની રીતે વિચારતાં પણ તેઓ (દૈત્યો) અને આપણે અસત્ય છીએ.
વળી,યુક્તિથી વિચાર કરતાં પણ તેમનું અને આપણું "હોવા-પણું" સંભવતું નથી.

<u>શુધ્ધ,નિરંજન અને જ્ઞાન-સ્વ-રૂપ જે બ્રહ્મ છે,તે જ "સત્ય" છે.અને તે સત્ય બ્રહ્મ સર્વ-વ્યાપક (આકાશની જેમ) છે.
તે શાંત છે,તેનો ઉદય-અસ્ત નથી.અને સઘળું "જગત"એ પણ શાંત "બ્રહ્મ" જ છે.
અને તેમ હોવાને લીધે,તે જગત "શૂન્ય" નથી,પણ "પૂર્ણ-પણા" થી રહેલું છે.
હે,રામ,એ "પૂર્ણ-બ્રહ્મ"માં આ સઘળી "સૃષ્ટિ" ઓ કેવળ તેના "વિવર્ત-રૂપ" (અન્ય-રૂપે પ્રતીત થવા-રૂપ) છે.
જે પૂર્ણ-સ્વ-રૂપ ચૈતન્ય છે તે જ આ સૃષ્ટિઓ રૂપે પ્રતીત થાય છે.</u>

ચૈતન્ય (બ્રહ્મ) નો સ્વ-ભાવ જ એવો છે કે-તે પોતાના સ્વ-રૂપ ને જેવા પ્રકારનું "ધારે" છે,
તેવા પ્રકારનું જ થોડી વારમાં જુએ છે,અને અનુભવે છે.
આમ છે એટલા માટે,જગત કે જે અવિધમાન છે,તે પણ ચૈતન્ય ની દૃષ્ટિ થી,ક્ષણમાં વિધમાન જેવું થઇ જાય છે.
જગતમાં કોઈ પદાર્થ સત્ય નથી તો સાથે સાથે કોઈ પદાર્થ અસત્ય પણ નથી,
પરંતુ એ વાત નિઃસંશય છે કે-
ચૈતન્ય પોતાના રૂપ ને જેવું ધારે છે,તેવા પ્રકારથી જ તે રૂપે ઉદય પામે છે.

આમ,જે રીતે દામ-વગેરે ત્રણ દૈત્યો ઉદય પામ્યા હતા,તે રીતે જ આપણે પણ ઉદય પામ્યા છીએ.માટે,
જો તેઓ સાચા -તો આપણે પણ સાચા અને જો-તેઓ ખોટા તો આપણે પણ ખોટા.
હે,રામ,તેઓમાં અને આપણામાં શી વિશેષતા છે? (શું જુદા-પણું છે?)
આ મહા-ચૈતન્ય,અંત વગરનું છે,સર્વ-વ્યાપક છે,અને નિરાકાર છે,પણ
તેની અંદરનો જે ભાગ,જેવા આકારનું મનન કરે છે,તે ભાગ તેવા આકારથી ઉદય પામે છે.

જ્યાં જે "ભાગ"નું ચૈતન્ય -દામ-વગેરે દૈત્યો નું મનન કરવા લાગ્યું,
ત્યાં તે "ભાગ"નું ચૈતન્ય તેવા આકારના અનુભવને લીધે,દામ-વગેરે દૈત્યો થી સંપન્ન થયું (બન્યું) અને,
જ્યાં,એ ચૈતન્ય,તમારા તથા મારા -વગેરે આકારોનું મનન કરવા લાગ્યું,
ત્યાં તેવા આકારોના અનુભવને લીધે,તેવા (તમારા-મારા-વગેરે) આકારોથી સંપન્ન થયું છે.(બન્યું છે)
નિરાકાર ચિદાકાશ (બ્રહ્મ-કે ચૈતન્ય) નાં સ્વપ્ન નો જે પ્રતિભાસ છે તેનું જ "જગત" એવું નામ પડેલું છે.

જેમ,સૂર્યના તાપ ના "અમુક ભાગ" નું "ઝાંઝવાનાં પાણી" એવું નામ પાડવામાં આવે છે,
તેમ,મહા-ચૈતન્ય ના અમુક ભાગનું "જગત" એવું નામ પાડવામાં આવ્યું છે.
<u>એ મહા ચૈતન્ય,પોતાના જે સ્થળમાં મનન કરે છે,તે સ્થળમાં તે "દૃશ્ય" (જગત) કહેવાય છે,અને,
જે સ્થળમાં તે મનન વગરનું હોય છે,તે સ્થળમાં તે "મોક્ષ" કહેવાય છે.
જો કે,વાસ્તવિક રીતે જોતાં તો,એ મહા ચૈતન્ય,સ્થળ ના વિભાગો વગરનું છે,તેથી તે -</u>

<u>મનન-વાળું કે પછી મનન-વગરનું -એ બંને કદી પણ નથી.</u>
<u>છતાં,"આ દેખવામાં આવતું જે જગત છે તે બ્રહ્મ જ છે"</u>
<u>એમ સમજાવવા માટે તમારી પાસે આ વિભાગ ની કલ્પના કહી છે.</u>

જે બ્રહ્મ છે તે જ જગત છે,અને જે જગત છે તે જ બ્રહ્મ છે.
જેમ બે પર્યાય શબ્દોના અર્થમાં ભેદ હોતો નથી,તેમ બ્રહ્મ અને જગત -એ બંને શબ્દોમાં પણ ભેદ નથી.
તેમ,"અજ્ઞાન-રૂપ-ઉપાધિ" (અવિદ્યા કે માયા) વાળું ચૈતન્ય પોતાના સ્વ-રૂપ ને -તે-જગત છે-તેમ જાણે છે.
માટે દેખવામાં આવતું આ જગત એ કંઇ જ નથી,પણ બ્રહ્મ જ જગત-રૂપે પ્રતીત થાય છે.
ચિદાકાશ (ચૈતન્ય) નો સ્વ-ભાવ જ એવો છે.

"આરોપ ની દૃષ્ટિ" થી જોતાં,વ્યાપક મહા-ચૈતન્યમાં સર્વ ના આરોપ નો સંભવ છે,
તેથી આપણા અનુભવમાં આવે છે તે સર્વ -સર્વત્ર (ચૈતન્ય) છે.
"અપવાદ ની દૃષ્ટિ" થી જોતાં,તે (ચૈતન્ય) માં ક્યાંય કંઈ પણ નથી,અને અનુભવમાં પણ આવતું નથી.
આથી આ જે જગત છે,તે ચૈતન્ય (બ્રહ્મ) ની જેમ -શાંત,ભેદ-રહિત,સત્ય,એક અને પૂર્ણ જ છે.
અને એવો નિશ્ચય રાખીને તમે પણ શોક-ભય-અને ભેદનો ત્યાગ કરીને પૂર્ણ-પણે જ રહો.

મહા-ચૈતન્ય નું પોતાનું રૂપ અત્યંત શાંત અને સ્વચ્છ છે,તે મોટી શિલા ના ગર્ભ ની પેઠે,ઘટ્ટ હોવાથી,
તેની અંદર બીજા કોઈ પદાર્થ નો સમાવેશ હોવાને યોગ્ય નથી,
આથી "તે ચૈતન્યની અંદર ક્યાંય જગત છે કે નહિ? " એવા વિચારો કરવા યોગ્ય નથી.
માત્ર એટલું જ સમજવું યોગ્ય છે કે-"પ્રતિભાસ-માત્રથી જે બ્રહ્મ છે તે જ જગત-રૂપે દેખાય છે"

## <u>(૩૨) દામ-વ્યાલ-કટ નો મોક્ષ</u>

રામ પૂછે છે કે-હે,મુનિ,બાળક ની દૃષ્ટિમાં જેમ પિશાચ હોય છે,તેમ,દામ-વ્યાલ-કટ એ અજ્ઞાનીઓની દ્રષ્ટિમાં જ છે,પણ જ્ઞાનીઓની દ્રષ્ટિમાં તે (ત્રણ દૈત્યો નું અસ્તિત્વ) નથી.(તે ત્રણે દૈત્યો માયિક છે)
તેમ છતાં (અહીં આપેલા ઉદાહરણ મુજબ) તેમના દુઃખ નો (જુદા જુદા અવતાર લેવાનો) અંત ક્યારે આવશે?
(નોંધ-અહીં દામ-વ્યાલ-કટ-એ ત્રણ ગુણો સત્વ-રજસ-તમસ નું ઉદાહરણ (દૃષ્ટાંત) થી બતાવ્યું છે!!)

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,તે પાતાળના યમ-દૂતો તે દામ-વ્યાલ-કટ ના સગા બન્યા હતા
(તેમની કન્યાઓ તેમણે દામ-વ્યાલ-કટ ને આપી હતી એટલે)
એથી તેમણે (યમદૂતોએ) યમરાજ ને પ્રાર્થના કરી,ત્યારે યમરાજે જે કહ્યું હતું તે તમે સાંભળો.
"જયારે આ ત્રણ જીવો (ત્રણ દૈત્યો) પરસ્પર થી જુદા પડશે,અને પોતાની જૂની સ્થિતિ ની વાત સાંભળશે,
ત્યારે પોતાના તત્વ ને જાણીને તેઓ અવશ્ય મુક્ત થશે.
(નોંધ-સત્વ-રજસ-તમસ ગુણો પરસ્પરથી છૂટા પડી જાય છે-તે કહેવાનો ઉદ્દેશ છે)

રામ કહે છે કે-હે,ભગવન,તે ત્રણે જીવો પોતાના વૃતાંત ને ક્યાં,ક્યારે અને કોની પાસેથી સાંભળશે?
તે વાત મને અનુક્રમથી કહો.

વસિષ્ઠ કહે છે કે-કાશ્મીર દેશની અંદર રહેલા ખાબોચિયા જેવા તળાવમાં માછલાં તરીકે રહેતા તે ત્રણે દૈત્યો (દામ-વ્યાલ-કટ) જયારે કાળગતિને લીધે મરણ પામશે,ત્યારે તેઓ પાસે રહેલા કમળ ના મોટા તળાવમાં સારસો ની યોનિ પામશે.એ યોનિમાં લાંબો કાળ વિહાર કર્યા પછી,તેમને અંતઃકરણ ની શુદ્ધિ તથા વિચારશુદ્ધિ પ્રાપ્ત થશે,એ પછી તેઓ જુદા પડશે અને તે પછીના અવતારમાં તેઓ મુક્તિ પામશે.

જેમ,વિવેક-દૃષ્ટિ થી વિચાર કરતાં સત્વ-રજસ-તમસ એ ત્રણ ગુણો છૂટા પડી જાય છે,
તેમ,મુક્તિ પામવા સારું પ્રારબ્ધ-યોગે તે ત્રણ જીવો (દામ-વ્યાલ-કટ) જુદા પડશે.

લક્ષ્મીના ભારે દબદબાવાળા કાશ્મીર દેશમાં વૃક્ષોથી શોભી રહેલું "અધિષ્ઠાન" નામનું એક નગર ઉત્પન્ન થશે,
તે નગરના મધ્યમા "પ્રધુમનશિખર" નામનું એક શિખર થશે,તે શિખર ની ઉપર જાણે બીજું એક શિખર ઉત્પન્ન થયું હોય,એવું અને વાદળાંઓ સુધી પહોંચેલી મોટી શાખાઓ વાળું એક ઉત્તમ ઘર થશે.
તે ઘરના ઈશાન ખૂણામાં એક કોતર હશે જેમાં કરેલ માળામાં "વ્યાલ" નામનો દાનવ "ચકલા" નામનો પક્ષી થશે.
અને તે જેનો અર્થ ના સમજાય તેવું "ચીચી-ચીચી" શબ્દ બોલ્યા કરશે.

તે જ સમયમાં -સ્વર્ગ જેવા તે નગરમાં "શ્રીયશસ્કરદેવ" નામનો રાજા થશે,તે રાજાના ઘરની અંદર,સ્તંભ પાછળના છિદ્રમાં "દામ" નામનો દાનવ ગણગણાટ કરનારો "મચ્છર" થશે.
"અધિષ્ઠાન" નામના એ નગરની અંદર "રત્નાવલીવિહાર" નામનું ક્રીડા કરવાનું ઘર થશે,ને તે વિહાર-ગૃહમાં,
રાજાનો "નૃસિંહ" નામનો અમાત્ય (મંત્રી) હશે કે જેને "બંધ-મોક્ષ" હાથમાં રહેલા આમળાની જેમ(પ્રત્યક્ષ) હશે.
તેની બેઠક ના ઓરડામાં "કટ" નામનો દાનવ "કલકલિયો" નામનો પક્ષી થશે.અને તે રૂપાના પાંજરામાં
મંત્રી ને વિનોદ કરવાનું સાધન થઇ રહેશે.

હે,રામ,તે નૃસિંહ નામનો મંત્રી,દામ-વ્યાલ-કટ એ ત્રણ દૈત્યો ની શ્લોકબધ્ધ રચેલી કથાને લોકની પાસે વાંચશે,
ત્યારે તે કલકલિયો,મચ્છર અને ચકલો એ કથા સંભાળશે,એટલે તેમને જૂની સ્થિતિનું સ્મરણ થશે.
અને આમ તેમણે પોતાના જીવ-રૂપ નો બોધ થશે એટલે તે પરમ-મોક્ષ-પદને પામશે.
આમ દામ-વ્યાલ-કટ નું સંપૂર્ણ આખ્યાન તમને કહી સંભળાવ્યું.

હે,રામ,<u>આ જ રીતે-જે- આ સંસાર છે તે શૂન્ય છતાં "અત્યંત પ્રકાશિત દેખાતી માયા" છે.</u>
તે માયા,ઝાંઝવાના પાણીની જેમ અજ્ઞાનથી લોકોને ભમાવે છે.
વાસનાઓથી મોહ પામેલા મૂર્ખ લોકો,દામ-વ્યાલ-કટ ની પેઠે,અનેક પ્રકારનાં અજ્ઞાન ને લીધે,
ઉત્તમ સ્થિતિમાં થી નીચી સ્થિતિમાં આવી પડે છે.

હે,રામ,જેમ,જે નિરંજન ચૈતન્ય છે-તે જ-પોતાના "સ્વયં-પ્રકાશરૂપ-પણા" નો ત્યાગ કરતું નથી,પણ,
<u>"રાજસ અહંકાર"</u> (રાજસ ગુણ ના અહંકાર) થી રંગાઈ જઈને દેહાધિક ખોટા રૂપને "હું છું" એમ સમજે છે.
તેમ,જીવ પોતાની જ વાસના-રૂપ ભ્રાન્તિને લીધે,
પોતે જાણે ચૈતન્ય-સ્વરૂપ થી ભિન્નપણું પામ્યો હોય તેવો થાય છે.
જેઓ શાસ્ત્ર ની રીતિ પ્રમાણે,"આ જે દૃશ્ય છે-તે સઘળું મિથ્યા જ છે" એવો નિશ્ચય કરીને પોતાની અખંડાકાર બુધ્ધિથી પોતાનામાં જ શાંત રહે છે,તેઓ પરમાત્મા માં રહેલી તે નિરંતર બુધ્ધિ વડે,સંસાર-સમુદ્ર ને તરી જાય છે.

જેમ,જળ નીચાણ-વાળા ભાગમાં જ વહી જાય છે,તેમ,જે પુરુષો જુદા જુદા પ્રકારના અસંખ્ય દુઃખો ના વિકારોને આપનારા શુષ્ક "તર્ક-વાળા મતો"નો આશ્રય કરે છે તેઓ પોતાના લાભ નો જ નાશ કરે છે.
પણ જેઓ,પોતાના અનુભવ થી સિધ્ધ થતા,શ્રુતિને અનુસરનારા માર્ગ થી,પરમ-પદમાં પહોંચવા માટે ચાલે છે -
તે પુરુષોનો નાશ થતો નથી.

જે પુરુષ "મને અમુક વિષય-સુખ મળે તો સારું,મને અમુક પરલોક(સ્વર્ગ) મળે તો સારું" એવી તૃષ્ણાઓ રાખ્યા કરે છે,તેને પોતાના દુર્ભાગ્ય થી થયેલી દીનતા ને લીધે,"નાશ પામેલી પુરુષાર્થ ની રાખ" પણ હાથ આવતી નથી.
(એટલે કે તૃષ્ણા ને લીધે તેણે કરેલા તેના પુરુષાર્થો નકામા થઇ જાય છે)
જયારે ઉદાર મનવાળો પુરુષ સર્વદા નિસ્પૃહ-પણાથી (અનાસક્તિથી) ત્રૈલોક્ય ને પણ તરણા જેવું સમજે છે,
તે પુરુષને -જેમ સર્પો જૂની કાંચળી ને ત્યજી દે છે તેમ સર્વ મુશ્કેલીઓ (વિપત્તિઓને) ત્યજી દે છે.

ગમે તેવી અપાર વિપત્તિ આવી પડી હોય તો પણ કુમાર્ગે -તો ના જ ચાલવું જોઈએ.
ઉત્તમ શાસ્ત્ર,અને સજ્જનો નો સમાગમ,એ બંને આત્માના પ્રકાશ-રૂપ -પ્રબળ પ્રકાશ આપનાર સૂર્ય છે.
જે પુરુષો તેનો આશ્રય કરે છે તે પુરુષો ફરીથી મોહ-રૂપ અંધકાર ને વશ થતા નથી.
જેમને સદગુણો મેળવવામાં અસંતોષ હોય છે અને સદા વેદાંત-શાસ્ત્ર સાંભળવામાં રાગ (રસ) હોય છે,અને,
જેમને સત્ય બોલવાનું તથા બ્રહ્મ નું અનુસંધાન કરવાનું વ્યસન હોય છે,
તેઓ જ મનુષ્ય છે,બીજા બધા તો પશુ-સમાન જ છે.

હે,શ્રોતા-લોકો,તમો અનાદિ કાળથી,જે કંઈ ભોગવવાનું છે તે સઘળું ભોગવી ચુક્યા છો,
અને જે કંઈ જોવાનું છે તે સઘળું,તમે જોઈ ચુક્યા છો,
તો હવે જન્મ-મરણ ના પ્રવાહોમાં ગોથાં ખાવા સારું ભોગનો લોભ શા માટે રાખો છો?
હવે તો તમે પોતપોતાના અધિકાર પ્રમાણે,શાસ્ત્ર ની પદ્ધતિ પ્રમાણે,જ્ઞાનની સ્થિતિના ક્રમ પ્રમાણે વર્તો,
અને મનમાંથી,ખોટી ભોગજાળની વાસનાને છોડી દો.

પરમ પુરુષાર્થ ઉપર ધ્યાન આપી,ધીરજ રાખી,યત્નપૂર્વક શાસ્ત્ર પ્રમાણે આચરણ કરનારા કયા પુરુષને
સિદ્ધિ પ્રાપ્ત ન થાય? તેમ છતાં,શાસ્ત્ર પ્રમાણે ચાલનાર પુરુષે ફળની સિદ્ધિ ની ઉતાવળ કરવી જોઈએ નહિ,
કારણકે જે ફળ,લાંબા ગાળે પાકે છે,તે ફળ બહુ પુષ્ટ અને મધુર થાય છે.

આમ,પુરુષે,શોક,ભય.પરિશ્રમ,ગર્વ અને ઉતાવળ ને છોડીને,શાસ્ત્ર પ્રમાણે વ્યવહાર કરવો જોઈએ,
ઇન્દ્રિયો-રૂપી ફાંસીથી મરવા જેવો જે જીવ થયો છે,તે હવે સંસાર-રૂપી ઊંડા ખાડામાં પડી દુઃખી ન થાય તેમ
કરો.હવે પછી ફરીવાર અને વારંવાર અધમ યોનિમાં જવું પડે -એવું કરો નહિ.
આ સંસાર,દાવાનળથી તપી ગયેલા,દુર્ગંધી કાદવ જેવો છે,તેમાં તમે વારંવાર દુઃખી થતા વૃદ્ધ દેડકાની જેમ
દુઃખી થવાને બદલે તેવા તુચ્છ જીવન ની આશા ને છોડી દો.અને હૃદયમાંથી ભોગ-વાસનાને દૂર કરો.

હે,આર્યલોકો,ધનની રકમ એકઠી કરવાથી શું વળવાનું છે? ધન ની તૃષ્ણા છોડીને તમે શાસ્ત્ર નો વિચાર કરો.
સર્વે પદાર્થમાં "આ બ્રહ્મ છે"એવી ભાવના કરીને બ્રહ્મ નો જ વિચાર કરો.
ધન-વગેરે ની "તૃષ્ણા-રૂપ-ગાઢ-નિંદ્રા",કંગાળપણું આપનારી છે,પરિણામે તે દુર્ભાગ્યપણું કરનારી છે.
તે નિંદ્રા ને ત્યજીને "જાગ્રત  થાઓ."
જેમ સુકાતા જતા ખાબોચિયામાં વૃદ્ધ કાચબો આળસુ થઈને પડ્યો રહે છે તેમ સંસારમાં આળસુ થઈને પડ્યા
રહો નહિ,પણ જરા (ઘડપણ) અને મરણ ની શાંતિ માટેના ઉધમમાં (પ્રયત્નમાં) મચ્યા રહો.

અર્થ (ધન) ની સંપત્તિ થી અનર્થ થાય છે,અને તેના ભોગથી સંસાર-રૂપી રોગ ઉત્પન્ન થાય છે,
વળી, સઘળી સંપત્તિઓ,એક જાતની વિપત્તિઓ જ છે-
માટે સંસારમાં સર્વ પદાર્થો નો અનાદર કરવો એ જ "જય" છે
જે પુરુષ સદાચારથી શુદ્ધ રીતે ચાલે છે,વૃત્તિને નિર્મળ રાખે છે,અને સંસારના સુખરૂપ ફળને આપનારી પણ
પરિણામે દુઃખ આપનારી પદ્ધતિઓની લાલચ રાખતો નથી,
તે પુરુષનાં આયુષ્ય,યશ,ગુણો,અને લક્ષ્મીમાં વધારો થાય છે અને તે પ્રફુલ્લિત રહે છે.

## (૩૩) શુભ ઉદ્યોગ નું વર્ણન અને અહંકારથી બંધન તથા તેના ત્યાગ થી મોક્ષ

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,યોગ્ય સાધનો,અત્યંત આગ્રહ-પૂર્વક સારી રીતે કરવામાં આવે તો,તેઓ સફળ થયા વગર
રહે નહિ,અવો નિયમ હોવાને લીધે,સર્વ દેશમાં અને સર્વ કાળમાં (સમયમાં) સઘળાં ધારેલાં કાર્યો,સફળ થવા
સંભવિત છે,આથી તમે મોક્ષ ની પ્રાપ્તિ માટે,શુભ ઉદ્યોગ (કાર્યો) ને કદી પણ છોડો નહિ.
ઘણા ઘણા મહાત્માઓએ શુભ ઉદ્યોગમાં મંડ્યા રહેવાથી અશક્ય કાર્યો પણ શક્ય કર્યા છે.

મિત્રો,સ્વજનો ને આનંદ આપનાર "નંદી" એ તળાવમાં --મહાદેવ ના આરાધન-રૂપ-તપ (ઉદ્યોગ) કરીને -
મૃત્યુ ને જીતી લીધું હતું.
(નોંધ-શિલાદ નામના મુનિએ મહાદેવની આરાધના કરીને સર્વજ્ઞ પુત્ર નું વરદાન માંગ્યું હતું,ત્યારે મહાદેવે કહ્યું
કે-સર્વજ્ઞ તો એક હું જ છું,એટલે મારા અંશથી તને પુત્ર થશે પણ તે સોળમાં વર્ષે મૃત્યુ પામશે.
શિલાદ ને "નંદી" નામનો પુત્ર થયો.નંદીને ખબર પડી કે પોતાનું સોળમાં વર્ષે મૃત્યુ થવાનું છે એટલે તેણે
મહાદેવ ની આરાધના કરી.જયારે સોળમાં વર્ષે કાળ (મૃત્યુ) તેં બાંધવા આવ્યું ત્યારે મહાદેવે પ્રગટ થઈને
મૃત્યુને લાત મારીને નંદી ના સઘળા મૃત્યુ પાશો ભેદી નાખ્યા અને નંદી ને અજરાઅમર કરી નંદીને પોતાના સેવક
તરીકે રાખ્યો)

ઉદ્યોગથી સૈન્ય અને ધનથી સંપન્ન થયેલા બલિરાજાએ સઘળા ઉત્કર્ષ-વાળા દેવોને પણ કચરી નાખ્યા હતા.
જેમ બ્રહ્મા સૃષ્ટિ ઉત્પન્ન કરે છે તેમ,મરુત-રાજાના યજ્ઞમાં ઇન્દ્રે વિઘ્ન કરવાથી,મહર્ષિ સંવર્તે,પોતાના તપના
પ્રભાવથી દેવ અને દાનવો સહિત ની નવી સૃષ્ટિ ઉત્પન્ન કરી હતી,ને યજ્ઞ પુરો કર્યો હતો.
વિશ્વામિત્રે વારંવાર બીજાઓથી અધિક તપ કરીને "બ્રહ્મર્ષિ-પણું" મેળવ્યું હતું.જે ક્ષત્રિયો માટે દુર્લભ છે.
ત્રૈલોક્ય માં પ્રખ્યાતિ પામેલ,વિષ્ણુ-બ્રહ્મા આદિને પણ કાળ તણખલાની જેમ ચાવી જાય છે,
છતાં,"શ્વેત" નામના મુનિએ તે કાળને ભક્તિથી અને અત્યંત દૃઢતા થી જીતી લીધો હતો.
સાવિત્રી એ રાજકુમાર સત્યવાનની સ્ત્રી હતી અને યમરાજ જયારે તેના પતિને લઇ જતા હતા ત્યારે તે પતિની
પાછળ ગઈ અને સ્તુતિ-વગેરે થી અને યુક્તિ-ભરેલાં વચનો થી યમરાજને વશ કરીને,તેણે પોતાના પતિને,
યમ ના હાથમાંથી છોડાવી અને જીવતો કર્યો હતો.

શાસ્ત્રમાં કહેલા શુભ ઉદ્યોગ માં એક પણ ઉદ્યોગ એવો નથી કે-જેનું ફળ મળે નહિ.
એટલા માટે તમારે અંતઃકરણમાં વિચાર કરીને,ઉદ્યોગ થી સર્વોત્તમ મુક્તિ-પદ મેળવવું જોઈએ.
સુખ-દુઃખ-જન્મ-મરણ-વગેરે દશાઓ-રૂપ સઘળી ભ્રાન્તિઓ નું મૂળ કાપી નાખે એવું તો એક આત્મ-જ્ઞાન જ છે.
માટે તે માટે,તમે પ્રબળ પ્રયત્ન કરો.વિપત્તિઓમાં નાખવા માગતી,ભોગની લાલચો નો નાશ કરવા માટે,
વિષયો માં "દોષ-દૃષ્ટિ" કરવા નો પ્રયત્ન કરવો જોઈએ.વિષયોના ત્યાગ કરવાથી દુઃખ નો અનુભવ થાય છે,
તેમ છતાં,તેવું સામાન્ય દુઃખ ભોગવ્યા વિના -પરમાનંદ-તત્વ નું સુખ મળે તેમ નથી.

જો કે બ્રહ્મ તો નિત્ય-પ્રાપ્ત જ છે,તેથી તેના માટે શમ-દમ-વગેરે સાધનો કરવાની કોઈ જરૂરત નથી,
તો પણ,બ્રહ્મ નું આવું નિત્ય-પણું જાણવામાં કે અનુભવવામાં આવ્યું ના હોય ત્યાં સુધી,
એ શમ-દમ-વગેરે સાધનો પરમ-અર્થ (પરમાર્થ) રૂપ છે અને બહુ કામના (અગત્યના) છે.
અને તે બ્રહ્મ-જ્ઞાન ના સુખ ને પ્રગટ કરનારાં છે તેમ સમજો.

દેહાભિમાન નો ત્યાગ કરી,સર્વદા શાંતિનો આશ્રય કરી તથા બુદ્ધિ થી પોતાનું આર્ય-પણું (પોતા-પણું) વિચારીને
સજ્જનો નો સત્સંગ કરવો જોઈએ.સત્સંગ વિના,ખાલી તપ-તીર્થ કે શાસ્ત્ર થી સંસાર-સમુદ્રમાંથી પાર ઉતારવાના
કામમાં જય મેળવી શકાય તેમ નથી.
જેને દિવસે દિવસે લોભ,મોહ તથા ક્રોધ ઓછા થતા જતા હોય છે,અને જે શાસ્ત્ર પ્રમાણે પોતાના કર્મો (કાર્યો)
કરતો હોય,તેને સજ્જન જાણવો,અને એવા સજ્જનો ના સત્સંગ થી કોઈ દિવસે બ્રહ્મ-વેત્તા પુરુષનો સંગ પણ
અવશ્ય પ્રાપ્ત થાય છે.અને ત્યારે આ દૃશ્ય (જગત)રૂપ ખટપટ નો અત્યંત અભાવ થઇ જાય છે.
અને દૃશ્ય નો અભાવ થઇ જાય -તો પછી પર-બ્રહ્મ જ અવશેષ (બાકી) રહે છે.કારણકે દૃશ્ય નો અભાવ થતાં,
જીવ પણ (દૃશ્ય ની જેમ જ) બ્રહ્મ માં જ લય પામે છે.

આ દૃશ્ય (દેખવામાં આવતું જગત) ભૂતકાળમાં ઉત્પન્ન જ થયું નથી,ભવિષ્યમાં ઉત્પન્ન થશે પણ નહિ અને
વર્તમાન કાળમાં પણ તે (જગત કે દૃશ્ય) નથી.અને જે છે તે "નિરુપાધિક બ્રહ્મ" જ છે.

આ  વસ્તુ (વાત) હજારો યુક્તિઓથી,મેં તમને ઉત્પત્તિ પ્રકરણમાં સમજાવી છે,આ પ્રકરણમાં પણ  સમજાવતો આવું છું,અને હવે (હજુ) પણ જે સર્વ વિદ્વાનો ના અનુભવમાં આવેલું છે,તે (ફરી) સમજાવીશ.

"બ્રહ્માંડ" ના સર્વ "અનુભવો"નું "અધિષ્ઠાન" એ "પરબ્રહ્મ" નામનું "ચૈતન્ય" (પરમાત્મા) છે.
તે નિર્મળ અને શાંત છે,માટે તેમાં,આકાશ-વગેરે સત્ -અસત્ કે માયા- ઉત્પન્ન થઇ શકે નહિ.
કારણકે જો તેને માયાથી ઉત્પન્ન થયેલું માનીએ,તો માયાથી જે ઉત્પન્ન થાય તે મિથ્યા જ હોય છે,
માટે તે (આકાશ-વગેરે) ની ઉત્પત્તિ,તેમાં (ચૈતન્યમાં) થઇ જ નથી એ સિધ્ધ થાય છે.
(બ્રહ્મમાં આકાશ-વગેરેનું ઉત્પન્ન થવું જ સંભવતું નથી.)

બ્રહ્મ છિદ્ર રહિત છે,કૂટસ્થ અને નિત્ય છે.તેમાં હજારો ટાંકણાઓથી પણ છિદ્ર-રૂપ આકાશ ઉત્પન્ન કરવું અશકય છે.
અચંચળ એવા તે મહા-ચૈતન્ય માં જે "માયા-રૂપ-કલ્પિત-ઉપાધિ" વાળો અંશ છે,
તે આ "જગત-રૂપે" જણાતા ચમત્કાર ને ઉત્પન્ન કરે છે.અને તે જ આ જગત-રૂપે જણાય છે.
મહા-ચૈતન્યમાં આ "માયા-રૂપ-ઉપાધિ" અંશની કલ્પનાથી તે મહા-ચૈતન્યમાં ભેદ થાય છે તેમ સમજવું નહિ.

જેટલા જેટલા બ્રહ્માંડના અનુભવો છે,તે સઘળા,"મહા-ચૈતન્ય-રૂપી-સૂર્ય" ના "કિરણો ના સમૂહ" જેવા છે.
કિરણોના સમૂહ અને કિરણો-વાળા (કિરણો ઉત્પન્ન કરવા-વાળા) ની વચ્ચે શું ભેદ હોઈ શકે?
આ પ્રમાણે છે એટલે-"મહા-ચૈતન્ય-રૂપી-સૂર્ય" "નિર્વિકલ્પ" (વિકલ્પ વગરનો) જ છે એમ કહેવું યોગ્ય જ છે.
વિચાર કરવા થી (એ સમજાશે કે)
એ "મહા-ચૈતન્ય"  (પરમાત્મા) નો જે સાક્ષાત્કાર  થાય છે-તે-જગત-રૂપ-અનુભવ નો "અસ્ત" છે.અને,
સાક્ષાત્કાર નો જે અભાવ છે,તે -જગત-રૂપ-અનુભવ નો ઉદય છે.(ચૈતન્ય ના અભાવ થી જગત દેખાય છે)

જે "અહંકાર" છે તેનું ખરું સ્વરૂપ જાણવામાં આવ્યું ના હોય ત્યાં સુધી,તે "અહંકાર" ચૈતન્ય-માં મેલ-રૂપ છે,પણ,
જો તે અહંકારના ખરા સ્વરૂપ ને જાણવામાં આવે તો તે પરમાત્મા (મોક્ષ કે ચૈતન્ય) રૂપ જ થઇ જાય છે.
"અહંકાર એ શું છે?" એવો વિચાર કરવામાં આવે તો-તે અહંકાર-વગેરે સર્વ ટળી જઇને -
એક માત્ર ચૈતન્ય જ અવશેષ (બાકી) રહે છે.
જેમ, પ્રૌઢ (પુખ્ત) બુધ્દ્ધિવાળા મનુષ્યને "આ પિશાચ નથી" એવો બોધ (એક વાર) આપવાથી,તેમને અપિશાચમાં થયેલી પિશાચ ની ભ્રાંતિ ટળી જાય છે,પણ થોડી સમજણ વાળા બાળકોને "આ પિશાચ નથી" તેવુ ભલે સેંકડો વાર કહેવામાં આવે તો પણ તેમનો સંશય એમનો એમ જ રહે છે,
તેમ,અહંકારથી રહિત થયેલાઓને બ્રહ્મ માં થયેલી ભ્રાંતિ જગતની ભ્રાંતિ (વિચારથી) ટળી જાય છે.પણ,
અહંકાર-વાળાઓને "આ જગત નથી પણ બ્રહ્મ છે" એમ સેંકડોવાર કહેવા છતાં સંશય જ રહે છે.

"હું-પણું" (અહંકાર) ધોવાઈ જાય (ટળી જાય) તો પછી તે અહંકાર (હું-પણા) ને લીધે, કલ્પાયેલાં,
સ્વર્ગ-નર્ક-મોક્ષ-બંધન વગેરે તો ક્યાંથી રહે? (એ બધાની તૃષ્ણા રહેતી જ નથી)
જ્યાં સુધી હૃદયમાં "હું પણું" છે ત્યાં સુધી તૃષ્ણા પ્રફુલ્લિત થયા જ કરે છે.
નિત્ય એવા "ચૈતન્ય" ને દબાવીને "અહંકાર-રૂપી-મેઘ" જ્યાં સુધી રહ્યો હોય ત્યાં સુધી "અજ્ઞાન-રૂપી-અંધકાર" રહ્યા જ કરે છે.અને કદી પણ પ્રકાશ (જ્ઞાન) થતો નથી.

આ "અહંકાર" મુદ્દલે (સત્યમાં) છે જ નહિ,અને જીવે પોતે જ મિથ્યા કલ્પી લીધેલ છે.અને તે જીવ ના દુઃખ માટે જ છે,હર્ષ (સુખ) ને માટે નહિ.આ મિથ્યા કલ્પાયેલા "અહંકાર" થી કાચી બુધ્દ્ધિ-વાળાઓને "મોહ" થાય છે.
(જેવી રીતે દામ-વગેરે દૈત્યો ને થયો હતો-તેવી રીતે)
"આ દેહ એ હું છું" એવા ભારે "મોહ" થી,અધિક બીજું કોઇ "અનર્થભૂત-અજ્ઞાન" સંસારમાં થયું નથી અને થશે નહિ.

"અહંકાર-રૂપી-અંકુર" ને "વિચાર-વાળા-મન-રૂપી-હળ" થી ઉખેડી નાખવામાં આવે તો-
સંસારનો નાશ કરનારું એવું "જ્ઞાન-રૂપી-ધાન્ય" કોઇ પણ રીતે ના છેદાતાં,
હજારો શાખાઓથી વૃદ્ધિ પામીને ફળદાયી થાય છે.જે "અહંકાર" છે તે જ "અનંત-જન્મો-રૂપી-વૃક્ષોનો કાંટો" છે.
"આ મારું-આ મારું" એવા પ્રકાર ની "મમતા"ઓ રૂપ હજારો શાખાઓ ફેલાયેલી છે.
અને "મારા" માં રહેલી વાસના જરાક પ્રત્યાઘાત થી તૂટી જાય તેવી છે,માટે,તેને
"વિચાર-રૂપી-પ્રત્યાઘાત" (ઠોકર) આપવો જોઈએ.પણ,જે અધમ મનુષ્ય ને આ "અહંકાર-રૂપી-પિશાચ"
વળગ્યો છે-તેને મનુષ્યના વળગાડ ને મટાડવા માટે કોઇ શાસ્ત્રો કે મંત્રો સમર્થ નથી.

રામ પૂછે છે કે-હે,બ્રહ્મન,એ અહંકાર કયા ઉપાય થી ના વધે?એ વિષે મને કહો.
વસિષ્ઠ કહે છે કે-
--"આત્મા' નું જે વાસ્તવિક સ્વ-રૂપ -જે મેં કહ્યું છે,તે સ્વરૂપ નું સર્વદા સ્મરણ કરવામાં આવે,
અને આત્મા,એ ચૈતન્ય-મય (અરીસા) જેવો નિર્મળ રહે,તો અહંકાર વધતો નથી.
--"આ સંસાર-રૂપી ઇન્દ્રજાળ મિથ્યા જ છે-માટે તેમાં રાગ-દ્વેષ રાખવાથી મારું શું વળે તેમ છે?"
એ રીત નું જો મનમાં અનુસંધાન કેવામાં આવે તો અહંકાર વધતો નથી.
--"આ અહંકાર પણ નથી અને દ્રશ્યો (જગત) ના વિલાસો પણ નથી" એવા વિચાર ની જેમના મનમાં સ્થિતિ
થઇ હોય,તે પુરુષ નો "વ્યવહાર" શાંત થવાને લીધે, અહંકાર વધતો નથી.
--"આ હું છું અને આ જગત છે" એવા બે વિચારો શત્રુ-મિત્ર ને ઉત્પન્ન કરનારા છે,તેમનો ક્ષય થાય, અને સર્વત્ર
જો સમતા પ્રાપ્ત થાય -તો અહંકાર વધતો નથી
--"દ્રષ્ટા-દૃશ્ય-દર્શન" વગેરે જેવી ત્રિપુટી ઓ "આ લેવું અને આ છોડી દેવું" એવા પ્રકારની ભ્રાંતિઓએ ઉત્પન્ન
કરનારી છે.તેમનો ક્ષય થાય અને સર્વત્ર શુદ્ધ સમતા પ્રાપ્ત થાય તો -અહંકાર વધતો નથી.

રામ પૂછે છે કે-હે,પ્રભુ,જાગ્રત-સ્વપ્ન અને મનોરથમાં જે અહંકાર થાય છે તેનો આકાર કેવો છે?
તેનો ત્યાગ શી રીતે થાય? અને તેને ત્યાગ કરવાથી શું થાય?

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આ જગતમાં અહંકાર ત્રણ પ્રકારના છે.તેમાં બે શ્રેષ્ઠ છે અને એક ત્યાગ કરવા યોગ્ય છે.
(૧) "આ જે સઘળું જગત છે,તે હું છું અને અવિનાશી પરમાત્મા પણ હું છું,જગત મારાથી જુદું નથી"
આ રીતનો જે અહંકાર ઉત્પન્ન થાય છે તે,ઉત્તમ સમજવો.આ અહંકાર મોક્ષ માટે છે,બંધન માટે નથી.
(૨) "હું સર્વ કરતાં અત્યંત સૂક્ષ્મ છું,માટે સર્વથી ન્યારો છું" એવો જે બીજા પ્રકારનો અહંકાર છે-તેને પણ શુભ
સમજવો,આ અહંકાર પણ મોક્ષ માટે છે,બંધન માટે નથી.
(૩) "હાથ-પગ -વગેરે અવયવો વાળો જે આ દેહ છે તે હું છું" એવો ત્રીજા પ્રકારનો જે અહંકાર છે તે લૌકિક છે,
અને તે તુચ્છ જ છે.

આ ત્રીજો અહંકાર એ એક જાતનો મોટો શત્રુ જ છે-એટલા માટે તેનો ત્યાગ કરવો જોઇએ.
અનેક પ્રકારની માનસિક પીડાઓ કરનારો,એ ત્રીજો અહંકાર-રૂપી બળવાન શત્રુ,જે જીવ ને ખરાબ કરી નાખે
છે
તે જીવ ફરીથી પાછો ઠેકાણે આવતો નથી.સ્વાભાવિક રીતે જ -અનાદિકાળથી ચોંટેલા એ ત્રીજા દુષ્ટ અહંકારે,
જેમની બુદ્ધિને ભમાવી નાંખી છે,તે લોકો સંકટો માં જ ડૂબ્યા કરે છે.

પહેલા બેમાંના ગમે તે અહંકાર-વાળો જીવ મહાત્મા કહેવાય છે,અને મુક્તિ પામે છે,પણ ત્રીજા લૌકિક
અહંકાર-વાળો જીવ,તો દૃઢ રીતે સંસારમાં ગોથાં ખાધા કરે છે.
પહેલા બે અહંકાર નો અંગીકાર કરી (સ્વીકારી) "હું દેહ નથી" એવો નિર્ણય કરીને ત્રીજા લૌકિક અહંકાર નો
ત્યાગ કરવો-એમ પૂર્વના વિદ્વાનો નો સિધ્ધાંત કહેલો છે.
દામ-વ્યાલ-કટ એ ત્રણ દૈત્યો,ત્રીજા લૌકિક અહંકારથી એવી દશાને પામ્યા હતા કે

તે દશાની વાત કરતાં  પણ ખેદ ઉત્પન્ન થાય છે.

રામ પૂછે છે કે-હે,બ્રહ્મન.ચિત્તમાંથી એ ત્રીજા પ્રકારનો લૌકિક અહંકારનો ત્યાગ કરીને પુરુષ કેવી રીતે વર્તે તો તે પોતાના હિત ને પ્રાપ્ત થાય છે?

વસિષ્ઠ કહે છે કે-
લૌકિક અહંકાર નો ત્યાગ કરીને શુભ સાધનો માં તત્પર રહેનાર પુરુષને માટે પરમ-પદ નજીક આવતું જાય છે,
જો પુરુષ પહેલા કે બીજા પ્રકારના અહંકારની ભાવના કરીને રહે છે તો તે ઉંચા પદને પ્રાપ્ત થાય છે.
પણ જો બધીજ જાતના (પહેલા-બીજા-ત્રીજા) અહંકારો રહિત થઈને રહે તો તે "પરમ-પદ" ને પામે છે.

હે,રામ,આવા વિચાર રાખી,પરમાનંદ ના બોધ માટે સર્વદા સઘળા પ્રયત્નો કરીને છેલ્લા (ત્રીજા) દુષ્ટ
લૌકિક હંકાર નો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.એ પાપી દુષ્ટ અહંકાર તો શરીરમાં રહેલો એક જાતનો રોગ છે.
તેનો ત્યાગ કરવો એ જ મોટું કલ્યાણ છે.અને એ જ પરમ-પદ ને પામવાનું (પહેલું) સાધન છે.
"વિચારના બળ" થી એ લૌકિક સ્થૂળ અહંકારનો ત્યાગ કરીને મનુષ્ય બેસી રહે કે વ્યવહાર કરે,
તો પણ તેનું અધઃપતન (નીચી સ્થિતિ માં પડવું તે) થતું નથી,

જેમ,સારી પેઠે તૃપ્ત પામેલા પુરુષને ઝેર થી સંયુક્ત થયેલા રસો પ્રિય લાગતા નથી,
તેમ,જેનો અહંકાર ક્ષીણ થઇ ગયો છે તેને -"રોગ જેવા દુઃખદાયી ભોગો" પ્રિય લાગતા નથી.
ભોગો પર પ્રેમ ના રહે,ત્યારે પુરુષને મોક્ષ-રૂપ કલ્યાણ સમીપમાં જ આવે છે,કારણકે,મન ના અંધકાર-રૂપ
અહંકાર ક્ષીણ થાય પછી કલ્યાણ ના માર્ગ ને રોકે તેવું કશું પ્રતિબંધક બાકી રહેતું નથી.

હે,રામ,અહંકાર ના અનુસંધાન નો ત્યાગ કરવાથી,ધીરજ થી અને (શાસ્ત્રના) શ્રવણ-વગેરે ના પ્રયત્ન થી
સંસાર-સમુદ્ર તરાય છે.જે પુરુષ "જે સઘળું છે તે હું જ છું અને એમ હોવાથી સઘળું મારું જ છે" એવા વિચારથી
અને,"હું દેહ નથી અને દેહના સંબંધમાં જે કંઇ છે તે મારું નથી" એવો નિશ્ચય રાખે છે,
તથા,ઉપર કહેલા આત્માના બોધને મનમાં દૃઢ રીતે ઠસાવે છે,તે મહાત્મા પુરુષ અનુક્રમથી,
સાતમી ભૂમિકામાં સ્થિતિ પામે છે,અને અંતે વિદેહ-કૈવલ્ય ને પામે છે.

## **<u>(૩૪) વિષ્ણુએ શંબરાસુરને માર્યો અને વાસના-રહિત ત્રણ દૈત્યોનો મોક્ષ</u>**

વસિષ્ઠ કહે છે કે- શંબરાસુરનું સૈન્ય નષ્ટ થયું અને દામ-વગેરે દૈત્યો શંબરાસુર પાસેથી જતા રહ્યા,ત્યારે.
મેરુ પર્વતના જેવી સંપત્તિ-વાળા શંબરાસુરના નગરમાં જે વૃત્તાંત બન્યું તે હું તમને કહું છું,તે તમે સાંભળો.

જેના સૈન્ય ને દેવતાઓએ જીતી લીધું હતું,તેવા શંબરાસુરે થોડાં વર્ષો પછી ફરીથી દેવતાઓનો વધ કરવાનો
નિશ્ચય કરી ને  વિચાર કર્યો કે-મેં માયાથી દામ-વગેરે જે અસુરો બનાવ્યા હતા,તેમણે તો મૂર્ખતા ને લીધે,
યુધ્ધમાં ખોટા અહંકાર ની જ ભાવના કરી,એટલે તેઓ હારી ગયા.હવે મારે ફરીથી બીજા દાનવોને સર્જવા અને
તેમને વિવેકી અને વેદાંત શાસ્ત્ર ને જાણનારા કરવા.તત્વ ના જ્ઞાન ને લીધે,તેઓ મિથ્યા-ભાવના વગરના
હશે,એટલે તેઓ અહંકારને ધારણ કરશે નહિ.અને તેથી તેઓ દેવતાઓને જીતી લેશે.

આ પ્રમાણે શંબરાસુરે વિચાર કર્યો અને પછી જેમ સમુદ્ર પરપોટા ઉત્પન્ન કરે છે તેમ તેણે માયાથી,
પોતાના ધર્યા પ્રમાણે જ-**<u>ભીમ-ભાસ-અને દૃઢ</u>** નામના ત્રણ દાનવોને પેદા કર્યા.
તે ત્રણ દાનવો,આત્મ-તત્વ ને જાણનારા હોવાને લીધે -સઘળું જાણનારા,રાગ-રહિત,દોષ વગરના અને જે કામ
આવી પડે તે જ કામને કરનારા,આત્મા નું અનુસંધાન કરનારા,ઉત્તમતાવાળા,નિસ્પૃહ.અને પવિત્ર મનવાળા
હોવાને લીધે,તેમણે જમીન પરથી ઉંચે (આકાશમાં) આવીને  આકાશને ઘેરી લીધું.

ચળકતા અસ્ત્રો વાળા તે ત્રણે દૈત્યો,આકાશમાંના વાદળાં ની પેઠે ગર્જના કરવા લાગ્યા,
અને દેવો ની સામે ઘણા વર્ષો સુધી લડ્યા.પણ વિવેક ને લીધે,કદી પણ તેમણે અહંકાર કર્યો નહિ.
તે ત્રણે દૈત્યોના મનમાં કદીક "આ મારું છે" એવી વાસના ઉદય પામતી
તો "આ દેહ છે તે કોણ છે? અને અમે કોણ છીએ?" એવા વિચાર કરતાં તે વાસના તો તરત જ અસ્ત પામતી.
"આ શરીર ખોટું છે અને દેવતાઓ પણ ખોટા છે,પણ એક બ્રહ્મ સત્ય છે"
એવા વિચારના પ્રભાવથી તે ત્રણે દૈત્યોમાં કદી ભય -વગેરે નો ઉદય થયો જ નહિ.

"આ યુધ્ધ વગેરે કંઈ છે જ નહિ,અમારામાં શુધ્ધ ચૈતન્ય વિના બીજું કંઈ છે જ નહિ.અને આ જે અહંકાર છે
તે પણ અમારા સ્વ-રૂપ થી જુદો નથી" એવો નિશ્ચય રાખીને તે દૈત્યો પ્રવૃત્તિ કરતા હતા.
આમ,ભીમ-ભાસ -દૃઢ નામના તે ત્રણ દૈત્યો અહંકારથી રહિત હતા,વૃધ્ધાવસ્થા અને મરણ ના ભય વગરના હતા,
આવી પડેલા કામ ને જ કરનારા હતા,ધીર હતા,વર્તમાન કાળને અનુસરનારા હતા,સર્વદા આસક્તિ વગરની
બુધ્ધિ-વાળા હતા,બીજાઓને મારવા છતાં પણ મારનાર-પણાનું અભિમાન ધરાવતા નહોતા,વાસના-રહિત હતા,
અને કાર્યો (કર્મો-કે ક્રિયાઓ) કરવા છતાં પણ કર્તા-પણાનું અભિમાન કરતા નહોતા.

તેઓ (ત્રણ દૈત્યો) ફળની ઇચ્છાથી નહિ પણ,"સ્વામીનું કાર્ય અવશ્ય કરવું જોઈએ"એવા નિયમને અનુસરીને,
યુધ્ધમાં તત્પર રહેતા હતા.તેઓ રાગ-દ્વેષ થી રહિત હતા અને સર્વદા સમ-દૃષ્ટિ-વાળા હતા.
તેમણે દેવતાઓની મોટી સેનાનો નાશ કરવા માંડ્યો,.અને દેવતાઓની સેનાને અત્યંત ત્રાસ પમાડ્યો.એટલે
દેવતાઓની સેના ત્યાંથી નાઠી,અને "નારાયણ" (વિષ્ણુ) ને શરણે ગઈ.ત્યારે નારાયણે તેમને ધીરજ આપી.

પછી તો,નારાયણ અને શંબરાસુરનું દારુણ યુદ્ધ થયું અને તે યુદ્ધમાં શંબરાસુર નારાયણ ના હાથથી મૃત્યુ પામ્યો
અને વૈકુંઠ ને પ્રાપ્ત થયો.જેમ પવન દીવાઓને હોલવી નાખે છે તેમ,વિષ્ણુ એ જ તે સંગ્રામમાં,
ભીમ-ભાસ-દૃઢ એ ત્રણે દૈત્યોને શાંત કરી દીધા.વાસનાઓથી રહિત જ રહેલા એ ત્રણે દૈત્યો જયારે શાંત થયા,
(મરણ પામ્યા) ત્યારે જેમ,હોલવાઈ ગયેલા દીવાઓની ગતિ કોઈના જાણવામાં આવતી નથી,
તેમ તેમની ગતિ પણ કોઈના જાણવામાં આવી નહિ.
(નોંધ-બ્રહ્મ-વેત્તાઓને મરણ પામ્યા પછી-પણ "સ્વ-રૂપ" માં જ રહેવાનું થાય છે,માટે તેમની ગતિ કોઈના
જાણવામાં આવતી નથી,જયારે કામના વાળા કર્મો કરનાર ને કર્મો-અનુસાર તે તે લોકમાં જવું પડે છે,
માટે તેમની ગતિ બીજાઓના જાણવામાં આવે છે)

હે,રામ,મન જો વાસના-વાળું હોય તો તે બંધાયેલું છે,પણ વાસના વગરનું મન મુક્ત જ છે.એટલા માટે તમે પણ
વિવેકથી વાસના-રહિત-પણું સંપાદન કરો.સાચા "સ્વ-રૂપ કે ચૈતન્ય" નું સારી પેઠે અવલોકન કરવાથી વાસના
ક્ષય પામે છે.અને વાસનાનો નાશ થતાં ચિત્ત દીવાની પેઠે નાશ પામે છે.
"પરિપૂર્ણ અને વાસ્તવિક સત્ય એવો ચૈતન્ય-આત્મા જે દ્રશ્યની ભાવના કરે છે તે દૃશ્ય અને તે ભાવના સાચી
નથી" એમ વિચાર કરીને "ચૈતન્ય-માત્ર' નું દર્શન કરવું,એ જ યોગ્ય (સાચું) અવલોકન છે.
"આ સઘળું જગત છે તે આત્મા જ છે,માટે કોણ,ક્યાં અને કોની ભાવના કરે? જે ભાવના કરે છે તે મુદ્દલે છે જ
નહિ"એમ જે વિચારવું તે જ યોગ્ય અવલોકન છે.

વાસનાઓ,વાસનાઓનો અર્થ,ચિત્ત અને ચિત્ત નો અર્થ-એ સઘળું સત્ય વિચારથી જેમાં લીન થાય છે,
તે "પરમ-પદ" છે.વાસનાઓથી ઘેરાયેલું ચિત્ત સંસારમાં રહેલું છે,અને તે જ ચિત્ત જો વાસના-રહિત થાય છે,
તો તે "જીવન-મુક્ત" કહેવાય છે.ચિત્ત ખોટા ભૂત ની પેઠે ઉદય પામીને જુદા જુદા આકારોને ગ્રહણ કર્યા કરે છે.
માટે તેને તરત જ શાંત કરવું જોઈએ,

હે,રામ,જેમ દામ-વ્યાલ-કટ નું ચિત્ત દેહાત્મ-ભાવમાં પરિણામ પામ્યું હતું,
તેમ તમારું ચિત્ત દેહાત્મ-ભાવમાં પરિણામ ના પામો.પણ,
જેમ,ભીમ-ભાસ-દૃઢ નું ચિત્ત બ્રહ્માત્મભાવમાં પરિણામ પામ્યું હતું,
તેમ,તમારું ચિત્ત અવિચળ બ્રહ્માત્મ-ભાવમાં પરિણામ પામો.

હે,રામ,મારા પિતા.બ્રહ્માએ મને પૂર્વે કહ્યું હતું કે-"તમે દામ-વ્યાલ-કટ ની પદ્ધતિ ને પ્રાપ્ત ના થાઓ"
તમે અત્યંત બુદ્ધિમાન શિષ્ય છે,એટલે મારા પિતાની વાત જ હું તમને કહું છું .અને એ પ્રમાણે,
હે,રામ, તમે પણ સર્વદા,ભીમ-ભાસ-દૃઢની પદ્ધતિને જ ધારણ કરજો.
એ પ્રમાણે વ્યવહાર કરવાથી,વ્યવહારોમાં આસક્તિ થતી નથી,અને તેથી તત્વ-બોધ-રૂપ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે,ત્યારે,અપાર સુખ-દુઃખોની સાંકળો-વાળી અને અનેક જન્મો માં તાપ આપવાને સારું જ પ્રાપ્ત થયેલી એવી આ "સંસારની પદવી" નો પોતાના મૂળ અજ્ઞાન સહિત સમૂળો નાશ થઇ જાય છે.

## (૩૫) વાસના-ત્યાગનું નિરૂપણ

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, જે સાધુ પુરુષોએ "અવિદ્યાથી થનારા પ્રબળ વિલાસો થી વિષયોમાં પ્રવૃત્ત થનારા" પોતાના "મન" ને જીત્યું છે,તેમણે "મહા-શૂરવીર" સમજવા.
આ સંસાર દુઃખ-રૂપ છે ને સઘળા ઉપદ્રવ આપનારો છે,તેને ટાળવા માટે મનનો નિગ્રહ કરવો એ જ ઉપાય છે.
હવે હું જ્ઞાન નું સર્વ તત્વ કહું છું તે તમે સાંભળો,અને તે સાંભળ્યા પછી તેને મનમાં ઘૂંટી રાખો.

ભોગ ની "ઇચ્છા" એ જ બંધન છે અને "ઇચ્છાનો ત્યાગ" એ જ મોક્ષ છે એમ કહેવાય છે.
હે,રામ, બીજાં શાસ્ત્રોની રચનાઓ જોવાનું કોઈ પ્રયોજન નથી.પણ,તમે માત્ર એટલું જ કરો કે-
જે આ સંસારમાં જે મીઠું (વિષયો મીઠા લાગે છે) લાગે છે તેને ઝેર જેવું કે અગ્નિ જેવું સમજો.
વિષયોનો ત્યાગ કરવો બહુ કઠિન છે,તો પણ વારંવાર વિચાર કરીને વિષયો નો ત્યાગ જ કરવો જોઇએ.
જેમ,કાંટા-વાળા ઝાડના બીજ થી પથરાયેલી પૃથ્વી.કાંટા-વાળા ઝાડોને જ ઉત્પન્ન કરે છે,
તેમ,વાસનાથી ઘેરાયેલી બુધ્ધિ,રાગ-દ્વેષ-વગેરે જેવા,ઘણા-ઘણા દોષોને ઉત્પન્ન કરે છે.

જેનામાં વાસનાઓની જાળ લાગી ના હોય,અને જેમને રાગ-દ્વેષ આદિએ વશ કર્યા ના હોય,તેવી બુધ્ધિવાળા,મનુષ્યો,ચંચળ-પણાથી રહિત થઈને ધીરે ધીરે શાંતિ-પણાને પ્રાપ્ત થાય છે.અને તેઓ,
મોક્ષ-રૂપ- ફળ આપનારા,સમાધિ-વગેરે-જેવા શુભ અંકુરો ને સર્વદા ઉત્પન્ન કર્યા કરે છે.

જયારે,
--દયા-ક્ષમા વગેરે સદગુણો ના અનુસંધાનથી-પ્રસન્નતા પ્રાપ્ત થાય છે,
--ખોટી સમજણ-રૂપ-ગાઢ-મેઘ ધીરે ધીરે શાંત થાય છે,અને સૌજન્ય (સાચી સમજ) વૃધ્ધિ પામે છે,
--આકાશમાં પ્રસરતા સુર્યના તેજની જેમ,જયારે હૃદયમાં પવિત્ર વિવેક ફેલાય છે,
--માછલાંમાં થતા મોતીની વૃધ્ધિ ની જેમ ચિત્તમાં જયારે ધીરજ વૃધ્ધિ પામે છે,
--અંદર આત્મ-સુખ ની સારી સ્થિતિ પેદા થઇ જયારે મનુષ્ય કૃતાર્થ થાય છે,
--શીતલ છાયા-વાળું,સત્સંગ-રૂપી વૃક્ષ ફલિત થાય છે,અને-
--આનંદ-રૂપ રસથી ભરેલું,સમાધિ-રૂપી આનંદનું અખંડ ઝરણું અંતરમાં વહે છે,

ત્યારે,
મનમાંથી સુખ-દુઃખ તથા કામ-ક્રોધ-આદિ દ્વંદ્વો ટળી જાય છે,વાસના જતી રહે છે,
ઉપદ્રવો નાશ પામે છે,અને ચપળતા,અનર્થ,શોક,મોહ તથા ભય-રૂપ રોગો શાંત થઇ જાય છે.
ત્યારે,શાસ્ત્રો ના અર્થો સંબંધી સંદેહો ક્ષીણ થઇ જાય છે.

જયારે,વિષયો ભોગવવાની સઘળી ઉત્કંઠાઓ ઓસરી જાય છે,
કલ્પનાઓ ની જાળ દૂર થઇ જાય છે,અને મોહ ભાગી જાય છે,
ત્યારે પ્રવૃત્તિ કરવાની વૃત્તિ ટળી જાય છે,નિંદા વગેરે દુર્ગુણો નષ્ટ થાય છે,ચિંતાઓ અસ્ત પામી જાય છે,
પ્રવૃત્તિ જતી રહે છે,શોક-રૂપી ઝાકળ શાંત થઇ જાય છે,આસક્તિ ઉડી જાય છે,
અને અભિમાન-રૂપી ગાંઠ છૂટી જાય છે.

આવા સમયમાં "મન" એ-"પોતાના સંદેહ-રૂપી કુપુત્રો સાથે" અને "મનોરથ-તથા તૃષ્ણા-રૂપી-સ્ત્રી ની સાથે"
"વાસના-રૂપી-પાંજરાની સાથે" પોતે પણ નષ્ટ થાય છે.અને,
"આત્મા ના જીવન-મુક્ત-રૂપ પરમ પુરુષાર્થ" ને સાધી આપે છે.

મન -પ્રથમ તો પોતાને પુષ્ટિ આપનાર
--"શુભ-અશુભ,મિત્ર-શત્રુ-વગરે વિકલ્પોવાળી કલ્પનાઓ" ને છોડી દે છે.તે પછી-
--"તે વિકલ્પોને ઉત્પન્ન કરવામાં હું સમર્થ છું,તેમ તેમનો નિગ્રહ કરવામાં પણ સમર્થ છું"
એમ વિચારીને પોતાના "દેહકાર-પણા" ને તારણની જેમ છોડી છે છે.

મન નો જે ઉદય થાય છે-તે જ જીવની પડતી દશા છે,અને મન નો નાશ તે જ જીવ ની ચડતી દશા છે.
જ્ઞાની નું મન નાશ પામે છે અને અજ્ઞાની નું મન વધ્યા કરે છે.

પર્વતો,આકાશ,દેવ,મિત્ર,શત્રુ અને આ જે આ સઘળું જગત દેખાય છે તે- મન- જ છે.
જયારે,ચૈતન્ય ને પોતાના સ્વરૂપ નું વિસ્મરણ થાય છે,
ત્યારે વિકલ્પો થી "મેલી અને સંસારમાં લાગુ પડનારી વાસના" પેદા થાય છે તે જ "મન" નું સ્વરૂપ છે.
એ વાસના જ સંસાર ને પ્રાપ્ત કરાવનારી છે
અને <u>-વિકલ્પો- ની વાસનાથી મેલું થયેલું -બ્રહ્મ- તે જ -જીવ- કહેવાય છે.</u>

જે આત્મા છે તે વાસ્તવિક-રૂપે સંસારી-પુરુષ નથી,કે શરીર પણ નથી.
શરીર જડ છે જયારે આત્મા તો આકાશની પેઠે નિર્લેપ છે.
જેમ,કેળના સ્તંભને ફાડીને જોતાં તેમાં છોતરાંઓ સિવાય -બીજું કશું દેખાતું નથી,
તેમ શરીરના ટૂકડા કરતાં,તેમાં હાડ-માંસ-રુધિર વગેરે સિવાય બીજું કશું દેખાતું નથી,
માટે શરીર એ જડ છે.અને જે શરીર છે તે જ મન છે.
એટલે કે- તે મન જયારે દેહાકાર પામે છે,ત્યારે તે મનુષ્ય કહેવાય છે.
જે જીવ (અહીં-આત્મા) છે -તે જ પોતાના વિકલ્પોથી,પોતામાં જ કલ્પાયેલા એ મન નું
પોતાથી જ ગ્રહણ કરે છે.અને પોતાના બંધન ને માટે જ -એ -મન-થી શરીર ને રચી લે છે.

જેમ,અંકુર,બીજા પ્રદેશમાં અને બીજા કાળ (સમય) માં પાંદડા-પણું ગ્રહણ કરે છે,
તેમ જીવ આ દેહને છોડીને બીજા પ્રદેશમાં અને બીજા કાળમાં -બીજા શરીર નું ગ્રહણ કરે છે.
માટે જીવ (આત્મા) એ દેહ-રૂપ નથી.મનમાં જેવી જેવી વાસનાઓ હોય છે તે પ્રમાણે-મન બીજા શરીર નું
ગ્રહણ કરે છે.એ મન જાગ્રતમાં જેવું વાસનામય થઈને સૂઇ જાય છે,
તે વાસના અને તે રૂપે જ થઈને તે મન સ્વપ્નમાં ખડું થઇ જાય છે.

તે મન,મોટી વાસનાથી મોટું થાય છે અને ક્ષુદ્ર વાસનાથી ક્ષુદ્ર થાય છે.
મનુષ્યે -જો ઇન્દ્રના રાજ્ય સંબંધી મનોરાજ્ય કર્યું હોય તો-તેને ઇન્દ્ર-પણાનું સ્વપ્ન આવે છે, અને-
-જો પિશાચો-સંબંધી મનોરાજ્ય કર્યું હોય તો તેને સ્વપ્નમાં પિશાચો જોવામાં આવે છે.
જેમ,તળાવમાં અત્યંત નિર્મળતા હોય તો,તેમાં મલિન-પણું સ્થિતિ પામતું નથી,અને

જો તેમાં અત્યંત મલિનતા હોય તો -તેમાં સ્વચ્છ-પણું સ્થિતિ પામતું નથી.
તેમ,જો મનમાં અત્યંત નિર્મળતા હોય તો તેમાં "દ્વૈત" (શરીર-અને આત્મા) સ્થિતિ પામતું નથી અને
જો તેમાં અત્યંત મલીનતા હોય તો "અદ્વૈત" (એટલે કે માત્ર આત્મા) સ્થિતિ પામતું નથી.

ઉત્તમ પુરુષ,દરિદ્રતા-વગેરે થી હેરાન થવા છતાં,પણ સર્વદા ઉધોગી (ક્રિયાશીલ) રહીને,
ચિત્તને નિર્મળ રાખવાની પદ્ધતિને છોડતો નથી,
એટલે કે,તત્વ-બોધ થી બોધિત હોવાને લીધે,હજારો ઉપદ્રવો થવા છતાં,
વિદ્વાન (જ્ઞાની) નું મન સંસાર ની વાસનાઓ થી મલિન થતું નથી.

કારણકે,વાસ્તવિક (સત્ય) રીતે જોવા જતા, બંધન-મોક્ષ કશું નથી,તે બંધાયેલો કે મુક્ત છે જ નહિ.
બંધન-મુક્તિ એ તો માયા જ છે જે મિથ્યા ઉઠેલી છે.
જગતની જે આ સત્તા દેખાય છે તે બ્રહ્મ ની જ સતા છે.અને તેમાં બે-પણું કે એક-પણું એવું કશું છે જ નહિ.

આ સંસાર નિઃસારછે,તે ખોટો જ છે,તે છતાં તે સ્ફૂરે છે."હું વ્યાપક નથી પણ ક્ષુદ્ર છું" એવા દુષ્ટ નિશ્ચય થી તે
ઉઠયો છે.અને "હું વ્યાપક છું અને હું ઈશ્વર છું"એવા નિશ્ચય થી સંસાર લય પામે છે.
આત્મા-સર્વ-વ્યાપક અને સ્વચ્છ છે,તેમાં "હું દેહ છું" એવી જે ભાવના છે -તે-જ -બંધન છે.
અને તે બંધન પોતાના વિકલ્પો થી જ કલ્પાયેલું છે.

મન,જો નિર્મળ-પણાને લીધે,નાશ પામવામાં ઉન્મુખ (પ્રવૃત્ત) થયેલું હોય,અને
સઘળાં દ્રશ્યોમાં (જગત અને પદાર્થોમાં)લાગણી વગરનું થઇ,"નહિ-જેવા-પણા" ને પામેલું હોય,
તો જ "બ્રહ્મ" જોવામાં (અનુભવવામાં) આવે છે.
તેમ થયા વિના બ્રહ્મ જોવામાં આવતું જ નથી.સમાધિ થી નિર્મળ થયેલું મન "સર્વમાં બ્રહ્મ-દૃષ્ટિ" ગ્રહણ કરે છે.
હે,રામ,"જે સઘળું દૃશ્ય (જગત) છે તે મારું જ સ્વ-રૂપ છે" એવી ભાવનાથી,
"આ લેવા યોગ્ય છે અને આ છોડવા યોગ્ય છે" એવી વાસના ના બળ ને ક્ષીણ કરી નાખો,અને
એમ,બંધન ને પણ છોડી દો અને મોક્ષ ને પણ છોડી દો.

સત્સંગ,સત્કર્મો,શાસ્ત્ર શ્રવણ,વૈરાગ્ય અને બોધ (જ્ઞાન) થી જો મન શુદ્ધ થાય છે તો એવો નિશ્ચય થાય છે કે-
સ્વ-રૂપ માં જગતનો મિથ્યા જ પ્રતિભાસ થયો છે.દ્વૈત દેખાય એટલે તરત જ બંધન ની પ્રાપ્તિ થાય છે.
અને આત્મ-દર્શન થાય એટલે તરત જ મોક્ષની પ્રાપ્તિ થાય છે.
બહારની તથા અંદરની સઘળી "દ્વૈત-દૃષ્ટિ"ને છોડી દઈને મન,જયારે બોધ (અદ્વૈત કે જ્ઞાન) માં
લીન રહે ત્યારે,બ્રહ્મ-પદ પ્રાપ્ત થઇ ચૂક્યું છે તેમ સમજવું.

જગત તો-આદિમાં પણ નથી અને અંતમાં પણ નથી,માટે મધ્યમાં પણ ખોટું જ છે.
જે આદિમાં કે અંતમાં ના હોય તેનું મધ્યમા હોવું સંભવતું જ નથી-
અને એ રીતે જગતને જેણે જાણ્યું ના હોય -તેને દુખિયા-પણું તેના હાથમાં જ છે તેમ સમજવું.
વળી,આ જે જગત છે તે આત્મા જ છે -એમ પણ,જેણે જાણ્યું નથી,તેને જગતની લીલા દુઃખદાયી થાય છે,
અને જેણે, એ (જગત એ આત્મા જ છે-એમ) જાણ્યું છે તેને તે જગતની લીલા ભોગ અને મોક્ષ-સુખ-બંને આપે છે.
(નોંધ-જ્ઞાનીને મિથ્યા જાણેલા પદાર્થો (જગત-વગેરે) દુઃખદાયી થતા નથી તેથી તે
મિથ્યા જાણેલા પદાર્થો પ્રત્યે અનાસક્ત રહીને પ્રારબ્ધ-કર્મ ને લીધે તે ભોગ ભોગવે છે,
પણ તે ભોગ તેમના પ્રારબ્ધ-કર્મ નો નાશ કરનાર હોવાને લીધે મોક્ષમાં પણ ઉપયોગી બને છે)

જેમ,"જળ અને તરંગ એ બે ભિન્ન (જુદાજુદા) છે",-એમ ભેદ-બુદ્ધિથી તેમની ભિન્નતા સમજવી તે મૂર્ખતા છે,
પણ "જે જળ છે તે જ તરંગ છે" એમ માનવું તે સમજુ-પણું છે,(અર્થાત અભેદ તે જ જ્ઞાન છે)

તેમ,"બ્રહ્મ અને જગત જુદા જુદા છે" એમ માનવું તે મૂર્ખતા છે અને બંને એક છે તેમ જાણવું તે જ્ઞાન છે.
જો જગત ને ખોટું સમજીને તેમાં "આ લેવા-યોગ્ય અને આ છોડવા યોગ્ય છે" એવો ભ્રમ ના રહે,
તો તે જગત-એ- બ્રહ્મ-રૂપે જ અવશેષ (બાકી) રહે છે.

હે,રામ,આ જગત,સંકલ્પથી જ કલ્પાયેલું હોવાને લીધે "મન-રૂપ"જ છે,અને ખોટું છે માટે મિથ્યા છે.
તો તેનો વિનાશ થવાથી શો શોક કરવો?
જેમ,આપણે જેની સાથે બહુ પ્રેમ નથી તેવા સંબંધીને રાગ-દ્વેષ વગરની દૃષ્ટિ થી જોઇએ છીએ,
તેમ તમે પંચમહાભૂત-મય તમારા શરીરને પણ રાગ-દ્વેષ વગરની દૃષ્ટિથી જુઓ.
યથાર્થ રીતે શરીર ને મિથ્યા જાણવામાં આવે તો,સુખ-દુઃખ અનુભવાતાં નથી.
પરમાનંદ-રૂપ-બ્રહ્મ એ અનુભવ-રૂપ અને જ્ઞાન-સ્વ-રૂપ છે,અને તે બ્રહ્મમાં જ મન ની શાંતિ થાય છે.
જેમ,વાયુ શાંત થતાં રજ (ધૂળ) શાંત થાય છે તેમ,મન શાંત થતા દેહ -બ્રહ્મ માં શાંત થાય છે.

હે,રામ,"વાસના-રૂપી-વર્ષા-ઋતુ" શાંત (ક્ષીણ) થાય અને "સ્વ-રૂપ-સ્થિત-રૂપ-શરદ-ઋતુ" વિલાસ કરવા લાગે,
ત્યારે,"સંસાર-રૂપી-નગરી" માં ફરીવાર,"મોહ-રૂપી-વરસાદ" વરસતો નથી.
"મિથ્યા-સમજણ-રૂપી" મેઘ જયારે ચાલ્યો જાય છે,ત્યારે,
જેમ પ્રભાત-કાળમાં રાત્રિ ક્ષીણ થઇ જાય છે,
તેમ,"મોહ-રૂપી-વરસાદ:ક્ષીણ થઇ જાય છે,જડતા-રૂપી ટાઢ ક્યાંય જતી રહે છે,ભય રહેતો નથી,
આશાઓ-રૂપી સંકલ્પો રહેતા નથી,અને ત્યારે જ્ઞાન-રૂપી-આકાશ નિર્મળ થઇ જાય છે-અને
જીવ-રૂપી-સૂર્ય પોતાના સ્વચ્છ સ્વ-રૂપ થી અત્યંત શોભે છે.

આમ,દોષો નો ત્યાગ કરીને ધીરજ ભરેલી બુધ્દ્ધિવાળો થયેલો,અને,સંસારની સઘળી ગતિઓને-
તે ગતિઓ "જન્મ-મરણ ના પ્રવાહ-વાળી હોવાને લીધે" સ્વાદ વગરની જોતો-
તથા,"વિચાર થી આત્મ-તત્વ-રૂપી દીવો પામેલો" તે પુરુષ,પોતાનું "મન' અત્યંત ગળાઈ જતાં(ક્ષીણ થઈજતાં)
સઘળા સંતાપો થી રહિત થાય છે અને "દેહ-રૂપી-નગર"માં વિલાસ કરે છે.

## <u>(૩૬) ચૈતન્ય-સ્વ-રૂપ નું વર્ણન</u>

રામ કહે છે કે-હે,બ્રહ્મન,પરમાત્મા સર્વ દ્રશ્યો (જગત) થી રહિત છે,તેમાં આ જગત જે પ્રકારથી રહ્યું છે,
તે <u>ફરીવાર મને કહો</u> -એટલે મને બોધ (જ્ઞાન) ની વૃધ્દ્ધિ થાય.(નોધ-અહીં રામ ફરીવાર કહેવાનું કહે છે!)

વસિષ્ઠ કહે છે કે-જેમ,જળમાં "ભવિષ્ય માં થનારા તરંગો" અસ્ફુટ રીતે (ના દેખાય તે રીતે) રહ્યા છે,
અને,તે તરંગો ની તેમની પોતાની જુદી સત્તા ના હોવાને લીધે તે જળમાં નથી પણ રહ્યા,
તેમ,પર-બ્રહ્મ માં આ સૃષ્ટિઓ અસ્ફુટ-રીતે રહેલી છે,અને તેમની પોતાની સત્તા ના હોવાને લીધે નથી પણ રહી.

જેમ,આકાશ એ સર્વદા (હંમેશ) રહ્યું હોવા છતાં પણ સૂક્ષ્મ હોવાને લીધે પ્રતીત થતું નથી (દેખાતું નથી)
તેમ,"અંશો થી રહિત-ચૈતન્ય-તત્વ" સર્વમાં વ્યાપક હોવા છતાં પણ પ્રતીત થતું નથી.
જેમ,સ્ફટિક માં પડતું પ્રતિબિંબ એ સત્ય કહેવાય તેમ નથી કે અસત્ય પણ કહેવાય તેમ નથી,
તેમ આત્મા (પરમાત્મા) માં રહેલી આ સૃષ્ટિ (જગત) ને -સત્ય કે અસત્ય પણ કહેવાય તેમ નથી.
જેમ,આકાશમાં રહેલાં વાદળો નો આધાર આકાશ છે,પણ તે વાદળો ને આકાશનો સ્પર્શ નથી,
તેમ,ચૈતન્ય માં રહેલ સૃષ્ટિઓનો આધાર ચૈતન્ય જ છે,પણ તેમણે ચૈતન્ય નો સ્પર્શ નથી.

હે,રામ,જેમ,સૂર્યનાં કિરણો સર્વમાં પહોંચેલાં હોવા છતાં,માત્ર જળમાં જ પ્રતિબિંબિત થાય છે,
તેમ,ચૈતન્ય એ સર્વમાં રહેલું હોવા છતાં,પણ પ્રાણીઓના શરીરમાં જ એ "જીવ-રૂપે" પ્રતિબિંબિત થાય છે.

એ મહા-ચૈતન્ય એ સઘળા સંકલ્પો થી રહિત છે,સઘળાં નામો થી રહિત છે અને અવિનાશી છે.
છતાં,તેનાં "જીવ,જગત, ઇન્દ્રિયો" વગેરે નામો કલ્પવામાં આવેલાં છે.
પણ વિદ્વાનો (જ્ઞાનીઓ) ની દ્રષ્ટિમાં -એ ચૈતન્ય અંશો થી રહિત છે,અને માત્ર "એક" જ છે.

જેમ, સમુદ્રમાં જોવામાં આવતો તરંગ-રૂપી ભેદ એ સમુદ્ર થી જુદો પડતો નથી,
તેમ,બ્રહ્મ માં જોવામાં આવતો જગત-રૂપી ભેદ એ બ્રહ્મ થી જુદો નથી જ.
જો કોઈ એમ માનતું હોય કે-"ચૈતન્ય -એ-જગતને ઉત્પન્ન કરે છે" તો તેને પોતાનું આવું માનવું બદલીને,
"ચૈતન્ય-એ-ચૈતન્ય ને જ ઉત્પન્ન કરે છે-એટલે જગત ચૈતન્યથી જુદું નથી" એમ માનવું જોઈએ (આ જ સત્ય છે)
અને આ સત્ય માનવાથી એમ સિધ્ધ થઇ જાય છે કે-ચૈતન્ય થી ચૈતન્ય ની ઉત્પત્તિ થતી નથી,પણ,
ચૈતન્ય એ પોતાના "સ્વ-રૂપ" માં જ રહે છે પણ કોઈને (જગતને) ઉત્પન્ન કરતુ નથી.
આ વાત માત્ર જ્ઞાનીઓ જ સમજે છે -જયારે અજ્ઞાનીઓ તો એમ જ કલ્પના કરે છે કે-
"ચૈતન્ય માં "સૃષ્ટિ ના સમય"માં કંઈક કંઈક જુદું આવી પડે છે (કે કંઈક જુદું થાય છે) અને એટલે
તેમ થવાથી જગત એ ચૈતન્ય થી જુદું પડે છે" (જે ખોટું જ છે-અને અજ્ઞાન છે)

<u>તે "ચૈતન્ય" એ માત્ર અનુભવ-સ્વ-રૂપ જ છે.</u>
તે કેવળ પ્રકાશ-રૂપ જ પ્રતીત થાય છે અને તેથી સૂર્ય-વગેરે ને પણ તે પ્રકાશ આપનાર છે.
સર્વ પ્રાણીઓને વિષયોની અનુભૂતિ કરાવવામાં,અને તેમના જન્મ-મરણ થવામાં તે માત્ર "નિમિત્ત-રૂપ" છે.
તે ચૈતન્ય-કદી અસ્ત કે ઉદય પામતું નથી,આવતું-જતું નથી કે ઉઠતું-બેસતું નથી અને ઈચ્છા-રહિત છે.
હે,રામ,નિર્મળ-આકાર (કે નિરાકાર) અને "પોતે પોતાનામાં જ રહેલું" એવું તે ચૈતન્ય,હલન-ચલન રહિત હોવા
છતાં,પોતાનાથી અભિન્ન (પોતાનાથી જે જુદી નથી જ તેવી) સૃષ્ટિ (જગત) ના
"વિભ્રમ" થી (કે કલ્પનાથી) ચલન પામતું હોય તેમ જણાય છે,અને તે સૃષ્ટિ (જગત) નામથી પ્રગટ થાય છે.

<u>એ "ચૈતન્ય" નામનો "અનુભવ" એ સર્વમાં વ્યાપક છે</u>,અને સર્વદા (વાસ્તવિક રીતે) "પ્રકાશ-રૂપ" છે.
પણ અજ્ઞાન ને લીધે તે પ્રકાશતો નથી.
એ "ચૈતન્ય" એ "અંશો" થી રહિત છે છતાં પણ "કલ્પના" થી અંશો ને ધારણ કરે છે.
એ "ચૈતન્ય" અવિદ્યા (અજ્ઞાન-કે-માયા) માં "પ્રતિબિંબ-રૂપ-કૃત્રિમ-વેશ ધારણ" કરીને પોતાના સ્વ-રૂપ ને ભૂલે છે.
અને "હું -છું" (અહં-કે-અહંકાર) ની -એવી ભાવનાને લીધે,જીવ-પણું પામે છે.
અને આમ "જીવ-પણું" થવાને લીધે "અનેક-પણું" આરૂઢ થઇ જાય છે.પછી,અનેક જન્મ-મરણ થવાથી,
"આ છે-આ નથી-આ લેવું-આ છોડવું" વગેરે વ્યવહારો વાળો "દેહાત્મ-ભાવ" (હું શરીર છું-તે) દૃઢ થઇ જાય છે.

<u>એ "ચૈતન્ય" વાસ્તવિક રીતે (સત્યમાં) તો કંઈ જ બનાવતું નથી</u>,પણ,
ઉપર બતાવ્યા પ્રમાણે બનાવેલ દેહમાં,સેંકડો "ચલનો" (ક્રિયાઓ કે કર્મો) થી,સારાં-નરસાં કર્મો કરીને
"જગત" ને બનાવી લે છે.

એટલે કે બીજી રીતે એમ કહી શકાય કે-
"પૃથ્વી-રૂપ-ચૈતન્ય" ની કોતરમાં રહેલું-"અંકુરો-રૂપ-ચૈતન્ય" અંકુર થઈને બહાર આવવા પ્રયત્ન કરે છે,
--ત્યારે "સઘળા-સાકાર-પદાર્થો-રૂપ-ચૈતન્યો" નો સમાવેશ કરનારું
"આકાશ-રૂપ-ચૈતન્ય" તેને અવકાશ (જગા) આપે છે.(નોંધ-અહીં પંચમહાભૂતો પૈકી -"આકાશ" ની વાત છે)
--"વાયુ-રૂપ-ચૈતન્ય" (કે જે ચલન-રૂપ-ધર્મ-વાળું છે) તે (અંકુર-રૂપ-ચૈતન્ય) નું આકર્ષણ કરે છે.(વાયુ)
--"જળ-રૂપ-ચૈતન્ય" પોતાના રસથી તે (અંકુર-રૂપ-ચૈતન્ય) નું પોષણ કરે છે.( પાણી)
--"પૃથ્વી-રૂપ-ચૈતન્ય" તેનેદૃઢતા આપી તેના પર અનુગ્રહ કરે છે (પૃથ્વી)
--"તેજ-રૂપ-ચૈતન્ય" પોતાનું રૂપ (પ્રકાશ) આપીને તેને પ્રગટ કરે છે (તેજ-કે- અગ્નિ)

આ રીતે "કારણ" પદાર્થ-રૂપ-ચૈતન્યોનો "કાર્ય"પદાર્થ-રૂપ-ચૈતન્યો પર અનુગ્રહ થવાથી,"સ્થિતિ" ચાલ્યા કરે છે.
ત્યારે "કાળ" (સમય) રૂપ ચૈતન્ય,અમુક "વિરોધી" પદાર્થો-રૂપ-ચૈતન્યોની ઉત્પત્તિ ને રોકીને-
અમુક-પદાર્થો-રૂપ ચૈતન્યોને ઉત્પન્ન થવાની,આજ્ઞા આપે છે.
(નોંધ-સર્વ પદાર્થો-રૂપ બનેલા ચૈતન્યો માં ફેરફાર કરવો-એ કાળ-રૂપ-ચૈતન્ય નો સ્વ-ભાવ છે)

"પુષ્પો" રૂપી-ચૈતન્ય માં "ગંધ" (સુગંધ) નામનું ચૈતન્ય પ્રગટ થાય છે. (નોંધ-ગંધ-રસ-રૂપ ની વાત અહીં છે)
"માટી" રૂપ ચૈતન્ય ની અંદર રહેલું "રસ" રૂપ ચૈતન્યથી "વૃક્ષો" રૂપ ચૈતન્ય નો જમાવ થાય છે -
ત્યારે,તે "રસ" રૂપ ચૈતન્ય,મૂળિયાં,દલ,પાન,ફળ,ફૂલ -વગેરે ની રચના-રૂપ થઈને,સમય (કાળ) ને અનુરૂપ
જુદા જુદા રંગો પકડીને પોતાનું "રૂપ" (ગંધ-રસ-રૂપ માં નું રૂપ) દેખાડે છે.
ઋતુઓ નું "રૂપ" ધરીને તે ચૈતન્ય-તે તે ઋતુઓના સમયમાં-તે તે "કાર્યો" રૂપે દેખાવ (એટલે કે-રૂપ) આપે છે.

ગ્રીષ્મ-ઋતુ (ઉનાળા)માં સૂર્યના તેજ ની શક્તિ નો "ગરમી-રૂપે" દેખાવ થાય છે.
વર્ષા-ઋતુ (ચોમાસા) માં શ્યામ-વાદળાંની પંક્તિઓ નો દેખાવ થાય છે.
શરદ-ઋતુમાં ધાન્યો નો દેખાવ થાય છે,હેમંત-ઋતુમાં હિમ નો દેખાવ થાય છે,શિશિર-ઋતુમાં જળ ને પણ
કઠિન (બરફ) બનાવી દે તેવા શીતળ પવન નો દેખાવ થાય છે.

આમ સંવત્સરો તથા યુગો-વગેરે રૂપે "કાળ" (સમય) પોતાની મર્યાદા ને છોડતો નથી,
અને તે કાળ પણ ચૈતન્ય નો જ વિવર્ત (જુદા રૂપે દેખાવું તે) છે.

જેમ,મોટી નદીમાં તરંગોના સમુહો ઉત્પન થયા કરે છે,તેમ,ચૈતન્યમાં સૃષ્ટિઓ ઉત્પન્ન થયા કરે છે.
કેટલાએક પદાર્થો (પૃથ્વી-પર્વતો-વગેરે) ને સ્થિર-રાખવા-રૂપ,ચતુરાઈ-વાળો (સ્માર્ટ) સૃષ્ટિ નો એક જાતનો
જે નિયમ છે,કે જેનાથી સર્વ લોકો ના આધાર-રૂપ પૃથ્વી -પ્રલય સુધી,પોતાની ધરી ઉપર રહ્યા કરે છે.
આ પણ ચૈતન્ય નો જ વિવર્ત છે.

ચૈતન્ય ના વિવર્ત-રૂપ આ બ્રહ્માંડ ની અંદર પાતાળ લોક -વગેરે "ચૌદ-લોકો" માં અનેક પ્રકારના
આહાર-વિહાર કરનારાં અને અનેક પ્રકારની રચનાઓ વાળાં,પ્રાણીઓ (જીવો) વારંવાર જન્મે છે
અને વારંવાર મરણ પામે છે,તે પણ ચૈતન્ય નો "વિલાસ" (કે વિવર્ત) છે.
જેમ,પાણી નો અભાવ થાય ત્યારે પરપોટાઓ જતા રહે છે,
તેમ,અજ્ઞાન નો અભાવ થાય છે ત્યારે,જન્મ-મરણ ના પ્રવાહો મટી જાય છે.

જેમને,પૂર્વ-જન્મ ની "વાસનાઓ" ને લીધે,"કામનાઓ" ઉત્પન્ન થયા કરે છે,અને
મૂર્ખતા ને લીધે,"સ્વ-રૂપ ના વિચાર" (આત્મ-તત્વ નો વિચાર) ની વાતને પણ જેઓ જાણતા નથી,
તેવા કાળ (સમય) થી પરવશ થયેલા તુચ્છ લોકો,ઉન્મત્તોની પેઠે આ લોકમાં આવે છે અને પરલોકમાં જાય છે,
અને,ભોગો ભોગવવાના કૌતુક (ઇચ્છાઓ-કે કામનાઓ) ને લીધે,"સ્વાર્થો" (કર્મ-ધર્મ-વગેરે) ને મેળવે છે,
તેમ જ જન્મ-મરણ ના ચક્રમાં સંસારમાં મૂર્ખ ની જેમ ભમ્યા કરે છે.

## <u>(૩૭) બોધ-અકામતા-કર્મ રહિતતા થી આત્મા ની સ્વ-રૂપ સ્થિતિ</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આ રીતે અજ્ઞાન ની સ્થિતિ ને લીધે (આવી સ્થિતિ દરમ્યાન) ચારે બાજુ અત્યંત અસ્થિર
આકારો-વાળી સંસારો ની સઘળી પંક્તિઓ પોતાના સ્વ-રૂપ-ભૂત-બ્રહ્મ માં જ ઉદય અને અસ્ત પણ પામે છે.
આ સઘળું જગત વાસ્તવિક રીતે પોતાના અધિષ્ઠાન "ચૈતન્ય" માંથી જ ઉત્પન્ન થાય છે,અને પોતાના અધિષ્ઠાન
ચૈતન્યમાં જ લય પામે છે.તેમાંથી સઘળી વસ્તુઓ એકએક થી ઉત્પન્ન થાય છે,અને એકએક થી નાશ પામે છે.

સર્વ-વ્યાપક-મહા-ચૈતન્ય માં જ જગત નો આકાર થવારૂપ જે ચલન જોવામાં આવે છે,તે વાસ્તવિક રીતે તો અચલન જ છે."કારણ-કે કાર્ય" રૂપ જે કંઈ જગત જોવામાં આવે છે,તે મહા-ચૈતન્યમાં જ જોવામાં આવે છે.
જેમ,નિરાકાર "આકાશ"માં સૂર્ય ની ગરમી ને લીધે,ઝાંઝવાની નદીઓ જોવામાં આવે છે,
તેમ,મહા-ચૈતન્ય ના "સ્વ-ભાવ" ને લીધે આ સઘળી સૃષ્ટિઓ (બ્રહ્માંડો ને જગત) જોવામાં આવે છે.
જેમ,દેહ ઘૂમતો ન હોવા છતાં,દારુ પીનાર ને તે ઘૂમતો હોય તેવો જણાય છે,
તેમ,જે મહા-ચૈતન્ય છે તે જ પોતાના "સ્વ-ભાવ" ને લીધે જગત જેવું જણાય છે.

આ જગત બ્રહ્મ ના જ વેષાંતર (વેશ બદલી ને થયેલું-પણ અંદર તો તેનું તે જ) જેવું છે,માટે તે અસત્ નથી
અને તે બાધિત થઇ  જાય છે એટલે સત્ નથી.

જેમ,સોનાના દાગીના એ સોનાથી ભિન્ન નહિ હોવાને લીધે તે સોના-રૂપ જ છે,પણ નામ-રૂપના ભેદને લીધે,
તે સોનાથી ભિન્ન જેવા જણાય છે,તેમ,સઘળું જગત બ્રહ્મ થી ભિન્ન નહિ હોવાને લીધે બ્રહ્મ-રૂપ જ છે,
પણ,કલ્પિત મન-રૂપ ના ભેદ ને લીધે તે બ્રહ્મ થી ભિન્ન હોય તેવું જણાય છે.

હે,રામ,જેમ,આ જગત બ્રહ્મ છે,તેમ,જેનાથી (જેના લીધે-કે જેના વડે) તમે શબ્દ-રૂપ-રસ-ગંધ ને જાણો છો,
તે તમારો આત્મા (જીવ) પણ બ્રહ્મ જ છે,અને તે સર્વમાં વ્યાપીને રહેલો છે.
નિર્મળ અને સર્વ-વ્યાપક પરમાત્મા (બ્રહ્મ) માં બે-પણું કે એક-પણું એવું કંઈ છે જ નહિ,માટે,
તે બ્રહ્મમાં બીજી કોઇ કલ્પનાનો અવકાશ જ નથી.

અન્ય વસ્તુઓ નું "હોવું-કે-નહિ હોવું" અને "સારી-કે-નરસી-સૃષ્ટિઓ" એ સઘળું વાસના થી જ કલ્પાય છે.
માટે તે સઘળું "માયા" માં જ છે (અથવા-આત્માથી ભિન્ન ના હોવાને લીધે આત્મામાં જ છે)
આત્માથી વધુ સારી (કે ન્યારી) કોઈ વસ્તુ જો સિદ્ધ હોય તો,તો,તેને ઉત્પન્ન કરવાની આત્માને ઈચ્છા થવાની
સંભવે,પણ આત્મા થી વધુ સારી કોઈ વસ્તુ છે જ નહિ,એટલે તે આત્મા (પરમાત્મા) કઈ વસ્તુ ને ઇચ્છીને-કે-
કઈ વસ્તુનું સ્મરણ (કે કલ્પના) કરીને સૃષ્ટિ કરવા માટે દોડે? અને દોડે તો પણ શું ફળ પામે?

એટલા માટે,"આ સૃષ્ટિ (જગત) આત્માની ઇચ્છાથી થાય છે" એમ કહેવું સંભવતું જ નથી.
"આત્મા ને અમુક વસ્તુ જોઈએ છે કે અમુક વસ્તુ જોઈતી નથી"એવી રીતના કોઇ વિકલ્પો લાગુ પડતા નથી.
માટે આત્મા એ ઇચ્છાથી રહિત જ છે-એમ સિદ્ધ થાય છે.
"કરનાર-કરવાનાં સાધનો-કરવાનાં કાર્યો" એ સઘળું એક જ છે,માટે આત્માને કંઈ પણ કરવું સંભવતું નથી.
આધાર (શરીર) અને આધારમાં રહેનાર (આત્મા) પણ જુદા નથી,એટલે આત્માને ક્યાંય રહેવું પણ સંભવતું નથી.
એ આત્મા 'ઈચ્છા; વગરનો છે,"તેને મોક્ષ જોઈએ છે" એમ પણ નથી,અને તેને કોઇ બંધન પણ નથી.
કારણકે,આત્મામાં બંધન-મોક્ષ ની કલ્પના જ સંભવતી નથી.

હે,રામ,બ્રહ્મની સ્થિતિ આ પ્રમાણે છે,બીજા કોઇ પ્રકારની નથી,છતાં તમારા સમજવામાં બ્રહ્મની બીજી કોઈ
સ્થિતિ હોય,તો ભલે તમે સુખી છતાં પણ દુઃખી થાઓ.અને તમે કામ-ક્રોધ-વગેરે દ્વંદ્વો થી રહિત હોવા છતાં કર્તા
થાઓ,
તો હાથે કરીને પોતાની ભૂલ થી જ દુઃખી થશો તો તેનો કોઈ ઈલાજ નથી.
હે,રામ, હું બીજું પણ કહું છું તે તમે સાંભળો.

તમે પોતાનામાં કર્તા-પણા ના અભિનિવેશ થી વારંવાર ઘણા પ્રકારના કર્મો કરશો,તો,પણ,વિષયો થી,
આ શરીરના પંચમહાભૂતો ને પુષ્ટ કરવા સિવાય તમને બીજું કયું (સ્વ-રૂપ નું જ્ઞાનનું) ફળ મળવાનું છે?
તમે શાસ્ત્ર અને સત્સંગ વાળા છો,તેથી તમને "અકર્તા-પણા" માં જ વિશ્વાસ બેસે તો વધુ સારું.

તમે પોતાના અકર્તા-પણાના પર વિશ્વાસ રાખી,વાયુ-વગરના સમુદ્ર પેઠે નિશ્ચળ-સ્વચ્છ-સ્વસ્થ  થાઓ.

"આ સંસારમાં પૂર્ણ-પણું પ્રાપ્ત કરાવે એવું સાધન ઘણા યત્નથી અને દિશાઓ ના છેડાઓ સુધી ભમીને,
ખોળતાં પણ મળે તેમ નથી-પણ માત્ર -પોતાના -વિચાર- થી જ મળે છે"
આવો નિશ્ચય રાખીને,તમે મનથી બાહ્ય-પદાર્થો ના સમુહમાં (જગતમાં) દોડો નહિ,પણ તમે તમારા
"સ્વ-રૂપ" ના જ વિચારો કરો.તમે દેહ-રૂપ (રામ) નથી પણ વાસ્તવિક રીતે ચિદાનંદ-સ્વરૂપ જ છો.

## <u>(૩૮) જ્ઞાની ને કર્તા-પણું,ભોક્તા-પણું,બંધન કે મોક્ષ નથી</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, આ પ્રમાણે છે,એટલા માટે તત્વવેત્તા પુરુષો નું જે 'કર્તા-પણું'
(સુખ-દુઃખ દેનારા કર્મો-સમાધિ-વગેરે ક્રિયાઓનું કરવા-પણું) જોવામાં આવે છે તે મુદ્દલે છે જ નહિ (સાચું નથી)
પણ મૂર્ખ લોકોનું કર્મ માં જે 'કર્તા-પણું' જોવામાં આવે છે -તે છે-જ (તે સાચું છે જ) કારણકે-
"અમુક પદાર્થ લેવા યોગ્ય છે" એવી "ઈચ્છા-રૂપ-વાસના" નામનો 'મન ની વૃત્તિ નો જે નિશ્ચય' છે-
તે જ 'કર્તા-પણું' કહેવાય છે.

મનની એવા પ્રકારની (વાસનાની) ચેષ્ટાને લીધે જ તેવા પ્રકારનું (વાસના પ્રમાણે નું) ફળ ભોગવવું પડે છે.
પુરુષ પોતાની વાસના પ્રમાણે ક્રિયા કરે છે,અને ક્રિયા કર્યા પ્રમાણે નું ફળ ભોગવે છે,
માટે <u>જો વાસનાથી ક્રિયા (કર્મ) કરવામાં આવે છે તો-જ-'કર્તા-પણું' થાય છે.</u>
<u>અને 'કર્તા-પણું' હોય તો જ 'ભોક્તા-પણું' થાય છે-તેવો સિધ્ધાંત છે.</u>

કહ્યું છે કે-'પુરુષ શરીરથી ક્રિયા કરતો હોય કે ના કરતો હોય,તો પણ મનમાં જે વાસના હોય તે પ્રમાણે
સ્વર્ગ-નર્ક નું ફળ ભોગવવું પડે છે.'
આમ હોવાથી જેમણે 'આત્મ-તત્વ' ને જાણ્યું નથી,એવા પુરુષો ક્રિયા કરતા હોય કે ના હોય,તો પણ,
તેઓ વાસના-વાળા હોવાને લીધે,તેમને 'કર્તા-પણું' છે.
જયારે તત્વવેત્તાઓ વાસના વગરના હોવાથી તેમણે 'કર્તા-પણું' નથી.

જેણે,'તત્વ' (આત્મ-તત્વ) ને જાણ્યું હોય તેવા પુરુષની  વાસના શિથીલ થઇ ગયેલી હોય છે,એટલા માટે,
તે પુરુષ ક્રિયા કરતો હોય તો પણ,તે ક્રિયાના "ફળ નું અનુસંધાન" (ફળનો વિચાર) કરતો નથી.
તત્વવેત્તા પુરુષો તો '<u>આસક્તિ-વગરની-બુધ્ધિ-વાળા</u>' હોવાને લીધે,કેવળ શરીરનું ચલન માત્ર (ક્રિયા) કરે છે.
અને તેમ કરતાં કદાચ તે ચલન-રૂપ-કર્મનું ફળ થાય તો પણ 'આ સઘળું આત્મા જ છે' એમ સમજીને
તેનો અનુભવ કરે છે,માટે તેવો પુરુષ ક્રિયા કરતો હોય તેમ છતાં 'અકર્તા' છે.
અને <u>આસક્તિવાળો અજ્ઞાની પુરુષ,</u>તો ક્રિયા ના કરતો હોય તો પણ મનમાં વાસનાને લીધે 'કર્તા' જ છે.

મન જે કામ કરે તે જ કર્યું કહેવાય,અને મન જે કામ ના કરે તે ના કર્યું કહેવાય,એટલે <u>મન જ કર્તા છે,દેહ નહિ.</u>
સંસાર ચિત્ત (મન) થી જ આવેલો છે,તે ચિત્તમય અને ચિત્તમાત્ર અને ચિત્તમાં જ રહ્યો છે.
એવા 'જ્ઞાન' થી (એ જાણીને),તત્વવેત્તા પુરુષના 'વિષયો અને વાસના' વગેરે  સર્વ શાંત થયેલા છે.
અને એટલા માટે જ તે તત્વવેત્તા પોતે-એકલો જ છે.(વાસના ના સંબંધવાળો નથી)
તેમનું મન પરમ-શાંતિને પામીને બ્રહ્મ માં જ લીન થઇ જાય છે.અને તેઓ બ્રહ્મ-પણાથી જ રહે છે.

જ્ઞાની પુરુષનું મન સ્થિર થયેલું અને વિષયોના આનંદની ઈચ્છા વગરનું છે.તે મન ચંચળ નથી હોતું-કે-
પથ્થરના જેવું જડ પણ નથી હોતું.તે "છે" એવું જણાતું નથી - "નથી" એવું પણ જણાતું નથી, કે પછી,
તે સ્થિતિઓ (જડ કે ચેતન) માંની કોઈ સ્થિતિઓની સંધિમાં છે -એમ પણ કહી શકાતું નથી.
જેમ,હાથી નાના ખાબોચિયામાં ડૂબી જતો નથી,તેમ,જ્ઞાનીનું મન આ વાસનામય તુચ્છ સંસારમાં ડૂબી જતું નથી,

મૂર્ખ (અજ્ઞાની) નું મન તો વિષયો ની રચના ને જ દેખે છે,પણ આત્મ-તત્વ ને દેખાતું જ નથી.
આ વિષયમાં બીજું એક દૃષ્ટાંત કહું છું તે તમે સાંભળો.

જેના મનમાં ખાડામાં પડવાની વાસના લાગી રહી હોય,તેવો મનુષ્ય,ભલેને ખાડામાં પડ્યો ના હોય ને પોતે,
ભલે,આરામથી પથારીમાં બેઠો કે સૂતો હોય,તો પણ ખાડામાં પડવાના દુઃખ નો અનુભવ કરે છે.
જયારે જ્ઞાની મનુષ્ય ખરેખર ખાડામાં પડ્યો હોય,તોપણ પોતાનું મન અત્યંત શાંત હોવાને લીધે,
ખાડામાં પણ તે સુખમય પથારીનો અનુભવ કરે છે.
આ બે મનુષ્યો (જ્ઞાની અને અજ્ઞાની) માં પહેલો મનુષ્ય પોતે ખાડામાં પડવાનો 'અકર્તા' છે,
છતાં પણ મન ને લીધે ખાડામાં પડવાનો 'કર્તા' બન્યો છે-ત્યારે
બીજો મનુષ્ય ખાડામાં પડવાનો કર્તા (ખાડામાં પડી ગયો) છે,છતાં પણ મન ને લીધે 'અકર્તા' બન્યો છે.
માટે પુરુષનું પોતાનું મન જેવું હોય તેવો જ તે થઇ જાય છે.એવો,સિધ્ધાંત છે.

હે,રામ,આ પ્રમાણે છે એટલા માટે
<u>તમે કોઈ 'ક્રિયા કરો કે ના કરો',તો પણ તમારા મન ને 'આસક્તિરહિત' જ રાખો.</u>
આત્મ-તત્વ થી ન્યારું બીજું કશું છે જ નહિ,કે તેમાં આસક્તિ રાખવી સંભવે
(આત્મ-તત્વ સિવાય બીજા કશામાં આસક્તિ રાખવી નહિ)
તમે તમારા ચિત્તની શુધ્ધિના પ્રભાવથી,એમ જ સમજો કે-
'જે કંઈ આ જગત સંબંધી છે તે સઘળું આભાસ-માત્ર જ છે.'
તત્વવેત્તા પુરુષને નિશ્ચય થાય છે કે-'આત્મા ને સુખ-દુઃખ લાગુ પડતાં જ નથી,આધાર (શરીર) અને તેમાં
રહેનાર -એ કોઈ આત્મા થી જુદાં છે જ નહિ.હું સઘળા પદાર્થો થી ન્યારો છું,તણખલા ના અગ્ર ભાગના હજારમા
ભાગ જેવો સૂક્ષ્મ છું,અકર્તા છું,અભોક્તા છું,જે કંઈ આ સઘળું દૃશ્ય દેખાય છે તે હું જ છું,અથવા,
સર્વ જગતનો પ્રકાશક અને સર્વ-વ્યાપક હું જ છું.'

અને ત્યારે તે તત્વવેત્તાને ઇષ્ટની પ્રાપ્તિની અને અનિષ્ટ ના નાશની -ચિંતા જતી રહે છે.
એ તત્વવેત્તાના  ચિત્તની વૃત્તિ,'પ્રારબ્ધ' ના ભોગને માટે કેવળ 'લીલા' થી જ વ્યવહાર માં રહે છે.
જ્ઞાની પુરુષ ના ચિત્તની વૃત્તિ,સંકટો ના સમયમાં પણ આત્મ-આનંદ થી ભરપૂર રહે છે.
જેમ,ચાંદની પોતાના ઉજાસથી જગતને શણગારે છે,તેમ જ્ઞાનીના ચિત્તની વૃત્તિ બ્રહ્મ-ભાવ થી જગત ને શણગારે
છે.જ્ઞાની  પુરુષ મનમાં વાસના રહિત હોવાને લીધે,ક્રિયાઓ કરતો હોય તો પણ તે અકર્તા જ છે-કારણકે
કર્મોનો લેપ કરવો એ વાસનાનું જ કામ છે.એટલે વાસના-રહિત તે જ્ઞાની કર્મોના ફળ નો અનુભવ કરતો નથી.

આ રીતે,મન કે જે સઘળાં કર્મોનું,સઘળી ઈચ્છાઓનું,સઘળા પદાર્થોનું,સઘળા લોકોનું,અને સઘળી ગતિઓનું
બીજ છે-તે મન નો જ -જો-ત્યાગ કરવામાં આવે તો,
સઘળાં કર્મોનો નાશ થઇ જાય છે,સઘળાં દુઃખો ક્ષય પામે છે,સઘળાં પુણ્ય-પાપો લય પામે છે.
જ્ઞાની ને પોતાનાથી જુદું કંઈ હોતું જ નથી,તેથી તે પુરુષ માનસિક કે શારીરિક કર્મો માં 'આસક્ત' થતો નથી.
આમ તે આસક્ત હોતો નથી,એટલે કર્મોનાં સાધનો ને વશ થતો નથી.તેથી તે કર્મોના ગુણ-દોષ થી દબાતો નથી.

કોઈ પુરુષ -જયારે,મનથી નગરને રચે છે અને તેને શણગારે છે,ત્યારે તે  'લીલા-માત્ર' થી કંઈક સુખ પામે છે.
છતાં-તે 'આ સુખ સાચું નથી અને ગ્રહણ કરવા યોગ્ય નથી,મેં કશું કર્યું જ નથી-આ તો મન ની આ લીલા છે'
એમ સમજી તે સુખ થી લેપાતો (આસક્ત થતો) નથી.
અને પછી તે મનથી જ બનેલા નગરને નષ્ટ કરી નાખે છે,
અને એ નષ્ટ કરવાની  'લીલા-માત્ર' થી -નગર નષ્ટ થતાં કંઈક દુઃખ પામે છે-
ત્યારે પણ 'મન થી જે થયું છે તે નથી જ થયું' એમ સમજીને દુઃખથી પણ લેપાતો નથી.(અનાસક્તિ)

આ જ પ્રમાણે,જ્ઞાની પુરુષ પ્રત્યક્ષ રીતે કર્મો કરતો હોય,તો પણ 'આ સઘળું સ્વ-રૂપમાં કલ્પિત છે'
એવી બુદ્ધિને લીધે તે કર્મોમાં લેપાતો (આસક્ત થતો) નથી.
જગતમાં ના સઘળા પદાર્થોમાં ના -કેટલાક ત્યાજ્યતાથી -કે ગ્રાહ્યતાથી વ્યવહારમાં લેવામાં આવે,પણ,
તે પદાર્થોમાં દુઃખનું કોઇ પણ કારણ નથી,કારણકે,કોઇ પણ પદાર્થ-એ અવિનાશી આત્મા થી જુદો નથી.
માટે તે પદાર્થ ત્યાજવા યોગ્ય નથી કે ગ્રહણ કરવા પણ યોગ્ય નથી.
અને આમ હોવાથી આત્મા એ અકર્તા અને અભોક્તા છે.પણ
આત્મામાં જે કર્તા-પણું જોવામાં આવે છે તે-ખોટી રીતે કેવળ 'આરોપિત' જ કરવામાં આવેલું છે.

'દેહધારી થી સઘળાં કર્મોનો ત્યાગ બની શકે જ નહિ'એ 'ન્યાય' પ્રમાણે,જ્ઞાની પુરુષ માટે પણ -ભોજન-વગેરે
આવશ્યક ક્રિયાઓનો (કર્તવ્ય-કર્મનો) ત્યાગ બની શકે નહિ,પણ આત્મ-જ્ઞાનના પ્રભાવ ને લીધે,
'આ ક્રિયાઓ (કર્મો) વાસ્તવિક રીતે છે જ નહિ' એમ જ્ઞાની પુરુષ સમજે છે,'અનાસકત'રહે છે.
માટે જ્ઞાનીને કર્તા-પણું કે ભોક્તા-પણું પ્રાપ્ત થતું નથી.
'આત્મ-તત્વ' નો યથાર્થ વિચાર કરતાં,કોઈ ક્રિયાઓ જ નથી,તો કર્તા કે ભોક્તા-પણું ક્યાંથી હોય?
જેમનું મન સંસારમાં આસક્ત નથી તેમને બંધન પણ નથી કે મોક્ષ પણ નથી.

જ્ઞાનીને યથાર્થ રીતે સઘળું આત્મસ્વરૂપ જ જોવામાં આવે છે,માટે જ્ઞાની પુરુષ પોતાની દૃષ્ટિથી,કોઈ પણ
પદાર્થમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરતો નથી.કે કોઈ પદાર્થ માં બે-પણું કે એક-પણું ગણતો નથી,
તે તો એમ જ સમજે છે કે 'આત્મ-તત્વ સઘળી શક્તિઓવાળું હોવાને લીધે,તે જ આ પ્રવૃત્તિ-નિવૃત્તિ દેખાડે છે'
જ્ઞાનીને સ્વરૂપ થી ભિન્ન કોઈ દૃષ્ટિ હોતી નથી,પણ અજ્ઞાનીઓ - ભ્રાંતિથી તે જ્ઞાનીઓમાં 'તેવી ભિન્ન દૃષ્ટિ છે'
એમ પ્રતીત કરે  છે.બંધન-મોક્ષ -આદિની પ્રતીતિ-રૂપ દુઃખ અજ્ઞાનને લીધે જ છે,અને જ્ઞાનથી તે ટળી જાય છે.

હે,રામ આ જગતમાં મોક્ષ પણ કલ્પિત હોવાને લીધે,મિથ્યા છે,અને બંધન પણ કલ્પિત હોવાને લીધે મિથ્યા છે.
એટલે કે બંધન-મોક્ષ એ એક કલ્પના છે.(કલ્પવામાં આવેલા છે)
આથી તમે સર્વ કલ્પનાઓનો ત્યાગ કરી દઇ,અહંકારથી રહિત થઇ,ધીર થઇ,
<u>વ્યવહાર કરવા છતાં,પણ 'અનાસકત' થઇ</u>,બુદ્ધિ થી આત્મામાં નિષ્ઠા રાખીને પૃથ્વી પર રહો.

## <u>(૩૯) રામને પ્રબોધ કરવા વસિષ્ઠ નો વિચાર</u>

રામ કે છે કે-હે,ભગવન,આમ છે તો એક અને નિર્વિકાર એવા બ્રહ્મ માં ભીંત વગરના ચિત્ર જેવી આ સૃષ્ટિની
ઉત્પત્તિ ક્યાંથી થઇ? (નોંધ-રામનો આ પ્રશ્ન અનેક વખત પુનરાવર્તન થાય છે,માટે જ પુનરાવર્તન થતી જ્ઞાનની
વાત વારંવાર અહીં આવે છે,સંતો કહે છે પુનરાવર્તન એ દોષ નથી,પણ સત્ય ને સારી રીતે મન ની અંદર ઠસાવવા
એક ની એક વાત વારંવાર,થોડીક જુદીજુદી રીતે પુનરાવર્તન થી કહેવામાં આવે છે
વળી એક સાથે બધું એક દિવસમાં કહેવામાં આવ્યું નથી -અમુક  દિવસો સુધી અહીં વાર્તાલાપ થયેલો છે)

વસિષ્ઠ કહે છે કે-હે,રાજકુમાર,જે બ્રહ્મ-તત્વ છે તે જ આ જગત-રૂપે દેખાવ આપે છે.તે બ્રહ્મ સર્વ-'શક્તિ'માન છે,
એટલા માટે-કાર્ય-પણું,કારણ-પણું,એક-પણું,અનેક-પણું,આદિ-પણું,અંત-પણું વગેરે -
<u>સઘળી 'શક્તિઓ' બ્રહ્મમાં દેખાય છે.અને જે 'શક્તિઓ' છે તેઓ પણ બ્રહ્મ જ છે,બીજું કોઇ નથી.</u>
પરમાત્મા (બ્રહ્મ) પોતાના ચૈતન્ય-પણાને લીધે,જીવ-પણા ને પ્રાપ્ત થઇ,કર્મમય,વાસનામય અને મનોમય
'શક્તિઓ'ને એકઠી કરે છે,દેખાડે છે,ધારણ કરી રાખે છે,ઉત્પન્ન કરે છે અને નાશ કરે છે.
સઘળા જીવોની,સઘળા દેખાવોની,અને સઘળા પદાર્થોની ઉત્પત્તિ સદા બ્રહ્મ થી જ થયા કરે છે,અને
બ્રહ્મ માં જ સમાઈ જાય છે.(સમુદ્રના તરંગો ની જેમ)

રામ કહે છે કે-હે,ભગવન,આપનાં વાક્યોનો સંદર્ભ,પરસ્પર થી અત્યંત વિરુદ્ધ જણાય છે,આથી તેનો અભિપ્રાય મારા સમજમાં આવતો નથી.જેને (જે બ્રહ્મને) ઇન્દ્રિયો પહોંચી શકતી નથી એવું તે ચૈતન્યાત્મક બ્રહ્મ ક્યાં? અને જડ-રૂપ આ પ્રપંચ ની રચના ક્યાં? ચૈતન્ય માંથી જડ ઉત્પન્ન થાય છે તેમ કહેવું જ સંભવતું નથી,
અને જો આ પ્રપંચ બ્રહ્મ થી જ થયો હોય તો, બ્રહ્મ જેવો જ હોવો જોઇએ.
'જે જેમાંથી ઉત્પન્ન થયું હોય તે તેવું જ હોવું જોઇએ' એવો નિયમ સામાન્ય રીતે દેખાય છે.
જેમ કે દીવામાંથી ઉત્પન્ન થયેલો દીવો દીવા જેવો જ દેખાય છે,પુરુષ થી ઉત્પન્ન થયેલો પુરુષ-પુરુષ જેવો જ દેખાય છે,ધાન્યમાંથી ઉત્પન્ન થયેલું ધાન્ય-એ ધાન્ય જેવું જ દેખાય છે.
આમ છે તેથી,પ્રપંચ જો નિર્વિકાર બ્રહ્મ થી ઉત્પન્ન થયો હોય તો,તે નિર્વિકાર જ હોવો જોઇએ.પણ જડ હોવો જોઇએ નહિ.પણ પ્રપંચ તો જડ છે ને પરમાત્મા થી જુદો છે.
આથી નિષ્કલંક પરમાત્મા માં -જડ પદાર્થની ઉત્પત્તિ-રૂપ-કલંક પ્રાપ્ત થાય છે -એવું શું ના કહી શકાય?

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,જે કંઇ આ જગત દેખાય છે તે બ્રહ્મ જ છે.અને બ્રહ્મ માં કોઈ પ્રકારનો મેલ છે જ નહિ.
જેમ,સમુદ્રમાં તરંગોના સમૂહ-રૂપે જળ જ સ્ફુરે છે,પણ ધૂળ સ્ફુરતી નથી,
તેમ,બ્રહ્મમાં પ્રપંચ-રૂપે ચૈતન્ય જ સ્ફુરે છે,પણ,જડ (પ્રપંચ) સ્ફુરતું નથી જ.
બ્રહ્મમાં ચૈતન્ય-પણ વિના બીજી કોઈ કલ્પના નથી.

રામ કહે છે કે-હે,બ્રહ્મન,બ્રહ્મ તો દુઃખ-રહિત છે,ત્યારે બ્રહ્મ થી ઉત્પન્ન થયેલું જગત દુઃખ-મય જ છે,માટે બ્રહ્મની અને જગતની એકતા હોવી જોઇએ નહિ.આમ છતાં આપ એકતા કહો છો,તે મારાથી સમજાતું નથી.

વસિષ્ઠ અને રામ નો આ સંવાદ જ્યાં થાય છે ત્યાં વાલ્મીકિ પણ બેઠા છે,અને (હવે) વાલ્મીકિ લખે (કહે) છે કે-
આ પ્રમાણે રામચંદ્રજીએ શંકા વ્યક્ત કરી ત્યારે મુનિવર વસિષ્ઠજીએ રામને ઉપદેશ કરવાના સંબંધમાં એવો વિચાર કર્યો કે-હજી આ રામની બુદ્ધિ 'અત્યંત પ્રફુલ્લિત' થઇ નથી,પણ કંઇક થોડે અંશે માત્ર નિર્મળ થયેલી છે, તેથી તે જગત સંબંધી તર્કોમાં તણાતી જાય છે.(અને બ્રહ્મ માં જગત-રૂપી દોષ વિષે વિચારે છે) પણ,
જે પુરુષ બ્રહ્મ-વિચારમાં પ્રવીણ થયો હોય,જાણવાનું જાણી ચુક્યો હોય,અને
જે પુરુષ,વિવેક ના બળથી,મોહ ના ઉપાય-રૂપ એવી વાણી થી પાર પહોંચ્યો હોય,તે પુરુષની દ્રષ્ટિથી તો બ્રહ્મ માં કોઈ દોષ નથી.કારણકે ચૈતન્ય-રૂપી પર-બ્રહ્મ માં ક્યાંય જગત-રૂપી મેલ છે જ નહિ.

આ વિષય જ્યાં સુધી રામને ચોખ્ખે ચોખ્ખો કહેવામાં આવશે નહિ,ત્યાં સુધી રામને વિશ્રાંતિ (શાંતિ) મળશે નહિ,પરંતુ રામની બુદ્ધિ હજી સુધી પૂર્ણ રીતે પ્રવીણ (વ્યુત્પન્ન) થઇ નથી,માટે રામની પાસે ચોખ્ખે ચોખ્ખી વાત કહી દેવી અનુકૂળ પડે તેમ નથી. રામ હજી ભોગ-દૃષ્ટિ થી જ દ્રશ્યો (જગત) ની ભાવના કરે છે.
એટલે તેમનો બોધ (જ્ઞાન) માં પ્રવેશ થતો નથી.
જેને બ્રહ્મ-દૃષ્ટિ થઇ હોય તેને ભોગ ની ઈચ્છા થાય જ નહિ.અને જયારે આવી ભોગ ની ઈચ્છા ના રહી હોય, ત્યારે જ "સઘળું બ્રહ્મ છે" એવા સિદ્ધાંત નો ઉપદેશ કરવો યોગ્ય છે.

પ્રથમ તો ગુરુએ શમ-દમ-આદિ ગુણો થી શિષ્ય ને શુભ (પવિત્ર કે ચોખ્ખો) કરવો જોઈએ,અને પછી -
'સઘળું બ્રહ્મ છે-અને તું પણ શુદ્ધ બ્રહ્મ છે' તેવો બોધ કરવો જોઈએ.જે શિષ્ય અર્ધું સમજેલો હોય તેને આવો બોધ આપવાથી ગુરૂ તે શિષ્ય ને મોટા નર્કોના સમુહમાં જ નાખે છે.
જેને ભોગોની ઈચ્છા ટળી ગઈ હોય,મનોરથો રહ્યા ન હોય,અને જેની બુદ્ધિ વ્યુત્પન્ન (પ્રવીણ) થયેલી હોય,
તેવા મહાત્મા શિષ્ય ને જ 'સઘળું બ્રહ્મ છે-બ્રહ્મમાં અવિધા-રૂપી મેલ છે જ નહિ' એમ ઉપદેશ કરવો યોગ્ય છે.
શિષ્ય ની બુદ્ધિની પરીક્ષા કર્યા વગર જે ગુરૂ તેને બોધ આપે છે,
તે મૂઢ-બુદ્ધિવાળો ગુરૂ જ જગતનો પ્રલય થતાં સુધી નર્ક માં પડ્યો રહે છે.
એટલે વસિષ્ઠે હવે આવા પ્રકારનો કંઇક વિચાર કરીને રામને કહ્યું.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,બ્રહ્મમાં "પ્રપંચ" નું  "કલ્પના-રૂપ-કલંક" છે કે નહિ-તે વાત તમે પોતાની મેળે જ સમજશો.અને જો હાલ નહિ સમજો તો તે વિષયે,સિદ્ધાંત ના સમયમાં (પછી આવતા નિર્વાણ પ્રકરણમાં) કહેવામાં આવશે,
હમણાં કહેવામાં આવશે નહિ.હમણાં તો તમે એટલું જ સમજો કે-
"બ્રહ્મ એ સઘળી શક્તિઓ-વાળું છે,સર્વ-વ્યાપક છે અને જે સર્વ છે તે હું જ છું"

જેમ, તમે કેટલાક ઇન્દ્રજાળ (જાદુ) કરનાર લોકોને જોયા હશે કે જેઓ માયાથી વિચિત્ર ક્રિયાઓ કરીને સાચાનું ખોટું અને ખોટાને સાચું કરી દે છે,
તેમ,આ આત્મા પણ માયાથી રહિત હોવા છતાં,પણ "માયાવી" જેવો છે,અને તે મોટી ઇન્દ્રજાળ કરનારો છે,
-તે ઘડાને કપડું કરી નાખે  છે અને કપડાંને ઘડો કરી નાખે છે,
-પથ્થર માં લતાને ઉત્પન્ન કરે છે અને લતામાં પથ્થર ને ઉત્પન્ન કરે છે,
-કલ્પ-વૃક્ષોમાં રત્નો ઉત્પન્ન કરે છે અને ગંધર્વ-નગર (ભ્રાંતિથી જણાતું નગર)માં બગીચાની પેઠે -
આકાશમાં વાડી બનાવે છે,આમ,તે ભવિષ્ય ના આકાશમાં કલ્પનાથી નગર-પણું કરી દે છે.

પરમાત્મા પોતે જ માયા (અહીં મન) થી વિચિત્રતા પામીને સર્વ દ્રશ્યો (જગત)-રૂપે
પોતાનો જ દેખાવ આપે છે,એટલા માટે સર્વ સ્થળોમાં -સર્વ પ્રકારોથી-સઘળું જગત પૂર્ણ-રૂપે સંભવે છે.
પણ વાસ્તવિક (સત્ય) રીતે તે "એક" જ વસ્તુ (બ્રહ્મ) છે.

તો,હે,રામ,હવે હર્ષ-ક્રોધ-કે વિસ્મય નો અવકાશ જ ક્યાંથી બાકી રહ્યો?
આથી ધીરજ-વાળા પુરુષે સર્વદા સમતાથી જ રહેવું જોઈએ.સમતા થી સંયુક્ત થયેલો જ્ઞાની પુરુષ કદી પણ,
વિસ્મય-ગર્વ-મોહ-હર્ષ-તથા ક્રોધ-વગેરે વિકારોને પ્રાપ્ત થતો જ નથી.
જો સમતા પ્રાપ્ત ના થાય તો-આ દેશ-કાળ-વાળા જગતમાં વિચિત્ર રચનાઓ જોવામાં આવે છે.

જેમ,સમુદ્ર,કોઈ યત્ન વગર જ પોતામાં તરંગો ની રચના કરે છે,અને ઉત્પન્ન થયેલી રચના (તરંગો) નો તિરસ્કાર કરતો નથી,તેમ,આત્મા (પરમાત્મા) યત્ન વગર જ પોતામાં બ્રહ્માંડોની રચના કરે છે,અને ઉત્પન્ન થયેલી રચના (બ્રહ્માંડો-જગત-વગેરે) નો તિરસ્કાર કરતો નથી.
આથી સિદ્ધ થયું છે કે-જેમ દૂધમાં ઘી રહ્યું છે,જેમ માટીમાં ઘડો રહેલો છે,જેમ તંતુમાં વસ્ત્ર રહેલું છે અને જેમ બીજમાં વડ રહેલો છે-તેમ આત્મા માં જ સઘળી 'શક્તિઓ' રહેલી છે.અને તે પ્રગટ થઇ વ્યવહારમાં આવે છે.

આ જે "વ્યવહાર-દૃષ્ટિ " કહી છે તે એક જાતની કલ્પના જ છે.વાસ્તવિક રીતે જોતાં જગત એ તરંગો ની પેઠે રચાયેલું જ નથી,માટે જગતમાં કોઈ કર્તા-ભોક્તા નથી અને જગતનો વિનાશ પણ નથી.
કેવળ આત્મ-તત્વ 'સાક્ષી' છે,નિષ્કલંક છે અને સમતાને લીધે કોઈ ગરબડ નહિ પામતાં પોતાના સ્વ-રૂપ માં જ રહેલું છે.એ આત્મ-તત્વ ની સત્તાથી જ સઘળો પ્રપંચ બને છે.

જેમ,દીવાની સત્તાથી પ્રકાશ પોતાની મેળે જ થાય છે,જેમ સૂર્યની સત્તા થી દિવસ પોતાની મેળે જ થાય છે,
અને જેમ પુષ્પ ની સત્તાથી સુગંધ પોતાની મેળે જ થાય છે-
તેમ આત્મા ની સત્તાથી જગત પોતાના મેળે જ થયું છે.
આ જગત આભાસ-માત્ર જ છે અને દેખાયા કરે છે,-એટલું જ છે,પણ તે બ્રહ્મ ની સત્તાથી જુદી સત્તા-વાળું નથી.

જેમ,વાયુ નું ચલન વાયુ થી ભિન્ન પણ નથી,અને અભિન્ન પણ નથી
તેમ આ જગત બ્રહ્મ થી ભિન્ન પણ નથી અને અભિન્ન પણ નથી-
પરંતુ અનિર્વચનીય (નિરૂપણ ના થઇ શકે તેવું) છે,

જગત આત્મા ના સામીપ્ય-માત્ર થી પ્રગટ થાય છે અને તેના દોષોનો આત્માને વાસ્તવિક રીતે કોઈ લેપ નથી,
તે છતાં,આત્મા જાણે જગત નો કર્તા-હર્તા હોય,એમ આપણા 'અજ્ઞાન' ને લીધે જ જણાય છે.

આમાં (અહીં) કેવળ (માત્ર) એટલું જ સમજવાનું છે કે-
જેમ,પુષ્પો જેવા તારાઓ આકાશમાં કોઈ વખતે પૂર્ણ રીતે પ્રગટ થાય છે,
કોઈ વખતે થોડા તો કોઈ વખતે પ્રગટ થતાં જ નથી,
તેમ, આત્મા માં આ બ્રહ્માંડો અજ્ઞાન ના સમયમાં પૂર્ણ પ્રગટ થાય છે,જ્ઞાન ની ઉત્પત્તિ ના સમયમાં
થોડાં પ્રગટ થાય છે,અને જ્ઞાનના  પૂર્ણ (પુખ્ત) સમયમાં (તે બ્રહ્માંડો) પ્રગટ થતાં જ નથી.

જે પદાર્થ,આત્મા થી જુદી સત્તા-વાળો હોય તેનો નાશ થવો સંભવે,
પણ જે પદાર્થ (જગત) આત્માની સત્તાથી જુદી સત્તાઓ વાળો ના હોય -તેનો નાશ થવો કેમ સંભવે?
માટે જો જગતને ઉત્પન્ન થયેલું માનીએ-તો-આત્મા થી જ ઉત્પન્ન થયેલું અને આત્મા ની સત્તા થી ઉત્પન્ન થયેલું,
માનવું જોઇએ.(પણ) વાસ્તવિક રીતે જોતાં જે પદાર્થ (અહીં બ્રહ્મ) ની સત્તા થી જુદી સત્તાવાળો
બીજો કોઈ પદાર્થ (અહીં જગત) ના હોય,તો તેની ઉત્પત્તિ માનવી એ 'અયોગ્ય' છે.
એટલા માટે જગત ની ઉત્પત્તિ થઇ જ નથી.

આમ,હોવાથી સમજવાનું એ છે કે-બીજી કોઈ સામગ્રીથી નહિ પણ,
--'સત્-ચિત્ત-સ્વ-રૂપ' ના બળ (શક્તિ) થી જ સર્વ પદાર્થો (જગત-વગેરે) નો 'દેખાવ' થાય છે,
--આવો દેખાવ થતાં જ આત્માને તે તે પદાર્થોમાં 'અભિમાન' (અહં) નો ઉદય થાય છે
--કે જે 'અભિમાન' કાળે કરીને (સમય જતાં) દૃઢ થાય છે,અને
--એ 'અભિમાન નું  દૃઢ-પણું' થતાં તરત જ 'સંસાર-રૂપી વૃક્ષ' વિસ્તીર્ણ અને ઉન્નત (ઊંચું) થાય છે.
હે,રામ,આ 'સંસાર-રૂપી-વૃક્ષ' ને 'વિવેક-રૂપી-ખડગ' થી કાપી નાખીને તમે જીવન-મુક્ત થાઓ.
(નોંધ-અહીં જો જરા ઊંડાણ થી વિચાર કરવામાં આવે તો-ટૂંકમાં માત્ર સહેલાઈથી સમજવા માટે જ -
એક જ પરમાત્મા (બ્રહ્મ) માં જે બળ (શક્તિ) બતાવી છે તેને જ 'માયાની -શક્તિ' તરીકે સમજી શકાય? ?
'એક' માં જ ભેદ (બે-દ્વૈત નો) ની કલ્પના કરીને 'અહં' ની ઉત્પત્તિ બતાવી છે.
એટલે બીજી રીતે એમ કહી શકાય કે-બે ના સતત સાતત્ય થી તેઓમાં બિંબ-પ્રતિબિંબ ની ક્રિયા થાય છે,
અને જેના લીધે 'હું' (અહં) ની ઉત્પત્તિ થાય છે,કે જે કાળે (સમયે) કરીને ગાઢ થવાથી,જગત બને છે)

## (૪૦) જીવ અને ઉપાધિ નું બ્રહ્મ-પણું

રામ કહે છે કે-હે,પ્રભુ,બ્રહ્મના સ્વરૂપમાંથી આ જીવો ની ઉત્પત્તિ કેમ થઇ છે? એ ઉત્પત્તિ કેટલા પ્રમાણ વાળી
છે? અને કેવા પ્રકાર ની છે તે આપ વિસ્તારથી કહો.

વસિષ્ઠ કહે છે કે-પરબ્રહ્મ ની 'ચૈતન્ય-શક્તિ' પોતાની ઇચ્છાથી 'કલ્પના' કરવા લાગતાં,
--પોતે સર્વ-શક્તિમાન હોવાને કારણે-'ભવિષ્ય ના આકારોના સ્ફૂરણ-રૂપે' ગોઠવાય છે,પછી-
--એ 'સૂક્ષ્મ સ્ફૂરણ-ચૈતન્ય-શક્તિ' ઘાટા-પણાને પ્રાપ્ત થઇ કંઈક વધારે 'કલ્પના' કરવા લાગે છે-ત્યારે
--તે 'મન-રૂપે' ગોઠવાય છે.અને આ 'મન' એ 'જીવ' ની 'ઉપાધિ-રૂપ' કહેવાય છે.
આ જ 'મન' પોતાની 'બ્રહ્મ-રૂપ-પણા'ની સ્થિતિને જાણે છોડી દેતું હોય તેવું થઇને,પોતાના 'સંકલ્પ-માત્ર'થી
જરા વારમાં જ ગંધર્વ નગર (ભ્રાંતિ થી થતું નગર) જેવા મિથ્યા દૃશ્ય (જગત)ને બનાવે છે.

આમ,સૃષ્ટિ બનવાના આરંભમાં (શરૂઆતમાં)
--ચૈતન્ય (બ્રહ્મ)-એ સ્વયં-પ્રકાશ હોવા છતાં પણ 'શૂન્ય' જેવું પ્રતીત થાય છે.
(શૂન્ય જેવું અનુભવમાં આવે છે) કે જેને  'આકાશ' કહેવાય છે.

--'મન-રૂપ-ચૈતન્ય' (મન બનેલું તે ચૈતન્ય) પોતાની અંદર જ પોતે જ બનાવેલા એ આકાશમાં
'બ્રહ્મા' નો સંકલ્પ કરીને પોતાને જ 'બ્રહ્મા' થયેલું દેખે છે.અને
--તે 'બ્રહ્મા' -એ પ્રજાપતિઓ (દક્ષ-વગેરે) સહિત 'જગત' ની કલ્પના કરે છે.
(નોંધ-અહીં બ્રહ્મ (ચૈતન્ય) અને બ્રહ્મા નો ભેદ સમજવો જરૂરી છે)

હે,રામ,ચૌદ લોકમાં રહેનારા અનેક પ્રાણીઓના કોલાહલ થી ઘૂઘવતી આ 'સૃષ્ટિ' એ મન ની જ બનાવેલી છે,
મન-રૂપ જ છે અને તે સૃષ્ટિ પોતાની સત્તાથી રહિત છે.
આ સૃષ્ટિ એ સંકલ્પ થી ઉઠેલી નગરી જેવી છે,ભ્રાંતિ-માત્ર છે,
અને અધિષ્ઠાન થી જરા પણ છૂટી પાડી શકાય તેમ નથી

સૃષ્ટિ બનવાના આ પ્રપંચમાં
--પ્રાણીઓ ની કેટલીક જાતિઓ મોટા મોહમાં પડેલી છે,
--કેટલીક જાતિઓને જ્ઞાન પ્રાપ્ત થયું છે, તો
--કેટલીક પ્રાણીઓની જાતિઓ મોક્ષ ને માટે યત્ન કરવા છતાં પણ વૈરાગ્યની દૃઢતા નહિ હોવાને લીધે,
વારંવાર વચમાં જ ભ્રષ્ટ થઇ જાય છે,

પૃથ્વીમાં રહેનારી પ્રાણીઓની જાતિઓમાં જે 'મનુષ્ય-જાતિ' છે તે 'બ્રહ્મ-વિધા' ના ઉપદેશનું પાત્ર છે-
કારણકે-એ મનુષ્ય-જાતિ ઘણી ચિંતા-વાળી છે,દુઃખોથી ઘેરાયેલી છે.
મોહ-દ્વેષ-ભય થી છુટકારાની આતુરતા ને લીધે,તે મનુષ્ય-જાતિમાં 'વૈરાગ્ય' થવાનો સંભવ છે.
પણ તે જાતિઓમાં 'તમોગુણ' વાળાં મનુષ્યો -અત્યંત આસકત હોવાથી તો વૈરાગ્ય ના ઉપદેશને પાત્ર જ નથી.

એટલા માટે તેમના (તે તમોગુણ વાળા મનુષ્યો ને વૈરાગ્ય નો બોધ આપવાના) નિરૂપણને છોડી દઈને,
સત્વગુણ અને રજોગુણ વાળાં મનુષ્યોને બોધ આપવાનું આગળ (પછીથી) હું નિરૂપણ કરીશ.

વળી જે પર-બ્રહ્મ આદિથી અંત થી તથા ભ્રાંતિ થી રહિત છે,સર્વ-વ્યાપક અને નિર્દોષ હોવા છતાં,
તે જે રીતે 'જીવ-રૂપ' થયું છે તેનું નિરૂપણ પણ આગળ (પછી થી) કરીશ.
આ ઉપરાંત,તે અવિચળ સ્વ-રૂપ-વાળા પરમાત્માના 'એક પ્રદેશ'માં 'જીવ-રૂપે-ચંચળતા' થઇને
તે શી રીતે ધાટી થાય છે,તે પણ હું આગળ ના પ્રકરણ માં (પછીથી) કહીશ.

રામ પૂછે છે કે-પરમાત્મા અખંડ અને પૂર્ણ છે,તો તેમાં 'પ્રદેશ' નું હોવા-પણું સંભવે જ કેમ?
એ પરમાત્મામાં વિકારનો સંભવ અને બીજા પદાર્થ નું સંક્રમણ ઘટે જ કેમ?

વસિષ્ઠ કહે છે કે-જીવની અને બ્રહ્મ ની એકતા વાસ્તવિક છે.
તે વિષયમાં શિષ્યો ની બુદ્ધિને વ્યુત્પન્ન (સમજાવવા) કરવા માટે
એ પરમાત્મા ના 'એક પ્રદેશ' માં ચલન થવા -વગેરે ને 'વ્યવહાર' શાસ્ત્રમાં 'કલ્પેલો' છે.
એટલે વાસ્તવિક રીતે તેમાં કશો વિરોધ હોઈ (કે થઇ) શકે જ નહિ.

'જગત -એ-બ્રહ્મ-રૂપ-નિમિત્ત થી અને બ્રહ્મ-રૂપ-ઉપાદાન થી થયું છે'
વગેરે વચનો ની રચના શાસ્ત્રના વ્યવહાર માટે જ છે,પણ વાસ્તવિક રીતે નથી.
વિકારી-પણું,અવયવી-પણું,દિશાઓ તથા એક પ્રદેશ -વગેરે પ્રકારો પ્રત્યક્ષ જોવામાં આવે છે,
તો પણ આત્મ-રૂપ માં તે સંભવતા નથી.

પરમાત્મા માં 'ચૈતન્ય ના પ્રકાશ' વિના બીજી કોઈ કલ્પના છે નહિ અને થશે પણ નહિ.
અને આમ છે તો-પછી-કાર્ય (ક્રિયા કે કર્મ) શબ્દ નો અર્થ અને બીજી વ્યવહાર સંબંધી વાતો તથા કલ્પનાઓ તેમાં ક્યાંથી આવે?
અહીં જે જે કલ્પના,જે જે શબ્દ,જે જે અર્થ અને જે જે વાક્યો છે,તે સઘળાં બ્રહ્મ થી થયાં છે અને બ્રહ્મ-મય જ છે.માટે બ્રહ્મ થી અતિરિક્ત (શૂન્ય કે ભિન્ન) કશું છે જ નહિ એમ સમજવું.

જેમ અગ્નિ થી ઉત્પન્ન થયેલો અગ્નિ એ અગ્નિ જ છે,તેમ જે પદાર્થ જેમાંથી ઉત્પન્ન થયો હોય તે,તે જ હોય છે,
'આ ઉત્પન્ન કરનાર છે અને આ ઉત્પન્ન થયેલો છે' એ બધું કેવળ ભેદ(દ્વૈત) ની કલ્પના કરીને કહેવામાં આવે છે.
જગતમાં 'અમુક પદાર્થ -એ અમુક પદાર્થમાંથી ઉત્પન્ન થયેલો છે' એમ જે વ્યવહાર ચાલે છે,
તે તો એક પદાર્થમાં પોતાનાં અનેક રૂપ બતાવવાની જે 'ક્રિયા-શક્તિ' છે-તેનો જ એક જાતનો ચમત્કાર છે.
માટે જ જે એક પદાર્થ છે,તે જ 'ઉત્પન્ન કરનાર અને ઉત્પન્ન થયેલો' એમ ભાસે છે.

'આ પદાર્થ જુદો  છે અને એ પદાર્થ જુદો છે'
એ રીત નો 'નામ-રૂપ-નો-વ્યવહાર-રૂપ-શ્રમ' કેવળ "બોલવા માત્ર"માં છે.પણ પરમાત્મામાં નથી.
જો તે-પરમાત્મામાં હોય તો પરમાત્માનું અખંડ-પણું તૂટી જાય છે!!
મન એ 'ક્રિયા-શક્તિ' થી ઉત્પન્ન થયેલું છે,અને મન ની 'શક્તિ' થી નામ-રૂપ નો વ્યવહાર ચાલે છે.
કે જે વ્યવહાર દૃઢ થવાથી-જ-બીજો જોઇતો વ્યવહાર ઉત્પન્ન થાય છે.

જેમ,અગ્નિ ની એક શિખા (જ્વાળા) માંથી બીજી શિખા ઉત્પન્ન થઇ' એવું બોલવું,
એ એક જાતની 'બોલવાની વિચિત્રતા' જ છે,
તેમ,'પરમાત્મા માંથી અમુક ઉત્પન્ન થયું કે પરમાત્માએ અમુક ઉત્પન્ન કર્યું' વગેરે -જે-કહેવામાં આવે છે,
તે પણ એક જાતની,'બોલવાની વિચિત્રતા' જ છે,પણ તેના અર્થમાં કંઇ સત્યતા નથી.
પરમાત્મા 'એક' જ છે,અને 'પૂર્ણ' છે,તો તે કયા પદાર્થને ઉત્પન્ન કરે કે કેમ ઉત્પન્ન કરે?
એકમાંથી બીજાની અને બીજામાંથી ત્રીજાની ઉત્પત્તિ થવાનું કહેવાનું એ એક જાતનો વાણી નો સ્વભાવ જ છે,
પણ આમ કહેવાથી,મૂળ તત્વ (એક-કે અદ્વૈત) માં કોઈ ભેદ (બે-કે-દ્વૈત) વગેરે પ્રાપ્ત કરી શકાય નહિ.

પર-બ્રહ્મ માં જે નામ-રૂપો જોવામાં આવે છે તે સર્વ 'બ્રહ્મ' જ છે એમ વિદ્વાનોએ નિશ્ચય કર્યો છે.
જીવ બ્રહ્મ છે,મન બ્રહ્મ છે,મન ની વૃત્તિઓ બ્રહ્મ છે,સઘળા પદાર્થો  બ્રહ્મ છે,તે તે 'પદાર્થો ના નામો' બ્રહ્મ છે,
ઈશ્વર (પરમાત્મા) બ્રહ્મ છે અને અહંકાર તથા પંચમહાભૂતો વગેરે તત્વો પણ બ્રહ્મ છે.
ટૂંકમાં આ સઘળું જગત બ્રહ્મ છે,અને તેમ છતાં જેમ દોરડીથી સર્પ ન્યારો (જુદો) છે,તેમ જગત થી બ્રહ્મ ન્યારું છે.
એટલે,વાસ્તવિક રીતે જગત છે જ નહિ,પણ જે કંઇ છે તે બ્રહ્મ જ છે.

પરમાત્મામાં 'આ પદાર્થ જુદો છે ને તે પદાર્થ જુદો છે'એવી રીતના વિભાગો કરીને બોલવું,
એ એક જાતની અજ્ઞાન-રૂપ ભ્રાંતિ જ છે.વાસ્તવમાં તો તે બોલવામાં પણ શું સત્યતા છે?
જેમ અગ્નિમાં અને શિખા માં ભેદ નથી તેમ બ્રહ્મ અને જગતમાં ભેદ નથી.તે છતાં જે ભિન્ન ભિન્ન કલ્પનાઓ થઇ છે,તે સઘળી મનની ચપળતાથી જ થઇ છે.બ્રહ્મ નિત્ય-સિધ્ધ અને કૂટસ્થ (એક) છે તેમાં કોઈ પ્રકારનો ભેદ (દ્વૈત) સિધ્ધ થતો નથી.અજ્ઞાન-રૂપી દોષથી આત્મા માં પદાર્થો ના 'ભેદ નું જ્ઞાન' થાય છે,અને
તે (ભેદ ના જ્ઞાન) થી 'પદાર્થો જુદાજુદા છે' એમ કહેવામાં આવે છે.પણ એ સઘળું મિથ્યા જ છે.

બ્રહ્મ-સ્વ-રૂપ -એ-સર્વ-રૂપ છે,સર્વ-વ્યાપક છે,અને અંત વગરનું છે.તેનાથી જુદું કંઇ જ સંભવતું નથી.
બ્રહ્મ થી ઉત્પન્ન થયેલું જે 'માનવામાં' આવે છે તે પણ બ્રહ્મ જ છે.બ્રહ્મ-તત્વ વિના બીજું કંઇ હોવું સંભવતું નથી.
'જે કંઇ આ જગત છે તે બ્રહ્મ જ છે' એમ સમજવું તે જ વાસ્તવિક (સત્ય) છે.
હે,રામ,ઘણો-ખરો આવા પ્રકારનો  સિધ્ધાંત જયારે -તમારી બુધ્ધિમાં લાગુ થશે,

ત્યારે -જ તમારી પાસે (તમને) આ સિધ્ધાંત સંબંધી અનેક રહસ્યો કહેવામાં આવશે.

જગતમાં 'માયા' વગેરે કોઇ પણ પદાર્થો બ્રહ્મ થી ભિન્ન ઉત્પન્ન થયા નથી,તો પણ જયારે તમને તે વિષયનું અજ્ઞાન મટશે ત્યારે,સઘળાં રહસ્યો સંપૂર્ણ રીતે તમારા જાણવામાં આવશે.
જેમ, રાત્રિના અંધારા નો ક્ષય થાય ત્યારે,સ્થાવર-જંગમ-જગત સ્ફુટ (નરી આંખે) જોવામાં આવે છે,
તેમ,મિથ્યા પદાર્થો નો બાધ થાય ત્યારે,બ્રહ્મ-તત્વ યથાર્થ રીતે જાણવામાં આવે છે.

હે,રામ,જયારે અજ્ઞાનથી દૂષિત થયેલી દૃષ્ટિ વડે -જ આ સઘળું જગત સઘળી દિશાઓમાં વિસ્તીર્ણ (ફેલાયેલું) જોવામાં આવે છે-તેનો અને અજ્ઞાન નો જયારે નાશ થશે
ત્યારે 'નિર્મળ દર્પણ જેવા અને વાસ્તવિક સત્યતા-વાળા નિર્મળ પદમાં' તમને અખંડ નિર્મળતા જ જણાશે.
એ વાતમાં કશો સંશય નથી.

## (૪૧) અનિર્વચનીય માયા -એ અવિચારણીય અને ટાળવા યોગ્ય છે.

રામ કહે છે કે-હે,બ્રહ્મન,શીતલ,નિર્મળ,પ્રકાશમાન અને અત્યંત ગંભીર -એવી
આપની વિચિત્ર ઉક્તિઓ (વાક્યો) થી,
હું ક્ષણ-માત્રમાં અંધારામાં પડેલા જેવો થઇ જાઉં છું,અને ક્ષણ-માત્રમાં અજવાળામાં આવેલા જેવો થઇ જાઉં છું.

જેમ,ચોમાસામાં વાદળો ના આમતેમ ફરવાથી દિવસ જરાવારમાં અંધારાવાળો ને
જરા વારમાં અજવાળા-વાળા જેવો થઇ જાય છે,
તેમ હું પણ આપનાં વચનો ના અભિપ્રાય ને કંઇક સમજુ છું,ત્યારે પ્રકાશ-વાળો થાઉં છું,
અને તે વચનોમાં પરસ્પર વિરોધ આવવા ને લીધે,જયારે સંશયમાં પડી જાઉં છું-
ત્યારે અંધારા-વાળો થઇ જાઉં છું.

પરમાત્મા અનંત છે,કોઇ પ્રમાણો ના માપમાં આવે તેમ નથી,પૂર્ણ છે,એક છે,સ્વયં-પ્રકાશ છે અને
તેનો પરમાર્થ પ્રકાશ કદી બંધ નહિ પડે તેવો છે,તો તેમાં અ જગતની કલ્પના-રૂપ વિચાર કેમ આવ્યો?
એ સંશયમાં હું હજી પણ ગૂંચવાયા કરું છું.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આમ જે તમને થાય છે (આમ તમે જે વિચારો છો)
તે મારાં વાક્યોમાં દોષ હોવાથી થતો નથી-
પણ મારાં 'વાક્યો નું તાત્પર્ય નહિ સમજવા-રૂપ તમારા દોષ' થી જ થાય છે.

મારાં વાક્યો યથાર્થ છે.અને મુખ્ય વિષય પ્રત્યેના કોઇ પણ દોષ -વાળાં પણ નથી,
મુખ્ય વિષયના સંબંધ વગરનાં પણ નથી અને આગળ-પાછળના વિરોધ વાળાં પણ નથી.
જયારે તમારાં'જ્ઞાન-ચક્ષુ' નિર્મળ થશે,અને બોધનો ઉદય વિસ્તીર્ણ થશે (ફેલાશે)
ત્યારે પ્રાપ્ત થયેલ તમારા સ્વસ્થ-પણાથી
'મારાં આ વાક્યો તથા મારા વિચારો-બીજાઓનાં વાક્યો થી અને વિચારોથી કેટલાં પ્રબળ છે'
એ સંપૂર્ણ રીતે તમે જાણશો (સમજશો)

'બ્રહ્મ ના એક પ્રદેશમાં માયા છે અને તે માયાથી બ્રહ્મમાં આ જગત ઉત્પન્ન થયું છે'
એવાં મારા વાક્યો નો સંદર્ભ સાંભળી તમે ભ્રાંતિમાં પડી જાઓ નહિ.કારણકે-
શિષ્ય ને શાસ્ત્રાર્થની સમજણ ના માર્ગે ચડાવવા સારું,કેટલીક કલ્પિત વાતો પણ કરવી પડે છે.
આ કલ્પિત વાતો (માયા) એ 'અ-કલ્પિત સાચો પદાર્થ' (બ્રહ્મ) સમજાવવામાં ઉપાય-રૂપ થાય છે.

એટલા માટે આ પ્રક્રિયામાં (શિષ્ય ને સમજણ આપવાની પ્રક્રિયામાં) કેટલીક કલ્પિત-વાતો ની (માયાની) 'ગરબડ' ચલાવવી પડે છે.પણ જયારે તમે સત્ય તથા અત્યંત નિર્મળ પર-બ્રહ્મ ને જાણશો ત્યારે - તમને  માયાની કે જગત ની આ કલ્પિત વાતમાં કંઈ પણ ગરબડ-સ્વ-રૂપમાં પ્રતીત થશે નહિ.

માયા તથા જગત એ અવિધમાન (હકીકતમાં ના હોવા છતાં) હોવા છતાં પણ હજી તમારા મનમાં ઘૂમ્યા કરે છે-
તો તે માયા અને જગત ને ટાળી નાંખી ને તમારા મનમાં સાચી સમજણ ઠસાવવા માટે
"માયા અને જગત"નું સ્વરૂપ કહેવાની જરૂર છે,
અને તેથી તે કહેવા માટે જ મારે આ પ્રપંચ કહેવો (કરવો) પડે છે.

તમને બ્રહ્મ માં 'ભેદ'  (દ્વૈત-એટલેકે બ્રહ્મ અને માયા) હોવાની શંકા થાય છે,
પણ જ્યાં સુધી 'દ્વૈત નો અધ્યારોપ' (અદ્વૈત પર દ્વૈત નું આરોપણ)
ના સમજાયો હોય ત્યાં સુધી તેનો અપવાદ સમજાતો નથી-
માટે તે અધ્યારોપ કરવાને માટે જ -
બ્રહ્મ માં માયા તથા જગત હોવા વિષેનો 'વાક્ય-રૂપ-પ્રપંચ' મેં ઉઠાવેલો (બતાવ્યો કે કહ્યો) છે.
(નોંધ-કેટલી સરળતા થી સ્વીકાર કરેલો છે!!)

ઉપદેશ ના સમયમાં કાચા શિષ્યની પાસે પ્રક્રિયા-રૂપે આવી કલ્પિત વાતો કર્યા વિના છૂટકો જ નથી.
જો કે વિદ્વાનો ની દ્રષ્ટિથી "માયા કે જગત" -એ કંઈ છે જ નહિ
આત્મામાં માયા,વાસના કર્મ કે કલ્પના કંઈ છે જ નહિ.અને અત્યંત શુધ્ધ જે પર-બ્રહ્મ છે તે જ જગત છે"
આ વિચિત્ર-રૂપ વાળી વાત,ઘણી ઘણી યુક્તિઓથી 'સિધ્ધાંત ના સમયમાં' (પછી થી) કહેવાશે,
પણ હે,રામ,એટલે તો - હમણાં તો બ્રહ્મમાં માયા હોવાનો સ્વીકાર કરીને આગળ વાત ચલાવું છું.

માયા અને માયાથી થયેલી જગત એ બંને ખોટાં છે,છતાં પણ પરસ્પરની સહાયતાથી તેઓ બહુ જામી ગયાં છે.
તેમને તોડવાનું તથા તેમને તોડવાનાં સાધનોથી  યત્ન કરવાનું-
હમણાં ચલાવેલી આ પ્રક્રિયા (માયા અને જગતને હમણાં સાચું માનવાની પ્રક્રિયા)
વિના બની શકે તેમ નથી.

હે,,રામ,પિશાચ ની સ્થિતિ નું વર્ણન આપીએ ત્યારે જ પિશાચ નો અભાવ બાળક ના મનમાં ઠસાવી શકાય છે.
ખોટા પદાર્થો (માયા) ને નષ્ટ કરવામાં ખોટા ઉપાય (માયાને સાચું માનવાનો ખોટો ઉપાય) ની જ જરૂર છે.
જેમ, અસ્ત્ર થી અસ્ત્ર શાંત થાય છે,મેલ થી મેલ ધોવાય છે,ઝેર થી ઝેર ઉતરી જાય છે,શત્રુ થી શત્રુ હણાય છે-
તેમ,ખોટાં સાધનો થી જ ખોટી માયા ટળે છે.

જો કે 'કલ્પિત-પ્રક્રિયા-રૂપ-ઉપદેશ' પણ એક જાતનું 'માયાનું જ સ્વરૂપ' છે.
તો પણ એ માયાનું સ્વરૂપ એવું ઉત્તમ છે કે-
પોતાના નાશનો (માયાનો પોતાનો) ઉદ્યમ કરાવવાની ઇચ્છાથી,
જ્ઞાન ની માગણી કરે છે -કે જે જ્ઞાન સઘળા દોષો ને (માયા અને માયાથી થતા દોષોને) હરે છે.
આ જગત-રૂપે અનુભવમાં આવતી માયા,પોતાના નાશથી હર્ષ પામે તેવી છે.

આ માયાનો સ્વભાવ જાણી શકાતો નથી,કારણકે
તેને સૂક્ષ્મ-દૃષ્ટિ થી જ્યાં જોવા લાગીએ,ત્યાંથી તે (માયા) તરત જ જતી રહે છે.
એ જગત-રૂપ માયા વિવેક ને ઢાંકી દે છે,બીજાં અનેક જગતો ઉત્પન્ન કરે છે,અને તે છતાં 'તે કેવી છે ?'
એની ભાળ મળતી નથી (જાણી શકતી નથી)-એ ભારે આશ્ચર્ય  તો જુઓ !!

આ માયાની પરીક્ષા ના કરીએ ત્યાં સુધી -તે સ્ફૂર્યા કરે છે,પણ જેવી પરીક્ષા કરીએ કે તરત જ નષ્ટ થઇ જાય છે.
વળી,તેને -જો જાણી ના હોય ત્યાં સુધી સાચી રહીને મસ્તી કર્યા કરે છે.અને સાચી હોય એમ લાગ્યા કરે છે.
તે માયા આપણા જ્ઞાનને તોડી નાખે છે માટે બહુ વિચિત્ર છે.

'ભેદ વગરના 'આત્મ-સ્વ-રૂપ'માં તે માયા જીવ-દેહ-વગેરે ભેદો ને વિસ્તારી દે છે,
એટલે આવા અનેક ભેદ (માયા વાળા અનેક પુરુષો ના ભેદ) ને લીધે
પરમાત્મા 'પુરુષોત્તમ' (પુરુષમાં ઉત્તમ) કહેવાય છે.
જગત-રૂપ-ક્ષર પુરુષ અને જીવ-રૂપ-અક્ષર-પુરુષ -જો ના હોય તો પરમાત્મા પુરુષોત્તમ જ કેમ કહેવાય?

'આ માયા વાસ્તવિક રીતે છે જ નહિ' એવી દૃઢ ભાવના કરી,જયારે તમે તત્વ-વેત્તા થઈને સ્વ-રૂપ ને પ્રાપ્ત થશો,
ત્યારે જ તમને મારા આ કહેવાનો આશય જાણવામાં (સમજવામાં) આવશે.
પણ જ્યાં સુધી તમને પાકો બોધ થયો નથી,ત્યાં સુધી તમે <u>મારા વાક્યો પર વિશ્વાસ રાખીને</u>-
'માયા છે જ નહિ' એવો ભારે તથા અવિચળ નિશ્ચય રાખો.

આ જગત-રૂપ જે મોટી કલ્પના નજરે આવે છે,તે મિથ્યા છે અને તે કેવળ મનની જ લીલા-રૂપ છે.
'જે કંઈ છે તે બ્રહ્મ છે' એવો જેના મનમાં પરોક્ષ નિશ્ચય -જરા પણ હોય-તેને પણ મુક્તિની પ્રાપ્તિ થાય છે.
પણ, 'આ દેહ-આદિ એ જે બાહ્ય આકારો અને પદાર્થો છે-તેનાથી હું બંધાયો છું' એવી જે ભાવના છે
તે જ સર્વ જગતમાં સર્વ જીવો ને બાંધવા (બંધન) ની જાળ-રૂપ છે.
<u>'આ જગત બ્રહ્મ-રૂપ જ છે અથવા આ જગત ખોટું જ છે'</u>
<u>એ બે નિશ્ચયો'માંથી એક નિશ્ચયને દૃઢ રાખીને 'આસક્તિ-રહિત' થયેલો જે મનુષ્ય,</u>
<u>જગતને સ્વપ્ન જેવું અને ભ્રાંતિ-માત્ર જાણે છે-તે દુઃખમાં ડૂબી જતો નથી.</u>

આ મિથ્યા એવા દેહ-ઇન્દ્રિયો વગેરે ની ભાવનાઓમાં જેને 'અહં-બુદ્ધિ' હોય છે,તે પુરુષ વાસ્તવિક રીતે
પોતે 'પર-બ્રહ્મ' જ હોવા છતાં પણ અવિદ્યા (માયા) માં ગોથાં ખાધા કરે છે.
જેમ મહાસાગર ના જળમાં ધૂળ ના રજકણો છે જ નહિ,
તેમ વ્યાપક પરમાત્મા માં વિકારી-પણું વગેરે દોષો છે જ નહિ.
જગતમાં જે નામની અને રૂપોની ભાવના જોવામાં આવે છે તે માત્ર વ્યવહારને માટે જ કલ્પાયેલી છે.
માટે તે નામ-રૂપો -એ-આત્મા થી જુદાં નથી.
જેમ તંતુઓ વગર વસ્ત્રની સ્થિતિ થતી નથી
તેમ,નામ-રૂપો ના કલ્પિત વ્યવહાર વિના,ઉપદેશ આપનાર "શાસ્ત્રો ની સ્થિતિ" પણ થતી નથી.
(નોંધ-માટે જ શાસ્ત્રોમાં આ કલ્પિત વ્યવહાર કરવામાં આવ્યો છે!!)

અવિદ્યા (માયા) માં તણાતો જતો આત્મા, એ 'આત્મ-જ્ઞાન' વિના અનુભવમાં આવતો નથી.
અને તે આત્મ-જ્ઞાન ઉપદેશ આપનાર શાસ્ત્રો વિના મળતું નથી.
હે,રામ, આત્મ-સ્વ-રૂપ ની પ્રાપ્તિ વિના 'અવિદ્યા-રૂપી-નદી' નો પાર આવતો નથી.
અને તે અવિદ્યા-રૂપી નદીને પાર જે છે -તેને જ 'અક્ષય-પદ' કહેવામાં આવે છે.
મલિન કરી દેનારી આ અવિદ્યા ગમે ત્યાંથી ઉત્પન્ન થઇ હોય -તો પણ તેણે ઉત્પન્ન થઈને -
એવી સ્થિતિ પકડી છે કે-તેણે આત્મજ્ઞાન ને ઢાંકી દીધું છે.

હે,રામ, તમે પણ આ અવિદ્યા (માયા) ક્યાંથી આવી તેનો વિચાર રાખો નહિ,
પણ 'એ અવિદ્યાને હું કેવા પ્રકારથી હણું?' એવો જ વિચાર રાખો.
અને આ અવિદ્યા (માયા) ક્ષીણ થઈને અસ્ત પામી જશે ત્યારે
'એ ક્યાંથી થઇ હતી?શી રીતની હતી અને શી રીતે નષ્ટ થઇ?' એ સઘળું સંપૂર્ણ રીતે જાણવામાં આવશે.

આ અવિદ્યા વાસ્તવિક રીતે છે જ નહિ,અને જ્યાં સુધી,આપણે સૂક્ષ્મ દૃષ્ટિ થી -તેને જોતા નથી,
ત્યાં સુધી જ તે પ્રતીત થાય છે.
માટે એવી ખોટી અને ભ્રાંતિ-રૂપ અવિદ્યાને સાચી ગણીને 'તે કોના વંશની છે? કે તેના માવતર કોણ છે?'
એમ જાણવાની કયા સમજુ પુરુષને ઇચ્છા થાય? અને તેવી, ઇચ્છા પણ શા કારણથી થાય?
અવિદ્યા ના માવતર (માતા-પિતા) ની ચિંતા એ તો સ્વપ્નમાં દેખાયેલા પુરુષના માવતર જેવી વૃથા જ છે.

પણ,હમણાં તો-'એ અવિદ્યા ઉત્પન્ન થઇ છે,વિસ્તાર પામેલી છે,અને વિસ્તાર પામીને બહુ અડચણ કરે છે'
એટલો જ નિશ્ચય કરીને (તેવો નિશ્ચય કર્યા વગર છૂટકો નથી!!) તેનો બળાત્કારે (પ્રયત્ન કરીને) નાશ કરો.
એટલે પછી તે શાથી ઉત્પન્ન  થઇ હતી?અને કેવી હતી? વગેરે તમારા જાણવામાં આવશે.

ત્રૈલોક્ય (ત્રણે લોક) માં મહાશુર અને મહા-પંડિત પુરુષો માં પણ એવા કોઈ નથી કે -
જેમને અવિદ્યા (માયા) એ પરવશ કર્યા ના હોય.
આથી હે રામ,મહારોગના જેવા સ્વભાવવાળી એ અવિદ્યા નો નાશ કરવાનો પ્રયત્ન કરો.
એટલે પછી,તે અવિદ્યા તમને ફરીવાર જન્મ-સંબંધી દુઃખોમાં નાખશે નહિ.

અવિદ્યા એ સઘળી આપદાઓ (મુશ્કેલીઓ) ની મુખ્ય સખી છે,તે અજ્ઞાન સ્વરૂપ અને અનર્થોની માતા છે.
એટલા માટે તેને જડ-મૂળ થઇ ઉખેડી નાખો.ભય-દુષ્ટ ચિંતાઓ-તથા વિપત્તિઓ આપનારી
તેમજ જ્ઞાન-રૂપ ચક્ષુને મોહ-રૂપી (અજ્ઞાનનાં) મોટાં પડળ (પડદાઓ) ચઢાવનારી,
એ અવિદ્યા ને બળ-પૂર્વક હટાવી દો અને સંસાર-સમુદ્ર ના પાર ને પ્રાપ્ત થાઓ.

**(૪૨) વાસના ના પ્રાબલ્ય થી જીવોનો ઉતારવાનો ક્રમ**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,અવિદ્યા-રૂપી મોટો રોગ 'તેની માત્ર પરીક્ષા કરવાથી' નાશ પામી જાય તેવો છે.
તે ખોટો હોવા છતાં અત્યંત વૃદ્ધિ પામ્યો છે.તે રોગનું 'પરીક્ષા-રૂપ-ઔષધ' કહું છું,તે તમે સાંભળો.

મન ના 'બળ' (શક્તિ) નો વિચાર કરાવવા માટે મેં,(આગળ) મનુષ્યોની
રાજસિક અને તામસિક જાતિઓ કહેવાનું સ્વીકારેલું હતું -તે પ્રસંગ (કથા) ને લગતો જ આ પ્રસંગ છે.

પરમ-સુખ-સ્વ-રૂપ જે "બ્રહ્મ" (પરમાત્મા-કે ઈશ્વર-કે-ચૈતન્ય) છે તે,
સર્વ-વ્યાપક,કલંકો થી રહિત,જન્મ રહિત,ભ્રાંતિ રહિત,અપાર,અને પ્રકાશિત ચૈતન્ય-રૂપ છે.
જેમ,અવિચળ સમુદ્રનો એક પ્રદેશ (ભાગ) વાયુ-રૂપ ઉપાધિ થી 'તરંગ-રૂપ-ઘનતા' ને પામે છે,
તેમ,અવિચળ સ્વરૂપ વાળા એ મહા ચૈતન્ય નો એક પ્રદેશ(ભાગ)
વાસના-રૂપ ઉપાધિઓથી,'જીવ-રૂપ-ઘનતા' ને પામે છે.
જેમ,સમુદ્ર ની અંદરનું ભરપૂર જળ,એકાદ પ્રદેશ માં નિશ્ચળ રહે છે,અને એકાદ પ્રદેશમાં ચલાયમાન થાય છે,
તેમ,સર્વ-શક્તિઓ-વાળું,મહા ચૈતન્ય સર્વદા નિશ્ચળ જ હોય છે,પણ કોઈ પ્રદેશમાં ચલાયમાન પણ થાય છે.
(નોંધ-આ 'પ્રદેશ' ની કલ્પના અને પ્રદેશ ના ચલાયમાન થવાની પણ કલ્પના જ છે!!)

જેમ,પવન પોતાના થી જ ભરપૂર રહેલા "આકાશ" ની અંદર પોતાની 'શક્તિ' થી જ
પોતાના એક પ્રદેશ(ભાગ) માં પોતે (જાતે) જ ચલિત થાય છે.
તેમ,સર્વ-વ્યાપક-મહા-ચૈતન્ય,પોતાની "શક્તિ" થી જ પોતાના પ્રદેશમાં પોતે જ ચલિત થાય છે.
(નોંધ-આ શક્તિ ને જ માયા તરીકે ઓળખાવવામાં આવે છે!!)

જેમ,નિશ્ચલ દીવો પોતાની શિખાની ,"ક્રિયા-શક્તિ" ને લીધે ઉંચા પ્રદેશમાં આવે છે (શિખા ઉંચી થાય છે)
તેમ,સઘળી શક્તિઓ વાળું મહા ચૈતન્ય પોતાની "માયા-શક્તિ" ને લીધે,એક પ્રદેશમાં 'જીવ-રૂપ' થાય છે.
એટલે કે ,તે મહા-ચૈતન્ય એ (કલ્પિત) વાસનાના સંબંધ ને લીધે,(તે વાસના-શક્તિથી!!)
"સ્ફૂરણ પામેલા" પોતાના એક "કલ્પિત પ્રદેશ"માં,જાણે 'જીવ-રૂપ' થયું હોય તેમ જણાય છે.

જેમ,નિરાકાર આકાશમાં કોઈ સમયે,બાળકને,તે આકાશનો જ કોઈ એક પ્રદેશ,મોતી-રૂપ થયેલો જણાય છે,
તેમ નિર્વિકાર ચૈતન્યમાં,(કલ્પિત)પ્રાચીન વાસનાઓ ઉભી થવાને સમયે,
તે મહા-ચૈતન્ય નો જ એક પ્રદેશ,જીવ-રૂપ થયેલા જેવો ભાસે છે.
પણ આ રીતે મહા-ચૈતન્ય માં કંઈક ક્ષોભ પામેલો 'જીવ-રૂપ-ભાગ' (પ્રદેશ)
એ મહા-ચૈતન્ય-મય જ છે,સ્વચ્છ છે ને મહા-ચૈતન્ય માં જ સ્ફૂરે છે.

જેમ,સોય ના નાકામાં આવેલો (નાકા ની અંદર રહેલો) સૂર્ય નો પ્રકાશ,એ મોટા વ્યાપક પ્રકાશ થી અભિન્ન છે,
છતાં પણ નાકા ની "ઉપાધિ" ને લીધે,તે પ્રકાશ ભિન્ન જેવો થઈને રહે છે,
તેમ,અવિદ્યા-રૂપી-ઉપાધિમાં આવેલો "મહા-ચૈતન્ય નો એક ભાગ-રૂપ-જીવ" એ
મહા-ચૈતન્ય થી અભિન્ન હોવા છતાં,પણ "અવિદ્યા-રૂપી ઉપાધિ" (માયા) ને લીધે ભિન્ન જેવો થઈને રહે છે.

એ મહા-ચૈતન્ય 'સર્વ-શક્તિ-વાળું' હોવાથી ક્ષણ-માત્રમાં 'જીવ-શક્તિ-રૂપે'સ્ફૂરે છે.અને
જેમ,ચંદ્ર ની કળા પોતાના સ્વભાવ-રૂપ,શીતળ-પણા ને જાગ્રત કરે છે,
તેમ,મહા-ચૈતન્ય પોતાના 'સ્વ-ભાવ-રૂપ-જીવ-શક્તિ' ને જાગ્રત કરે છે.
પરમાત્મા માંથી ઉદય પામેલી એ 'જીવ-રૂપ-ચૈતન્ય-શક્તિ' એ પોતાની સખીઓ જેવી,
'દેશ-શક્તિ,ક્રિયા-શક્તિ,કાળ-શક્તિ' ને પણ પોતાની સાથે જ ખેંચે છે.
(નોંધ-અહીં 'શક્તિ' ના 'માયા-રૂપ' નો ચમત્કાર નોંધવા યોગ્ય છે!!)

એ 'જીવ-શક્તિ' (અહીં જીવ) એ જો પોતાના ખરા સ્વરૂપ ને જાણે -તો-
'હું આદિ-અંત થી રહિત મહા ચૈતન્યમાં રહેલી છું' એમ જ સમજે,
પરંતુ,તે પોતાના ખરા સ્વ-રૂપ ને ભૂલી જઈને,કલ્પિત સ્વભાવનું ગ્રહણ કરીને
'હું આટલા પરિમિત પ્રદેશમાં જ રહું છું અને તુચ્છ છું' એમ માન્યા કરે છે.(પોતાનું બંધન કરે છે)
વાસ્તવિકતા થી 'જીવ-શક્તિ' એ સાક્ષાત-મહા-ચૈતન્ય-સ્વ-રૂપ જ છે,
છતાં,તેણે જયારે,પોતાના જીવ-રૂપને,ઉપાધિ થી (પોતાનાથી જ!!) ઘેરાયેલું માન્યું,
ત્યારે જ,નામ-રૂપ-ઇષ્ટ-અનિષ્ટ-વગેરે સર્વ કલ્પનાઓ તેને લાગુ થઇ.

પણ,મહા-ચૈતન્યમાં જે કંઈ કલ્પાયેલું છે તે સઘળું મહા-ચૈતન્ય-રૂપ જ છે.
કારણકે મહા-ચૈતન્યથી કોઈ પણ ભિન્ન-પણાની કલ્પના કરવી તે ખોટી જ છે.
જેમ, મહાસાગરમાં અનંત લહરીઓ ઉઠે પણ તે લહરીઓ મહાસાગર થી ભિન્ન હોઈ શકે નહિ,
જેમ,સોનાનાં આભૂષણો સોનાથી ભિન્ન નહિ હોવા છતાં,મન-રૂપ ની કલ્પનાને લીધે ભિન્ન માની લેવામાં આવે
છે,તેમ,જીવ તથા કાળ -વગેરે સર્વ પદાર્થો બ્રહ્મ થી ભિન્ન નહિ હોવા છતાં,
તે બ્રહ્મ નું સ્વ-રૂપ ભૂલાવાથી અને,નામ-રૂપ ની કલ્પનાને લીધે,
સર્વ પદાર્થો ને બ્રહ્મ થી ભિન્ન માની લેવામાં આવે છે.(તે પદાર્થો કલ્પિત છે)

જેમ,એક દીવામાંથી થયેલા (કરેલા) બીજા દીવાઓની જે જુદાઈ છે,તે વાટ (દિવેટ) વગેરે ઉપાધિઓના
દેશ-કાળ-અવયવ ની જુદાઈને લીધે છે,પણ અગ્નિ-સ્વ-રૂપ ની જુદાઈ નથી,
(એટલે કે જુદા જુદા દીવાઓ ભલે ને ગમે તેટલા હોય પણ તેમાં અગ્નિ-સ્વરૂપ એક જ છે.)
તેમ,જીવમાં બ્રહ્મની જે જુદાઈ છે તે,ઉપાધિઓના(માયાના) 'સ્વ-ભાવ' ને લીધે જ છે,સ્વ-રૂપ ની જુદાઈથી નથી.

'દેશ શક્તિ,કાળ શક્તિ,ચલન શક્તિ' થી (ઉપાધિઓથી કે માયાથી) ઘેરાયેલી
તે 'જીવ શક્તિ' (જીવ) સંકલ્પો ને અનુસરતાં-અનુસરતાં,બહુ જ હાંસી ને પાત્ર (હાસ્ય-પાત્ર) થઇ જાય છે.

શરીર ને 'ક્ષેત્ર' (ખેતર) કહે છે અને તે શરીરને તેની અંદરના તથા બહારના પદાર્થો સહિત જે જાણે છે -
તે ચૈતન્ય (આત્મા-પરમાત્મા) ને 'ક્ષેત્રજ્ઞ' (ખેતર ને જાણનાર કે માલિક) કહે છે.

એ ચૈતન્ય-જયારે "હું" એવી 'દૃઢ કલ્પના'થી કલંકિત થઇને 'અહંકાર-પણા' ને પ્રાપ્ત થાય છે.ત્યારે
એ અહંકાર 'નિશ્ચયાત્મક કલ્પનાઓ થી કલંકિત' થઇને નિર્ણય કરવા લાગે છે અને 'બુધ્ધિ-પણા' ને પ્રાપ્ત થાય છે.
બુધ્ધિ 'સંકલ્પ-વિકલ્પો થી કલંકિત' થઇને 'મન-પણા' ને પ્રાપ્ત થાય છે.
મન 'ગાઢ વિષયો-વાળું' થઇને ધીરે ધીરે 'ઇન્દ્રિય-પણા'ને પ્રાપ્ત થાય છે.અને
ઇન્દ્રિયો-'વિષયોની દ્રઢ લાલચોથી કલંકિત' થઈને 'હાથ-પગ-વાળા-સ્થૂળ-દેહ' (ક્ષેત્ર) ને પ્રાપ્ત થાય છે.
આમ સ્થૂળ-દેહ જગતમાં જન્મે છે,જીવે છે અને જોવામાં આવે છે.

આવી રીતે વાસનાઓ-રૂપી દોરડાથી બંધાયેલો (વીંટળાયેલો) જીવ,દુઃખો ના સમુહો થી ઘેરાઈને
(ઉપર બતાવેલ) અનુક્રમથી સ્થૂળ-દેહ-પણા ને પ્રાપ્ત થાય છે.
જેમ,ફળો,અનુક્રમ થી પાકતાં પાકતાં તેમની અવસ્થાઓ બદલે છે,પણ તેમની 'જાતિ' બદલાતી નથી,
તેમ,વાસનાઓ ને લીધે આવી હલકી (કે જુદી) સ્થિતિઓ પ્રાપ્ત થવા છતાં-પણ તે જીવની (અહીં આત્માની)
માત્ર દશા બદલાઈ જાય છે,પરંતુ તેનું નિર્વિકાર-ચૈતન્ય-પણું બદલાઈ જતું નથી...

ઈચ્છા -વગેરે શક્તિઓ (ઉપાધિઓ),મન ને ખરાબ કરવા માટે જ મન ની પાછળ પાછળ દોડે છે.
અને એ રીતે રાગ-દ્વેષ-વગેરે અનેક શક્તિઓ થી વ્યાપ્ત થયેલું મન,પોતાની મેળે જ સંકલ્પ થી -
ઇન્દ્રિયો દ્વારા સ્થૂળ શરીરપણાને ધારણ કરે છે,
એટલે કે- કોશેટા ના કીડાની જેમ હાથે કરીને (પોતે જ-પોતાથી) બંધન ને પ્રાપ્ત થાય છે.
જેમ,ખાવાની લાલચ ને લીધે માછલી હાથે કરીને જાળમાં ફસાય છે,તે જ પ્રમાણે,પોતાના સંકલ્પો નું વારંવાર
સ્મરણ કરવાને લીધે મન ભૂંડે-હાલ થઇ આ સંસારમાં બંધાઈ ને પરિતાપ (દુઃખ) ને પામે છે.

"હું ખરેખર બંધાઉં છું" એમ માની,એ મિથ્યા બંધનને સાચું માની અને ધીરે ધીરે પોતાના બ્રહ્મ-પણા ને છોડી દેતું,
એ મન પોતાની અંદરના જગત-રૂપી-જંગલમાં,અનેક પ્રકારની ભ્રાંતિ-રૂપ-રાક્ષસી ને ઉત્પન્ન કરે છે.
વિષયો (શબ્દ-સ્પર્શ વગેરે) રૂપી અગ્નિ ની રાગ-દ્વેષ-રૂપી જ્વાળાઓની અંદર પડીને,
એ સાંકળની અંદર બંધાયેલા સિંહ ની પેઠે પરવશ થાય છે.
વાસનાઓને લીધે તે (મન) પોતામાં વિચિત્ર કાર્યોના કર્તા-પણાનું સંપાદન કરે છે,
અને પોતાની જ ઈચ્છા માત્રથી રચાયેલી અનેક દુઃખ ની દશાઓમાં પડ્યા કરે છે.

શાસ્ત્રો માં કોઈ સ્થળે આને "મન" કહે છે,કોઈ સ્થળમાં તે 'બુધ્ધિ' કહેવાય છે,કોઈ સ્થળ માં તે 'જ્ઞાન' કહેવાય છે,
કોઈ સ્થળમાં તે 'ક્રિયા' કહેવાય છે,કોઈ સ્થળમાં તે 'અહંકાર' કહેવાય છે,અને કોઈ સ્થળમાં 'લિંગ શરીર' કહેવાય
છે.કોઈ સ્થળે તે 'પ્રકૃતિ' કહેવાય છે,કોઈ સ્થળે 'માયા' કહેવાય છે,કોઈ સ્થળે 'કર્મ' કહેવાય છે,કોઈ સ્થળમાં 'બંધ'
કહેવાય છે,કોઈ સ્થળે 'ચિત્ત' કહેવાય છે,કોઈ સ્થળે 'અવિદ્યા' કહેવાય છે,તો કોઈ સ્થળે 'ઈચ્છા' કહેવાય છે.

હે,રામ,તે મન જ આ રીતે સંસારમાં બંધાયેલું છે,દુઃખી છે,રાગ,તૃષ્ણા તથા શોકથી ઘેરાયેલું છે.
તે સંસારની ભાવનાથી વૃધ્ધાવસ્થામાં,મરણમાં અને મોહમાં કૂટાયા કરે છે.તે સંકલ્પ-વિકલ્પ થી વ્યાપ્ત છે,અને
અવિદ્યા ના રંગ થી રંગાયેલું છે.ઇચ્છાઓને લીધે તે ક્ષોભ પામ્યા કરે છે.તે કર્મો નું અંકુર છે અને પોતાની
જન્મ-ભૂમિ (બ્રહ્મ) ને ભૂલી ગયું છે.કલ્પિત અનર્થો થી ઘેરાયેલું અને પોતાની મેળે જ બંધાયેલું છે.
વિષયો (શબ્દ-સ્પર્શ-વગેરે) થી તે 'અવયવો-વાળું' થયેલું છે,અને અનંત નરકો ની પીડાથી સંતાપ પામ્યા કરે છે.

તે મન -પોતે અદ્રશ્ય હોવા છતાં,પોતાની પર મોટા પહાડ જેવા બોજા ને લીધે તે ભયંકર થઇ ગયું છે.અને તે -
જરા (વૃધ્ધાવસ્થા) -મરણ વગેરે અનેક શાખાઓ થી સંપન્ન એવા "સંસાર-રૂપી-ઝેરી-ઝાડ-રૂપ" છે.
જેમ વડનું બીજ પોતાની અંદર આખા વડને ધારણ કરીને રહ્યું હોય છે,છતાં તે અંદર તો ફળ-રહિત છે,
તેમ,આશાઓ-રૂપી પાશોને બનાવનારા આ સઘળા સંસારને
તે (મન) પોતાનામાં ધારણ કરી રહેલું હોવા છતાં,પણ તે ફળ-રહિત છે.

તે ચિંતાઓ-રૂપી દાવાનળ થી દાઝેલું છે,કોપ-રૂપી અજગરે તેને ચાવેલું છે,કામના-રૂપી મહાસાગરનાં
મોજાંઓથી પછડાયેલું છે,અને પોતાના "મૂળ-કારણ" (બ્રહ્મ) ને ભૂલી ગયું છે.
તેથી તે સંસાર-રૂપી ઉછળતા સમુદ્રમાં તણાયા કરે છે,અને વિષયો ઉપર દોડ્યા કરે છે.

હે,રામ,હાથી ને જેમ કાદવ ની બહાર કાઢવામાં આવે તેમ,તમે તેને સંસારમાંથી બહાર કાઢો.
પુણ્ય નો ક્ષય થવાથી હવે તેને ઉત્તમ પરલોકમાં જવાનું સાધન રહ્યું નથી તેથી તે ભાંગેલા અવયવોવાળા
જેવું થઇ ગયું છે,તમે તેને બળાત્કારે એ ખાબોચિયામાંથી બહાર કાઢો.
આ કર્મ-ફળો ના જુદાજુદા રસો (તેની પર) પડવાથી તે મેલું થઇ ગયું છે,
અને બળતરા આપનારા જરા-મરણ-ખેદ થી તે મૂર્છિત થઇ ગયું છે.
આમ છે તેમ છતાં પણ જેને તેનો ઉધ્ધાર કરવાની ચિંતા ના થાય
તેને જગતમાં મનુષ્ય ના આકાર-વાળો રાક્ષસ જ સમજવો જોઈએ.

**(૪૩) અવિવેકથી અનેક યોનિઓની પ્રાપ્તિ અને વિવેકથી મુક્તિ**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આ રીતે ચૈતન્ય ની "ઉપાધિ"ને લીધે,કંઈ  જાતના 'આવિર્ભાવ-રૂપી-જીવો' થયા,
અને તેમનામાં 'પૂર્વ ની વાસનાઓને લીધે' આકારો (શરીર-વગેરે) કલ્પિત થયા.
આ રીતે મહા-ચૈતન્યમાંથી લાખો-કરોડો જીવો ઉત્પન્ન થયા.

જેમ,ધોધ માંથી અસંખ્ય જળ-કણો પૂર્વે ઉત્પન્ન થઇ ગયા છે,હાલમાં ઉત્પન્ન થાય છે અને ભવિષ્યમાં ઉત્પન્ન થશે,
તેમ,મહા-ચૈતન્યમાંથી અનેક જીવો પૂર્વે ઉત્પન્ન  થઇ ગયા છે,હમણાં ઉત્પન્ન થાય છે અને ભવિષ્યમાં ઉત્પન્ન થશે.
એ જીવો પોતાની વાસનાઓની 'દશા' ના આવેશ ને લીધે,'આશા'ઓ ને વશ થયા છે,
અને તેમનાં અંતઃકરણો (મન-બુદ્ધિ-અહંકાર) અતિ-વિચિત્ર દશાઓમાં પોતાની મેળે જ બંધાઈ ગયા છે.

એ જીવો જળના પરપોટાઓની પેઠે,નિરંતર પ્રત્યેક દિશામાં,પ્રત્યેક દેશમાં,
પ્રત્યેક જળમાં,અને પ્રત્યેક સ્થળમાં,જન્મ-મરણ પામ્યા કરે છે.
આ કલ્પ માં કેટલાએક જીવોનો પહેલોજ જન્મ થયો છે તો કેટલાએકના અસંખ્ય જન્મો થયા છે.
કેટલાએક હજુ આ કલ્પમાં જન્મ્યા નથી,કેટલાએક જીવનમુક્ત થયા છે અને
કેટલાએક વિદેહમુક્ત થઇ ગયા છે.કેટલાએક જીવો હજારો કલ્પો માં જન્મવા છતાં પણ એક જ યોનિમાં રહ્યા છે,
તો કેટલાએક બીજી યોનિમાં પણ જાય છે.કેટલાએક જીવો મોટાં દુઃખ વેઠયા કરે છે તો કેટલાએક અત્યંત આનંદ
ભોગવે છે.કેટલાએક જીવો પૃથ્વી પર,સ્વર્ગ કે નર્ક માં વારંવાર આવ-જાવ કર્યા કરે છે.

જેમ પક્ષીઓ એક વૃક્ષ પર થી બીજા વૃક્ષ પર જાય છે તેમ,આશાઓ-રૂપી સેંકડો પાશોથી બંધાયેલા અને
અનેક વાસના-રૂપ દેહાદિકને ધારણ કરનારા જીવો એક કાયામાંથી બીજી કાયામાં જાય છે.
અનંત વિષયોમાં અનંત કલ્પનાઓને ઉત્પન્ન કરનારી અવિદ્યાને લીધે આ 'જગત-રૂપ-મહાન-ઇન્દ્રજાળ' ને
વિસ્તીર્ણ કરતા (વિસ્તારતા) મૂઢ જીવો-જ્યાં સુધી પોતાના નિર્દોષ (બ્રહ્મ) સ્વ-રૂપને જોતા નથી -
ત્યાં સુધી,પાણીમાંની ચકરીઓની પેઠે,સંસારમાં ભમ્યા કરે છે.

જેઓ પોતાના સ્વ-રૂપને જોઈ મિથ્યા પદાર્થો નો ત્યાગ કરે છે,
અને સાચા અનુભવને મેળવી જ્ઞાનની ભૂમિકાઓમાં ઉંચે ચડે છે તેઓ ફરીવાર સંસારમાં જન્મતા નથી.
કેટલાએક મૂર્ખ જીવો,હજારો જન્મો ભોગવીને,ક્યારેક કોઈ સત્પુરુષના સમાગમથી વિવેકી-પણાને પામે છે,
પણ પાછા ભ્રષ્ટ થઈને વળી સંસાર-રૂપી સંકટમાં પડે છે.
કેટલાએક,ઉંચી બુધ્ધિ-વાળા જીવો,પરમાત્મામાંથી ઉત્પન્ન થઇ તરત જ તે જ જન્મમાં પછા પરમાત્મા માં પ્રવેશ કરે છે.કેટલાએક જીવો પોતાના ઉત્પત્તિ-સ્થાન-રૂપ બ્રહ્માંડોમાં તથા અન્ય બ્રહ્માંડોમાં પણ બ્રહ્મા-પણા ને પ્રાપ્ત થાય છે.કેટલાએક વિષ્ણુ-પણા ને પામે છે તો કેટલાએક મહાદેવ-પણાને પામે છે,
કેટલાએક પશુ-પક્ષી પણાને તો કેટલાએક દેવ-પણાને પ્રાપ્ત થાય છે.
કેટલાએક,પોતે પ્રથમ જે બ્રહ્માંડ માં જન્મ્યા હતા તે બ્રહ્માંડ માં કે બીજા બ્રહ્માંડ માં પણ અવતારો પામે છે.

હે,રામ,બીજા બ્રહ્માંડોની સ્થિતિ પણ આ બ્રહ્માંડના જેવી છે,જેવું વિસ્તીર્ણ આ બ્રહ્માંડ છે તેવાં જ કેટલાએક બીજા
વિસ્તાર-વાળા બ્રહ્માંડો પણ છે.કેટલાએક થઇ ગયા છે અને કેટલાએક હજુ થવાનાં છે.
જુદા જુદા વિચિત્ર ક્રમો થી અને જુદા જુદા નિમિત્તો થી,તે બ્રહ્માંડો ની વિચિત્ર સૃષ્ટિઓ પ્રગટ થાય છે.અને
પછી તેમાં જ તિરોહિત (મળી) જાય છે.લોકો આ બ્રહ્માંડ માં જેવા વ્યવહારથી રહ્યા છે તેવા જ વ્યવહારથી બીજા બ્રહ્માંડો માં રહે છે.માત્ર તેમના આકારોમાં કંઈક ફેરફાર હોય છે.
પોતપોતાના સ્વભાવ ના આવેશને લીધે,અને એકબીજાની સ્થિતિઓની સ્પર્ધા કરીને -કર્મો કરવાને લીધે,
નદીઓના મોજાંની જેમ જીવો ની સ્થિતિઓમાં ઉથલ-પાથલ ચાલ્યા કરે છે.

સઘળા જીવો (અહીં આત્મા) પ્રત્યક્ષ રીતે બતાવી શકાય નહિ તેવા અને પોતે જ પોતાને જાણે તેવા છે,
તેઓ નિરંતર મહા-ચૈતન્યમાંથી પોતાનો દેખાવ આપ્યા કરે છે અને મહા-ચૈતન્યમાં જ વ્યવહાર કરે છે.
જેમ,પ્રકાશો,દીવા માંથી પ્રગટ થઈથીને કેટલીક વાર રહીને પાછા દીવામાં જ લય પામે છે-અને-
જેમ,સૂર્યનાં કિરણો સૂર્યમાંથી પ્રગટ થઇ થઈને કેટલી વાર રહીને સૂર્યમાં જ લય પામે છે,
તેમ,જીવો ના સમુહો મહા-ચૈતન્યમાંથી પ્રગટ થઇ-થઈને કેટલાએક કાળ શુધ્ધિ જુદાજુદા દેહો ને ભોગવીને-
પ્રલય કાલે પાછા ચૈતન્યમાં જ લય પામી જાય છે.

આ 'બ્રહ્માંડો ની રચના' નામની,અનાદિ કળાની ભ્રાંતિ-રૂપ 'માયા' સમુદ્રની લહેરની પેઠે,
પર-બ્રહ્મ માં નિરંતર -નિરર્થક વિસ્તીર્ણ થાય છે,નિરર્થક વધ્યા કરે છે,નિરર્થક ફેરફાર પામ્યા કરે છે,અને
નિરર્થક પછી લય પામે છે.પણ,જેવી રીતે સમુદ્રમાં લહેર મિથ્યા છે તેમ પર-બ્રહ્મ માં આ રચના પણ મિથ્યા છે.

## (૪૪) મુક્તિ અને પ્રલય નું અંતર તથા બ્રહ્મા નો શરીર-ગ્રહણ નો ક્રમ

રામ પૂછે છે કે-હે,ભગવન,આપે કહેલી પધ્ધતિ પ્રમાણે,જે જીવ ને પ્રલયમાં પર-બ્રહ્મ ની પ્રાપ્તિ થાય તેને
સૃષ્ટિમાં પાછો દેહ ધરવો કેમ ઘટે? પરમ-પદમાં પહોંચેલા ને પણ જો જન્મ-મરણ પ્રાપ્ત થતાં હોય -
તો પછી મુક્ત થયેલાને પણ પછી જન્મ-મરણ ની આવૃત્તિ પ્રાપ્ત થવી જોઈએ.
"મુક્ત થયેલા જીવ નું સંસારમાં પુનરાગમન થતું નથી" એ વિષયમાં કેવી રીતે વિશ્વાસ બેસે?

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,મેં તમને પહેલાં -જે બધું કહેલું છે તે તમે કેમ સમજતા નથી?
તમારી બુધ્ધિ આગળ-પાછળ નો વિચાર કરવામાં સમર્થ છે -તો તે ક્યાં ગઈ?

આ શરીર-વગેરે જે કંઈ સ્થાવર-જંગમ છે તે જોવા પૂરતું જ છે,અને તે સ્વપ્ન ની જેમ મિથ્યા જ પ્રગટ થયેલું છે.
જેની વાસનાઓ ગળી ગઇ છે,અને જેની સ્મૃતિ-ચિત્ત-વૃત્તિમાં "પ્રબોધ" (જ્ઞાન) ઉત્પન્ન થયો હોય,

તે પુરુષ સંસાર-રૂપી સ્વપ્ન ને વ્યવહાર દૃષ્ટિ થી જોતો નથી.
હે,રામ, જ્યાં સુધી મોક્ષ-પદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી,સ્વભાવથી કલ્પાયેલો સંસાર-
જીવોના મન ની અંદર સર્વદા રહે છે.જીવના મન ની અંદર જ દેહ રહે છે.
મન ઘણા સંકલ્પ-વાળું હોવાને લીધે,મન માં કલ્પના-રૂપ દેહ રહેવાનો સંભવ જ છે.
મનમાં વાસના-રૂપ ઘણા દેહો રહે છે,તો પણ કર્મો ના પરિ-પાકના યોગ થી,જે સમયે જે દેહ પ્રગટ થવાનો હોય છે તે સમયે તે જ દેહનો પ્રતિભાસ થાય છે.પણ સઘળા દેહો નો પ્રતિભાસ થતો નથી.

જેમ,માટીના પિંડો ઘડા-રૂપ થાય છે તેમ,મન જ દેહ-રૂપ થાય છે.
સૃષ્ટિના આરંભમાં "એક (પહેલા) જીવ" ને ઉત્તમ કર્મોનો પરિપાક થતાં 'ઉત્તમ દેહનો પ્રતિભાસ' થાય છે -
તે પહેલો ઉત્તમ  જીવ 'બ્રહ્મા' કહેવાય છે.
આ 'બ્રહ્મ' નો દેહ તેને કોઈ કલ્પમાં 'વિષ્ણુ ના નાભિ-કમળ-રૂપી-ઘર'માં રહેલો પ્રતીતિ થાય છે.
જેમ એક મોટી માયા માંથી બીજી માયા પ્રગટ થાય છે,
તેમ બ્રહ્મા ના મોટા સંકલ્પના ક્રમથી,આ અપાર,સુષ્ટિ પ્રગટ થયેલી છે.

રામ કહે છે કે-'એક-જીવ'  મન-રૂપે થઈને જે પ્રકારે બ્રહ્મા થયો હોય તે પ્રકાર મને વિસ્તાર-પૂર્વક કહો.
વસિષ્ઠ કહે છે કે-હે,રામ બ્રહ્મા એ કેવી રીતે શરીર ગ્રહણ કર્યું? તે હું કહું છું તે તમે સાંભળો.
આ એક ઉદાહરણ પરથી સઘળા જગતની સ્થિતિ તમારા જાણવામાં આવશે.
દિશા (સ્થળ)-કાળ (સમય)-વગેરેના "માપ" વગરનું "બ્રહ્મ-તત્વ" પોતાની "શક્તિ" ને લીધે,
"લીલા-માત્ર" થી જ દિશા-કાળ ના "માપ" વાળા જે આકાર ને ગ્રહણ કરે છે તે "જીવ" કહેવાય છે.
વાસનાઓ ના આવેશ થી ઘેરાયેલો "જીવ" જ "માયાની ઉપાધિ" ને સ્વીકારીને,
"સંકલ્પો" ની કલ્પનાઓમાં તત્પર રહેનાર,અને ચપળતા-વાળું "મન" થાય છે.

(નોંધ-આગળ મન ની ઉત્પત્તિ બતાવી-મન માંથી પંચમહાભૂતની રચના કેવી રીતે થાય છે તે હવે બતાવ્યું છે)

--કલ્પનાઓ કરવા લાગતું તે "મન" પ્રથમ તો ક્ષણ-માત્રમાં પોતાની "આકાશ"રૂપ થવાની "ભાવના" કરે છે.
(અને તે ભાવના "શબ્દ" અને "શ્રોત્ર" (કાન) ના રૂપ ને પણ લાગુ પડે છે)
--આકાશની ભાવનાને પામીને ઘાટું થયેલું મન ઘાટા "ચલન" ના ક્રમથી પોતાની "વાયુ"રૂપ થવાની ભાવના કરે છે.(અને તે ભાવના "સ્પર્શ" અને "ત્વચા" (ચામડી) ના રૂપ ને પણ લાગુ પડે છે)
(નોંધ-એ શબ્દ (ૐ)-સ્વ-રૂપ વાળું આકાશ અને સ્પર્શ-સ્વરૂપ-વાળો વાયુ,એ બંને જીવ ના "જોવા"માં આવતા નથી.એટલે કે તે બંને નરી આંખે જોઈ શકાય તેમ નથી !!)

--આ આકાશ અને વાયુ -ની ભાવના ને પ્રાપ્ત થઈને ઘાટું થયલું મન એમને એક-બીજામાં ક્ષોભ પમાડી ને "અગ્નિ" ની ભાવના કરે છે (અને તે ભાવના "રૂપ" અને ચક્ષુ" (આંખ) ના સ્વરૂપ ને પણ લાગુ પડે છે)
એ મન અગ્નિ થી ભાવનાથી ઘાટું થઈને નિર્મળ "પ્રકાશ" ની ભાવના કરે છે,એટલે પ્રકાશ વૃદ્ધિ પામે છે.
--પછી,આકાશ-વાયુ-અગ્નિ (તેજ) ના ગુણો થી ઘાટું થયેલું મન "જળ" ના શીતલ-પણાની ભાવના કરે છે.
એટલે "જળ" ની પ્રતીતિ થાય છે.(અને તે ભાવના 'રસ' અને 'જીહવા' (જીભ) ના રૂપ ને પણ લાગુ પડે છે)
--પછી આકાશ-વાયુ-તેજ-જળ ના ગુણો ને પામીને ઘાટું થયેલું  મન "પૃથ્વી" ના ઘાટા-સ્વરૂપ ની ભાવના કરે છે અને તે "પૃથ્વી" બની જાય છે (અને તે ભાવના "ગંધ" અને "પ્રાણ" (નાક) ના સ્વરૂપ ને પણ લાગુ પડે છે)

પછી શબ્દ,સ્પર્શ,રૂપ,રસ,અને ગંધથી વીંટળાયેલું મન પોતાના "પાતળા-પણા" ને છોડી દેતાં,
"અગ્નિ ના કણ" જેવા આકાશમાં સ્ફુરેલા જે રૂપ ને દેખે છે તે-"લિંગ-શરીર" (લિંગદેહ-કે-પુર્યષ્ટક) કહેવાય છે.
કે જેમાં-કર્મેન્દ્રિય-જ્ઞાનેન્દ્રિય-પંચમહાભૂત-પ્રાણ-મન-અવિદ્યા-કામના અને કર્મો (આ આઠ) રહેલાં છે.
વળી તેમાં અહંકાર અને બુદ્ધિ નો પણ સમાવેશ થાય છે.

આ "લિંગ-દેહ" એ પોતાના અંશોથી,સર્વ પ્રાણીઓના હૃદય-કમળમાં ભ્રમરની પેઠે રહેલું માનવામાં આવે છે.
(નોંધ-આ લિંગ દેહ -પ્રત્યક્ષ જોવામાં આવી શકતો નથી)

એ લિંગ-દેહમાં રહેલું મન એ તીવ્ર ઉત્કંઠા થી-"પ્રત્યક્ષ જોવામાં આવે તેવા "સ્થૂળ-દેહ"ની ભાવના" કરવા માંડે છે.
એટલે તે ઘટ્ટ (જાડું) થાય જાય છે,અને પોતાના સ્વભાવને લીધે આકાશમાં સ્ફુરેલા પીગળેલા સોના જેવા
આકારને ગ્રહણ કરી લે છે.પછી,હાથ-પગ-માથું અને પેટ વાળા એક ચોક્કસ આકારની ભાવના કરે છે.
અને તેને લીધે,પ્રગટ થયેલા અવયવો-વાળા તેમ જ જવાળાઓની પંક્તિઓ જેવા આકાર-વાળા
એક બાળક નો દેખાવ થાય છે-કે જેના શરીરની રચના મન ના મનોરથ થી જ થઇ છે.

આમ,પોતાની વાસનાઓના આવેશ થી તે મનોમય બાળક ના અંગો રચાયાં છે,અને વાસનાઓથી જ તે
પોતાના શરીર ને વધાર્યા કરે છે.અને કાળે કરીને તે "સ્પષ્ટ રીતે જોવામાં આવે તેવા દેહ-વાળો" થાય છે.
પછી તે (દેહ) બુદ્ધિ-ધૈર્ય-બળ-ઉત્સાહ-વિજ્ઞાન અને ઐશ્વર્ય-વાળો થાય છે.
અને તે સર્વ લોકો નો પિતામહ-"બ્રહ્મા" કહેવાય છે.

પીગળેલા સોના જેવી કાંતિવાળા અને મહા-ચૈતન્ય (બ્રહ્મ) માંથી પ્રગટ થયેલા,એ "બ્રહ્મા"
મહા ચૈતન્યમાં જે સત્તાથી રહ્યા છે તે જ સત્તાથી
પોતામાં પોતાના અજ્ઞાન ને -જ આકાશ-વગેરે પંચીકૃત સ્થૂળ ભૂતો-રૂપે બનાવે છે.
તે એક સમયે અપાર અને આદિ,મધ્ય અંત વગરના મોટા આકાશને બનાવે છે. અને એવી જ રીતે
એક-એક સમયે તે વાયુ,તેજ,જળ અને પૃથ્વી (પંચમહાભૂતો) ને બનાવે છે.
એ પંચમહાભૂતો માંથી કાળા "વિષ્ણુ" ને બનાવી,
તેની નાભિમાં એક કમળ બનાવીને તે કમળમાં પોતે રહે છે,અને પ્રગટ થાય છે !!!
(નોંધ-બ્રહ્મા થી વિષ્ણુની વિષ્ણુમાંથી બ્રહ્મા ની ઉત્પત્તિ અહીં વિશિષ્ટ રીતે કહી છે!! છતાં તર્ક-બધ્ધ લાગે છે !)

ત્યાર પછી તે પોતાની વાસનાઓના સામર્થ્ય ને લીધે,
બીજા પણ એવા પ્રકારના સમુદ્રો,વૃક્ષો,પર્વતો,પ્રાણીઓ-વગેરે પદાર્થો ને બનાવ્યા જ કરે છે.

અનેક રૂપ વાળા વિચિત્ર પદાર્થોને પોતાની કલ્પનાથી જ બનાવ્યા કરતા એ "બ્રહ્મા" લીલા-માત્રમાં જ,
પાલક આકારો ને બનાવે છે અને તે (વિષ્ણુ મારફતે !!) પદાર્થો નું પાલન કરે છે.
આમ,તે 'બ્રહ્મા' પોતે પ્રગટ થયા ત્યારથી જ આવી ખટપટ (આકારો બનાવવાની)માં લાગી ગયા.

એક સમયે-બ્રહ્મા પોતાના અજ્ઞાન ના પ્રાબલ્ય થી,પોતાને દેહને અને વ્યવહાર-વગેરેને ભૂલી જઇ,સૂઇ ગયા.
પછી,એ નિંદ્રા જતી રહી-ત્યારે સૃષ્ટિ ના સમય-રૂપ-બીજો-દિવસ પ્રાપ્ત થયો-તે વખતે વળી તે પોતાના કલ્પનામય
પ્રકાશિત શરીરને જોવા લાગ્યા.તે શરીર પ્રાણના અને અપાન ના પ્રવાહો-વાળું,જાણે પદાર્થો ગોઠવાઇને બન્યું
હોય તેવું,કરોડો રુંવાટા અને બત્રીસ દાંતવાળું હતું.તથા હાથ-પગ-માથું-છાતી તથા પેટ-
એ પાંચ ભાગો વાળું,મુખ-વગેરે નવ છિદ્રોવાળું,અને ઉપર ચામડી વાળું હતું.

આ શરીર,ચિત્ત-રૂપી-પક્ષીના માળા-રૂપ હતું,કામદેવ-રૂપી-સર્પ ના રાફડા-રૂપ હતું,
તૃષ્ણા-રૂપ-પિશાચણીના નિવાસ-રૂપ હતું,અને જીવ-રૂપ-સિંહ ની રહેવાની ગુફા-રૂપ હતું.
તે અભિમાન-રૂપી હાથીને બાંધવાના ખીલા-રૂપ હતું,હૃદય-રૂપી કમળ થી શોભતું હતું,
અને અત્યંત સુંદરતા વાળું હતું.

પોતાના આવા ઉત્તમ શરીર ને જોઇને બ્રહ્મા વિચાર કરવા લાગ્યા કે-
"આ શ્યામતા-વાળા,અપાર અને અનંત એવા આકાશમાં પહેલું શું હતું?"

અને આમ વિચારતાં જ બ્રહ્મા ને  તરત જ તે વિષય નું સ્પષ્ટ જ્ઞાન થયું.

તે જ્ઞાન પ્રાપ્ત થતાં જ તેમને આગળ થઇ ગયેલી અનેક સૃષ્ટિઓ તેમના ધ્યાન માં આવી.
અને તેમને અનુક્રમે-સઘળા જીવો ના પુણ્ય અને પાપો નું સ્મરણ થયું.
પછી જેમ,વસંત-ઋતુ પુષ્પો ને પ્રગટ કરે છે-
તેમ,બ્રહ્માએ જાણવામાં આવેલા વેદો (જ્ઞાન) ના આધારથી,
વિચિત્ર પ્રકારના સંકલ્પો-વારંવાર કરીને લીલા-માત્રમાં પ્રજાઓ પ્રગટ કરી.
અને તે પ્રજાઓ માટે,સ્વર્ગ-મોક્ષ-ધર્મ-અર્થ તથા કામ ની સિધ્ધિ માટે વિચિત્ર પ્રકારનાં અનંત શાસ્ત્રો રચ્યાં.

હે,રામ,આમ બ્રહ્મા-રૂપ મનમાંથી,આ સઘળી સૃષ્ટિ પ્રગટ થયેલી છે.આ જગતમાં બ્રહ્મા નું રૂપ ધરનારું એ
મન જ છે.વળી એ મન ની કલ્પના-માત્ર થી જ અનેક પ્રકારની રચનાઓ વાળા ક્રિયાઓ ના વિલાસો ઉત્પન્ન
કરીને સૃષ્ટિ ની શોભાને વિલક્ષણ સ્થિતિ આપી છે.

**<u>(૪૫) જગત સ્વ-સત્તાથી નહિ પણ બ્રહ્મ ની સત્તાથી છે</u>**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આ જગત થયું પણ છે અને નથી પણ થયું.કારણકે-તે શૂન્ય છે,દેખાવ-માત્ર જ છે અને,
માત્ર મનના વિલાસ-રૂપ જ છે.આ બ્રહ્માંડ મોટા રૂપ-વાળું છે છતાં પણ આકાશની પેઠે તે શૂન્ય છે.
આથી તેણે,કોઇ "પ્રદેશ ને કે કાળને" કંઇ પણ (થોડોકે પણ) રોક્યો નથી.
આ બ્રહ્માંડ માત્ર સંકલ્પના સ્વરૂપવાળું છે અને સ્વપ્ન માં દેખાયેલા નગર જેવું મિથ્યા છે.

જે દેશમાં અને જે કાળમાં તે બ્રહ્માંડ જોવામાં આવે છે તે દેશ અને કાળમાં -તે "બ્રહ્મ" જ છે.બીજું કંઇ  જ નથી.
આકાશમાં ભીંત વગર અને રંગ વગર કલ્પાયેલા વિચિત્ર ચિત્ર જેવું આ જગત છે,
તે જોવામાં આવે છે છતાં ખોટું છે.અને માત્ર ભ્રાંતિ થી જ બનેલું છે.
જેમ ચક્ષુ જોવા-માત્રમાં કારણ-રૂપ છે તેમ,મન,સ્મરણ-માત્ર માં કારણ-રૂપ છે.
તે મને દેહ-વગેરે સઘળાં બ્રહ્માંડોને સ્મરણ-માત્ર થી જ પ્રતીત થતું કલ્પી લીધું છે.
એટલે જગત એ મનના અભાસ-માત્ર જ છે અને જગતના પદાર્થો મિથ્યા જ પ્રતીત થાય છે.
જેમ,કોશેટા નો કીડો,પોતે જ પોતાના બંધન ને માટે જાળ બનાવી લે છે-
તેમ,મને પોતે જ પોતાના બંધન માટે આ શરીર કલ્પી લીધું છે.

ચિત્ત (મન) જેને મિથ્યા-સંકલ્પ-રૂપે ન કરી શકે-કે-ચિત્ત જેમાં મિથ્યા-સંકલ્પ-રૂપે ગતિ ના કરી શકે,
એવો કોઈ દુષ્કર અગમ્ય પદાર્થ છે જ નહિ.એવી કોઈ શક્તિ નથી કે મનમાં ના હોય-કે-ઈશ્વરમાં ના હોય !!
સર્વ-શક્તિમાન-મહા-ચૈતન્ય સદા વિધમાન છે,તેને લીધે જ સર્વ પદાર્થોમાં સાચા-પણું પણ સંભવે છે અને
ખોટા-પણું પણ સંભવે છે.સર્વ પદાર્થો (મન-પણ) મહા-ચૈતન્યમાં કલ્પિત હોવાને લીધે -તે મહા-ચૈતન્ય ની સત્તાથી
સાચા છે અને પોત-પોતાની સત્તાથી ખોટા છે.

હે,રામ,<u>તે મન સ્વપ્નાવસ્થામાં વાસનાથી જ બીજા શરીરને ગ્રહણ કરી લે છે,અને એવી રીતે</u>
<u>આ શરીર ને તેણે જ ગ્રહણ કરેલું છે -તેમ વિચારો.</u>
મન સઘળી શક્તિઓ વાળું હોવાથી સઘળા જગત ની કલ્પના તેણે જ કરી છે,તેમ વિદ્વાનો સમજે છે.
દેવ,અસુર,નર-વગેરે સઘળા પદાર્થો સંકલ્પથી બનેલા છે અને જયારે તે સંકલ્પ શાંત થાય છે ત્યારે-
તેઓ તેલ વગરના દીવા ની જેમ શાંત થઇ જાય છે.

હે,રામ,આ જગત.એ વિચાર-વિનાના પુરુષને અનેક જન્મોમાં ભમાવે તેવું છે,માટે,
કામના,તૃષ્ણા અને કલ્પના સહિત તે જગતની ભાવનાને છોડીને નિષ્પ્રપંચ આત્મ-સ્વ-રૂપ ની જ ભાવના કરો.

જગત એક લાંબા સ્વપ્ન જેવું છે તેમ સમજો.અને તે મિથ્યા જ છે,એમ જાણીને તેમાં રુચિ રાખો જ નહિ.
સમજુ પુરુષ ઝાંઝવાના પાણી ને જાણ્યા પછી,તે માટે દોડતો જ નથી.
જે,મૂઢ બુધ્ધિ-વાળો પુરુષ,પોતાના મનો-સંકલ્પ થી ઉઠેલી,
મનો-રાજ્ય ની લક્ષ્મીને સાચી માનીને તેને અનુસર્યા કરે છે,તે પુરુષો દુઃખ ને પાત્ર જ બને છે.

જો,સાચી વસ્તુ  હાજર ન હોય તો -લોકો ભલે ખોટી વસ્તુની પ્રાપ્તિ માટે દોડે-પરંતુ,
પુરુષ સાચી વસ્તુને ત્યજી દઈને ખોટી વસ્તુ માટે દોડ કરે છે તો તે નાશ જ પામે છે.
કેવળ વાસનાઓની વિચિત્રતા ને લીધે જ આ જગત લાંબા કાળ થી દેખાયા  કરે છે.
મિથ્યા જગતના પદાર્થો થી મૂર્ખ લોકો જ ઠગાય છે,તમારા જેવા તત્વવેત્તાએ તેનાથી ઠગાવું જોઈએ નહિ.
જે પુરુષ આ સંસારની ભાવનાથી સુખ મળશે-એવું માનતો હોય તો તે પુરુષને-
"અગ્નિ ની માત્ર ભાવના કરવાથી ટાઢ ઓછી થાય" એવું માનનારા પુરુષ જેવો મૂર્ખ જ સમજવો જોઈએ.

આ જગત ગંધર્વ-નગરની જેમ ખોટી રીતે વૃધ્ધિ પામેલું પ્રતીત થાય છે,એથી,આ જગતનો નાશ થઇ જાય -
તો કશી હાનિ થવાની નથી અને આ જગત વૃધ્ધિ પામે તો કશો લાભ પણ થવાનો નથી.
હે,રામ,જે પદાર્થ અત્યંત ખોટો જ છે,તેમાંથી શું જતું રહેવાનું છે? અને આમ જયારે કશી હાનિ થવાની જ નથી,
તો તેના દુઃખ ગાવાનો શો પ્રસંગ છે?
સઘળા જગતને બ્રહ્મ-રૂપે ગણીને -તેને અત્યંત સત્ય માનીએ-તો પણ-જે વસ્તુ અત્યંત સત્ય છે તેમાંથી
કશું જતું નથી કે તેમાં કશું આવતું નથી,તો જગતના પદાર્થો ને માટે શા માટે સુખ-દુઃખ ધરવાં જોઈએ?

જ્ઞાની પુરુષને દુઃખ પહોંચતાં જ નથી,પણ મૂર્ખ પુરુષ તો જગત-સંબંધી ઇષ્ટ પદાર્થો ના વિનાશથી,દુઃખ પામે છે.
"જે પદાર્થ આદિમાં પણ ના હોય અને અંતમાં પણ ના હોય -તે મધ્યમાં પણ હોતો નથી જ "
આ નિયમ પ્રમાણે-જે પુરુષ જગતને ખોટું ધારે છે,તેને જગત ખોટું જ જોવામાં આવે છે.
જગત પોતાના નામ-રૂપ-વાળા અનાશોથી આદિ તથા અંતમાં નહિ હોવાથી મધ્યમાં પણ નથી જ.
અને જે પુરુષ સર્વ જગત ને સાચું ધારે છે-તેને જગત સાચું જોવામાં આવે છે.અહીં પણ ઉપર નો જ સિધ્ધાંત
કામ કરે છે કે-"જે આદિ-અંત માં સત્ય હોય તે મધ્યમા પણ સત્ય છે"
કારણકે કલ્પિત જગત પોતાના અધિષ્ઠાન-પર-બ્રહ્મ-રૂપે સત્ય છે.

હે,રામ,જળમાં પ્રતિબિંબ રૂપે જે ચંદ્ર જોવામાં આવે છે-તેને મૂઢ-પણા વાળા બાળકો જ લેવાની ઈચ્છા કરે છે,
પણ પુખ્ત મનુષ્યો -તે પ્રતિબિંબ છે તેમ સમજે છે એટલે -તેને લેવાની કદી ઈચ્છા કરતાં નથી.
તે રીતે-બ્રહ્મ માં જે આ મિથ્યા જગત જોવામાં આવે છે -
તે જગતનું ગ્રહણ કરવાની માત્ર અજ્ઞાનીઓ જ ઈચ્છા કરે છે,પણ જ્ઞાનીઓ કદી તેવી ઈચ્છા કરતા નથી.
માટે,તમે મિથ્યા-ભૂત જગતના પદાર્થો થી સંતોષ પામવામાં બાળક સમાન થાઓ નહિ,
પણ અવિનાશી પદને જોઈને -તેના નિત્ય તથા સ્થિર સુખ નો જ આશ્રય કરો.

"મારા દેહ સહિત આ સઘળું જગત વાસ્તવિક રીતે છે જ નહિ"
એવો નિશ્ચય રાખીને તમે દેહાદિનો વિનાશ થાય તો તેને માટે કશો શોક રાખો નહિ,તેમજ
"મારા દેહ સહિત આ સઘળું જગત વાસ્તવિક રીતે બ્રહ્મની સત્તા થી જુદી સત્તા-વાળું નથી,
અને જે બ્રહ્મ છે તે જ હું છું" એવો નિશ્ચય રાખીને તમે ફરીવાર જન્મ-મરણ ની ચિંતા રાખો નહિ.

## (૪૬) જીવન-મુક્ત ના ગુણો નું વર્ણન

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,પ્રિય ધન કે પ્રિય સ્ત્રી-પુત્ર વગેરે પ્રાપ્ત થાય તો હર્ષ શા માટે કરવો?
અને જો તે (સ્ત્રી-પુત્ર) નાશ પામે તો તેનો શોક શા માટે કરવો?

ઇન્દ્રજાળ ક્ષણમાં જોવામાં આવે અને નષ્ટ થઇ જાય તો તેને માટે હર્ષ કે શોક શા માટે કરવો?
પ્રિય (ધન-સ્ત્રી-પુત્ર-વગેરે) ની વૃધ્ધિ થાય તો તેમાં પણ- હર્ષ નો શો પ્રસંગ છે?
ઉપરથી આમ થાય (સ્ત્રી-પુત્ર ની પ્રાપ્તિ કે વૃધ્ધિ થાય) તો તેને દુઃખ જ માનવું યોગ્ય છે.સુખ માનવું યોગ્ય નથી.
(ઝાંઝવા ના પાણીની વૃધ્ધિ થવાથી જળની ઈચ્છાવાળાઓ ને શો આનંદ થાય?)

મોહ-રૂપી માયાની વૃધ્ધિ થતાં કોણ પ્રસન્ન થાય?
જે ભોગો વધવાથી મૂર્ખ ને રાગ (આસક્તિ) ઉત્પન્ન થાય છે,તે જ ભોગો વધવાથી સમજુ ને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.ધન-સ્ત્રી-પુત્ર વગેરે નો નાશ થાય તો-જેમ તેનો શોક કરવો યોગ્ય નથી તેમ હર્ષ કરવો પણ યોગ્ય નથી,
કારણકે-એમના નાશ થી કલ્યાણ થતું નથી.પણ તેમનામાં "આસક્તિ" નહિ રાખવાથી કલ્યાણ થાય છે.
ભોગો (ધન-સ્ત્રી-વગેરે) હાજર (વિધમાન) હોવા છતાં,તેને વિનાશી જાણવાવાળા વિવેકી સાધુ-પુરુષો તો તે પદાર્થો વડે વૈરાગ્ય પામે છે.

આથી હે,રામ,આ તત્વ સમજીને -તમે વ્યવહારમાં જે જે નાશ પામે છે તેની "ઉપેક્ષા" કરો (ત્યાગ નહિ)
અને જે જે પ્રાપ્ત થાય છે તેમાં "આસક્તિ" નહિ રાખતાં ઉપયોગ કરો.અને આ રીતે
નહિ પ્રાપ્ત થયેલા ભોગો ની અંતઃકરણમાં ઈચ્છા રાખવી જ નહિ.અને પ્રાપ્ત માં આસક્તિ રાખવી નહિ તે જ પંડિતો નું લક્ષણ છે.કામ-દેવ-રૂપી શત્રુ,પુરુષને મારી નાખવાની ઇચ્છાથી સજ્જ થઈને ગુપ્ત રીતે ઉભો જ છે,
એટલે જો તમે ચેતીને (વિવેકથી) વ્યવહાર કે વિહાર કરો તો -તો તમે કોઈ જાતની મૂર્ખતા કરી કહેવાય નહિ.

"પરમ-પદ ને જાણવા છતાં પણ સમજણ ની ભૂલ ને લીધે-આ સંસારના આડંબરમાં-એક જાતની ઠગાઇ ચાલી રહી છે" એમ જેઓ જાણતા નથી તેઓ માર્યા જ જાય છે.

મનુષ્ય ને જે પણ ગમે -તે (માફક આવે તે) "યુક્તિ" (કે સાધન) થી -
દ્રશ્યો (જગત) ના અનર્થ-પણાને સિધ્ધ કરનારી "બુધ્ધિ" પ્રાપ્ત કરીને,
તે બુધ્ધિ થી દ્રશ્યો (જગત) ની નિવૃત્તિ કરી હોય,
તો-તેવો નિર્મળ બુધ્ધિ-વાળો પુરુષ,પરમ અર્થ (પરમાર્થ કે તત્વ) નો આગ્રહ વાળો હોવાને લીધે,
મોહ-રૂપી સમુદ્રમાં ડૂબતો નથી.
"આ સઘળું જગત ખોટું (મિથ્યા) છે" એવા નિશ્ચયને લીધે,
જેને જગત-સંબંધી,કોઈ પણ વસ્તુમાં આસક્તિ હોય નહિ,
તે સર્વજ્ઞ પુરુષને ખોટી અવિદ્યા (માયા) પોતાની બાથમાં લઇ શકતી નથી.

આ જગતમાં "રુચિ અને અરુચિ" એ બંને ને છોડી દઈને જેની બુધ્ધિ "હું અને સઘળું જગત એક જ છે"
એવા વિચારમાં રહે છે,તે પુરુષ મોહ-રૂપી સમુદ્રમાં ડૂબતો નથી.
માટે હે,રામ, "કાર્યોમાં અને કારણોમાં વ્યાપ્ત થઈને રહેલું જે સત્તા-માત્ર પદ (બ્રહ્મ) છે તે હું જ છું"
એમ બુધ્ધિથી નિશ્ચય-પૂર્વક સમજીને તમે બહારનાં તથા અંદરનાં-દ્રશ્યો (જગત કે પદાર્થો)ને -
તમે ત્યજો પણ નહિ (તેની ઉપેક્ષા કરી શકાય) અને ગ્રહણ પર કરો નહિ.(તેનાથી અનાસક્ત રહી શકાય)

હે,રામ,તમે સઘળાં કામો (કર્મો) કરવા છતાં,પણ અત્યંત વૈરાગ્ય-વાળા,સ્વસ્થ,સઘળા નિવાસો થી રહિત,
અને આકાશની જેમ નિર્લેપ (અનાસકત) રહો.
જે વિદ્વાન ને પ્રવૃત્તિ કરવા છતાં પણ પ્રવૃત્તિ પ્રત્યે અનાસક્ત રહીને,
કોઈ વધુ,પ્રવૃત્તિ ની ઈચ્છા પણ ના કરે અને પ્રવૃત્તિ ની અનિચ્છા પણ ના કરે,
તેની બુધ્ધિ કોઈ વિષયો થી લેપાતી (આસક્ત થતી) નથી (જેમ કમળ-પત્ર જળ થી લેપાતું નથી તેમ)
હે,રામ, તમે આત્મ-જ્ઞાન સંપાદન કરીને આસક્તિથી રહિત થઇ જાઓ,પછી તમારાં-પાતળાં થઇ ગયેલાં
'મન અને ઇંદ્રિયો' ભલે પોતાની ક્રિયાઓ કરે અથવા ના કરે -તો તેની કોઈ ચિંતા કરવી નહિ.

"આ મારું છે-આ મારું છે"
એમ કરીને વિષયોમાં દોડતા તમારા મિથ્યા-ભૂત મન ને તમે મૂર્ખ થઇને વિષયોમાં ડુબાડો નહિ,
તો-પછી ભલે ને તે મન દૃશ્ય (જગત) નું દર્શન-વગેરે ક્રિયાઓ કરે કે ના કરે (તેની ચિંતા કરવી નહિ)
હે,રામ,જયારે આ વિષયોની શોભા તમારા હૃદયમાં તમને પોતાને રુચશે નહિ,ત્યારે તમે,
"જાણવાનું જાણી ચુકેલા અને સંસાર-રૂપી સમુદ્ર ને તરી ગયેલા -જીવનમુક્ત" જેવા થશો.
તમને જયારે વિષયો ની રુચિ રહેશે નહિ,
ત્યારે તમે સમાધિ કરો કે ન કરો,તો પણ તમને અનાયાસે મુક્તિ પ્રાપ્ત થયા વગર રહેશે નહિ.

હે,રામ,જેમ,પુષ્પ માંથી સુગંધ ને છૂટી પાડવામાં આવે તેમ,જીવનમુક્ત નું પદ પામવાને માટે,
તમારા વિવેકી મનને,"<u>ઉત્તમ વિચારો" થી </u>વાસનાના સમૂહોમાંથી જુદું પાડો.
"વાસનાઓ-રૂપી-જળ" થી ભરેલા આ "સંસાર-રૂપી-સમુદ્ર"માં જેઓ "વિચાર-રૂપી-વહાણ" માં ચડે છે-
તેઓ તરી જાય છે-અને બીજા લોકો ડૂબી જાય છે.(એટલે કે ઉત્તમ વિચાર થી વાસના-મુક્ત થઇ શકાય છે)

વિવેક -વૈરાગ્ય -વગેરે સાધનો થી તીક્ષ્ણ કરેલી અને
સુખ-દુઃખ સહન કરવામાં ધીરજ-વાળી બુધ્ધિ થી તમે
આત્મા ના તત્વ નો સારી રીતે <u>"વિચાર"</u> કરો.અને પછી પોતાના "સ્વ-રૂપ" માં પ્રવેશ કરો.

હે,રામ,તત્વ ને જાણનારા ને જ્ઞાનથી સંપન્ન ચિત્ત વાળા વિદ્વાન પુરુષો જેમ વિચાર કરે છે -
તેમ વિચાર કરવો યોગ્ય છે,પણ મૂઢ પુરુષો ની જેમ વિચાર  કરવો યોગ્ય નથી.
નિરંતર તૃપ્ત રહેનારા,અને મહાન બુધ્ધિવાળા,મહાત્માઓએ જીવનમુક્ત પુરુષો ના આચારો ને અનુસરવું જોઇએ,
પણ ભોગો ભોગવવાની લંપટતા ધરાવનારા બીજા પામરો ના આચારો ને અનુસરવું જોઈએ નહિ.

બ્રહ્મના અને જગતના તત્વ ને જાણનારા,મહાત્મા પુરુષો,જગતના સઘળા વ્યવહારો કરે છે,
તેમ છતાં કશું છોડતા પણ નથી અને કશું ઈચ્છતા પણ નથી.
તત્વ-જ્ઞાનને લીધે,તેઓ -સંસારનાં સઘળાં સુખો ની ઈચ્છા કરતા નથી.
તે મહાત્મા પુરુષો-ક્યાંય પણ પરાક્રમ-વગેરે ઉત્કર્ષ માટે,અભિમાન માટે ,ગુણો માટે કે લક્ષ્મી ને માટે-
કંગાળ-પણું (મોહ) કરતા (કે-રાખતા) નથી.
મહાત્મા  પુરુષો સૂર્યની પેઠે શૂન્ય (આકાશ)માં પણ મૂંઝાતા નથી,દેવતાઓ ના બગીચા (વૈભવ) માં આસકત
થતા નથી,અને પોતાની મર્યાદા (વિવેક) ને કદી છોડતા નથી.

"ઇચ્છાઓથી રહિત થયેલા,આવી પડેલા વ્યવહારને અનુસરનારા,વૈરાગ્ય,શાસ્ત્રોક્ત-વગેરે સાધનો ની
સંપત્તિવાળા અને સ્વસ્થ રહેનારા" મહાત્માઓ આ દેહ-રૂપી રથમાં બેસીને આનંદ થી વિચરે છે.
હે,રામ તમે પણ આવા જ વિવેક ને પ્રાપ્ત થયા છો,અને બુધ્ધિના બળથી જ્ઞાનમાં સ્થિતિ પામેલા છો.
આવા શુધ્ધ <u>વિચારો</u>નો આશ્રય કરીને તમે માન તથા મત્સર (ઈર્ષા) થી રહિત થઈને,આ પૃથ્વી પર વિહાર કરો.
અને આમ કરવાથી તમને જીવનમુક્તિ-રૂપ સિધ્ધિ પ્રાપ્ત થશે.

સઘળી તૃષ્ણાઓ નો ત્યાગ કરીને,વિષયોનું કૌતુક જોવાની ઈચ્છાને પણ દૂર કરીને,અને,
મનમાં શીતળતા ગ્રહણ કરીને તમે સ્વસ્થ પણે રહી પૃથ્વી પર વિહાર કરો.

વાલ્મીકિ કહે છે કે-એ પ્રમાણે ના નિર્મળ અભિપ્રાય-વાળા વસિષ્ઠ મુનિ ની નિર્મળ વાણી,સાંભળીને,
રામ,તરત સાફ કરાયેલા દર્પણ ની જેમ શોભવા લાગ્યા.અને જ્ઞાન-રૂપી-મધુર અમૃતની અંદર ભરપૂર થઈને-
તે,પૂનમ ના ચંદ્ર ની જેમ શીતળતા ને પામ્યા.

**(૪૭) અનિયમિત ક્રમો વાળા ભૂત-ભવિષ્ય-વર્તમાન નાં કરોડો બ્રહ્માંડો નું વર્ણન**

રામ કહે છે કે-હે,ભગવન.આપનાં પવિત્ર વચનો થી મને કેટલીક ધીરજ મળવા જેવું થયું છે.ઘણાંઘણાં ઉત્તમ અર્થો-વાળા,સ્વચ્છતાથી ભરેલાં,વિચિત્ર યુક્તિઓવાળાં અને આત્મ-તત્વ નો પ્રકાશ કરવા માટે ઉદય પામેલાં, આપનાં વચનો સાંભળતા હું તૃપ્ત થતો નથી.
જીવોની રાજસિક-સાત્વિક જાતિઓ કહેવાના પ્રસંગમાં આપે જે પ્રમાણ-સિધ્ધ બ્રહ્માની ઉત્પત્તિ કહી છે, તે ઉત્પત્તિ વિષે હવે આપ સ્પષ્ટ રીતે વર્ણન કરી ને કહો.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,લાખો બ્રહ્માઓ,લાખો નારાયણો,લાખો શંકરો અને લાખો ઇન્દ્રો-થઇ ગયા છે.
આ બ્રહ્માંડમાં અને બીજાં વિચિત્ર બ્રહ્માંડોમાં પણ જુદાજુદા આચારો અને જુદાજુદા વિહારો વાળા, બ્રહ્માઓ,નારાયણો,શંકરો,ઇન્દ્રો અને બીજા પણ દેવો તથા મનુષ્યો વગેરે પણ અસંખ્ય છે.
ભૂતકાળ-ભવિષ્યકાળ અને વર્તમાન માં ઘણા-ઘણા જીવો થઇ ગયા છે,થશે અને છે.

બ્રહ્માંડો માં એ બ્રહ્માદિક દેવતાઓની ઉત્પત્તિઓ જાણે ઇન્દ્રજાળમાં થતી હોય એવી રીતે થાય છે.
કોઈ સમયે બ્રહ્માથી,કોઇ સમયે વિષ્ણુ થી,કોઇ સમયે શિવ થી-તો -કોઇ સમયે બીજા મુનિઓથી પણ સૃષ્ટિઓ થાય છે,બ્રહ્મા કોઇ સમયે કમળમાંથી,કોઇ સમયે પાણીમાંથી,કોઇ સમયે ઇંડામાંથી -તો- કોઇ સમયે આકાશમાંથી પણ  ઉત્પન્ન થાય છે.

કોઈ બ્રહ્માંડ માં શિવ જ સર્વ ના અધિપતિ છે,કોઇ બ્રહ્માંડમાં સૂર્ય સર્વના અધિપતિ છે,
કોઈ બ્રહ્માંડમાં બ્રહ્મા સર્વના અધિપતિ છે,કોઇ બ્રહ્માંડમાં ઇન્દ્ર સર્વના અધિપતિ છે,
કોઈ બ્રહ્માંડ માં વિષ્ણુ જ સર્વના અધિપતિ છે-તો કોઈ બ્રહ્માંડમાં એક એક દેવ જ સર્વ-મય છે.

કોઈ સૃષ્ટિમાં (સૃષ્ટિ ના સમયમાં) પૃથ્વી --પ્રથમ ગીચ ઝાડોથી વ્યાપ્ત થઇ હતી,
કોઈ સૃષ્ટિમાં મનુષ્યો થી વ્યાપ્ત થઇ હતી,કોઇ સૃષ્ટિમાં પર્વતોથી વ્યાપ્ત થઇ હતી.
કોઈ -કોઈ સૃષ્ટિમાં તે-પૃથ્વી માટી-મય,કે પથરા-મય,કે સુવર્ણ-મય,કે તાંબા-મય થઇ હતી.

આ બ્રહ્માંડ માં અને બીજા બ્રહ્માંડોમાં પણ ઘણાઘણા વિચિત્ર પદાર્થો છે.
કેટલાંએક બ્રહ્માંડો પ્રકાશ વાળા -તો કેટલાંએક બ્રહ્માંડો પ્રકાશ વગરનાં પણ છે.
જેમ અનંત મહાસાગરમાં અનંત તરંગો પ્રગટ થાય છે અને તેમાં જ મટી જાય છે,
તેમ,આ બ્રહ્મ-તત્વ-રૂપી-મોટા આકાશ-માં અનંત બ્રહ્માંડો પ્રગટ થાય છે અને તેમાં જ તિરોહિત (મળી) થાય છે.
બ્રહ્મ-તત્વમાં જે ચપળ આકાર-વાળા બ્રહ્માંડો ના સમુહો પ્રગટ થાય છે તેમની કોઈ કાળે ગણત્રી થઇ શકે તેમ નથી.આ સૃષ્ટિ ઓની પરંપરાઓ કયા કાળથી આરંભાયેલી છે-તે ચોક્કસ જાણવામાં આવતું નથી.
થઇ ગયેલી અસંખ્ય-સૃષ્ટિઓમાં પહેલી સૃષ્ટિ કઈ થઇ હતી? તેનો નિર્ણય થઇ શકતો નથી.

જ્યાં સુધી "સૂક્ષ્મ-બુધ્ધિ" થી "આ સઘળું કંઈ જ નથી" એવો બાધ (નિરોધ) કરવામાં ના આવે ત્યાં સુધી,
'પર-બ્રહ્મ-રૂપ-આકાશ' માં મોટા આકારો તથા વિકારો વાળાં બ્રહ્માંડો (ની કલ્પના) થયા જ કરશે.
આ સઘળી સૃષ્ટિઓ અજ્ઞાનીઓ એ કલ્પી કાઢી છે,તે આકાશ ની વેલ ની જેમ વિસ્તાર પામે છે-ઉગે છે અને આથમે છે.તે સાચી પણ નથી અને ખોટી પણ નથી,પરંતુ અનિર્વચનીય (ના કહી શકાય તેવી) છે.

સઘળાં બ્રહ્માંડો ની સઘળી સૃષ્ટિઓ -એ આત્મ-તત્વ થી જુદી નથી-તેવો તત્વવેત્તાઓનો નિર્ણય (સિધ્ધાંત) છે.
જયારે મૂર્ખ લોકો તો-જેમ વાદળાંમાંથી વૃષ્ટિ આવે છે તેમ ઈશ્વરમાંથી સૃષ્ટિઓ આવે છે તેમ માને છે.
હે,રામ,જેમ માળાના મણકામાં દોરો એક જ હોય છે-તેમ સ્થૂળ-ભૂતો થી થયેલી દેહાદિક ની સૃષ્ટિઓમાં,

તથા સૂક્ષ્મ-ભૂતો થી થયેલી ઇન્દ્રિયાદિકની સૃષ્ટિઓમાં "મેલ-રૂપ-માયા" એક જ છે,
અને તે માયા આત્મ-તત્વ માં "કલ્પાયેલી" છે.

કોઈ સૃષ્ટિમાં પ્રથમ આકાશ,સ્થૂળ થાય,અને તેમાંથી બ્રહ્મા ઉત્પન્ન થાય -તો તે આકાશમાંથી થયેલા કહેવાય છે,
કોઈ સૃષ્ટિમાં પ્રથમ વાયુ સ્થૂળ થાય,અને તેમાંથી બ્રહ્મા ઉત્પન્ન થાય -તો તે વાયુમાંથી થયેલા કહેવાય છે,
કોઈ સૃષ્ટિમાં પ્રથમ તેજ,સ્થૂળ થાય,અને તેમાંથી બ્રહ્મા ઉત્પન્ન થાય -તો તે તેજમાંથી થયેલા કહેવાય છે(તેજસ)
કોઈ સૃષ્ટિમાં પ્રથમ જળ,સ્થૂળ થાય,અને તેમાંથી બ્રહ્મા ઉત્પન્ન થાય -તો તે જળમાંથી થયેલા કહેવાય છે,
કોઈ સૃષ્ટિમાં પ્રથમ પૃથ્વી,સ્થૂળ થાય,અને તેમાંથી બ્રહ્મા ઉત્પન્ન થાય -
તો તે પૃથ્વીમાંથી થયેલા કહેવાય છે(પાર્થિવ)

આકાશ -વગેરે પાંચ-ભૂતોમાં જયારે જે એક ભૂત બીજા ચારને દબાવીને અધિક વધે છે-ત્યારે બ્રહ્મા તે વધેલા ભૂતમાંથી અકસ્માત જ ઉત્પન્ન થાય છે.અને ઉત્પન્ન થઈને તે પછી જગતની રચના કરે છે.
બ્રહ્મા ઉત્પન્ન થયા પછી,કોઈ સમયે-મોઢામાંથી,-તો કોઈ સમયે જુદાજુદા અંગોમાંથી પ્રાણીઓ -વગેરે ઉત્પન્ન થાય છે.કોઈ સૃષ્ટિ માં વિષ્ણુની નાભિમાંથી કમળ ઉત્પન્ન થાય છે-અને કમળમાંથી બ્રહ્મા વૃદ્ધિ પામે છે.
તેથી બ્રહ્મા કમળમાંથી ઉત્પન્ન થયેલા કહેવાય છે.

પાણી ની ચપળ ચકરી ની જેમ શોભતી આ સૃષ્ટિ-એ "માયા" છે,
સ્વપ્ન ના જેવી ભ્રાંતિ છે.ભ્રમ થી રચાયેલી ફૂદડી જેવી છે અને મનોરાજ્ય ની જેમ કલ્પિત છે.
આવી સૃષ્ટિ માં "તે સૃષ્ટિ નું શું તત્વ છે?અને તે (માયા) તત્વમાં કેમ થવી સંભવે?" એ કંઈ પૂછવા જેવું છે?

કોઈ સમયે,શુદ્ધ પરમાત્મા માં મન નો રંગ લાગવાથી --
"સુવર્ણ-મય જેવું અને જેની અંદર બ્રહ્મા હોય છે-એવું" ઇંડું પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે,
કોઈ સમયે,માયાથી કલ્પાયેલો પુરુષ,માયાથી કલ્પાયેલા પાણીમાં પોતાનું વીર્ય નાખે છે અને તે
વીર્ય થી પાણીમાંથી કમળ અથવા મોટું બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે,
કોઈ સમયે,પૂર્વ-કલ્પ નો વરુણ આ કલ્પ-માં બ્રહ્મા થાય છે,કોઈ સમયે પૂર્વ-કલ્પ નો વાયુ આ કલ્પ-માં
બ્રહ્મા થાય છે.

હે,રામ,આ પ્રમાણે,આ વિચિત્ર પ્રકારની અનેક સૃષ્ટિઓમાં બ્રહ્મા ની ઘણીઘણી વિચિત્ર ઉત્પત્તિઓ થઇ ગઈ છે.
બાકી,સત્યમાં (પરમ-અર્થમાં) એ સૃષ્ટિઓ અસત્ જ છે.
આ સઘળી સૃષ્ટિ કેવી છે? તો તેના ઉદાહરણ માટે મેં તમારી પાસે,બ્રહ્મા ની "ઉત્પત્તિ" કહી -
તેમાં કોઇ નિયમ નથી.અને આ જ પ્રમાણે સઘળી સૃષ્ટિઓ ની "સ્થિતિ" વિષે સમજી લેવું.

"આ જે સંસાર છે-તે મન નો જ વિલાસ છે" એમ તમને સમજાવવા માટે મેં તમને સૃષ્ટિ થવાની પધ્ધતિ કહી.
વળી,જીવોની સાત્વિક-આદિ જે જાતિઓ છે,તેઓ પણ આ જ રીતે થયેલી છે,
એમ સમજાવવા માટે પણ,તમને સૃષ્ટિ થવાની આ પધ્ધતિ કહી.
વારંવાર સૃષ્ટિ થયા કરે છે,વારંવાર તે સૃષ્ટિનો નાશ થયા કરે છે,વારંવાર સુખ-દુઃખ,
જ્ઞાનીઓ-અજ્ઞાનીઓ થયા કરે છે.અને વારંવાર બંધન-મોક્ષ ની કલ્પનાઓ થયા કરે છે.
વળી,વારંવાર સૃષ્ટિ સંબંધી,ભૂત-ભવિષ્ય-વર્તમાનના પદાર્થોમાં સ્નેહ દ્રષ્ટિઓ થાય છે.

જેમ,પ્રકાશ કરનારા દીવાઓ વારંવાર ઠરી જાય છે અને વારંવાર પ્રગટ થાય છે,
તેમ,બ્રહ્માદિક ના શરીરો વારંવાર મટી જાય છે અને વારંવાર પ્રગટ થાય છે.
અને આમ થવામાં "કાળ" (સમય) ની અધિકતા જ કારણ-રૂપ છે.

ફરીફરી સતયુગ થાય છે,ત્રેતાયુગ થાય છે,દ્વાપરયુગ થાય છે અને કળિયુગ થાય છે.
એક ચક્ર ની પેઠે જગત વારંવાર આવર્તન પામ્યા જ કરે છે.
જેમ દરેક પ્રાતઃકાળે ફરી દિવસ થાય છે
તેમ,પ્રત્યેક સૃષ્ટિમાં મન્વન્તરોનો આરંભ થાય છે,અને કલ્પો ની પરંપરાઓ થાય છે.
કાળ (સમય)ના દિવસ-રાત્રિ-કલાકો અને મિનીટો (પહોર અને ઘડી) વગેરે ના સપાટામાં આવતું જતું,આ સઘળું જગત વારંવાર થાય છે, અને છતાં કંઈ પણ વારંવાર થતું નથી.

હે,રામ,**જ્ઞાનીની** દૃષ્ટિ થી,આ સઘળું જગત બ્રહ્મ જ છે.એટલા માટે 'સંસાર છે જ નહિ' એમ કહેવાય છે.
**અજ્ઞાની**ની દૃષ્ટિ થી આ સંસારનો કદી અંત થતો નથી,એટલે સંસાર સર્વદા છે એમ (ખોટું) પણ કહેવાય છે.
**મીમાંસક લોકો** "આ જગત કદી પણ "આવું" હોય એમ થતું નથી" એમ કહીને તેને "નિત્ય-પ્રવાહ-રૂપ" માને છે,
-જેને પણ ખોટું કહેવાય તેમ નથી.
"જગતના સર્વ પદાર્થો વીજળીની પેઠે ક્ષણે-ક્ષણે નાશ પામવાના સ્વભાવ-વાળા છે"
એટલે "આ જગત એ ક્ષણિક છે" એમ **બૌદ્ધ-લોકો**નું કહેવું પણ ખોટું કહી શકાય તેમ નથી.
"ચંદ્ર-સૂર્ય આદિના પ્રકાશવાળી સઘળી દિશાઓમાં પર્વતો-પૃથ્વી-સમુદ્રો-વગેરે સ્થિર જોવામાં આવે છે"
એટલા માટે "આ જગત પોતાની જુદી સત્તા-વાળું છે" એમ **સાંખ્ય-લોકો** નું માનવું પણ સાચા જેવું છે.

પરમ-વ્યાપક એવા પર-બ્રહ્મની અંદર તે તે (ઉપર બતાવેલ) વાદીઓ એ (મન ના) સંકલ્પો ની જાળથી કલ્પનાઓ કરેલી છે,અને તે જુદાજુદા પ્રકારોમાં (કલ્પનાથી) ના સંભવે તેવો એકેય પ્રકાર નથી.
પરંતુ એટલું છે કે-અસંગ અને અદ્વિતીય બ્રહ્મમાં સંકલ્પો ની જાળ ઉઠવી એ અસંભવિત જ છે.

હે,રામ,આ સઘળું જગત અને જન્મ-મરણ વારંવાર થયા કરે છે,સાધનો અને કર્મો પણ વારંવાર થયા કરે છે.
બ્રહ્માંડો થાય છે અને તેનો પ્રલય પણ થાય છે,વળી પાછું મન,બીજા કાળમાં (સમયમાં) પર-બ્રહ્મ ની અંદર તેવાં જ બીજાં ગંધર્વ-નગરો જેવાં અનેક બ્રહ્માંડો ફરી થી સર્જે છે.અને સૃષ્ટિ નો પ્રારંભ થાય છે.
એ રીતે સઘળું ચક્રની પેઠે ફર્યા કરે છે.
આ બ્રહ્મ-રૂપ, માયાના આડંબર માં "આ સાચું અને આ ખોટું" એમ કેવો (શેનો) નિર્ણય કરવાનો હોય?
અને નિર્ણય કરીને (પણ) શું કહી શકાય?

હે,રામ,આ સંસાર-રૂપી ચક્ર "દાશૂર" નામના બ્રાહ્મણે કહેલી કથાની પેઠે,કલ્પના થી રચાયેલા આકાર-વાળું છે, વસ્તુ વગરનું છે,અને વાસ્તવિક રીતે છે જ નહિ.જે કર્તા (બ્રહ્મ) વિદ્યમાન (હાજર) જ નથી -તેણે તે બનાવેલું છે.
અધિષ્ઠાન-રૂપ બ્રહ્મ થી જ તે (જગત) રહેલું છે-તો હવે તમને શા કારણથી મોહ રહે છે?
તમે મોહ નું જે કારણ માનો છો તે (જગત) છે જ નહિ,અને જે છે -તે અખંડ બ્રહ્મ જ છે.
માટે કારણ વગરનો આ તમારો મોહ -એ યોગ્ય નથી.

## (૪૮) દાશૂરાખ્યાન -અગ્નિએ દાશૂર ને વરદાન આપ્યું

વશિષ્ઠ કહે છે કે-હે,રામ,પોતાને અને બીજાઓને પણ ઠગનારા-પામર લોકો અનેક પ્રકારનાં કર્મો કર્યા કરે છે, તેઓ ભોગની તથા ઐશ્વર્યની તૃષ્ણા ને વશ થયેલા હોય છે,અને સત્ય વસ્તુને જાણવાની અપેક્ષા જ રાખતા નથી.તેથી તેઓ સત્યને જાણી શકતા નથી.પણ,જેઓ,બુદ્ધિ ને પામેલા હોય છે,અને જીતેન્દ્રિય હોય છે, તેઓ જગતની માયાને તુચ્છ ગણીને પરમ-તત્વ ને જાણી શકે છે.

જેમ,સર્પ કાંચળીને ત્યજી દે છે,તેમ વિચાર-વાળો જીવ જગતની માયાને તુચ્છ જોઇને-મમતા-અહંતા ને ત્યજી દે છે.અને આવો આસક્તિ-રહિત થયેલો જીવ લાંબા કાળ સુધી વ્યવહાર માં રહે-તો પણ-
જેમ અગ્નિમાં શેકાયેલ બીજ અંકુરિત થતું નથી-તેમ તે પુનર્જન્મ પામતો નથી.

આ શરીર આધિ-વ્યાધિ થી ઘેરાયેલું રહે છે અને આવતી કાલ સુધી કે આજે પણ તેના જીવવાનો વિશ્વાસ નથી,
છતાં અજ્ઞાની લોકો શરીર નું જ હિત કરવાનો યત્ન કરે છે-આત્મા નું હિત કરવાનો નહિ.
હે,રામ, તમે પણ અજ્ઞાનીની પેઠે,આ શરીરે ઈચ્છેલા વિષયો નું સંપાદન કરો નહિ. એ પ્રકારના વિષયોનું
સંપાદન પરિણામે દુઃખ-દાયી જ છે.માટે કેવળ આત્મા માં જ નિષ્ઠા રાખો.

રામ કહે છે કે-હે,પ્રભુ,આપ કહી ગયા કે-આ સંસાર-રૂપી ચક્ર "દાશૂર" નામના બ્રાહ્મણે કહેલી કથા ની જેમ
કલ્પનાથી રચાયેલા આકાર-વાળું છે અને વસ્તુ વગરનું છે-તો તે કઈ કથા હતી તે આપ મને કહો.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, જગતના મિથ્યા-પણા ના એક ઉદાહરણ-રૂપે હું હવે દાશુરે કહેલી કથા કહું છું તે તમે
સાંભળો.આ પૃથ્વી પર વિચિત્ર ફુલ-ઝાડ-વાળો અને લક્ષ્મી-વાળો "માગધ" નામનો એક વિખ્યાત દેશ છે,
તેના કદંબો ના વનમાં એક પવિત્ર પર્વતમાં મહાતપસ્વી,મહાધર્માત્મા,વિષયો ની આસક્તિ થી રહિત,
તપ ની સાથે ઉત્તમ યોગ કરનારો અને ઉત્તમ બુધ્ધિવાળો "દાશૂર" નામનો મુનિ,
કદંબ ના ઝાડના અગ્ર ભાગ (ટોચ) પર નિવાસ કરીને રહ્યો હતો.

રામ પૂછે છે કે-હે,ભગવન.એ દાશૂર નામનો તપસ્વી એ વનમાં શા માટે રહ્યો હતો?
અને કદંબ ના ઝાડની ટોચ પર શા માટે રહ્યો હતો?

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, તેનો પ્રસિધ્ધ પિતા "શરલોમા" એ જ પર્વતમાં રહેતો હતો.તે જાણે બીજો બ્રહ્મા હોય
તેવો જણાતો હતો.શરલોમાએ પોતાના પુત્રની સાથે,તે વનમાં રહીને પોતાના જીવન નો સમય કાઢ્યો હતો.
ઘણાં વર્ષો સુધી સુખ-દુઃખ ભોગવ્યા પછી,મનુષ્ય દેહનો ત્યાગ કરીને તે દેવ-લોકમાં ગયો.
તેની સ્ત્રી પણ તેની પાછળ સતી થઇ.આમ, ભાગ્ય ના યોગથી માતા-પિતા-એ બંને નું મરણ થયું એટલે
દાશૂર તે જંગલમાં એકલો પડ્યો અને દીનતા થી રડવા લાગ્યો.

હે,રામ તે બાળક અત્યંત રાંક બની ગયો ત્યારે એક દેવતાએ અદ્રશ્ય રહીને આશ્વાસન આપ્યું કે-
હે,ઋષિ-પુત્ર તું અજ્ઞાનીઓની પેઠે કેમ રડે છે? સંસારનું સ્વરૂપ જ ચંચળ છે તે તું શું નથી જાણતો?
પ્રાણીઓ જન્મે-જીવે અને અવશ્ય મરે જ છે.આ સંસાર ની એવી રીતની સદા ચંચળ સ્થિતિ જ છે.
બ્રહ્માના શરીર આદિ જે જે પદાર્થો છે તે સઘળા પદાર્થો નો પણ વિનાશ થવાનો જ છે,એમાં સંશય નથી.
આ પ્રમાણે છે એટલા માટે તું તારા માત-પિતા ના મરણ નો વ્યર્થ શોક કર નહિ.
જેમ,સૂર્ય ઉગે છે તો તેનો અસ્ત પણ અવશ્ય થાય છે તેમ,જે જન્મે છે તેનું મરણ અવશ્ય છે.

દાશૂર ને એ દેવ ની આકાશવાણી સાંભળવાથી ધીરજ મળી.અને ભક્તિભાવથી પિતાની અંતિમ-વિધિ કરી
અને તે પછી ઉત્તમ સિધ્ધિ મેળવવાને માટે તેણે તપ કરવાનો નિશ્ચય કર્યો.
તે વનમાં બ્રાહ્મણ-જાતિને યોગ્ય (વેદોમાં બતાવેલ) તપશ્ચર્યા કરતાં કરતાં તેને વેદિયા-પણું પ્રાપ્ત થયું.
કે જે વેદિયા-પણા માં પદાર્થો માં શુધ્ધાશુધ્ધ-પણું (અડ્યા-આભડવાની-વગેરે છોછ) કલ્પવાની ભારે પંચાત
રાખવી પડે છે. દાશૂરે પરમ તત્વ ને જાણ્યું ના હતું -તે વેદિયા ની સઘળી બુધ્ધિ,
આવી પંચાત ને (વેદિયા-પણાને) લીધે ક્યાંય વિશ્રાંતિ (સુખ) પામી નહિ.

આ સઘળું પૃથ્વી-તળ શુધ્ધ જ છે પણ,તે દાશૂર-વેદિયો વહેમ ને લીધે -તેને અશુધ્ધ જેવી ગણતો અને કોઈ
સ્થળે તે પ્રસન્ન થતો નહિ.પછી તેણે પોતાની કલ્પનાથી વિચાર કર્યો કે-સહુથી શુધ્ધ તો કેવળ ઝાડની ટોચ જ છે,
એટલા માટે મારે તેની પર રહેવું જ યોગ્ય છે.હવે હું એવું તપ આરંભુ કે-
જેથી મને પક્ષીઓની જેમ વૃક્ષ ની શાખાઓ અને પાંદડાઓ પર રહેવાની શક્તિ મળે.
આ પ્રમાણે વિચાર કરીને તેણે લાંબા કાળ સુધી તપ કર્યું.પણ જયારે ધારેલો મનોરથ પાર પડ્યો નહિ ત્યારે તેણે,

છેવટે અગ્નિ પ્રજ્વલિત કર્યો અને પોતાના શરીર નું માંસ કાપી કાપી ને તે અગ્નિ માં હોમવા માંડ્યું.

તેણે આમ કરવા માંડ્યું એટલે અગ્નિ-દેવ ને વિચાર થયો કે-હું સઘળા દેવતાઓના મુખ-રૂપ છું,
તેમાં બ્રાહ્મણ નું માંસ પડવાથી સઘળા દેવતાઓના ગળા બળીને ભસ્મ થઇ  જવાને સંભવ છે.
તો હવે આમ થવા દેવું તે યોગ્ય નથી.
આવા વિચારથી ઝળહળતી ઝાળ-વાળા અગ્નિ-દેવે દાશૂરને પ્રત્યક્ષ-રૂપ થી દર્શન આપીને કહ્યું કે-
હે,ધીર બાળક,તું મારી પાસે થી જે જોઈતું હોય,તે વરદાન માગી લે.

ત્યારે દાશૂરે અગ્નિ-દેવ ની સ્તુતિ અને પૂજન કરીને કહ્યું કે-હે,ભગવન,આ સઘળી પૃથ્વી અશુધ્ધતા થી ભરેલી છે,
તેમાં મને ક્યાંય રહેવાનું પવિત્ર સ્થળ મળતું નથી,માટે મને વૃક્ષો પર સ્થિતિ કરવાની શક્તિ આપો.
એટલે અગ્નિદેવ  "તથાસ્તુ" કહીને ત્યાં થી અંતર્હિત થઇ ગયા.
ત્યારે સિધ્ધ થયેલો દાશૂર પૂનમ ના ચંદ્ર ની જેમ શોભવા લાગ્યો.

## (૪૯) કદંબ-વૃક્ષ નું વર્ણન

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,તે પછી દાશૂરે વન ની મધ્યમા ઊગેલ એક ખૂબ મોટું કદંબ ના વૃક્ષ ને જોયું.
(અહીં તે કદંબ ના વૃક્ષનું અનેક જાતના અલંકારો આપીને બે પાન ની અંદર વર્ણન કર્યું છે)

## (૫૦) કદંબ પર બેઠેલા દાશૂરે દશે દિશાઓ ને દીઠી

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,પછી પૃથ્વીનાં સર્વ સ્થળોમાં જેને અપવિત્ર-પણા ની શંકા હતી,તેવો એ દાશૂર,
ફળો અને પલ્લવો થી શોભી રહેલા અને જાણે પુષ્પોનો પહાડ હોય એવા એ કદંબ ને જોઈને
મનમાં બહુ આનંદ પામ્યો.અને તેના પર ચડ્યો.

વનમાં જાણે આકાશને અને પૃથ્વીને સ્થિર રાખવા નો થાંભલો ઉભો કર્યો હોય એવો એ કદંબ ઉંચો હતો.
એ કદંબ ની આકાશ સુધી પહોંચતી એક શાખા ના છેલ્લા પાંદડા પર જઈને દાશૂર બેઠો,
અને ત્યાં હવે કોઇ પણ જાતની અપવિત્ર-પણાની ચિંતા નહિ રાખતાં એકાગ્ર-પણાથી તપ આરંભ્યું.

એક દિવસ દાશૂર નવાં પલ્લવો ના બનેલા કોમળ આસન પર બેઠો હતો,ત્યારે તેણે કૌતુક થી ચપળ થયેલાં
નેત્રો વડે જરા-વાર સઘળી (દશે) દિશાઓને જોઈ.(અહીં દશે દિશાઓ નું અલંકારિક લાંબુ વર્ણન કર્યું છે)

## (૫૧) દાશૂરે વન-દેવી ને પુત્ર આપ્યો અને તે પુત્ર ને જ્ઞાન આપ્યું

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,કદંબ ની ઉપર રહેલો અને દારુણ તપ કરવામાં શૂરતા ધરાવનારો તે દાશૂર,
ત્યારથી તપસ્વીઓના આશ્રમોમાં 'કદંબાસુર' નામથી ઓળખાવા લાગ્યો.
એ કદંબ ની ઉંચી શાખા પર બેસીને,જરા વાર દિશાઓને જોઈને,
તેણે અંતઃકરણને તરત જ તેમાંથી પાછું વાળી લીધું,અને પદ્માસન વાળીને બેઠો.
પછી-"પરમ અર્થ (પરમાર્થ) થી અજાણ,માત્ર ક્રિયાઓ (વૈદિક કર્મો) માં જ તત્પર રહેલા અને
સંસાર-સંબંધી ફળો ના સંકલ્પ-રૂપી કંગાળ-પણા થી ભરેલા "મન" થી " (સકામ) યજ્ઞો કરવા લાગ્યો.

એકાગ્ર ચિત્ત-વાળા તે દાશૂરે,સામાન્ય યજ્ઞ થી માંડીને અશ્વમેઘ (મોટામાં મોટા) યજ્ઞ ની સઘળી ક્રિયાઓ (કર્મો)
પોતાના "મન" થી જ કરી,અને આવા માનસિક યજ્ઞો થી દશ વર્ષ સુધી દેવતાઓનું યજન (પૂજન) કર્યું.
એટલા કાળ (સમય) સુધી "વેદોક્ત કર્મો" (ક્રિયાઓ) કરવાને લીધે,તેનું મન રાગ-દ્વેષ વગેરે મળો થી મુક્ત થયું.

આમ મળો (ગંદકી) ટળી જવાને લીધે,એનું મન અવકાશ-વાળું (શૂન્ય) થયું,એટલે,
"આત્મ-પ્રસાદ-રૂપ-જ્ઞાન" તે મન ની અંદર તેને પ્રાપ્ત થયું.અને તેથી તેનું અજ્ઞાન-રૂપી આવરણ વીંખાઇ ગયું.

એક દિવસ તેણે આંખો ખોલી-તો-પોતાના મુખ આગળ એક શાખા પર બેઠેલી એક "વન-દેવી" ને જોઈ.
તે વિશાળ અને મદ થી ઘૂમતાં નેત્રોવાળી હતી,સુશોભિત મુખવાળી હતી,અત્યંત શોભાયમાન વસ્ત્રોથી શોભતી હતી,નીલકમળ ના જેવી સુગંધવાળી હતી,અને તે મન નું અત્યંત આકર્ષણ કરનારી હતી.

તેને જોઈને દાશૂરે તેને પૂછ્યું કે-હે,સુંદર નેત્રોવાળી,તું કોણ છે? અને અહીં શા માટે બેઠી છે?
ત્યારે વનદેવીએ કહ્યું કે-હું વનદેવી છું,ગયા ચૈત્ર માસની શુક્લપક્ષની તેરસના દિવસે,કામદેવના આરાધના સંબંધી ગાયન-તથા ભોજન -વગેરે કરવાનો ઉત્સવ હતો,તે પ્રસંગ માં આ વનની અંદર વનદેવીઓનો સમાજ એકઠો થયો હતો,એ વખતે હું પણ ગઈ હતી.એ ઉત્સવ માં આવેલી સર્વે ને મેં હમણાં પુત્રોવાળી દીઠી, અને હું જ એક વાંઝણી (પુત્ર વગરની) રહી ગઈ એ જાણી મને બહુ જ ખેદ થયો.

સઘળા મનોરથો ને પૂર્ણ કરવામાં મોટા કલ્પ-વૃક્ષ સમાન આપ વિધમાન (હાજર) હોવા છતાં,
હું વાંઝણી રહીને,અનાથ થી માફક,શોક કરું તે શું યોગ્ય કહેવાય?
હે,ભગવન,મને પુત્ર આપો અને જો તમે મને પુત્ર નહિ આપો તો-
હું મારા દુઃખ ની બળતરાને શાંત કરવા,મારા દેહને અગ્નિમાં આહુતિ-રૂપ કરી દઉં છું.

તે સુંદરીએ આ પ્રમાણે કહ્યું-ત્યારે ધૈર્ય થી ભ્રષ્ટ નહિ થયેલા પણ દયાથી ઘેરાયેલા,એ દાશૂર-મુનિ જરા હસ્યા,
પછી પોતાના હાથમાં રહેલું ફૂલ તેને આપીને તેમણે કહ્યું કે-હે,સુંદરી,આ ફૂલ તું લઇ જા,એથી તને પુત્ર થશે,
તેં કષ્ટ પામીને આત્મઘાત ના સંકલ્પ પર આવીને મારી પાસે પુત્ર માગ્યો છે,એટલા માટે એ પુત્ર બીજી વનદેવીઓના પુત્રો ની જેમ વિષયોમાં લંપટ નહિ થાય અને તત્વ ને જાણનારો થશે.
અને આમ કહીને દાશૂર મુનિએ તેને ત્યાંથી વિદાય કરી.

પછી એ સુંદરી પોતાના સ્થાન માં ગઈ અને સમય થતાં,તેને પુત્ર ની પ્રાપ્તિ થઇ.
ઋતુઓ અને વર્ષો થી અનુક્રમે થનારો સમય વીત્યો,અને તે વનદેવી પોતાના બાર વર્ષના પુત્ર ને લઈને,
મુનિ ની પાસે આવી.અને મુનિ ને કહેવા લાગી કે-હે,ભગવન,આ સ્વરૂપવાન કુમાર આપણા બંનેનો પુત્ર છે,
અને તેને મેં સઘળી વિધાઓમાં પારંગત કર્યો છે,કેવળ આને બ્રહ્મ-વિધા મળી નથી,જેથી તે વિધાનો
તમે,તેને ઉપદેશ કરો.કારણકે સારા કુળમાં જન્મેલા પુત્ર ને મૂર્ખ રાખવાનું કોણ ઈચ્છે?

ત્યારે દાશૂર-મુનિએ કહ્યું કે-આ પુત્ર-રૂપ ઉત્તમ શિષ્ય ને તું અહીં જ રાખી જા.
એમ કહી અને તેમણે વનદેવી ને ત્યાંથી વિદાય કરી.
વનદેવી ના ગયા પછી,તે પુત્ર પિતાની પાસે શિષ્ય થઈને -સેવામાં પરાયણ થઈને રહ્યો.
દાશૂર મુનિએ તેને લાંબા કાળ સુધી વિચિત્ર અને જુદીજુદી ઉક્તિઓ થી બ્રહ્મ-વિધા નો ઉપદેશ કર્યો.
સર્વોત્તમ રસવાળાં વાક્યો ના સમૂહથી પોતાની પાસે રહેલા પોતાના પુત્રને આત્મ-વિચારમાં જાગ્રત કર્યો.

## (૫૨) 'જગત મન કલ્પિત છે' એ સમજાવવા ખોત્થ-રાજા નું ચરિત્ર

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,હું,આકાશમાં જ્યોતિશ્ચક્ર (જ્યોતિ-રૂપ-ચક્ર) ની અંદર સમર્ષિઓના મંડળમાં રહું છું.
એક દિવસ એ મંડળમાંથી અદૃશ્યરૂપે બહાર નીકળ્યો,આકાશમાંથી નીચે ઉતર્યો ને જે માર્ગે એ દાશૂરમુનિનો કદંબ હતો,તે માર્ગે થઈને કૈલાસ પર્વતમાંથી વહેતી 'મંદાકિની' નામની નદીમાં નાહવાને માટે ગયો.
સ્નાન કરીને પછી,ત્યાંથી રાત્રિ ના સમયે તે ઉત્તમ કદંબ ની પાસે પહોંચ્યો,ત્યારે દાશૂર મુનિના ભાષણનો શબ્દ મારે કાને આવ્યો.દાશૂર મુનિ નું ભાષણ તેમના પુત્ર ને બોધ આપવા માટે ચાલતું હતું.

દાશૂર પોતાના પુત્ર ને કહેતા હતા કે-.હે,પુત્ર,વાસ્તવિક રીતે આ સંસારના જેવી (એટલે કે કલ્પિત)
મહાન આશ્ચર્ય આપનારી,એક આખ્યાયિકા તને હું કહું છું તે તું સાંભળ.
બહુ બળવાન,ત્રૈલોક્ય માં વિખ્યાત,સંપત્તિ-વાળો એક "ખોત્થ" નામનો રાજા છે.
(નોંધ-અહીં મન ને ખોત્થ રાજા જોડે સરખાવવામાં આવ્યું છે!!)
સઘળા ભુવનોના અધિપતિ રાજાઓ પણ એ રાજાની આજ્ઞાને મસ્તક ઉપર ધારણ કરે છે.
સાહસો કરવામાં જ રુચિ ધરાવનારો અને અનેક આશ્ચર્યો ઉપજાવનારા વિહારો કરનારો એ મહાત્મા-રાજા
ત્રણે લોકમાં કોઈથી પણ વશ કરી શકાયો નથી.બહુ જ સુખ અને દુઃખ આપનારી એ રાજાની હજારો ક્રિયાઓ
સમુદ્રના અસંખ્ય તરંગોની જેમ કોઈથી ગણી શકાય તેમ નથી.

જેમ,આકાશ મુઠ્ઠીથી દબાવી શકાતું નથી,તેમ એ પ્રબળ રાજાનું બળ જગતમાં શસ્ત્રોથી,અગ્નિ થી કે કોઇથી પણ
દબાવી શકાતું નથી.રચનાથી શોભતી અને મોટા આરંભો-વાળી એ રાજાની લીલાની થોડીઘણી નકલ કરવાને
ઇન્દ્ર,વિષ્ણુ કે મહાદેવ પણ સમર્થ નથી.
એ રાજાના ઉત્તમ-મધ્યમ અને અધમ એવા ત્રણ દેહો છે.અને તે દેહો સઘળા વ્યવહાર કરવાને સમર્થ છે.,
તથા સઘળા જગતમાં વ્યાપીને રહ્યા છે.આ ત્રણ દેહો વાળો ખોત્થ રાજા ઘણા વિસ્તારવાળા આકાશમાં ઉત્પન્ન
થયો છે,આકાશમાં જ રહ્યો છે અને પંખીઓ ની માફક આકાશમાં જ ફર્યા કરે છે.

એ રાજાએ તે અપાર આકાશમાં એક નગર બનાવ્યું છે અને તેમાં ચૌદ મોટા રાજમાર્ગો છે.
એ માર્ગો ત્રણ વિભાગમાં વહેંચાયેલા છે.તેમાં વનો,ઉપવનો અને પર્વતો ની પંક્તિઓ શોભી રહી છે.
તેમાં મોતીની લતાઓ ના સંગમ-વાળી સાત વાવો બનાવવામાં આવી છે.
ત્યાં એક ઠંડો અને એક ગરમ એવા બે અક્ષય દીવાઓ પ્રકાશ કર્યા કરે છે.
ત્યાં ઉંચે જવાનો અને નીચે જવાનો -ખરીદવા-રૂપ વેપાર ધમધોકાર ચાલ્યા કરે છે.
એ મોટા નગરમાં એ રાજાએ જંગમ-પણા-વાળા અને નવીનવી શોભાથી ભરેલાં,કેટલાએક માટીનાં
ભોયરાં બનાવ્યા છે.એમાંના કેટલાએક ઉંચે,કેટલાએક નીચે અને કેટલાએક મધ્યમા રાખેલા છે.
તેમાંના કેટલાએક લાંબા કાળે નાશ પામે છે,તો કેટલાએક શીઘ્ર નાશ પામે છે.

સઘળાં ભોયરાં કાળા ખડ (ઘાસ) થી ઢાંકેલા છે,નવ દ્વારો થી શણગારેલા છે,નિરંતર ચાલતા પવનોથી -તે
ઠંડાં અને ઉનાં થયા કરે છે અને તે ભોયરાં ઘણા ગોખો (ગોખલાઓ) વાળાં છે.
તેઓ પાંચ દુષ્ટ-દીવાઓના અજવાળાં-વાળા છે,થાંભલાઓ વાળા છે અને ધોળાં કાષ્ટથી જડાયેલાં છે.
તેમણે લીસા લેપ થી કોમળ કરવામાં આવ્યા છે,અને તેઓ પડખાંઓમાં બબ્બે ગલી-વાળાં છે.
એ મહાત્મા રાજાએ માયાથી તે ભોયરાંઓમાં રક્ષણ કરનારા મોટા યક્ષો બનાવ્યા છે,અને તે યક્ષો સર્વદા
પ્રકાશથી ભય પામે છે.જેમ પક્ષી માળાઓમાં ક્રીડા કરે તેમ,તે રાજા તે ભોયરાંમાં અનેક પ્રકારની ક્રીડાઓ કરે છે.

હે,પુત્ર,ત્રણ શરીર-વાળો તે રાજા,એ ભોયરાંઓમાં તે યક્ષો ની સાથે લીલામાં મગ્ન થઇને,
ત્યાં થોડો સમય નિવાસ કરીને પાછો,બીજા ભવિષ્યમાં થનારા નગરમાં જવાની ઈચ્છા કરે છે.
ચપળતાવાળા એ રાજાને કોઈ સમયે જયારે 'ભવિષ્યમાં રચાનારા કોઇ નગરમાં જાઉં' એવો દૃઢ વિચાર થાય છે
ત્યારે,તે રાજા જાણે ભૂતના વળગાડ-વાળો હોય તેમ પૂર્વના નગરમાંથી ઉઠીને દોડે છે અને દોડીને
બીજા ગંધર્વ-નગર (કલ્પિત નગર) ને પ્રાપ્ત થાય છે.

હે,પુત્ર,બહુ ચપળતાવાળા તે રાજાને કોઇ સમયે 'હું નહિ જેવો થઇ જાઉં' એવી ઈચ્છા થાય છે,તો તે ઈચ્છાને
લીધે,તરત તે નહિ જેવો થઇ જાય છે.પણ પાછો,જેમ જળમાંથી તરંગ પ્રકટ થાય છે,તેમ તે પૂર્વના સ્વભાવથી જ
પ્રગટ થઇ જાય છે.અને વળી પાછો ભારે ભારે આરંભો-વાળો વ્યવહારો કરવા માંડે છે.
એ રાજા કોઇ વખતે પોતાની ખટપટ ને લીધે જ રાગ-શત્રુ આદિથી પરાભવ પામે છે,અને
'હું કિંકર છું,મૂર્ખ છું,તથા દુખિયો છું' એમ શોક કરવા માંડે છે.

તો,કોઈ સમયે તે પોતાના આગલાં સુખોના સ્મરણ થી ડહોળાઈને -દુઃખી થઇ જાય છે.

હે,પુત્ર,એ મોટા મહિમાવાળો ખોત્થ રાજા,પવન ના વેગ થી આકુલ થયેલા સમુદ્રની પેઠે કોઇ વાર ઉત્કર્ષ પામે છે,કોઇ સમયે વેગમાં આવી જાય છે,કોઈ વખતે ઉછળવા લાગે છે,કોઇ સમયેચલિત થાય છે,કોઇ સમયે પ્રૌઢ દેખાવવાળો  થાય છે,તો કોઈ વખતે ડહોળાઈ જાય છે.

**(૫૩) ખોત્થરાજાના કલ્પિત ઉદાહરણ નો સિદ્ધાંત**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,ત્યાં મધ્ય-રાત્રિએ કદંબની ટોચ પર બેઠેલા,પવિત્ર મનવાળા પોતાના પિતા દાશુર મુનિ ને તેમના પુત્રે આ પ્રમાણે પૂછ્યું.

પુત્ર કહે છે કે-હે,પિતા,ઉત્તમ આકારવાળો 'ખોત્થ'નામનો એ રાજા કોણ છે? ભવિષ્યમાં થનારા નગરનું 'હોવું' એ કેમ સંભવે?અને વર્તમાનકાળમાં તે નગરમાં જવું કેમ સંભવે? આ ભવિષ્ય-કાળના અને વર્તમાન-કાળના વિરોધાભાસ વાળાં જેવાં લાગતાં તમારાં વચન મને મૂંઝવે છે,માટે તેને યથાર્થ રીતે સમજાય તેમ કહો.

દાશૂર કહે છે કે-હવે આ વાતનો વાસ્તવિક અભિપ્રાય કહું છું તે તું સાંભળ.
એટલે સંસાર-રૂપી ચક્ર નું સ્વરૂપ તારા સમજવામાં આવશે.સંસારનું ચક્ર અજ્ઞાનથી જ ઉત્પન્ન થયેલું છે.
તે સત્તા વગરનું અને મિથ્યા હોવા છતાં બહુ વિસ્તીર્ણ થયેલું છે તે સમજાવવા માટે જ -
મેં તને આ આખ્યાન કહ્યું છે.જે 'ખોત્થ' નામનો રાજા કહ્યો છે -તે "મન" છે એમ જ સમજવું.
એ મન નિરાકાર પરબ્રહ્મ-રૂપી-આકાશમાંથી ઉઠેલું છે,એટલા માટે તેને 'ખોત્થ' કહ્યું છે.
('ખ' એટલે આકાશમાંથી અને 'ઉત્થ'એટલે ઉઠેલું -એવો અર્થ થાય છે)
એ મન પોતાની મેળે જ પ્રગટ થાય છે,અને પોતાની મેળે જ લીન થાય છે.
આ સઘળું ઘણા વિસ્તારવાળું જગત-એ- મન ને જ અધીન છે.
કારણકે મન પ્રગટ થાય છે તો જ જગત પ્રગટ થાય છે,અને મન લીન થાય તો જગત લીન થઇ જાય છે.

જેમ,શાખાઓ- એ- વૃક્ષના અવયવ-રૂપ છે અને શિખરો -એ -પર્વતના અવયવ-રૂપ છે .
તેમ,બ્રહ્મા,વિષ્ણુ તથા શિવ આદિ દેવો મન ના જ અવયવ-રૂપ છે.
એ મન ના સાત્વિક સંકલ્પ,રાજસ સંકલ્પ અને તામસ સંકલ્પ (ઉત્તમ-મધ્યમ અને અધમ) એ -ત્રણ દેહ છે.
અને તેઓ સઘળા વ્યવહારો કરવામાં સમર્થ છે.તેમ જ સઘળા જગતમાં વ્યાપી રહ્યા છે.

એ,મન,પોતાના અધિષ્ઠાન,પરબ્રહ્મ-રૂપ-આકાશમાંથી જ ઉત્પન્ન થયું છે,પરબ્રહ્મ-રૂપ-આકાશમાંજ રહ્યું છે, અને પરબ્રહ્મ-રૂપ-આકાશમાં જ ફર્યા કરે છે-કારણકે-કલ્પિત પદાર્થનાં ઉત્પત્તિ-વગેરે અધિષ્ઠાનથી જુદાં હોતાં નથી.એ મને પરબ્રહ્મ-રૂપ-આકાશમાં,વાસનાઓના અનુસંધાન માત્રથી 'બ્રહ્મા-પણું' પામીને આ બ્રહ્માંડ-રૂપ નગર બનાવ્યું છે.અને તેમાં પૃથ્વી,પાતાળ-આદિ ચૌદ લોક-રૂપ મોટા રાજમાર્ગો છે.
(એ રાજમાર્ગો સાત્વિક-રાજસિક-તામસિક -એ ત્રણ વિભાગમાં વહેંચાયેલા છે)
સૂર્યના કિરણોથી ચળકતા ઉંચા તરંગો-વાળી,નદીઓ-રૂપી-મોટી-લતાઓએ જેમાં પોતાનો સંગમ કર્યો છે- એવા સાત-સમુદ્રો-રૂપી વાવો છે.ઠંડો દીવો કહ્યો તે ચંદ્ર સમજવો અને ઉનો દીવો તે સૂર્ય સમજવો.

'ઉંચે-નીચે જવાના ખરીદવા-રૂપ વેપાર ચાલ્યા કરે છે' એમ જે કહ્યું તેનો અર્થ એ છે કે-
પુણ્ય-રૂપી ધન ખર્ચીને સ્વર્ગ આદિ ઉંચા લોકોમાં જવાનું મેળવાય છે,અને પાપો-રૂપી ધન ખર્ચીને નર્ક-આદિ નીચા લોકોમાં જવાનું મેળવાય છે.મનુષ્યોની,દેવોની અને અધમો ની યોનિઓ આ સંસારમાં પુણ્ય-પાપોથી જ ખરીદવામાં આવે છે.મન-રૂપી રાજાઓ  ક્રીડા કરવાને માટે,
બ્રહ્માંડ-રૂપી નગરમાં માંસ-રૂપી-માટીનાં-શરીરો-રૂપી-વિચિત્ર ભોયરાં બનાવ્યાં છે.

આ શરીરો-રૂપી ભોયરાંમાં ના -કેટલાએક દેવતાઓ નામનાં શરીરો,સ્વર્ગ-આદિ ઉંચા લોકમાં રાખવામાં આવ્યા છે.કેટલાએક સર્પ-આદિ નામનાં શરીરો,નીચે એટલે કે પાતાળમાં રાખવામાં આવ્યાં છે.અને
કેટલાએક મનુષ્યો-આદિ નામનાં શરીરો મધ્યમા એટલે કે પૃથ્વી પર રાખવામાં આવેલાં છે.

એ જાતજાતનાં શરીરો પ્રાણ-આદિ વાયુ-યંત્ર ના પ્રવાહથી ચાલે છે,માંસ-રૂપી માટીથી ભરેલાં છે,અને
સફેદ હાડકાં-રૂપી લાકડાં-વાળાં છે.ચામડીના લેપ વડે તેઓ (શરીરો) ચીકણા અને તગતગતા છે.
એ શરીરોમાંના કેટલાએક ઘણે કાળે તો કેટલાએક તરત જ નાશ પામે છે.
એ શરીરો-રૂપી ભોયરાંઓ કેશો-રૂપી કાળાં ખડ (ઘાસ)નાં છાજો થી ઢંકાયેલાં છે.
અને નિરંતર ચાલતા પ્રાણવાયુ થી ઊનાં (ગરમ) થાય છે અને અપાનવાયુથી ઠંડાં થાય છે.

તેઓ નાક-કાન-મોઢાં-તથા તાળવા-વગેરે-રૂપ ઘણા ગોખો-વાળાં છે.પાંચ-જ્ઞાનેન્દ્રિયો-રૂપ દીવાઓના
પ્રકાશ-વાળાં છે. એ મન-રૂપી રાજાએ,તે શરીરો-રૂપી-ભોયરાંઓમાં રક્ષણ કરવા માટે સંકલ્પ-રૂપી માયાથી
'અહંકાર-રૂપી-મોટા-યક્ષો' બનાવ્યા છે.કે જે યક્ષો,તેમનો (અહંકારનો) ક્ષય કરનારા -
'આત્મ-દર્શન-રૂપી-પ્રકાશ' થી સર્વદા ભય પામે છે.

વાયુ-રૂપી-યંત્રના પ્રવાહથી ચાલનારાં-એ 'શરીરો-રૂપી-ભોયરાં'ઓમાં,તે મન-રૂપી-રાજા,
મિથ્યા-સંકલ્પ થી ઉઠેલા 'અહંકારો-રૂપી-યક્ષો' સાથે સર્વદા ક્રીડા કરે છે.
જેમ,ધમણમાં સર્પ હોય,જેમ વાંસમાં મોતી હોય,તેમ શરીરમાં 'અહંકાર' છે.
જેમ,સમુદ્રનાં તરંગોની પેઠે,દીવાઓની જ્યોત ક્ષણમાત્રમાં ઉદય પામે છે,અને ક્ષણમાત્રમાં શાંત થઇ જાય છે,
તેમ,શરીરો-રૂપી-ભોયરાંઓમાં સંકલ્પો ક્ષણમાત્રમાં ઉદય પામે છે અને ક્ષણમાત્રમાં શાંત થઇ જાય છે-
અને એ જ મન-રૂપી-મોટા રાજાની ક્રીડા સમજવી.

'પૂર્વ (જાગ્રત) ના નગરમાંથી ઉઠીને ગંધર્વનગર જેવા બીજા નગરમાં જાય છે' એમ કહેવામાં -
'એ મન-રૂપી રાજા જાગ્રતમાં-નવા બ્રહ્માંડ-રૂપી જે નગરને નિર્માણ કરે છે,તેને જ સ્વપ્નાવસ્થામાં,
સંકલ્પ ને લીધે,તે ક્ષણમાત્રમાં જુએ છે.' એમ સમજવું.

એ મન-રૂપી રાજા "જાગ્રત"માં અને "સ્વપ્ન"માં ભમીને -તે ભમવાના પરિશ્રમ ને મટાડવા માટે,
"સુષુપ્તિ" માં તરત 'અવિદ્યા-રૂપ' થઇ જાય છે-તેથી તે નહિ જેવો થઇ જાય છે-તેમ સમજવું.
પણ પાછો તે,માત્ર સંકલ્પ-રૂપ પોતાના પૂર્વ-સ્વભાવ ને વડે જ પ્રગટ થાય છે,અને પ્રગટ થઈને તે-
મોટા-મોટા આરંભો-વાળા વ્યવહારો કરવા માંડે છે.
અને તે વ્યવહારો તેના પોતાના અનંત દુઃખ ને માટે જ થાય છે,આનંદ (સુખ) ને માટે નહિ.

એ મન-રૂપી રાજા,ગાઢ અંધારાના જેવી અંધતા આપનારા-જગત-રૂપી મોટા દુઃખને પોતે જ પ્રગટ થઇને બનાવે છે,અને પોતે જ નષ્ટ થઈને નષ્ટ કરી નાખે છે.અને તે મન પોતાના જ આવા અટકચાળાથી દુઃખી થાય છે.
અને તેથી તેને રોવું પડે છે.તો ક્યારેક- તે મન-રૂપી રાજા કોઇ સમયે-પોતાના જ સંકલ્પથી બનાવેલા
વિષય-સુખનો અંશ મળતાં પ્રફુલ્લિત થઈને આનંદ (સુખ) માની લે છે.

એ મન-રૂપી રાજા,બાળકની જેમ,પોતે પોતાના સંકલ્પથી જ ક્ષણમાત્રમાં આસક્ત બની જાય છે,
ક્ષણવારમાં વૈરાગ્ય પામી જાય છે,અને ક્ષણવારમાં વિકાર પામી જાય છે.
આથી,હે પુત્ર,એ મન ને સઘળા બાહ્ય પદાર્થોમાંથી પાછું વાળી લે,અને તેને તત્વ-જ્ઞાનથી નિર્મૂળ કરી નાખીને,
જે રીતથી તારી બુદ્ધિ તારા આત્મ-તત્વ માં વિશ્રાંતિ (સુખ) પામે -તેમ તું કર.

એ મન-રૂપી દુષ્ટ રાજા ના  (સાત્વિક-રાજસિક-તામસિક-સંકલ્પો-રૂપી)
ત્રણ દેહો (ઉત્તમ-મધ્યમ-અધમ) જ આ જગતની સ્થિતિ ના કારણ-રૂપ છે.
--મન જો <u>તામસ-સંકલ્પ-રૂપી-અધમ</u> દેહવાળું હોય તો,તો નિરંતર દુષ્ટ વિષયોમાં પ્રવૃત્ત થાય છે અને
નરકમાં પડવા-રૂપ-મોટું કંગાળપણું પામીને છેવટે કીટ-પતંગિયા ની યોનિ ને પ્રાપ્ત થાય છે.
--મન જો <u>સાત્વિક-સંકલ્પ-રૂપ-ઉત્તમ</u> દેહ વાળું હોય તો,તે ધર્મ-તથા ઉપાસનામાં  તત્પર રહે છે,અને
મોક્ષપદથી દૂર નહિ-એવી દેવ-યોનિ ને પ્રાપ્ત થાય છે.
--મન જો <u>રાજસ-સંકલ્પ-રૂપ-મધ્યમ-દેહવાળું</u> હોય તો તે સ્ત્રી-પુત્ર આદિ વાસનાથી રંગાઈ રહીને,
સંસારમાં મનુષ્યોની યોનિઓને પ્રાપ્ત થાય છે.
પણ તે મન,એ ત્રણે દેહ (સાત્વિક-રાજસિક-તામસિક) ને છોડી દે તો-
તે પોતે જ ક્ષીણ થઈને પરમ પદ ને પામે છે.!!

હે,પુત્ર,આમ છે-એટલા માટે તું વૈરાગ્ય વડે સઘળી ઈન્દ્રિયોને બાહ્ય વિષયમાં જતી રોકીને,
તથા મન વડે જ મનને નિયમિત કરીને,બહારના તથા અંદરના વિષયો સહિત સંકલ્પો નો નાશ કર.
જો તું હજારો વર્ષ તપશ્ચર્યા કરીશ--- કે તારા અવિનાશી દેહને શિલા પર પછાડી ચૂરેચૂરા કરી નાખીશ-કે-
અગ્નિમાં પ્રવેશ કરીશ-કે-ખાડામાં કે નદીમાં પડીશ -કે-તને કોઈ બ્રહ્મા,વિષ્ણુ કે કોઈ તપસ્વી પુરુષ કરુણા થી
જ્ઞાન નો ઉપદેશ આપે-કે-પછી,તું પાતાળ,પૃથ્વી કે સ્વર્ગ માં જઈને રહીશ-
<u>તો પણ સંકલ્પો નો નાશ કર્યા વિના સંસારથી તરવાનો બીજો કોઈ ઉપાય નથી.</u>

માટે હે,પુત્ર,સંકલ્પો નો ક્ષય કે-જે-બાધરહિત,નિર્વિકાર,સુખરૂપ અને પરમ પાવન છે.
તેને માટે સાધન-ચતુષ્ટય મેળવીને તું તે (સંકલ્પોનો ક્ષય) કરવાનો જ પરમ ઉદ્યોગ થી યત્ન કર.
સંસાર-સંબંધી સઘળા પદાર્થો "સંકલ્પ-રૂપી તંતુ"માં પરોવાયેલા છે,અને તે તંતુ કપાઈ જાય તો,
તે  પદાર્થો વીંખાઈ જઈને ક્યાં જાય છે તેનો પત્તો મળતો નથી.

"સંકલ્પ સત્ય હોય તો મોક્ષમાં પણ દ્વૈત રહેવું જોઈએ,અને જો સંકલ્પ અસત્ય હોય તો મોક્ષ સિદ્ધ થતો જ નથી,
અને (તે સંકલ્પ) સત્ય પણ હોય અને અસત્ય પણ હોય તો મોક્ષમાં પણ કોઈ વખત બંધન થવાનો સંભવ છે"
આવી રીતના વિકલ્પો કરવા અયોગ્ય જ છે.
વળી, એ સઘળા વિકલ્પો સંકલ્પ-માત્રથી જ સામટા ઉત્પન્ન થાય છે.માટે તે સંકલ્પ ઉપર કેવી રીતે ફાવી શકે?
અને આમ છે -તો- તે બ્રહ્મ નો તો સ્પર્શ પણ કેવી રીતે કરી શકે? (બ્રહ્મ કેવી રીતે પામી શકે?)

સૂક્ષ્મ શરીર,સ્થૂળ શરીર તથા ઉભય-મય સઘળું જગત સંકલ્પથી જ થયેલું છે.બીજા કશાથી નહિ.
તો હવે તે સંકલ્પ અને સઘળું જગત -એમાંથી કોને સાચું કહી શકાય તેમ છે?(કોઈને પણ નહિ)
હે,પુત્ર,જે જે પદાર્થ જેજે પ્રકારે સંકલ્પિત કરવામાં આવે છે,તેતે પદાર્થ ક્ષણમાત્રમાં તેતે પ્રકારનો થઇ જાય છે.
એટલા માટે તું કોઇ પણ પ્રકારનો સંકલ્પ કરીશ નહિ.
તું સંકલ્પોથી રહિત થઈને વેઠિયા મનુષ્યની જેમ આવી પડેલો વ્યવહાર કર્યા કર.
સંકલ્પો નો ક્ષય થાય તો પરમ-ચૈતન્ય -એ-મન-રૂપ થતું જ નથી.

તું,સાક્ષાત પરબ્રહ્મ જ છે,પણ પોતાની ભ્રાન્તિને લીધે,તે તે યોનિઓથી તેતે પ્રાણીઓ-રૂપે ઉત્પન્ન થઈને,
વ્યર્થ જ જગત સંબંધી દુઃખોનો તારે અનુભવ કરવો પડે છે,તે યોગ્ય નથી જ.
હે,પુત્ર,આ પ્રમાણે છે,એટલા માટે,જ્ઞાન પામ્યા વિના મરવું એ-તેતે યોનિઓમાં મોટું સંકટ ભોગવવા માટે જ થાય
છે.સમજુ પુરુષો તો જેનાથી સઘળાં દુઃખો ટળી જાય એવો જ માર્ગ પકડે છે,બીજો કોઈ માર્ગ પકડતા નથી.
તું,તત્વવેત્તા-પણાને પ્રાપ્ત થા,સંકલ્પોના સમૂહને બળાત્કારથી અત્યંત નષ્ટ કરી નાખ,
ચિત્તની વૃત્તિને અત્યંત શાંત કરીદે,અને અખંડ સુખને માટે તે અદ્વૈત-પદ ને સંપાદન કર.

**(૫૪) સંકલ્પની ઉત્પત્તિ-વગેરેનું નિરૂપણ**

પુત્ર કહે છે-કે-હે,પિતા,સંકલ્પ કેવો હોય છે,કેમ ઉત્પન્ન થાય છે,કેમ વધે છે અને કેમ નષ્ટ થાય છે-તે કહો.

દાશૂર કહે છે કે-આત્મ-તત્વમાં મન-પણાનો જે પ્રાદુર્ભાવ થાય છે-તે જ સંકલ્પ-રૂપી વૃક્ષનો પહેલો અંકુર છે.
જેમ વાદળું પ્રથમ નાનું હોય છે પણ પાછળથી ધીરે ધીરે ઘાટું થઇ,આકાશમાં વ્યાપીને ભારે ઠંડી ઉત્પન્ન કરે છે,
તેમ,સંકલ્પ નો મન-રૂપી અંકુર પહેલાં લેશમાત્ર હોય છે પણ પાછળથી ધીરેધીરે ઘાટો થઇને અધિષ્ઠાન માં
ફેલાઇ જાય છે.અને અધિષ્ઠાન (આત્મા કે પરમાત્મા) ને જડ-અને-પ્રપંચાકાર બનાવી દે છે.

આત્મ-તત્વ-રૂપી ચૈતન્ય,એક અંશમાં માયાને લીધે,પોતાથી જુદા જેવા-જગત ને ધારવા લાગતાં(મન-રૂપ થતાં)
(જેમ બીજ અંકુર-પણાને પામે છે-તેમ) સંકલ્પ-પણાને પ્રાપ્ત થાય છે.
એ સંકલ્પમાંથી બીજો સંકલ્પ પોતાની મેળે તરત જ થાય છે અને પોતાની મેળે તે તરત જ વધવા લાગે છે,
તેથી દુઃખ જ થાય છે (સુખ નહિ).આ -જે સંકલ્પ છે તે જ સંસાર છે.
તે સંકલ્પ ખોટી રીતે (ઝાંઝવાનાં જળ નિ જેમ) ભ્રાંતિની પેઠે ઉત્પન્ન થયો છે.
અને તે ખોટો હોવા છતાં વૃધ્ધિ પામે છે.

હે,પુત્ર,આમ,તારા સ્વ-રૂપમાં -તે ખોટો સંકલ્પ પોતાની મેળે જ ઉદય પામ્યો છે.
તારો જન્મ થયો છે,એ પણ ખોટું છે અને તારું દેહ-રૂપે વર્તમાન-પણું પણ ખોટું છે.
જો મારો ઉપદેશ યથાર્થ રીતે તારા મનમાં ઠસી જાય તો-સઘળું અસત્ય નાશ પામી જાય.
અજ્ઞાન ને લીધે "જે પૂર્ણાત્મા છે તે હું જ છું અને મારા સુખ-દુઃખ-મય જન્મ આદિ ભાવો મિથ્યા જ છે"
એવો વિશ્વાસ તને થતો નથી,અને તે જ અજ્ઞાન ને લીધે તું પરિતાપ (દુઃખ) પામે છે.

તને જન્મ-આદિ નો સંબંધ નહિ હોવા છતાં,પણ તું ભ્રાંતિથી જન્મ્યો છે.
પણ,પૂર્ણ બ્રહ્મ નો તો જન્મ થવો જ કેમ સંભવે?
તું પોતાની મેળે જ સંકલ્પ ને લીધે જ નિરર્થક જડ-રૂપ થઇ ગયો છે. તું કલ્પના જ કર નહિ,અને આ સ્થિતિમાં
સંકલ્પ અને પૂર્વનાં સુખ-દુઃખ -વગેરેનું સ્મરણ છોડી દે.આટલું કરવાથી જ બ્રહ્મ-પદ પામવાની યોગ્યતા આવે છે.
સંકલ્પ નો ક્ષય થવાથી સંસાર-સંબંધી ભયો પ્રાપ્ત થતા નથી અને
તે સંકલ્પ,પૂર્વનાં સુખ-દુઃખ નું સ્મરણ નહિ કરવાથી પોતાની મેળે જ નાશ પામે છે.

જેને સંકલ્પનો નાશ કરવાની ઈચ્છા હોય-તેણે પૂર્વનાં સુખ-દુઃખ નું સ્મરણ કરવું નહિ,એટલે
આમ કરવા માત્રથી આંખના પલકારામાં જ તે (સંકલ્પ) હણાઇ જાય છે.અને
પોતાનામાં પૂર્ણાનંદ-પણાના ચિંતન-માત્રથી પોતાનું ભૂલાઈ ગયેલું સ્વ-રૂપ ઉપસ્થિત થાય છે.

હે,પુત્ર,જે વસ્તુ કષ્ટ-સાધ્ય હોય તેને પણ જો પ્રયત્ન થી પ્રાપ્ત કરી લેવામાં આવતું હોય છે-તો-
તારું સ્વ-રૂપ ઉપસ્થિત કરી લેવું એ બહુ મોટી વાત નથી.કારણકે તે સ્વરૂપ ક્યાંય ગયું જ નથી,કે
નથી -તે સ્વરૂપ કોઇ વિકૃતિને પ્રાપ્ત થયેલું.

હે,પુત્ર,સંકલ્પ ને છોડી દેવાના "સંકલ્પ' થી સંકલ્પને-અને-સ્વ-રૂપ ના મનન થી મન ને કાપી નાખીને -
તું પોતાના સ્વ-રૂપમાં જ રહે.આટલું કરવામાં વળી શું અશકયતા છે? (આ અશક્ય નથી)
સંકલ્પ શાંત થઇ જાય તો આ સંસાર-રૂપી દુઃખ મૂળ સહિત શાંત થઇ જાય છે.

જે સંકલ્પ છે તે જ મન છે, તે જ જીવ છે,તે જ ચિત્ત છે,તે જ બુધ્ધિ છે,તે જ વાસના છે.માત્ર નામથી જુદાઇ છે.
પણ અર્થથી કોઇ જુદાઇ નથી.એટલા માટે સંકલ્પને જ કાપી નાખ,બીજી ચિંતા કર નહિ.

આ સઘળું જગત -એ ખોટા સંકલ્પે જ કરેલું છે અને પોતે ખોટું જ છે,માટે તે ખોટું જણાયા પછી,
તે જગતમાં પ્રીતિ રહેવાનો અવકાશ જ નથી.
'જગત સાચું છે' એવી વાસના ન રહે,તો પછી જગતમાં પ્રીતિ કેવી રીતે રહે?
વાસના ના ક્ષયથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે,અને મુક્તિ પ્રાપ્ત થયા પછી બીજું કંઇ પામવાનું રહેતું નથી.

આમ છે -એટલે ક્રમે ક્રમે જગત નો અનાદર કરીને,સઘળા જગતને ખોટું જ જાણવું.
દ્રશ્યો (જગત) નો અનાદર થાય-તો પછી "હું દેહ છું" એવું અનુસંધાન છૂટી જાય અને
આમ થાય -તો-દેહના સુખ-દુઃખથી પોતાને લેપ (અસર કે આસક્તિ) થાય નહિ.

એવી જ રીતે દેહના સંબંધ-વાળાં સ્ત્રી-પુત્રો પણ મિથ્યા જ છે એવો નિર્ણય થવાથી,તેમના પર સ્નેહ (આસક્તિ) ની
પ્રવૃત્તિ પણ થતી નથી.આમ આસ્થા (આસક્તિ) નીકળી જાય-એટલે હર્ષ-ક્રોધ-જન્મ-મરણ થતાં નથી.
મન જ પોતે ચૈતન્યમાં પ્રતિબિંબ થી જીવ થઈને આ સઘળા ખોટા માનસિક નગર જેવા,
ભૂત-ભવિષ્ય-વર્તમાન જગતને સુખ-દુઃખ-આદિના વિભ્રમોથી પરિવર્તન પમાડે છે.અને ધમાલ કર્યા કરે છે.

આ લોકમાં વાસનાઓથી ઘેરાયેલું જીવનું મન અનેક "શક્તિ"ઓથી ચળક્યા કરે છે,પણ વાસનાવાળો જીવ
મલિન (ગંદુ) અને ચંચળ થઈને કામના ને લીધે જાત જાતની વ્યવહારની વ્યવસ્થા (પ્રવૃત્તિ) કર્યા કરે છે.
સંકલ્પ-રૂપી જળના તરંગો કોઈ પણ રીતે નિયમિત કરી શકાતા નથી,જરાક વિષયનું સ્મરણ કરવામાં આવતાં,
તે (સંકલ્પો) વધી જાય છે.અને વિષયના સ્મરણનો ત્યાગ કરવામાં આવતા તે ટૂંકા થઇ જાય છે.

હે,પુત્ર,સંકલ્પો -એ-આ જગતમાં અપ્રગટ આકારવાળા છે,તે પ્રદીપ્ત,ક્ષણભંગુર,ભ્રાંતિ આપનારા અને
જડ ની જ સ્થિતિ પામનારા છે.
જે પદાર્થ ખોટો હોય તેને ટાળવાનો ઉપાય તરત થઇ શકે છે અને તે ઉપાયથી તે ટળી પણ જાય છે,
એમાં કોઈ સંદેહ નથી,કેમકે ખોટો પદાર્થ કદી સાચો હોતો જ નથી.
જો સંકલ્પ -એ-સાચો પદાર્થ હોય તો તેને ટાળવો અશકય થઇ પડે-પણ તે સાચો નથી.અત્યંત ખોટો જ છે.
અને તેથી જ તે (સંકલ્પ) સહેલાઈ થી ટાળી શકાય છે.

હે,પુત્ર,જો કોલસાની કાળાશ ની પેઠે-સંસાર-રૂપી મેલ સ્વાભાવિક હોય-તો તેને ધોઈ નાખવાની કોઈ મૂર્ખ જ
પ્રવૃત્તિ કરે.(કોલસા ને ગમે તેટલો ધોવામાં આવે તો તેની કાળાશ નીકળી શકે નહિ!!)
પણ સંસાર-રૂપી મેલ -એ (કોલસા જેવો) સ્વાભાવિક નથી-પણ એતો ચોખામાં રહેલ ફોતરા જેવો છે,
આથી પુરુષ પ્રયત્ન થી તે ટળી જાય છે.પછી-ભલે ને તે મેલ અનાદિ કાળ નો જ ના હોય.
જેમ ચોખાનું ફોતરું અને ત્રાંબાની કાળાશ-એ ક્રિયા (પ્રયત્ન) થી નષ્ટ થાય છે,
તેમ,જીવનો સંસાર-રૂપી મેલ,જ્ઞાનથી નષ્ટ થઇ જાય છે.એમાં કોઈ જ જાતનો સંદેહ નથી.

એટલા માટે તું,જ્ઞાન ના અભ્યાસમાં ઉધમ-વાળો થા.
ખોટા વિકલ્પોથી ઉઠેલા આ સંસારને અત્યાર સુધી જીત્યો નથી -એ બહુ મોટી ભૂલ કરી છે.
જેમ,અંધારાથી થયેલી આંધળા-પણાની ભ્રાંતિ,દીવાના પ્રકાશથી ખોટી પડી જાય છે-
તેમ,<u>આ સંસાર-એ-"વિચાર" થી ખોટો પડી જાય છે.</u>
હે,પુત્ર,આ સંસાર તારો નથી અને તું સંસારનો નથી.ખોટી ભ્રાંતિને તજી દે,અને ખોટા સંસારનું સ્મરણ કરવું
છોડી દે.મોટી સંપત્તિ થી ચમકતા "મારા આ ભોગ-વિલાસો સાચાં છે અને તે વિનાશ નહિ પામે"
એવો તારે મનમાં વિભ્રમ રાખવો જ નહિ.
તું,તારા વિસ્તાર પામેલા વિલાસો અને બીજું જે કંઇ પણ આ દૃશ્ય છે તે સઘળું આત્મ-તત્વ જ છે.

<u>(૫૫) દાશૂર અને વસિષ્ઠ નો સમાગમ-અને દાશૂર-આખ્યાન ની સમાપ્તિ</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,તે મધ્ય-રાત્રિના સમયે,તે બાપ-દીકરાનું ભાષણ સાંભળીને,હું કદંબ ના ટોચ પર ઉતર્યો.
ત્યારે દાશુરે મારું અર્ધ્ય-પત્ર-પુષ્પ થી મારું સ્વાગત કર્યું.દાશૂર મુનિના પુત્રને મેં પણ અનુભવના પ્રકાશ થી
રમણીયતાવળી અનેક ઉત્તમ કથાઓથી પરમ બોધ આપ્યો.અને પછી હું અને દાશૂર,બ્રહ્મ-વિદ્યા સંબંધી
વાતો કરવા લાગ્યા,અને વાતો કરતાં-કરતાં આખી રાત્રિ ક્યારે વીતી ગઈ તે ખબર ના રહી.
સવારે ત્યાંથી નીકળી પાછો હું સપ્તર્ષિ ના મંડળમાં પ્રવેશ કરીને સ્વસ્થ થઈને રહ્યો.

હે,રામ,દાશૂર મુનિએ કહેલી "ખોત્થ" રાજાની આખ્યાયિકા -એ જગતના પ્રતિબિંબ જેવી છે.
અને <u>ખોટી હોવા છતાં,સાંભળનારાઓને સાચાં પાત્રો-વાળી લાગે તેવી છે.</u>
પણ તમને બોધ આપવા અને જગતનું સ્વરૂપ સમજાવવાના વિષયમાં હું આગળ કહી ગયો છું કે-
"આ જગત દાશૂરે કહેલી રાજાની આખ્યાયિકા જેવું છે"
તમે દાશૂરે કહેલા સિદ્ધાંત ઉપર દૃષ્ટિ રાખીને -આ દૃશ્ય-પદાર્થો-રૂપી લેપને છોડી દઈને,ધીર મહાત્મા થાઓ.
કારણકે-એ લેપ તો ખોટો હોવા છતાં સાચો હોય તેવો લાગે છે.

હે,રામ,સઘળા સંકલ્પો ખોટા છે,એટલા માટે સંકલ્પોને,સંકલ્પો કરનાર મનને,અને મન ના હેતુ-રૂપ-અજ્ઞાન ને
તોડી નાખીને,તમે નિર્મળ આત્મ-તત્વ ને જ જોયા કરો.એટલે પછી તમે થોડા જ કાળમાં જીવનમુક્તિને
પ્રાપ્ત થશો અને લોકોમાં પૂજ્ય થશો.

<u>(૫૬) જગત ની સત્તા-અસત્તા,તથા ચૈતન્ય નું કર્તુત્વ અને અકર્તુત્વ</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,જો આ જગત છે જ નહિ-તો તમારે બંધન જ નથી.
એટલે તમે કેવળ સ્વચ્છ અને વ્યાપક "આત્મ-તત્વ" જ છો,માટે તમારે બીજા પદાર્થ માં અહંતા-મમતા ને
અવકાશ રહેતો જ નથી.આ જગત કોઈએ કરેલું હોય અથવા કોઈએ ના કરેલું હોય,કે પછી તે જગત,
ભલે ને આત્મા ના સામીપ્ય-માત્રને લીધે દૃશ્યમાન (દેખાતું) થયું હોય,તો પણ
તમારે તેમાં અહંતા-મમતા કરવી યોગ્ય નથી.

વાસ્તવિક રીતે જોતાં આ જગત કોઈ કર્તા એ કરેલું  છે-એમ નથી,તેમ તે કર્તા વગર થયેલું છે એમ પણ નથી,
હકીકત- એમ છે કે-જે અકર્તા (બ્રહ્મ) છતાં,માયાને લીધે કર્તા જેવો થયો છે,તેની "સત્તા" થી જગત થયું છે.
આ જગત-રૂપી જાળ-કર્તા વગરની હોય અથવા કર્તા-વાળી હોય તો પણ તમે તેનાથી એક થઈને બેસો નહિ.
આત્મા (બ્રહ્મ)એ સર્વ ઇન્દ્રિય થી રહિત છે-તેને કર્તા-પણું ઘટતું નથી.
તો પણ તેને કલ્પિત કર્તા-પણું પ્રાપ્ત થાય છે.
કાક-તાલીય ન્યાય (કાગનું બેસવું-ડાળ નું ભાંગવું-એ ન્યાય)ની પેઠે,આકસ્મિક-રીતે જ થયેલું આ જગત
અનિર્વચનીય  જ છે.માટે જે મૂર્ખ હોય તે જ તેમાં અહંતા-મમતા કરે.પણ સમજુ હોય તે તેમ કરે નહિ.

હે,રામ,આ જગત અત્યંત શૂન્ય છે તેવું પણ કહી શકાય તેમ નથી કારણકે તે નિરંતર દેખાયા કરે છે.
વળી તે નષ્ટ થઈને શૂન્ય થઇ જાય તેમ પણ કહી શકાય તેમ નથી,કારણકે નષ્ટ થયા પછી તે વારંવાર ઉત્પન્ન થાય
છે.અને "શૂન્ય" થી  ઉત્પત્તિ થવી શક્ય જ નથી.
આ જગત,આત્મા ની પેઠે નિરંતર રહેનાર છે તેમ પણ નથી,કારણકે -
જે વસ્તુ -અનાદિ પૂર્વકાળ (ભૂતકાળ) માં અને અનંત-ઉત્તર કાળ (ભવિષ્યકાળ) માં પણ નથી હોતી -
તે વસ્તુ -વર્તમાન ક્ષણમાં હોય તો પણ ન હોવાપણા નું જ "અનુમાન" થાય છે.
આ પ્રમાણે જગત અનિર્વચનીય જ છે,માટે તમારા જેવા સમજુ પુરુષે અહંતા-મમતા કરવી યોગ્ય નથી.

સર્વ ઇન્દ્રિયો થી રહિત શાંત આત્મા,જો- પોતાના સામીપ્ય માત્ર થી સર્વદા જગત ઉત્પન્ન કર્યા કરતો હોય,
તો પણ એવી રીતે થતા જગતમાં અભિમાન ધરીને મુંઝાવું યોગ્ય નથી.

કાળ (સમય) અનાદિ અને અનંત છે,તેનો "સો વર્ષ" (મનુષ્ય નું આયુષ્ય) એ તો બહુ જ નાનો ભાગ છે,
તો તે- સો વર્ષ દરમિયાન પ્રાપ્ત થયેલા,
આ મોટા આશ્ચર્ય-રૂપ મનુષ્ય દેહમાં આત્માએ અહંતા શા માટે ધરવી જોઇએ?
જો જગતના પદાર્થો સ્થિર લાગતા હોય તો પણ તે સ્થિર હોવાને લીધે જ "લેવા યોગ્ય કે છોડી દેવા યોગ્ય"
ઘટતા નથી.અને તેઓમાં આસ્થા (આસક્તિ) રાખવી પણ શોભતી નથી.
અને જો જગતના પદાર્થો અસ્થિર લાગતા હોય તો પણ તેમાં આસ્થા રાખવી શોભતી નથી.

હે,રામ,સત્યમાં -તો-આ આત્મા જ સ્થિર છે,અને દેહાદિક અસ્થિર છે.તેમ છતાં તે બંને ને એક કરી દેવાં-
તે પર્વત ને અને ફીણ ને એક કરી દેવા બરાબર છે, માટે તેમ કરવું શોભતું જ નથી.
જેમ દીવો પ્રકાશ નો કર્તા છે પણ પ્રકાશ પ્રત્યે -તે-ઉદાસીન રહેનાર છે
તેમ,આત્મા જગતનો કર્તા છે પણ,ઉદાસીન રહેનાર છે.

જેમ,સૂર્ય પ્રાણીઓના-દિવસે કરનારા સર્વ કાર્યો નો નિર્વાહ કરે છે,છતાં તે કશું કરતો નથી,
તેમ,આત્મા સર્વ વ્યવહારનો નિર્વાહ કરે છે પણ,તેમ છતાં કશું કરતો નથી.
જેમ સૂર્ય ચાલતો પ્રતીત થાય છે પણ હકીકતમાં તો તે પોતાના ઠેકાણામાં જ સ્થિર રહેલો હોવાથી,
વાસ્તવિક રીતે ચાલતો નથી,તેમ,આત્મા "સર્વને બનાવતો" પ્રતીત થાય છે
પણ પોતાના સ્વરૂપ માં જ રહેતો હોવાથી કશું બનાવતો નથી.

હે,રામ,જેમ,કોઈ અકસ્માત આવેલ મનુષ્ય મિત્રતા ને (કે વિશ્વાસ ને) પાત્ર હોતો નથી,
તેમ ભ્રાંતિથી ઉત્પન્ન થયેલું -આ જગત વિશ્વાસ રાખવાને પાત્ર નથી.
જેમ, તમે ચંદ્ર માં ઉના-પણાની ભાવના કરતા નથી અને સૂર્યમાં ઠંડા-પણાની ભાવના કરતા નથી,
તેમ,જગત ની સ્થિતિમાં સત્ય-પણા ની ભાવના કરો નહિ.
જે બ્રહ્મ છે-તે જ તમે છો,આથી મનમાંથી સંસારની શોભાના સત્ય-પણાને (સંસારની શોભા સત્ય છે તેવું માનવું)
છોડી દો,અને,આ સંસારમાં લીલા-માત્રથી (અનાસક્ત થઈને) જ વિહાર કરો.

અકર્તાપણાને-અને-અકર્તાપણાની ઈચ્છાને,તેવી જ રીતે કર્તા-પણાને-અને-કર્તા-પણાની ઇચ્છાને છોડી દઇને,
તમે આ સંસારમાં લીલા-માત્રથી જ વિહાર કરો.
જેમ,દીવાની ઈચ્છા વિના,દીવાના સામીપ્યથી આસપાસના પદાર્થો પ્રકાશે છે,તેમ,આત્મા સર્વ-વ્યાપક અને
સર્વથી રહિત હોવા છતાં,તેની ઈચ્છા વિના-તેના સામીપ્ય-માત્રથી જગતનો નિયમ ચાલ્યા કરે છે,
આ પ્રમાણે આત્મામાં કર્તા-પણું અને અકર્તા-પણું બંને રહ્યાં છે.

આત્મા ઇચ્છા વિનાનો છે એટલે અકર્તા છે અને તેની સત્તા-રૂપ સાનિધ્ય-માત્રથી જગત થાય છે એટલે-
કર્તાપણ છે,આત્મા ઇન્દ્રિયો-આદિ પદાર્થ થી રહિત છે,એટલા માટે અકર્તા છે-અભોક્તા છે,અને
તે જ આત્મા ઇન્દ્રિયો-વગેરેમાં વ્યાપક છે,એટલે કર્તા પણ છે અને ભોક્તા પણ છે.
આમ આત્મામાં કર્તા-પણું અને અકર્તા-પણું એ બંને છે.માટે,
હે,રામ,તે બંનેમાંથી,તમે જે સ્વીકાર કરવાથી કલ્યાણ -ધારતા હો,તે સ્વીકારીને સ્થિર થાઓ.

"હું સર્વમાં રહેલો છું અને અકર્તા છું" એવી દૃઢ ભાવના રાખવામાં આવે-તો સંસારમાં આવી પડેલાં કાર્યોને
કરવા છતાં,પણ તેઓમાં અહંતા-મમતા થતી નથી.
કારણકે-અંતકરણપૂર્વક પ્રવૃત્તિ નહિ કરવાને લીધે,મનુષ્યમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.

જે પુરુષને "હું કંઈ પણ કરતો નથી" એવો નિશ્ચય હોય,
તે પુરુષ "ભોગોના સમુહની કામનાથી કંઈ કરે છે" કે "કંઈ ત્યજી દે છે" એવો સંભવ જ નથી.
"હું સર્વદા અકર્તા જ છું" એવી ભાવનાના દૃઢ-પણાથી "પરમ-સુખ" નામની "સમતા" જ બાકી રહે છે.

હે,રામ,"હું સઘળા જગતનો કર્તા છું"
જો એમ પોતામાં મોટા કર્તા-પણાની ભાવનાથી રહેવાની તમારી ઈચ્છા હોય-તે તેમ રહેવું પણ ઉત્તમ છે.
અથવા "હું આ સઘળા જગત-રૂપ ભ્રમ ને ઉત્પન્ન કરતો જ નથી,
અને આ ભ્રમ જેનાથી થાય તેવો મારાથી જુદો કોઈ સંભવતો જ નથી"
તેવો જો નિશ્ચય થાય તો-પછી કોઈના પર રાગ-દ્વેષ થવાનો અવકાશ રહેતો જ નથી.
જો કે--ઉપર કહ્યું તેમ "સર્વ નો કર્તા હું જ છું" એવા નિશ્ચયમાં પણ કોઈના પર
રાગ-દ્વેષ થવાનો સંભવ નથી કારણકે-આ શરીર ને કોઈ ડામ દે કે કોઈ લાડ લડાવે તો-
"તે મેં જ ડામ દીધો અને તે મેં જ લાડ લડાવ્યા" એવો પાકો નિશ્ચય હોય તો -કોઈના પર રાગ-દ્વેષ કેમ થાય?

"ખેદ (દુઃખ) ને ઉત્પન્ન કરનારો પણ હું છું અને હર્ષ નો ઉત્પન્ન કરનાર પણ હું છું"
એવી રીતે પોતાનામાં સર્વનું કર્તા-પણું માનવામાં આવે તો-
ખેદ અને હર્ષ પોતાની મેળે જ ક્ષય પામી જાય છે,અને સમતા બાકી રહે છે.
સર્વ પદાર્થો ની "સમતા" એ જ સાચી ઉત્તમ સ્થિતિ છે..
તે સમતાની સ્થિતિમાં રહેલા ચિત્તને કદી પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી.અથવા
હે,રામ, તમે સર્વ ના કર્તા-પણા ને કે અકર્તા-પણાને પણ છોડી દો,
અને મન ને જ નષ્ટ કરી નાખો અને જેવા છો તેવા જ બ્રહ્મ-રૂપે જ રહો.

કર્તાપણા કે અકર્તાપણાના નિશ્ચય થી રહેવા કરતાં પણ-
<u>હું તમને મન નો નાશ કરીને અખંડ-પૂર્ણાનંદ-બ્રહ્મ-રૂપે રહેવાની વિશેષ ભલામણ કરું છું,</u>
કારણકે-જો- "હું સર્વ નો કર્તા છું અને સર્વનો કર્તા હોવાથી સર્વ-રૂપ છું:"
એવો જયારે નિશ્ચય રાખવામાં આવે ત્યારે "કર્તા-પણા" નું અભિમાન થાય છે,અને

"હું કોઈનો કર્તા નથી અને કર્તા નહિ હોવાથી દેહાદિક-રૂપ પણ નથી" એવો અકર્તા-પણાનો-
મનથી જો નિશ્ચય રાખવામાં આવે -તો-જીવનું સ્વરૂપ શુધ્ધ થાય છે પણ
"જે જીવ છે તે બ્રહ્મ છે" એવી નિષ્ઠા ની પ્રાપ્તિ થતી નથી.

તેમ છતાં પહેલા મેં તમને આ બંનેમાંથી એકમાં નિષ્ઠા રાખવાનું કહ્યું હતું-કારણકે-
તેઓમાં ના ગમે તે એક નિશ્ચયથી સઘળા અનર્થોનો મૂળભૂત એવો દેહનો અહંભાવ છૂટી જાય છે.

દેહ નો અહંભાવ એટલે "હું દેહ છું" એવી સ્થિતિ (અભિમાન) તે "કાળ-સૂત્ર" નામના નરક ની પ્રાપ્તિ-રૂપ છે.
પ્રાણ અથવા ધન -એ સઘળું નષ્ટ થઇ જતું હોય,
તો પણ સર્વ પ્રકારના યત્ન થી "હું દેહ છું" એ સ્થિતિ (અભિમાન) ને છોડી દેવી જ જોઈએ.

જેમ,વાદળાં દૂર થવાથી પ્રકાશ પ્રાપ્ત થાય છે,
તેમ,શુધ્ધ આત્મા-જ્ઞાન-રૂપી દૃષ્ટિમાં આડે આવતા અહમની સ્થિતિ ને દૂર કરી દેવાથી
આત્મ-જ્ઞાન-રૂપી દૃષ્ટિ સારી રીતે પ્રકાશિત થવાથી સંસાર-રૂપી સમુદ્રને તરી જવાય છે.
હે,રામ,ઉપર કહ્યા -તેમાંથી કોઇ પણ નિર્ણય કરીને પોતાના સર્વોત્તમ-પદ (બ્રહ્મ-સ્વ-રૂપ) માં રહો.
તત્વ ને જાણનારા ઉત્તમ સદ-પુરુષો એ પદમાં જ રહે છે.

## (૫૭) વાસના-ત્યાગ નો ક્રમ અને વાસના-રહિત ની પ્રશંસા

રામ કહે છે કે-હે,બ્રહ્મન,આપે સુંદર રીતે,પૂર્વાપર સંબંધથી જે કહ્યું છે તે સાચું છે.
સર્વના અધિષ્ઠાન આત્મા એ કર્તા છતાં-વાસ્તવિક રીતે અકર્તા છે,ભોક્તા છતાં વાસ્તવિક રીતે અભોક્તા છે.
તે સર્વ નો ઈશ્વર છે,સર્વમાં વ્યાપક છે,ચૈતન્ય-માત્ર અને નિર્મળ-પદ-રૂપ છે.
તે સર્વ પ્રાણીઓનાં મૂળ-તત્વ-રૂપ છે,તે પ્રકાશમાન છે અને સર્વ પ્રાણીઓ ની અંદર પણ રહેલો છે.
અને હવે એ "બ્રહ્મ" નો મારા હૃદયમાં અનુભવ પ્રાપ્ત થયો છે.આપની વાણી થી હું સંતાપ-રહિત થયો છું.

આત્મા ઉદાસીન છે તથા ઇચ્છાથી રહિત છે-માટે કશું ભોગવતો નથી કે કશું કરતો નથી,અને,
તે સર્વ ને પ્રકાશ આપનાર હોવાને લીધે ભોગવે પણ છે અને (કર્મો) કરે પણ છે.એ હું સમજ્યો,તેમ છતાં,
હજુ મારા મનમાં તે જે એક સંદેહ રહ્યો જ છે -તેને આપ આપણી વાણીથી કૃપા કરીને કાપી નાખો.

"આ જગત સાચું છે અને ખોટું પણ છે--હું સર્વ-રૂપ છું--તથા સર્વ થી ન્યારો છું--અને જીવ બ્રહ્મ થી એક છે અને
જુદો પણ છે" આવીઆવી ઘણી અનિયમિત કલ્પનાઓના મૂળ-રૂપી-માયા -એ બ્રહ્મ માં હોવી કેમ સંભવે?
જેમ સૂર્યમાં અંધારું હોવું સંભવતું નથી,તેમ સ્વયંપ્રકાશ બ્રહ્મમાં અજ્ઞાન-રૂપી-માયા સંભવતી નથી.
તો તે માયા અતિ-નિર્મળ-એવા બ્રહ્મ માં હોય જ કેમ?

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આ પ્રશ્ન નો સ્થિર ઉત્તર -એ સિધ્ધાંત ના સમયમાં (નિર્વાણ-પ્રકરણ ના ઉત્તરાર્ધમાં)
કહેવામાં આવશે,એટલે તે તમે ત્યારે બરાબર સમજશો.
મોક્ષ ના ઉપાય નો જે છેવટનો સિધ્ધાંત છે-તેને જાણ્યા વિના તમે આવા પ્રશ્નો ના ઉત્તરો ખુલ્લી-રીતે
સાંભળવાને યોગ્ય નથી.જયારે તે સિધ્ધાંત સુધી તમે પહોંચશો ત્યારે જ તમે આવા પ્રશ્નોના ઉત્તરો
સાંભળવાને યોગ્ય થશો.જેમ,યુવાન પુરુષ,સુંદર સ્ત્રીનાં ગાયનો સાંભળવાને પાત્ર છે,
તેમ,આત્મ-જ્ઞાન માં પૂર્ણ-નિષ્ઠા પામેલો પુરુષ જ આવા પ્રશ્નોના ગંભીર ઉત્તરો સાંભળવાને પાત્ર છે.

જેમ,બાળકો ની આગળ કહેલી રાગ (કવિતા-કે સંગીત) વાળી કથા વ્યર્થ જ જાય છે,
તેમ,અલ્પ-બોધ-વાળા પુરુષો ની આગળ કહેલી,ગંભીર-અર્થ-વાળી વાત વ્યર્થ જાય છે.
કોઈ વાત એવી પણ હોય છે કે-કે જે કોઇ ચોક્કસ સમયે જ મનુષ્ય ને કહેવાથી શોભા પામે છે.(સારી લાગે છે)
અને,જેમ નિર્મળ (ચોખ્ખા) વસ્ત્રમાં જ રંગ બરોબર ચડે છે,
તેમ,સિધ્ધાંત ની વાતો પૂર્ણ વિવેક-વાળા પુરુષના મનમાં જ બરાબર ઠસે છે.
ગંભીર જ્ઞાનની વાત 'પૂર્ણ વિવેક થી આત્મા ને જાણનાર' ને જ કહેવાય અને તેને જ તે વાત ઠસે.

જો કે-આ પ્રશ્નનો ઉત્તર મેં સંક્ષેપમાં જ કહ્યો છે અને તેનો વિસ્તાર કર્યો નથી,
તેથી તે સ્પષ્ટ રીતે તમારા સમજવામાં આવ્યો નથી.
હે,રામ,જો તમે પોતાથી જ પોતાના આત્મા ને જાણશો,તો આ પ્રશ્નના ઉત્તરને પોતાની મેળે જ સારી રીતે જાણી
લેશો-તેમાં સંશય નથી.એટલે (આમ) તમે જયારે પૂર્ણ-બોધ (પૂર્ણ-જ્ઞાન) ને પ્રાપ્ત થઇને રહેશો
ત્યારે સિધ્ધાંત ના સમયમાં મારે,તમને વિસ્તારથી આ પ્રશ્ન નો ઉત્તર કહેવાનો છે.

પોતાની ભૂલ (ભ્રમ) થી જ સંસારી થયેલો આત્મા પોતાને સંસારી જાણે છે-પણ જયારે તે ભૂલ (ભ્રમ) ટળી
જાય છે ત્યારે તે આત્મા નિર્મળ થઇને પોતાના "પૂર્ણ-સ્વરૂપ" ને પ્રાપ્ત થાય છે.
હે,રામ, મેં તમને જે "આત્મા ના કર્તાપણાનો અને અકર્તાપણાનો' વિચાર કહ્યો,તે આ "પૂર્ણ સ્વરૂપ"
સમજાવવાના ઉદ્દેશથી જ કહ્યો છે,પણ તે "પૂર્ણ સ્વરૂપ" તમારા સમજવામાં આવ્યું નહિ,
માટે હું ધારું છું કે-હજી તમારી વાસના ક્ષીણ થઇ નથી.

વાસનાઓની "સ્થિતિ" એ જ બંધન છે,અને વાસનાઓનો "ક્ષય" એ જ મોક્ષ છે.માટે
તમે,વાસનાઓને ત્યજી દઈને છેવટે-તો- મોક્ષ ની ઈચ્છા-રૂપ-વાસનાનો પણ ત્યાગ કરજો.

સહુ પ્રથમ,"વિષયો ની -તામસ વાસના"ઓને છોડી દઈને-
મૈત્રી (સમાન પુરુષો ની સાથે મિત્રતા) કરુણા (નિકૃષ્ઠ પુરુષો પ્રતિ દયા)
મુદિતા (ઉત્કૃષ્ટ પુરુષો ને જોઈ ને હર્ષ) ને ઉપેક્ષા (દુર્જનો ની ઉપેક્ષા) નામની "નિર્મળ-વાસના" નું ગ્રહણ કરો.

પછી,એ વાસનાથી વ્યવહાર કરતાં-કરતાં પણ (સંસાર પ્રત્યે અનાસક્તિ રાખીને)
અંતઃકરણ થી એ નિર્મળ-વાસનાને પણ છોડી દઈને,સંકલ્પોથી રહિત થઇ,"બ્રહ્મ-ભાવ" ની વાસના રાખજો.
છેવટે,મન-બુધ્ધિ સહિત તે બ્રહ્મ-ભાવની વાસના ને પણ છોડી દઈને,"પૂર્ણ-સ્વ-રૂપ" માં વિશ્રામ થઈને,
અહંકાર (હું બ્રહ્મ છું-એવા અહંકાર) ને (અહંકાર ની વાસનાને) પણ છોડી દેજો.
સર્વ માં "અહંતા-મમતા" નો ત્યાગ -એ જ સર્વ નો ત્યાગ છે.

કેવળ પ્રાણ ની ગતિ (શ્વાસોશ્વાસ) ને જ રાખતાં,
કલ્પના,કાળ,પ્રકાશ,અંધકાર,વાસના તથા વિષય-વગેરે અને મૂળ સહિત અહંકાર ને પણ ઉખેડી નાખીને-
"આકાશ ના જેવી નિર્મળ બ્રહ્માકાર બુધ્ધિ-વાળા" થઈને,
જેવા (જે મૂળ બ્રહ્મ-સ્વરૂપ-રૂપ) છો તેવા જ પરબ્રહ્મમય થજો,એટલે તમે પૂજ્ય-પણાને પ્રાપ્ત થશો.
કારણકે-જે પુરુષ હૃદયમાંથી સઘળી વાસનાઓને ત્યજીને અભિમાન થી રહિત થઈને રહે છે,તે જ મુક્ત છે.
અને તે જ પરમેશ્વર છે.તે પુરુષ સમાધિ ના કરે અને કર્મો કર્યા કરે તો પણ મુક્ત જ છે.

જેનું મન વાસનાઓથી નિર્મૂળ થઇ ગયું હોય તેવા પુરુષ ને કર્મો છોડી દેવાનું કોઈ પ્રયોજન નથી,
સમાધિ કરવાનું કોઇ પ્રયોજન નથી,અને જપ કરવાનું પણ કોઇ પ્રયોજન નથી.
મેં શાસ્ત્રોનો અત્યંત વિચાર કરીને તથા તે વિચારને બીજા મહાત્માઓના વિચાર સાથે મેળવીને -
એ જ નિશ્ચય કર્યો છે-કે-"બુધ્ધિ-પૂર્વક સઘળી વાસનાઓને છોડી દેવા-રૂપ-મુનિ-પદ"  એ ઉત્તમ છે.

દશે દિશાઓમાં ભમી-ભમીને સઘળું જોવાનું જોઈ લીધું છે પણ છેવટે એમ જાણવામાં આવ્યું છે-કે-
ખરા તત્વને જાણનારા લોકો બહુ થોડા જ છે.
જે જે કંઈ આ જગતમાં જોવામાં આવે છે તે સર્વ-ત્યાજ્ય અને ગ્રાહ્ય-ની પંક્તિ થી જુદું નથી,અને
જે (ત્યાજ્ય-ગ્રાહ્ય થી) જુદું છે-(બ્રહ્મ) તેને પામવાનો કોઈ પણ પુરુષ બહુ પ્રયત્ન કરતો નથી.

જે જે લૌકિક કે વેદિક (યજ્ઞો-વગેરે) ક્રિયાઓ કરવામાં આવે છે-તે સર્વ દેહને માટે જ કરવામાં આવે છે.
પણ આત્મા ને માટે તેઓમાં (તે ક્રિયાઓમાં) કશું છે જ નહિ.
ત્રણે લોકમાં- બ્રહ્મ નો યથાર્થ અનુભવ કર્યો હોય તેવા કોઈક-થોડાક જ પુરુષો જોવામાં આવે છે.
આત્મા ના અજ્ઞાનથી ઉઠેલા "આ ત્યાજ્ય છે અને આ ગ્રાહ્ય છે" એવા બે નિશ્ચયો જેના ગળી ગયા છે,
એવો જ્ઞાની પુરુષ અત્યંત દુર્લભ છે.

ત્રણે લોક (પાતાળ-પૃથ્વી-સ્વર્ગ) માં સર્વત્ર પંચમહાભૂત જે છે અને તે પંચમહાભૂતો પણ વાસ્તવિક રીતે
જોતાં તો મિથ્યા જ છે,માટે આત્મવેત્તા પુરુષને આત્મા સિવાય બીજા કયા પદાર્થમાં રુચિ થાય?
આવા આત્મા નું અનુસંધાન રાખીને વ્યવહાર કરનારા જ્ઞાની પુરુષને સંસાર-એ "ગાય ના પગલામાં થયેલા
ખાબોચિયા"જેવો લાગે છે (કે જેમાં ડૂબી ના શકાય) પણ જે આત્મા નું અનુસંધાન કર્યા વગર વ્યવહાર કરે છે-
તેમને સંસાર તોફાની સમુદ્ર જેવો લાગે છે (જેમાં તે ડૂબી જાય છે)

ઉદાર ચિત્ત-વાળા જ્ઞાની પુરુષને આખું બ્રહ્માંડ અલ્પ અને તુચ્છ લાગે છે,
માટે જો તે જ્ઞાનીને ભલે તે બ્રહ્માંડ નું રાજ્ય પ્રાપ્ત થાય તો પણ-
તેમાં દાન-ભોગ-વગેરે ની વાસના રાખતો જ નથી.
હે,રામ,મૂઢ બુધ્ધિ-વાળા પુરુષો તો નાના રાજ્ય ને માટે જ મોટાંમોટાં યુધ્ધો કરે છે
કે જેમાં,લાખો યોધ્ધાઓ કપાઈ જાય છે-તેવું રાજ્ય ધિક્કારવાને યોગ્ય જ છે-એમ હું માનું છું.

કારણ કે-જો બ્રહ્માનું પદ (અને રાજ્યકે સહુ થી મોટું  છે તે) પણ જે એક કલ્પ-માત્ર ના સમયમાં  જતું રહે છે
તો તેવું નાનું રાજ્ય તો ક્યાં સુધી રહેવાનું છે? તેને પામવાની કે તેના વિનાશ ની ચિંતા શી?
માટે જ તત્વવેત્તાઓ તો બ્રહ્માંડના પદ ની પણ ઈચ્છા રાખતા નથી.
જો કે-તે તત્વવેત્તાની દ્રષ્ટિમાં તો-સઘળા બ્રહ્માંડનો કોઇ પણ પદાર્થ જરા પણ ઉત્પન્ન થયો જ નથી
તો-તેવો તુચ્છ પદાર્થ (બ્રહ્માંડ) મળતાં તેને આનંદ શો? કે તે ઘુમાવતાં -તેને શોક શો?

જેમ,ઝાંઝવાનું જળ,સૂર્ય ના પ્રકાશ ની અપેક્ષા કરીને સિધ્ધ થાય છે (બને છે) પણ સૂર્ય ને ઝાંઝવાના જળની
કોઈ અપેક્ષા હોતી નથી,તેમ,તત્વવેત્તાના પ્રકાશ ની અપેક્ષા રાખીને સિધ્ધ થતું જગત જ તત્વવેત્તાની અપેક્ષા કરે
છે પણ તત્વવેત્તા તો પૂર્ણાનંદ માં મગ્ન હોવાને લીધે-જગતને જોતો નથી (તેને જગત થી કોઈ અપેક્ષા નથી)
તેને તો જગત શૂન્ય જ પ્રતીત થાય છે.અને ભોગો થી તે ચલાયમાન થતો નથી.

હે,રામ, જ્ઞાની પુરુષ તો સર્વોત્તમ પદમાં રહે છે કે જે સર્વોત્તમપદ આગળ તો -
આકાશ (કે જેમાં સૂર્ય ચંદ્ર ફરે છે) પણ એક નાની ગુફા જેવડું છે.
જેમ,વાદળાંઓ એ આકાશ ની સમીપ હોવા છતાં આકાશ ને રંગી શકતાં નથી,
તેમ,જગત-સંબંધી કોઇ પણ પદાર્થો તત્વવેત્તાને રંગી શકતા નથી (આસકત કરી શકતા નથી)
જેમ,પાર્વતીના નૃત્યને જોનારા મહાદેવને વાંદરાંઓના નાચમાં રુચિ થતી નથી,
તેમ,તત્વ ના આનંદમાં મગ્ન રહેનારા જ્ઞાની પુરુષને આ જગતના કોઈ પદાર્થમાં રુચિ થતી નથી.

જેમ,ઘડામાં રહેલા રત્ન ને -તે રત્ન જયારે બહાર હતું-તે વખતે પડેલાં પ્રતિબિંબો રંગી શકતાં નથી,
તેમ,બ્રહ્મવેત્તા ને જગત સંબંધી કોઈ પણ પદાર્થો રંગી શકતા નથી.
અને તે સંસાર ની લીલા સંબંધી સુખોમાં જરા પણ રુચિ રાખતો જ નથી.

## <u>(૫૮) બૃહસ્પતિના પુત્ર- કચે ગાયેલી કથા</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આ વિષયમાં જ હું તમને બૃહસ્પતિના પુત્ર -કચે ગાયેલી
પુરાતન પવિત્ર ગાથા તમને કહું છું તે તમે સાંભળો.

મેરુ પર્વતના વનમાં રહેતો બૃહસ્પતિ નો પુત્ર "કચ" કોઈ સમયે બ્રહ્મ-વિધાના પરિપાક ને લીધે
આત્મા માં વિશ્રાંતિ પામ્યો હતો.યથાર્થ જ્ઞાન થી પરિતૃપ્ત થયેલી તેની બુધ્ધિ--દૃશ્ય (જગત) માં રુચિ કરતી
નહોતી.<u>આત્મા સિવાય બીજું કંઈ પણ નહિ જોતો એ કચ એકલો રહેવાને કારણે જાણે જગતથી અલગ થઇ
ગયો હતો અને આત્મા ની મસ્તીમાં મસ્ત રહેતો હતો.</u>

હર્ષ થી ગદગદ વાણીમાં તે નીચે પ્રમાણે ગાથા બોલ્યો હતો.
"આ સઘળું જગત,જેમ પ્રલયકાળમાં જળથી ભરપૂર થઇ જાય છે- તે (જગત) મારા આત્મા થી જ ભરપૂર છે.
તો હવે આ જગતમાં હું શું કરું? ક્યાં જાઉં? શું લઉં? શું છોડી દઉં?
અહો,આ સઘળું આત્મમય છે એમ જાણવામાં આવ્યું,એટલે મારાં કષ્ટો પોતાની મેળે જ ટળી ગયાં.
સર્વમાં આત્મા રહેલો છે અને આત્મામાં સર્વ રહ્યું છે,એટલું જ નહિ પણ જે કાંઈ દૃશ્ય (જગત) છે તે આત્મા જ છે.

હું પણ આત્મા માં જ રહ્યો છું.અને હું આત્મા જ છું.
જે કંઈ ચેતન કે અચેતન છે,તે સર્વ માં હું છું અને તે સઘળું હું છું.
ચૈતન્યમય એવો હું -અપાર આકાશને પણ ભરપૂર કરી દઈને સર્વત્ર રહેલો છું.જેને એક અખંડ મહાસાગરની ઉપમા આપવામાં આવે છે,એવો હું પૂર્ણ અને પરમાનંદ-રૂપે રહેલો છું."

હે,રામ,મેરુ પર્વતની કુંજમાં રહેલો એ કચ -આ પ્રમાણે ગાથા ગાઈને-એવી જ ભાવના કર્યા કરતો હતો.
અનુક્રમે ૐ કારનું (ઘંટ ના શબ્દ) ઉચ્ચારણ કરતો અને ૐ કારની અર્ધ-માત્રા (કે જે તુરીય પદ ને જણાવે છે)ને, શુધ્ધ હૃદયમાં ચિંતવતો,એ કચ-કારણોમાં કે કાર્યોમાં નહિ રહેતાં,તુરીય-પદ (બ્રહ્મ) માં જ રહ્યો હતો.
કલ્પના-રૂપી કલંક ટળી જવાને લીધે,એ કચ શુધ્ધ થયો હતો.<u>એના પ્રાણવાયુ નું ચલન નિરંતર હૃદયમાં જ લીન રહેતું હતું</u>,નિર્મળ આકાશ જેવો થયેલ તે કચ ઉપર કહી તે ગાથા ગાયા કરતો હતો.

## <u>(૫૯) બ્રહ્મા ના સંકલ્પ થી જગત ની કલ્પના અને શાસ્ત્રો ની ઉત્પત્તિ</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આ જગતમાં નીચ પુરુષો જ "અન્નપાન (ખાવું-પીવું) અને સ્ત્રીઓના ઉપભોગ વગેરે જેવા ભોગોથી વધારે સારું કંઈ નથી" એમ સમજી ને તેમની જ ઈચ્છા કરે છે.આવા નીચ પુરુષો જેનાથી સંતુષ્ટ થાય છે, તેનાથી તો પશુ-પક્ષીઓ (મૂઢ પ્રાણીઓ) પણ સંતુષ્ટ થાય છે!!
આવા ભોગો આદિ-મધ્ય અને અંતમાં ખોટા જ છે,અને એવા ભોગો પર જે વિશ્વાસ  રાખે છે-
તેવાઓને તો  મનુષ્ય-શરીરવાળા ગધેડા જ સમજવા-અને તેમનું નામ પણ લેવું જોઈએ નહિ.
પૃથ્વી માટી જ છે,વૃક્ષો લાકડાં જ છે,શરીરો માંસમય  જ છે.
નીચે પૃથ્વી છે અને ઉપર આકાશ છે તો તેઓમાં સારભૂત પદાર્થ કયો છે કે-તેનાથી સુખ પ્રાપ્ત થાય?

જ્યાં સુધી વિચાર ના કરીએ- ત્યાં સુધી સુખમય લાગતા-એવા જગત-સંબંધી વ્યવહારો-મોહમય જ છે.
તેમ જ તે વ્યવહારોના (વિષયોના)  સુખની અંતે,દુઃખ તથા મલિન-પણું જ રહેલું છે.
મનથી અને ઇન્દ્રિયોથી જે જે વિષયો ભોગવાય છે તેઓ જવા-આવવાના સ્વભાવવાળા હોવાથી અનિત્ય છે.

હાડકાંના ઢગલા-રૂપ દેહમાં "પોતા-પણા" નું અભિમાન રાખનારો પુરુષ રુધિર અને માંસની પૂતળીને
"આ મારી પ્રિયા છે"એમ માની ને પ્રેમથી તેનું આલિંગન કરે છે,પણ એ દુષ્ટ "કામ" નો જ મહિમા છે.
હે,રામ, અજ્ઞાની પુરુષને આ સઘળું જગત "સત્ય અને સ્થિર" લાગવાથી સંતોષ આપે છે,પણ,
વિવેકી પુરુષને તો સઘળું અસ્થિર અને અસત્ય જ જણાય છે.તેથી તે જગત તેને સંતોષ આપતું નથી.

ભોગો નહિ ભોગવ્યા છતાં-પણ જો ભોગોની તૃષ્ણા (ઈચ્છા) રાખવામાં આવે તો તે ઝેરની જેમ મૂર્છા આપે છે,
તો પછી,ભોગો જો ભોગવવામાં આવે તો તે ઝેરની જેમ મૂર્છા આપે જ -તે શું કહેવું પડે તેમ છે?
હે,રામ, માટે જ તે ભોગોની આસ્થા (ઈચ્છા) ને છોડી દઈને તમે આત્માની એકતા ને નિષ્ઠાથી ભજો.
ચિત્ત જયારે-દેહાદિક (અનાત્મ) પદાર્થોની ભાવનામાં લાગ્યું,ત્યારે જ આ જગત-રૂપી મિથ્યા-જાળ પ્રગટ થઇ છે.

રામ કહે છે કે-હે,મુનિ.પૂર્વ કલ્પ ના,કોઈ જીવનું મન આ કલ્પ માં બ્રહ્મની પદવી મેળવીને -
આ જગતને કેવી રીતે પ્રાણીઓથી ઘાટું બનાવે છે?

વસિષ્ઠ કહે છે કે-<u>કમળમાંથી ઉત્પન્ન થયેલા "પહેલા-બાળક-બ્રહ્મા" એ કમળ-રૂપી શયનમાંથી ઉઠીને, પ્રથમ "બ્રહ્મ-બ્રહ્મ"એવો શબ્દ કર્યો -તેથી તે "બ્રહ્મા" કહેવાય છે.</u>
"સંકલ્પ-રૂપ અને મનથી જ જેનો આકાર કલ્પાયેલો છે" તેવા એ બ્રહ્માના સંકલ્પે પછી સૃષ્ટિ કરવાનો ઉદ્યમ કર્યો.
તેમાં સહુ પ્રથમ <u>તેજ </u>નો સંકલ્પ થયો,અને બ્રહ્માએ તે પ્રકાશિત તેજમાં અત્યંત પ્રદીપ્ત પોતાના જ આકાર જેવો એક આકાર (સંકલ્પ-રૂપ અને મનથી કલ્પેલો) કલ્પ્યો અને તે <u>સૂર્ય-રૂપે </u>ઉદય પામ્યો.

પછી,જેમ,સમુદ્ર,તરંગોને ઉછાળે છે,તેમ મહાબુદ્ધિમાન બ્રહ્માએ તે તેજ ના અવશેષ રહેલા ભાગને વિભાગો પાડીને ઉછાળ્યા,કે જેમાંથી પોતાના (બ્રહ્માના) જેવી જ શક્તિઓ વાળા,તેમજ સંકલ્પ-માત્ર થી ઐશ્વર્યોને પામેલા,<u>પ્રજાપતિઓ</u> (કશ્યપ-મરીચિ આદિ) ઉત્પન્ન થયા.
આ પ્રજાપતિઓ પણ જે જે રીતે સંકલ્પો કરવા લાગ્યા,તે તે,વસ્તુઓને તે તે રીતે,તે વસ્તુઓને પામવા લાગ્યા.અને અનેક જાતના પ્રાણીઓ ના સંકલ્પોથી અનેક પ્રાણીઓ તેમના જોવામાં આવ્યા.
કે જેમાં આગળ જતાં મૈથુનની ક્રિયા ચાલી-જેના પરિણામે પ્રાણીઓનો (મૈથુની-સૃષ્ટિનો) વિસ્તાર થયો.

પછી બ્રહ્માએ વેદો નું સ્મરણ કરીને ઘણાઘણા પ્રકારના યજ્ઞો ના પ્રકારો કલ્પ્યા,
અને પોતાને રહેવાના કમળમાં ચૌદ-લોકો-ની સ્થિતિ કલ્પી.
હે,રામ,આ રીતે, મન જ મોટા શરીર-વાળા બ્રહ્મા નું રૂપ લઈને ત્રણ-ગુણ-મય સ્વરૂપ વળી સૃષ્ટિને ઉત્પન્ન કરે છે.
કે જે સૃષ્ટિ-પ્રાણીઓના સમૂહોથી વ્યાપ્ત છે,સમુદ્રોથી,પર્વતોથી,તથા વૃક્ષોથી ભરપૂર છે.
ચડતા-ઉતરતા-લોકો- ની રચનાવાળી છે.વળી તે સુખ-દુઃખ,જન્મ-મરણ અને જરા જેવી અનેક વ્યાધિઓ અને ચિંતાઓથી ઘેરાયેલી છે.રાગ-દ્વેષ-ભય વગેરેના ઉદ્વેગ-વાળી છે.

બ્રહ્માની કલ્પના અનુસાર જ બીજાઓની કલ્પનાઓ-પ્રવર્તે -એવો "માયા" નો સંપ્રદાય છે.
જેમ,બ્રહ્મામાં <u>સમષ્ટિ-મન</u> રહેલું છે,તેમ, બીજાં પ્રાણીઓમાં <u>વ્યષ્ટિ-મન</u> રહેલું છે.
એ મન સઘળાં પ્રાણીઓમાં રહીને સંસારની જ કલ્પના કર્યા કરે છે
પણ- કોઈ વિરલ પ્રાણી માં રહેલું મન,બ્રહ્મ ની ભાવના પણ કરે છે.
આ રીતે,મને-સંકલ્પ-માત્રથી તરત જ કલ્પી લીધેલો-જગત-રૂપી મિથ્યા ભ્રમ -
એ અજ્ઞાનીઓની દ્રષ્ટિમાં "સ્થિર-પણા" (સ્થિતિ) ને પ્રાપ્ત થયો છે.

જગતની સઘળી "ક્રિયાઓ" (કર્મો) પણ સંકલ્પ થી જ પેદા થાય છે.અને એ "ક્રિયાઓ ના નિયમ" ને અનુસરનારા <u>દેવતાઓ (દેવો)</u> પણ સંકલ્પથી જ પ્રગટ થાય છે.
પછી સૃષ્ટિ નો વિસ્તાર તથા ઇન્દ્ર અને વિરોચન-વગેરે કેટલાએક રાજાઓ-પરસ્પરની શત્રુતા કરનારા થાય છે.
તેઓ પોતાના ઉત્કર્ષ ને માટે ધર્મની અને અધર્મની વૃદ્ધિ કરવાને,માટે યત્ન કરવા લાગે છે.
એટલે પ્રજામાં,વધ-બંધન-રોગ વગેરે ક્લેશોની ભારે પીડા થાય છે.

એ જોઈને કાયર થયેલા બ્રહ્મા કમળ પર બેસીને વિચાર કરે છે કે-આ સૃષ્ટિ,મેં (મારા મને) મારા ભારે ભારે સંકલ્પોની જાળથી જ બની છે,પણ હવે તો હું આ સંકલ્પોને ઉછળવાની પદ્ધતિ થી કાયર થઇ ગયો છું.
આવો નિશ્ચય કરીને કલ્પનાઓ-રૂપી અનર્થમાંથી વિરામ પામીને (સંકલ્પો કરવાના છોડી દઈને)
તે બ્રહ્મા પોતાના મનથી,પોતાના સ્વ-રૂપ-ભૂત અનાદિ-પર-બ્રહ્મ નું અનુસંધાન કરવા માંડે છે.

આમ આવા અનુસંધાનના પ્રભાવથી બ્રહ્મા શાંત થાય છે,તેમનું મન ગળાઈ જાય છે,અને કેવળ પરબ્રહ્મ ના પ્રકાશ-વાળા ધ્યાનમાં જ વિશ્રાંતિ ભોગવે છે.મમતાથી અને અહંતા થી રહિત થયેલા અને ધ્યાનથી-
પરમ શાંતિને પ્રાપ્ત થયેલા તે બ્રહ્મા -પોતાના સ્વ-રૂપ માં જ રહે છે.

પણ,વળી પાછા,કોઈ સમયે,તે બ્રહ્મા "વૃત્તિ ના ચલન"ને લીધે,એકાગ્રતા-રૂપી ધ્યાન કરવું છોડી દે છે અને સંસારનો વિચાર કરવા લાગે છે.અનેક સુખ-દુઃખથી ઘેરાયેલા પ્રાણીઓની કષ્ટ-મય સ્થિતિ જોઇને
બ્રહ્મા નું મન કરુણાથી ઉભરાઈ જાય છે,એટલે તે પ્રાણીઓનું કલ્યાણ કરવા માટે અને તેમણે મુક્તિનો માર્ગ દેખાડવા માટે,"ગંભીર અર્થો-વાળાં અને બ્રહ્મજ્ઞાનથી ભરેલાં" અનેક પ્રકારનાં શાસ્ત્રો (વેદો-પુરાણો) રચે છે.

અને આમ શાસ્ત્રો-રૂપી મર્યાદા નું સ્થાપન કર્યા પછી,ફરી પાછા તે આપદાઓમાંથી નીકળી,તે બ્રહ્મા,ફરીથી, કમળ ની ઉપર સ્થિરતા થી બેસે છે,અને ધ્યાન નો આશ્રય કરી પર-બ્રહ્મ માં વિશ્રાંતિ કરે છે.

હે,રામ,આ પ્રમાણે,વ્યવહારને અનુસરવાના સમયમાં પણ, બ્રહ્મા,અંતઃકરણથી કોઇને મિત્ર ગણીને તેને પ્રેમ કરતા નથી,કોઇને શત્રુ ગણીને તેનો ત્યાગ કરતા નથી,શરીરનું અભિમાન ધરતા નથી,કોઈ જાતનો વિક્ષેપ પામતા નથી,વિષયો ના ભોગ ની લાલચ રાખતાં નથી, કે પછી અહંકાર ના આવેશ-પૂર્વક કોઈનું પાલન કરતા નથી કે,કોઈનો નાશ કરતા નથી.તે,બ્રહ્મા તો સર્વ પદાર્થોમાં અને
સર્વ વૃત્તિઓમાં સમતા રાખે  છે,સ્થિર,ગંભીર અને જીવન-મુક્ત ની સ્થિતિમાં જ રહે છે.

પ્રજાપતિઓ અને દેવ-વર્ગના લોકો -પણ સત્વ-ગુણની અધિકતા હોવાને લીધે,
તેઓ પણ બ્રહ્મા ની જેમ જ,જીવન-મુક્તપણાને પામવા યોગ્ય છે.

પર-બ્રહ્મમાંથી થયેલા બ્રહ્માના મન ની કલ્પનાથી પ્રજાપતિઓ ઉત્પન્ન થયા છે,અને
<u>આ પ્રજાપતિની પદવી,એ તેમની ઉપાસનાઓના ફળ-રૂપ છે.</u>
એથી તેઓ શુધ્ધ અંતઃકરણવાળા હોવાથી,થોડા જ પ્રયત્ન થી જ્ઞાનને પ્રાપ્ત થઇ શકે છે.
અને દેવ-વર્ગ ના લોકો કરતાં વહેલું  જીવન-મુક્તપણું પામવાને યોગ્ય છે.

કારણકે,પ્રજાપતિઓની સૃષ્ટિ સ્થિર થયા પછી,બ્રહ્માના મન ની કલ્પનાથી,દેવો નો જન્મ છે
અને <u>દેવ-વર્ગ ની પદવી-તે તેમના "યજ્ઞો" (કર્મો) ના ફળ-રૂપ છે.</u>
મનુષ્યો તો પાપ-પુણ્યના મિશ્રણપણાથી ઉત્પન્ન થયા છે,માટે તેઓ વધારે મલિન અંતકરણ-વાળા છે.
તેઓ જો બહુ પ્રયત્નથી સત્સંગ,ઇન્દ્રિયો પર જય અને શ્રવણ-મનન વગેરે નો
જ્ઞાનની પ્રાપ્તિ સુધી અભ્યાસ કરે તો જ તેઓ જ્ઞાનને પ્રાપ્ત થઇ શકે છે.
આમ,તેઓ માંડ-માંડ જીવન-મુક્તપણું પામે છે.

પ્રજાપતિ,દેવો કે મનુષ્યો-એ કોઇ પણ યોનિમાં જીવ જન્મ પામેલો હોય-પણ,
-તેને સજ્જનો નો સંગ મળે તો જ તે જન્મ માં સજ્જન ના ગુણો પ્રાપ્ત થાય છે,અને
-જો તેને દુર્જનો નો સંગ મળે તો તે જન્મ માં દુર્જન ના ગુણો તેને પ્રાપ્ત થાય છે.
એટલા માટે સર્વે એ દુર્જનો નો સંગ છોડી ને સજ્જનો ના સત્સંગ માં રહેવું -એ જ યોગ્ય છે.

## <u>(૬૦) શરીરગ્રહણનો ક્રમ અને તત્વવેત્તાઓની પ્રશંસા</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,સર્વ લોકોના પિતામહ,ભગવાન બ્રહ્મા મોટા મન-રૂપ છે.તે જયારે સૃષ્ટિની વ્યવસ્થા કરવા લાગે છે ત્યારે,આ જગત-રૂપી જુનો રેંટ (કૂવામાંથી પાણી બહાર કાઢવા ની યંત્ર જેવી જુની વ્યવસ્થા) તૃષ્ણા-રૂપી રજ્જુથી પોતાની રીતિ પ્રમાણે ચાલ્યા કરે છે.તે રજ્જુમાં અનેક પ્રાણીઓ-રૂપી ઘડાઓ પરોવાયેલા છે.

સમુદ્રના તરંગો જેમ બહાર આવે છે અને પાછા અંદર સમાઈ જાય છે,તેમ,આદિ-અંત થી રહિત પર-બ્રહ્મમાંથી સંકલ્પ ને લીધે ઉત્પન્ન થતા જીવો તેમાંથી બહાર આવે છે અને પાછા તેમાં સમાઈ જાય છે.
બહાર આવેલા "<u>જીવો</u>",તે પર-બ્રહ્મમાં જ કલ્પિત થયેલા આકાશમાં પ્રવેશ કરી આકાશથી તથા <u>આકાશ ના જેવાં જ સૂક્ષ્મ તત્વો-પૃથ્વી-જળ-તેજ-વાયુ તથા પ્રાણ ની સાથે એકતા કરીને "લિંગ-શરીર" (ના અધ્યાસ) ને પામે છે.</u>

આ લિંગ-શરીરો "જીવો"ને વશ કરી લે છે.અને લિંગ-શરીરોના અધ્યાસ ને પામેલા જીવોમાંના કેટલાએક જીવો, "મિશ્રિત-કર્મો-વાળા" હોય છે.તેઓ અન્ન-વગેરે દ્વારા મનુષ્યના શરીરોમાં પ્રવેશ કરીને,વીર્ય-રૂપ થઇ,

માતાઓના ગર્ભ માં પ્રવેશ કરીને જગતમાં "શરીર" રૂપે જન્મ ધરે છે.
કે જેઓ (જે શરીરો) દેવો-વગેરે કરતાં ઓછા જ્ઞાન-વાળા "મનુષ્યો" કહેવાય છે.

જેઓએ પૂર્વજન્મમાં મુખ્યત્વે કરીને "યજ્ઞાદિક-કર્મો"જ કરેલાં હોય,તે "જીવો" (ઉપર કહ્યા મુજબ)
લિંગ શરીરના અધ્યાસ પામીને,પ્રથમ આકાશમાં રહે છે,પછી નંદન-આદિ વનોમાં ફળો-રૂપે પ્રવેશ કરે છે,
અને તે ફળો સૂર્ય-ચંદ્ર ના કિરણોનો સંસર્ગ પામીને,પોતાની મેળે રસથી પુષ્ટ થઇ પોતાની અલગ સ્થિતિ બાંધે છે.
તે ફળો નું પ્રજાપતિઓ (કશ્યપ-વગેરે) ભક્ષણ કરે છે.અને તે ફળો (જીવો) વીર્ય-પણાને પ્રાપ્ત થાય છે.
(નોંધ-આગળ આવી ગયું છે કે-પ્રજાપતિઓ એ બ્રહ્માના મન ના સંકલ્પ થી બનેલા છે!!)

પછી તે માતાઓ (અદિતિ-વગેરે) ના ગર્ભ-પિંજર માં પ્રવેશ કરીને જન્મ (શરીર) ધારણ કરે છે.
કે જેઓ મનુષ્ય (શરીર) ના કરતાં અધિક જ્ઞાન-વાળા "દેવો" (ગંધર્વો-યક્ષો-વગેરે) કહેવાય છે.
(નોંધ-દેવો મૈથુની-સૃષ્ટિ ના છે!)

જેમની વાસનાઓ સ્પષ્ટ (પ્રગટ) થયેલી ન હોય (જેવી રીતે બીજમાં અંકુર-પાંદડાં વગેરે પ્રગટ નથી-તેમ)
એવા "જીવો" સ્પષ્ટ-વાસના-વાળી (પ્રગટ થઇ ગયેલી) માતાઓના ગર્ભ-પિંજર માં રહે છે.
એટલે કે "માયાના સંબંધ-વાળા બ્રહ્મ" માંથી નીકળેલા "જીવો" બીજા "જીવો" માં રહીને પ્રગટ (સ્પષ્ટ) થાય છે.

જે જીવ પૂર્વજન્મમાં અત્યંત વૈરાગ્ય-વાળો હોય અને કર્મોમાં "સકામ પ્રવૃત્તિ" ન કરી હોય,
તે જીવ "દેવ યોનિ" માં અવતરીને પણ અત્યંત "સાત્વિક" જ થાય છે.
ત્યાં જ્ઞાન પામીને તે જીવનમુક્તના વ્યવહાર-વાળો થાય છે અને તે જ જન્મ માં વિદેહ-મુક્તિ પામે છે.

પણ જે જીવે "સકામ-કર્મોની પ્રવૃત્તિ" કરીને ભોગો ભોગવવા જ દેવ-યોનિમાં અવતાર લીધો હોય તેને
અત્યંત "સાત્વિક" નહિ પણ તમો-ગુણ-વાળો. "રાજસ-સાત્વિક" જ સમજવો.
અને તે જીવને દેવ-યોનિ પછી બીજી યોનિઓમાં ફેરા ફરવા પડે છે.
આ ફેરાઓ "જ્ઞાન" મેળવીને અટકાવવા યોગ્ય જ છે.

હે,રામ, હવે આ સંસારમાં જેનો છેલ્લો જન્મ જ હોય એવા સાત્વિક-મનુષ્ય વિષે હું કહું છું,તે સાંભળો.
જેઓ 'રાજસ' કે 'રાજસ-સાત્વિક' હોય છે તેઓને ફરીવાર જન્મ ધારણ કરવો પડે છે.
પરંતુ જેઓ 'અત્યંત-સાત્વિક' હોય છે -તેમણે ફરીવાર અવતાર (જન્મ) લેવા પડતા નથી.
તેઓ (સાત્વિકો) તો "આત્મ-તત્વ" નો સારી રીતે વિચાર કરીને,
કેવળ પ્રતિબંધ ના નાશ ને માટે જ અવતરેલા હોય છે.અને આત્મ-તત્વનું જ બુધ્દ્દિથી મનન કર્યા કરે છે.
આવા અત્યંત સાત્વિક-આત્મવેત્તા પુરુષો બહુ દુર્લભ હોય છે.

હે,રામ, આ રીતે આત્મ-વિચાર ના 'અધિકારી' એવા રાજસ અને સાત્વિક જીવો ના જન્મ વિષે મેં કહ્યું.
પણ જે તામસ જીવો (રાક્ષસ-મૂંગા પશુઓ-વગેરે) છે તે તો સ્થાવર (જડ) જેવા જ છે,માટે જ્ઞાનના 'અધિકાર'ની
વાતમાં તેઓનો વિચાર કરવા યોગ્ય જ ના હોવાથી તેમના જન્મ વિષે હું અત્યારે અહીં કશું કહેતો નથી.

હે,રામ,ઉત્તમ જન્મ પ્રાપ્ત થયા છતાં,પણ થોડા મનુષ્યો અને થોડા દેવો -જ સંસાર સંબંધી ભોગોમાં રુચિ
પામ્યા નથી.માટે "વૈરાગ્ય એ અત્યંત દુર્લભ છે" એમ જણાય છે.
જુઓ,હું પણ આત્મ-વિચારની પૂર્ણ યોગ્યતાને પામ્યો છું,તો પણ સત્વગુણમાં કંઇક રજોગુણનું મિશ્રણ
હોવાને લીધે પૂર્ણ વૈરાગ્ય પ્રાપ્ત નહિ થવાથી,આ (દશરથ રાજાનું) પુરોહિત-પણું કર્યા કરું છું.
અને તમે વૈરાગ્ય આદિ સાધનોથી સંપન્ન છો,તો પણ તમે પરમાત્મા ના પદનો "વિચાર" કરતા નથી
તેથી જ તમને આ સંસારની ભ્રાંતિ વધી છે.

માટે તમે અહીં હમણાં (હાલ) જ આત્મતત્વનો વિચાર કરો.અને જો આમ આત્મતત્વનો "વિચાર" કરશો તો,
"જે પરબ્રહ્મ છે તે તમે જ છો" એમ પ્રત્યક્ષ અનુભવમાં આવશે.
તમે "વિચાર" કરતા નથી,તેથી તમને આ સંસાર-રૂપી મોટી આપદા વિસ્તાર પામેલી જણાય છે.
પણ,જો વિચાર કરશો તો આ સંસાર કંઈ છેજ નહિ અને તમે પરબ્રહ્મ છો- એમ સહેજ માં સમજાઈ જશે.

## (૬૧) સત્પુરુષો ની પ્રશંસા અને વિવેક તથા વૈરાગ્ય ના ક્રમ

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, જે પુરુષો નિષ્કામ કર્મ કરીને (અથવા ઉપાસના કરીને) પૃથ્વી પર જન્મેલા હોય છે,
તે મોટા-સદગુણો-વાળા પુરુષો સર્વદા આનંદ-યુક્ત જ રહે છે.
જેમ,આકાશમાં ચંદ્ર પ્રકાશે છે -તેમ તે પૃથ્વીમાં પ્રકાશે છે.
જેમ,આકાશ મેલ ને પ્રાપ્ત થતું નથી-તેમ તેઓ ખેદ (શોક કે દુઃખ) ને પ્રાપ્ત થતા નથી.
જેમ,સોનાનું કમળ રાત્રિએ પણ કરમાતું નથી-તેમ તેઓ કદી પણ શરીરમાં (જરાવસ્થા-વગેરેથી) કરમાતા નથી.

જેમ,સ્થાવરો પોતાના પ્રારબ્ધના ભોગ વિના બીજું કશું કરતા નથી-
તેમ,તેઓ (સત્પુરુષો) જ્ઞાનનાં સાધનો વિના બીજું કશું કરતા નથી.
જેમ,વૃક્ષો પોતાના ફળો-વગેરે થી બીજાઓને આનંદ આપે છે,
તેમ,તેઓ  (સત્પુરુષો) પોતાના સદાચારોથી બીજાઓને આનંદ આપે છે.
હે,રામ,એવા મહાત્મા પુરુષની સુંદર બુદ્ધિ-"શાંતિ-રૂપી-અમૃત"થી નિત્ય પુષ્ટ થતી જાય છે,
અને તેથી તેઓને મોક્ષ ની પ્રાપ્તિ થાય  છે.

જેમ,ચંદ્ર કૃષ્ણ-પક્ષમાં પણ પોતાની શીતળતા ત્યજતો નથી,
તેમ,તે મહાત્મા પુરુષો આપત્તિ-કાળમાં પણ પોતાની સૌમ્યતા ત્યજતા નથી.
જેમ,વનનાં વૃક્ષો,નવા ગુચ્છો-વાળી લતાથી શોભે  છે-
તેમ,તે મહાત્મા-પુરુષો,મૈત્રી-આદિ ગુણોવાળી પોતાની પ્રકૃતિથી શોભે છે.

હે,રામ તે મહાત્મા-પુરુષો સર્વદા સમ-બુદ્ધિ-વાળા હોય છે,સંપૂર્ણ શાંત-રસ-મય જ હોય છે,
સૌમ્ય-વૃત્તિવાળા હોય છે, અને તેઓ પોતાની મર્યાદાનો કદી પણ ત્યાગ કરતા નથી.
આથી,વાસનાઓને ટાળનારી,એ લોકોની પદ્ધતિને નિરંતર અનુસરવું જોઈએ.અને
આપદાના (આપત્તિઓના) સમુદ્ર-રૂપી-સંસાર ની ખટપટમાં પડવું જોઈએ નહિ.

જે જે રીતે રજોગુણ નો ક્ષય થાય,અને આનંદ આપનારા સત્વગુણ નો ઉદય થાય,
તે તે રીતે શાંત મનથી આ જગતમાં વિહાર (અને વ્યવહાર) કરવો.
જે,વિષયોની વિવિધ ગતિઓનો -મૂઢ પુરુષો વારંવાર વિચાર કરે છે,
તેને ત્યાગીને જ્ઞાન-શાસ્ત્ર નો વિચાર કરવો.
અને તરત જ મનમાં પુરી કાળજી રાખીને -જુદી જુદી યુક્તિઓથી પદાર્થોના અનિત્ય-પણા નો વિચાર કરવો.

"આ લોક (પૃથ્વી) તેમજ પર-લોક (સ્વર્ગ-વગેરે) ના ભોગો માટે જગતમાં જે જે ક્રિયાઓ (કર્મો કે યજ્ઞો)
કરવામાં આવે છે,તેઓના ફળ-રૂપ પુત્ર,સ્ત્રી,ધન,અપ્સરા-વગેરે પદાર્થો એ એક જાત ની આપદા જ છે."
એમ,સમજુ પુરુષે ભાવના કર્યા કરવી જોઈએ.
મિથ્યા-વિષયો નું ચિંતન-એ અજ્ઞાનનો વિસ્તાર કરનાર છે -માટે તેને છોડી દેવું.અને-
અવિનાશી પદાર્થ-રૂપ પોતાના "સ્વ-રૂપ" નું સારી રીતે અનુસંધાન કર્યા કરવું.

વળી,સજ્જનો ના સમાગમ અને ઉપદેશથી "હું કોણ છું? અને સંસાર નો આ આડંબર કેમ થયો છે?"
એ વિષે પ્રયત્ન-પૂર્વક વિચાર કરવો,કર્મો માં ડૂબવું નહિ,અને દુષ્ટનો સહવાસ કરવો નહિ.
"સંસાર ના સર્વ પ્રિય પદાર્થો નો અવશ્ય નાશ થવાનો જ છે"એમ જોયા કરવું,અને સજ્જન ને અનુસરવું.
"અહંકાર-દેહ અને સંસાર" ની વાસનાને છોડી દઈને-સત્ય બ્રહ્મ નું જ અવલોકન કરવું.

જેમ,દોરામાં મણિઓ પરોવાયેલા હોય છે,તેમ નિત્ય-વિસ્તીર્ણ ,સર્વમાં રહેલા અને
સર્વના અધિષ્ઠાન-રૂપ,પર-બ્રહ્મમાં આ સઘળું બ્રહ્માંડ પરોવાયેલું છે.
આકાશના શણગાર-રૂપ અને અત્યંત વિસ્તાર-વાળા સૂર્યમાં જે ચૈતન્ય છે-તે જ ચૈતન્ય
ધરતીમાં રહેલા ઝીણા દરમાં રહેલા કીડામાં પણ છે.

જેમ,વાસ્તવિક રીતે જોતાં,ઘટાકાશ નો મહાકાશ થી કશો ભેદ નથી-
તેમ શરીરો માં રહેલા જીવો નો પરમાત્માથી કશો ભેદ નથી.
જેમ,સર્વ પ્રાણીઓના અનુભવમાં આવતા પદાર્થો અનેક છે પણ તે પદાર્થોમાં માત્ર છ જાતના રસો જ છે,
(છ જાતના રસો=મધુર-અમ્લ-લવણ-કટુ-કષાય અને તિક્ત)
તેમ,પ્રાણીઓ અનેક છે પણ તેઓમાં ચૈતન્ય (રૂપી રસ) એક જ છે.
સર્વદા એક પરમ સત્ય-પરબ્રહ્મ સિવાય,બીજું કશું છે જ નહિ-
માટે "આ જન્મ્યો-અને આ નાશ પામ્યો" એવી શરીરને જે પ્રતીતિ થાય છે -તે ખોટી જ છે.

હે,રામ,ઉત્પન્ન થઈને નાશ પામે તેવી વસ્તુ સત્ય હોઈ શકે જ નહિ.એટલે-આ જગત આભાસ (દેખાવ)-માત્ર છે,
અને (તે જગત) ઝાંઝવાનાં પાણી ની જેમ તે સત્ પણ નથી અને અસત્ પણ નથી,
પરંતુ અનિર્વચનીય (વર્ણન કે નિરૂપણ કરવું અશક્ય) જ છે.

જ્યાં સુધી મોક્ષ થયો ના હોય ત્યાં સુધી,
અશાંત ચિત્તને લીધે આ જગત ને સ્પષ્ટ રીતે ગ્રહણ કરવામાં આવતું હોવાથી,
આ જગત પોતાના કાળ (પોતાના આ સમય) માં છે જ-એટલે તે (જગત) અસત્ નથી-
અને મોક્ષના કાળ (સમય) માં તે (જગત) હોતું જ નથી-એટલે માટે તે (જગત) સત્ પણ નથી.
જો,આ જગત મોહની નિવૃત્તિ થયા પછી પણ રહેતું નથી.-તો મોક્ષના કાળમાં તો ક્યાંથી રહે?

હે,રામ,જો જગત-રૂપી મોહ-જાળ -અત્યંત અસત્ જ હોય તો --છોડી દેવાનું કંઈ બાકી રહેતું જ નથી !!
તો પછી,જ્ઞાન થી કોને છોડી દેવાનું?
અને જો જગત-રૂપી-મોહ-જાળ એ અત્યંત સત્ હોય તો---સત્ પદાર્થ તો જ્ઞાનથી ટળતો નથી,
તો પછી જ્ઞાનથી કોને ટાળવાનું?
પણ જો જગત સત્ પણ હોય અને અસત્ પણ હોય તો-જ-જ્ઞાન ની સફળતા થાય છે.
આ ઉપરથી એમ સિધ્ધ થાય છે કે-
આ જગત એ-રજ્જુ-સર્પ ના (ન્યાય ની) જેમ (ભ્રાંતિથી),અનિર્વચનીય "અધ્યાસ (આરોપ)-રૂપ-સંગ"
"મોહ" (માયા) થી જ "કારણ-ભૂત" થાય છે.(એટલે કે જગત એ માયા (મોહ) ને કારણે જ છે)

હે,રામ,જો "જગત મુદ્દલે છે જ નહિ" એમ માનો તો-(તે જગતનો) "મોહ" એ કશો પદાર્થ છે જ નહિ,અને
જો "જગત છે" એમ માનો તો-પણ તેમાં (તે નાશવંત હોવાથી) મોહ પામવા જેવી કશી યોગ્યતા નથી
એટલા માટે તમે આકાશની પેઠે,દેહાદિકની જન્મ-મરણ આદિ સ્થિતિઓમાં-
સર્વદા અત્યંત "સમાન અને નિર્વિકાર" જ રહો.

**(૬૨) સત્સંગથી તથા પુરુષાર્થ થી ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત થાય છે.**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,મોટી બુધ્ધિ-વાળા પુરુષે,"વિચાર" કરવાની ચાતુરી મેળવીને,
તેમ જ દુઃખો ને સહન કરવાની ટેવ પાડીને,
શાસ્ત્રમાં કહેલી પધ્ધતિ પ્રમાણે વિદ્વાન ગુરૂ (કે સત્પુરુષ) ની સાથે પ્રથમ શાસ્ત્ર નો વિચાર કરવો.
પછી,શાસ્ત્રના અર્થના અભ્યાસથી,સુજનોના સંગના અભ્યાસથી અને વૈરાગ્યાદિ-ના  અભ્યાસથી,
સંસ્કાર પામેલો પુરુષ-"સ્વ-રૂપ" ના "જ્ઞાન" ને પાત્ર થઇ-તમારી જેમ શોભે છે.

તમે ઉદાર આચાર-વાળા છે,ધીર છો,ગુણો ના ભંડાર-રૂપ છો અને
મનના (સૃષ્ટિ-રૂપી) મેલ થી રહિત થઈને સુખ થી મુક્ત થયા છો.
તમે સંસારની વાસનાથી મુક્ત થઇને ઉત્તમ જ્ઞાનથી યુક્ત થઈને સ્વચ્છ થયા છો-એમ હું ધારું છું.
તમે ઉત્તમ પધ્દ્ધતિ-વાળા થયા છો,
તેથી તમારી પધ્દ્ધતિને હવે બીજા પુરુષો પણ રાગ-દ્વેષ વિનાની વૃત્તિ થી અનુસરશે.

જે પુરુષ નું મન,જો બાહ્ય-પદાર્થો ની ચિંતાથી રહિત થયું હોય,
બ્રહ્મ ને પામવાની ચતુરતા-વાળું થયું હોય,અને
દ્વૈત ના વિભાગો થી મુક્ત થયેલું હોય-તો તે પુરુષ મુક્ત જ છે.એમાં સંશય નથી.
જે બુધ્ધિમાન પુરુષ,ભલે બહારથી લોકોને અનુસરતા સ્વભાવ-વાળો દેખાતો હોય,
પણ મનમાં રાગ-દ્વેષ વિનાનો તે બુધ્ધિમાન પુરુષ
જો "જ્ઞાન-રૂપી-વહાણ" માં બેસીને ફરશે તો તે સંસાર-રૂપી-સમુદ્ર ને તરી જાય છે.

જેઓ,શિયાળવાં (શિયાળ) ની જેમ,સ્વાર્થ સાધવાના ડહાપણ થી બીજાઓને ઠગનારા છે,
અને જેઓ બાળક ની જેમ -જે ઇચ્છા થાય તેવું (વગર વિચાર્યે) આચરણ કરનારા છે-
તેમનો મનમાં વિચાર કરવો જ નહિ.
પણ,જે પુરુષ શુધ્ધ,સાત્વિક-જન્મવાળા જીવન-મુક્ત પુરુષો ના સ્વભાવનું સંપાદન (તેમના જેવું આચરણ) કરે છે,
તે જીવનમુક્તપણાને જ પામે છે.અને તેને ફરીવાર જન્મ ધારણ કરવો પડતો નથી.તેનું આ છેલ્લું જ શરીર છે.

કોઈ પુરુષ ભલે રાજસ કે તામસ જાતિ-વાળો હોય,
પણ તે જો સાત્વિક-જાતિઓ-વાળાઓના ગુણો નું સર્વદા સેવન કરે તો-તે સાત્વિક થઇ જાય છે.
જો કે-કર્મોને વશ રહેનારા મનુષ્યો,સઘળા પૂર્વજન્મ ના સંસ્કારોને જ પ્રાપ્ત થાય છે,
તો પણ,મોક્ષ પામવાનો પુરુષાર્થ કરવાનું છોડી દેવું નહિ.
કારણકે-મોટામોટા રાજાઓના સૈન્યો પણ પુરુષાર્થ થી જ જિતાય છે.

તમોગુણ કે રજોગુણ વાળી કોઇ પણ જાતિમાં જન્મ આવ્યો હોય
તો પણ,ધીરજ રાખીને બુધ્ધિને,વિષયોમાંથી બહાર કાઢવી.
એવા સત્પુરુષો વિવેકને લીધે  જ સાત્વિક જાતિને પ્રાપ્ત થઇ શકે  છે.

હે,રામ,ચિત્ત-રૂપી-મણિમાં જેવો રંગ લગાવીએ તેવો રંગ લાગી જાય છે,
એટલા માટે પુરુષાર્થ કરવો એ સફળ જ થાય છે.
ઉત્તમ ગુણ ધરાવતા,મુમુક્ષુ પુરુષો,પુરુષાર્થ થી જ જીવનમુક્તપણાને મેળવીને છેલ્લા શરીર-વાળા થયા છે.

ત્રણે લોકમાં એવું કંઇ પણ નથી કે -ગુણવાન પુરુષ પુરુષાર્થ થી ના મેળવી શકે.
એટલે,બ્રહ્મચર્ય-ધીરજ અને વૈરાગ્ય-રૂપી બળ નો વેગ-એ સર્વ ને યુક્તિ (કે પુરુષાર્થ) થી ગોઠવ્યા વિના -

તમે ધારેલું પામી શકશો નહિ.

હે,રામ,સત્વગુણ ને વધારવાના ઉપાયોમાં-એકાગ્રતા-વાળી બુદ્ધિ વડે-
તમે આત્મજ્ઞાન ને સ્થિર કરીને શોક-રહિત થાઓ.
વિવેક-વાળો અને સદગુણો થી શોભતો આ છેલ્લો જન્મ તમને પ્રાપ્ત થયો છે,
માટે તેમાં જીવનમુક્ત ની પધ્ધતિમાં સ્થિતિ કરો.
આ સંસાર ના સંગ-રૂપી મોહ થી થયેલી ચિંતા તમે તમારા મનમાં સ્થિર કરો નહિ.

---

**સ્થિતિ-પ્રકરણ સમાપ્ત**

---

## (૫) ઉપશમ પ્રકરણ-અનુક્રમણિકા

(૧) મધ્યાહ્નનો શંખનાદ અને આહનિક કર્મો નું વર્ણન
(૨) રામચંદ્રજી એ રાત્રિમાં કરેલો વિચાર
(૩) વસિષ્ઠ વગેરે નું સભા-સ્થાન માં આગમન
(૪) દશરથ રાજાએ વસિષ્ઠ ઋષિના વાક્યો ની પ્રશંસા કરી
(૫) મનોમય જગતની સ્થિતિને શાંત કરવાનો ક્રમ
(૬) છેલ્લા જન્મ-વાળા જ્ઞાનીને જીવનમુક્તિ માટે ગુણપ્રાપ્તિ નો ક્રમ
(૭) વ્યુત્પન્ન ચિત્ત-વાળાને અચાનક જ્ઞાન-પ્રાપ્તિ થાય છે
(૮) સિધ્ધ-ગીતા
(૯) જનકરાજા એ પોતાની સ્થિતિ નો દૃઢ વિચાર કર્યો
(૧૦) જનકરાજાએ કરેલો અંતિમ નિશ્ચય
(૧૧) જનકરાજાએ ચિત્તને આપેલો બોધ
(૧૨) જનકરાજા ની સ્થિતિ-અને-વિચાર તથા બુધ્ધિનું માહાત્મય
(૧૩) ચિત્તને શાંત કરવાના ઉપાયો
(૧૪) ઉપદેશ ને અયોગ્ય જીવો ની ઉપેક્ષા અને અને યોગ્ય જીવ માટે
મનને ટાળવાના ઉપાય
(૧૫) સર્વ અનર્થ નું બીજ - તૃષ્ણા- છે
(૧૬) વાસના-ક્ષય ના "ધ્યેય" અને જ્ઞેય" એ બે ભેદ અને
જીવનમુક્ત તથા વિદેહમુક્ત નું લક્ષણ
(૧૭) બંધ કરનારા અને બંધ નહિ કરનારા નિશ્ચયો નું વિવેચન
(૧૮) સંસારમાં રહેતો જ્ઞાની સંસારનાં દુઃખોથી પીડાતો નથી
(૧૯) પુણ્ય અને પાવન નામના બે ભાઈઓનું આખ્યાન
(૨૦) પુણ્યે,પાવનને અનેક જન્મો ની વાત કહી
(૨૧) તૃષ્ણા-આશાનો ક્ષય થાય એજ મોક્ષ છે
(૨૨) બલિરાજા નું આખ્યાન -બલિરાજાએ કરેલો વિચાર
(૨૩) ચિત્તને જીતવા -રાજા તથા મંત્રી નું આખ્યાન
(૨૪) મંત્રીને વશ કરીને રાજાનું દર્શન કરવાનો ઉપાય
(૨૫) બલિરાજાના મનમાં વિવેકનો ઉદય અને
ગુરુના સમાગમ ની ઇચ્છા
(૨૬) ગુરુનું આગમન અને તેમનો સંક્ષિપ્ત ઉપદેશ.
(૨૭) બલિરાજાને પૂર્ણાનંદ ચૈતન્ય-સ્વ-રૂપે વિશ્રાંતિ મળી
(૨૮) બલિરાજાની સમાધિ-દશા અને
શુક્ર-ગુરુએ દૈત્યોને કરેલું સાંત્વન
(૨૯) બલિરાજાની જીવનમુક્ત દશા અને
રામને જ્ઞાનમાર્ગમાં રહેવાની ભલામણ
(૩૦) હિરણ્યકશિપુએ અનેક પરાક્રમો કર્યા,અને તેને નૃસિંહે માર્યો
(૩૧) પ્રહલાદે ખેદપૂર્વક વિચાર કરીને વિષ્ણુની ભક્તિથી
વિષ્ણુ-ભાવ પ્રાપ્ત કર્યો
(૩૨) પ્રહલાદે કરેલી વિષ્ણુ પૂજા અને દેવોને થયેલું આશ્ચર્ય
(૩૩) પ્રહલાદે વિષ્ણુ ભગવાન ની સ્તુતિ કરી
(૩૪) પ્રહલાદે પોતાનું સચ્ચિદાનંદ સ્વરૂપ જોયું
(૩૫) પ્રહલાદે સાક્ષાત્કાર કરેલા સ્વરૂપનું નિરૂપણ કર્યું અને
સંસારના બંધનો ને ધિક્કાર્યા
(૩૬) પ્રહલાદ ને દુર્લભ આત્મ-પદની પ્રાપ્તિ
(૩૭) પ્રહલાદ ની સમાધિ-દશા અને રાજા વિનાના
દેશની થયેલી દુર્દશા
(૩૮) જગતનું દુઃખ મટાડવા વિષ્ણુ ભગવાને ચિંતા કરી
(૩૯) વિષ્ણુભગવાને પ્રહલાદને ઉપદેશ દીધો
(૪૦) વિષ્ણુ ભગવાને પ્રહલાદ ને જ્ઞાની નો વ્યવહાર કહ્યો
(૪૧) પ્રહલાદે વિષ્ણુ ની આજ્ઞા સ્વીકારી અને
વિષ્ણુએ પ્રહલાદનો અભિષેક કર્યો
(૪૨) સમાધિમાં રહેલા જીવનું જાગ્રત થવાનું કારણ
(૪૩) જ્ઞાન મેળવવામાં પુરુષાર્થ જ મુખ્ય છે
(૪૪) ગાધિ બ્રાહ્મણ નું આખ્યાન-વિષ્ણુના વરદાનથી માયાનું દર્શન
(૪૫) ગાધિનો ચાંડાળ-જન્મ,તેની શિકારી વૃત્તિ અને
પછી તેને થયેલો રાજ્યલાભ
(૪૬) ગાધિ ની ચાંડાળતા સર્વને જણાયાથી ગાધિનો અગ્નિ-પ્રવેશ
(૪૭) ગાધિ અને અતિથિનો સમાગમ તથા પ્રત્યક્ષ અનુભવ
(૪૮) ગાધિએ ફરી તપાસ કરી અને વિષ્ણુએ "સઘળી માયા છે"
એવો નિશ્ચય કરાવ્યો
(૪૯) ગાધિ બ્રાહ્મણ જીવનમુક્ત થયો-આખ્યાનની સમાપ્તિ
(૫૦) ચિત્તના જયનો ઉપાય,જ્ઞાન-માહાત્મ્ય અને
ચિત્તની ચંચળતાથી થતા દોષોનું વર્ણન
(૫૧) શાંત-પદમાં શાંતિ ઇચ્છનાર ઋષિ ઉદ્દાલક
(૫૨) ઉદ્દાલકે પોતાના મનને અનેક પ્રકારો વડે સમજાવ્યું
(૫૩) આત્મા વાસના ને અહંકાર થી નિર્લેપ છે,
તથા,મન અને શરીર પરસ્પર વેરી છે
(૫૪) ઉદ્દાલક છેવટે સમાધિમાં જ શાંત થયો
(૫૫) સત્તા-સામાન્ય-પણાનું લક્ષણ-ઉદ્દાલક નિર્વાણ-
અને ચામુંડા દેવીએ શબ ને મુકુટમાં ધર્યું
(૫૬) માયા અને વાસનાથી રહિત જ્ઞાની વ્યવહારમાં પણ સમાધિસ્થ છે
(૫૭) જે દૃશ્ય છે તે ચૈતન્ય જ છે
(૫૮) ભીલના રાજા સુરઘુને માંડવ્યે ઉપદેશ આપ્યો
(૫૯) સુરઘુરાજાને વિચારથી આત્મ-લાભ થયો
(૬૦) સુરઘુરાજાએ દેહ પડતાં સુધી કરેલું નિઃસંગ આચરણ
(૬૧) પરિઘ અને સુરઘુનો સંવાદ
(૬૨) ચૈતન્ય નું સ્ફૂરણ રહેવાથી નિત્ય સમાધિમાં જ રહે છે
(૬૩) સુરઘુએ પોતાની સહજ સ્થિતિનું વિસ્તારથી વર્ણન કર્યું
(૬૪) સુરઘુએ પોતાની સહજ સ્થિતિનું વિસ્તારથી વર્ણન કર્યું
(૬૫) વિલાસ અને ભાસ નું આખ્યાન-તેઓને થયેલો શોક
(૬૬) અજ્ઞાની મનુષ્ય દુઃખમાં જ પડ્યો રહે છે
(૬૭) આસક્તિ થી બંધ અને અનાસક્તિથી મોક્ષ
(૬૮) આસક્તિ ને ટાળવાના ઉપાયો
(૬૯) મન ને આસક્તિરહિત કરીને બ્રહ્મમાં અવશિષ્ટ કરવાનો ક્રમ
(૭૦) આસક્તિ રહિત મનુષ્ય વ્યવહારિક દોષોથી પરિતાપ પામતો નથી.
(૭૧) અવર્ણનીય વિદેહ-મુક્તિ-અને તુર્યાવસ્થા નું વર્ણન
(૭૨) પંચભૂતવાળા દેહને માટે હર્ષ-શોક મિથ્યા છે
(૭૩) અહંકાર નષ્ટ થતાં મુક્તિ પ્રાપ્ત થાય છે
(૭૪) પ્રમાદથી ભ્રાંતિ અને પ્રબોધ થી પૂર્ણતા
(૭૫) અધિકારમાં રહેલા છતાં તેથી નહિ લેપાયેલાઓનાં નામ
(૭૬) સંસાર-સમુદ્રને તરવાના ઉપાયોનું વર્ણન
(૭૭) જીવનમુક્ત નાં લક્ષણો
(૭૮) ચિત્તના ભ્રમણ થી જગત અને ચિત્ત-નિરોધક યોગ
(૭૯) યથાર્થ જ્ઞાન-નામનો ચિત્ત નાશનો બીજો ઉપાય
(૮૦) ભોગોમાં સ્પૃહા ન થાય-તેવા પ્રકારનું વર્ણન
(૮૧) યુક્તિ અને અનુભવથી ચિત્ત નો અભાવ
(૮૨) વીતહવ્ય મુનિએ -ઇન્દ્રિયો તથા મનને સમજણ આપી
(૮૩) ચિત્ત અને ઇન્દ્રિયો હોવાથી થતા દોષો
તથા ના હોવાથી થતાં સુખો
(૮૪) વીતહવ્ય મુનિની સમાધિ
(૮૫) વીતહવ્ય મુનિ જીવનમુક્ત સ્થિતિમાં રહ્યા
(૮૬) વીતહવ્યે રાગ-દ્વેષાદિને છેલ્લા પ્રણામો કરી તેમનો ત્યાગ કર્યો
(૮૭) વીતહવ્ય મુનિ વિદેહમુક્ત થયા
(૮૮) વૈદેહમુક્તિ પછી પ્રાણાદિનો લય
(૮૯) જ્ઞાનીઓના શરીરને હિંસક પ્રાણીઓ અડચણ કરતાં નથી
(૯૦) સરૂપ અને અરૂપ ચિત્ત-નાશ
(૯૧) શરીરનું અને ચિત્તનું બીજ પ્રાણચલન તથા વાસના છે
(૯૨) તત્વજ્ઞાન,ચિત્ત-નાશ અને વાસના-ક્ષયનો સાથે જ અભ્યાસ
(૯૩) બોધ સ્થિર થવાથી જ્ઞાનીઓની થતી સમ-સ્થિતિ

## (૫) ઉપશમ (નિવૃત્તિ) પ્રકરણ

### (૧) મધ્યાહ્નનો શંખનાદ અને આહનિક કર્મો નું વર્ણન

વાલ્મીકિ કહે (લખે) છે કે-વસિષ્ઠ મુનિ આ પ્રમાણે પરમ સુખ આપનારો ઉપદેશનો પ્રવાહ ચલાવતા હતા,
ત્યારે સઘળી સભા નિશ્ચળ થઇ ગઈ હતી.સભાની અંદર સઘળા રાજાઓ-મંત્રીઓ શ્રવણની ઇચ્છાથી
મૌન ધારણ કરીને સ્થિર થયેલા દેખાતા હતા.
ચામળ (પંખો) ઢોળનારી સુંદરીઓ પણ તેમના અંતઃકરણ માં વધારે ને વધારે શાંતિ પામતી જતી હતી.
વિચારની પદ્ધતિને જાણનારા રાજાઓ પોતપોતાના નાકની અણીઓ ઉપર તર્જની-આંગળીની અણીઓ
ધરીને જ્ઞાનના વિષયનો વિચાર કરતા હતા.

જેમ,સૂર્યનો ઉદય થતાં આકાશ અંધકાર છોડી દે છે,તેમ ઉપદેશનો ઉદય થતાં રામે અજ્ઞાન છોડી દીધું હતું.
અને તે પ્રભાત-કાળ ના કમળની જેમ પ્રફુલ્લિત થયા હતા.
જેમ,મોર,વૃષ્ટિથી ભીંજાઈને,મેઘની ગર્જના સાંભળ્યા કરે,
તેમ,દશરથ રાજા પ્રેમથી ભીંજાઇને વસિષ્ઠ-મુનિની વાતો (ઉપદેશ) સાંભળતા હતા.

"સારણ" નામનો મંત્રી,
વાંદરા જેવા પોતાના મન ને યત્ન-પૂર્વક સર્વ ભોગમાંથી પાછું વાળીને ઉપદેશનું શ્રવણ કરતો હતો.
ચંદ્રની કળા જેવા નિર્મળ અને વિચારની પદ્ધતિમાં ભારે વિચક્ષણતા ધરાવતા,લક્ષ્મણજી,
વસિષ્ઠનાં વચનોથી, "આત્મ-તત્વ પોતાના જાણવામાં આવતાં" હૃદયમાં તેનો અનુભવ કરવા લાગ્યા હતા.
શત્રુઓને હણનારા શત્રુઘ્ન ચિત્તથી પૂર્ણ થઇને અત્યંત આનંદ પામીને,પૂર્ણિમા ના ચંદ્રની જેમ શોભતા હતા.

"સુમિત્ર" નામનો મંત્રી,ઘણી ખટપટોના અભ્યાસ-વાળું પોતાનું મન,"ઉપદેશના બળથી પોતાને વશ થતાં"
પ્રભાત-કાળના કમળની પેઠે,અત્યંત પ્રફુલ્લિત હૃદય-વાળો થઇ ગયો હતો.
તે સભામાં બેઠેલા બીજા લોકો,બીજા રાજાઓ,મુનિઓ,અને સર્વ લોકો,
પોતાના ચિત્ત-રૂપી રત્નો સારી પેઠે ધોવાયાને લીધે,પ્રફુલ્લિત જેવા થઇ ગયા હતા.

ત્યારે મધ્યાહ્ન-કાળ ને સમયે,સમયને સૂચવનારો શંખો નો નાદ ઉઠ્યો.
કે જે શંખોના નાદ થી વસિષ્ઠ ની વાણી જાણે ઢંકાઈ ગઇ,અને વસિષ્ઠે ત્યારે પોતાના વ્યાખ્યાનને વિરામ આપ્યો.

અને વસિષ્ઠે શ્રીરામને કહ્યું કે-હે,રામ,આજ તો આટલે સુધી જ વ્યાખ્યાન કહેવાનું હતું,તે કહ્યું,
હવે બીજું જે કહેવાનું છે તે સવારે કહીશ.
મધ્યાહ્ન-કાળમાં બ્રાહ્મણો ને સ્નાન-સંધ્યાદિક જે કર્મો,શાસ્ત્ર ના નિયમથી પ્રાપ્ત થયા છે-
તેથી તે (કર્મો કરવાનો) સમય ગુમાવવો યોગ્ય નથી.એટલા માટે મારે તે કર્મો કરવાનો સમય થયો છે.
તમે પણ ઉઠો અને આચારથી પ્રાપ્ત થયેલી,સ્નાન-દાન-દેવાર્ચન-વગેરે શુભ ક્રિયાઓ કરો.

વસિષ્ઠે જયારે આ પ્રમાણે કહ્યું ત્યારે સર્વ સભા ત્યાંથી ઉઠીને,પોતપોતાને સ્થાનકે ગઈ,
અને પોતપોતાની દૈનિક કર્મો (ક્રિયાઓ) કરવામાં લાગી ગયા.

## (૨) રામચંદ્રજી એ રાત્રિમાં કરેલો વિચાર

વાલ્મીકિ કહે છે કે-તે રાત્રિએ શ્રીરામ,વસિષ્ઠનાં ઉદાર અને મધુર વચનોનું
નીચે પ્રમાણે ચિંતવન (વિચાર) કરતા પૂરી રાત્રિ-પોતાના શયનમાં જ બેઠા રહ્યા હતા.

"આ સંસાર નું ભ્રમણ જોવામાં આવે છે,એ તે શું? આ સઘળા 'લોકો' (પૃથ્વી-લોક-વગેરે) કેમ થયા છે?
વિચિત્ર રીતે -પ્રાણીઓ જન્મ-મરણ કેમ પામ્યા કરે છે? આ મન નું રૂપ કેવું છે? આ માયા શાથી ઉઠી છે ?
તે માયા કેમ બંધ પડે ? માયાની નિવૃત્તિ થાય તો શો લાભ ? અથવા શી અડચણ થાય?
વ્યાપક આત્મા (પરમાત્મા કે બ્રહ્મ) માં જગત-રૂપી સંકોચ (કે આરોપ) કેમ આવ્યો?
મહાત્મા વસિષ્ઠે મન ના ક્ષય વિષે,ઇન્દ્રિયોને જીતવા વિષે,અને આત્મા વિષે શું કહ્યું હતું?

(ખરે!) આ આત્મા જ "જીવ-ચિત્ત-મન-માયા" વગેરે વિસ્તારવાળા રૂપ થી આ ખોટા સંસારને બનાવે છે.
(માટે) "કેવળ સંકલ્પ-રૂપી તાંતણાથી જ બંધાયેલા" એ ચિત્ત આદિ પદાર્થો ક્ષય પામે -તો જ દુઃખ ની શાંતિ થાય,
પણ એમનો સારી રીતે ક્ષય કરવાને મારે શો ઉપાય કરવો? બુદ્ધિને ભોગોમાંથી શી રીતે પાછી વાળું?

ભોગો છોડી શકાતા નથી અને તેમને છોડ્યા વિના હું વિપત્તિઓ ને મટાડવા સમર્થ થાઉં તેમ નથી.
અહો, આ તો મહા-સંકટ આવી પડ્યું છે!! મારે બ્રહ્મને પામવાનું છે અને
તે બ્રહ્મ મન નો ક્ષય કરવાથી જ મળે તેમ છે,પણ એ મન તો વિષયોમાં લાગનારું છે!
વળી (મહા) અજ્ઞાનને લીધે એ મન પહાડ કરતાં પણ દૃઢ થઇ પડ્યું છે.

મારી બુધ્ધિ જયારે સંસારના સંભ્રમ ને છોડી દઈને,પરમાત્મા ને પ્રાપ્ત થશે,
ત્યારે તે બુધ્ધિ બીજા કોઈનું પણ સ્મરણ કરશે નહિ.
પણ,આ "સઘળા વેગો-ને તથા સઘળા કૌતુકોને છોડી દઈને" મારું મન,આત્મ-પદમાં ક્યારે વિશ્રાંતિ લેશે?
જીવનમુક્તિના શીતળ-પદમાં અત્યંત દૃઢ સ્થિતિ પામીને હું ક્યારે જગતમાં ફરીશ?
મારું મન પોતાના કલ્પિત રૂપને છોડી દઈને આત્મામાં લીન થઈને ક્યારે શાંત થશે?

તૃષ્ણા-રૂપી-તરંગો-એ વ્યાકુળ કરેલા અને આશાઓ-રૂપી-મગરો-ના સમૂહ-વાળા,
"સંસાર-રૂપી-સમુદ્ર" ને તરીને હું ક્યારે સંતાપથી રહિત થઈશ?
આત્મ-જ્ઞાન માં વિચક્ષણતા પામીને -સર્વમાં બ્રહ્મ-દૃષ્ટિ રાખીને,ઉપશમ થી શુધ્ધ-પણા-વાળી,
જીવનમુક્તની સ્થિતિમાં મને ક્યારે શોક-રહિત-પણે રહેવાનું મળશે?
સઘળાં અંગો ને તપાવનારો-આ મોહ-રૂપી-જીર્ણ-જવર ક્યારે નાશ પામશે?

મારું મન,વાયુ વગરના સ્થળમાં રહેલા દીવાની પેઠે,
ભ્રમ ને ત્યજી દઈને, અને અત્યંત પ્રકાશમય થઈને ક્યારે સ્થિરતા ને પામશે?
દુષ્ટ વિષયોથી શરીરને બાળનારી મારી ઇન્દ્રિયોની લીલા ક્યારે દૂર થશે?
"આ દેહ હું છું,હું રડું છું,હું મૂઢ છું" એવા પ્રકારનો વ્યર્થ ભ્રમ ક્યારે નાશ પામશે?
જે આત્મ-પદ મળવાથી,"બુધ્ધિ" સ્વર્ગ આદિનાં સુખોને તુચ્છ ગણે છે,તે પદ મને ક્યારે મળશે?

હે,મન, મુનિ વસિષ્ઠે કહેલા બ્રહ્મ-વિદ્યા સંબધી વિચારો તું તારામાં સ્થિત કરશે? એ મને કહે.
હે,ચિત્ત,હું ફરીવાર દુઃખોના ઝપાટામાં આવી જઇને વિલાપોનું પાત્ર ના બનું તો ઠીક !!

હે બહેન-બુધ્ધિ,હું તો તારો ભાઈ છું,તું મારી આ માગણીને તરત પુરી કર.
મુનિ વસિષ્ઠ ના વચનો નો વિચાર કર,એટલે આપણે દુઃખોમાંથી છૂટી જઇએ.

હે,દીકરી-સુબુદ્ધિ,તારા પગમાં પાડીને હું પ્રાર્થના કરું છું કે-
તું સંસારનો ઉચ્છેદ (નાશ) થઇ જાય એવી "પૂર્ણતા-રૂપ-સંપત્તિ-રૂપે" સ્થિર થા.
(નોંધ-જીવ અને બુદ્ધિ-એ બંને અવિદ્યા(અજ્ઞાન) ના ઉદર(પેટ) થી પેદા થયેલાં છે માટે બુદ્ધિ ને બહેન કહી છે-
પણ,સુબુદ્ધિ પાછળ થી ઉત્પન્ન થાય છે માટે તે સુબુદ્ધિને દીકરી કહી છે!!)

હે,સુબુદ્ધિ,વસિષ્ઠ મુનિએ પ્રથમ વૈરાગ્યનાં વચનો (વૈરાગ્ય-પ્રકરણમાં) કહ્યાં,
તે પછી મુમુક્ષુ-જનનો વ્યવહાર (મુમુક્ષુ-પ્રકરણમાં) કહ્યો,
તે પછી જગતની ઉત્પત્તિ નો ક્રમ (ઉત્પત્તિ પ્રકરણમાં) કહ્યો,
અને પછી,દ્રષ્ટાંતો થી,બ્રહ્મ-વિદ્યાના આખ્યાનો થી,તરત જ સમજાય તેવું સ્થિતિ પ્રકરણ કહ્યું--
તેનું તું સંપૂર્ણ રીતે સ્મરણ કર.

<u>જે વસ્તુનો 'મને' (મન-પોતાએ)) સારી રીતે-સેંકડો વાર "વિચાર" કરી મુક્યો હોય,</u>
<u>તે વસ્તુને જો 'બુદ્ધિ' સ્વીકારે નહિ-તો સઘળો "વિચાર" નિષ્ફળ જ જાય છે.</u>
<u>આથી સઘળાં કાર્યોમાં "બુદ્ધિ" જ મુખ્ય છે.</u> (એટલે કે મનથી ઉપર રહેલી - બુદ્ધિ નું પ્રાધાન્ય છે!!)

## (૩) વસિષ્ઠ વગેરે નું સભા-સ્થાન માં આગમન

વાલ્મીકિ કહે છે કે-શ્રીરામને આગળ કહ્યા મુજબ,વિસ્તીર્ણ  વિચારોમાં જ રાત્રિ ગુજારી,
અને પ્રાતઃકાળ (સવાર) થયું ત્યારે શયનમાંથી બહાર નીકળી સ્નાન-સંધ્યા વિધિને પૂર્ણ કરીને
ભાઈઓની સાથે વસિષ્ઠ મુનિના ઘેર પધાર્યા.
ત્યાં એકાંતમાં સમાધિમાં સ્થિર થયેલા વસિષ્ઠ મુનિ ને દૂરથી જ માથું નમાવી અને પગે લાગ્યા.

થોડા સમયમાં તો બીજા રાજાઓ,રાજકુમારો-વગેરે ઘણા માણસોથી વસિષ્ઠ મુનિનો આશ્રમ ભરાઇ ગયો.
સમય થયે-વસિષ્ઠે સમાધિ છોડીને સર્વને પ્રિય વચનો થી માન આપ્યું.
અને પછી રથમાં બેસીને,સર્વ લોકોની સાથે, દશરથ રાજાની સભામાં આવી પહોંચ્યા.
સર્વ લોકો પોતપોતાના આસનો પર બેસ્યા અને સર્વે ની દૃષ્ટિ વસિષ્ઠના મુખ ઉપર લાગી,
સભાનો કોલાહલ શાંત થઇ ગયો.અને સભા નિશ્ચળ થઇ ગઈ.

## (૪) દશરથ રાજાએ વસિષ્ઠ ઋષિના વાક્યો ની પ્રશંસા કરી

વાલ્મીકિ કહે છે કે-ત્યારે દશરથરાજાએ મેઘના નાદ જેવી ગંભીર વાણીથી મુનિ વશિષ્ઠને પૂછ્યું-કે-
હે,ભગવન,ગઈકાલના વ્યાખ્યાનની રચનાથી આપને થયેલો પરિશ્રમ,
આપના શરીરમાં તપથી થયેલ,કૃશતા કરતાં યે વધારે હતો,તે તો મટી ગયો છે ને?

ગઈ કાલે આપે પરમ આનંદ આપનારાં,જે પવિત્ર વચનો કહ્યાં હતાં,
તે વડે અમને અમૃત ની વર્ષા થયાના જેવો સંતોષ મળ્યો છે.
આપનાં વચનો થી અમારાં,તૃષ્ણા,લોભ-વગેરે બંધનો પાતળાં પડી ગયા છે.
અને જ્ઞાન-દૃષ્ટિ પામીને અમે આત્માને જોવા લાગ્યા છીએ.

પછી દશરથ રાજાએ રામને સંબોધીને કહ્યું કે-
હે રામ,હવે તું પ્રસન્ન થઈને વિરાજેલા આ વસિષ્ઠ મુનિને ગઈકાલે અધૂરા રહેલ વિષય વિષે આગળ તું પૂછજે.

દશરથ રાજાએ તે પ્રમાણે કહ્યું
ત્યારે સન્મુખ બેઠેલા ઉદાર ચિત્ત-વાળા વસિષ્ઠ મુનિએ શ્રીરામને નીચે પ્રમાણે કહ્યું.
વસિષ્ઠ કહે છે કે-હે,રામ, મારાં કહેલા વાક્યોનો અર્થ તો તમારા સ્મરણમાં (યાદ) છે ને?
એ વાક્યોના અર્થનો તમે પૂર્વાપર વિચાર કર્યો છે ને?
સત્વ આદિ ગુણોના ભેદથી મેં જીવોની જે પ્રકારની વિચિત્ર ઉત્પત્તિઓ કહી,
તેમના વિભાગો નું તમને સ્મરણ છે ને?
બ્રહ્મનું સર્વ જગત-રૂપ-પણું તથા જગત થી રહિત-પણું,મેં જે કહ્યું તે તમારા સ્મરણમાં છે ને?

તમે એ (ઉપર) રીતે બ્રહ્મનું સ્વરૂપ ચોખ્ખી રીતે સમજ્યા છો ને?
આ અનિર્વચનીય જગત જે રીતે સર્વદા બ્રહ્મ-રૂપ છે તે તમારા ધ્યાનમાં છે ને?
આ જગત જે પ્રકારે સર્વ-શક્તિઓ-વાળા પરમાત્મામાંથી ઉત્પન્ન થયું,તે પ્રકાર તમારા સ્મરણમાં છે ને?
અવિદ્યા (અજ્ઞાન) નું વિસ્તીર્ણ-રૂપ,સંખ્યાથી અંત વગરનું છે,
બ્રહ્મના એક દેશ (ભાગ) માં રહેલું છે,અને
તે જ્ઞાન ના બળથી નષ્ટ થઇ જાય તેવું છે,તે વિષે મેં જે તમને કહ્યું,તેનું તમને સ્મરણ છે ને?

જીવ એ બીજો કોઇ પદાર્થ નથી,પણ જે ચિત્ત (મન) છે તે જ જીવ છે,
એ વિષય લક્ષણ આદિના વિચારથી મેં પ્રતિપાદિત કર્યો હતો,તેનું તમને સારી રીતે સ્મરણ છે ને?
હે,રામ,ગઈકાલના વિચારનો સઘળો વાક્યાર્થ તમે રાતે વિચાર કરીને હ્રદયમાં રાખ્યો છે ને?
કારણકે,જો ઉપદેશનો વારંવાર વિચાર કરવામાં આવે અને
હૃદયમાં સારી રીતે સ્થાપવામાં આવે,તો જ તે ઉત્તમ ફળ આપે છે
પણ જો કોઈ પુરુષ અનાદરથી (ઉપદેશ નો અનાદર કરી) ઉપદેશના અર્થને મનમાં ધારણ કરે નહિ -
તો તે ઉપદેશ કંઈ પણ ફળ આપતો નથી.

વાલ્મીકિ કહે છે કે-એ પ્રમાણે બ્રહ્મા ના પુત્ર વસિષ્ઠ મુનિએ રામને બોલવાનો અવસર આપ્યો,
ત્યારે રામચંદ્રજીએ નીચે પ્રમાણેના વચનો કહ્યાં.

રામ કહે છે કે-હે,મુનિ,હું વિસ્તીર્ણ બુધ્ધિવાળો થઈને આ સમજ્યો, એ આપનો જ પ્રભાવ છે.
આપ જે કહો છો (આપે જે કહ્યું હતું) તે સઘળું તે પ્રમાણે જ છે.
મેં નિંદ્રાનો ત્યાગ કરીને આપનાં વાક્યોના અભિપ્રાય નું હૃદયમાં ચિંતવન કર્યું છે.
અનુક્રમથી ગોઠવાયેલું અને તેથી અત્યંત પ્રિય લાગે તેવું,આપનું ગઈકાલનું સઘળું પવિત્ર ભાષણ,
મેં મારા હૃદયમાં બરાબર રાખ્યું છે.

આપનો ઉપદેશ પરિણામે સુખ આપનાર છે,મન ને ગમે તેવો છે,પવિત્ર છે,
અને વર્તમાનકાળમાં પણ આનંદ ના સાધન-રૂપ છે.તેથી કયા પુરુષો તેને માથે ના ચડાવે?
સિધ્ધ લોકો પણ આપના ઉપદેશને માથે ચડાવે છે.

આપની કૃપાથી,સંસાર-રૂપી આવરણ તૂટીને અમે નિર્મળ થયા છીએ.
આપનો પવિત્ર ઉપદેશ,એ શ્રવણના કાળમાં પણ મધુર આરંભ-વાળો છે,મધ્ય-કાળમાં (મનન-નિદિધ્યાસન માં)
પણ શાંતિ આદિ સુખને આપનારો છે અને અંતમાં મોક્ષ-રૂપી-ફળ ને આપનારો છે.
આપના વચન-રૂપી-કલ્પવૃક્ષ-નું પુષ્પ,વિકાસ પામેલું છે,સ્વચ્છ છે,કદી પણ કરમાય નહિ તેવું છે અને,
સારા-નરસા સર્વ લોકો ને આનંદ આપનારું છે.
હે મુનિ,હવે પાપોને નાશ કરનારી ઉપદેશની વાણી કહેવાનો આપ આરંભ કરો.

**<u>(૫) મનોમય જગતની સ્થિતિને શાંત કરવાનો ક્રમ</u>**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,ઉતમ સિદ્ધાંતોથી રમણીય લાગે એવું અને મુક્તિ આપનારું,
આ ઉપશમ (નિવૃત્તિ) પ્રકરણ હવે હું કહું છું તે તમે એકાગ્ર ચિત્તથી સાંભળો.
જેમ,સારા થાંભલાઓથી માંડવો ટકી રહે છે,
તેમ 'રજોગુણી અને તમોગુણી' જીવો થી જ આ સંસાર-રૂપી લાંબી માયા,ટકી રહી છે.
'સાત્વિક' જન્મવાળા અને તમારા જેવા ધીર પુરુષો તો -આ અનાદિ-કાળની માયાને લીલા-માત્રમાં છોડી દે છે.

હે,રામ,શુધ્ધ 'સાત્વિક' જન્મ-વાળા અને 'રજોગુણથી મિશ્રિત સાત્વિક' જન્મો-વાળા જે સમજુ પુરુષો હોય છે તે,
તેઓ જગતનાં કારણો ની પરંપરા નો <u>'વિચાર'</u> કરે છે.
શાસ્ત્રોના,સજ્જનોના અને શુભ-કાર્યો (શુભ-કર્મો)ના સંગથી જેમનાં પાપ ટળી ગયા હોય છે,
તે પુરુષોની <u>'બુધ્ધિ'</u>,સત્ય પદાર્થ નું <u>"અવલોકન"</u> કરવામાં દીવા જેવી (પ્રકાશમાન) થાય છે.
પોતાની રુચિ વડે અને પોતાની <u>'બુધ્ધિ'</u> થી જ <u>'વિચાર'</u> કરીને,
<u>જ્યાં  સુધી જાણવા યોગ્ય વસ્તુ (બ્રહ્મ) ન જાણી હોય,ત્યાં સુધી તે વસ્તુ (બ્રહ્મ) ની પ્રાપ્તિ થતી નથી.</u>

હે,રામ,બુધ્ધિવાળા-નીતિવાળા-ધીર-અને ઉત્તમ કુળમાં જન્મેલા
"રજોગુણ થી મિશ્રિત-સાત્વિક-જાતિઓવાળા"માં (રાજાઓ ના કુળમાં) તમે 'મુખ્ય'  છો.
તમે આ જોવામાં આવતા સંસારના આરંભોમાં "સાચું શું છે? અને ખોટું શું છે?"
એ -<u>પોતાની મેળે જ વિચારીને -જે સત્ય હોય તેમાં જ તત્પર થાઓ.</u>

જે વસ્તુ 'આદિ'માં પણ અવિચળ હોય અને 'અંત'માં પણ અવિચળ હોય,તે (બ્રહ્મ) જ "સત્ય" કહેવાય.
બીજું કોઇ (બીજી કોઈ કાસ્તુ-એટલે કે માયા) સત્ય-કહેવાય નહિ.
આથી- જે વસ્તુ આદિ-કે-અંતમાં રહેનાર ના હોય તે વસ્તુ (માયા) માં જેનું મન આસકત થાય -
તે પશુ જેવો મૂઢ છે.તે મનુષ્ય ને 'વિવેક' શાથી પ્રાપ્ત થાય?
આ સંસારમાં મન જ જન્મે છે,વધે છે અને બ્રહ્મ-વિધા-રૂપી-વિચારથી મોક્ષ પામે છે.

રામ કહે છે કે-હે,બ્રહ્મન,આ જગતમાં મન જ સંસાર છે અને જરા (વૃધ્ધાવસ્થા) તથા મરણ નું પાત્ર એ જ છે,
એ મારા જાણવામાં હવે આવ્યું છે.હવે તે મન નો ઉધ્ધાર કરવાનો જે ઉપાય હોય તે મને કહો.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,પ્રથમ તો શાસ્ત્રથી,ઉત્તમ વૈરાગ્યથી અને સજ્જનોના સંગ થી મન ને પવિત્ર કરો.
અને ત્યારે-તે-મન અભિમાનથી રહિત થઇને વૈરાગ્ય ને પ્રાપ્ત થાય છે,
અથવા- "શાસ્ત્રના રહસ્યના જ્ઞાનથી તથા બ્રહ્મત્વ ના અનુભવથી
તે મન ને સારી રીતે સમજાવવામાં સમર્થ એવા ગુરૂ "ને શરણે જવું.
ગુરુએ બતાવેલ માર્ગથી સગુણ ઈશ્વરનું ધ્યાન-પૂજન કરીને (પણ)પુરુષ અનુક્રમે પરમ પદને પ્રાપ્ત થાય છે.

શુધ્ધ 'મન' વડે નિર્મળ "વિચાર" કરવામાં આવે તો સઘળું જગત આત્માથી જ ભરપૂર જોવામાં આવે છે.
'વિચાર' થી સત્ય વસ્તુને જાણનારા પુરુષની 'બુધ્ધિ',સઘળાં માનસિક દુઃખોને દૂર કરી નાખે છે.
આ 'દેહ' અને 'આત્મા' -મિશ્રિત થઇ ગયેલા છે,તેમાં "આ આત્મા છે અને આ શરીર છે" એવું જ્ઞાન---
વિવેચન (વિચાર થી વિવેચન) કરનારા વિચક્ષણ પુરુષને જ થાય છે.બીજા પુરુષને નહિ.

આ જીવ (આત્મા) કે જે  શરીર (દેહ) સાથે મિશ્રિત થયેલો જણાય છે-
તેનું,લાંબા કાળના "વિચાર" થી વિવેચન કરીને
"મન" માં ખરું સ્વરૂપ સમજવામાં આવે -તો-

જે "જીવ" (આત્મા) છે તે જ ચોખ્ખી રીતે "પર-બ્રહ્મ" થઇ રહે છે (આત્મા=પરમાત્મા-એ સમજાઈ જાય છે)
અને આમ થાય તો મનના "મોહ" (મનથી થયેલ શરીરના મોહ) નો અવસર જ ક્યાંથી બાકી રહે?

જ્યાં સુધી,"તત્વ" સમજવામાં આવ્યું ના હોય ત્યાં સુધી,મન મોહ-વાળું રહે છે,પણ
જયારે તત્વ સમજવામાં આવે છે ત્યારે મોહ લેશમાત્ર રહેતો નથી.એ વાત નિઃસંશય છે.
આમ આત્માને જ્યાં સુધી ના જાણ્યો હોય ત્યાં સુધી જ દુઃખ છે ,પણ આત્માને જાણ્યા પછી,
અનંત શાંતિ અને પરમ સુખ છે એમ જ સમજવાનું છે.

જેમ સોનું કાદવમાં પડ્યું હોય તે છતાં પણ તેને કાદવનો કોઇ સંબંધ નથી,
તેમ,નિર્મળ આત્મા દેહમાં રહ્યો હોય તે છતાં,પણ તેને દેહનો જરા પણ સંબંધ નથી,(ભલે તે મિશ્રિત લાગે)
જેમ,'કમળના આધાર-રૂપ જળ' અને 'કમળની ઉપર રહેલું જળ' --
એ બંને ઉપાધિ (અજ્ઞાન) થી જ જુદાં જણાય છે,પણ વાસ્તવિક રીતે જુદાં નથી,
તેમ, બ્રહ્મ (પરમાત્મા) અને જીવ (આત્મા) એ બંને-
ઉપાધિ (અજ્ઞાન કે અવિદ્યા--કે માયા) થી જ જુદાં જણાય છે,પણ વાસ્તવિક રીતે જુદાં નથી.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, (ખરે-હું,આટલું બધું કહું છું છતાં) મારું કોઈ સાંભળતું નથી,
પણ -છતાં ય હું ઉંચા હાથ કરીને (હંમેશાં) પોકારું છું કે-
<u>'આત્માના વિચાર' ને ભૂલી ગયેલું મૂઢ-મન-</u>
<u>જ્યાં સુધી દુષ્ટ વાસનાઓ-રૂપી કાદવથી ભરેલા ખાડામાં કાચબાની પેઠે પડ્યું રહેશે</u>
<u>અને ઇન્દ્રિયો થી ભોગવવાના વિષયમાં અત્યંત આસક્ત રહેશે,</u>
<u>ત્યાં સુધી -આ "સંસાર-રૂપી-અંધારું" ચંદ્ર-અગ્નિ કે સૂર્યથી પણ ભેદાવાનું નથી.</u>

મન જાગ્રત થઈને "પોતાની ખરી સ્થિતિનું (વિચારથી) વિવેચન" કરવા લાગે -
તો હૃદય નું અંધારું (અજ્ઞાન-અવિદ્યા-માયા) નષ્ટ થાય છે.
માટે-તે-સૂતેલા મન ને ઉત્તમ બોધ માટે નિત્ય જાગ્રત કરવું જોઈએ-કે જેથી સંસારનું ભેદન થઇ જાય.

જેમ,ચોતરફ રહેલી રજ-થી આકાશ લેપાતું નથી,અને ચોતરફ રહેલા જળથી કમળ લેપાતું નથી,
તેમ,ચોતરફ રહેલા દેહથી આત્મા લેપાતો નથી.
જેમ,કાદવ આદિ પદાર્થો સોનાની સાથે સંબંધ પામ્યા છતાં પણ જુદા જ રહે છે,
અને સોના-રૂપે પરિણામ પામતા નથી,
તેમ,જડ દેહ,આત્મા ની સાથે સંબંધ પામ્યા છતાં જુદો જ રહે છે,અને આત્મા-રૂપે પરિણામ પામતો નથી.

"સુખ-દુઃખનો અનુભવ કરનાર આત્મા છે" એમ સમજવું મૂઢ-પણું (અજ્ઞાન) જ છે.સુખ-દુઃખ તો દેહને પણ નથી
કે સર્વથી ન્યારા આત્માને પણ નથી.જો અજ્ઞાન નાશ પામે તો કોઈને ય સુખ-દુઃખ નથી.
હે,રામ,આમ કોઈ સુખ નથી કે દુઃખ પણ નથી,સઘળું આત્મા ના જ વિવર્ત-રૂપ છે,અને તે આત્મા તો
અધિષ્ઠાન-રૂપે શાંત અને અનંત છે-એમ તમે જુઓ.
આ જે વિસ્તીર્ણ (વિસ્તરેલી) સૃષ્ટિના દેખાવો જોવામાં આવે છે,તેઓ જેમ પાણીમાં તરંગો રહે છે તેમ આત્મામાં
રહેલા છે.એટલે કે તે સૃષ્ટિ આત્મામાં ભ્રાંતિ થી જ પ્રતીત થાય છે.
જેમ,મણિ,પોતે કંઇ પણ વ્યવહાર નહિ કરતાં પોતાની તેજોમય કાંતિ ફેલાવે છે ,
તેમ,આ આત્મા,પોતે કોઈ પણ વ્યવહાર નહિ કરતાં જ સૃષ્ટિઓને ફેલાવે છે.

હે,રામ,જેમ,રજ્જુ અને સર્પ એક પણ નથી અને જુદા પણ નથી,પરંતુ તેમનામાં સર્પ -તે ખોટો જ છે,
તેમ,આત્મા અને જગત એક પણ નથી અને જુદા પણ નથી,પરંતુ તેમનામાં રહેલું જગત ખોટું જ છે.

આ જગત એ કેવળ આભાસ-માત્ર (ભ્રાંતિ-માત્ર) જ છે.
પણ,તેમ છતાં,તે,જગત હમણાં (વર્તમાનમાં) અજ્ઞાન-કાળમાં જ આવું આડંબર-વાળું જોવામાં આવે છે.
સત્ય-માં-આ સઘળું જગત બ્રૂહ્મ જ છે,અને જે બ્રહ્મ છે તે જ વિસ્તીર્ણ-જગત-રૂપે દેખાય છે.
માટે "હું જુદો છું અને જગત જુદું છે" એવી ભ્રાંતિને તમે છોડી દો.

હે,રામ,જેમ વિસ્તીર્ણ મહાસાગરમાં -તરંગ આદિ વિભાગો સાચા સંભવતા નથી,
તેમ,દેશ-કાળ-અને વસ્તુ ના પરિચ્છેદ થી રહિત પરબ્રહ્મમાં,જગત આદિ કલ્પનાઓ સાચી સંભવતી નથી.
જેમ,અગ્નિમાં હિમ (બરફ) નો કણ હોતો જ નથી,
તેમ,સર્વમય અને એક એવા પરમાત્મામાં બીજી કોઈ 'કલ્પના' છે જ નહિ.
જીવ (અહીં પુરુષ) જો તદાકાર મનથી,પોતે જ પોતાના ચૈતન્યમય સ્વરૂપ ની ભાવના કરે-તો-
તે પોતે મલિનતા વિનાના તથા માયાની કુટિલતા વિનાના પોતાના સ્વ-રૂપ (આત્મા) માં જ આનંદ કરે છે.

હે,રામ,આ સંસારમાં શોક પણ નથી,મોહ પણ નથી,જન્મ પણ નથી અને જન્મ-વાળા (જીવો) પણ નથી,
પણ જે સર્વનું અધિષ્ઠાન બ્રહ્મ છે -તે જ (સત્ય) છે.માટે તમે સંતાપ કરવો છોડી દો.
તમે શીત-ઉષ્ણ આદિ દ્વંદ્વોથી રહિત થાઓ,સર્વદા સત્વગુણમાં રહીને માનસિક વિક્ષેપોથી રહિત થાઓ,
શરીરના યોગ-ક્ષેમ (નિર્વાહ) ની ચિંતાને છોડી દો,ધીરજ ધરો,
દ્વૈતની (દ્વંદ્વોની) "આસક્તિ" થી મુક્ત થાઓ,સંતાપથી રહિત થાઓ.

હે,રામ, તમે સમ-બુધ્ધિવાળા થાઓ,સ્વસ્થ થાઓ,સ્થિર અને શોકરહિત મનવાળા થાઓ,
મનન કરનારા થાઓ,ઉત્તમ મણિની પેઠે સ્વચ્છ થાઓ,અને સંતાપ થી રહિત થાઓ.
તમે દેહાદિકમાં અહંતા-મમતા થી રહિત થાઓ,સંકલ્પોથી રહિત થાઓ,ધીર બુધ્ધિ-વાળા થાઓ,
અંતઃકરણ ને જીતો,આવી પડેલા વ્યવહારને અનુસરો અને સંતાપથી રહિત થાઓ.

હે,રામ, તમે આસક્તિથી રહિત થાઓ,પરિશ્રમ થી રહિત થાઓ,મળો અને પાપથી રહિત થાઓ,
"આ ગ્રાહ્ય છે અને આ ત્યાજ્ય છે" એવા આગ્રહ થી રહિત થાઓ અને,જગતથી ન્યારા પદમાં રહો.
પામવા યોગ્ય વસ્તુને પામીને પૂર્ણ થાઓ,ભરપૂર સમુદ્રની પેઠે ક્ષોભરહિત થાઓ,અને સંતાપથી રહિત થાઓ.

હે,રામ,તમે વિકલ્પોના સમૂહ થી છૂટા થાઓ,માયારૂપી લેપથી રહિત થાઓ,પોતાથી જ પોતામાં તૃપ્ત રહો.
તમે આદિ-અંતથી રહિત સ્વરૂપ-વાળા થાઓ,મનમાં મેરુ-પર્વતના જેવી ધીરજ-રૂપ દ્રઢતાવાળા થાઓ.
આપમેળે આવી મળે તે સુખો નો અનુભવ કરો,કોઈ વસ્તુની ઇચ્છા ના રાખો,અને,
પૂર્ણ-મહાસાગર ની જેમ પોતામાં પોતાની જ મોટાઈ પામો,પોતામાં જ પોતાની શીતળતા ને પામો.

હે,સુંદર રામ,જગતની આ સઘળી રચના મિથ્યા જ છે,જ્ઞાની પુરુષ મિથ્યા પદાર્થ માટે દોડ કરે જ નહિ.
તમે તત્વવેત્તા છો,કલ્પનાઓથી રહિત છો,દુઃખોથી રહિત છો,અને સર્વદા પ્રકાશમાન છો,
આથી તમે શોકથી રહિત થાઓ,
તમારા પિતા જયારે તમને પૃથ્વીનું ચક્રવર્તી રાજ્ય આપે ત્યારે તમે સઘળા ગુણોથી રાજાઓને રાજી રાખજો,
અને સમ-દ્રષ્ટિથી લાંબા કાળ સુધી પ્રજાઓનું સારી રીતે પાલન કરજો.
આત્મવેત્તાએ 'કર્મોનો ત્યાગ' કરવો પણ યોગ્ય નથી અને 'કર્મોમાં આસક્તિ' રાખવી પણ યોગ્ય નથી.

## <u>(૬) છેલ્લા જન્મ-વાળા જ્ઞાનીને જીવનમુક્તિ માટે ગુણપ્રાપ્તિ નો ક્રમ</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,"આ સઘળા વ્યવહારને હું કરતો નથી પણ મારા સામીપ્ય-માત્રથી તે ચાલ્યા કરે છે"
એવી રીતે કર્તા-પણા ના અભિમાનથી રહિત થઇને

જે પુરુષ વ્યવહારમાં પ્રવર્તે છે-તે પુરુષ મુક્ત જ છે-એવો મારો નિશ્ચય છે.
જે પુરુષો 'જ્ઞાન ને યોગ્ય મનુષ્ય નો અવતાર' પામીને- 'હું કર્તા છું' એવો આગ્રહ રાખીને કર્મો કરે છે-
તેઓ સ્વર્ગમાંથી નર્કમાં જાય છે અને નર્કમાંથી પાછા સ્વર્ગમાં જાય છે.(વારંવાર જન્મ-મરણને પામે છે)

કેટલાએક પુરુષો સત્કર્મો નહિ કરતાં,નિષિધ્ધ કર્મોમાં જ તત્પર રહે છે-તેઓ
એક નર્કમાંથી બીજા નર્કમાં,એક દુઃખમાંથી બીજા દુઃખમાં,અને એક ભયમાંથી બીજા ભય ને પ્રાપ્ત થયા કરે છે.
કેટલાએક વાસના-રૂપી તંતુઓથી બંધાયેલા જીવો અનુક્રમે દુષ્ટ કર્મોનાં ફળો ભોગવતાં-ભોગવતાં,
પશુ-પક્ષીની યોનિમાં અવતરેલા હોય છે.તેઓ પશુ-પક્ષીની યોનિમાંથી સ્થાવર અવતાર ને
અને પાછા સ્થાવરમાંથી પશુ-પક્ષીના અવતારને પ્રાપ્ત થાય છે.
જયારે,કેટલાએક ભાગ્યશાળી અને મનના સાક્ષીનો વિચાર કરનાર-આત્મવેત્તા પુરુષો,તો
તૃષ્ણા-રૂપી બેડીને તોડીને-પરમ કૈવલ્ય-રૂપ પદને પ્રાપ્ત થાય છે.

હે,રામ,પહેલાં,કેટલાએક બીજા અવતારો ભોગવીને
જે પુરુષ અહીં "રજોગુણ-મિશ્રિત સાત્વિક" જન્મવાળો થયો હોય,
તે પુરુષ સત્સંગ આદિના પ્રભાવથી બ્રહ્મ-વિધાને પ્રાપ્ત થાય છે.અને આ જન્મમાં જ મુક્ત થાય છે.
આવા જન્મ-વાળો મનુષ્ય,જન્મે ત્યારથી જ પૂર્ણિમાના ચંદ્રની પેઠે (જ્ઞાનમાં) વૃધ્ધિ પામે છે,અને,
આ જન્મમાં જ વૈરાગ્ય-આદિ સાધનો ની સંપત્તિ તેને પોતાની મેળે જ પ્રાપ્ત થાય છે.
તેનામાં શુભ (સારી-કે કલ્યાણકારી) વિધાઓ તરત જ પ્રગટ થાય છે.અને
શ્રેષ્ઠતા,પ્રિયતા,મૈત્રી,સૌમ્યતા,કરુણા,અને વિદ્વતા-વગેરે  સદગુણો -તે પુરુષ નું સર્વદા સેવન કરે છે.

જે પુરુષ,વ્યવહાર સંબંધી સઘળાં કાર્યો કરવા છતાં,તે કાર્યોનું ફળ સારી રીતે મળે કે તે ફળ નષ્ટ થઇ જાય,
તો પણ સમ-બુધ્ધિ-વાળો રહે,ને હર્ષ કે શોક ના પામે-
તો તે પુરુષનાં સઘળાં સુખ-દુઃખ નાશ પામે છે અને તેના શ્રધ્ધા-આદિ ગુણો શુધ્ધતાને પ્રાપ્ત થાય છે.
સંસારના સર્વ લોકો આવા ઉત્તમ આચારવાળા -મનુષ્યને ઈચ્છે છે.

ઉત્તમ ગુણોથી પૂર્ણ થયેલો એ પુરુષ પછી ગુરૂ ને જ અનુસરે છે.
અને તે ગુરૂ તેને વિવેકના ઉપાયોનો ઉપદેશ કરીને મનન કરવામાં જોડે છે.
પછી,એ પુરુષ,વિચાર અને વૈરાગ્ય થી સંપન્ન થયેલા,પોતાના સદગુણી ચિત્તથી,નિર્વિઘ્ન રીતે,
પરમાત્માને તથા પોતાને એક-રૂપ દેખે છે.

છેલ્લા જન્મ-વાળા મહાત્મા પુરુષો,તૃષ્ણાઓ થી રહિત થયેલા,મનને,
તે મન જે રીતે નિર્ગુણ બ્રહ્માકાર થઇ જાય,તે રીત થી (તે મન ને) સમજાવે છે.
અને નિર્મળ બુધ્ધિ વડે,શરીર ની અંદર રહેલા,
રત્ન ની પેઠે પ્રકાશતા,જીવ (આત્મા)ના સ્વરૂપ ની લાંબા કાળ સુધી પરીક્ષા કરે છે,
ત્યાર પછી -તે  પુરુષ,"જીવ(આત્મા) નું  સ્વરૂપ સાક્ષાત પરબ્રહ્મ જ છે" એવો અપરોક્ષ અનુભવ કરે છે.
અને પોતાના સ્થાનમાં બેઠાબેઠા જ પરમ પુરુષાર્થ-રૂપ સર્વોત્તમ ગતિને પ્રાપ્ત થાય છે.

## (૭) વ્યુત્પન્ન (નિષ્ણાત કે પ્રવીણ) ચિત્ત-વાળાને અચાનક જ્ઞાન-પ્રાપ્તિ થાય છે

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,લાંબા કાળ (સમય) સુધી ગુરુનું સેવન કરીને તેમની પાસેથી જ્ઞાન મેળવવાનો આ ક્રમ -
સર્વ મનુષ્યોને વાસ્તે "સાધારણ" છે.હવે એક બીજો વિશેષ ક્રમ કહું છું તે તમે સાંભળો.

આ સંસારની મોટી ગરબડમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓને મોક્ષ આપે તેવા -બે -જ ઉત્તમ ક્રમ છે.

પહેલો ક્રમ એ છે કે-
ગુરુના કહ્યા પ્રમાણે ચાલવાથી (કરવાથી) ધીરે ધીરે -એક જન્મમાં કે ઘણા જન્મોથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.
બીજો ક્રમ એ છે કે-
પોતાના "વિચાર" થી જ કંઇક વ્યુત્પન્ન (નિષ્ણાત કે પ્રવીણ) થયેલા ચિત્ત-વાળાઓને -
અમુક કાળે -આકાશમાંથી પડેલા ફળ ની પ્રાપ્તિ ની જેમ અચાનક જ જ્ઞાનની પ્રાપ્તિ થઇ જાય છે.

છેલ્લા જન્મ-વાળા અને જેમનાં પૂર્વ-કૃત (પૂર્વે કરેલાં) પાપ-પુણ્યો-રૂપી પ્રતિબંધો -ટળી ગયા હોય,
એવા ભાગ્યશાળી લોકો અચાનક આવી પડેલા ઉત્તમ વિવેક (જ્ઞાન) નો લાભ મેળવી લે છે,
આવી રીતે જ્ઞાનની પ્રાપ્તિ થવાના વિષયમાં એક જુનો વૃતાંત (કથા) કહું છું તે તમે સાંભળો.

**(૮) સિદ્ધ-ગીતા**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ વિદેહ દેશનો જનક નામે એક રાજા છે,તેની સઘળી વિપત્તિઓ નાશ પામી છે
અને સર્વ સંપત્તિઓ નિત્ય વધી રહી છે.તે ઉદાર બુદ્ધિનો છે અને વીર્યવાન છે.
તે રાજા યાચક લોકોને માટે કલ્પવૃક્ષ સમાન છે,મિત્રો-રૂપી-કમળો માટે સૂર્ય-સમાન છે,
બંધુઓ-રૂપી-પુષ્પો ને માટે વસંત સમાન છે,
અને પૃથ્વીનું પાલન કરવા સાક્ષાત વિષ્ણુ જ અવતરેલા હોય એવો છે.

તે જનકરાજા એક દિવસ વિહાર કરવા,એક સુંદર બગીચામાં ગયો.
ફરતાં ફરતાં તે કોઇ તમાલ-વનની કુંજમાં ગયો,
ત્યાં આગળ નિત્ય એકાંતમાં જ પર્વતની ગુફાઓમાં રહેનારા કોઈ અદૃશ્ય સિદ્ધ લોકો -
પોતાને (જનકને) જ ઉદ્દેશી ને કહેતા હોય,તેવી (નીચે મુજબની)
શ્રવણ-માત્ર થી આત્માનો સાક્ષાત્કાર કરાવી દે,
તેવી (નીચે મુજબની) ગીતાઓ (સિદ્ધ-ગીતા) બોલ્યા-કે જે તેના (જનકના) સાંભળવામાં આવી.

કેટલાએક સિદ્ધો બોલ્યા-કે-જે આત્મા દ્રષ્ટા(બ્રહ્મ)-પણાના અને દ્રશ્યો (જગત અને પદાર્થો) ના અજ્ઞાનને લીધે-
તુચ્છ વિષયોના આનંદને જ પુરુષાર્થ માની લઈને-જન્મ-મરણ પામ્યા કરે છે -
તે જ આત્મા ને અમે શ્રવણ-આદિ થી થયેલી અખંડાકાર (જ્ઞાનની) વૃત્તિ વડે,
પરબ્રહ્મ સમજીએ છીએ.અને નિરંતર તેનું જ અનુસંધાન કર્યા કરીએ છીએ.

કેટલાએક સિદ્ધો બોલ્યા કે-દ્રષ્ટાને,દર્શનો ને,દ્રશ્યોને અને તેમની વાસનાઓને પણ છોડી દઈને અમે
"એ સર્વની ઉત્પત્તિના સાક્ષી-રૂપે" તથા "સર્વ થી પ્રથમ જ સિદ્ધ થતા"
આત્મા નું નિરંતર અનુસંધાન કર્યા કરીએ છીએ.

કેટલાએક સિદ્ધો બોલ્યા કે-જે આત્મા "જગત છે અને જગત નથી" એ બંને પક્ષોના અધિષ્ઠાન-રૂપ છે-
અને સઘળા ભાવોનો તથા અભાવોનો પ્રકાશક છે-તેનું જ અમે નિરંતર અનુસંધાન કર્યા કરીએ છીએ.

કેટલાએક સિદ્ધો બોલ્યા કે-આ સઘળું બ્રહ્માંડ જેમાં છે-જેનું છે-જેને અર્થે છે-જેના થકી છે-અને જે રૂપ છે-
તે સત્ય-આત્મા નું જ અમે નિરંતર અનુસંધાન કર્યા કરીએ છીએ.

કેટલાએક સિદ્ધો બોલ્યા કે-અમારો આત્મા સઘળાં બ્રહ્માંડમાં રહેવા છતાં પણ ઉપનિષદોને પણ અગમ્ય છે,
અને નિરંતર શ્વાસોશ્વાસ ના બહાનાથી "સોહમ-સોહમ" (તે પરમાત્મા હું છું-તે પરમાત્મા હું છું)
એવો શબ્દ બોલ્યા કરે છે-તે આત્માનું જ અમે નિરંતર અનુસંધાન કરીએ છીએ.

કેટલાએક સિધ્ધો બોલ્યા કે-જે પુરુષો હૃદય-રૂપી ગુફાના સ્વામી-અંતર્યામી-દેવને છોડી દઈને બીજા દેવની પાસે જાય છે,તેઓ પોતાના હાથમાં રહેલા કૌસ્તુભમણિને છોડી દઈને બીજા રત્નની ઈચ્છા કરે છે.

કેટલાએક સિધ્ધો બોલ્યા કે-સઘળી આશાઓને છોડી દેવાથી,એવું ફળ મળે છે કે-તે ફળથી -
આશાઓ-રૂપી-ઝેરી લતાઓના મૂળની પંક્તિ (જોડાણ) જ કપાઈ જાય છે.

કેટલાએક સિધ્ધો બોલ્યા કે-જે પુરુષ,ભોગ્ય-પદાર્થોમાં અત્યંત રસ-રહિત-પણું જાણવા છતાં પણ-
તે પદાર્થોમાં પાછી વાસના બાંધે છે-તે દુર્મતિ-મનુષ્યને-મનુષ્ય નહિ પણ ગધેડો જ સમજવો.

કેટલાએક સિધ્ધો બોલ્યા કે-આ ઇન્દ્રિય-રૂપી સર્પો જેમ જેમ ઉઠતા જાય-તેમ તેમ-તેમણે વારંવાર,
વિવેક-રૂપી ધોકાથી તોડી (મારી) નાખવા જોઈએ.

કેટલાએક સિધ્ધો બોલ્યા કે-ઇન્દ્રિયો ના ઉપશમ (નિવૃત્તિ) રૂપ પવિત્ર સુખ મેળવવું જોઈએ. તે સુખથી ચિત્ત
સારી રીતે પ્રશાંત થાય છે.અને તેવા પુરુષને પરમ સુખ-રૂપ એવા પોતાના સ્વ-રૂપમાં -
અખંડ અને ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

## <u>(૯) જનકરાજા એ પોતાની સ્થિતિ નો દૃઢ વિચાર કર્યો</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,એ પ્રમાણે સિધ્ધ-લોકોએ કહેલી ગીતાઓ સાંભળીને,
જનકરાજા ને (પોતાની પરિસ્થિતિ પર -વિચાર કરવાથી) ખેદ થયો,અને
તરત જ પોતાની સાથે આવેલા સઘળા અનુચરો ને લઈને પોતાને મહેલ પાછો ફર્યો,અને અનુચરોને
તેમના ઘેર મોકલી દઈને પોતાના મહેલમાં ગયો.તેના દેહની સ્થિતિ ચંચળ થઇ હતી,
અને અત્યંત આકુળ થઈને નીચે પ્રમાણે વિલાપ કરવા લાગ્યો-

"હાય,જેમ પથરાઓમાં રહેલો પથરો -જોર જોરથી એકબીજા સાથે અથડાય છે-
તેમ-હું જગતની મહાદુઃખ-દાયી,ચપળ-દશાઓમાં જોર જોરથી અથડાયા કરું છું.
આ કાળ (સમય) તો અંત વિનાનો છે અને તેના એક અલ્પ ભાગ (કાળ ના આલ્પ ભાગ) સુધી જ
હું જીવી શકું તેમ છું,તે છતાં હું મૂર્ખતાથી જીવનમાં વિશ્વાસ રાખી બેઠો છું.માટે મને ધિક્કાર છે.
આ રાજ્ય શું મારા જીવન-પર્યંત -જ રહેવાનું છે? આ રાજ્ય શું મારા એકલા માટે જ છે? (આમ નથી)
તેમ છતાં,તેટલાથી જ સંતોષ પામીને હું મૂર્ખ ની પેઠે,ભાવિ દુઃખો સંબંધી વિચાર કર્યા વિના કેમ બેસી રહ્યો છું?

આ દેહ આરંભમાં નહોતો,કે અંતમાં પણ નહિ હોય,માત્ર મધ્યમા જ તે થોડા જીવન-વાળો દેખાય છે,
તો તેવા ખોટા દેહને સાચો સમજીને હું ધીરજ રાખીને કેમ બેઠો છું?
આ મોટા પ્રપંચ-રૂપી ઇન્દ્રજાળથી હું અત્યંત મોહ પામ્યો છું,એ બહુ ભૂંડું થયું છે.મને કોણે મોહિત કર્યો હશે?
આ સંસારમાં,જેને,સાચી (રમણીય,અખંડિત કે બનાવ્યા વગરની) કહીએ-તેવી,કોઇ પણ વસ્તુ નથી,
માટે મારી બુધ્ધિને કઈ વસ્તુમાં વિશ્રાંતિ મળે તેમ છે?

હવેથી મારે બાહ્ય પદાર્થોની વાસના જ છોડી દેવી જોઈએ.
ભોગો ભોગવવા માટે-લોકોની જે ધન આદિ -મેળવવાની જે વૃત્તિ છે-
તે પાણી ની ચકરીની જેમ ગોથાં ખવડાવનારી છે,અને પરિણામે દુઃખ આપનારી છે.
છતાં પણ હું એવી પ્રવૃત્તિ થી સુખ મળવાનો વિશ્વાસ રાખી કેમ બેઠો છું?
સુખ-મિશ્રિત દુઃખો તો કોઈક જ સમયે આવે છે-પણ એકલાં દુઃખો તો,પ્રત્યેક વર્ષે,પ્રત્યેક મહિને,
પ્રત્યેક દિવસે અને પ્રત્યેક ક્ષણે આવ્યા કરે છે.

આ રાજ્ય-આદિનું સુખ તો થોડા સમય સુધી દેખાઇને નષ્ટ થઇ જવાનું છે,
માટે તેની વાસના છોડી દઈને -જો-હું,ઇન્દ્ર-પદ (સ્વર્ગ કે સ્વર્ગ ના રાજા) આદિનાં સુખનો વિચાર કરું
તો તેવા સુખોનો પણ -વિચાર કરતાં (જેવા આત્મ-સુખથી) વિવેકી પુરુષોને વિશ્રાંતિ મળે છે-
તેવું કોઈ પણ સુખ (ત્યાં સ્વર્ગમાં પણ) જોવામાં આવતું નથી.
અરે,અભાગિયા મન,સ્વર્ગને પામેલા મોટાઈ પામેલા પુરુષો પણ એક દિવસ (પોતાનું પુણ્ય ખતમ થતાં)
નીચે પડવાના છે -તો તું આ રાજ્ય-આદિ ની તુચ્છ મોટાઈમાં કેમ ભરોસો રાખે છે?

હાય,હું રજ્જુ વિના જ બંધાયેલો છું,કાદવ વિના જ ખરડાયો છું,
અને સામાન્ય લોકો કરતાં થોડોક ઉંચો હોવા છતાં નીચે જ પડ્યો છું.કારણકે મારી સ્વ-રૂપમાં સ્થિતિ રહી નથી.
જેમ,પ્રકાશને રોકનારું કાળું વાદળું,અકસ્માત સૂર્ય આગળ પણ આવે છે,
તેમ આ મોટો "મોહ" -કે જેને હું સમજુ છું છતાં તે મારી આગળ શા માટે આવ્યો હશે?
આ મોટામોટા વૈભવોની સાથે મારે શો સંબંધ છે? આ બાંધવોની સાથે મારે શો સંબંધ છે?
આમ છતાં,જેમ બાળક -એ પોતાના કલ્પી લીધેલા પિશાચ થી જ વ્યાકુળ થઇ જાય છે
તેમ,હું પોતે પણ કલ્પી લીધેલા મમતા-રૂપ સંબંધથી વ્યાકુળ થયા કરું છું.

અરે,આ સંસારના ભોગો-કે જરા (વૃદ્ધાવસ્થા) અને મરણ ને લાવે છે તેમાં હું આસ્થા શામાટે બાંધુ છું?
આ ભોગ આદિ ની સંપત્તિ જાય તો ભલે જાય અને રહે તો ભલે રહે-પણ તેના માટે આટલો બધો આગ્રહ શાને?

આ સંપત્તિ તો પાણીના પરપોટાની જેમ ખોટી જ ઉભી થયેલી જોવામાં આવે છે,
મોટામોટા વૈભવો વાળા ચક્રવર્તી રાજાઓ -જે પહેલાં થઇ ગયા તે-પણ આજે સ્મરણ-માત્રમાં જ રહ્યા છે.
આમ હોવા છતાં,વર્તમાન સુખો નો શો ભરોસો રાખવો?

પહેલાં ના રાજાઓના તેમનાં ધન ક્યાં ગયાં? પૂર્વના બ્રહ્માઓનાં જૂનાં બ્રહ્માંડો ક્યાં ગયાં?
તો પછી હું આ મારાં ધન-વગેરેમાં વિશ્વાસ રાખું છું તે-શું મૂર્ખતા-ભર્યું જ ના કહેવાય?
લાખો ઇન્દ્રો (સ્વર્ગ ના રાજાઓ) પણ પાણીમાં રહેલા પરપોટાની પેઠે કાળમાં ગળી ગયા છે,
અને તેમ છતાં, હું જીવવા ઉપર આસ્થા બાંધી બેઠો છું,તો હું શું મહાત્મા પુરુષો માટે હાસ્ય-પાત્ર નથી?

જો કરોડો બ્રહ્માઓ મરી ગયા છે,કરોડો સૃષ્ટિઓ નષ્ટ થઇ ગઈ છે,અને કરોડો રાજાઓ ધૂળમાં મળી ગયા છે-
તો મને -આ ક્ષણિક જીવન પર શું વિશ્વાસ?
આ "સંસાર-રૂપી-રાત્રિ"માં થયેલી "દેહાદિક-પ્રતીતિ-રૂપ-સ્વપ્ન"માં જો હું આસ્થા બાંધુ તો-એ મારા અવિવેક ને
ધિક્કાર છે."આ દેહ -એ હું છું" એવી જે કલ્પના થઇ છે તે ખોટી જ છે,તે છતાં હું "અહંકાર-રૂપી-પિશાચના
વળગાડ-વાળાઓ" જેવો થઈને મૂરખની પેઠે કેમ બેઠો છું?

નિરાકાર છતાં-પણ બહુ વિસ્તાર-વાળી આ કાળ (સમય) ની ગતિથી મારું આયુષ્ય ક્ષણેક્ષણે તૂટતું રહે છે,
હાય, આ હું જોઉં છું છતાં હું શા માટે "વિચાર" કરતો નથી?
બ્રહ્મા-વિષ્ણુ-શંકરને પણ પોતાના પગની નીચે દાબી દઈ તેમને કાળ જો ખાઈ જતો હોય છે-તો-
હે, "જીવવાની આશા" !! તું શા માટે મારામાં નાચ્યા કરે છે?(મને પણ કાળ ખાઈ જવાનો જ છે!!)

મારી આટલી અવસ્થા (ઉંમર) સુધીમાં અસંખ્યાત દિવસો ગયા પણ -તે દિવસોમાં આજ સુધી -કોઈ એવો
દિવસ જોવામાં આવ્યો નથી કે જેમાં-કોઈ એકાદ પણ અવિનાશી વસ્તુ પ્રાપ્ત થઇ હોય.

જેમ,તળાવમાં સારસ-પક્ષીઓ સ્ફૂરે છે-
તેમ સર્વ લોકોના મનમાં ભોગો જ સ્ફૂરે છે-પણ આત્મ-વિચારો સ્ફૂરતા નથી.

હું આજ સુધી વિરક્ત થયો નથી,માટે કષ્ટ થી પણ અતિ કષ્ટને પ્રાપ્ત થયો છું.અને
દુઃખથી પણ અતિ દુઃખને પ્રાપ્ત થયો છું.આવા અધમ મનવાળા મને ધિક્કાર હો !
જે જે વસ્તુઓને રમણીય જાણીને મેં તેઓમાં દૃઢ ભાવના બાંધી,
તે તે સર્વ વસ્તુઓ નષ્ટ થઇ ગઈ,માટે આ સંસારમાં સારું શું છે?

મધ્યમા મનહર લાગતી જવાની,અંતમાં મનોહર લાગતો ધર્મ અને પ્રાપ્તિ સમયે મનોહર લાગતા વિષયો-
એ સઘળું વિનાશ-રૂપી ચંડાળથી દૂષિત છે-અને અપવિત્ર જ છે.
મનુષ્ય જે જે પદાર્થોમાં આસ્થા બાંધે છે-તે તે પદાર્થોમાં અત્યંત દુઃખનો જ પ્રાદુર્ભાવ થતો જોવામાં આવે છે.
આ સંસારમાં અવિવેકી મનુષ્યો-દિવસે દિવસે
અધિક પાપ વાળા,ક્રૂર અને અધિક ખેદ આપનારી દશાને પ્રાપ્ત થતા જાય છે.
મૂર્ખ મનુષ્ય બાલ્યાવસ્થા માં અજ્ઞાનથી ખરાબ થાય છે,જુવાનીમાં કામદેવથી ખરાબ થાય છે,
અને બાકીની અવસ્થામાં સ્ત્રીની ચિંતાથી ખરાબ થાય છે.
તો પછી-પોતાના ઉધ્ધારનું કંઈ સાધન કરવું એ ક્યારે બને?

આ સંસાર આરંભમાં તથા અંતમાં હોતો નથી,રસ વગરનો છે,દરિદ્રતા અને રોગો-વગેરેથી દૂષિત છે,
અને તેમાં (સંસારમાં) સાર-રૂપ સમજાયેલી,ધન-વગેરે વસ્તુઓ -ખરેખર તો સાર વિનાની જ છે -
છતાં, દુર્મતિ પુરુષ,એ સંસારને આસક્તિથી જોયા કરે છે.એ કેવું ગણાય?
રાજસૂય અને અશ્વમેધ -વગેરે સેંકડો યજ્ઞો વડે યજન કરવાથી -પણ બ્રહ્મ-લોક (સ્વર્ગ) ની પ્રાપ્તિ થી વધારે
ફળ મળે તેમ નથી,કે જે બ્રહ્મ-લોક પણ મહા-કાળના એક નાના સમયમાં જ નષ્ટ પામે છે!

પૃથ્વી,પાતાળ કે સ્વર્ગમાં એવો કયો પ્રદેશ છે કે જેમાં આપદાઓ-રૂપી ઝેરી ભ્રમરીઓ કરડી ખાય નહિ?
આધિઓ-ચિત્ત-રૂપી-રાફડામાં રહેનારા સર્પો-રૂપ છે -અને-વ્યાધિઓ શરીર-રૂપી વૃક્ષના પલ્લવો-રૂપ છે,
તેમનું નિવારણ કેમ થઇ શકે?
વિધમાન (દેખાતા) પદાર્થો ને માથે નાશ નિશ્ચિત રીતે રહેલો જ છે,પ્રિય પદાર્થોના માથે અપ્રિયતા રહી જ છે,
અને સુખો ને માથે દુઃખો રહ્યા જ છે.,તો હવે એમાં  હું કોનો આશ્રય કરું?

અજ્ઞાનથી મોહ પામેલા પામર મનુષ્યો વૃથા જ જન્મે છે,અને વૃથા જ મરે છે.
સઘળી પૃથ્વી આવા પામરોથી જ વ્યાપ્ત છે.સાચાં સાધુ-પુરુષો જોવા મળવા બહુ દુર્લભ છે.
જીવન અને જીવનમાં રહેલા જીવો -એ સર્વ -ક્ષણ-ભંગુર છે અને તેને હસી કાઢવા જ યોગ્ય છે.

જીવનમાં જો એક રમણીય પદાર્થ મળે તો પણ તેનાથી ય વધારે રમણીય પદાર્થ મળ્યા વગર રહી જાય છે,
જો એક સ્થિર પદાર્થ મળે તો તેના કરતાં ય વધારે  સ્થિર પદાર્થ મળવાનો રહી જાય છે,
માટે જે રમણીય કે સ્થિર પદાર્થ મળવાથી જે પ્રસન્નતા થાય છે તેના અંતે ચિંતા જ રહે છે.
આમ હોવાથી પદાર્થ મેળવવાની ઇચ્છા કરવી કે તે પદાર્થ મેળવીને રાજી થવાનું-એ વ્યર્થ જ છે.

જો વિચિત્ર સંપત્તિઓ મેળવીને મન રાજી થતું હોય તો પણ -હું તો એમ જ ધારું છું કે-
તે સંપત્તિઓ ઘણા કષ્ટો વેઠયા પછી મળે છે અને આવી સંપત્તિઓનું રક્ષણ કરવા છતાં-
અંતે તે અવશ્ય જતી રહે છે.માટે તે સંપત્તિઓ સાચી (સારી) નથી,પણ એક પ્રકારની મોટી આપદાઓ જ છે.

આ જગત કેવળ મનના વિલાસ-રૂપ જ છે અને સમુદ્રમાં દેખતા ચંદ્ર ના પ્રતિબિંબ ની પેઠે ચંચળ છે.
તેમાં "આ મારું છે" એ ચાર અપૂર્વ અક્ષરો શાથી પ્રાપ્ત થયા છે?
આ જગતની સ્થિતિ કાકતાલીય ન્યાય ની પેઠે અકસ્માત (સંબંધ વિના જ) બનેલી છે-
તેમાં,મન-રૂપી ધુતારાએ "આ ત્યાજ્ય છે અને આ ગ્રાહ્ય છે" એવી ભાવના ખોટી રીતે વ્યર્થ જ કરી લીધી છે.

જેમ પતંગિયું-અગ્નિની શિખાઓમાં આસક્ત થાય છે
તેમ,હું આ-દેશકાળ ના વિભાગ-વળી અને ધગધગતી "વિષય-સુખ" નામની જવાળાઓમાં આસક્ત થયો છું.
અને તેનું પરિણામ કેવું છે? તે વિષે હું વિચારતો નથી.
નિરંતર ભડ-ભડ બળતા રૌરવ-નરકના અગ્નિઓમાં લોટવું,એ કદાચ સારું,
પણ આ ઘડીવારમાં બળતરા આપનારી અને ઘડીવારમાં ઠંડક આપનારી,
સંસારની વૃત્તિઓમાં લોટવું -એ તો સારું નથી જ.
કેમકે નિરંતર થતો દુઃખ નો ભોગ,અભ્યાસ પડી જવાને લીધે સહી શકાય છે,
પણ વચમાં અભ્યાસ છૂટી જાય અને ફરીથી દુઃખ આવે તો-તે-સહન થઇ શકતું નથી.

આ સઘળો સંસાર દુઃખ-ભોગોની પરાકાષ્ઠા-રૂપ કહેવાય છે,તો તેમાં મધ્યમાં પ્રાપ્ત થયેલા દેહમાં -
સુખ તો કેમ જ મળે? જે મનુષ્ય ને ખડગ નો પ્રહાર થયો હોય (વધુ દુઃખમય સ્થિતિમાંથી પસાર થયો હોય)
તે મનુષ્ય ચાબખા ના પ્રહારને (થોડી ઓછી દુઃખમય સ્થિતિને) ખડગના પ્રહાર કરતાં મધુર માને છે-
તેવી રીતે,મોટા સ્વાભાવિક દુઃખરૂપ સંસારમાં પડેલા લોકો,ધન-વગેરેની ખટપટોનાં દુઃખ ને મધુર માની લે છે.

કાષ્ટની તથા ઢેફાંની સ્થિતિ (જડ) જેવી સ્થિતિ-વાળા દેહમાં હું ઉત્તમ-અધમ-પણાની કલ્પના કર્યા કરું છું,
તેથી હું પણ અત્યંત વિચાર-વિનાના મૂર્ખ લોકોમાં ગણાવા યોગ્ય જ થઇ ગયો છું.
આ સંસાર-રૂપી વૃક્ષ સંકલ્પો-રૂપી હજારો અંકુરો વાળું છે,શરીરો અને ભવનો આદિ-રૂપ હજારો શાખાઓ વાળું છે,સુખ-દુઃખ-રૂપી ફળો-વાળું છે,અને રાગ-દ્વેષાદિ-રૂપી અનેક પલ્લવો વાળું છે.
મન જ તેનું મોટું મૂળ છે.હું ધારું છું કે-સંકલ્પો નો ઉપશમ (નિવૃત્ત) કરીને-એ મન ને જ સુકવી નાખું,
તો આ સંસાર-રૂપી વૃક્ષ પણ સુકાઈ જ જાય.

આ મન-રૂપી વાંદરાની લીલાઓ દેખાવ-માત્રમાં જ રમણીય છે,પણ પરિણામે વિનાશ ઉપજાવનારી છે.
એમ મારા જાણવામાં આવ્યું છે.તો હવે તેમાં હું રમીશ જ નહિ.
આશાઓ-રૂપી સેંકડો પાશોમાં પરોવાયેલી અને ચડતી-પડતી દશાઓ-રૂપી -અનેક સંતાપો આપનારી
સંસારની સ્થિતિઓને મેં ભોગવી લીધી હે-હવે તો હું વિશ્રામ જ લઈશ.

"હાય,હું માર્યો ગયો,હાય,હું ખરાબ થયો,હાય,હું મરી ગયો" એવી રીતે શોક કરવાનો વખત જતો રહ્યો છે,
હવે હું ખેદ કરીશ નહિ.હવે તો હું જાગ્યો છું,અને પ્રસન્ન થયો છું.કારણકે-
આ મન-રૂપી ચોર,હવે, મારી નજરે પડ્યો છે-કે જેણે મને લાંબા કાળ સુધી હેરાન કર્યો છે-એટલે
તે મન-રૂપી ચોરને હવે હું મારી જ નાખીશ.

હું ધારું છું કે-મારા મન-રૂપી હિમ ની કણી-વિવેક-રૂપી સૂર્યના તડકાથી તરત જ પીગળી જશે
અને ફરી પાછી કદી યે જામશે નહિ.મહાત્મા સિધ્ધ-લોકોએ મને અનેક પ્રકારનાં વાક્યોથી ઉપદેશ આપ્યો-
તે બહુ સારું થયું.એથી તો હું આનંદની પ્રાપ્તિ અર્થે આત્માને અનુસર્યો છું.
મને હમણાં આત્મા-રૂપી મણિ મળ્યો છે,માટે હું બીજી તૃષ્ણાઓ ને ત્યજી દઈને,
એકાંતમાં બેસીને,સુખ થી એ મણિને (આત્માને) જ જોયા કરીશ.

જેમ શરદ-ઋતુમાં પણ મેઘ,હિમાલય પર સ્થિર રહે છે તેમ-હું પણ આ રાજ્ય-ખટપટ ની વચ્ચે પણ
(અનાસક્ત થઈને) સ્થિર રહીશ."આ દેહ હું છું,અને આ રાજ્ય તથા આ ધન -વગેરે મારું છે"
એ રીતના મારા મનમાં સ્ફુરેલા અસત્યને બળ થી અત્યંત દૂર કરી નાખીને હવે હું શાંતિ પામું છું.
હે,<u>વિવેક</u>,આ સુખ મને તારા પ્રભાવ થી જ મળ્યું છે,માટે હું તને પ્રણામ કરું છું.

**(૧૦) જનકરાજાએ કરેલો અંતિમ નિશ્ચય**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,જનકરાજા એ પ્રમાણે વિચાર કરતો હતો,ત્યારે તેની આગળ એક દ્વારપાળ આવ્યો.
અને કહેવા લાગ્યો કે-હે,મહારાજ,આપ ઉઠો અને રાજરીતી પ્રમાણે દિવસનાં કરનારાં કાર્યો કરો.
આપનું મંગલ હો.હવે આપ તરત ઉઠો,અને નિત્ય નું નિયમિત કાર્ય કરો,

હે,રામ,એ મોટા દ્વારપાળે આ પ્રમાણે વિજ્ઞપ્તિ (અરજ) કરી તેમ છતાં -જનકરાજા તો સંસારની વિચિત્ર
સ્થિતિનું (આગળ વિચારતો હતો તેવું જ કંઈક-નીચે પ્રમાણેનું) ચિંતવન જ કરી રહ્યો હતો.

"આ રાજ્યને સુખ-રૂપ માનવામાં આવે છે-પણ તે સુખ કેટલું (કેટલા સમય) રહેવાનું છે?
હવે મારે આ ક્ષણભંગુર રાજ્ય નું પ્રયોજન જ નથી.આ સઘળું માયાના આડંબર જેવું મિથ્યા છે,
મારે તો તેને છોડી દઈને વાયુ વિનાના સમુદ્રની જેમ શાંત થઇને જ રહેવું છે.
બહુ થઇ ગયા આ ભોગ-સંબંધી વિલાસો !
હું સઘળાં કાર્યો (કર્મો) ને ત્યજી દઈને કેવળ સુખમાં જ રહું.
હે ચિત્ત,તું આ ભોગોના અભ્યાસ-રૂપી દુષ્ટ સંભ્રમને છોડી દે,
એટલે જન્મ-અને જરા (વૃધ્ધાવસ્થા) આપનારું જડતારૂપી કાદવનું જળ શાંત થાય.

હવે ભોગો ભોગવવામાં નહિ પણ ભોગોનો ત્યાગ કરવામાં જ તારે (ચિતે) ચાતુરી રાખવી જોઈએ.
હે ચિત્ત,વિષયો ના અભિલાષ (આશા) અને વિષયોના ભોગ આદિ જે જે દશાઓમાં તું ઉત્સાહ ધરે છે,
તે તે દશાઓમાંથી -મોટું દુઃખ જ તારે ભોગવવું પડશે.
હે ચિત્ત,તું વારંવાર,ઘણાઘણા સંકલ્પો કરીને ભોગોના સર્વ પ્રકારોમાં ઘણા લાંબા સમયથી રહ્યું છે,
તે છતાં તને શું તૃપ્તિ થતી નથી? હવે તું એ સર્વ તુચ્છ ભોગોની ચિંતા કરવાનું બંધ કર અને
અવિનાશી તૃપ્તિ મળે તેવા આત્મા નું જ ચિંતવન કર"

જનકરાજા -એ પ્રમાણે ચિંતવન કરીને,ચૂપ જ રહ્યા પછી,ચિત્તની ચપળતા શાંત થવાને લીધે,
જાણે ચિત્રમાં આલેખાયેલો હોય તેમ નિશ્ચળ થઇને બેઠો રહ્યો હતો.
રાજાની મનની વૃત્તિને જ અનુસરવામાં કેળવાયેલો દ્વારપાળ,પણ રાજાની મોટાઇને લીધે અને ભયને લીધે ફરીવાર
કંઇ પણ બોલ્યો નહિ.પછી થોડીવાર સ્થિર રહીને જનકરાજા શાંતિ-યુક્ત મનથી પ્રાણી-જીવન
વિષે વળી આમ વિચાર કરવા લાગ્યો.

"આ સંસારમાં કઇ વસ્તુ સારી છે કે-તેને પામવા હું પ્રયત્ન કરું?અને કઈ વસ્તુ નાશ વિનાની છે કે-જેમાં હું
વિશ્વાસ બાંધું? આ જગતમાં જે જે વસ્તુ ઉત્પન્ન થઇ છે,તેમાંની કોઈ પણ નાશ વિનાની નથી,
માટે ક્રિયાઓ (કર્મો) કરવાથી કે ક્રિયાઓ છોડી દેવાથી કઈ સાચી વસ્તુ મળે તેમ છે?
આ મિથ્યા જ ઉત્પન્ન થયેલો,દેહ ક્રિયાઓ કરે તો પણ ભલે અને ના કરે તો પણ ભલે,
હું તો સર્વદા કે સ્થિતિ-વાળા શુધ્ધ ચૈતન્ય-રૂપ છું,મને ક્રિયા કરવાથી કશી હાનિ થવાની નથી અને
ક્રિયાઓ ના કરવાથી કશો લાભ થવાનો નથી.

હું નહિ મળેલી વસ્તુઓની ઈચ્છા કરવાનો નથી અને મળેલી વસ્તુઓનો ત્યાગ નહિ કરું,અને કેવળ
મારા સ્વરૂપમાં જ સ્વસ્થ-પણાથી રહીશ.મારે કર્મો કરવાથી કે નહિ કરવાથી કોઈ લાભ-હાનિ નથી.
કશું કરવાથી કે કશું નહિ કરવાથી જે વસ્તુ પ્રાપ્ત થાય છે તે દુઃખમય જ છે,અને મિથ્યા જ છે.
શાસ્ત્રથી તથા લોકાચારથી પ્રાપ્ત થયેલી ક્રિયાઓ (કર્મો) હું કરું કે ના કરું,
તો પણ મને એવી કોઈ વસ્તુની ઈચ્છા નથી કે તે વસ્તુ લેવા હું પ્રયત્ન (રૂપી-કર્મ) કરું.
માટે આ દેહ ભલે વ્યવહારના કર્મથી પ્રાપ્ત થયેલી ક્રિયાઓ (કર્મો) કર્યા કરે.

સમતા પામેલું મન-વાસનાઓથી રહિત રહે,તો પ્રારબ્ધ કર્મ વડે પ્રાપ્ત કરેલાં દેહનાં "ચલન અને અચલન"
(દેહને હલન ચલન આપી-ક્રિયા કરવી કે ના કરવી) એ બંને "ફળ" માં -તો-સરખાં જ છે.
એ બંનેમાંથી કોઈથી યે-પુણ્યનો કે પાપનો ઉદય થાય તેમ નથી.

કર્મોથી થયેલાં "ફળો" માં જે ભોક્તા-પણું થાય છે-તે મન ને લીધે જ છે.
માટે જો મન શાંત થયું હોઉં તો તે કરેલું- પણ -ના કરેલું- જ છે,અને ભોગવેલું-એ ના ભોગવેલું-જ થાય છે.
જો પુરુષને મનમાં કર્તા-ભોક્તાપણા નો અભિનિવેશ (વિચાર) હોય -
તો જ કર્મો કરતા મનુષ્યને -કર્તા-ભોક્તા-પણું પ્રાપ્ત થાય છે.

મારું મન તો "કર્તા-ભોક્તા-પણાના અતિ-આગ્રહ-રૂપી" રોગથી રહિત થયું છે.અને
મારી બુધ્ધિ આત્મ-પદના દૃઢ નિશ્ચયવાળી થઇ છે.
માટે હું પાપ-પુણ્યોનાં ફળ મળવાની "શંકા"થી થતી તમામ "અધીરતા" ને ત્યજી દઉં છું.

**<u>(૧૧) જનકરાજાએ ચિત્તને આપેલો બોધ</u>**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,તે જનકરાજાએ આ પ્રમાણે વિચાર કર્યો અને-
જેમ સૂર્ય,અભિમાનથી રહિત રહીને દિવસ કરવાને માટે જ સમુદ્રમાંથી ઉઠે છે,
તેમ,તે (જનકરાજા) અભિમાન થી રહિત રહીને જ રાજ-રીતિ થી પ્રાપ્ત થયેલી ક્રિયાઓ કરવા ત્યાંથી ઉઠયો.

એ રાજાએ,"આ મારું ઇષ્ટ છે કે આ મારું અનિષ્ટ છે" એવી કલ્પનાઓ કરાવનારી વાસનાઓને ચિત્તમાંથી
ત્યજી દીધી અને જાગ્રત અવસ્થામાં પણ સુષુપ્તિવાળા જેવો નિરાભિમાન રહીને પ્રાપ્ત થયેલી ક્રિયાઓ કરી.
પૂજ્ય લોકો રાજી રહે-એ રીતે દિવસની સઘળી ક્રિયાઓને (કર્મોને) કરીને-
એ રાજાએ એવી ને એવી જ ધ્યાન ની લીલાથી પોતે એકલાએ -તે રાત્રિ વિતાવી.

એના મનમાંથી વિષયો સંબંધી ભ્રમણ શાંત થઇ ગયું હતું.અને મનને સમાહિત કરીને તે રહ્યો હતો.
પછી તે રાત્રિ વીતી જવા આવી -તે સમયે-તેણે પોતાના ચિત્તને આ પ્રમાણે સમજાવ્યું-કે-
"હે ચંચળ ચિત્ત,આ સંસાર તારા સુખને માટે નથી,પણ દુઃખને માટે જ છે.એટલા માટે આ સંસારની ખટપટ
ત્યજી દઈને ઉપશમ (નિવૃત્તિ) ધારણ કર.ઉપશમ કરવા થી તને વિક્ષેપો વિનાનું સાચું સુખ મળશે.
જેમ તું રમત કરતાં કરતાં -સંકલ્પો ને ઉત્પન્ન કરે છે,તેમ તારી ખટપટને લીધે,સંસાર મોટો થતો જાય છે.
જેમ,પાણીના સિંચન થી વૃક્ષ,સેંકડો શાખાઓ વાળું થઇ જાય છે,તેમ તે સંસાર સેંકડો શાખાઓવાળો થાય છે.

અરે,શઠ ચિત્ત,જેમ જેમ તું ભોગોની ઈચ્છા કરતુ જાય છે-તેમ તેમ અસંખ્ય વ્યથાઓ ઉત્પન્ન થતી આવે છે.
કારણકે જન્મ-મરણ આદિ સંસારની સૃષ્ટિઓ,વાસનાઓની જાળના વિલાસથી જ થાય છે.
આથી હે,ચિત્ત, તું વિચિત્ર ચિંતાઓ ત્યજી દઈને ઉપશમ પામ.
તું વિવેક રાખીને -"આ ચપળ સંસારની સૃષ્ટિ"ને અને "ઉપશમના સુખ"ને-કાંટામાં નાખી ને તોળી જો.
પછી તને જો આ સંસારની સૃષ્ટિમાં સાર જોવામાં આવે તો-જ તેને વળગી રહેજે.

પણ,આ સંસારમાં આસ્થા રાખવી એ નિસ્સાર જ છે.એટલા માટે તેની આસ્થાને તું છોડી દે.
"આ પ્રિય છે" તેમ સમજીને કોઇ વસ્તુનું ગ્રહણ કર નહિ અને "આ અપ્રિય છે" એમ સમજીને કોઈ વસ્તુનો
ત્યાગ કર નહિ, પણ કેવળ સાક્ષીને પામવાની ઈચ્છા થી તું સ્વતંત્ર રીતે મોજ કર.

હે,ભલા,ચિત્ત,કોઇ પદાર્થ પ્રથમ ના હોય અને પાછળથી તને મળે-કે કોઇ પદાર્થ પ્રથમ મળ્યો હોય અને પાછળથી
જતો રહે-તો એના ગુણ-દોષોથી -તારે કોઇ જાતની હર્ષ-શોક ની વિષમતા ધરવી નહિ,

તારેદૃશ્ય વસ્તુ સાથે લેશમાત્ર સંબંધ નથી-કારણકે તે દૃશ્ય વસ્તુ મુદ્દલે છે જ નહિ.
જે વસ્તુ મુદ્દલે ના હોય-તેની સાથે વળી સંબંધ કેવો હોય ?
તું પણ મિથ્યા છે અને દૃશ્ય વસ્તુ (સંસાર) પણ મિથ્યા છે,માટે તારે અને દૃશ્યવસ્તુને સંબંધ છે જ નહિ.

હે,ચિત્ત,કદાચ દૃશ્ય વસ્તુ મિથ્યા હોય અને તું સાચું હોય,તો પણ તારે અને દૃશ્ય વસ્તુને સંબંધ ઘટતો નથી.
કારણકે સાચાને અને ખોટાને સંબંધ કેમ ઘટે?શું મુએલાને અને જીવતાને સંબંધ હોય? તે તું જ કહે.
હે ચિત્ત,કદાચ તું સર્વદા હોય અને દૃશ્ય વસ્તુ પણ સર્વદા હોય,તો-કદી પણ ઇષ્ટ વસ્તુનો વિયોગ થવો ઘટતો નથી
(બંને સર્વદા હોય તો બંને વચ્ચે વિયોગ કેમ થઇ શકે?) માટે હર્ષ-શોક નો અવકાશજ ક્યાં છે?
(પણ સત્યમાં -તો-વિયોગ થાય છે અને તેથી હર્ષ-શોક પણ ઉત્પન્ન થાય છે-માટે બંને સર્વદા નથી જ)

આથી હે,ચિત્ત,તું વિષયોના ચિંતવન-રૂપી મોટી ચિંતાઓને છોડી દે અને મૌન રહીને સ્વરૂપમાં સ્થિતિ કરવાનો જ
ઉત્સાહ ધારણ કર.આ વિક્ષેપ-રૂપી સમુદ્રમાં પડીને હલકડોલક થવારૂપી ભૂંડી સ્થિતિ ને તું છોડી દે.
હે,સમજુ ચિત્ત,તું રમતને માટે કરેલા દારુના દડાની જેમ સળગીને,પોતાની મેળે જ -નિરર્થક ઉછળ્યા કરે છે,
તો હવે તેમ કરવું છોડી દે.તું મોહ-રૂપી-મેલ ને પ્રાપ્ત થઈને અભાગિયું થા નહિ.

હે,શઠ મન,આ દૃશ્ય વર્ગમાં કોઇ પણ એવી સર્વોત્તમ વસ્તુ નથી કે તે મળવાથી તને અત્યંત પરિપૂર્ણતા મળે.
આથી વૈરાગ્ય-આદિના બળથી ઘણી ધીરજ રાખીને અને પરબ્રહ્મનો આશ્રય કરીને -તું તારી ચંચળતા ને ત્યજી દે.

## (૧૨) જનકરાજા ની સ્થિતિ-અને-વિચાર તથા બુદ્ધિનું માહાત્મય

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આ રીતે વિચાર કરતો જનકરાજા પોતાના રાજ્યમાં સઘળાં કાર્યો કરવા લાગ્યો.
અને 'ધીરતા'ને લીધે આગળ (અગાઉ) ની પેઠે,'મોહ' પામવા લાગ્યો નહિ.
એનું 'મન' વિષયોના આનંદમાં ઉલ્લાસ પામવા ના લાગ્યું,
પણ સુષુપ્તિમાં રહેલાં (જીવો) ની જેમ વિક્ષેપથી રહિત જ રહેવા લાગ્યું.
ત્યારથી માંડીને તે રાજા,'દૃશ્યનું ગ્રહણ' પણ ન કરવા લાગ્યો કે 'દૃશ્યનો ત્યાગ' પણ ન કરવા લાગ્યો,
પરંતુ,કેવળ નિઃશંકપણાથી 'વર્તમાનમાં જ સંતોષ' માનીને રહેવા લાગ્યો.

તે સદા આત્મ-વિચારમાં રહેતો હતો.અને જેમ,આકાશને ધૂળ-રૂપ કલંક લાગતું નથી,
તેમ,તેના મન ને અનાદિકાળથી ચાલી આવેલી-અહંતા-મમતા-રૂપી મલિનતા લાગતી નહોતી.
એ પ્રમાણે પોતાના "સ્વ-રૂપના વિવેક" નું અનુસંધાન કરવાને લીધે-
તે રાજાનું "અખંડ-બ્રહ્માકાર-યથાર્થ-જ્ઞાન" નિર્મળ થયું.

જેમ, આકાશમાં નિર્મળ સૂર્ય ઉદય પામે છે તેમ,જનકરાજાના હૃદયમાં પ્રબોધ (જ્ઞાન) ઉદય પામ્યો.
"બ્રહ્માકાર મન"થી રહેતો અને "સર્વ પદાર્થો ના મૂળ તત્વ" ને જાણતો-એ રાજા,
સઘળા પદાર્થોને-આત્મા માં જ રહેલા-અને આત્માથી અભિન્ન  જ જોવા લાગ્યો.

"સઘળો વ્યવહાર માયાનું જ સ્વરૂપ છે,અને તેમ હોવાથી આત્માને તેની સાથે કોઇ સંબંધ નથી"
એમ સમજવાથી તે રાજાનું મન "સમતા"માં જ રહ્યું હતું.તે કોઇ પણ પ્રસંગમાં પ્રસન્ન થતો નહોતો કે
કોઇ પણ પ્રસંગમાં ખેદ પામતો નહોતો.સૌને માન દેનારો અને જગતના પરમ-તત્વને જાણતો -
એ જ્ઞાની જનકરાજા  ત્યારથી જ -જીવન-મુક્ત -થયો છે.

તે રાજ્યના સર્વ મનુષ્યોને -પોતાના પ્રાણ જેવો વહાલો-એ જનકરાજા વિદેહ દેશનું રાજ્ય કરે છે,
તેમ છતાં પણ-દેહાભિમાન ને આધીન થઈને
--તે કોઈ પણ સમયે -હર્ષથી કે શોક થી વિહ્વળ થતો નથી,
--તે કશું અવળું થવાથી દુઃખ પામતો નથી કે-કશું સવળું થવાથી પ્રફુલ્લિત (સુખ) પામતો નથી.
--રાજયમાં કોઇ અનર્થ થતા તે કચવાતો નથી કે અર્થો પ્રાપ્ત થતાં રાજી થતો નથી.

એ રાજા સઘળા વ્યવહારોને કરવા છતાં પણ કોઈ સ્થળે કંઇ પણ (વ્યવહાર-કે કર્મ) કરતો નથી,
પરંતુ,સર્વદા કેવળ ચૈતન્ય ની અંદર જ રહ્યા કરે છે.
જેમ સુષુપ્તિ અવસ્થામાં રહેલા મનુષ્યને-સઘળા પદાર્થોમાંથી ભાવનાઓ સર્વદા નિવૃત્ત થયેલી હોય છે,
તેમ જનકરાજાને સઘળા પદાર્થોમાંથી વાસનાઓ સર્વથા નિવૃત્ત થયેલી છે.
એ રાજા ભવિષ્ય ની ચિંતા કરતો નથી અને ગઈ વાતનું (ભૂતકાળનું) અનુસંધાન કરતો નથી,
પણ કેવળ.વર્તમાનકાળના વિષયને મનથી હસતો હસતો અનુસરે છે.

હે,રામ,<u>બીજા કોઇ પ્રકાર (ગુરૂ કે શાસ્ત્ર નું સેવન -વગેરે) થી નહિ.</u>
<u>પણ, માત્ર,પોતાના "વિચાર" ને લીધે જ -તે જનકરાજાને બ્રહ્મવિદ્યા સંપૂર્ણ રીતે પ્રાપ્ત થઇ છે.</u>

માટે જ્યાં સુધી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત ના થાય -
ત્યાં સુધી પોતાના મનથી જ (તે બ્રહ્મવિદ્યા સંબંધી) "વિચાર" કર્યા કરવો જોઇએ.
કારણકે સજ્જનના સમાગમથી -ઉદય પામેલા <u>"વિચાર" -વડે સ્વચ્છ થયેલા હ્રદયથી</u>
<u>-જેવું બ્રહ્મવિદ્યાનું ફળ તરત મળે છે -તેવું (તરત) ફળ શાસ્ત્રાર્થથી કે ગુરુથી પણ મળતું નથી.</u>

(નોંધ-આગળ ૭-મા પ્રકરણમાં નીચે મુજબ જે આવી ગયું હતું-તેમાંના બીજા ક્રમનો જવાબ અહીં પૂરો થાય છે.
આ સંસારની મોટી ગરબડમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓને (જ્ઞાનથી) મોક્ષ આપે તેવા -બે -જ ઉત્તમ ક્રમ છે.
<u>પહેલો ક્રમ</u> એ છે કે-
ગુરુના કહ્યા પ્રમાણે ચાલવાથી (કરવાથી) ધીરે ધીરે -એક જન્મમાં કે ઘણા જન્મોથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.
<u>બીજો ક્રમ</u> એ છે કે-
પોતાના "વિચાર" થી જ કંઇક વ્યુત્પન્ન (નિષ્ણાત કે પ્રવીણ) થયેલા ચિત્ત-વાળાઓને -
અમુક કાળે -આકાશમાંથી પડેલા ફળ ની પ્રાપ્તિ ની જેમ અચાનક જ જ્ઞાનની પ્રાપ્તિ થઇ જાય છે)

હે રામ,આમ 'વિચાર'થી તીક્ષ્ણ થયેલી 'સુબુદ્ધિ'થી જ -બ્રહ્મ-પદ મળે છે.બીજી કોઇ ક્રિયાથી નહિ.
જે,પુરુષની પાસે,તીક્ષ્ણ અને પૂર્વાપરનો વિચાર કરવામાં સમર્થતાવાળી,
"સુબુદ્ધિ-રુપી-દીવાની જ્યોત" હોય છે તેને 'અજ્ઞાન-રૂપી અંધકાર' નડતો જ નથી.

આપદાઓ-રૂપી અને પાર કરવામાં અશક્ય હોય તેવા સમુદ્રમાં પણ -
બુદ્ધિમાન પુરુષ "સુબુદ્ધિ-રૂપી-નૌકા" થી તેને પાર કરવામાં સમર્થ બને છે,
જયારે-બુદ્ધિ વિનાના મૂઢ મનુષ્યને -નાની આપદાઓ પણ કંપાયમાન કરી નાખે છે.
બુદ્ધિમાન પુરુષ -સહાય વિનાનો,શસ્ત્ર વિનાનો-હોય તો પણ કાર્યના છેડાને પહોંચે છે,જ્યાંરે,
મૂર્ખ મનુષ્ય- સહાય આદિની સંપત્તિથી છેડાને પહોંચીને પણ પાછો ભ્રષ્ટ થાય છે.

આમ,બ્રહ્મવિદ્યા ના ફળની પ્રાપ્તિ માટે,પ્રથમ શાસ્ત્રોના-સજ્જનોના સંગથી 'બુદ્ધિ'ને વધારવી જોઇએ.
બાહ્ય (ધન વગેરે ભોગોના) પદાર્થો ને મેળવવામાં જેવો પ્રયત્ન કરવામાં આવે છે -
તેવો જ પ્રયત્ન પ્રથમ બુદ્ધિને વધારવામાં કરવો જોઇએ.
બુદ્ધિ નું મંદ-પણું,એ સઘળા દુઃખો ની પરાકાષ્ઠારૂપ છે,આપદાઓ ના મોટા ખજાના-રૂપ છે,અને

સંસારો-રૂપી વૃક્ષોના બીજ-રૂપ છે-માટે,તેનો વિનાશ કરવો જ જોઈએ.
પૃથ્વી,પાતાળ કે સ્વર્ગના રાજ્ય થી જે સુખ મળે છે તેવું સુખ મહાત્મા-પુરુષને બુધ્ધિ-રૂપી ખજાના માંથી મળે છે.

હે,રામ,સંસાર-રૂપી ભયાનક સમુદ્રમાંથી-
દાન કરવાથી,તપ કરવાથી કે તીર્થો કરવાથી પાર ઉતરાતું નથી,પણ,બુધ્ધિ વડે જ પાર ઉતરાય છે.
કેટલાએક પૃથ્વીમાં ફરનારા મનુષ્યો પણ-જો- દેવતાઓની સંપત્તિ ને પામ્યા છે-
તો તે સઘળું તેમને "બુધ્ધિ-રૂપી-લતાના ફળ"થી મળ્યું છે-એમ જ સમજવું.

જેમ,જે સિંહો,મોટામોટા મદોન્મત હાથીઓને પણ પોતાના નખથી ફાડી નાખે છે-
તેમને શિયાળવાં (શિયાળ-કે જેને ચતુર માનવામાં આવે છે-તે) પોતાની બુધ્ધિ થી જ જીતી લે છે,
તેમ સામાન્ય મનુષ્યો પણ બુધ્ધિના પ્રભાવથી,રાજાઓની પદવી મેળવે છે.

બુધ્ધિમાન પુરુષને જ સ્વર્ગની તથા મોક્ષની પણ યોગ્યતા પ્રાપ્ત થયેલી જોવામાં આવે છે.
વિવેકી પુરુષને હ્રદય-રૂપી-ભંડાર માં બુધ્ધિ-રૂપી-ચિંતામણિ,ઇચ્છેલું ફળ આપે છે.
જેમ,(બુધ્ધિની ચાતુરીથી) વહાણની યોજના કરી જાણનારો વહાણ વાળો મનુષ્ય સમુદ્રના પારને પામે છે પણ,
જે મનુષ્યને ની પાસે વહાણ હોવા છતાં યોજના કરી જાણતો ના હોય તે-સમુદ્ર ને પાર પામતો નથી,
તેમ,બુધ્ધિ થી યોજના કરી જાણનારો પુરુષ બુધ્ધિથી જ સંસારના પાર ને પહોંચે છે,
પણ મૂર્ખ મનુષ્ય-પોતાની પાસે બુધ્ધિ હોવા છતાં યોજના કરી જાણતો નથી,
તેથી તે સંસારના પારને પહોંચતો નથી.

જેમ સમુદ્રમાં ભમતું વહાણ યોગ્ય રસ્તે યોજવામાં આવે તો તે પાર ઉતારે છે,
અને અયોગ્ય રસ્તે યોજવામાં આવે તો-ડુબાડી દે છે,
તેમ,સંસારમાં ભમતી બુધ્ધિને જો વિવેક અને વૈરાગ્ય આદિ-રૂપ યોગ્ય માર્ગે યોજવામાં આવે તો-
સંસારને પાર પમાડે છે -પણ જો- રાગ-દ્વેષ-વગેરે અયોગ્ય માર્ગે યોજવામાં આવે તો સંસારમાં ડૂબાડી દે છે.

જેમ,કવચ-વાળા મનુષ્યને શસ્ત્રો અડચણ કરી શકતાં નથી,
તેમ 'મોહ' વિનાના વિવેકી પુરુષને
'આશા'ઓના સમૂહોમાંથી ઉઠનારા 'રાગ-દ્વેષાદિક દોષો' અડચણ કરી શકતા નથી.
હે,રામ,જેને,પોતાની બુધ્ધિથી આ સઘળું જગત બ્રહ્મ-સ્વ-રૂપ જ જોવામાં આવે છે
તેને 'વિપત્તિઓ થી ખેદ' - કે- 'સંપત્તિઓથી આનંદ' પ્રાપ્ત થતો નથી જ.

અહંકાર-રૂપી-કાળો-પ્રચંડ-મેઘ, એ આત્મા-રૂપી-સૂર્યને ઢાંકી દેનારો છે,જડ સ્વભાવ-વાળો છે અને વિસ્તીર્ણ છે,
પણ તે 'અહંકાર'ને 'બુધ્ધિ-રૂપી-વાયુ' ઉડાવી દે છે.(એટલેકે-બુધ્ધિ થી અહંકાર દૂર થાય છે)
જેમ,ફળને ઈચ્છતો ખેડૂત સૌ પ્રથમ ખેડ કરીને પૃથ્વી ને જ સારી કરે છે,
તેમ <u>સર્વોત્તમ બ્રહ્મ-પદ ને પામવાને ઈચ્છતા પુરુષે</u>
<u>સૌથી પ્રથમ 'વિવેક' શીખીને -'બુધ્ધિ' ને જ નિર્મળ કરવી જોઈએ.(બુધ્ધિને સુબુધ્ધિ બનાવવી જોઈએ)</u>

## <u>(૧૩) ચિત્તને શાંત કરવાના ઉપાયો</u>

વસિષ્ઠ કહે છે કે- હે,રામ,જેમ જનકરાજા પોતાથી જ પોતાના આત્મા નો "વિચાર" કરીને નિર્વિઘ્ન રીતે
બ્રહ્મવેત્તા ની પદવીને પામ્યા છે,તેમ તમે પણ જો,પોતાથી જ પોતાના આત્મા નો વિચાર કરશો -
તો-તમે પણ નિર્વિઘ્ન રીતે બ્રહ્મવેત્તા ની પદવી પામશો.
જેઓ છેલ્લા જન્મ-વાળા રાજસ-સાત્વિક જાતિવાળા સમજુ (વિચારશીલ) પુરુષો હોય છે ,

તેઓ જનકરાજા ની જેમ પોતાની મેળે જ (બીજા કોઈની સહાય વિના જ) પરબ્રહ્મ ને પ્રાપ્ત થાય છે.

આમ, ઇન્દ્રિયો નામના શત્રુઓને ત્યાં સુધી વારંવાર જીત્યા જ કરવા જોઈએ કે --
જ્યાં સુધી આ આત્મા પોતાની મેળે જ પોતાના સ્વ-રૂપમાં નિર્મળ થઈને રહે.
અને જયારે સર્વ ઇન્દ્રિયો નો નિયંતા અને સર્વ-વ્યાપક આત્મા (પરમાત્મા) પોતાથી જ જોવામાં આવે છે
ત્યારે,સઘળાં દુઃખોના દેખાવો નાશ પામે છે.
અહંતા-મમતા (આસક્તિ) થી જ મોહ ઉપજે છે,કે પણ જયારે આત્માનું દર્શન થાય છે ત્યારે મોહ નાશ પામે છે.

હે,રામ, તમે વિવેકવાળી બુદ્ધિથી જનકરાજાની જેમ,પોતાના આત્મા ને (સર્વના અધિષ્ઠાન-રૂપ) બ્રહ્મ-જાણીને -
અને તે આત્માને સાક્ષાત અનુભવીને-સર્વોત્તમ પરમ 'પુરુષાર્થ-રૂપી-લક્ષ્મી'-વાળા થાઓ.
જે પુરુષ મનમાં નિત્ય આત્મ-વિચાર કર્યા કરતો હોય,અને જગતને 'અનિત્ય અને ભ્રમણ કરવાના
સ્વભાવવાળું' જોયા કરતો હોય,તેનું ચિત્ત (જનકરાજાની જેમ) પોતાની મેળે જ સ્વચ્છ થઇ જાય છે.

સંસારથી ભય પામેલા લોકોને માટે-તે ભય થી રક્ષણ માટે (ઉપર મુજબ) પ્રયત્ન કર્યા વિના બીજો કોઈ
ઉપાય નથી.તેમના માટે-દેવ,કર્મો,ધન,કે બાંધવો-એ કોઈ પણ સંસારના ભયથી રક્ષક થાય તેમ નથી.
જેઓ પ્રયત્ન કરવામાં તથા વિવેક આદિનું સંપાદન કરવામાં કેવળ દૈવ (નસીબ) પર જ આધાર રાખે છે,
અને જેઓ "દૈવ પ્રતિકૂળ હશે તો લાખો પ્રયત્ન કરવાથી પણ શું વળવાનું છે?" જેવી દુષ્ટ કલ્પનાઓ
કર્યા કરે છે (અને પ્રયત્ન કરતા નથી) તેમની એ વિનાશ આપનારી અભાગણી બુદ્ધિને અનુસરવું જોઈએ નહિ.

હે,રામ,પરમ વિવેક નો આશ્રય લઈને,પોતાથી પોતાને જ જોઈને,
વૈરાગ્ય થી સંપન્ન થયેલી બુદ્ધિ વડે,સંસાર-રૂપી સમુદ્ર ને તરી જવો જોઈએ.
હે,રામ, આમ જ્ઞાન ની પ્રાપ્તિ જ સુખ આપનારી છે અને અજ્ઞાન-રૂપી વૃક્ષ ને કાપી નાખનારી છે,
અને આ જ્ઞાનની પ્રાપ્તિ અચાનક જ આકાશમાંથી પડેલા ફળ ની જેમ થઇ જાય છે-
કે જેને- વિષે,મેં તમને -ઉદાહરણ-રૂપે જનકરાજા ની આખ્યાયિકા કહી.

જે પુરુષ જનકરાજાની જેમ સારી બુદ્ધિ-વાળો હોય અને પોતાની મેળે જ વિચાર કરવાવાળો હોય,
તેના હૃદયમાં રહેલો,આત્મા પોતાની મેળે જ પ્રકાશિત થાય છે.
"વિચાર" થી અહંતા-મમતા હરાઈ જાય છે.અને વિચિત્ર પ્રકારની -જે સંસાર ની કલ્પના છે-તે નષ્ટ થઇ જાય છે.
"આ દેહ હું જ છું" એવી ખોટી સમજણ-રૂપી રાત્રિનો નાશ થાય છે.
ત્યારે સર્વ-વ્યાપક અને મોટા વિસ્તાર-વાળો "સ્વ-રૂપ-રૂપી-સૂર્ય"નો પ્રકાશ,પોતાની મેળે જ પ્રવર્તે છે.

હે,રામ,જનકરાજાએ 'મનમાં વિચાર' કરીને,"અહંકારની વાસના"ને ત્યજી દીધી-તેમ તમે પણ
મનમાં વિચાર કરીને (બુદ્ધિમાંથી) અહંકારની વાસનાને ત્યજી દો.
અહંકાર-રૂપી વાદળાંનો જયારે નાશ થાય છે-ત્યારે,નિર્મળ થયેલા "વિસ્તીર્ણ-ચૈતન્ય-રૂપી-આકાશ" માં
"સ્વ-રૂપ-દર્શન-રૂપી સૂર્ય" અત્યંત પ્રકાશે છે.

"જે દેહ છે તે જ હું છું" એવી જે ભાવના કરવી -એ જ મોટું અંધારું છે,
એને શાંત કરવામાં આવે ત્યારે-જ-આત્મ-સ્વ-રૂપ નો પ્રકાશ થાય છે.
"અહંતાના વિષય-રૂપ 'દેહાદિક' પણ નથી અને મમતા ના વિષય-રૂપ 'સ્ત્રી-પુત્રાદિક' પણ નથી,
પણ એમનો જે સાક્ષી છે,તે નથી તેવું પણ નથી"
એવી ભાવનાથી જયારે "મન" પ્રશાંત થાય છે,ત્યાર પછી તે "વિષયો" માં ગળકા ખાતું નથી.

હે,રામ,મનને "ગ્રાહ્ય સમજાયેલા પદાર્થો"માં જે "અત્યંત-રાગ" છે -અને-
મન ને "ત્યાજ્ય-સમજાયેલા-પદાર્થો"માં જે "અત્યંત-દ્વેષ" છે-તે જ બંધન છે-બીજું કોઇ બંધન નથી.

માટે,તમે ત્યાજ્ય પદાર્થો ઉપર "દ્વેષ" રાખો નહિ,અને ગ્રાહ્ય પદાર્થો પર "રાગ" રાખો નહિ.
પણ તે બંને ને ત્યજીને તમે "આત્મા" માં જ રહો.અને વિક્ષેપ-રૂપી મેલથી રહિત થાઓ.
જેમની "આ ગ્રાહ્ય છે અને આ ત્યાજ્ય છે" એવી "ભેદ-બુધ્ધિ "નષ્ટ થઇ હોય છે,
તેઓ કોઈ વસ્તુને ઈચ્છતા પણ નથી,અને કોઇ વસ્તુને ત્યજી પણ દેતા નથી.
જ્યાં સુધી આ "ભેદ-બુધ્ધિની આ કલ્પના"ઓ ક્ષીણ ના થાય ત્યાં સુધી 'સમતા' (બ્રહ્માત્મક પણું) પ્રકાશતી નથી.

"આ વસ્તુ અનુકૂળ છે માટે મળે તો ઠીક અને આ વસ્તુ પ્રતિકૂળ છે -માટે મને કદી પણ પ્રાપ્ત ના થાય તો ઠીક"
એવી રીતની જેનામાં દ્વેષ-બુધ્ધિ છે તે પુરુષમાં વૈરાગ્યથી પ્રકાશ પામનારી સમતા અને સ્વછતા ક્યાંથી હોય?

"આનંદ-રસ બ્રહ્મ-તત્વ એક જ છે,તેનાથી કોઇ પદાર્થો ભિન્ન નથી" એમ વિચારવામાં આવે-
તો સઘળા પદાર્થો પોતાનું જ સ્વરૂપ હોવાથી -આ પદાર્થ એ "અનુકૂળ" જ છે-તેમાં કંઈ પણ અયોગ્ય નથી.
પણ -હવે જો તે પદાર્થોને (આત્માથી) ભિન્ન ગણવા (વિચારવા) માં આવે તો-પણ
"આત્મા અસંગ છે" અને તેથી કોઇ પણ પદાર્થ નો તેને સ્પર્શ નથી.
એટલે (તેથી) અહીં-કોઇ પદાર્થ અનુકૂળ પણ ઠરતો નથી કે પ્રતિકૂળ પણ ઠરતો નથી,તો પછી-
(તે પદાર્થમાં) યોગ્ય-કે-અયોગ્ય-પણું તો ક્યાંથી હોઈ શકે?

"ચિત્ત-રૂપી-ઝાડ" માં જ્યાં સુધી- ઇષ્ટની આશંકા-રૂપી અને અનિષ્ટ ની આશંકા-રૂપી -
બે ચંચળ વાંદરીઓ કુધા કરતી હોય-તો તે ચિત્-રૂપી-ઝાડ,કંપાયમાન થયા વિના રહે જ કેવી રીતે?
જે મનુષ્યમાં ત્યાજ્ય-પણા અને ગ્રાહ્યપણા ની "ભેદ-બુધ્ધિ" ટળી હોય,
તે વિચક્ષણ મનુષ્યમાં, આશાઓથી રહિતપણું-ભયથી રહિતપણું-સ્થિરપણું-સમપણું-જ્ઞાનીપણું-મનની
ચંચળતાથી રહિતપણું-શરીર ની ક્રિયાઓમાં કર્તા-પણા નો અભાવ-ધીરજ-સર્વ સાથે મિત્રભાવ-
મનન કરવાપણું-સંતોષ-કોમળપણું- અને કોમળ બોલવાપણું-એટલા "ગુણો" અવશ્ય રહે છે.
જો કે-આમ,તે "ગુણો" તેનામાં રહે છે છતાં,પણ તેના ચિત્તમાં તે (ગુણો) ની વાસના બંધાઈ જતી નથી.

જેમ, નીચા પ્રદેશમાં વહ્યા જતા પાણીને,પાળ બનાવીને રોકવામાં આવે છે-
તેમ,વિષયોમાં દોડતા "મન" (ચિત્ત) ને પ્રત્યાહારથી (પરાવર્તન કરીને) બળાત્કારે રોકી લેવું,
અને બાહ્ય વિષયોમાં થતા "અભિમાન" નો ત્યાગ કરવો.
તથા, તે પછી,મન ની અંદર સ્ફૂરતી-તે વિષયો ની "વાસનાઓ" ને ત્યજી દેવી.

ઉભા રહેતાં,ચાલતાં,સૂતાં,અને શ્વાસ લેતાં તથા સર્વકાળમાં -તે વિષયોના મિથ્યાપણા નો વિચાર કર્યા કરવો-
એ "ચિત્તની અંદર સ્ફૂરતી-વિષયો ની વાસનાઓ" છોડી દેવાનો "ઉપાય" છે.
જેમ,વિસ્તીર્ણ આકાશમાં,કોઇ સમયસર થયેલા વંટોળિયાથી વાદળાં કપાઈ જાય છે-
તેમ,અતિ વિસ્તીર્ણ બ્રહ્મપદમાં કોઇ,સમયસર પ્રવર્તવા લાગેલી બુધ્ધિ થી વાસનાઓ કપાઇ જાય છે.

હે,રામ,આ સંસારરૂપી વૃક્ષ નું અજ્ઞાન-રૂપી મૂળ, હજારો "દોષો-રૂપી-અંકુરો"ને ઉત્પન્ન થવાના સ્થાનક-રૂપ છે,
તે અજ્ઞાનને બ્રહ્મભાવમાં "સ્થિરતા રાખવા-રૂપી ધીરજ" થી સમર્થ થયેલી "બુધ્ધિ" વડે કાપી નાખો.

મન થી જ (બુધ્ધિમાં) થયેલા "વિવેક" વડે -મન ને જ કાપી,તરત જ પવિત્ર પદને પ્રાપ્ત થાઓ.
મનથી થયેલા વિવેક થી,મન ની ભૂતકાળની વૃત્તિઓને કાપી નાખો,
"ભવિષ્ય નું ચિંતન કરવા ના ત્યાગ થી" મનની વર્તમાનકાળની વૃત્તિઓને કાપી નાખો,અને,

વાસનાઓના ઉચ્છેદથી મન ની <u>ભવિષ્યકાળની વૃત્તિઓને</u> કાપી નાખો-
એટલે તમારો સંસાર જ કપાઇ જશે.

'સંસારનું વિસ્મરણ' કરવામાં આવે તો-'મોહ' ફરીવાર અંકુરિત થતો નથી,અને-
'ચિત્ત (મન) નું વિસ્મરણ' કરવામાં આવે તો-'સંસાર' ફરીવાર અંકુરિત થતો નથી.
માટે,હે,રામ,ઉભા રહેતાં,ચાલતાં,સૂતાં,જાગતાં,ઉંચે જતાં કે નીચે પડતાં-પણ તમે "આ સંસાર અનિત્ય જ છે"
એવો નિશ્ચય કરીને,'જગતની સત્યતાના વિશ્વાસ' નો ત્યાગ કરો.
હે,રાઘવ,એ પ્રમાણે સંપૂર્ણ રીતે "સમાન બુદ્ધિ" નો આશ્રય કરીને-તમે ઉપસ્થિત થયેલાં કાર્યો કરો,અને.
અપ્રાપ્ત કાર્યોની ચિંતા નહિ કરતાં-આ સંસારમાં વિચરો.

જેમ,પૃથ્વી-વગેરે આઠ મૂર્તિઓ-વાળા-કહેવાતા-સદાશિવ-ચૈતન્ય-રૂપે તો એકે ય મૂર્તિ ધારણ કરતા નથી,
પણ અધિષ્ઠાન-રૂપે સઘળી મૂર્તિઓને ધારણ કરે છે-
તેમ,"સ્વરૂપ" થી તમે એકે ય કાર્ય કરો નહિ,અને "સામીપ્ય-માત્ર" થી સઘળાં કાર્ય કરો.

તમે જ વાસ્તવિક "સત્ય" છો,અજન્મા છે,આત્મા છો અને "મહેશ્વર" છો,
તમે પોતાના "સ્વ-રૂપ" થી ભ્રષ્ટ થયા વિના જ પોતાની ભૂલથી આવડા મોટા જગતને વિસ્તારી દીધું છે.
જે તત્વવેત્તા પુરુષ સર્વ દ્રશ્યો (જગત) માં આત્મા-પણાની જ ભાવના રાખે છે,
અને અન્ય-પણાની ભાવના છોડી દે છે-તેને હર્ષ-ક્રોધ તથા ખેદથી થતા વિકારો વળગતા નથી.

જે પુરુષ,રાગ-દ્વેષથી રહિત હોય,માટી-પથ્થર અને સોનાને સમાન ગણતો હોય,અને
સંસારની વાસનાઓથી રહિત હોય-તે પુરુષ "યુક્ત-યોગી" કહેવાય છે.
એ પુરુષ કંઇ કરે-કંઇ ભોગવે-કંઇ આપે કે કોઇને મારી નાખે-તો પણ તેની બુદ્ધિ તે કાર્યોમાં અભિમાન વિનાની
હોય છે-એટલા માટે તે પુરુષ ને સુખ-દુઃખમાં "સમતા" જ રહે છે.
<u>"આ સારું છે-આ નરસું છે-આ પ્રિય છે અને આ અપ્રિય છે" એવી ભાવનાઓને ત્યજીને જે પુરુષ-</u>
<u>"પ્રાપ્ત થયેલું કાર્ય કરવું" એટલી જ સમજણ થી-કાર્યોમાં પ્રવર્તે છે-તે પુરુષ-ક્યાંય "આસક્ત" થતો નથી.</u>

હે,મહાબુદ્ધિમાન રામ,મન જો "સઘળું ચૈતન્ય-માત્રની સત્તા માત્ર છે"એવો નિશ્ચય રાખીને-
ભોગોના ચિંતવન નો ત્યાગ કરે તો "શાંતિ" પામે છે.

જેમ,વનમાં માંસ ને નહિ મેળવી શકતો,બિલાડો,પોતાના જીવનને માટે અને પોતાનાં બચ્ચાંઓના પોષણને
માટે,માંસ ની લાલચ થી સિંહ ને અનુસરે છે (સિંહે કરેલા શિકાર નો ઉપભોગ કરે છે)
તેમ,મન પોતે પણ સાક્ષી-ચૈતન્ય ના અનુગ્રહ વિના સિધ્ધ થઇ શકતું નથી,તથા જગતને પણ સિધ્ધ કરી શકતું
નથી.એથી-તે મન,ચૈતન્ય ની "શક્તિ" થી મળેલા "જગત"નો ઉપભોગ કરે છે,
(એટલે) આમ,મન એ મિથ્યાભૂત જ છે એમ સિધ્ધ થાય છે.

એ મન ચૈતન્ય ના અનુગ્રહ થી જીવે છે,
તથા ચૈતન્યના અનુગ્રહથી ચૈતન્યમાં જ જગતની ભાવના કરીને,પોતે જ જગત-રૂપ થાય છે.
અને તે જ મન,જો પાછું જો "પોતાના સ્વ-રૂપ ના સ્મરણ" ને પ્રાપ્ત થાય તો -
મન-પણાને છોડીને-"ચૈતન્ય-પણા"ને પ્રાપ્ત થાય છે.

મન,એ ચૈતન્ય-રૂપી પ્રકાશ વિના અને ચૈતન્ય-રૂપી બળ (શક્તિ) વિના-શબ જેવું જડ જ છે.
તે ચૈતન્ય ના અનુગ્રહ વિના ગતિ કેમ કરીને કરી શકે?

ચૈતન્ય ના "સ્વ-ભાવ" ને લીધે જ -ચૈતન્ય માં ચલન થયાની જે ખોટી 'કલ્પના' થાય છે-તે જ 'મન' છે.
અને તે 'મન-રૂપી-સર્પ' નો જે ફૂંફાડો છે -તે જ આ 'જગત' છે-એમ શાસ્ત્રવેત્તાઓ કહે છે.
જે બ્રહ્મ છે-તે જ -કંઈક પોતાના સ્વ-રૂપ ને ભૂલી,જયારે "અમુક પદાર્થ છે-અમુક પદાર્થ છે" એવા પ્રકારની,
સત્ય જેવી કલ્પના-રૂપ થઈને હૃદયમાં સ્થિર થાય છે,ત્યારે તે 'મન' કહેવાય છે.

"ઉદય પામેલી તે કલ્પના" જયારે "આ મન છે" એમ સમજાઇને જામી ગઈ,
ત્યારે તે પોતાના ચૈતન્ય-પણાને ભૂલી જઇને -જડ (મન) જેવી થઈને રહી.
"વ્યાપક-પણા"માંથી ભ્રષ્ટ થઈને મન-પણાને પામેલી,એ પહેલી "કલ્પના" સંકલ્પ-વિકલ્પને અનુસરીને,
"આ વસ્તુ ત્યાજ્ય છે અને આ વસ્તુ ગ્રાહ્ય છે" એવી ગરબડ કર્યા કરે છે.
<u>આ રીતે જોવામાં આવે તો- જગતનું જે ચૈતન્ય છે-તે જ પોતાની "માયા-શક્તિ" ને લીધે,મન-રૂપ થયું છે.</u>
<u>એટલે જે મન છે તે જ ચૈતન્ય છે-તો પણ,જ્યાં સુધી તે "મન" ને શાસ્ત્રાદિક-રીતે સમજાવવામાં આવે નહિ-</u>
<u>ત્યાં સુધી (તે મન) પોતાના ચૈતન્ય-પણાને સમજતું  નથી.!!!</u>

આમ છે-એટલા માટે શાસ્ત્ર ના વિચારથી,ઉત્તમ વૈરાગ્યથી,અને ઇન્દ્રિયોના નિગ્રહ થી,
મન નું વલણ પોતાના "સ્વ-રૂપ" તરફ કરાવવું જોઈએ.
સર્વ પ્રાણીઓની એ મન-રૂપી-કલ્પના -જો વિજ્ઞાનથી તથા ઉપશમ થી -પોતાના સ્વરૂપને સમજે-તો-
બ્રહ્મપણાને પ્રાપ્ત થાય છે,અને ના સમજે તો-જગતની ભાવના કરીને જગતમાં ભમ્યા કરે છે.

મન-રૂપી કલ્પના,મોહ-રૂપી મદિરાથી મત્ત થયેલી છે,વિષયો-રૂપી ખાડાઓમાં લોટ્યા કરે છે,
અને પોતાના સ્વ-રૂપ ના અજ્ઞાનથી જ જડ થઇ ગયેલી છે,માટે,તેને સમજાવવી જોઇએ.
એ મન-રૂપી કલ્પના,હૃદયની અંદર દેખાય છે,છતાં,પણ તે સંકલ્પથી રચાયેલા મહેલની જેમ ખોટી જ છે.
તેને જ્યાં સુધી સમજાવવામાં ના આવે ત્યાં સુધી તે કંઈ સમજતી નથી.
એ મન-રૂપી કલ્પના,બીજા બાહ્ય પદાર્થો ને જાણે છે,તે પણ પોતાના પ્રભાવથી જાણતી નથી,
પણ ફુલ ની અંદર રહેલી  સુગધની પેઠે પોતાની અંદર રહેલા સાક્ષી-ચૈતન્ય ના પ્રભાવથી જ જાણે છે.

એ મન-રૂપી-કલ્પના,જોકે તેના અસલ સ્વરૂપનો વિચાર કરતાં-નિત્ય જ્ઞાન-સ્વ-રૂપ જ છે,તો પણ,
શરીર-આદિ ની મર્યાદિત દશાને પામીને તે ટૂંકી થઇ જાય છે-
અને તેથી તે જગતમાંથી પણ થોડું ક જ જાણી શકે છે,
અને જે -તે-થોડુંક પણ જાણી શકે છે-તેટલું પણ તે સાક્ષી-ચૈતન્ય ના સ્વભાવથી જ જાણી શકે છે.

હે,રામ,જેમ સૂર્ય,કમલિનીને (કમળને) પ્રફુલ્લિત થવાની શક્તિ આપે છે,
તેમ,સાક્ષી-ચૈતન્ય જ એ પથરા જેવી "જડ-મન નામની કલ્પના" ને જગતના પદાર્થો જાણવાની શક્તિ આપે છે.
અને તેથી જ તે "મન-રૂપી-કલ્પના" ચૈતન્યની પ્રેરણા વિના કશું જાણી શકતી નથી.
સાક્ષી-ચૈતન્ય ની પ્રેરણા (શક્તિ) વિના એકલા મનથી ક્રિયા(કર્મો) થવી પણ અસંભવિત છે.

આ રીતે જો જોવામાં આવે તો-મન પથરા જેવું જડ છે-મિથ્યા-ભ્રાંતિ થી જ ઉઠેલું છે,
અને ઝાંઝવા ના પાણી જેવું છે.તેનાથી શું ક્રિયા થઇ શકે?
જેમ,અત્યંત વિસ્તીર્ણ અખંડ તડકો હોય-તો જ ઝાંઝવાનાં પાણી ની નદી સ્ફૂરે છે,
તેમ,અખંડ આત્મ-તત્વ વિદ્યમાન (હાજર) છે-તો જ મન-રૂપી કલ્પના સ્ફૂરે છે.

હે,રામ,<u>પરમાત્મા માં જે "ચલન-રૂપી-કલ્પના" થઇ,તેને "ઠગારાઓ" એ ભિન્ન માની -</u>
<u>"મન" એવું નામ આપીને "કાગ નો વાઘ" બનાવી દીધો છે.</u>

હવે,તે મન નું પૃથ્થકરણ કરી જોતાં,તેમાં જે -"ચૈતન્ય નો અંશ છે-તે જ આત્મા છે".અને
બાકીના જડ-અંશ-રૂપ જે ચલન (તરંગ) છે -તે "પ્રાણ" (શક્તિ કે વાયુ શક્તિ) નો જ ધર્મ છે.
એ "પ્રાણ" એક જાતનો "વાયુ" છે-અને તે શરીરમાં "પ્રાણમય-કોશ" કહેવાય છે.
આમ હોવાને લીધે-યોગીઓને પ્રાણવાયુનો નિરોધ કર્યા પછી-મન નો જુદો નિરોધ કરવાનો રહેતો નથી!!!

જેમની "જ્ઞાન-શક્તિ" કે- જે - જુદાજુદા પ્રકારના (મન ના ) "સંકલ્પોના નિશ્ચયો" થી દબાયેલી હોતી નથી-
તેઓ "મન" ને "જેમાં કોઇ પણ વિષયોના આકારનું ગ્રહણ થયું નથી" એવી
"પરમાત્મા ની શુધ્ધ-પ્રભા-રૂપ" જ જુએ છે.

"આ દેહ હું છું અને આ મારું છે" (આસક્તિ-રૂપ)
એવા અધ્યાસથી મેલી થયેલી 'મન-રૂપી જે કલ્પના' છે-તેનું "જીવ" એવું નામ કહેવામાં આવે છે.
"મન" માં જે "ચલન-ભાગ" છે તે -"પ્રાણ નો જ ધર્મ" છે.(એટલે)
તે ઉપરથી એમ પણ કહી શકાય કે-"મન-એ- આત્મા તત્વ અને પ્રાણ ના મિશ્રણ-રૂપ છે."

હે,રામ,બુધ્ધિ-ચિત્ત અને જીવ -એ નામો ખોટી રીતે મન માં જ છે,
કારણકે-તેઓને વિદ્વાનોએ "પ્રક્રિયા" માટે કલ્પેલા છે-અને (માટે) તે વાસ્તવિક રીતે છે જ નહિ.
આમ-વાસ્તવિક રીતે (સત્યમાં) જોતાં,મન-બુધ્ધિ-જીવ કે શરીર એ કંઈ પણ નથી.
જે કંઈ છે તે માત્ર અખંડ -આત્મા- જ છે.

આ સઘળું જગત -એ આત્મા છે,અને જે કાળ છે તે પણ આત્મા જ છે.
તે નિર્મળ આત્મા,આકાશથી પણ સુક્ષ્મ છે-અને ઇન્દ્રિય-વગેરે સાધનો થી જાણવામાં આવતો નથી.
અને આમ હોવાને કારણે તે અસત જેવો જણાતો હોવા છતાં,
સઘળી કલ્પનાઓ ના "અધિષ્ઠાન-રૂપ" હોવાથી સત્ય જ છે.

સઘળા કલ્પિત પદાર્થો થી ન્યારો એવો એ આત્મા બીજા કોઈ સાધનોથી નહિ,
પણ,પોતાના "પ્રકાશ"થી જ અનુભવમાં આવી શકે છે.
મન જો આત્મા ને જોવાની પ્રવૃત્તિ કરે,તો જોવાના સમયમાં,પોતે જ નાશ પામી જાય છે.
જેવી રીતે,અંધકાર-એ -પ્રકાશને જોવાની પ્રવૃત્તિ કરે તો-
તે-જોવાના સમય(દરમિયાન) માં તેનો પોતાનો (અંધકારનો) નાશ થયા વગર રહે જ નહિ.

મન-એ આત્મા ને જોવા સમર્થ થતું નથી,તે (મન) તો માત્ર- અત્યંત સ્વચ્છ અનુભવ-રૂપ આત્મામાંથી સંકલ્પ ને
લીધે ઉઠેલા- અનાત્મ-પદાર્થો-ને જોવામાં જ (આત્મા નું જ વિસ્મરણ કરીને) પ્રવર્તે છે.
એટલે,-આત્માનું જે "સંકલ્પ-મય-પણું" છે તે જ મન કહેવાય છે અને
આત્મા નું જે "સંકલ્પો થી રહિત-પણું" (મન-રહિત-પણું) છે -તે જ "મોક્ષ" કહેવાય છે.

આમ હોવાથી "આત્મ-દર્શન" એ મોક્ષ જ છે-માટે તેમાં મન કેવી રીતે પ્રવર્તી શકે?
સંકલ્પોમાં ઉન્મુખ (પ્રવૃત્ત) થતા,આત્મા નો -પોતાના નિર્વિકલ્પપણા માં  જે ફેરફાર થાય છે તે જ મન નો જન્મ છે.
અને તેમાંથી (ત્યારથી) સંસારની વૃધ્ધિ થાય છે.
આ રીતે ચૈતન્ય ની સત્તા પોતાના નિર્વિકલ્પ-પણામાંથી ભ્રષ્ટ થઇ અને સંકલ્પથી કલંકિત થાય છે,
ત્યારે કલ્પના ઉઠે છે અને તે કલ્પના મન કહેવાય છે.

હે,રામ,જેમ,જયારે, પદાર્થ લીન થાય છે-ત્યારે પદાર્થ ની છાયા પણ લીન થાય છે.
તેમ "પ્રાણ નો નિરોધ" થાય ત્યારે મન નો નિરોધ પણ પોતાની મેળે જ થઇ જાય છે.
કારણકે મન -એ પ્રાણ-રૂપ છે.

જીવતો મનુષ્ય-દુર દેશાંતર ના અનુભવને પોતાના મનમાં જાણે છે-
તેથી તે દેશનો અનુભવ "મારા મનમાં રહેલો છે" એ-પ્રમાણે કહે છે.
હવે તે જે દેશાંતરના અનુભવનો જે- સંબંધ થયો તે,"ચલન" વિના ઘટતો (થતો) નથી.
અને એ ચલન એ પ્રાણ નો ધર્મ છે.-એટલા માટે મન એ પ્રાણ-રૂપ છે.(નોંધ-પ્રાણ એ વાયુ-રૂપ છે!!)

વૈરાગ્ય થી,પ્રાણાયામ ના અભ્યાસથી,સમાધિથી, વિષયોમાં મન ના જવા-રૂપ દુષ્ટ અભ્યાસ નો નાશ કરવાથી,
અને આત્મ-તત્વ ના જ્ઞાનથી-પ્રાણ નો નિરોધ કરી શકાય છે.

મન માં જે ચલન-શક્તિ છે તે પ્રાણ ની છે.અને જે જ્ઞાન-શક્તિ છે તે ચૈતન્ય ની છે.
એ "શક્તિઓ" ના હોય તો -મન કદાપિ ચાલી શકે નહિ-કે જાણી શકે નહિ.
જે ચલન  છે-તે અનિત્ય છે અને જડ છે,અને-
જે જ્ઞાન છે તે આત્મા નું જ સ્વરૂપ હોવાથી, સર્વદા સ્વચ્છ છે અને સર્વ-વ્યાપક છે.
અને આમ હોવા થી જ્ઞાન નું અને ચલન નું મિશ્રણ થવું વાસ્તવિક રીતે સંભવતું જ નથી.
પણ કલ્પનાથી - જે (આવું મિશ્રણ) માની લેવામાં આવ્યું છે તે જ મન કહેવાય છે.

આ રીતે મન મિથ્યા જ ઉત્પન્ન થયું છે અને ખોટી સમજણ-રૂપ જ છે.અને તે જ "અવિધા" કહેવાય છે,
તે જ વિક્ષેપ-શક્તિ કહેવાય છે,અને તે અજ્ઞાન ના સર્વસ્વ નો તે નિર્વાહ કરનાર હોવાથી અજ્ઞાન પણ કહેવાય છે.અને (આમ) આ અજ્ઞાન જ સંસાર -આદિ-રૂપ-ઝેર ને આપનારું છે.

ઉપર પ્રમાણે - જ્ઞાન-શક્તિ અને ચલન-શક્તિ ના સંબંધ માં જો સંકલ્પ ની કલ્પના કરવામાં આવે જ નહિ-તો-
મન રહેતું જ નથી.અને જયારે એ મન ના રહે ત્યારે સંસારના સંબંધ-વાળા સઘળા ભયો નો નાશ થઇ જાય છે.
"વાયુ ની ચલન-શક્તિ" જયારે,ચૈતન્ય ને સ્ફુરિત કરે છે-ત્યારે જ ચૈતન્ય ચલન શક્તિ-વાળું થઇને
"સંકલ્પ" કરે છે.અને તેથી મન-પણાને પામે છે
આ રીતે બાળકે કલ્પેલા યક્ષ ની પેઠે-ચૈતન્ય માં મન-પણું માત્ર કલ્પનાથી જ ઉત્પન્ન થયું છે.
અને તેથી તે મિથ્યા જ છે.
કારણકે વાસ્તવમાં ચૈતન્યમાં  કોઈ પ્રકાર નો આકાર કે "ચલન" (તરંગ) છે  જ નહિ

ચૈતન્ય તો અખંડ અને પૂર્ણતા વાળું છે-અને તેમ કોઈ કલ્પિત પદાર્થ થી,ખંડિત-પણું  કે-અપૂર્ણ-પણું થવાનો
સંભવ જ નથી.પૂર્ણ-અખંડ અને સર્વ ના અધિષ્ઠાન-રૂપ એ ચૈતન્ય નું કોની સાથે અથડાવું સંભવે?
કે જેનાથી તે ખંડિત થઇ થાય? આમ,ચૈતન્ય માં ચલન (તરંગ) નામની કોઈ ક્રિયા હોવી -એ સંભવ નથી.અને
એટલે જ ચૈતન્ય ને તરંગ સાથે કોઈ જ સંબંધ નથી.
તો હવે ચલન ના સંબંધ વિનાના ચૈતન્ય વિના  કોનું મન સિદ્ધ થાય? અને તે કેવું સિદ્ધ થાય?
અને જો ચલન એ ચૈતન્ય થી જુદું છે જ નહિ -તેવો પક્ષ લઇએ તો-પણ પછી મન કોને કહી શકાય?

આથી હે રામ,ત્રૈલોક્યમાં પણ મન નામનો દુષ્ટ પદાર્થ છે જ નહિ-એમ બરાબર સમજીને
"મન છે જ નહિ" એવો જે "નિશ્ચય" થાય તે જ મન નો નાશ સમજવો.
માટે-"મન છે" એવી વ્યર્થ અને અનર્થ આપનારી,કલ્પના તમે કરો જ નહિ.કારણ કે-વ્યર્થ સંકલ્પો કરનારું
મન આખા બ્રહ્માંડ માં ક્યાંય નથી.

હે,આત્મ-તત્વ નું મનન કરી જાણનાર રામ,
તમારા "હૃદય-રૂપી-નિર્જળ-દેશ" માં અજ્ઞાન (અ-યથાર્થ જ્ઞાન) થી ઉત્પન્ન થયેલી
"કલ્પના-રૂપ-ઝાંઝવા ની નદી"એ યથાર્થ જ્ઞાનથી અત્યંત શાંત થઇ ગઈ છે.

હે રામ,મન તો જડ છે અને સ્વ-રૂપ વિનાનું છે,તેથી સર્વદા મૂએલું જ છે.
તો એ મૂએલા (મન) થી લોકો "પોતે માર્યા ગયા છે" એમ સમજે છે- એ વિચિત્ર મૂર્ખતા ની પરંપરા જ છે.

જેનું કોઈ સ્વ-રૂપ નથી,કોઈ દેહ નથી,કોઇ આધાર નથી અને કોઇ જાતિ પણ નથી-
તેવું મન સર્વ લોકો ને દુઃખી કરે છે-એમ સમજવું એ -એક જાતની મૂર્ખપણા ની જાળ છે.
આવું મન જો કોઈ ને દુઃખી કરતુ હોય તો હું ધારું છું કે-તેવા દુઃખી થનારનું માથું નીલ-કમળ ની પાંખડી થી
ફાટી પડતું હશે.(તેમ શક્ય નથી કારણકે પાંખડી થી માથું ફાટી પડી શકે નહિ )
તે મન જડ છે,મૂંગું છે,આંધળું છે-તો પછી તે કોને મારી શકે? બાળી શકે? કે દુઃખી કરી શકે?

શત્રુ ને જીતવાની,સઘળી સામગ્રી (શસ્ત્રો) વાળા લોકોને-સામગ્રી (શસ્ત્રો) વિનાનું મન હરાવી દે છે-
એ વાત કેટલી મૂર્ખાઇ ભરેલી લાગે છે? કારણકે-
તે મન મિથ્યા સંકલ્પથી જ ગોઠવાયું છે,સ્થિતિ પામેલું છે અને શોધવા છતાં ક્યાંય જોવામાં આવતું નથી-
તો પછી તેનામાં લોકો નો પરાભવ કરવાની શક્તિ જ શી રીતે સંભવે?

જો વિચાર કરી જોવામાં આવે તો-મન જરા પણ (કોઈ લડાઈમાં) ટકી શકે તેમ નથી,તો પણ તે જ મન -
જો લોકો ને સંકટમાં નાખતું હોય,તો એ એક જાતની વિચિત્ર "માયા" જ હોવી જોઈએ.
અને એ જ માયા "મહા-માયાવી-મય-દાનવ" ને પણ બનાવતી હશે !!!!

જયારે મૂર્ખતા હોય છે-ત્યારે લોકોને સઘળી આપત્તિઓ પ્રાપ્ત થાય છે.
અજ્ઞાની મનુષ્ય પોતાની મૂર્ખતા થી જ આપદા-રૂપી-સૃષ્ટિ બનાવી લે છે.
અને પોતાના ખોટા મન ને કુમાર્ગ પર ચડાવી ને તે સૃષ્ટિ ને વધાર્યા કરે છે.
માટે હું ધારું છું એક-આ સૃષ્ટિ કેવળ મૂર્ખતાથી જ બનેલી હોવાથી,વિચાર માત્ર થી ટળી જાય તેવી કૂણી છે.
આવી સૃષ્ટિ થી આત્મા ને દુઃખ થાય છે-કે તે બંધાઇ જાય છે-કે તેનો પરાભવ થાય છે-કે તેનો નાશ થાય છે-
તેમ માનવું એ -પણ એક ભ્રાંતિ જ છે.

હે,રામ,આમ મન એ મિથ્યા જ ઉઠેલું છે,અને જે પુરુષ તેને વશ કરવાને સમર્થ ના હોય -તે ઉપદેશને પાત્ર નથી.
એ પુરુષ ની બુધ્ધિ બાહ્ય વિષયમાં જ લાગેલી હોય છે (વિષયો મળવાથી જ તે પૂર્ણ-પણું માની લે છે)
પણ આત્મ-વલણ માં લાગેલી હોતી નથી.
આવી બુધ્ધિ સુક્ષ્મ વિચાર કરવા માટે અશક્ત (અસમર્થ) છે,તેથી ઉપદેશનાં વચનો ને યોગ્ય જ નથી.

આવી બુધ્ધિ વેવલી છે,સતત ભય પામતી હોય છે અને
મન જો તેને બીવડાવે તો તે મન ને પરવશ થઇ જાય તેવી હોય છે.
પોતાની (બુધ્ધિ ની) પાસે જ રહેલા તુચ્છ મન થી (તે મન શત્રુ હોય તેમ) ભય પામતી એ અભાગીણી બુધ્ધિ,
સુક્ષ્મ વિચાર કરી જાણતી નથી,
આમ આ રીતે હોવા -છતાં પુરુષ પોતે એ બુધ્ધિ ને વિષયથી રાજી રાખવાનો નિરર્થક મોહ શા માટે રાખે છે?
(નોંધ-એટલા માટે-જ જો પુરુષ ની પોતાની બુધ્ધિ સૂક્ષ્મ વિચારમાં પહોંચી શકતી ના હોય તો-
તે બુધ્ધિ ને છેવટે (કમ સે કમ) વિષય-સુખ થી તો દુર જ રાખવી જોઇએ-
કે જેથી કોઇક દિવસ તો તે -સૂક્ષ્મ વિચારમાં પહોંચવામાં સમર્થ થાય!!)

**(૧૪) ઉપદેશ ને અયોગ્ય જીવો ની ઉપેક્ષા અને અને યોગ્ય જીવ માટે મન ને ટાળવાના ઉપાય**

વસિષ્ઠ કહે છે કે-જે વિષયોની ઈચ્છાઓ વાળા છે, વૈરાગ્ય ની ઉપેક્ષા કરે છે અને વિદ્વાનો મળ્યા છતાં -તેમને આત્મ-જ્ઞાન વિષે-પૂછવું બંધ રાખી ,પોતાની બુધ્દ્રિને મૂંગી જ રાખી રહ્યા છે-તેમને હું શાસ્ત્રમાં કહેલા - આત્મ-પ્રાપ્તિ કરવાના -ઉત્તમ-ઉપાય-રૂપ વિચાર-નાં વચનો થી ઉપદેશ આપતો નથી.

જે મનુષ્ય મુદ્દલે દેખતો જ ના હોય (આંધળો હોય) તેને કયો હૈયાફૂટ્યો ફૂલોથી શોભતા વન ને દેખાડે?
મદિરાથી ઘૂમતાં નેત્રો-વાળા અને ભાન વિનાની ઇન્દ્રિયો વાળા મત્ત પુરુષને-ધર્મ નો નિર્ણય સંભળાવવામાં અધિકારી ગણે તેવો દુર્બુધ્દ્રિ કોણ હોય? મુર્ખ ને કોણ શિખામણ આપે?
મન ને જીત્યું ના હોય તેવા દુર્બુધ્દ્રિ પુરુષને કોણ ઉપદેશ આપે?

હે,રામ,મન જીતાયેલું છે એમ જ સમજો.કારણકે વાસ્તવિક રીતે જોતાં મન -મુદ્દલે છે જ નહિ.અને મિથ્યા છે.
જે મૂર્ખે તેને (મન ને) જીત્યું ના હોય તે -મુર્ખ પુરુષ ઝેર ખાધા વિના પણ ઝેરની મૂર્છાથી મરી જાય છે.

વિષયો પર પ્રકાશ સર્વદા જ્ઞાન-રૂપી આત્મા થી થાય છે,તેનું ચલન પ્રાણવાયુ થી થાય છે,અને વિષયો નું ગ્રહણ ઇન્દ્રિયો થી થાય છે,તો પછી આપણ ને મન ની શી જરૂર પડે? તે મન ને કેમ સ્વીકારવું પડે?
"ચલન-શક્તિ" પ્રાણ ની છે,"જ્ઞાન-શક્તિ" આત્મા ની છે,અને "વિષયો નું ગ્રહણ કરવાની શક્તિ" ઇન્દ્રિયો ની છે.
તો એ સઘળી "શક્તિઓ-વાળો" મન નામનો કોઈ પદાર્થ છે તેમ માનવાની આપણને શી જરૂર છે?

વ્યવહાર સંબંધી જે જે શક્તિઓ છે તે સઘળી પરમાત્મા ના કિરણો થી જ છે.માટે તમે તે શક્તિઓનું જુદા-પણું- અને તે તે શક્તિઓના જુદા જુદા (મન વગેરે) નામોને શા માટે સ્વીકારો છે?
મન એવો પદાર્થ છે જેણે જગતને આંધળું બનાવી દીધું છે !! મન એ કશું છે જ નહિ તો તેમાં શક્તિ-પણું કેમ હોય?

હે,રામ,જે લોકો મન વડે આંધળા થઇ ગયા છે-તેમનાં અપાર દુખોને જોઇને મારી બુધ્દ્રિ કરુણાથી દબાઈ ગઈ છે, અને એ લોકો ના દુઃખ નો કોઈ ઉપાય નહિ મળવાથી તે (બુધ્દ્રિ) જાણે મૂંઝાઈ ગઈ હોય તેમ પરિતાપ પામ્યા કરે છે.પણ "જે દુઃખ કોઈ કારણથી ઉત્પન્ન થયું હોય તે દુઃખને તે કારણનું નિવારણ કરવાથી ટાળી શકાય, પરંતુ તે મુર્ખ લોકો નું દુઃખ તો કારણ વિના જ ઉત્પન્ન થયુ છે,માટે તે કેવી રીતે ટળે?"
એવો વિચાર કરીને હું મારી બુધ્દ્રિ ના પરિતાપ ને શાંત કરું છું.

મુર્ખ મનુષ્યો કોઈ સાચા કારણથી નહિ પણ ખોટા કારણથી જ દુઃખ પામ્યા કરે તો-તેમાં આપણે શું કરી શકીએ?
તે માટે આપણે ખેદ શો રાખવો? અને શા કારણથી રાખવો?
ગધેડાઓ અને મુર્ખ મનુષ્યો દુઃખ ને માટે જ જન્મે છે-તો તેમના દુઃખને માટે આપણે શું કરીએ?
આ સંસારમાં અવતર્યા કરતા પાપી લોકો મરવાને માટે જ અવતર્યા કરે છે.
જુઓ,પ્રત્યેક દેશમાં પ્રત્યેક દિવસે -ખાટકીઓના હાથે કેટલાં પશુઓ કપાય છે? તો તેમના માટે શું રોવું?
વનમાં ભીલ-આદિ લોકો લાખો મૃગો નો ઘાણ કાઢી નાખે છે,તો તેમને માટે આપણે શું રોવું?
મોટો મત્સ્ય નિર્દય થઈને નાના મત્સ્યો ને ગળી જાય છે તો તેમાં આપણે શી વેદના કરવી?

અસંખ્યાત પ્રાણીઓ જન્મ્યા કરે છે અને મરણ પામ્યા કરે છે-તો તેમને માટે દયાળુ લોકોએ રાજી થવું - તે પણ યોગ્ય નથી કે તેમને માટે કચવાવું પણ યોગ્ય નથી.
જે પુરુષ દયાથી દુર્બુધ્દ્રિમાનોનાં દુઃખ ટાળવામાં પ્રવર્તે છે-તે પુરુષ પોતાના હાથમાં રહેલ એક છત્ર થી (છત્રી થી) સઘળા આકાશને તડકા વિનાનું કરવાનો પરિશ્રમ કરે છે.

પૃથ્વી માં પશુ-પક્ષીઓ જેવા મૂઢ મનુષ્યો ને ઉપદેશ દેવો જ નહિ.વનમાં ઠૂંઠાની પાસે કથા વાંચવાથી શું વળે?
વિષયોમાં લંપટ રહેનાર  માણસો અને પશુઓ એ બેમાં શું અંતર છે? (તે જડ જેવા છે)
પશુઓ દોરડાથી ખેંચાય છે અને વિષયી-લંપટ મનુષ્યો મન થી ખેંચાય છે.
પોતાના મન-રૂપી કાદવમાં ખૂંચી ગયેલા મૂર્ખમનુષ્યો ની વિપત્તિ જોઇને તો પથ્થર ને પણ રડવું આવે.
જેમણે પોતાના મન ને જીત્યું જ ના હોય તે લોકોને ચારે બાજુથી દુઃખદાયી દશાઓ જ પ્રાપ્ત થાય છે,
માટે સમજુ માણસ તે દુઃખદાયી દશાઓને ટાળી નાખવાનું માથે લે જ નહિ.

હે,રામ,જેમણે મન ને જીત્યું હોય,તે લોકો નાં દુઃખો સહેજે ટાળી શકાય તેવાં હોય છે.
માટે તત્વવેત્તા પુરુષ તેમનાં દુઃખો ને જ ટાળવાની વૃત્તિ કરે છે.
હે,રામ મન-એ મુદ્દલે છે જ નહિ,એટલે તેને અમસ્થું અમસ્થું કલ્પો નહિ અને મન થી દુઃખી થાઓ નહિ.
જ્યાં સુધી તમે આત્મ-તત્વ ના વિસ્મરણ ને લીધે મૂઢ હતા ત્યાં સુધી તમારો મન-રૂપી સર્પ જોર કર્યા કરતો હતો,
પણ હવે તો તમે સત્ય વસ્તુ ને જાણી ચુક્યા છો માટે તમે સંકલ્પ નો નાશ કરો કે જેથી મન નો નાશ થઇ જાય.

તમે જો આ દ્રશ્ય (જગત) નો આશ્રય કરતા હો તો-તમે બંધાયેલા અને મનવાળા છો,અને
જો આ દ્રશ્ય ને છોડી દેતા હો -તો-તમે મન થી રહિત છો અને મુક્ત છો.
આ માયામય સંસાર ને જો ગ્રહણ કરવામાં આવ્યો-તો તે બંધન  ને માટે જ છે અને
તેને (સંસારને)  છોડી દેવામાં આવ્યો હોય તો તે મોક્ષ ને માટે જ છે.માટે હવે તમે તમારી ઈચ્છા હોય તેમ કરો.
"આ મન -આદિ કે દેહ-આદિ -વગરે કંઈ છે જ નહિ"એવો વિચાર કર્યા કરો,અને તેથી પર્વતની પેઠે સ્થિર રહો.

તમે પરમાત્મા જ છો કે જેની અંદર અનંત બ્રહ્માંડો સમાઈ જાય છે.
હે,રામ,"આ હું છું અને આ જગત છે" એવી બે-પણા-વાળી કલ્પનાઓ છોડી ડો અને
અખંડ-પણા-રૂપ -પોતાના સ્વ-ભાવમાં રહીને જ તમે અત્યંત સ્થિર થાઓ.

"તમારી દ્રષ્ટા-પણા ની સ્થિતિ" અને "જગતની દ્રષ્ટા-પણાની સ્થિતિ"
એ બંને ની મધ્યમાં-એ બંને સ્થિતિઓમાં "અનુસ્યુત" (એક) જે "અનુભવ-રૂપ સાક્ષી નો સ્વ-ભાવ" છે,
તે "સ્વ-ભાવ" માં જ તમારા આત્માની સર્વદા  સ્થિતિ છે-એમ તમે ભાવના કર્યા કરો.
એટલે કે-
"સ્વાદ લેનાર" અને "સ્વાદ લેવાના પદાર્થો" થી રહિત થઇ-પણ એ બંને માં "અનુસ્યુત" (એક) થઈને રહેલો-
જે કેવળ "અનુભવ" (સાક્ષી નો સ્વ-ભાવ) છે-તેની જ તમે ભાવના કર્યા કરો.અને નિરંતર તેમાં જ રહો.
એ અનુભવ (સાક્ષી નો સ્વ-ભાવ) જ તમારું સાચું "સ્વ-રૂપ" છે.

હે,રામ,'અનુભવ કરનાર' અને 'અનુભવ કરવાનો પદાર્થ'-એ બંને થી રહિત થઈને તે બંને માં અનુસ્યુત થઈને
રહેલો જે કેવળ નિરુપાધિક (ઉપાધિ-માયા વગરનો) અનુભવ છે-તેનો જ હૃદયમાં આશ્રય કરીને સ્થિર થાઓ.

"હું સંસારની ભાવનાથી રહિત છું,અને ત્રણે અવસ્થાઓ (જાગ્રત-વગેરે) થી રહિત છું"
એ રીતે તમે તમારા "સ્વ-રૂપ" ની ભાવના કર્યા કરો અને સદા "સ્વ-ભાવ" માં જ રહો.
હે,રામ, તમે જયારે પ્રમાદ ને લીધે,તમારા શુધ્ધ ચૈતન્ય-પણાને છોડી દો છો,અને ખુદ થી જ જુદા જુદા
દ્રશ્ય (જગત) નો સંકલ્પ કરો છો-ત્યારે તમે અત્યંત દુઃખ દેનારા 'મન-પણા'ને પ્રાપ્ત થાઓ છો.
આ 'મન-પણા-રૂપી' સાંકળ ને તમે 'સ્વ-રૂપ ના જ્ઞાન-રૂપી-યુક્તિ' થી તોડી નાખો,અને
તમારા 'આત્મા-રૂપી-સિંહ' ને 'મન-રૂપી-સાંકળ' થી છોડાવો.

તમે જયારે શુધ્ધ ચૈતન્ય-પણાને ત્યજી દો છો અને વિષયો પર અત્યંત ધસી પડીને સંકલ્પ કરવા લાગો છો,
ત્યારે જ તમે વિષયો ને દેખાવા લાગો છો.

"મન આત્મા થી જુદું છે" એવી સમજણથી મન દુઃખી થઇ જાય છે,પણ,એવી સમજણ જો છોડી દેવામાં આવે,
(એટલે કે મન આત્મા થી જુદું નથી તેમ સમજવામાં આવે) તો-ત્યારે મન ક્ષીણ થઇ જાય છે.
જો- "આ સઘળું જગત આત્મા જ છે" એવું જ્ઞાન ઉદય પામે તો-
દ્રષ્ટા-દ્રશ્ય-ચિત્ત અને ચિત્ત ની વૃત્તિ-એમાંનું કંઇ અવશેષ રહે નહિ.

હે,રામ, "હું જીવ છું" એમ સમજવું તે જ મન છે,
એમ કહેવામાં આવે છે-કે- એ મનથી જ આદિ-અંત વિનાના દુઃખ નો વિસ્તાર થાય છે.પણ -
"હું બ્રહ્મ જ છું અને બ્રહ્મ સિવાય બીજી કોઇ સત્તા કદી પણ સાચી નથી" એમ જો પાકું સમજાય તો-
એ જ મન નો ઉપશમ (નાશ કે નિવૃત્તિ) છે અને એ જ પરમ સુખ છે.
એટલે "આ સઘળું જગત આત્મા જ છે-એવો દ્રઢ નિશ્ચય થાય તો મન નો અભાવ થઇ જાય છે.એમાં સંશય નથી.
અને -સાચા (સત્ય) જ્ઞાનથી જ આવો દ્રઢ નિશ્ચય થાય છે.

જ્યાં સુધી,મન-રૂપી-સર્પ શરીરમાં હોય ત્યાં સુધી-મોટો ત્રાસ છે,
પણ એ સર્પને યોગ્ય ઉપાયથી દુર કરવામાં આવે તો-પછી ત્રાસ પામવાનો પ્રસંગ જ ક્યાંથી રહે?
અતિ-બલિષ્ઠ એવો મન-સુપી-યક્ષ,આ દેહ-રૂપી ઘરમાંથી દૂર કરીને તમે સઘળાં દુઃખોથી તથા
વ્યાકુળતાથી રહિત થઈને રહો,તમને કોઈ જ જાતનો ભય નથી.

"હું પૂર્ણ હોવાને લીધે રાગ-રહિત (આસક્તિ રહિત) છું,અને હું વ્યાપક હોવાને લીધે,મારે કોઈ વસ્તુ
સંપાદન કરવાની જરૂર નથી" એટલું જ જો સમજવામાં આવ્યું તો-તમારું મન જતું રહ્યું છે અને
તમારી સઘળી તૃષ્ણાઓ શાંત થઇ ગઈ છે.
હે,રામ, તમે એ સર્વોત્તમ-પદ ને પામી શક્યા છો,એટલે તો હવે તમે તે સર્વોત્તમ-પદમાં જ રહો.

## <u>(૧૫) સર્વ અનર્થ નું બીજ - તૃષ્ણા- છે</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, આ મન ની સત્તા સંસારના સૂક્ષ્મ બીજ રૂપ છે,અપવિત્ર છે અને જીવને બાંધનારી
જાળ-રૂપ છે.એને અનુસરવાથી આત્મા પોતાના બ્રહ્મ-રૂપ-પણાને ભૂલીને મલિન જ્ઞાનને પ્રાપ્ત થયો છે.
તેમાંથી (તે બ્રહ્મમાંથી) કલ્પાયેલા દેહને "હું છું" એમ માને છે,અને અનેક વિષયોની કલ્પનાથી થતા
રાગ-દ્વેષાદિ-રૂપી-મેલ ને ધારણ કરે છે.

નિરંતર વધતા જનારા મહા-મોહ ને ઉત્પન્ન કરનારી અને ત્રાસ આપનારી -તૃષ્ણા-રૂપી-ઝેરી-લતા,એ,
રાગ-દ્વેષાદિ-રૂપી મેલ વાળા પુરુષને મૂર્છિત જ કરી નાખે છે.
તૃષ્ણા જયારે ઉદય પામે છે ત્યારે તે "મહા-મોહ" ને આપ્યા વગર રહેતી જ નથી.

પ્રલય-કાળના અગ્નિ ને સહન કરી શકે તેવા-સદાશિવ-વગેરે કેટલાએક મહાત્માઓ છે,પણ,
તૃષ્ણા-રૂપી-અગ્નિ ની જવાળાની બળતરા ને સહન કરી શકે તેવા કોઈ પણ નથી.
હે,રામ,સંસારમાં જે જે અંત વિનાનાં,ના અટકાવી શકાય તેવાં દુઃખો છે,તે સર્વ તૃષ્ણા-તુપી-લતા નાં ફળ છે.

મનુષ્યો ના મન-રૂપી-ગુફામાં રહેનારી આ તૃષ્ણા અદ્રશ્ય રહીને જ -મનુષ્યો ના માંસ-રુધિર-વગેરે ને ખાધા કરે છે,
અને પોતામાં પડેલા (ફસાયેલા) મનુષ્યને તાણી-પછાડીને ફાડી નાખે છે.
તૃષ્ણા-રૂપી વાઈ થી પછડાયેલો પુરુષ રાંક થઇ જાય છે,અને ભોંઠો પડીને શક્તિ વિનાનો થઇ જાય છે.
તે નીચ-પણાને પ્રાપ્ત થાય છે,ભાવ વિનાનો થઇ જાય છે,રડે છે અને નીચે પડી જાય છે.

જે પુરુષના હ્રદય-રૂપી-દરમાં તૃષ્ણા-રૂપી કાળોતરી નાગણ ન રહી હોય,
તે પુરુષ નો જ પ્રાણવાયુ (પ્રાણ) સ્વસ્થ રહે છે.નહિતર-તે-
તૃષ્ણા-રૂપી હિંસક ભીલડી,એ સર્વે લોકોને દોરાઓથી બાંધેલ પક્ષીઓની જેમ ભ્રમણ કરાવે છે,
વીંખી નાખે છે,અને અંતે ઘણું કરીને (મોટા ભાગે) મારી નાખે છે.
તે તૃષ્ણા-રૂપી-કુહાડા ની ધાર જ્ઞાન-રૂપી-વૃક્ષ નાં વિવેક-રૂપી મૂળો ને કાપી નાખે છે,
અને મૂઢ મનુષ્ય તે તૃષ્ણા ને અનુસરીને નરક-રૂપી-ઊંડા-ખાડામાં પડે છે.

વૃધ્ધિ પામેલી જરાવસ્થા (વૃધ્ધાવસ્થા) પણ આંખને એવી આંધળી કરતી નથી-
જેવી,તૃષ્ણા-રૂપી ચુડેલ ક્ષણ માત્રમાં આંધળી કરી નાખે છે.
મન-રૂપી-માળામાં રહેલ તૃષ્ણા-રૂપી-ઘુવડ પક્ષીણી-ના-માથે ચડી બેસવા-રૂપ અપશુકન થવાથી જ,
ભગવાન વિષ્ણુ ને પણ વામન-પણું પ્રાપ્ત થયું હતું અને તેમને ભીખ માગવી પડી હતી.
હૃદયમાં ગૂંથાઈ ગયેલી-સ્વર્ગ-લોકનાં સુખ ભોગવવાની તૃષ્ણા ને લીધે
સૂર્ય પણ જાણે દોરડાથી બંધાઈને આકાશમાં નિત્ય ભ્રમણ કર્યા કરે છે.

તેથી સઘળાં દુઃખો ને આપનાર આકાર-વાળી અને લોકો ના જીવન ને છેડી નાખનારી,
તે તૃષ્ણા-રૂપી-નાગણને દૂર જ મૂકી દેવી જોઇએ.
વાયુઓ પણ તૃષ્ણા થી વાય છે,પર્વતો તૃષ્ણા થી સ્થિર બની રહે છે,અને
આ ધરતી પણ તૃષ્ણાથી જ પ્રાણીઓને ધારણ કરીને રહી છે.આમ સઘળું તૃષ્ણા થી જ ટકી રહ્યું છે.
તૃષ્ણા-રૂપી-ચામડા ની દોર ના બંધનમાંથી કોઈ છૂટી શકતું નથી.

આથી હે,રામ,તમે એ "સંકલ્પો ને ત્યજી-દેવા રૂપ ઉપાય" થી તૃષ્ણા ને ત્યજી દો.કારણકે-
સંકલ્પ વિના મન હોતું નથી અને મન વિના તૃષ્ણા હોતી નથી.એવો યુક્તિ-પૂર્વક નિર્ણય કરવામાં આવ્યો છે.

પ્રથમ તો તમે "દેહ હું છું" એવા અભિમાન નો મનમાં સંકલ્પ જ કરો નહિ.કારણકે-
તે સંકલ્પ જ સઘળી અજ્ઞાન-મય દુષ્ટ તૃષ્ણાઓનું મૂળ છે.
દેહમાં "હું છું" એ "ભાવના" સઘળાં દુઃખોને ઉત્પન્ન કરનારી છે માટે તમે તે ભાવના કરો નહિ,
તો તમે તત્વવેત્તાઓ માં ગણાશો.
તે ભાવના અતિ અપવિત્ર છે,અને તેને તમે ત્યાગ-રૂપી-છરીથી કાપી નાખો.
અને સંસાર ની નિવૃત્તિ (ઉપશમ) ની ભૂમિકા માં સઘળી રીતે નિર્ભયપણા થી રહો.

**<u>(૧૬) વાસના-ક્ષય ના "ધ્યેય" અને જ્ઞેય" એ બે ભેદ અને જીવનમુક્ત તથા વિદેહમુક્ત નું લક્ષણ</u>**

રામ કહે છે કે-હે,ભગવન,આપ મને કહો છો કે-તમે અહંકાર અને તૃષ્ણા ને ત્યજી દો.
તો આપનું એ વચન સ્વભાવિક રીતે ગંભીર લાગે છે.
જો અહંકાર ના હોય તો શરીર જીવતું રહેવાનો સંભવ જ નથી.
જેમ મૂળમાં બાંધેલ ઓટલો ઝાડ ને ધારણ કરી રાખે છે-તેમ,અહંકાર જ દેહને ધારણ કરી રાખે છે.
જેમ કરવત થી મૂળ કપાઈ જાય તો મોટાં વૃક્ષો પણ નાશ પામે છે
તેમ,અહંકાર નો વિનાશ થાય તો દેહ પણ અવશ્ય વિનાશ પામે.
તો, હે,મુનિ,તો પછી મારે આ અહંકાર ને કેવી રીતે છોડવો?
અને છોડ્યા પછી હું કેવી રીતે જીવું? એ વિષય નું આપ નિશ્ચય-પૂર્વક મારી પાસે નિરૂપણ કરો.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,વિદ્વાન લોકોએ
સર્વ શાસ્ત્ર માં "ધ્યેય" અને "જ્ઞેય" એમ બે પ્રકારનો વાસનાનો ત્યાગ કહેલો છે.

(૧) <u>ધ્યેય</u>-"આ દેહ અન્નાદિકનો છે -દેહ વિના અન્નાદિક કશાં કામનાં નથી,અને અન્નાદિક આ દેહનું જીવન છે, એટલે કે અન્નાદિક વિના આ દેહ કંઈ પણ નથી" એમ નિશ્ચય કર્યા પછી,મન ની સાથે પોતાના સ્વ-રૂપ નો વિચાર કરવામાં "હું દેહાદિક નો નથી અને દેહાદિક મારાં નથી" એવી દૃઢ ભાવના રાખવામાં આવે,અને અંદર શીતળતા વાળી બુદ્ધિ થી "લીલા-માત્ર-જેવી-ક્રિયાઓ" કરવામાં આવે તો-તે- "ધ્યેય"-નામનો વાસનાનો ત્યાગ કહેવાય છે.(જીવનમુક્ત)

(૨) <u>જ્ઞેય</u>-સર્વ જગતને બ્રહ્મ-રૂપ સમજવામાં આવે-અને ભૂમિકાઓના અભ્યાસ ના ક્રમથી- મમતા-અહંતા-તથા વાસનાનો પણ નાશ કરીને-પ્રારબ્ધની સમાપ્તિ ના સમયમાં, દેહને ત્યજી દેવામાં આવે તે "જ્ઞેય" નામનો વાસના નો ત્યાગ કહેવાય છે.(વિદેહ-મુક્ત)

જે પુરુષે "ધ્યેય-વાસના" નો ત્યાગ કર્યો હોય-એટલે કે જે પુરુષ,દેહમાં હું-પણાની વાસના ને ત્યજી દઈને લોક-સંગ્રહને (લોકોની સમૃદ્ધિ) માટે વ્યવહાર કરતો હોય-તે "જીવનમુક્ત" કહેવાય છે.અને જે પુરુષે જ્ઞેય-વાસનાનો ત્યાગ કર્યો હોય-એટલે કે-જે પુરુષે મૂલાજ્ઞાન ની સાથે સઘળી કલ્પના-રૂપી વાસનાઓનો
ત્યાગ કરીને સઘળી વ્યવહારાદિથી રહિત થઈને શાંતિ પામ્યો હોય તેને "વિદેહ-મુક્ત" જાણવો.

હે,રામ,ધ્યેય અને જ્ઞેય -એ બંને ત્યાગો -સંતાપોથી રહિતપણા અને મુક્તિના વિષયમાં સરખા જ છે. એક વ્યવહારમાં રહે છે તો બીજો સમાપ્તિમાં (મનથી વ્યવહારની સમાપ્તિ રાખીને) રહે છે. તો પણ બંને મહાત્માઓને -પરમ વિશ્રાંતિ-રૂપ નિર્મળ બ્રહ્મમાં રહેલા જ સમજવા.

તેઓ વચ્ચે અંતર એટલું જ છે કે-પહેલાને દેહ સ્ફુરે છે અને બીજાને દેહ સ્ફુરતો નથી. પહેલો-દેહના સ્ફુરણ વાળો જીવનમુક્ત પુરુષ સંતાપોથી રહિત રહીને,વ્યવહાર કરે છે,અને બીજો દેહના ભાન વિનાનો વિદેહ-મુક્ત પુરુષ કંઈ પણ (વ્યવહાર કરે તો પણ) વ્યવહાર કરતો નથી.

વ્યવહાર ને લઈને કાળના નિયમ પ્રમાણે આવી પડતા સુખ-દુઃખોમાં જેને હર્ષ-શોક થતો ન હોય,અને ઇચ્છાથી તથા દ્વેષ થી રહિત થયેલો-જે પુરુષ પ્રિય કે અપ્રિય વસ્તુમાં "<u>આસક્તિ રાખ્યા વિના</u>" વ્યવહાર કરે છે, તે પુરુષ જીવનમુક્ત કહેવાય છે.
જેના મનમાંથી "આ ગ્રાહ્ય છે અને આ ત્યાજ્ય છે" તથા "હું છું અને આ મારું છે" એવી કલ્પનાઓ- નાશ પામેલી છે તે પુરુષ જીવનમુક્ત કહેવાય છે.

જેના મનમાં હર્ષ-ઈર્ષા-ભય-ક્રોધ-કાન-દીનતા નો અભિનિવેશ જ થતો ના હોય તે જીવનમુક્ત કહેવાય છે. જે પુરુષ જાગ્રત અવસ્થામાં પણ મન ની સુષુપ્તિ-વાળાઓ ની પેઠે,પદાર્થો ની સઘળી આસક્તિઓ શાંત કરીને વર્તે છે-તેમજ હર્ષ થી ભરપુર રહે છે-તે જીવન મુક્ત કહેવાય છે.

## <u>(૧૭) બંધ કરનારા અને બંધ નહિ કરનારા નિશ્ચયો નું વિવેચન</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,વિદેહમુક્ત લોકો તો બ્રહ્મ-રૂપ જ હોય છે,એટલા માટે તેમની સ્થિતિનું વર્ણન કરી શકાય નહિ.આમ હોવાથી હું અહી કેવળ જીવનમુક્ત ની સ્થિતિનું જ વર્ણન કરું છું તે તમે સાંભળો.

કર્મો ના ફળોની ઇચ્છા રાખ્યા વિના કેવળ લોક-સંગ્રહ (લોકોની સમૃદ્ધિ) કરવાની "શુદ્ધ તૃષ્ણા"થી જ વર્ણાશ્રમને અનુસરતાં કર્મો કરવામાં આવે-એ જીવનમુક્ત-પણું કહેવાય છે.
મનમાંથી સંકલ્પો નો ત્યાગ કરીને લોક સંગ્રહ (લોકોની સમૃદ્ધિ) કરવાના પ્રયોજન ને લીધે

"બહારથી જ કર્મ કરવાની તૃષ્ણા" (અંદર થી નહિ) રાખવામાં આવે-એ જીવનમુક્તનું લક્ષણ છે.

સઘળા વિષયોમાં લંપટતા વિનાની (તૃષ્ણા) અને કેવળ લોકોમાં સમાધાન રાખવા માટે વ્યવહારમાં
અનુસરવાની જે તૃષ્ણા હોય તે જીવન-મુક્ત નું અંગ છે તેમ સમજવું.
એટલેકે-<u>જે તૃષ્ણા રાખવામાં વિષયો ની પ્રાપ્તિમાં-હર્ષ,રાગ-દ્વેષ ઉત્પન્ન ના થાય તે તૃષ્ણા બંધન કરનારી નથી.</u>

પણ "અમુક વસ્તુ મને મળે તો ઠીક" એવી મનમાં ભાવના-રૂપી જે તૃષ્ણા થાય છે,
તે તૃષ્ણાને સંસાર ની સાંકળ-રૂપી (તૃષ્ણા) અને દુષ્ટ કલ્પના-રૂપી (તૃષ્ણા) સમજો.
અને આવી બંધન-રૂપી તૃષ્ણા-"મળી શકે તેવા અને ન મળી શકે તેવા પદાર્થો" માં પણ સર્વદા થાય છે.
તેને (તેવી તૃષ્ણાને) છોડી દઈને અત્યંત પ્રૌઢ થયેલો મોટા મન-વાળો પુરુષ જીવનમુક્તિના પદને પ્રાપ્ત થાય છે.

હે,રામ,તમે દેહની આશાને,મોક્ષની આશાને,સુખ-દુઃખની આશાને અને એવી બીજી નાની-મોટી આશાઓને
ત્યજીને,તોફાન વિનાના સમુદ્રની જેમ સ્થિર થઈને રહો.
આત્મા જરા (વૃધ્ધાવસ્થા) અને મરણ થી રહિત છે,એવો નિશ્ચય કરીને-
તમે મન ને જરા-મરણની શંકાથી મેલું કરો નહિ.

આ જે દ્રશ્ય (જગતના) પદાર્થો છે-તેમને તમારો અને તમારો તેમની સાથે સંબંધ નથી,કારણકે-
દ્રશ્ય પદાર્થો -રજ્જુમાં કલ્પાયેલા સર્પ ની જેમ તુચ્છ છે.અને તમે સર્વથી ન્યારા અસંગ પરમાત્મા છો.
અજ્ઞાનથી ઉતપન્ન થયેલું,જગત મિથ્યા છે,છતાં સાચા જેવું પ્રતીત થાય છે-પણ-
તેમાં તમે બ્રહ્મ-બુધ્ધિ રાખશો-તો પછી તૃષ્ણા રહેવાનો સંભવ જ નથી.

હે,રામ,બીજું પણ આ પ્રસંગ ને લગતું કહું છું તે તમે સાંભળો.
વિચાર કરનારા પુરુષના મનમાં નીચે પ્રમાણે "વિસ્તીર્ણ આકારવાળા" ચાર પ્રકારના નિશ્ચયો થાય છે.

(૧) "હું પગ થી માથા પર્યંત માતા-પિતાનો જ બનાવેલો છું" એવો જે નિશ્ચય થાય છે-તે પહેલો નિશ્ચય છે.
આ નિશ્ચય ખોટા વિચારથી થયેલો હોવાથી -પુરુષને બંધન જ આપે છે.
(૨) "દેહ-ઇન્દ્રિય આદિ સઘળા પદાર્થો થી હું ન્યારો છું અને સૂક્ષ્મ થી પણ સૂક્ષ્મ છું"-તે બીજો નિશ્ચય છે.
આ નિશ્ચય જીવના (આત્માના) સ્વરૂપ ને શુધ્ધ જણાવનારો હોવાથી મોક્ષ આપનારો છે.
(૩) "હું જ અનંત પદાર્થોથી ભરેલા જગત-રૂપ છું અને અવિનાશી છું" -તે ત્રીજો નિશ્ચય છે.
આ નિશ્ચય શરીરમાં આત્મા-પણાની ભ્રાંતિ ને છોડાવી તે <u>"આત્માના વ્યાપક-પણા"</u>ને સિધ્ધ કરનારો-
હોવાને લીધે-મોક્ષ આપનાર છે.
(૪) "આ દેહાદિક અને સઘળું જગત એ કંઈ છે જ નહિ પણ તેઓથી રહિત જે અખંડ સત્તા-રૂપી પરબ્રહ્મ છે-તે હું છું"
એવો જે નિશ્ચય થાય છે તે ચોથો નિશ્ચય છે.આ નિશ્ચય સર્વ દૃશ્યોનો (જગતનો) બાધ કરીને
"પોતાના વાસ્તવિક-રૂપ"ને જણાવનારો હોવાથી-મોક્ષ ની સિધ્ધિ માટે જ છે.

હે,રામ,પહેલો નિશ્ચય,એ બંધન આપનારી તૃષ્ણા-વાળો છે,તેથી મલિન છે.
બાકીના ત્રણ નિશ્ચયો "શુધ્ધ- તૃષ્ણા" ના સંબંધ-વાળા છે,તેથી સ્વચ્છ છે-મોક્ષ આપનાર છે.અને
આ ત્રણ નિશ્ચયો જીવનમુક્ત પુરુષો માં જ હોય છે.
"જે સઘળું જગત છે તે જ હું છું" એવો ત્રીજા પ્રકારનો જે નિશ્ચય છે-તેનો સ્વીકાર કરવામાં આવ્યો હોય તો-
બુધ્ધિ કદી પણ ફરીવાર ઉદ્વેગ પામતી નથી.
આડે-ઉંચે-નીચે-બધે આત્મા નું જ સ્વરૂપ વ્યાપક છે-અને જે કંઈ છે-
તે આત્મા જ છે-એવો નિશ્ચય થાય તો બંધન થતું જ નથી.

ચોથા પ્રકારના નિશ્ચયમાં-સર્વથી રહિત જે પરમ-તત્વ અવશેષ (બાકી) રહે છે-તેને જ જુદાજુદા વાદીઓએ (વાદ વાળાઓએ) શૂન્ય-પ્રકૃતિ-માયા-બ્રહ્મ-વિજ્ઞાન-પુરુષ-ઇશાન-નિત્ય-આત્મા-વગેરે નામો આપેલાં છે.
"આ જે સઘળું જગત છે તે બ્રહ્મ જ છે અને તે બ્રહ્મ માં એક-પણું કે બે-પણું ક્યાંય નથી"
એમ જો નિશ્ચય રાખવામાં આવે તો-સઘળું જગત "અનુભવ-મય" જ થઇ જાય છે.
અને (જગતની) લેશ-માત્ર ભ્રાંતિ રહેતી નથી.

દ્વૈત (બે) રહિત "એક" પરમાત્મા જ "માયા ની લીલા" થી જગત-રૂપે બનીને -એક-પણા કે બે-પણા ના ભેદો થી પ્રતીત થાય છે,પણ વાસ્તવિક રીતે તે બ્રહ્મ માં બે-પણું નથી કે એક-પણું પણ નથી.કારણકે-
એક-પણું પણ બે-પણા ના "નિષેધ" ને માટે "કલ્પાયેલું" હોવાથી મિથ્યા જ છે.

પોતાનાં કે પરાયાં -પુત્ર-સ્ત્રી-વગેરે-અથવા આ સઘળું જગત (અથવા કોઈ કાર્ય) નષ્ટ થાય કે વૃધ્ધિ પામે-
તો પણ તેમાં તમે સુખ-દુઃખ ને ગ્રહણ કરો નહિ.તમે બ્રહ્મ-રૂપ જ છો,એટલે- તેથી તમે તમારા મનમાં
"સઘળું જગત બ્રહ્મ જ છે" એવી દૃઢ અદ્વૈત ની ભાવના રાખો.
અને-સાથે સાથે-બહાર વ્યવહારમાં ધર્મો ની વ્યવસ્થા માટે અદ્વૈતનો અનાદર પણ કરો !!
એટલે કે આ રીતે "દ્વૈતાદ્વૈતમય" (અનાસકત) થઈને રહો.

હે,રામ,આત્મા માં સાચું દ્વૈત સંભવતું નથી કારણકે તે આત્મામાં કલ્પાયેલું છે.
તેમ આત્મામાં એક-પણા-રૂપી સંખ્યા પણ સાચી સંભવતી નથી
કારણકે-તે પણ -બે-પણાનો નિષેધ કરવા માટે કલ્પાયેલા હોવાથી તે (આત્મા) દ્વૈત-રૂપ જ છે.
જેને (જે આત્માને) પોતાની સિધ્ધિમાં કોઈ પણ જાતની અપેક્ષા નથી,
એવું સર્વદા સત્ય-સ્વયં-પ્રકાશ આત્માનું સ્વરૂપ એકતા થી રહિત છે માટે તે "સર્વ-રૂપ" છે.અને દ્વૈત થી રહિત છે માટે "તે કંઈ પણ નથી" (શૂન્ય છે)-એમ પણ કહેવાય છે.
(નોંધ-અહી આત્મા (પરમાત્મા) નું અદ્વૈત-દ્વૈત અને શૂન્ય-પણું સિધ્ધ કર્યું છે)

આ દેહાદિક પણ નથી અને જગત પણ નથી જ,પરંતુ જે કંઈ છે તે સઘળું નિરાકાર-જ્ઞાનમાત્ર બ્રહ્મ જ છે.
આ જગત -કે જે પ્રત્યક્ષ દેખાય છે-તે તો બ્રહ્મ ના સાક્ષાત્કાર થી શાંત થઇ જનારું છે.
માટે તે સત નથી કે અસત પણ નથી-પરંતુ તે અનિર્વચનીય (વર્ણન ના કરી શકાય તેવું) છે. એમ તમે જાણો.
અને "અનુભવ-રૂપ-બ્રહ્મ" જે -"બ્રહ્મ" છે-તે જ તમે છો,તે જ હું છું અને તે જ આ જગત છે-એથી જુદું કંઈ પણ નથી-આવી રીતનો નિશ્ચય તમારા અંતઃકરણમાં સર્વદા વૃધ્ધિ પામેલો રહેજો.

## (૧૮) સંસારમાં રહેતો જ્ઞાની સંસારનાં દુઃખોથી પીડાતો નથી

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, સમાહિત (સમતા) મનવાળા અને કામ-લોભ આદિ કુદૃષ્ટિઓથી દુષિત નહિ થયેલા -
જીવનમુક્ત લોકો આ સંસારમાં લીલા થી વિચરે છે.(તેમનો સ્વભાવ નીચે પ્રમાણે હોય છે.)

જીવનમુક્ત થયેલો પુરુષ-આ સંસારમાં વ્યવહાર કરવા છતાં પણ,
(જીવન ની શરૂઆતમાં જન્મના દુઃખો-રૂપી -મધ્યમાં રોગ-વગેરે દુઃખો-રૂપી અને અંતમાં મરણ-વગેરે દુઃખો-રૂપી)
અત્યંત નિસ્સારપણાવાળી (કોઈ પણ સાર વગરની) જગત સંબંધી ગતિઓ ને હસવા યોગ્ય ગણે છે.

જીવનમુક્ત પુરુષ "પ્રાપ્ત થયેલાં સર્વ ઉચિત કાર્યો" કરતો હોય છે,શત્રુ-મિત્ર માં સમતા-વાળો હોય છે,
અને "ધ્યેય" (આગળ બતાવી છે તે) નામની વાસનાનો ત્યાગ કરીને રહેલો હોય છે.

તે સઘળી ચિંતાઓથી રહિત હોય છે,કોઇનું પણ અપ્રિય કરતો નથી. વિવેક-રૂપી આત્મ-પ્રકાશથી
આત્મ-સ્વ-રૂપ ને જોયા કરતો હોય છે અને પ્રબોધ (જ્ઞાન) રૂપી ઉપવનમાં રહે છે.

તે સર્વથી ન્યારા પરબ્રહ્મ-રૂપી પદને અવલંબે છે.(આધાર રાખે છે) શીતળ અંતઃકરણ વાળો હોય છે,
દુઃખથી ખેદ પામતો નથી અને સુખથી પ્રસન્ન થતો નથી.તેથી તે સંસારમાં તે પીડાતો (કે દુઃખી) થતો નથી.
સઘળા શત્રુઓ માં મધ્યસ્થ રહેનારો,દયાવાળો,ચાતુરીવાળો,અને પૂજ્ય-લોકોનાં સારાં કાર્યો કરી આપનારો,
જીવનમુક્ત પુરુષ સંસારમાં પીડાતો (કે દુઃખ) પામતો નથી.

જીવનમુક્ત પુરુષ કોઈની પ્રશંસા કરતો નથી,કોઈનો દ્વેષ કરતો નથી,કોઇનો શોક કરતો નથી,કશું ઈચ્છતો
નથી,થોડું બોલે છે,આવશ્યક કાર્યમાં આળસુ રહેતો નથી અને તેથી તે સંસારમાં પીડાતો (કે દુઃખ) પામતો નથી.
જીવનમુક્ત પુરુષ કોઈ પૂછે તો જ ચાલતા પ્રકરણ (તે સમયે ચાલતી વાત) વિષે યોગ્ય વાત કરે છે,
અને જો કોઈ ના પૂછે તો ઠૂંઠા ની માફક (મૂંગો) બેસી રહે છે.
તે ઉધમ કરતો નથી અને ઉધમ ત્યજી પણ દેતો નથી,અને તેથી તે સંસારમાં પીડાતો (કે દુઃખ) પામતો નથી.

જીવનમુક્ત પુરુષ સર્વ ને પ્રિય લાગે તેવું બોલે છે,કોઈ પણ આક્ષેપ કરે તો-તેનું ચાતુરીથી સમાધાન કરે છે.
તે સર્વ લોકો ના અભિપ્રાય ને સમજી જાય છે અને તેથી તે સંસારમાં પીડાતો નથી.
જેમ મનુષ્ય પોતાના હાથમાં રહેલા બીલાંને સ્પષ્ટ રીતે જાણે છે તેમ,જીવનમુક્ત પુરુષ -
જગત ને -"આ યોગ્ય છે અને આ યોગ્ય છે એવી  વિષમ-દ્રષ્ટિથી ઘેરાયેલું" અને
"આશાઓને લીધે દીનતા-ભરેલી ચેષ્ટાઓવાળું"  (એવું) સ્પષ્ટ રીતે જાણે છે.

પરમ-પદમાં આરૂઢ થયેલો જીવનમુક્ત પુરુષ જગતની ક્ષણ-ભંગુર સ્થિતિને -અંદર શીતળતા-વાળી બુદ્ધિથી,
જાણે હસતો હોય એમ જોયા કરે છે. હે,રામ,મન ને જીતનારા ને વ્યવહારમાં રહેવા છતાં આત્માનું અનુસંધાન
કર્યા કરતા (જીવનમુક્ત) મહાત્માઓનો સ્વ-ભાવ આવો હોય છે.એ મેં તમને કહી સંભળાવ્યું.

પોતાના મન ને નહિ જીતનારા ને ભોગ-રૂપી કાદવમાં ખૂંચી રહેલા મુર્ખ લોકોના સ્વભાવો તો બહુ વિચિત્ર હોય
છે-માટે તે સ્વભાવો નું અમે પૂર્ણ રીતે વર્ણન કરી શકીએ તેમ નથી.અને તે સ્વભાવો પૂર્ણ રીતે અમારા જાણમાં
પણ નથી.મુર્ખ લોકો ને ઘણું કરીને સ્ત્રીઓ ઉપર અને ધન ઉપર-વધારે પ્રેમ હોય છે.
માટે સ્ત્રીઓની અને ધન ની દુષ્ટતા વિષે હું તમને કહું છું તે તમે સાંભળો.

વિવેકના અભાવને લીધે,પૂર્વજન્મનાં પુણ્યો નો નાશ થવાને લીધે,અને ભવિષ્યનાં પુણ્યોમાં પ્રતિબંધ
આવવાને લીધે જ -મનુષ્યને -સ્ત્રીઓ રૂપાળી અને શણગારેલી લાગે છે.
ધન પણ પોતાના સંપાદનમાં,રક્ષણમાં,ખર્ચમાં,તથા નાશમાં-"અપાર પરિશ્રમ" (પરિશ્રમ નું દુઃખ) આપે છે,
તે અધર્મો ના સમૂહોને ઉત્પન્ન  કરાવે છે,કજિયા આદિ અનેક અનર્થોથી ખરાબી કરે છે,દુઃખ આપે છે અને
ચારે બાજુથી વિપત્તિઓ જ મોકલ્યા કરે છે.

મુર્ખ લોકો જે યજ્ઞ આદિ કર્મો કરે છે-તે તે કર્મો પણ સકામ જ હોય છે-તે કર્મો દંભ આદિથી તથા અનેક
દુરાચારોથી
ભરેલાં હોય છે-અને તેથી વારંવાર પુનર્જન્મ-વગેરેનાં સુખ-દુઃખો ભોગવ્યા કરે છે.
આ પ્રમાણે મુર્ખ લોકોના સ્વભાવો બહુ વિચિત્ર હોય છે.એટલા માટે અમે તેમનું સંપૂર્ણ વર્ણન આપી શકતા નથી.

હે,રામ,તમે "ધ્યેય" નામની વાસનાના ત્યાગથી "વિલાસ પામનારી પૂર્ણ-દ્રષ્ટિ" નો આશ્રય લો.અને
જીવનમુક્તપણાથી સ્વસ્થ રહીને લોકમાં વિહાર કરો.

હે,રામ, તમે મનમાંથી સઘળી આશાઓને (તૃષ્ણાને),રાગ (આસક્તિ) દ્વેષને અને વાસનાઓને ત્યજી દો-અને
"બહાર"થી સઘળા વ્યવહારને યોગ્ય આચરણ કરતા રહી (અનાસક્તિથી) આ લોકમાં વિહાર કરો.
તમે મન થી સર્વનો ત્યાગ કરી-પ્રૌઢ થઇને "બહાર" થી વર્ણાશ્રમ ના સદાચારો પાળો.
લોકો ને સંતોષ આપવા માટે તેમની પધ્ધતિને "યોગ્ય રીતે" અનુસરો-અને
નિર્લેપ (અનાસક્ત-કે લેપાયા કે આસક્ત થયા વિના) રહીને જગતમાં વિહાર કરો.
હે,રામ,સંસારની દશાઓનો તથા જ્ઞાનની ભૂમિકાઓનો સંપૂર્ણ રીતે વિચાર કરીને,જે ઉત્તમ પદ છે-
તેનું જ તમે ભાવનાથી અવલંબન (આધાર) કરો અને જગતમાં વિહાર કરો.

હે,રામ.તમે મનમાં આશાઓથી રહિત રહો અને બહારથી આશાવાળાના જેવી ચેષ્ટાઓ કરો.
તમે મનમાં અત્યંત શીતળ રહો,અને બહાર જાણે ધનાદિક -તાપ થી તપતા હો તેવો દેખાવ આપો.
અને આમ તમે જગમાં નિર્લેપ-પણાથી વિહાર કરો.

હે,રામ,તમે મનમાં કોઈ જાતનો ક્રોધ આદિનો વેગ રાખો નહિ,પણ બહારથી ક્રોધ-આદિ નો કૃત્રિમ વેગ દેખાડો.
તમે મનમાં અકર્તા રહો,બહાર કર્તા રહો અને નિર્લેપ રહીને જગતમાં વ્યવહાર કરો.
તમે વ્યવહાર-દૃષ્ટિ તથા પરમાર્થ-દૃષ્ટિ થી સર્વ પદાર્થોમાં જે કંઈ સાર-અસાર-પણાનો ફેરફાર છે-
તેને જાણી ચૂક્યા છો,માટે હવે જેમ તમને યોગ્ય લાગે તેમ જગતમાં સારા વ્યવહારથી વર્તો.

હે,રામ,તમે મનમાં વ્યવહારના અભિનિવેશ થી અત્યંત રહિત રહીને,બહારથી કૃત્રિમ શોકને,કૃત્રિમ ઉદ્વેગને,
કૃત્રિમ નિંદાને અને બીજા કાર્યોમાં પણ તેવો જ કૃત્રિમ વેગ દેખાડતા રહી,જગતમાં નિર્લેપ-પણાથી વિહાર કરો.
હે,રામ, તમે અહંકારનો ત્યાગ કરીને,બુધ્ધિને અત્યંત ધીરજ ભરેલી રાખી,અને આકાશની પેઠે નિર્લેપ રહીને,
કોઈ પણ જાતના કલંક નો ડાઘ ન લાગે તે રીતે જગતમાં વ્યવહાર કરો.
તમે મનમાં સઘળા આશાઓ-રૂપી પાશોથી છુટા રહી,સર્વ પ્રકારની વૃત્તિઓમાં સમાન બુધ્ધિ રાખી અને
બહારથી વર્ણાશ્રમ-સંબંધી ચાલતાં કાર્યોમાં તત્પર રહીને નિર્લેપ-પણાથી જગતમાં વિહાર કરો.

વાસ્તવિક વિચાર કરતાં,કોઈ પ્રાણીને બંધન થયું નથી અને બંધન-નહિ હોવાને કારણે,મોક્ષ પણ થતો નથી.
આ સંસારની સઘળી સ્થિતિ ઇન્દ્રજાળની પેઠે મિથ્યા જ છે,સઘળું જગત મોહ-માત્ર અને ભ્રાંતિમાત્ર છે,
આત્મા -એ-બંધન ના કોઇપણ જાતના સંભવ વિનાનો છે,એકરૂપ છે અને સર્વમાં વ્યાપક છે.
તેને વળી બંધન થવો કેમ સંભવે? આમ જો,બંધન સંભવતો નથી.તો મોક્ષ કોનો કરવામાં આવે?

આત્મા માં અજ્ઞાનથી થયેલી આ સંસાર-રૂપી મોટી ભ્રાંતિ,આત્મા ના યથાર્થ જ્ઞાનથી નાશ પામી જાય છે.
તમે એકાગ્રતા-વાળી સુક્ષ્મ-બુધ્ધિથી,પોતાનું પૂર્ણતત્વ જાણી ચુક્યા છો અને અહંકારથી રહિત થયા છો,માટે,
મિત્રોની તથા બાંધવો-આદિની સઘળી વાસનાઓને ત્યજી દો.શા માટે ખોટા પદાર્થોની વાસના રાખવી?

તમે વાસનાઓથી અલગ રહીને ધૈર્યવાન થયા છો-એમ અનુમાન થાય છે,
માટે હવે તમારે બ્રહ્મના સાક્ષાત્કારને માટે સૌથી પહેલાં જીવનમુક્ત ના વ્યવહારથી વર્તવું ઘટે છે.
"હું કેવળ આનંદ-સ્વ-રૂપ બ્રહ્મ જ છું" એવી જો ભાવના થઇ તો પછી તમને ભયની સાથે સંબંધ જ નહિ રહે.
"તમે પૂર્વ-જન્મોમાં પણ એના એ હતા,ભવિષ્યના જન્મોમાં પણ એના એ જ હશો અને આ વર્તમાન માં પણ
એના એ જ છો" એવો જો તમને નિશ્ચય હોય-તો જેમ હમણાં આ જન્મના નિકટના બંધુઓને પ્રાણ સમાન
ગણીને તેમનો શોક કરો છો,તેમ તમે પૂર્વજન્મના ઘણાઘણા બંધુઓનો શોક કરતા નથી?
સર્વ નો શોક કરવો એ બની શકે તેમ નથી,માટે કોઈનો પણ શોક કરવો યોગ્ય નથી.

હે,રામ,તમે "પૂર્વજન્મ માં અન્ય હતા,આ જન્મમાં અન્ય છો અને ભવિષ્યના જન્મ માં અન્ય થશો."
એવો જો તમને નિશ્ચય હોય તો-

"તમે બદલાતા આવ્યા તેમ સંસાર બદલાતો જ આવે છે." એમ સિધ્ધ થાય છે,
માટે કયા પદાર્થ ને સાચો ગણીને શોક કરો છો? અને કદાચ-
"તમે આગળ જન્મ્યા હતા,હમણાં પણ જન્મ્યા છો અને ભવિષ્યમાં હવે પછી જન્મવાના નથી"
એવો જો તમને નિશ્ચય હોય તો-પછી-"તમારો સંસાર ક્ષીણ થવા આવ્યો છે" એમ સિધ્ધ થાય છે.
તો પછી તમે શોક શા માટે કરો છો?

ઉપર કહેલા કોઇ પણ પક્ષમાં શોક કરવો પ્રાપ્ત થતો નથી.આમ,હે,રામ,જગત સંબંધી ચાલતા ક્રમમાં દુઃખ ધરવું યોગ્ય નથી અને પ્રસન્ન થવું પણ યોગ્ય નથી.પણ આવી પડેલા કાર્યને અનુસરવું એટલું જ યોગ્ય છે.
તમે સુખ કે દુઃખને માનો નહિ પરંતુ સર્વમાં સમતા ધારણ કરો-કેમ કે પરમાત્મા સર્વ-વ્યાપક (સર્વમાં)છે.

તમે અંત વિનાના છો,સાચા સ્વ-રૂપવાળા છો,આકાશની પેઠે વ્યાપક છો,પ્રકાશ-રૂપ છે અને નિત્ય સિધ્ધ છો.
તમારા સ્વ-રૂપમાં અજ્ઞાનનો કે દુઃખાદિક નો અવકાશ નથી.
તમે અદૃશ્ય છો છતાં,માળામાં પરોવાયેલ મણકાની પેઠે -જગતના સર્વ પદાર્થોમાં રહેલા છો.
એક જન્મ ધારણ કરીને બીજો જન્મ ધારણ કરવો અને પછી ત્રીજો જન્મ ધારણ કરવો -એમ વારંવાર જન્મ્યા કરવું એ-સંસારની પધ્ધતિ અજ્ઞાનીઓ માટે છે જ્ઞાની માટે નહિ.હે,રામ, તમે તો જ્ઞાની છો -માટે નિશ્ચિંત રહો.

હે,રામ,સંસારનું સ્વરૂપ અજ્ઞાનથી વધે છે,અને તે સ્વરૂપ નિરંતર દુઃખોનું કારણ છે,તે સત્ય નથી.
જેમ,સ્વપ્ન માં સ્વપ્ન સિવાય બીજો કશો પદાર્થ નથી-તેમ ભ્રમમાં ભ્રમ સિવાય બીજું શું રૂપ હોય?
આ જગતનું સ્વરૂપ ભ્રાંતિમાત્ર છે-છતાં પણ તે સ્વરૂપ (આંખોથી) સ્પષ્ટ જોવામાં આવે છે,
એ સર્વે શક્તિઓવાળા પરમાત્મા ની એક જાતની શક્તિ (માયા) જ છે.

જેમ જળના તરંગો નો સમૂહ નિરંતર ચાલ્યા જાય છે,
તેમ,છેદાઈ જતું,વીંખાઈ જતું અને પરસ્પર ના આશ્રય થી રહેતું,આ જગત નિરંતર ચાલ્યા જ જાય છે.
એક યોનિમાં રહેલા જીવો બીજી યોનિમાં અને એક દ્વીપમાં રહેલા લોકો બીજા દ્વીપમાં જાય છે.
નહિ માગનારા પુરુષો માગનારા થઇ જાય છે તો સદા માંગતા રહેતા પુરુષો કદીપણ ના માગે તેવા થઇ જાય છે.આમ ચડતી-ઉતરતી સેંકડો દશાઓરૂપી ભ્રાન્તિઓમાં સઘળાં પ્રાણીઓ ગોથાં ખાધા કરે છે.

આ સંસારમાં એક રૂપથી સ્થિર રહેનારો-સ્વચ્છ અને સંતાપ વિનાનો કોઈ પદાર્થ ક્યાંય જોવા મળતો નથી.
જે જે મોટા ભાગ્યશાળી અને ઘણા બંધુઓ વાળા લોકો હોય છે તે પણ કેટલેક દિવસે નષ્ટ થઇ ગયેલા જોવામાં આવે છે.આ સંસારમાં પરાયાપણું,અન્યપણું,તુંપણું,અને હુંપણું-વગેરે વાસનાઓ સાચી નથી.
હે,રામ, હવે તમારી "આ બંધુ છે,આ ઘર છે,આ હું છું,અને આ તું છે" વગેરે મિથ્યા દૃષ્ટિઓ ગલિત થઇ જાઓ.
તમે કોઈ આસક્તિ રાખો નહિ અને માત્ર ક્રીડાને માટે વ્યવહારમાં રહો.

તમે શત્રુ-મિત્ર વગેરે મિથ્યા વાસનાઓ ને અંતઃકરણમાંથી મૂળ સહિત કાપી નાખો અને
બહાર તેવા પ્રકારની "કૃત્રિમ-વાસના"ઓ દેખાડતાં (દેખાડીને) લીલા થી વિહાર કરો.
હે,ઉત્તમ નિયમોવાળા રામ,આ સંસારની પધ્ધતિમાં એવી રીતે વિહાર કરો કે-
તમે અજ્ઞાની મનુષ્ય ની જેમ વાસના ના બોજથી થાકી જાઓ નહિ.
જેમજેમ, વાસનાઓ નો ક્ષય કરનારો તમારો આ વિચાર વધતો જશે,
તેમતેમ,વ્યવહાર સંબંધી કાર્યો શાંત થતાં જશે.

જેઓ હલકા ચિત્ત-વાળા છે તેઓ જ "આ બંધુ છે અને આ બંધુ નથી" એવી ભેદ-દૃષ્ટિ રાખે છે,જયારે
ઉદાર ચિત્તવાળા પુરુષોની તો પોતાની બુધ્ધિ આવરણ-રહિત થયેલી હોવાથી,સર્વમાં સમ-દૃષ્ટિ જ રાખે છે.

"જેમાં હું નથી તેવું કંઇ પણ નથી,અને જે મારું નથી તેવું પણ કંઇ નથી"
એવી રીતે પાકો નિશ્ચય કરી લઈને,મહાત્માઓ સમ-દૃષ્ટિ થી જ વર્તે છે.
જ્ઞાની પુરુષ-"સ્વ-રૂપ ના જ્ઞાનથી" આકાશ ના જેવો વ્યાપક હોવાને લીધે,અસ્ત પામતો નથી કે ઉદય પામતો નથી.આત્મ-સ્વરૂપમાં રહેલો મનુષ્ય હર્ષ-શોક વગરનો થઈને સર્વ જગતને જોયા કરે છે.

હે,રામ,આ અનાદિ સંસારમાં અનેક યોનિઓમાંતમારા જન્મો થઇ જવાને લીધે-સઘળા પ્રકારની જાતિઓ,
(અનુક્રમથી) તમારા બંધુપણાના સંબંધ માં આવી ગયેલી છે.
આ જગતમાં વિચિત્ર પ્રકારના કરોડો જન્મો ની ગરબડ થયા કરે છે,એમાં "આ બંધુ છે અને આ બંધુ નથી"
એવી જે ભેદ-દૃષ્ટિ થાય છે-તે કેવળ ભ્રાંતિ-દશાનો ચમત્કાર જ છે.
વાસ્તવિક રીતે જોવામાં આવે તો આ સઘળું ત્રૈલોક્ય લાંબા કાળથી (જીવપણા ની દૃષ્ટિએ) બંધુ છે
અને,(બ્રહ્મપણાની દૃષ્ટિએ) બંધુ નથી.

## (૧૯) પુણ્ય અને પાવન નામના બે ભાઈઓનું આખ્યાન

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આ પ્રસંગમાં ગંગાના કિનારે રહેતા બે ભાઈઓ (બે મુનિપુત્રો) વચ્ચેના સંવાદ-રૂપે
એક જુનો ઈતિહાસ કહેવામાં આવે છે."આ બંધુ છે અને આ બંધુ નથી"
એ વાતના પ્રસંગથી,મારા સ્મરણમાં આવેલો આ આશ્ચર્યકારક પવિત્ર ઈતિહાસ તમે સાંભળો.

જંબુદ્વીપના કોઇ ગિરિકુંજમાં મહેન્દ્ર નામનો એક પર્વત છે.તે ઊંચાઊંચા વનોના સમૂહો થી સુશોભિત છે.
અને તેનાં કલ્પવૃક્ષોની છાયામાં મુનિઓ અને કિન્નરો વિશ્રામ લે છે.
એ પર્વતના એક મનોહર અને વિસ્તીર્ણ શિખર ઉપર મુનિઓએ સ્નાન-પાન માટે આકાશગંગાને ઉતારી છે.
તે ગંગા ના તીર પર "દીર્ઘતપા" નામનો મુનિ પોતાની સ્ત્રી અને પુત્રો સાથે રહેતો હતો.
તે મુનિને બે પુત્રો હતા.તેમાં મોટાનું નામ "પુણ્ય" અને નાનાનું નામ "પાવન" હતું.

મોટો પુત્ર પુણ્ય,એ ગુણોથી પણ મોટો અને જ્ઞાનવાન થયો હતો,જયારે નાનો પાવન અર્ધો જાગ્રત થયો હતો,
એટલે કે મૂર્ખતામાંથી નીકળ્યો હતો પણ પરમપદને પહોંચ્યો ન હતો.
એથી જાણે તે અધવચ હિલોળા લેતો હોય તેવી સ્થિતિમાં હતો.
આયુષ્યને જીર્ણ કરી દેનારો સો વર્ષોનો સમય વીતી ગયો-ત્યારે મુનિ-અને તેની પત્નીએ દેહત્યાગ કર્યો.
માતાપિતા ના મરણ બાદ "પુણ્ય" શોકથી રહિત થઈને તેમની પાછળ કરવાના કર્મોમાં લાગી ગયો.
પણ "પાવન" માત-પિતાના મરણ નું બહુ દુઃખ ધરવા લાગ્યો.

શોકથી દુષિત થયેલા ચિત્તવાળો પાવન-એ પોતાના મોટાભાઈની ધીરજ સામે જોતો નહોતો,
અને વિલાપ કરીને વનની ઝાડીઓમાં ફરવા લાગ્યો.ત્યારે મોટાભાઈ પુણ્યે પોતાના ભાઈને કહ્યું કે-

હે,ભાઈ,તું શા માટે આવો ગાઢ શોક કરે છે? આ શોક ભયંકર અને કેવળ આંધળાપણું જ આપનાર છે.
આપણા માતા-પિતા મોક્ષ નામની પરમાત્માની -એ જ "પોતાની પદવી" ને પામેલા છે,
કે જે પદવી,પ્રાણીઓના અધિષ્ઠાન-રૂપ છે.અને બ્રહ્મવેત્તાઓના સ્વરૂપ-ભૂત છે.
આમ,જે "સ્વ-રૂપ"ને પામેલા છે-તેમનો તું શા માટે શોક કરે છે?

તેં આ સંસારમાં મોહથી ઉત્પન્ન થયેલી,કેમ એવી ભાવના બાંધી છે કે-
જેનાથી -તું-શોક નહિ કરવા યોગ્ય (અશોચ્ય) માતપિતાના મરણનો શોક કરે છે.
અનેક જન્મોમાં તારાં અનેક માબાપ થઇ ગયા છે માટે તારી એ જ મા હતી,અને તે જ પિતા હતો તેમ નથી.
તેમ જ અનેક જન્મમાં અસંખ્ય પુત્રો થઇ ગયા છે,એટલે આપણે બે જ પુત્રો છીએ એમ પણ નથી.

આ જગત-રૂપી ભ્રમમાં "આ મા છે,આ બાપ છે,આ પુત્ર છે" એવી ખોટી જ ખટપટ ઉભી થયેલી છે.
હે,ભાઈ,વાસ્તવિક રીતે જોતાં,તારા કોઈ મિત્રો-બાંધવો વગેરે મુદ્દલે છે જ નહિ.
જેમ, બહુ તપી ગયેલા નિર્જળ દેશમાં પાણી ની છાંટો હોવાનો પણ સંભવ નથી-
તેમ,અદ્વૈત પરબ્રહ્મમાં નાશ થવાનો કે તેમાં તેનો અંશ પણ હોવાનો સંભવ નથી.

હે,ભાઈ,છત્રો અને ચામરોથી ચળકતી આ જે રાજ્ય-આદિ-લક્ષ્મીઓ જોવામાં આવે છે-
તે એક જાતનું સ્વપ્ન જ છે અને તે બે-પાંચ દિવસ (થોડો કાળ) જ રહેનારી છે.(તેથી તે અસત્ય છે)
માટે તું પરમાર્થ દૃષ્ટિથી "સત્ય" વસ્તુનો વિચાર કર.
વાસ્તવિક રીતે જોતાં-તું પણ નથી કે હું પણ નથી.માટે તું "તારા-મારા" ની ભ્રાંતિ ને ત્યજી દે.
"આ જતો રહ્યો કે આ મરી ગયો"એવા ખોટા વિચારો પોતાના સંકલ્પ-માત્ર-રૂપી-સન્નિપાતમાંથી જ ઉઠીને
આગળ ખડા થયેલા જોવામાં આવે છે.એટલે -એ વિચારોમાં કોઈ પણ સત્યતા નથી.

"અજ્ઞાન-રૂપી-તડકા" થી છવાયેલા "આત્મા-રૂપી-મરુદેશ"માં (રણ પ્રદેશમાં) આ ચપળ અને અનંત રૂપોવાળું,
"પોતાના-સંકલ્પ-રૂપી-વાસના નામનું-ઝાંઝવાનું જળ" એ "શુભાશુભ-યોનિઓ-રૂપી-તરંગો"થી નાચ્યા કરે છે.

**<u>(૨૦) પુણ્યે,પાવનને અનેક જન્મો ની વાત કહી</u>**

પુણ્ય કહે છે કે-હે,ભાઈ,પિતા કોણ છે? માતા કોણ છે? મિત્ર કોણ છે અને બાંધવો કોણ છે?
પિતા,માતા,મિત્ર,શત્રુ,બાંધવો-આદિ "માણસો-રૂપી-રજ ની કણી"ઓ કેવળ,ભ્રાંતિ-રૂપી વંટોળ થી જ ઉઠયા કરે છે.તેમના પ્રત્યે સ્નેહ (આસક્તિ), દ્વેષ કે મોહ-વગેરેની દશાની મોટી ખટપટ પોતે કરેલી ભાવનાથી જ વિસ્તારવાળી થાય છે. ઝેરના કીડાઓ -ઝેરમાં અમૃત ની ભાવના કરે છે,તો તેઓને ઝેર એ અમૃત સમાન થાય છે.માટે એ સિધ્ધ થાય છે કે-ભાવના જ જગતની સ્થિતિ નું કારણ છે.

આત્મા એક જ છે-અને સર્વવ્યાપક છે
તો તેમાં "આ બંધુ છે અને આ બીજો છે" એવી કલ્પના,ભ્રાંતિ વગર ક્યાંથી આવવી ઘટે?
હે,ભાઈ, "લોહી,માંસ અને હાડકાં ના સમૂહમય આ જડ દેહ-રૂપી પિંજર થી જુદો-ચેતનવાળો હું કોણ છું?"
એમ તું પોતે જ પોતાના ચિત્તથી વિચારી જો.

વાસ્તવિક રીતે જોઈએ તો,તું પણ કોઈ નથી અને હું પણ કોઈ નથી.
"આ પુણ્ય છે અને આ પાવન છે" (બંને ભાઈઓ) વગેરે રૂપે મિથ્યા જ્ઞાન જ રૂઢ થાય છે.
તું અનંત -વ્યાપક- વિસ્તારવાળું બ્રહ્મ-તત્વ જ છે.તો તારો પિતા કોણ હોય? કે માતા કોણ હોય?
બંધુ કોણ હોય કે શત્રુ કોણ હોય? તારે પોતાનું શું હોય? કે પરાયું શું હોય? એ તું જ કહે.

તારા આ જન્મ ઉપરાંત બીજા ઘણા ઘણા જન્મો થઇ ગયા છે,તેમાં પણ તું -એનો એ જ હતો,તો પછી,
જે બંધુઓ અને વૈભવો તે જન્મોમાં હતા,તે સર્વે નો તું શા માટે શોક કરતો નથી?
હે,ભાઈ,તારા ઘણાઘણા જન્મોમાં,આ જગતમાં સેંકડો માતાઓ.પિતાઓ.બંધુઓ અને મિત્રો વ્યતીત થઇ ગયા,
તો તેઓમાંથી કોનો શોક કરીએ અને કોનો ન કરીએ?
જગતની સ્થિતિ જ આવી છે -તો પછી, કોઈનો ય અત્યંત શોક શા માટે કરવો જોઈએ?

આ સંસારમાં અવતરતા માણસોને જંગલી ઝાડનાં પાંદડાંની જેમ,પિતાઓ-માતાઓ-અનંત થઇ જાય છે.
જો- આમ છે તો સંસારમાં દુઃખનું અને સુખનું શું પ્રમાણ છે? માટે જ-હવે આપણે સઘળા શોકને છોડી દઈને
સ્વસ્થ-પણા થી રહીએ.મનમાં "હું" એવા આકારથી રહેલી સંસારની ભાવના છોડી દઈને,આત્મવેત્તા પુરુષો જે
ગતિને પ્રાપ્ત થાય છે,તે ગતિને તું પણ પ્રાપ્ત થા.તારું ભલું થાઓ.

બુધ્ધિમાન પુરુષો,આ સંસારમાં "ચડતી-ઉતરતી-સ્થિતિઓ-રૂપી-અવિચ્છીન-ભ્રમણ" ને મિથ્યા સમજે છે.
અને મનમાં તેની કોઇ ખટપટ રાખતા નથી.તેઓ તો કેવળ નિરાભિમાન-પણાથી જ વ્યવહાર કરે છે.
તારો આત્મા સુખ-દુઃખથી રહિત છે,અને જરા-મરણ થી રહિત છે,
માટે,તું એકાગ્ર થઈને તેનું (આત્માનું) જ સ્મરણ કર,અને મૂઢ મનવાળો થા નહિ.
હે,સારી બુધ્ધિવાળા,તને દુઃખ પણ નથી અને જન્મ પણ નથી,માતા પણ નથી અને પિતા પણ નથી.
તું દેહાદિક-રૂપ તુચ્છ પદાર્થ નથી,તું તો "આત્મા" જ છે.

આ સંસાર-રૂપી નાટકમાં અનેક પ્રકારની ચેષ્ટાઓ કરનારા "મૂર્ખ-લોકો-રૂપી-પાત્રો" જ
"દેહાદિક-રૂપી-વેશ"ના રસથી સંયુક્ત (ઓત-પ્રોત) થઇ જાય છે.
પણ મધ્યસ્થ દૃષ્ટિવાળા,આત્મસ્વરૂપ ના અનુસંધાન થી રહેનારા,
અને આવી પડેલાં કાર્યો ને જ કરનારા (મહાત્માઓ-રૂપી-જોનારાઓ) તો સાક્ષી-પણાની પધ્ધતિથી જ રહે છે.

જેમ,સાયંકાળના દીવાઓ-માત્ર સામીપ્ય ને લીધે જ પ્રકાશના કર્તા હોવા છતાં
પણ વ્યાપારથી રહિત (પ્રકાશ ફેલાવવો તે તેમનો વ્યાપાર નથી) હોવાને લીધે,અકર્તા જ છે,
તેમ, આત્મવેત્તા લોકો શરીરના વ્યવહારથી કરતા હોવા છતાં પણ
મનમાં અભિનિવેશથી રહિત (મનથી તે કાર્ય કરતા ના હોવાને લીધે) હોવાને લીધે અકર્તા જ છે.

જેમ,દર્પણ અને રત્ન આદિ પદાર્થોમાં પ્રતિબિંબોનું ગ્રહણ કરવા છતાં,પોતે પોતામાં પ્રતિબિંબિત થતા નથી,
તેમ,આત્મવેત્તા પુરુષો શરીરથી સઘળાં કાર્યો કરવા છતાં પણ શરીરમાં આસક્તિ રાખતા નથી.
હે,ભાઈ,તું મન ને સઘળી તૃષ્ણાઓ-રૂપી-કલંક થી રહિત કરી દે.તેને આત્મ-મનન કરવાની બહુ ટેવ પાડ,અને,
એને (એ મન ને) હૃદય-કમળમાં આત્માથી જુદી સત્તાવાળું ધાર.
આમ સઘળા સંભ્રમને સંપૂર્ણ રીતે ત્યજી દઈને તું પોતામાં જ સંતોષ ધારણ કર.

## (૨૧) તૃષ્ણા-આશાનો ક્ષય થાય એજ મોક્ષ છે

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,તે સમયે પુણ્યે,પાવનને આમ સમજાવ્યો,એટલે તે જ્ઞાન-યુક્ત થયો.
પછી કોઈ નિંદાને પાત્ર-રૂપ નહિ થયેલા,એ બંને ભાઈઓ જ્ઞાન અને અનુભવના પાર ને પહોંચ્યા,
શરીરના પ્રારબ્ધ નો ક્ષય થવા સુધી,તેઓ જીવનમુક્ત-પણાથી વનમાં ફર્યા,
પછી કેટલાક કાળે પ્રારબ્ધ નો સંપૂર્ણ ક્ષય થયો,ત્યારે -
જેમ,તેલથી રહિત થયેલા દીવાઓ શાંત થઇ જાય તેમ,એ બંને ભાઈઓ નિર્વાણ પદને પ્રાપ્ત થયા.

હે,રામ,આ પ્રમાણે પૂર્વે ભોગવેલા દેહોના સંબંધીઓ-આદિ-અસંખ્ય હોય છે,તો તેમાંથી કોનો શોક કરવો?
માટે આ અનંત તૃષ્ણાઓ નો ત્યાગ કરવો એ જ સુખ નો ઉપાય છે.
તૃષ્ણાઓને વિષયોના સંપાદનથી વધારવી એ સુખ નો ઉપાય નથી.

જેમ,અગ્નિમાં લાકડાં પડવાથી અગ્નિ વધતો જાય છે-તેમ,ચિંતવન કરવાથી ચિંતા વધતી જાય છે.અને,
જેમ લાકડાં નહિ પડવાથી અગ્નિ શાંત થઇ જાય છે-તેમ,ચિંતવન નહિ કરવાથી ચિંતા નષ્ટ થઇ જાય છે.
હે,રામ, તમે "ધ્યેય" નામની વાસના (આગળ ૧૬ મા પ્રકરણ માં કહેલી) ના ત્યાગ-રૂપી રથમાં બેસીને,
કરુણાથી ભરેલી ઉદાર દૃષ્ટિ થી દીન-લોકોની સામે જોઇને-ચાલતો વ્યવહાર કરવા માટે સજ્જ થાઓ.

જીવનમુક્ત સંબંધી,આ સ્વચ્છ અને "નિષ્કામ-પધ્ધતિ" મેં તમને કહી.

જે પુરુષ વિચક્ષણ હોય નહિ,તે પણ જો આ પદ્ધતિ (નિષ્કામ) થી ચાલે-તો-તે કોઈ રીતે મૂંઝાય જ નહિ.
જે પુરુષ,એક "વિવેક-રૂપી-મિત્ર" અને એક "પ્રૌઢ-બુદ્ધિ-રૂપી-સખી" ને સાથે રાખીને વ્યવહાર કરે છે,
તે પુરુષ ગમે તેવા સંકટો માં પણ મૂંઝાતો નથી.

સઘળી "તૃષ્ણાઓ"નું નિવારણ કરનારા-અને બાંધવોમાં થતી "મમતા"ને ગળચી પકડીને કાઢી મુકનારા--
"પોતાના ધૈર્ય" (ધીરજ) વિના બીજું કોઈ સંકટમાંથી ઉગારી શકે તેમ નથી.
આપત્તિઓના વિનાશ કરવાને માટે,"વૈરાગ્ય" રાખીને,"શાસ્ત્ર નો અભ્યાસ કરીને" અને "પ્રૌઢતા" વગેરે
ગુણોનું સંપાદન કરીને પણ,મન ને પ્રયત્ન-પૂર્વક,પોતાના હાથ થી જ વિષયો-રૂપી ખાડામાંથી કાઢવું.

વિષયો ની તૃષ્ણા ના ત્યાગ-રૂપી -મહત્તાને પ્રાપ્ત થયેલા મન થી જે ફળ (સુખ-શાંતિ) મળે છે-
તેવું ફળ,ત્રૈલોક્યના રાજ્ય થી પણ મળતું નથી,અને રત્નો થી ભરપૂર ભંડાર (લક્ષ્મી) થી પણ મળતું નથી.

જેમનું મન સંતાપોથી રહિત થઇ ગયું હોય છે,
તે પુરુષો,સારી-નરસી આશાઓ-રૂપી-ધક્કાઓથી આ જગત-રૂપી-ખાડાના પેટમાં પડતા નથી.
જેમ,જેણે પગરખાં પહેર્યાં હોય,તે પુરુષને,સઘળી પૃથ્વી ચામડાથી મઢાયેલી જણાય છે-
તેમ,જેનું મન બ્રહ્માનંદ-રૂપી-અમૃતના ઝરાઓથી ભરપૂર થયેલું હોય,તે પુરુષને સઘળું જગત,
બ્રહ્માનંદ-રૂપી-અમૃતના ઝરાઓથી ભરપૂર જ જણાય છે.

વૈરાગ્ય થી જ મન પૂર્ણ-પણાને પામે છે,પણ આશા (સ્પૃહા) ઓને વશ રહેવાથી તે પૂર્ણપણાને પામતું નથી.
જેમ,તળાવ નો કાદવ,શરદ-ઋતુને લીધે ઊંડી ખાડ જેવો થઇ જાય છે-
તેમ,મન આશાને લીધે ઊંડી ખાડ જેવું થઇ જાય છે અને તેના કામ-ક્રોધ-આદિ દુર્ગુણો સપષ્ટ જણાઈ આવે છે.
સ્પૃહા (આશા) થી રહિત થયેલા મનમાં જેવી શીતળતા થાય છે-તેવી શીતળતા ચંદ્રમાં પણ નથી,
હિમાલયની ગુફામાં પણ નથી,કેળમાં પણ નથી કે ચંદન ના વનોમાં પણ નથી.
સ્પૃહા થી રહિત થયેલું મન જેવું શાભે છે,તેવો પૂર્ણ-ચંદ્ર પણ શોભતો નથી,
તેવો ભરપૂર ક્ષીર-સાગર પણ શોભતો નથી અને તેવું લક્ષ્મીનું મુખ પણ શોભતું નથી.

જેમ,વાદળાં ની પંક્તિ ચંદ્રને મલિન કરી દે છે,તેમ,આશા-રૂપી-પિશાચણી,મનુષ્યના મન ને મલિન કરી દે છે.
ચિત્ત-રૂપી-મોટા-વૃક્ષ ની આશાઓ-રૂપી-શાખાઓ-સઘળી દિશાઓને ઢાંકી દેનારી છે,
જો તેઓ (શાખાઓ) કપાઈ જાય તો-ચિત્ત-રૂપી-મોટું-વૃક્ષ ઠૂંઠાપણાને પ્રાપ્ત થાય છે.
જો અતૂટ "ધીરજ" થી આ રીતે ચિત્ત-રૂપી-વૃક્ષ નો નાશ કરવામાં આવે તો-નાશ-રહિત પદની પ્રાપ્તિ થાય.

હે,રામ,તમે ઉત્તમ "ધૈર્ય" (ધીરજ) રાખીને,ચિત્તની "વૃત્તિઓ-રૂપી-આશા"ઓને ઉગવા જ દો નહિ-
તો તમને સંસાર નો ભય છે જ નહિ.
તમારું ચિત્ત જયારે વૃત્તિઓથી રહિત થઈને અ-ચિત્ત-પણાને પ્રાપ્ત થશે,
ત્યારે તમે પોતામાંજ -મોક્ષ-મય-વિસ્તીર્ણ-સત્તા ને પ્રાપ્ત થશો.
હે,રામ, ચિત્ત-રૂપી-ઘરમાં જો તૃષ્ણા-રૂપી-ઘુવડની માદા ગરબડ કર્યા કરતી હોય તો-
સઘળાં અમંગલો અત્યંત વિસ્તાર પામે છે.

જે ચિંતવન (મનન) છે તે જ ચિત્ત (મન)ની વૃત્તિ છે-એમ કહેવામાં આવે છે.
એ ચિંતવન -આશાથી જુદું નથી,તેથી તમે-ચિત્ત (મન) ની "વૃત્તિ-રૂપી-આશા"નો ત્યાગ કરી નિશ્ચિંત થાઓ.
જેની જે વૃત્તિ (જેમ કે ચિત્ત ની વૃત્તિ) હોય-તેની તે વૃત્તિ નો જો અભાવ થાય તો તે તેનો ક્ષય (નાશ) જ છે.
એટલા માટે ચિત્ત નો ક્ષય કરવા "ચિત્ત ની વૃત્તિ" નો ક્ષય કરો.

હે,મહાત્મા-રામ,તમે સઘળી તૃષ્ણાઓને શાંત કરીને -એટલેકે આશા નામના ભવ-બંધન ને તોડી નાખીને,
જીવનમુક્ત થાઓ.મનમાં રહેનારી નીચ આશાઓ જ આત્માને બેડીની જેમ બંધન ના કારણ-રૂપ થાય છે.
જો આશાઓ ગલિત થઇ જાય તો-કોણ મુક્ત ના થાય?

## (૨૨) બલિરાજા નું આખ્યાન -બલિરાજાએ કરેલો વિચાર

વસિષ્ઠ કહે છે કે-અથવા-(નોંધ-આગળના પ્રકરણમાં બતાવ્યા મુજબ -આશાઓને ગલિત કરવાનું કહ્યું છે)
હે,રામ, તમે બલિરાજાની પેઠે અકસ્માત "વિચાર"ના ઉદયથી નિર્મળ જ્ઞાનને પ્રાપ્ત થાઓ.

રામ કહે છે કે-હે,ભગવન,તમારી કૃપાથી હું હૃદયમાં સર્વાત્મક બ્રહ્મને પ્રાપ્ત થઇ ચૂક્યો છું.
અને મને એ નિર્મળ-પદમાં વિશ્રાંતિ મળી છે.મારા મનમાંથી તૃષ્ણા-રૂપી મોટો અંધકાર જતો રહ્યો છે.
હું હવે પૂર્ણ-ચંદ્રની જેમ-જ્ઞાનથી ભરપૂર,સ્વસ્થ,શીતળતાવાળો,મોટા પ્રકાશવાળો,બ્રહ્માનંદ-વાળો થઈને,
સ્વ-રૂપમાંજ રહ્યો છું.આમ છતાં,હે,ગુરુ મહારાજ,આપનાં વચનો સાંભળીને હું તૃપ્ત જ થતો નથી.
માટે હજી પણ મારા જ્ઞાનની વૃદ્ધિ માટે,આપ બલિરાજાને જે પ્રકારથી જ્ઞાનની પ્રાપ્તિ થઇ હોય -
તે પ્રકાર-મને કહી સંભળાવો.સદગુરુઓ,નમ્ર શિષ્યને બોધ આપવામાં,પરિશ્રમ ને ગણકારતા નથી.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,તમને હું બલિરાજાનું ઉત્તમ વૃત્તાંત કહું છું તે તમે સાંભળો.
આ બ્રહ્માંડ ની અંદર "કોઇ દિશા-રૂપી-નાની-કુંજ"માં,પૃથ્વી ની નીચે,"પાતાળ" નામનો એક લોક છે.
કે જે દાનવો અને દાનવ-કન્યાઓથી ભરપૂર છે.અને ત્યાં દૈત્યો નો મોટો રાજકારભાર ચાલ્યા કરે છે.
એ પાતાળમાં વિરોચન નો પુત્ર "બલિ" નામનો દાનવ રાજ્ય કરતો હતો.

બ્રહ્માંડો-રૂપી-રત્નો ના ભંડાર-રૂપ,સર્વ પ્રાણીઓના રક્ષક અને ત્રૈલોક્યના પાલક-વામનજી (વિષ્ણુ નો અવતાર)
ભગવાન એ બલિરાજાનું પાલન (અને રક્ષણ) કરતા હતા.(નોંધ-ભાગવતમાં આની કથા છે)
આ બલિરાજા બહુ પ્રતાપી હતો,અને ઇન્દ્ર-વગેરે લોકપાલોને તેણે રમતમાત્રમાં જીતી લીધા હતા.
અને એણે દશ કરોડ વર્ષ સુધી રાજ્ય કર્યું.અનેક યુગો વીતી ગયા- ત્યારે,દાનવોના આ રાજા ને ભોગોમાં
અરુચિ ઉત્પન્ન થઇ.અને આમ થતાં તે પોતાના મહેલના ગોખમાં બેઠે બેઠે પોતાની મેળે જ
સંસાર ની સ્થિતિ પર નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યો.

"મારી શક્તિ શત્રુઓથી કુંઠિત જ થતી નથી,પણ મારે આ ચક્રવર્તી રાજય કેટલા દિવસ સુધી કરવું?
ત્રૈલોક્યમાં મારે કેટલા દિવસ સુધી વિહાર કરવો? ત્રૈલોક્ય ને આશ્ચર્ય આપનારો અને ઘણા ભોગોથી મનનું
આકર્ષણ કરનારો આ મારો મોટો દેશ ભોગવવાથી મને શું ફળ પ્રાપ્ત થશે?
ભોગો નો આ સંપૂર્ણ ઉપભોગ ઉપરઉપરથી મીઠો લાગે એવો છે,
પણ અંતે નાશ પામીને મહાદુઃખ આપે એવો છે.તે મને શું સુખ આપે છે?
રોજ રોજ વળી-પાછો દિવસ ઉગે છે,રોજરોજ વળી રાત્રિ પડે છે,અને વળી પાછાં
એનાં એ જ કાર્યો કરવામાં આવે છે.વારંવાર એનાં એ જ કાર્યો કરવાથી લજ્જા પામવી જ યોગ્ય છે,
રાજી થવું એ યોગ્ય નથી.

ફરીફરીને કાંતા (સ્ત્રી) ને  આલિંગવી અને ફરીફરીને તેને ભોગવવી-
એ તો બાળકના જેવી રમત જ કહેવાય,માટે મહાત્મા પુરુષોએ તો એથી લજાવું જોઇએ.
ભોગવાઇ ભોગવાઈ ને તુરત જ સ્વાદ-રહિત થઇ જતા એવા,
તેના તે ભોગોને દિવસે દિવસે વારંવાર ભોગવવાથી સમજુ પુરુષ શા માટે લજવાય નહિ?
રાત્રિ-દિવસ આવે ને જાય છે,અને એનાં એ જ કાર્યો કરવામાં આવે છે,
તો હું ધારું છું કે એ રીતે વારંવાર ચૂંથણાં કરવાં એ તો સમજુ પુરુષને ઉપહાસ કરાવનાર છે.

અને આવાં નિત્ય વારંવાર થતાં એવાં કાર્યો થી એવું કયું ફળ પ્રાપ્ત થાય એમ છે ?
કે-તે પ્રાપ્ત થયા પછી બીજી (કે ફરીથી) કાંઇ કડાકૂટ જ કરવી પડે નહિ?
આ લોકનાં અને પરલોકનાં સુખને માટે કર્મોની આ મોટી ખટપટ મારે કેટલા કાળ (સમય) સુધી કર્યા કરવી?
અને એ કરવાથી કયું અવિનાશી ફળ મળે તેમ છે?
આ તો અંત વિનાની છોકરાં ની રમત જ જણાય છે.કે જેનું પરિણામ જોતાં કંઈ સાર નથી.

જેમને દુઃખોના સમૂહોમાં પડવાની ઇચ્છા હોય,તેઓ જ આ વ્યર્થ રમતની વારંવાર પુનરાવૃત્તિ કર્યા કરે છે.
આ કડાકૂટમાં મને કોઈ એકેય એવું અતિ ઉત્તમ ફળ જોવામાં આવતું નથી કે-
તે ફળ પ્રાપ્ત થયા પછી,બીજું કશું કરવાનું બાકી રહે જ નહિ.
આ કડાકૂટમાં માત્ર ભોગ ભોગવવાનું જ સુખ મળે છે,અને તે સુખ તો ક્ષણિક છે,અને તુચ્છ છે.
એથી કાંઇ બીજા પ્રકારનું (કે મોક્ષનું) અવિનાશી સુખ મળે તેમ નથી.
(બલિરાજા વિચારે છે કે) તો હવે હું વિચાર કરી જોઉં-કે અવિનાશી સુખ શું છે? અને તે કેમ મને મળે?

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આમ વિચારીને બલિરાજા તરત એકાગ્ર થઈને ચિંતવન કરવા લાગ્યો.
મનમાં વિચાર કરતાં સ્મરણ પ્રાપ્ત થવાથી (યાદ થવાથી) તે પોતાના મન-મનમાં જ બોલ્યો કે-
"હા,મને યાદ આવ્યું.જગતની પૂર્વાપર પદ્ધતિને જોઇ લેનારા અને
આત્મતત્વને જાણનારા મારા મહાત્મા પિતા વિરોચન ને મેં પૂર્વે પૂછ્યું હતું કે-

'જેમાં સંસાર સંબંધી સઘળાં દુઃખોની અને સુખોની સઘળી ખોટી કડાકૂટો શાંત થઇ જાય,
તેવો સંસાર નો અંત ક્યાં કહેવાય છે? હે,પિતા,મન નો મોહ કયા સ્થળમાં શાંત થાય છે?
સઘળી તૃષ્ણાઓ કયા સ્થળમાં ટળી જાય છે?અને પુનરાવૃત્તિ વિનાની અખંડ વિશ્રાંતિ કયા સ્થળમાં મળે છે?
કયું સ્થળ પ્રાપ્ત થાય તો-આ સંસાર સંબંધી વિષયોમાંથી મળવાના સુખમાં તૃપ્તિ થઇ જાય? અને
કયું સ્થળ જોવામાં આવે તો-બીજું કંઈ જોવાનું રહે નહિ?

આ સંસાર સંબંધી ભોગો તો અનેકાનેક છે પણ તે સુખ આપતા નથી,
અને એટલું જ નહિ પણ તે સત્પુરુષોના મન ને પણ ખળભળાવી દે છે,અને તેને મોહમાં પાડી દે છે.
હે.પિતાજી, આમ છે,એટલા માટે "અખંડ આનંદથી પ્રિય લાગે" એવું કોઈ સ્થળ (કે સ્થિતિ) બતાવો,
કે તેમાં રહીને હું લાંબી વિશ્રાંતિ પામું.'

તે વખતે મારા પિતાજી કલ્પવૃક્ષ ની નીચે બિરાજ્યા,કે જે કલ્પવૃક્ષ સ્વર્ગમાંથી બળાત્કારે હરી લેવામાં આવ્યું હતું
અને આંગણામાં રોપવામાં આવ્યું હતું.મારું એ પ્રકારનું પૂછવું સાંભળીને મારા મોહને શાંત કરવા,મારા
પિતાજીએ કલ્પવૃક્ષના વિસ્તીર્ણ-રસાયણો-રૂપ મધુર વચન મને કહ્યું હતું.

## **(૨૩) ચિત્તને જીતવા -રાજા તથા મંત્રી નું આખ્યાન**

વિરોચન કહે છે કે-હે,પુત્ર,અત્યંત વિસ્તારવાળો અને મોટા અવકાશવાળાઓ એક દેશ **(મોક્ષ)** છે,
અને તેમાં હજારો ત્રૈલોક્યો સમાઈ જાય છે.એ દેશમાં સમુદ્રો નથી,અખાતો નથી,પર્વતો નથી,વનો નથી,
નદીઓ નથી,અને સરોવરો નથી.તેમાં પૃથ્વી નથી,આકાશ નથી,સ્વર્ગ નથી,વાયુ નથી,ચંદ્ર નથી,સૂર્ય નથી,
લોકપાલો,દેવો,દાનવો,ભૂતો,યક્ષો નથી,તેમાં હું નથી,તું નથી કે-,વિષ્ણુ કે સદાશિવ -આદિ પણ નથી.

એ દેશમાં મોટા પ્રકાશવાળો,સઘળું કરનારો,સર્વમાં વ્યાપક અને સર્વ-રૂપ એક જ ભારે મોટો રાજા **(આત્મા)** છે.
અને તે સર્વદા ચૂપ જ રહે છે.એ રાજાએ સઘળા "વિચારોમાં તત્પર રહેનારો એક મંત્રી" **(મન)** "કલ્પેલો" છે.
અને તે મંત્રી,અઘટિત વાત (આત્માનું સંસારી-પણું) ને તરત ઘટિત જેવી કરી દે છે,

અને,ઘટિત વાત (આત્માનું પુર્ણાનંદ-પણું) ને અત્યંત અઘટિત જેવી કરી શકે છે.

એ મંત્રી (મન) કાંઇ ભોગવી શકતો નથી,અને કાંઇ જાણતો નથી,
તે જડ છે છતાં પણ,કેવળ રાજા (આત્મા) ને માટે જ સઘળું કાર્ય કર્યા કરે છે.
એ મંત્રી (મન) પોતે એકલોજ તે રાજા (આત્મા) નાં સઘળાં કર્યો કરે છે,અને
રાજા (આત્મા) તો કેવળ સ્વસ્થ-પણાથી એકાંત (અદ્વૈત-પણા) માં રહે છે.

બલિ (પિતા વિરોચનને) પૂછે છે કે-હે,પિતાજી,આધિઓથી અને વ્યાધિઓથી રહિત એ કયો દેશ છે?
એ દેશ કેમ પ્રાપ્ત થાય? એ દેશ કોઇને મળ્યો છે? એવો એ રાજા અને મંત્રી કોણ છે?
એવો તે કેવો મહાબળવાન રાજા છે કે-જેણે આપણે પણ આજ સુધી જીત્યો નથી?
દેવતાઓને પણ ભય આપનારા પિતાજી,આ આખ્યાન મને અપૂર્વ લાગે છે,માટે મને કહો કે આપણે,
એમને (તે રાજાને કે આત્માને) શા માટે હરાવ્યા નથી? તમે મારા આ સંશય-રૂપી વાદળને દૂર કરો.

વિરોચન કહે છે કે-હે,પુત્ર,ત્યાં (તે દેશમાં) મંત્રી એવો બળવાન છે કે-આપણે તો શું પણ લાખ-ગણા દૈત્યો અને
લાખગણા દેવતાઓ મળીને તેને દબાવવા જાય -તો પણ તે જરાય દબાય તેવો નથી.કારણકે-
એ મંત્રી ઇન્દ્ર પણ નથી,કુબેર નથી,યમ નથી,દેવ નથી કે દૈત્ય પણ નથી.
(એટલે કે -જો તે આમાંથી કોઈ હોય તો તો આપણે તેને જીતી શકીએ.)

હે,પુત્ર,જેમ કમળ પથરાને તોડી શકે નહિ,તેમ,એ મંત્રીને તલવાર,ગદ્દા,વજ-કે એવું કોઇપણ શસ્ત્ર તેને તોડી
શકે એમ નથી.એ મંત્રીએ સઘળા દેવો અને દૈત્યોને પણ વશ કરેલા છે.
એ મંત્રી જો કે વિષ્ણુ નથી,તો પણ તેણે હિરણ્યાક્ષ -આદિ આપણા પૂર્વજોને પણ અસ્ત-વ્યસ્ત કરી દીધા હતા.
સર્વને બોધ આપનાર નારાયણ-આદિ-દેવોને પણ એ મંત્રીએ દબાવીને પોતાની ઈચ્છા પ્રમાણે,
ખાડાઓ (જુદી જુદી યોનિઓ-કે અવતારો!!) માં નાખી દીધા હતા.

કેવળ "કામ-દેવ" જ એ મંત્રીની (મનની) કૃપાથી,આ સમગ્ર ત્રૈલોક્ય ને દબાવીને,રાજાના જેવો થઇ પડ્યો છે.
"ક્રોધ" જો કે દુષ્ટ આકાર-વાળો,દુર્મતિ અને સદગુણોથી રહિત છે,અને દેવો-દૈત્યો વચ્ચે પરસ્પર વિરોધ
ઉપજાવનારો છે,તો પણ તે મંત્રીની (મનની) કૃપાથી જ ઉદ્ધત થઇ પડ્યો છે.
હે,પુત્ર,હજારો દેવતાઓનો અને હજારો દૈત્યોનો જે વારંવાર સંગ્રામ થાય છે-
તે સંગ્રામના વિચારો કરનારા -મંત્રી (મન) ને તો તે (સંગ્રામો) એક જાતની ક્રીડા જ છે.

એ મંત્રી(મન) ને જો તેનો ધણી (રાજા-કે આત્મા) જીતે-તો જ તે જીતાય તેમ છે-
પણ-તે વિના તો તે પહાડ જેવો અચળ છે.
એટલે કે જો કોઇ સમયમાં- ધણીને મંત્રી નો પરાજય કરવાની ઈચ્છા થાય તો જ તે (મંત્રી) જીતાય છે.
હે,પુત્ર,ત્રૈલોક્ય માં જે જે બળવત્તર પુરુષો છે તે સઘળાઓમાં શ્રેષ્ઠતા ધરાવનારા અને તે ત્રૈલોક્યને
હંફાવનારા એ મંત્રી (મન) ને, જીતવાની -જો તારામાં શક્તિ હોય,તો હું તને પરાક્રમી ગણું.

જો તું, "નિશ્ચય-વાળી અને મોહમાંથી જન્મેલા અજ્ઞાન વિનાની-બુધ્ધિ"થી
એ એક-ને (મંત્રી ને કે મન ને) જ જીતવા સમર્થ થાય તો હું તને ધીર માનું.
એ એક મંત્રી જીતાય તો-જે જે લોકો તારાથી નથી જીતાયા,તેઓ પણ જીતાયેલા થઇ જશે.
એ એક મંત્રી જ્યાં સુધી નથી જીત્યો,ત્યાં સુધી તેં જે જે લોક ને લાંબા કાળથી જીતી લીધા છે તે-
નહિ જીતાયેલા જ સમજવા.
માટે,હે પુત્ર,અનંત સિધ્ધિઓને અર્થે તથા અવિનાશી સુખને માટે -
ગમે તેવું કષ્ટ વેઠીને પણ તું એ મંત્રીને (મન ને) જીતવાનો યત્ન કર.

## <u>(૨૪) મંત્રીને વશ કરીને રાજાનું દર્શન કરવાનો ઉપાય</u>

બલિ પૂછે છે કે-હે,પિતાજી,એ બળવાન મંત્રી કયા ઉપાયથી જીતી શકાય? અને તે મહા-પ્રબળ મંત્રી કોણ છે?
વિરોચન કહે છે કે-એ મંત્રી કદી પણ જીતી શકાય નહિ તેવી સ્થિતિવાળો છે,
તો પણ તે સહેલાઈથી જીતી શકાય તેમ પણ છે,તે ઉપાય હું તને કહું છું તે તું સાંભળ.

એ મંત્રી (મન) ને <u>"યુક્તિ"</u>થી પકડવામાં આવે તો તે ક્ષણ-માત્રમાં વશ થઇ જાય છે,
પરંતુ તેને યુક્તિ વગર પકડવામાં આવે તો તે -કાળોતરા નાગની પેઠે પકડનારને જ બાળી નાખે છે.
જેઓ તે મંત્રીને બાળકની પેઠે રમાડીને (થોડા થોડા વિષયો દઈ ને -પણ-વારંવાર તે વિષયોમાં દોષ દેખાડીને)
"યુક્તિ"થી વશ કરે છે,તેઓ તે રાજા (આત્મા) નું દર્શન કરીને રાજપદ (મોક્ષ) ને પ્રાપ્ત થાય છે.

(વળી એમ પણ છે કે-જો) એ રાજા (આત્મા) નું દર્શન થાય તો તે મંત્રી (મન) વશ થઇ જાય છે.
(અને ઉપર બતાવ્યા પ્રમાણે -એમ પણ છે કે) જો તે મંત્રી વશ થાય તો રાજાનું દર્શન થાય છે.
એટલે કે-(એમ પણ કહી શકાય કે) જ્યાં સુધી રાજાનું દર્શન ન થયું હોય ત્યાં સુધી મંત્રી જીતાતો નથી,
અને જ્યાં સુધી મંત્રી જીત્યો ના હોય ત્યાં સુધી રાજાનું દર્શન થતું નથી.

રાજાનું દર્શન ના થાય ત્યાં સુધી તે મંત્રી ઘણાં દુઃખો આપ્યા કરે છે,
એટલે કે- મંત્રીને જીત્યો ન હોય ત્યાં સુધી રાજા અત્યંત અદૃશ્ય થઈને રહેલો હોવાથી,દુઃખો આવ્યા કરે છે.
<u>આથી અભ્યાસ કરીને રાજાનું દર્શન અને મંત્રીનો પરાજય-એ બંને (કાર્ય)નો એકસાથે આરંભ કરવો જોઇએ.</u>

હે,પુત્ર,તું ધીરેધીરે અભ્યાસ-રૂપી પુરુષ-પ્રયત્ન કરીને રાજાનું દર્શન અને મંત્રીનો પરાજય-
એ બંનેનું સંપાદન કરીશ તો -યત્નના (અભ્યાસના) મહિમાને લીધે તું શુભ દેશ (મોક્ષ) ને પ્રાપ્ત થઈશ.
અને અભ્યાસ સફળ થતા,જો તું તે રાજા (આત્મા) ના દર્શન ને પ્રાપ્ત થઈશ,
તો ફરીવાર તારે જરા પણ શોક કરવાનો રહેશે નહિ.

જેમના સંપૂર્ણ સંસારિક પરિશ્રમો શાંત થયા છે,જેમનું અંતઃકરણ નિત્ય પ્રફુલ્લિત રહે છે,
અને જેમના સમગ્ર સંશયો ટળી ગયા છે,તેવા સત્પુરુષો જ તે દેશ (મોક્ષ) માં સ્થિતિ કરે છે.
હે પુત્ર, એ કયો દેશ છે? એ કયો રાજા છે? અને એ કયો મંત્રી છે?તે વિષે સ્પષ્ટ ફોડ પાડીને હવે તને કહું છું.

મેં તને જે <u>"દેશ"</u> કહ્યો-તેને સઘળાં દુઃખોનો નાશ કરનારો <u>"મોક્ષ"</u> સમજવો.
જે <u>"રાજા"</u> કહ્યો-તેને મન આદિથી જાણવામાં નહિ આવતો-મોટા ઐશ્વર્ય-વાળો <u>"આત્મા"</u> સમજવો.
અને જે ચતુર <u>"મંત્રી"</u> કલ્પ્યો છે-તેને-બીજો કોઇ નહિ પણ <u>"મન"</u> છે એમ સમજવું.

જેમ માટીનો પિંડો -ઘડા-રૂપે પરિણામ પામે છે-તેમ મન જ જગત-રૂપે પરિણામ પામ્યું છે.
જેમ માટીના પિંડામાં,ઘડો સૂક્ષ્મરૂપે રહે છે,તેમ મનમાં જગત સૂક્ષ્મ-રૂપે રહે છે.
એ મન જીતાય તો સઘળું જીતાઈ જાય છે.પણ એ મન જીતવું બહુ કઠિન છે,તે તો "યુક્તિ"થી જ જીતાય છે.

બલિ પૂછે છે કે-એ મન ને દબાવવાની જે યુક્તિ હોય તે પ્રથમ સ્પષ્ટ રીતે આપ મને કહો.
વિરોચન કહે છે કે-<u>સઘળા "વિષયો" ઉપર સર્વથા "સ્પૃહા" (આશા,ઇચ્છા કે આસક્તિ) રાખવી નહિ,</u>
<u>એ જ મનને જીતી લેવાની ઉતમ "યુક્તિ" છે.એ યુક્તિ જેવી બીજી કોઇ જ યુક્તિ નથી.</u>
આ યુક્તિ અત્યંત દુર્લભ પણ છે અને અત્યંત સુલભ પણ છે.

એ "યુક્તિ"નો (વિષયો પર સ્પૃહા ના રાખવી-તેનો) જો "અભ્યાસ" કરવામાં ના આવ્યો હોય તો તે "દુર્લભ" છે,
અને જો સારી પેઠે "અભ્યાસ" કરવામાં આવ્યો હોય તો તે "અતિ-સુલભ" છે.
અનુક્રમે અભ્યાસ કરવામાં આવતી,આ "વિષયો ઉપરની અરુચિ-રૂપી યુક્તિ" થી
"શાંતિ" સ્પષ્ટ રીતે જણાઈ જાય છે.(એટલે કે-શાંતિ મળે છે)

હે,પુત્ર,જેમ, કોઇ મનુષ્ય ડાંગરને (ડાંગર ના પાકને) ઈચ્છતો હોય,
પણ લોભને લીધે (ડાંગર વપરાઈ જાય-તેવા લોભને લીધે) તેને વાવે નહિ તો-તેને ડાંગર પ્રાપ્ત થતી નથી,
તેમ,જે મનુષ્ય આ "યુક્તિ"ને ઈચ્છતો હોય,પણ ભોગોની લાલચને લીધે તેનો (યુક્તિનો)અભ્યાસ કરે નહિ,
તેને આ યુક્તિ પ્રાપ્ત થતી નથી. આથી તું પ્રયત્નપૂર્વક એ સ્થિતિને (યુક્તિની સ્થિતિને) સ્થિર કર.

સંસાર-રૂપી-ખાડાઓ-માં પડેલાં પ્રાણીઓ-
જ્યાં સુધી,વિષયોમાં નિસ્પૃહ-પણાને (યુક્તિને) પ્રાપ્ત ના થાય-ત્યાં સુધી દુઃખોમાં જ ભમ્યા કરે છે.
જેમ,અત્યંત બળવાન મનુષ્ય પણ જો ચાલવા ના લાગે તો દેશાંતર (બીજા દેશ) ને પ્રાપ્ત થતો નથી,
તેમ,સમજુ મનુષ્ય પણ જો આ "યુક્તિનો અભ્યાસ" કરે નહિ તો-આ "યુક્તિ"ને પ્રાપ્ત થતો નથી.
આથી,જેમ,જળના સિંચન થી લતાની વૃધ્ધિ કરવામાં આવે છે,
તેમ,"ધ્યેય" નામની વાસનાના ત્યાગને ઇચ્છતા પુરુષે,
નિરંતર "અભ્યાસ" (યુક્તિ) થી "ભોગો ઉપર અરુચિની વૃધ્ધિ" કરવી જોઇએ.

હે,પુત્ર,"ક્રિયા" (કર્મો) ના અનુકુળ ફળને (મોક્ષને) પામવા માટે પણ,
હર્ષ-ક્રોધ ને ત્યજી દઈને -પુરુષાર્થ (અભ્યાસ) કરવા સિવાય બીજું કોઇ સાધન નથી.
આ જગતમાં ઘણી વખત,"દૈવ-દૈવ" (પ્રારબ્ધ) છે-એમ કહેવામાં આવે છે,પણ,તે દૈવનું સ્વરૂપ કંઇ બીજું નથી.
પણ,પોતાના નિયમિત ઉધમથી (પુરુષાર્થ કે અભ્યાસથી) થતું જે ફળ માનવામાં આવે છે,તે જ દૈવ કહેવાય છે.
એટલે-"દૈવ" (પ્રારબ્ધ) એ શબ્દ પામર લોકોનો જ છે,પણ વિદ્વાનો નો નથી.

જયારે કોઈ મનુષ્યને કોઇ કામમાં સ્પર્ધા આવી જાય છે, ત્યારે તેના (સ્પર્ધા વાળા) શત્રુઓ પોતાની
અસહનતાને શાંત કરવા માટે અને તે મનુષ્ય પોતાના હર્ષને શાંત કરવા માટે "દૈવ" એ શબ્દ વાપરે છે.
જેમ,નિર્જળ ભૂમિના જ્ઞાનથી ઝાંઝવાના પાણીનો ભ્રમ જીતાઈ જાય છે,
તેમ "નિયતિ-રૂપી-દૈવ" બીજા પ્રબળ ઉધમ (પુરુષાર્થ કે અભ્યાસ) થી જીતાઇ જાય છે.

જે જે સફળ થયેલું કે નિષ્ફળ થયેલું "માનવામાં" આવે છે,તે સઘળું મન થી જ થાય છે.
માટે પુરુષાર્થ કરીને જો તેમાં "સફળ થવાનું માનવામાં" આવે તો-તે સફળપણાના સુખ ને આપે છે.
અમારા સિધ્ધાંતમાં -<u>જે મન છે તે જ કર્તા છે.એટલા માટે તે મન જે પ્રકારના નિયમિત ફળનો સંકલ્પ કરે છે,
તેવું જ નિયમિત ફળ પ્રાપ્ત થાય છે.અને મન જે રીતે દૈવ ની કલ્પના કરે છે તે રીતે દૈવ કલ્પાઇ જાય છે.</u>

એ મન જો કદાચ "સર્વદા-એકસરખા-સ્વભાવવાળા-પરમાત્મા"ના અનુસંધાનની ધારા ચલાવ્યે જાય,
તો,જેમ આકાશમાં પવન અસંગ રહે છે -તેમ,પોતે (મન) પણ બ્રહ્માંડના "વિષયો"માં અસંગ રહે છે.
અને જો, કદાચ એ મન,શાસ્ત્રોમાં જણાવેલા નિયમ પ્રમાણે નહિ,પણ,
વિહિત કર્મોની પધ્ધતિમાં જ ચાલ્યું જાય,તો તે તે કર્મોને અનુસરતાં ફળોને પ્રાપ્ત થાય છે.
હે,પુત્ર,એક જાતના "સંકેત" ના માટે જ,કલ્પાયેલો "દૈવ" નામનો રૂઢ શબ્દ-પામર લોકોને પહાડ જેવો લાગે છે.

આમ, જ્યાં સુધી મન છે-ત્યાં સુધી દૈવ-પણ નથી અને કોઈ પ્રકારનો નિયમ પણ નથી જ.
એટલે,મન નષ્ટ થયા પછી,જો કોઇ નિયમ કે દૈવ થતાં હોય તો ભલે થાય.
મનુષ્ય,જો પોતે "કાયર-પણા-રૂપી-નપુંસક-સ્વભાવ" ને છોડીને પુરુષ બનીને પુરુષાર્થ કરવા લાગે તો,

આ લોકમાં ઇચ્છિત ફળને પ્રાપ્ત થાય છે.
પુરુષાર્થ કરવા લાગીએ તો જે "ધાર્યું હોય" તે થવામાં કોઇ પણ ફેરફાર થતો નથી.

હે,પુત્ર,પુરુષાર્થ વિના આ જગતમાં બીજું કંઇ પણ ઉત્તમ નથી,
આથી અત્યંત પુરુષાર્થ (અભ્યાસ) કરીને,"ભોગો-પર-અરુચિ" નું સંપાદન કરવું.
જ્યાં સુધી "સંસાર નો નાશ કરનાર"---"ભોગો પરની અરુચિ" થાય નહિ,
ત્યાં સુધી સર્વોત્કૃષ્ટપણાને આપનારું પરમ સુખ પ્રાપ્ત થાય નહિ.
જ્યાં સુધી વિષયો પર અત્યંત મોહ આપનારી રુચિ હોય,
ત્યાં સુધી,ભોગોથી ગૂંથાયેલી,દુઃખ આપનારી અને ચપળ-રીતે આમતેમ હિલોળા ખાતી--
"આશા" નામની સંસારની દશા કદી પણ નિવૃત્તિ પામતી નથી.
"વૈરાગ્યના અભ્યાસ" સિવાય એ "આશાઓ" ને દુર કરવાનો બીજો કોઈ ઉપાય નથી.

બલિ કહે છે કે-હે,પિતા,ભોગો ઉપરની અરુચિ,જીવને બ્રહ્મ-ભાવ-રૂપી સ્થિતિ આપનારી છે,એ સાચી વાત છે,
પરંતુ એ અરુચિ,કયા ઉપાયથી મનમાં સ્થિર થાય?

વિરોચન કહે છે કે-"આત્માનું અવલોકન" (આત્મા નું દર્શન)-એ જીવને સ્પષ્ટ રીતે "ભોગોમાં અરુચિ" કરાવે છે,
અને તે ભોગો પર અરુચિ રાખવાથી "મોક્ષ-રૂપી સર્વોત્તમ ફળ" પ્રાપ્ત થાય છે.
અતિસુંદર "વિચાર",એ "બુધ્ધિ-રૂપી-મણિ" ની સરાણ-રૂપ (મણિને ઘસવાની ઘંટી-રૂપ) છે.
એથી,"આત્માનું અવલોકન" અને "ભોગો ઉપર અરુચિ" એ બંનેને એકી વખતે (સાથે) સંપાદન કરવાં.

જ્યાં સુધી,ચિત્ત (મન) -એ-જ્ઞાનના માર્ગમાં પ્રવીણ થયું ના હોય,
ત્યાં સુધી તેને સુમાર્ગે ચડાવવાના આરંભ ના દિવસોમાં -
દિવસના (ચાર ભાગોમાંથી) બે ભાગો ને અવિરુધ્ધ આવશ્યક ભોગો ભોગવવામાં કાઢવા.
એક ભાગ,શાસ્ત્રનું શ્રવણ કરવામાં અને એક ભાગ ગુરુની સેવા કરવામાં કાઢવો.

જયારે ચિત્ત,જ્ઞાનના માર્ગમાં કાંઇક સાધિત થાય,ત્યારે-
દિવસના એક-ભાગને આવશ્યક ભોગો ભોગવવામાં કાઢવો,એક ભાગ શાસ્ત્ર નું શ્રવણ કરવામાં અને
બે ભાગ,ગુરુની સેવામાં કાઢવા.(નોંધ-ગુરુના શરણે જવાથી અને સેવાથી અહં નો લય થાય છે!)

જયારે ચિત્ત જ્ઞાનના માર્ગમાં બરાબર પ્રવીણ થાય,ત્યારે-
દિવસના બે ભાગને શાસ્ત્રના અને વૈરાગ્યના ચિંતવનમાં કાઢવા ને
બે ભાગને ધ્યાન કરવામાં તથા ગુરુની સેવામાં કાઢવા.

જેનું ચિત્ત શુધ્ધ થયું હોય,તે જ જીવ,જ્ઞાન ના આ પ્રકારના (ઉપર બતાવેલા) ક્રમમાં યોગ્ય થાય છે-
કારણકે-જે વસ્ત્ર સ્વચ્છ હોય તેના પર જ ઉત્તમ પ્રકારનો રંગ ચડે છે.
આમ,(શરૂઆતમાં)"ચિત્ત-રૂપી-બાળક"ને ધીરે ધીરે-યુક્તિથી,તથા શાસ્ત્રનાં પવિત્ર વચનોથી રમાડવું-અને
શાસ્ત્રના અભ્યાસ-રૂપી મધુર શરબત થી ઉછેરવું.
અને,જયારે અહંતા-મમતા-રૂપી-દુષ્ટ-પકડ શિથિલ થાય અને ચિત્તને બ્રહ્માકાર-પણું પ્રાપ્ત થાય,
ત્યારે શીતળ થયેલું-એ ચિત્ત,ચળકતી કાંતિવાળા સ્ફટિક-મણિ ની જેમ શોભે છે.

માટે,કુટિલતા વિનાની,સરળ બુધ્ધિથી,
"વિષયો,ઇન્દ્રિયો,ઇન્દ્રિયોની વૃત્તિઓ-એ સઘળું બ્રહ્મરૂપ જ છે" એમ અવલોકન કરવું જોઇએ.
હે,પુત્ર,બુધ્ધિથી વિચાર કરીને,સર્વદા આત્માનું અવલોકન અને તૃષ્ણા નો સંપૂર્ણ ત્યાગ-એ બંનેને સાથે સંપાદન

કરવાં જોઈએ,કારણકે-એ બંને (આત્માનું અવલોકન અને તૃષ્ણાથી રહિતપણું) એકસાથે જ રહે છે.

જયારે ભોગોનો સમૂહ સ્વાદ વિનાનો થઇ જાય છે,અને સર્વવ્યાપક આત્મા જોવામાં આવે છે,
ત્યારે,પરબ્રહ્મમાં અનંત અને અવિચળ વિશ્રાંતિ પ્રાપ્ત થાય છે.
ઘણા મનુષ્યો (જીવો) વિષયોમાં જ પરમાનંદ માની લે છે,પણ હકીકતમાં તે અનિત્ય છે અને સાચો નથી,
આત્મા ના અનુભવ વિના પરમાનંદ (નિરતીશય આનંદ-કે જે નિત્ય છે) મળી શકે જ નહિ.
યજ્ઞ,દાન,તપ અને તીર્થો ના સેવનથી વિષયો નું સુખ જ પ્રાપ્ત થાય છે,પણ ભોગોમાં અરુચિ થતી નથી.
જીવ ને ભોગો ની અરુચિ તો આત્મા ના અવલોકનથી (આત્મ-દર્શનથી) જ થાય છે.

પુરુષની બુધ્ધિ,"પોતાના પ્રયત્ન" (અભ્યાસના પ્રયત્ન) વિના
બીજી કોઈ પણ "યુક્તિ"થી આત્માના અવલોકન-રૂપી મહાકલ્યાણમાં પ્રવર્તતી નથી.
હે,પુત્ર,એ આત્માનું અવલોકન "તૃષ્ણાના ત્યાગ"ની સાથે પ્રાપ્ત થાય છે.
તે વિના બ્રહમપદમાં વિશ્રાંતિ-રૂપી-સુખ મળતું નથી.
જયારે પરમ કારણ-રૂપ બ્રહમ,પોતાના આત્મપણાથી પ્રકાશે છે,
ત્યારે જેવો વિશ્રામ મળેછે,તેવો,વિશ્રામ,આ જગતમાં ક્યાંય મળતો નથી.

આમ,સમજુ પુરુષે સહુ પ્રથમ,પ્રયત્ન નો આશરો કરીને અને દૈવ ને દુર કરીને,ભોગોને ધિક્કારવા જોઈએ.
કારણકે,એ ભોગો જ કલ્યાણ ના દ્વારની આડે પ્રતિબંધ-રૂપ છે.
જયારે ભોગો પ્રત્યે નો ધિક્કાર પરિપાક (પૂર્ણતા) ની દશાને પ્રાપ્ત થાય છે,ત્યારે "વિચાર" પ્રગટ થાય છે.
(નોંધ-બલિરાજાને આ રીતે જ વિચાર પ્રગટ થયો હતો!!)
જેમ,સમુદ્રથી મેઘ વૃધ્ધિ પામે છે અને મેઘથી સમુદ્ર વૃધ્ધિ પામે છે-
તેમ,વિચારથી ભોગોનો ધિક્કાર વૃધ્ધિ પામે છે.અને ભોગોના ધિક્કારથી વિચાર વૃધ્ધિ પામે છે.

જેમ,પરસ્પર સ્નેહવાળા સંબંધીઓ,પરસ્પરની સહાયતા થી મોટા કાર્યને સિધ્ધ કરે છે,
તેમ,ભોગોનો ધિક્કાર,વિચાર અને આત્માનું અવલોકન-પરસ્પર ની સહાયતાથી મોક્ષને સિધ્ધ કરે છે.
એટલે (આમ) પહેલાં (પ્રથમ) દૈવ નો અનાદર કરીને અને પુરુષ-પ્રયત્ન વડે (દાંતોથી દાંતોને પીસીને)
"ભોગો પર અરુચિ" ઉત્પન્ન કરવી જોઈએ.

(અને એ અરુચિ ઉત્પન્ન કરવા માટેના ક્રમમાં) સહુ પ્રથમ તો-બાંધવોની જેમાં સંમતિ હોય અને
દેશાચારથી વિરુધ્ધ,ના હોય -તેવા ઉધમથી અનુક્રમે ધનનું સંપાદન કરવું.
પછી તે ધનથી સારાગુણોવાળા સુજન મહાત્માઓનું આરાધન કરીને,
તેમને વશ કરવા.મહાત્માઓના સમાગમથી (સત્સંગથી) ભોગોમાં અરુચિ ઉત્પન્ન થાય છે-અને-
ભોગોમાં અરુચિ થવાથી 'વિચાર" પ્રાપ્ત થાય છે.

"વિચાર" પ્રાપ્ત થવાથી "મહાવાક્ય ના અર્થ" નું જ્ઞાન થાય છે,
મહાવાક્યના અર્થનું જ્ઞાન થવાથી "સર્વ શ્રુતિઓનું તાત્પર્ય અદ્વિતીય બ્રહ્મ માં જ છે" એવો "નિશ્ચય" થાય છે.
અને તે નિશ્ચય થયા બાદ,"મનન આદિ" ના અનુક્રમે-પરમપદ ની પ્રાપ્તિ થાય છે.
આમ,જયારે તું વિષયોમાંથી વિરામ (ભોગોમાં અરુચિ) પામીશ,ત્યારેજ "વિચાર" વડે પરમપદ ને પ્રાપ્ત થઈશ.

જો, તું વિચારના બળથી અત્યંત પવિત્ર આત્મામાં સારી પેઠે વિશ્રાંતિ પામીશ,
તો તું ફરીવાર દુઃખો ભોગવવાને માટે કલ્પનારૂપ-કાદવમાં (સંસારમાં) પડીશ નહિ.
હું ધારું છું કે-તને વિષયો પર રુચિ રહી જ નથી,અને તે નહિ રહેવાથી તું શુધ્ધ પરબ્રહ્મરૂપ થયો છે.
હે,શુધ્ધ પરમાત્મા હું તને (દેહદૃષ્ટિ થી નહિ પણ આત્મદૃષ્ટિથી) પ્રણામ કરું છું.

હે,પુત્ર,તું સહુ પ્રથમ,દેશાચાર ને અનુસરીને ધનનું સંપાદન કર.કે જેમાં નિંદા થવાનો થોડો સંભવ છે.
પછી તું તે ધનથી બ્રહ્મવેત્તા પુરુષોનું માનપૂર્વક,અન્ન-વસ્ત્રાદિથી આરાધન કરી તેમને વશ કર.
પછી,તેમના સમાગમથી વિષય આદિનો તિરસ્કાર કરીને અને
વૈરાગ્ય આદિ સાધનોને મેળવીને,સારી પેઠે આત્મા નો વિચાર કર.
એ રીતે "આત્મ-વિચાર" ના "વૈભવ"થી તને અનાદિ-કાળથી ભુલાઈ ગયેલા સ્વ-સ્વરૂપની પ્રાપ્તિ થશે.

## (૨૫) બલિરાજાના મનમાં વિવેકનો ઉદય અને ગુરુના સમાગમ ની ઈચ્છા

બલિ સ્વગત રીતે બોલે (કહે) છે -કે-ઉત્તમ વિચારવાળા મારા પિતાએ મને પહેલા જે કહ્યું હતું
તે મારા સ્મરણમાં આવ્યું,અને તેથી હું જાગ્રત થયો.એ બહુ સારું થયું.
આજ મને ભોગો ઉપર સ્પષ્ટ અરુચિ ઉત્પન્ન થઇ તે પણ સારું થયું.
હવે હું અમૃત જેવા શીતળ-શાંતિરૂપી-સ્વચ્છ સુખમાં પ્રવેશ કરું છું.

વારંવાર,આશાને પૂર્ણ કર્યા કરતો,અને વારંવાર પ્રાર્થના આદિથી સ્ત્રીને અનુકુળ રહ્યા કરતો -
એવો હું,આ વૈભવ-આદિની સંસારની સ્થિતિમાં હું બહુ પરિતાપ પામ્યો હતો.પણ,
અહો,પણ આ શીતળતાથી ભરેલી શાંતિ-રૂપી ભૂમિ બહુ રમણીય છે.અને શાંતિ પ્રાપ્ત થાય ત્યારે,સઘળી
સુખદુઃખની દૃષ્ટિઓ શાંત થઇ જાય છે.હું -હવે શાંતિમાં સ્થિરતા પામ્યો છું.તેથી મારા સઘળા સંતાપો ટળી ગયા
છે.હમણાં,હું સર્વોત્તમ સુખને વશ થયો છું અને અંદર પ્રફુલ્લિત થઇ જાઉં છું,

હાય,ભોગોની ઉત્કંઠાથી નાચ્યા કરતા મનના વેગથી,શરીર અત્યંત બળી જતું હતું,
અને મને નિરંતર ક્ષોભ થતો હતો.એ વૈભવ-પ્રાપ્તિ તો દુઃખ-રૂપ જ હતી,
સ્ત્રીના આલિંગનથી પ્રસન્ન થતો હતો તે તો કેવળ મોહનો વિલાસ જ હતો.
બીજા લોકો જેમનાં દૃષ્ટાંતો આપે એવા મોટામોટા વૈભવો મેં જોયા,જે રાજ્ય,ભોગવવા યોગ્ય-કહેવાય છે-
તે નિર્વિઘ્ન રીતે મેં ભોગવ્યું,અને પ્રતાપથી સઘળાં પ્રાણીઓને નમાવ્યાં,તો પણ મને અવિનાશી સુખ કયું મળ્યું?

પાતાળમાં,પૃથ્વીમાં અને સ્વર્ગમાં જ્યાં જોયું ત્યાં ચારે બાજુ એ ની એ જ વસ્તુઓ વારંવાર જોવામાં આવી,
પણ બીજું કોઈ નવા ચમત્કારવાળું જોવામાં આવ્યું નહિ.
હવે સઘળા વિષયોને ત્યજી દઈને તથા તેમની વાસનાઓને પણ બુધ્ધિથી દુર કરી નાખીને
પૂર્ણ તથા સ્વસ્થ થઈને રહ્યો છું.
પાતાળ,પૃથ્વી કે સ્વર્ગમાં જે કોઇ સ્ત્રી અને જે કોઇ રત્ન-આદિ પદાર્થો-કે જેને અજ્ઞાનીની દૃષ્ટિથી
સાર-રૂપ ગણવામાં આવે છે,તેમને પણ આ તુચ્છ કાળ તરત ગળી જાય છે.

હું આટલા સમય સુધી,જગતના વિષયોની તુચ્છ ઇચ્છાથી દેવતાઓની સાથે વેર કર્યા કરતો હતો,
માટે અત્યંત બાળક જેવો જ હતો.
આ જગત જ મોટી પીડારૂપ છે અને તે કેવળ મનની કલ્પના માત્રથી રચાયેલું છે.
તેનો ત્યાગ નહિ કરવાથી શો લાભ થવાનો છે? મહાત્મા પુરુષોને સંસાર પર રુચિ જ કેમ ઘટે?

મેં અજ્ઞાનરૂપી મદથી મત્ત થઈને પોતે જ પોતાને ખરાબ કર્યો અને લાંબામાં લાંબા કાળ સુધી
અનર્થને--અર્થ-રૂપ સમજી ને સેવ્યો (ભોગવ્યો) એ મેં બહુ ભૂંડું કર્યું.
મેં મૂર્ખ બનીને તૃષ્ણા વડે આ ત્રૈલોક્યમાં માત્ર પશ્ચાતાપ ની જ વૃદ્ધિ થાય.એવું શું નથી કર્યું?
પણ,હવે આ ગઈ વાતની તુચ્છ ચિંતા કરવાનું કોઈ પ્રયોજન નથી.

હવે,વર્તમાનકાળના મોહને મટાડીને મનુષ્ય-જન્મ-પણું સફળ થાય તેવો ઉપાય ગોઠવવો જ યોગ્ય છે.

અખંડ બ્રહ્મની એકતા પામીને રહેવાય તો ચારે બાજુ સુખનો જ પ્રાદુર્ભાવ થાય.
મારા અજ્ઞાનની શાંતિને માટે હવે હું કુળગુરુ શુક્રાચાર્ય ને જ -
"આ સંસાર શું છે ? જીવ કોણ છે ? જીવ પરબ્રહ્મ-રૂપે કેમ થાય?"
એવા પ્રકારના આત્મા ના અવલોકન વિષે પૂછું.સેવક-જન પર તરત જ પ્રસન્ન થનારા શુક્રાચાર્યનું
હું ચિંતવન કરું એટલે તે તરત પધારશે,અને પોતાની વાણીથી અનંત શક્તિવાળા આત્માનો ઉપદેશ કરશે,
એટલે હું પોતે તે અખંડ આત્મ-સ્વરૂપ  માં જ રહીશ.

## <u>(૨૬) ગુરુનું આગમન અને તેમનો સંક્ષિપ્ત ઉપદેશ.</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,બલિરાજાએ એ પ્રમાણે વિચાર કર્યો,અને તેણે નેત્રો મીંચીને શુક્રાચાર્ય નું ધ્યાન કર્યું.
શુક્રાચાર્ય બ્રહ્મ-રૂપ હોવાથી સર્વવ્યાપક છે,તેમણે જાણ્યું કે-મારો શિષ્ય,પોતાના નગરમાં "તત્વ" ને જાણવા
સારું,મારા દર્શન ની ઈચ્છા રાખે છે,એટલે પોતાના યોગ-સામર્થ્યથી તે,બલિરાજાની પાસે આવ્યા.

બલિરાજા,શુક્રાચાર્યના આગમનથી પ્રફુલ્લિત થયો અને તેમનો યથોચિત સત્કાર કરીને આસન આપ્યું.
અને પૂછ્યું કે-મહાન મોહને આપનારા ભોગો પર મને અરુચિ ઉત્પન્ન થઇ છે.
એટલા માટે હું એ મહાન મોહને હરણ કરનારા તત્વને જાણવા ઈચ્છું છું.
આ વિષયસુખ ની પરાકાષ્ઠા ક્યાં સુધી છે? વિષયસુખ કયા પદાર્થમય છે? હું કોણ છું? આપ કોણ છો?
અને સઘળા લોકો કોણ છે? આ વિશે મને આપ શીઘ્ર કહો.

શુક્રાચાર્ય કહે છે કે-હે,રાજા,મને આકાશમાર્ગ માં જવાની ઉતાવળ છે,અને આ વિષયમાં વધારે કહેવાનું કોઈ
પ્રયોજન પણ નથી.માટે સંક્ષેપથી સઘળા પ્રશ્નો નો સાર હું કહું છું તે તમે સાંભળો.
<u>"આ સઘળું જગત એ ચૈતન્ય નું જ દૃશ્ય છે,અને તેની સિદ્ધિ પણ ચૈતન્યને આધીન છે,</u>
<u>આથી વિષયસુખની પરાકાષ્ઠા -પણ ચૈતન્ય સુધી જ છે.</u>
<u>વિષયસુખ -એ ચૈતન્યમાં કલ્પિત હોવાને લીધે,ચૈતન્યમય જ છે.</u>
<u>તમે ચૈતન્ય છો,હું ચૈતન્ય છું અને સઘળા લોકો પણ ચૈતન્ય જ છે."</u>

આ મેં તમને સઘળા પ્રશ્નો નો સંક્ષિપ્ત ઉત્તર કહ્યો.જો તમે વિવેકી હશો તો આટલા ઉત્તરમાંથી સઘળું સમજી જશો.
<u>"ચૈતન્યમાં દૃશ્યો (જગત)ની "કલ્પના" થઇ છે તે જ બંધ (કે-બંધન) કહેવાય છે,</u>
<u>અને ચૈતન્યમાંથી તે કલ્પનાનું છૂટી જવું,એ જ મુક્તિ કહેવાય છે.</u>
<u>દૃશ્યો (જગત કે જગતના પદાર્થો) વગરનું જે ચૈતન્ય છે તે જ પૂર્ણ આત્મા છે."</u>
<u>એટલો જ આ સઘળા સિદ્ધાંતો નો સાર છે.આ નિશ્ચય ને સ્વીકારીને,જો તમે "અવલોકન" કરશો,</u>
<u>તો તમે "પોતાની મેળે જ પોતાથી" અનંત-પદ-રૂપ પરમાત્માને પ્રાપ્ત થશો.</u>

હું હવે દેવ-લોકમાં જાઉં છું,ત્યાં સપ્તર્ષિઓ ભેગા થયા છે.અને મારે પણ દેવતાઓના કોઈ કામ માટે ત્યાં અવશ્ય
જવું પડે તેમ છે.જ્યાં સુધી દેહ છે,ત્યાં સુધી,મુક્ત-બુધ્ધિ-વાળા પુરુષો ને પણ આવી ક્રિયાઓ કરવી પડે છે!!

વસિષ્ઠ કહે છે કે-શુક્રાચાર્ય સંક્ષિપ્ત માં એટલું બોલીને આકાશ-માર્ગે ચાલતા થયા અને ત્યાંથી અદૃશ્ય થયા.

## <u>(૨૭) બલિરાજાને પૂર્ણાનંદ ચૈતન્ય-સ્વ-રૂપે વિશ્રાંતિ મળી</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,દેવો અને દૈત્યોની સભામાં અત્યંત વખણાયેલા એ શુક્રાચાર્ય ના ગયા પછી,
બલિરાજાએ મન થી આ પ્રમાણે વિચાર કર્યો-
"સદગુરુ શુક્રાચાર્યે સાચું જ કહ્યું છે.આ જે સઘળું બ્રહ્માંડ છે,તે ચૈતન્ય જ છે.

હું ચૈતન્ય છું,આ સઘળા લોકો ચૈતન્ય છે,દિશાઓ ચૈતન્ય છે,આ સઘળી ક્રિયાઓ પણ ચૈતન્ય છે.
બહારના અને અંદરના સઘળા પદાર્થો સહિત આ સઘળું બ્રહ્માંડ વાસ્તવિક રીતે ચૈતન્ય છે,
અને બ્રહ્માંડ માં ચૈતન્ય થી જુદું કોઇ સ્થળ કે બીજું કશું પણ નથી.

ચૈતન્ય જો સ્થૂળ શરીરને "આ સ્થૂળ શરીર છે" એમ જાણે નહિ,તો પ્રાણીઓના સ્થૂળ શરીરોમાં-
સ્થૂળ શરીર-પણું શું રહે? એટલે કે-ચૈતન્ય વિના કંઇ પણ સિધ્ધ થતું નથી.
ઇન્દ્રિયો,મન,મનની અંદર તૃષ્ણાઓ,અંદર,બહાર,અસત-પદાર્થો માં પણ ચૈતન્ય જ છે.
હું ભોગોની ઈચ્છા-પૂર્વક જે તે વિષયોનો આ સઘળો ભોગ કરું છું તે પણ ચૈતન્ય થી જ કરું છું.
શરીર થી હું કંઇ કરતો નથી.આ મારું શરીર તો લાકડા-કે માટીના ઢેફા જેવું છે.તેનાથી શું થઇ શકે તેમ છે?

સઘળા જગતનું "એક" આત્મ-સ્વ-રૂપ જે ચૈતન્ય છે -તે હું જ છું.
આકાશ,સૂર્ય,પૃથ્વી,જળ,વાયુ,દેવો,દાનવો,સ્થાવર,જંગમ-એ સઘળામાં જે ચૈતન્ય છે-તે હું જ છું.
ચૈતન્ય માં "બીજા-પણા" ની કલ્પના સંભવતી જ નથી.એ કલ્પના જ અસંભવિત છે.
તેથી જગતમાં શત્રુ કે મિત્ર કોણ સંભવે? આ "બલિ" નામનું જે શરીર છે તેનું સુશોભિત માથું કપાઇ જાય,
તો પણ હું,કે જે સર્વ-વ્યાપક ચૈતન્ય છું-તેનું શું કપાઇ જાય?

રાગ-દ્વેષ આદિ જે અભાવો છે-તેમની સિધ્ધિ પણ ચૈતન્ય વિના થતી નથી.તેથી તેઓ પણ ચૈતન્ય જ છે.
અત્યંત વિચાર કરી જોતાં,પણ આ આ મોટા બ્રહ્માંડમાંથી ચૈતન્ય વિના બીજું કંઈ પણ હાથ લાગી શકે તેમ નથી.
એટલે રાગ-દ્વેષ,મન,મન ની વૃત્તિઓ કે કોઈ જ જાતના ભેદો ની કલ્પના અતિ-શુધ્ધ ચૈતન્યમાં કેમ ઘટે?
ચૈતન્ય થી પ્રતિકુળ કશું સિધ્ધ થતું નથી,માટે હું અખંડ આનંદ-સ્વરૂપ છું,અને ભેદોની કલ્પનાથી રહિત છું.

નામ વિનાના-એવા-એ-ચૈતન્ય નું "ચૈતન્ય" એ જ નામ કહેવાય છે.
એટલે,ચૈતન્ય તે નામ નથી પણ,પરંતુ,સઘળા પ્રકારની નામ-રૂપોની -કલ્પનાના અધિષ્ઠાન-રૂપ -જે ચૈતન્ય છે-
તે જ "ચૈતન્ય" એ કલ્પિત નામે સ્ફુરે છે.
હું,દર્શન અને દૃશ્યથી રહિત એવા કેવળ નિર્મળ-સ્વ-રૂપ-વાળો છું.સર્વદા પ્રકાશમાન છું,જીવપણાથી રહિત છું,
દ્રષ્ટા છું,અને પરમેશ્વર છું.હું કેવળ પ્રકાશ-સ્વ-રૂપ છું,અને સર્વદા દ્વૈતથી રહિત છું.

આત્મા ની અંદર-"જળમાં પડેલા ચંદ્રના પ્રતિબિંબ જેવો-કલ્પના-રૂપ-અતિ મર્યાદિત-જે જીવ-ભાવ"
ઉદય પામ્યો છે,તે પણ ભ્રાંતિ જ છે,વાસ્તવિક નથી.
એટલે,હું મારા "સ્વરૂપ ના સાક્ષાત્કાર" થી જીવભાવનો પરાભવ કરું છું,
મારો સ્વ-રૂપ-ભૂત આત્મા દેહાદિ-આકારોથી રંગાયો જ નથી,અને નિત્ય-મુક્ત છે,
તે સર્વમાં વ્યાપક છે,અને કલ્પના-માત્ર થી જ જીવ વાળો છે-તેને હું પ્રણામ કરું છું.

ચૈતન્ય-રૂપ,દૃશ્યોથી રહિત,સઘળી કલ્પનાઓને અનુસરતા સ્વરૂપવાળું,
અને દીવાની પેઠે સર્વને પ્રકાશ આપનારું,જે પરબ્રહ્મ (ચૈતન્ય) છે -તે હું પોતે જ છું,હું તેને પ્રણામ કરું છું.
દૃશ્યો (જગત)થી રહિત-કેવળ ચૈતન્ય-રૂપ,એકી વખતે સર્વમાં ભરપૂર થઈને રહેલું,
અને જેમાં મનની વૃત્તિઓથી જાણી શકાય એવા પદાર્થો મુદ્દલે છે જ નહિ,
એવું જે સર્વથી મોટું સદા આનંદ-સ્વ-રૂપ છે,તે હું છું,હું તેને પ્રણામ કરું છું.

હું આકાશની પેઠે,અંતથી રહિત છું,વ્યાપક છતાં પણ સૂક્ષ્મથી સુક્ષ્મ છું,
અને સુખદુઃખોની દશાઓના કોઈ પણ દેખાવો મને પ્રાપ્ત થતા નથી.
હું અનુભવ-રૂપ છું,સર્વ જ્ઞેય-પદાર્થોથી ભિન્ન છું,દૃશ્યો-રહિત છું,વ્યાપક છું,અને સર્વને પ્રકાશિત કરનાર છું.
મારામાં કેવળ કલ્પનાથી પ્રતિત થયેલા,

જગત-સંબંધી સાચા-કે-ખોટા કોઈ પણ પદાર્થો વિભાગ પાડી દેવાને સમર્થ નથી.
કદાચ, જગત સંબંધી પદાર્થો થી મારામાં વિભાગ પડી જતા હોય,
તો પણ એ પદાર્થો મારાથી જુદી સત્તા-વાળા નથી,માટે તેમણે પડેલા વિભાગો હું સ્વીકારી લઉં છું.

(જો કે) એવા કલ્પિત વિભાગો પડવાથી મને કશી હાનિ નથી.
પોતાના સ્વ-ભાવ-રૂપ એવી કોઇ વસ્તુ,જો એવી જ બીજી કોઈ વસ્તુને લઇ જાય,હરી જાય કે આપી દે-
તો તેમાં કોઈનું શું કશું જાય છે?
જેમ,એક મનુષ્યના ડાબા હાથમાં રહેલા ધન ને તે જ મનુષ્ય નો જમાનો હાથ લઇ લે,હરી લે કે ફરીને પાછું આપે-
તો પણ તે મનુષ્યને કોઇ હાનિ નથી,
તેમ મારામાં કલ્પાયેલા પદાર્થોમાં પરસ્પર ગમે તેવી ગરબડ થાય તો પણ -તેથી મને કશી હાનિ થતી નથી.

હું તો સર્વકાળમાં અખંડિત રહેનાર છું,સર્વરૂપ છું,સર્વ નો કરનાર છું,અને સર્વમાં રહેલો છું.
જે કંઈ આ દ્રશ્ય (જગત) છે તે હું જ છું એટલે મારામાં બીજું કંઈ નવું થયું જ નથી.
હું, એક અખંડ ચૈતન્ય છું,માટે સંકલ્પ-વિકલ્પોથી મારામાં કંઈ વધી જાય તેમ નથી કે ઘટી જાય તેમ પણ નથી.
હું જ અજ્ઞાનથી જગત-રૂપે ક્ષોભ પામું છું અને હું જ તત્વ-બોધ થી શાંત થઇ જાઉં છું.

મહાવિદ્વાન બલિરાજાએ આ પ્રમાણે વિચાર કર્યો અને
"ૐ-કાર ની છેલ્લી અર્ધ-માત્રાના અર્થ-રૂપ તુરીય-પદનો"
પોતાના આત્મા-રૂપે અનુભવ કરતાં કરતાં તે સમાધિસ્થ થઇ ગયો.
તેના સર્વ સંકલ્પો શાંત પડી ગયા,દ્વૈતના અનેક વિભાગો નો દેખાવ બંધ પડી ગયો.
નિઃશંક રીતે ધ્યાતા-ધ્યેય અને ધ્યાન-આદિની સર્વ ત્રિપુટીઓ દૂર ફેંકાઈ ગઈ,તેની વાસનાઓ શાંત થઇ ગઈ,
અને તે નિર્મળ થઇ ગયો.આમ,એ બલિરાજાને પરમ-પદ નો સાક્ષાત્કાર થયો.
વાયુ વિનાના સ્થાનમાં રહેલા દીવાની જેમ તે નિશ્ચલ થયો.તેનું મન સારી રીતે શાંત થઇ ગયું,
અને,પથ્થરના કોતરાયેલા પુરુષની જેમ,તે ઘણા કાળ સુધી સ્થિર રહ્યો.

જેમ,વાદળાંઓથી રહિત થયેલું શરદ-ઋતુ નું આકાશ સ્વચ્છતાથી શોભે,
તેમ,દ્વૈત ના વિભાગોથી રહિત થયેલો,બલિરાજા "સઘળી તૃષ્ણા શાંત થવાને લીધે-પરિપૂર્ણતાવાળી"
અને "વિષયોના મનન-રૂપી દોષોથી રહિત થયેલી" એવી નિર્મળ બ્રહ્મ-સત્તાથી શોભવા લાગ્યો.

## <u>(૨૮) બલિરાજાની સમાધિ-દશા અને શુક્ર-ગુરુએ દૈત્યોને કરેલું સાંત્વન</u>

વસિષ્ઠ કહે છે કે-એ રીતે બલિરાજા સમાધિસ્થ બેઠો હતો ત્યારે રાજ્યના લોકો ત્યાં આવ્યા અને એ લોકોએ
નિત્યની રીતિ પ્રમાણે પ્રણામ કર્યા.એ લોકોમાં જે મિત્રો હતા તેઓ,બલિરાજાની તે સ્થિતિ જોઇને ખેદ પામ્યા,
જેઓ ત્રાહિત હતા તેઓ વિસ્મય પામ્યા,જેઓ તત્વવેત્તાઓ હતા તેઓ આનંદ પામ્યા,
અને જેઓ મૂર્ખ-સેવકો હતા તેઓ ભય પામ્યા.
અનુચર (મિત્ર) લોકોને બલિરાજાના પ્રાણનો સંશય થવાથી ખેદ થયો,
બલિરાજાનું મુખ પ્રસન્ન જોઇને તેમને (ત્રાહિત લોકોને) વિસ્મય થયું,અને
તેના શરીરમાં રોમાંચ આદિ ચિહ્નો જોવામાં આવવાથી,(તત્વવેત્તાઓને) આનંદ થયો.
પણ ઘણીવાર સુધી બલિરાજાના ના ઉઠવાથી "હવે આપણુંરક્ષણ કોણ કરશે?"
એવી ચિંતા ને લીધે તેમને (મૂર્ખ-સેવકોને) ભય પણ થયો.

દાનવ-મંત્રીઓ એ "હવે અહી શું કરવું?" એમ સારી પેઠે વિચાર કર્યો,
અને સર્વ વિદ્વાનોમાં ઉત્તમ તથા દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય નું ચિંતવન કર્યું.

એટલે અત્યંત તેજવાળું શુક્રાચાર્ય નું કલ્પિત શરીર ત્યાં આવી પહોંચેલું જોવામાં આવ્યું.
દૈત્યોના સમુહે તેમનું પૂજન કર્યું અને આસન આપ્યું.ત્યારે શુક્રાચાર્યે સમાધિસ્થ થયેલા બલિરાજાને જોયો
અને તેને જોઇને "તેનો સંસાર-રૂપી ભ્રમ નાશ પામી ગયો છે" એમ તેમણે અનુભવ્યું,
તેથી,તે પ્રફુલ્લિત થયા.અને હસીને સભાને નીચે પ્રમાણે વચન કહ્યું-

"હે,દૈત્યો,મહાત્મા બલિરાજા,પોતાના "આત્મ-વિચાર"થી જ
સર્વના અધિષ્ઠાન-રૂપ નિર્મળ બ્રહ્મ (ચૈતન્ય) ને પ્રાપ્ત થઈને સિધ્ધ થયેલો છે,
અને તેથી તેને નિરતીશય સુખ મળ્યું છે.માટે, તે ભલે હમણાં આ પ્રમાણે જ રહીને,
પોતાના સ્વ-રૂપમાં ચિરકાળ પર્યંત પરમાનંદ-રૂપ પરમ-પદમાં વિશ્રાંતિ લે.

તે સંસારના પરિશ્રમમાંથી થાકીને હમણાં વિશ્રાંતિ પામ્યો છે,
તેના ચિત્તમાંથી સંસારની ભ્રાંતિ ટળી ગઈ છે,તો હમણાં તમારે તેને બોલાવવો નહિ.
આ બલિરાજાનું અજ્ઞાન-રૂપી સંકટ શાંત થતાં,પોતાના પ્રકાશને જ પ્રાપ્ત થયેલો છે.અને તે પોતાની મેળે જ
જાગ્રત થશે.હે,સર્વ દાનવોના નાયકો તમે તમારા સ્વામીનાં કાર્યોને નિશ્ચિંત થઈને કર્યા કરો.
આ બલિરાજા એક હજાર વર્ષે સમાધિમાંથી જાગ્રત થશે." આમ કહી શુક્રાચાર્ય ત્યાંથી વિદાય થયા.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,દૈત્યોએ આ પ્રમાણે શુક્રાચાર્યનાં વચનો સાંભળ્યાં,
એટલે તેમને હર્ષ-દ્વેષ-ખેદ થી થયેલી ચિંતા ને છોડી દીધી,
અને રાજ્ય-રીતિ પ્રમાણે સભાનું કામ આટોપી લઈને પોતપોતાના કાર્યો કરવામાં લાગી ગયા.

## <u>(૨૯) બલિરાજાની જીવનમુક્ત દશા અને રામને જ્ઞાનમાર્ગમાં રહેવાની ભલામણ</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, સમાધિમાં પૂરાં હજાર વર્ષ વ્યતીત થઇ ગયાં,પછી દેવતાઓનાં દુંદુભિઓના શબ્દો
કાને પડવાથી,મહાત્મા બલિરાજા જાગ્રત થયો.અને વિચાર કરવા લાગ્યો-કે-
"અહો,બ્રહ્માકાર-પણે રહેવા-રૂપ વાસ્તવિક પદવી બહુ શીતળ અને રમણીય છે.હું એ પદવીમાં પરમ વિશ્રાંતિ
પામ્યો હતો.તેથી દેવતાઓનાં હજાર વર્ષ પણ મને ક્ષણ જેવાં લાગ્યાં,હવે હું એ પદવીનો જ આશ્રય કરીને વિશ્રામ
કરું.આ સંસારમાં વિષયોની વિભૂતિઓ ભોગવવાથી મારું શું વળે તેમ છે?
મારા મનમાં સમાધિના પરિપાકથી થયેલી આનંદની લહેરોથી જેવો સંતોષ થયો છે,તેવો આનંદ ક્યાંય નથી."

હે,રામ,બલિરાજા એ પ્રમાણે વિચાર કરીને,"ફરીથી વિશ્રાંતિ" માટે પોતાના મનને ગલિત કરવા લાગ્યો,
પણ એટલામાં તો દૈત્યોથી તે વીંટળાઇ ગયો.અને તેમના પ્રણામોને સ્વીકારવામાં
આકુળ થયેલાં નેત્રોવાળા તે બલિરાજાએ એ દૈત્યો ને જોઈ લીધા અને ત્યાર પછી તેણે મનમાં વિચાર કર્યો કે-

"હું નિર્વિકલ્પ ચૈતન્ય-રૂપ છું,તો -પછી-મારે ગ્રહણ કરવા યોગ્ય કયો પદાર્થ છે?
"જો આ ગ્રહણ કરવા યોગ્ય છે" એવી આસક્તિથી મન કોઇ પદાર્થને ઝડપે,
તો તે રંગ-રૂપ-વાળી મલિનતા ને પ્રાપ્ત થાય છે,
પણ પદાર્થો ને (આસક્તિ વગર) માત્ર જોવાથી મન,તેવા (મલિનતાના) મળને પ્રાપ્ત થતું નથી.

અહો,હું મોક્ષને શા માટે ઇચ્છું છું? કારણકે-પ્રથમ તો મને બાંધ્યો જ છે કોને?
હું મુદ્દલે બંધાયો નથી,છતાં મોક્ષને ઇચ્છું છું,
આ તો કેવળ બાળકો ની રમત જેવું જ થાય છે.એ તે કેવી (મૂર્ખ) વાત?

હકીકતમાં મને બંધન પણ નથી અને મોક્ષ પણ નથી.મારી મૂર્ખતા ટળી ગઈ છે.
(એટલે) હવે મારે ધ્યાનના વિલાસથી કે સમાધિથી શું મેળવવાનું છે?
"ધ્યાન અને ધ્યાનના અભાવ" ની ભ્રાંતિ ને ત્યજી દઈને
મારું આત્મ-તત્વ,પોતાના સ્વ-ભાવને લીધે,(જગતને) ઉદાસીન-પણા (અનાસક્તિ)થી જોયા કરે છે.

માટે,તે (જગતને) જોવામાં-કોઈ વસ્તુ તેની (આત્મ-તત્વની) સામે સ્ફુરે તો ભલે સ્ફુરે,
એમ થવાથી મને કાંઇ હાનિ કે વૃદ્ધિ થવાનાં નથી.
હું હવે,ધ્યાન ને ઈચ્છતો નથી કે ધ્યાન ના અભાવને પણ ઈચ્છતો નથી.
હું તો સઘળા સંતાપોથી રહિત છું,અને સર્વમાં "સમ-ભાવે" જ રહેલો છું.
હવે,મને સમાધિ ના આનંદ ની પણ ઈચ્છા નથી કે જગતની સ્થિતિ ની પણ ઈચ્છા નથી.
તેથી,મારે ધ્યાન નું પણ શું કામ છે? અને વૈભવનું પણ શું કામ છે?

મને દેહનો સંબંધ નહિ હોવાથી હું મર્યો પણ નથી અને મને પ્રાણનો સંબંધ નહિ હોવાથી હું જીવતો પણ નથી.
હું સ્થૂળ,સુક્ષ્મ કે કોઈનો વિકાર નથી.આ દેહ-રાજ્ય વગેરે મારાં નથી.હું મને જ પ્રણામ કરું છું,
હું તો બ્રહ્મ (ચૈતન્ય) છું,આ જગતનું (મારું) રાજ્ય રહે તો ભલે રહે અને જાય તો ભલે જાય.
રાજ્ય રહે કે ના રહે પણ હું તો શાંત-પણે મારા "સ્વ-રૂપ"માં (સમતાથી) જ રહીશ.

મારે ધ્યાન કરીને શું કરવાનું છે? કે રાજ્યના વૈભવને ભોગવીને શું કરવાનું છે?
જે આવતું હોય તે ભલે આવે અને જે જતું હોય તે ભલે જાય,હું કોઈનો નથી અને મારું કોઈ નથી.
મારે હવે જો કર્તાપણા ના અભિમાન-પૂર્વક કંઈ કર્તવ્ય નથી-
તો હું આ ચાલતું રાજ્ય નું કામ,આસક્તિ વિના (સમતા રાખી) શા માટે કરું નહિ?"

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,જ્ઞાનીમાં ઉત્તમ અને પૂર્ણતાવાળા એ બલિરાજાએ -ઉપર પ્રમાણે નિશ્ચય કર્યો,
અને જેમ સૂર્ય કમળ ને જુએ છે,તેમ તેણે દૈત્યો ને જોયા.
જેમ પવન પુષ્પોની સુગંધ નું ગ્રહણ કરે છે-તેમ,બલિરાજાએ સહુ દૈત્યોના પર જુદીજુદી દૃષ્ટિ કરવાની
વિચિત્રતા થી,સઘળા દૈત્યો ના પ્રણામો સ્વીકાર્યા.
પછી તે બલિરાજા "ધ્યેય" નામની વાસનાના ત્યાગ-વાળા માંથી સઘળાં રાજ-કાર્યો કરવા લાગ્યો.

બલિરાજાના રાજ્ય ની આણ સઘળા લોકો પર ચાલતી હતી,અને એ રાજ્યમાં બલિરાજા દિવસે દિવસે
ચડતી દશાને પામતો ગયો.અને કોઈ દિવસે તેને યજ્ઞ કરવાની બુદ્ધિ થઇ,
એટલે તેણે શુક્રાચાર્ય આદિ મુખ્ય બ્રાહ્મણોને સાથે રાખી અને અશ્વમેધ નામનો મોટો યજ્ઞ કર્યો.
એ યજ્ઞમાં સઘળા લોકો ને તૃપ્ત કરવામાં આવ્યા,તેથી, દેવતાઓએ તથા ઋષિઓએ તેની ઘણી પ્રશંસા કરી.

"બલિરાજા ભોગોના સમૂહની ઈચ્છા-વાળો નથી" એમ નિશ્ચય કરીને-
સિદ્ધિ-દાતા વિષ્ણુ,બલિરાજાને ધાર્યા પુરુષાર્થ ની સિદ્ધી આપવા માટે,
વામન-રૂપ ધારણ કરીને તેના યજ્ઞમાં પધાર્યા.
માગવાની ચાતુરીને જાણનારા,એ વિષ્ણુએ,
ભોગોમાં જ આસક્ત થઈને રહેતા,એવા ઇન્દ્રને જગત-રૂપી જંગલનો એક ટુકડો(સ્વર્ગ) દેવા સારું,
માયાના બળથી બલિરાજા ને છેતર્યો.
ત્રણ પગલામાં ત્રણ લોકો ને ભરી લઈને,જેમ,વાંદરાંને ભોયરા માં બાંધે,તેમ બલિરાજાને પાતાળમાં ચાંપ્યો.

હે,રામ,જીવનમુક્ત થયેલો એ બલિરાજા,"પાછી ઇન્દ્રની પદવી ભોગવવાનું પોતાનું પ્રારબ્ધ" હોવાને લીધે,
સ્વસ્થ-પણાથી પાતાળમાં રહ્યો છે,અને તેની બુદ્ધિ નિત્ય સમાધિમાં ગલિત થયા કરે છે.

સંપત્તિ અને વિપત્તિને તે સમ-દૃષ્ટિ થી જોયા કરે છે.
સમતા પામેલી તેની બુધ્ધિ,,દુઃખમાં અસ્ત પામતી નથી કે-સુખમાં ઉદય પામતી નથી.
આ જગતમાં પ્રાણીઓના-અહી- વૈભવોના હજારો આવિર્ભાવ અને હજારો તિરોભાવ-થયા કરે છે,
તેમને લાંબા કાળ સુધી જોઈને,બલિરાજાનું મન ભોગોમાં વૈરાગ્ય પામેલું છે.
દશ કરોડ વર્ષો સુધી ત્રૈલોક્ય નું રાજ્ય કરીને,અંતે વિરક્ત થઈને તેનું મન શાંત થયું છે.

બલિરાજાએ સુખ-દુઃખોનાં આવવાં- જવાં હજારો વાર જોયેલાં છે.અને હજારો સંપત્તિઓ અને વિપત્તિઓ જોયેલી છે.માટે,હવે તે બલિરાજા કયા પદાર્થ ને સ્થિર ગણીને તેની સ્પૃહા રાખે?
બ્રહ્માકારપણાથી ભરપૂર થયેલા મનવાળો એ બલિરાજા ભોગોની અભિલાષાને ત્યજી દઈને સર્વદા,
આત્મા-રામ-પણાથી પાતાળના પ્રદેશમાં રહ્યો છે.

હે,રામ,હજુ,ફરી,એ બલિરાજા,ઇન્દ્રપણું પામીને ઘણાં ઘણાં વર્ષો સુધી આ ત્રૈલોક્યનું રાજ્ય કરનાર છે.
પણ,એ બલિરાજાને ફરીથી ઇન્દ્રના પદની પ્રાપ્તિ થી મનમાં કોઈ હર્ષ થતો નથી,
અને હમણાં તે (ઇન્દ્ર)પદમાંથી ભ્રષ્ટ થઈને બેઠો છે,તેથી તેના મનમાં કોઈ શોક થતો નથી.
તે સઘળા પદાર્થોમાં "સમાન દૃષ્ટિ" (સમતા) રાખે છે,સર્વદા સંતુષ્ટ ચિત્ત-વાળો છે,
તે,પ્રાપ્ત થયેલા ભોગોને ભોગવે છે,અને પ્રાપ્ત નહિ થયેલા ભોગોની ઈચ્છા કરતો નથી.
અને આકાશની જેમ "નિર્લેપ-પણા" થી રહે છે.

હે,રામ,બલિરાજાને જે પ્રકારથી (વિચારથી) જ્ઞાનની પ્રાપ્તિ થઇ હતી,તે પ્રકાર મેં તમને કહી સંભળાવ્યો.
તમે પણ એવા જ વિચારો રાખીને જીવનમુક્તિની ચડતી દશાને પામો.
હે,રામ, તમે પણ બલિરાજાની જેમ,વિવેક થી "હું અવિનાશી પરમાત્મા છું"એવો નિશ્ચય રાખીને,
પુરુષ-પ્રયત્નથી જ અદ્વૈત-પણાને પ્રાપ્ત થાઓ.
બલિરાજાને દશ કરોડ વર્ષો સુધી ત્રૈલોક્ય નું રાજ્ય ભોગવ્યા પછી અંતે તો ભોગોમાં અરુચિ પ્રાપ્ત થઇ હતી.
આથી તમે પણ અંતે અવશ્ય દુઃખ દેનારા ભોગો ના સમુહને (મનથી) ત્યજી દો.
અને જેમાં દુઃખનો સંભવ જ નથી,તેવા પરમ-આનંદ-રૂપ-સત્ય-પદ-ને પ્રાપ્ત થાઓ.

હે,રામ,અનેક પ્રકારના રાગ-દ્વેષાદિક વિકારો આપનારા દૃશ્ય-પદાર્થો ને રમણીય સમજવા નહિ.
જેમ ડુંગરા દુરથી રળિયામણા લાગે છે,પણ પાસે જતાં બિહામણા લાગે છે,
તેમ,સઘળા ભોગ્ય પદાર્થો પણ,પ્રાપ્તિના સમયમાં જ સુખદાયક  લાગે છે,પણ અંતે બહુ દુઃખ આપનારા છે.
આ મન,જ આ લોકના અને પરલોકના ભોગોમાં દોડ્યા કરે છે,અને પામર ચેષ્ટાઓમાં લોટ્યા કરે છે,
માટે,તમે તેને બાંધી લઈને હૃદય-રૂપી ગુફામાં જ રાખી (પૂરી) મૂકો.

હે,રામ,સૂર્યની જેમ,સઘળાં દૃશ્યોને પ્રકાશ આપનારા તમે આ જગતમાં રહ્યા છો,માટે તમારે શત્રુ કે મિત્ર કોણ?
તમે અંત થી રહિત છો,તમે જ આદિ-પુરુષોત્તમ છો,તમે જ ચૈતન્ય છો
અને તમે જ આ જગતના અસંખ્ય પદાર્થો-રૂપે સ્ફુરો છો.
જેમ,દોરામાં મણિઓનો સમૂહ પરોવાયેલો હોય છે,તેમ નિત્ય-પ્રકાશ શુધ્ધ-જ્ઞાન-રૂપ-એવા-તમારામાં,
આ સઘળું સ્થાવર અને જંગમ જગત પરોવાયેલું છે.
તમે જન્મતા પણ નથી કે મરતા પણ નથી.તમે તો સર્વના અધિષ્ઠાન-રૂપ શુધ્ધ ચૈતન્ય-રૂપ અજન્મા પુરુષ છો.

તૃષ્ણા ની વૃધ્ધિ થાય તો જન્મ આદિ રોગો પ્રબળ થાય છે,અને
તૃષ્ણાનો ક્ષય થાય તો જન્મ આદિ રોગો નિર્મૂળ થઇ જાય છે.
એમ બરાબર નો સારી રીતે વિચાર કરીને,તથા ભોગોની તૃષ્ણાને ત્યજી દઈને તમે કેવળ ભોગોના સાક્ષી થાઓ.
તમે વ્યર્થ ખેદ ધરો નહિ,તમને સુખ-દુઃખ નો સંબંધ છે જ નહિ,

તમે પરિપૂર્ણ રીતે પોતાના સ્વ-રૂપને સમજ્યા છો,માટે તમે સર્વના આત્મા છો, અને સર્વ જગતના પ્રકાશક છો.

પ્રથમ તો જે જે વિષય-સુખ મન ને પ્રિય લાગે-તે તે સુખને અનર્થના સાધન-રૂપ સમજો.અને-
ઇન્દ્રિયો ના નિગ્રહ-આદિ જે જે નિયમ મનને અપ્રિય લાગે,તેને કલ્યાણના સાધન-રૂપ સમજો.

પછી,જયારે અભ્યાસ પાકો થાય-ત્યારે જગતની કલ્પનાને ત્યજી દો.
"આ ઇષ્ટ છે અને આ અનિષ્ટ છે"એ દૃષ્ટિનો ત્યાગ કરવામાં આવે,ત્યારે સાચેસાચી "સમતા"નો ઉદય થાય છે.
તે સમતા હૃદયમાં સ્થિર રહે,તો જીવને ફરીવાર જન્મ લેવો પડતો નથી.
માટે મન જે જે વિષયોમાં જાય ત્યાંથી તેને બહાર કાઢી લઈને અધિષ્ઠાન-રૂપ ચૈતન્યમાં જોડી દેવું.(આમ થવાથી)
મન ને જયારે વિષયોમાંથી નીકળીને ચૈતન્યમાં ચોંટવાનો અભ્યાસ પડી રહે
ત્યારે તેને સઘળી રીતે ત્યાં (ચૈતન્યમાં) રોકી લેવું.એટલે પરમ કલ્યાણ ની પ્રાપ્તિ થાય.

હે,રામ, "શરીરને જ સાચું માનનારા,મિથ્યા વિચારોથી દુષિત ચિત્ત-વાળા-મૂઢ અને જાણે સંકલ્પના હાથમાં વેચાયા હોય-તેમ સંકલ્પો ને આધીન રહેનારા ધુતારા" (મૂર્ખ) ની સમાન પંક્તિમાં- તમે-રહો નહિ.
મૂર્ખ-પણું,આત્મ-તત્વના નિર્ણયમાં,વિવેક અને વૈરાગ્ય ને દુર રાખનાર છે -
અને શાસ્ત્ર-આદિનાં-ઉત્તમ વચનોમાં પ્રવેશ કરવામાં બહુ વિલંબ કરાવનાર છે.
આ જગતમાં મૂર્ખ-પણાથી બીજો અધિક કોઈ પણ દુઃખ-દાયી શત્રુ નથી.

હે,રામ,તમે હૃદય-રૂપી આકાશમાં ઉદય પામેલા આ અવિવેક-રૂપી વાદળને,
વિવેક-રૂપી પવનના ઝપાટાથી તરત દુર કરી નાખો.
જ્યાં સુધી,"આત્માના અવલોકન" માટે પોતાના પ્રયત્નથી જ સગવડ કરવામાં ના આવે,
ત્યાં સુધી,"વિચાર" નો ઉદય નહિ થાય.
એટલે,જ્યાં સુધી અંતરદૃષ્ટિ કરીને "પોતાના સ્વ-રૂપનું અવલોકન" કરવામાં આવે નહિ,
ત્યાં સુધી,વેદના,વેદાંતના,કે શાસ્ત્રના વિચારોથી,કે પછી અનુમાનો કરવાથી આત્માનો પ્રગટ અનુભવ થાય નહિ.

હે,રામ,તમે પોતામાં પોતાની મેળે જ સ્વચ્છ થયા છો,અને વિસ્તીર્ણ બોધને પ્રાપ્ત થયા છો.
તો પણ (છતાં પણ) તમે,--મારા વચનોથી અને --પોતાની સમજણમાં વિશ્વાસ રાખી નિઃસંદેહ -બોધવાળા થાઓ.
સૂર્યની પેઠે,સર્વને પ્રકાશ આપનાર--ભેદના અંશથી પણ રહિત--એવા પરમાત્મા નું,
દેશ અને કાળ ના તથા વસ્તુ ના પરિચ્છેદથી રહિતપણું--મારા કહેવાથી જ તમારા સમજવામાં આવ્યું છે.
અને મારા કહેવાથી જ તમારા સર્વ સંકલ્પો લય પામી ગયા છે.સંદેહો-રૂપી વિભ્રમો શાંત થઇ ગયા છે,
વિષયોને જોવાની ઉત્કંઠા-રૂપી ઝાકળ શાંત થઇ ગયું છે.અને સઘળા સંતાપો ટળી ગયા છે.

હે,મનન કરનારા રામ,તમને જયારે આત્મ-બોધમાં આવરણ અને વિક્ષેપ ટળી જશે,
ત્યારે તમે જે જ્ઞાનને તથા જ્ઞાનનાં સાધનો ને -મોક્ષને અર્થે સ્વીકારો છો તે સ્વીકારવાનું પણ નહિ રહે,
જે વિવેક તથા વૈરાગ્ય-આદિનું પાલન કરો છો,તે પાલન કરવાનું પણ રહેશે નહિ,
જે આળસ તથા પ્રમાદ આદિ દોષોને હણો છો,તે હણવું પણ નહિ રહે.

જે, સમાધિના સુખ-રૂપી અમૃતને પીઓ છે તે પીવાનું પણ નહિ રહે,
જે ઉત્તરોત્તર ભૂમિકાઓમાં ચડીને પ્રસન્ન થાઓ છો-તે,પ્રસન્ન થવાનું પણ નહિ રહે.
જે,ભૂમિકામાં વિશ્રાંત થઈને સુખના અધિક ઉત્કર્ષથી પ્રફુલ્લિત થઇ જાઓ છો,
તે પ્રફુલ્લિત થવાનું પણ નહિ રહે.

## (૩૦) હિરણ્યકશિપુએ અનેક પરાક્રમો કર્યા,અને તેને નૃસિંહે માર્યો

વસિષ્ઠ કહે છે કે-હવે હું જ્ઞાનના ઉદયનો (બીજો એક) ઉત્તમ પ્રકાર (ભક્તિ) કહું છું તે તમે સાંભળો.
તે પ્રકારથી દૈત્યો નો રાજા પ્રહલાદ "પોતાની મેળે" જીવનમુક્ત થયો હતો.
(નોંધ-આગળ બતાવ્યો તે પ્રકાર "વિચાર" થી બલિરાજાના જ્ઞાન નો ઉદય થયો હતો)

વિરુદ્ધ પક્ષના દેવતાઓને તથા દૈત્યોને યુધ્ધમાં ત્રાસ આપીને નસાડનારો અને
નારાયણ ના જેવા પરાક્રમવાળો-હિરણ્યકશિપુ નામનો મોટો દૈત્ય પાતાળમાં રાજ્ય કરતો હતો.
ત્રૈલોક્ય ને દબાવનારા,એ દૈત્યે,ઇન્દ્રનું રાજ્ય પણ હરી લીધું હતું.અને જગતનું રાજ્ય કરવા માંડ્યું હતું.
ત્રૈલોક્ય ના અધિપતિ બનેલા એવા એ હિરણ્યકશિપુએ કાળે કરીને દશ પુત્રો ઉત્પન્ન કર્યા હતા.
એ સઘળા તેજસ્વી પુત્રોમાં સહુથી મુખ્ય પુત્ર (યુવરાજ)નું નામ પ્રહલાદ હતું.

પુત્રોની સહાયતાવાળો,અઢળક સંપત્તિવાળો,તથા પ્રબળ સેનાવાળો,એ હિરણ્યકશિપુ મદોન્મત થયો હતો.
તેનો પ્રતાપ,પ્રલયકાળ ના સૂર્યોની જેમ અત્યંત તીવ્ર લાગતો હતો,તેને પ્રજા પર નવાનવા કરો નાખ્યા હતા,
હિરણ્યકશિપુથી બહુ પીડા થવાને લીધે ત્રણે લોક ખેદ પામતા હતા.
દુષ્ટ કાર્યોમાં તત્પર થયેલા,હિરણ્યકશિપુની દુષ્ટતા થી સૂર્ય-ચંદ્ર-આદિ દેવતાઓ પણ પરિતાપ કરવા લાગ્યા
હતા.આથી સઘળા દેવતાઓએ હિરણ્યકશિપુ-રૂપી મોટા હાથીનો વધ કરવાને વિષ્ણુ ને પ્રાર્થના કરી.
મહાત્મા પુરુષો પણ વારંવાર કરવામાં આવતા અપરાધોને સહન કરે નહિ,એ સ્વાભાવિક છે.
એટલે દેવતાઓની પ્રાર્થનાથી,વિષ્ણુએ હિરણ્યકશિપુને મારવા માટે નૃસિંહ નું સ્વરૂપ ધર્યું.

નૃસિંહ નું રૂપ ભયંકર હતું,તેમણે ભયંકર કડકડાટી કરીને,યુદ્ધમાં,હાથી -જેમ, ઘોડાને મારી નાખે છે-
તેમ,તેમણે એ દૈત્ય હિરણ્યકશિપુને મારી નાખ્યો.અને તે નૃસિંહ-ભગવાને પોતાના નેત્રોમાંથી નીકળતા અગ્નિથી,
દૈત્યોના નગર ને બાળી નાખ્યું-એટલે થોડા બચેલા દૈત્યો ત્યાંથી નાસી ગયા.

આમ,પ્રલય-કાળ જેવા ને દેવતાઓએ આદરથી પૂજેલા,નૃસિંહ ભગવાને હિરણ્યકશિપુનો વધ કરીને ત્યાંથી ગયા,
ત્યારે પ્રહલાદ,બચી ગયેલા દૈત્યો સાથે,તે બળી ગયેલા પ્રદેશમાં પાછા આવ્યા,
અને મરી ગયેલા બંધુઓ નો વિલાપ કરવા લાગ્યા.

## (૩૧) પ્રહલાદે ખેદપૂર્વક વિચાર કરીને વિષ્ણુની ભક્તિથી વિષ્ણુ-ભાવ પ્રાપ્ત કર્યો

વસિષ્ઠ કહે છે કે-આમ,વિષ્ણુએ પાતાળની ગુફામાં ઘણા દાનવોને મારી નાખ્યા,
ત્યારે દુઃખોથી ઘેરાયેલા મનવાળો પ્રહલાદ,આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો-
"હવે આપણો શો ઉપાય ચાલે? પાતાળમાં અસુર-રૂપી જે અંકુર ઉત્પન્ન થાય--
તેને,વિષ્ણુ-રૂપી મૃગ ખાઇ ગયા વિના રહેતો નથી.પાતાળમાં ઉત્પન્ન થયેલા દૈત્યો કદી સ્થિર રહી શક્યા નથી.
તરંગો ની પેઠે ઉત્પન્ન થઈથઈને નષ્ટ થઇ જાય છે.

હાય ! બહારના તથા અંદરના અમારા સઘળા પ્રકાશને (રાજ્ય-આદિને) હરી લેનારા અમારા શત્રુઓ (દેવો)
વૃધ્ધિ પામ્યા છે અને આ સમયમાં દુઃખથી પૂર્ણ થયેલા અને સંકોચાતી સંપત્તિઓવાળા અમારા બંધુઓ ખેદ પામે
છે. દ્વેષ થી મેલા થયેલા આ દેવો-પૂર્વે પ્રણામ કરવાના સમયે.પોતાના મુકુટો મારા પિતાના ચરણમાં મુકીને
પ્રણામ કરતા હતા,તે જ દેવો,આજે મારા પિતાના દેશને દબાવી બેઠા છે.

ઉધમો થી તથા લક્ષ્મી થી રહિત થયેલા,રાંક થયેલા અને પોતાનાં દુઃખોને ગાયા કરતા -
અમારા બાંધવો બળી ગયેલી પાંખડીઓ વાળા કમળ ની જેમ શોભા વિનાના થઇ ગયા છે.

જેમ મારા પિતાના સમયમાં દેવતાઓ દીન થઇ ગયા હતા,તેમ,ત્રૈલોક્ય-રૂપી મોટાં સરોવરોને ડહોળી નાખવામાં મદોન્મત હાથીઓ જેવા પ્રબળ દૈત્યો પણ આજે દીન થઇ ગયા છે.
અહો,દૈવ (નસીબ) ને શું અસાધ્ય છે?
ભૂંડાં કામ કરનાર દેવતાઓ પર વિષ્ણુની કૃપા થઇ છે,અને વિષ્ણુ ના પરાક્રમનો આશ્રય મળવાથી,ઊંચાઇને પામેલા તે દેવતાઓએ અમને પાતાળમાં ધકેલી દીધા,અને તેથી જ અમને આ સ્થિતિ પ્રાપ્ત થઇ છે.

હાય,જેઓ પૂર્વે મારા પિતાને ચામળ ઢોળતા હતા તેઓ આજે સ્વર્ગમાં ઇન્દ્રને ચામળ ઢોળે છે.
એ ભૂંડાં કામ દેવતાઓ ઉપર કેવળ પર એક વિષ્ણુ ની જ કૃપા થઇ છે,અને તેથી જ અમને દીનતા આપનારી સ્થિતિ પ્રાપ્ત થઇ છે.જેમ પ્રલયકાળ નો પવન મેરુ-આદિ પર્વતોને પણ પાડી દે છે,તેમ વિષ્ણુ એ જ મારા પિતા-આદિ મોટા દૈત્યોને પાડી દીધા છે.

દેવતાઓના સમૂહ ને આશ્રય આપનારો અને જેની ભુજાઓનો પ્રતાપ-રૂપી-અગ્નિ,
સઘળા જગતનો સંહાર કરવામાં સમર્થ થઇ પડ્યો છે,એવો એક વિષ્ણુ જ અમને વિષમ થઇ પડ્યો છે.
જેમ,વાંદરો બાળકોને કનડગત કરે છે,તેમ એ વિષ્ણુ આયુધો વિનાનો હોય તો પણ જીતી શકાય તેમ નથી,
કારણકે વજ્ર જેવો દૃઢ હોવાને લીધે,શસ્ત્રો કે અસ્ત્રો થી કપાય તેમ નથી.
અમારા પૂર્વજો સાથેના મોટામોટા સંગ્રામો માં પણ તે વિષ્ણુ હાર્યો નથી તો આજ અમારાથી તે કેમ ડરે?

હું ધારું છું કે વિષ્ણુને ખુલ્લી રીતે વશ કરવાનો એક જ ઉપાય છે ,અને તે એ છે કે-
સઘળા પ્રકારની શ્રધ્ધાથી,સઘળા પ્રકારની સમજણથી,અને સઘળી ક્રિયાઓ ના ઉધોગ થી -
વિષ્ણુ જ આશ્રય લેવો.વિષ્ણુ નો આશ્રય લીધા સિવાય બીજી કોઈ ગતિ નથી.
વિષ્ણુ જગત ની ઉત્પત્તિ,સ્થિતિ અને લયનું કારણ છે.
તેનાથી અધિક આખા બ્રહ્માંડ માં બીજો કોઇ નથી.એટલે આ ક્ષણથી જ હું તે અજન્મા નારાયણ ના શરણે જાઉં છું.

પણ વિષ્ણુ થઈને વિષ્ણુનું પૂજન કરવું એમ શાસ્ત્ર માં કહ્યું છે.
માટે વિષ્ણુ થયા વિના કોઈ વિષ્ણુ નું પૂજન કરે તો પૂજન નું ફળ પ્રાપ્ત થાય નહિ.
તો,હવે હું વિષ્ણુ-સ્વ-રૂપ જ થઇ ગયો છું!!

"જે વિષ્ણુ છે તે જ પ્રહલાદ છે અને જે પ્રહલાદ છે તે જ વિષ્ણુ છે,મારાથી બીજો કોઇ વિષ્ણુ નથી"
એવો મારા મનમાં નિશ્ચય થવાને લીધે,હું સર્વ-વ્યાપક છું.
હું ત્રૈલોક્ય ને બાળી નાખવા સમર્થ છું,મારી સામે કયો શત્રુ આવી શકે તેમ છે?
મારી આગળ ઉભેલા આ દેવતાઓ અને દૈત્યો,મારા તેજના પ્રસારને રોકી શકતા નથી.
આ બ્રહ્મા,ઇન્દ્ર,અગ્નિ,રુદ્ર-આદિ દેવતાઓ તેમના મુખોમાંથી નીકળતાં અનંત વચનો થી મારી સ્તુતિ કરે છે.

દિશાઓ,આકાશ,પૃથ્વી અને સઘળું જગત વિષ્ણુ છે,તેથી હું પણ અપ્રમેય-સ્વ-રૂપ વાળો વિષ્ણુ છું.
હું પોતે જ સર્વ દેશમાં,સર્વ કાળમાં અને સર્વ વસ્તુઓ માં નારાયણ-રૂપ જ છું.
જેમ પવન આકાશમાંથી કદી દૂર થતો નથી,
તેમ સઘળા મનોરથો ને સિધ્ધ કરનારો "નમો નારાયણ" એ મંત્ર મારા હૃદયમાંથી કદી દુર થશે નહિ.

અત્યંત વૃધ્ધિ પામેલા ઐશ્વર્ય-વાળો હું સાક્ષાત વિષ્ણુ-રૂપ થયો છું.હું મારા વાસ્તવિક (વિષ્ણુના) સ્વભાવથી તો-
સુખ-દુઃખ-આદિ સઘળાં દ્વંદો થી રહિત છું.આ જે મારું વિષ્ણુ-સ્વ-રૂપ છે તેને હું પ્રણામ કરું છું.
તે વિષ્ણુ ના ઉદરની અંદર સઘળું બ્રહ્માંડ રહ્યું છે.વાદળાં,પર્વતો અને વન વગેરે સર્વ પદાર્થોમાં -
તે (વિષ્ણુ) વ્યાપક થઇને રહે છે,અને સઘળા પ્રકારના ભયો ને મટાડનાર છે.

**(૩૨) પ્રહલાદે કરેલી વિષ્ણુ પૂજા અને દેવોને થયેલું આશ્ચર્ય**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,પ્રહલાદે તે પ્રમાણે,પોતાના શરીરને,પોતાની ભાવનાથી નારાયણ-રૂપ કર્યું.
અને પછી તે નારાયણ ને પૂજવા માટે નીચે પ્રમાણે ચિંતવન કર્યું.

" આ મેં કલ્પેલું,વિષ્ણુ નું જે રૂપ છે,તેથી જુદું કોઈ સમષ્ટિ-રૂપ કે વ્યષ્ટિ-રૂપ નથી,
પણ મેં "હું-રૂપ" કલ્પેલું જે વિષ્ણુ નું સ્વરૂપ છે,તેનું હું હૃદયમાંથી પ્રાણવાયું ના પ્રવાહને માર્ગે આવાહન કરું છું.
અને પૂજાની સમાપ્તિ પર્યંત,એ વિષ્ણુ જાણે બહાર બિરાજ્યા હોય એમ પણ કલ્પના કરી લઉં છું.
(નોંધ-"હું-રૂપે" કલ્પેલું વિષ્ણુ નું સ્વરૂપ એટલે "હું જ વિષ્ણુ છું" એ અદ્વૈત થાય છે,જયારે
પૂજા ની સમાપ્તિ સુધી-એટલે કે ભક્તિ માં તે જ વિષ્ણુ- બહાર બિરાજ્યા હોય તેવી "કલ્પના"-તે દ્વૈત છે)

એ વિષ્ણુ,ગરુડ પર બિરાજ્યા છે,અને ક્રિયાશક્તિ,જ્ઞાનશક્તિ,ઈચ્છાશક્તિ,અને અનુગ્રહશક્તિ-
એ ચાર શક્તિઓ થી તે સંપન્ન છે.
તે,શંખ,ચક્ર,ગદા અને કમળને ધારણ કરનારા,શ્યામ શરીરવાળા છે ને ચાર ભુજાઓવાળા છે.
એ ચંદ્ર એ સૂર્ય-રૂપી બે નેત્રોવાળા છે,વક્ષ-સ્થળમાં લક્ષ્મીને ધારણ કરનારા છે.
વિશાળ નેત્રો વાળા છે,સારંગ નામના ધનુષ્યને ધારણ કરનારા છે અને,મહા કાંતિમાન છે.

પ્રથમ હું સઘળી સામગ્રીઓથી રમણીયતાવાળી "માનસિક-પૂજા" થી
એ વિષ્ણુનું એમના પરિવારો સહિત શીઘ્ર "માનસિક પૂજન" કરીશ,
તે પછી "ફરીવાર" બહારના વૈભવોથી ભરપૂર,એવાં ઘણાં રત્નો-વાળી "બાહ્ય-પૂજા" થી
એ મોટા (દેવ) વિષ્ણુ નું હું પૂજન કરીશ"

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,એ પ્રમાણે ચિંતવન કરી,તે પ્રહલાદ,પોતાના "મન"થી જ ઘણી સામગ્રીઓથી ભરપૂર,
"માનસિક પૂજા" થી,લક્ષ્મી પતિ-ભગવાન વિષ્ણુ નું પૂજન કરવા લાગ્યો.
તેણે, મન થી જ રત્નો થી જડેલાં પાત્રો વડે અભિષેક કર્યો,ચંદન આદિ લેપનો કર્યા,ધુપો કર્યા,દીવાઓ કર્યા,
વૈભવો-વાળા વિચિત્ર અલંકારો ધરાવ્યા,અને ભાતભાતના નૈવેધ્યો ધરાવ્યા.

માનસિક પૂજન બાદ,તે દાનવ-રાજ પ્રહલાદે,દેવાલયમાં,
બહારના પ્રત્યક્ષ (સાચા) ચંદન-પુષ્પાદિથી અને ઉપહારો થી સંપન્ન કરેલી બાહ્ય પૂજા કરવાનો પ્રારંભ કર્યો.
જે રીતે માનસિક પૂજન કર્યું હતું તે જ ક્રમથી બહારના (પ્રત્યક્ષ કે સાચા) પદાર્થોથી પણ -
વારંવાર વિષ્ણુ નું પૂજન કરીને પ્રહલાદ બહુ પ્રસન્ન (આનંદિત) થયો.

ત્યારથી માંડીને પૂર્ણ ભક્તિપૂર્વક નિત્ય તે પ્રમાણે જ તેણે વિષ્ણુ નું પૂજન કરવા માંડ્યું.
પ્રહલાદની એ પદ્ધતિ ની ભક્તિ જોઇને નગરમાં બીજા દૈત્યો પણ ઉત્તમ વૈષ્ણવો થયા.
જો,રાજા સદાચાર થી વર્તે તો પ્રજા પણ સદાચારથી જ વર્તે એ સ્વાભાવિક જ છે.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,"સઘળા દૈત્યો વિષ્ણુ ના દ્વેષ ને ત્યજી દઈને,વિષ્ણુ ના ભક્ત થયા છે"
એ વાત અંતરિક્ષમાં પહોંચી અને સ્વર્ગ-લોકમાં પણ પહોંચી ગઈ.
ઇન્દ્ર અને દેવો આ વાત થી વિસ્મય પામ્યા-કે "દૈત્યોએ વળી વિષ્ણુ ની ભક્તિ કેમ સ્વીકારી હશે? "
આમ વિસ્મય થી વ્યાકુળ થયેલા,તે દેવો સ્વર્ગ-લોકમાંથી બહાર નીકળ્યા,અને
ક્ષીર-સાગરમાં શેષ-નાગના શરીર પર બિરાજેલા શ્રીવિષ્ણુ પાસે ગયા.અને તેમને આ વિસ્મય ની વાત પૂછી.

દેવતાઓ કહે છે કે-હે,ભગવન,દૈત્યો તો સર્વદા આપના દ્વેષી જ હતા,
પણ તેઓ હમણાં આપના અત્યંત ભક્ત થઇ ગયા છે,એ શું? આ તો આપની માયા હોય તેમ જણાય છે.
અત્યંત દુરાચારવાળા અને ધર્મના દૃઢ માર્ગોને પણ તોડી નાખનારા દૈત્યો ક્યાં?
અને છેલ્લા ઉત્તમ જન્મો માં મળે એવી જનાર્દન (વિષ્ણુ) ની ભક્તિ ક્યાં?
હે,ભગવન,પામર પુરુષ ગુણવાન થયો-એ વાત સુખદાયી પણ છે અને દુઃખદાયી પણ છે.
(દેવો તથા ઇન્દ્રને પોતાનું સ્વર્ગનું સ્થાન ઝુંટવાઈ જવાની ચિંતા કે શંકા થવાથી દુઃખી બને છે)

વળી,જ્યાં જે યોગ્ય ના હોય (દૈત્યો અને તે વળી નારાયણની ભક્તિ કરે?!!) તે શોભતું નથી.
જેમ,કાચના સમૂહમાં મુલ્યવાન મણિ હોય તે શોભે નહિ,તેમ જે જે જીવ જે જે પંક્તિનો હોય તે પંક્તિમાં જ શોભે.

અનુચિત,છતાં,પરસ્પર,સંબંધ પામેલી વસ્તુઓને જોવાથી જેવું દુઃખ ઉતપન્ન થાય છે
તેવું દુઃખ શરીરમાં વજ્ર-જેવી તીખી સોયો ભોંકવાથી પણ થતું નથી.
અધમ-પામર ની રીતભાત વાળો સર્વદા-નીચ કાર્યોમાં રુચિ રાખનારો,અને હીન જાતિવાળો-
તુચ્છ દાનવ ક્યાં? અને આપની ભક્તિ ક્યાં?
દાનવનું અને આપની ભક્તિનું પરસ્પર ચોકઠું બેસે જ કેવી રીતે?

હે,પ્રભુ જેમ,કઠિન તથા તપેલી ખારી જમીન પર કમલિની ઉગી છે-એ વાત યોગ્ય ઘટના વાળી હોવાને લીધે,
સાંભળનાર ને સુખ આપતી નથી,તેમ તે દૈત્ય (પ્રહલાદ) વિષ્ણુ નો ભક્ત થયો છે,
એ વાત,પણ અમને સુખ આપતી નથી.

**<u>(૩૩) પ્રહલાદે વિષ્ણુ ભગવાન ની સ્તુતિ કરી</u>**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,જેમ અત્યંત વેગ થી ટહુકાર કરતા મયૂરોના સમુહને મેઘ (વર્ષા દ્વારા) પ્રત્યુત્તર આપે છે,
તેમ,અત્યંત કોપથી,બુમો પાડીને પૂછતા તે દેવો ના સમૂહને શ્રી વિષ્ણુ એ નીચે પ્રમાણે પ્રત્યુત્તર આપ્યો.

ભગવાન (વિષ્ણુ) કહે છે કે-હે,દેવતાઓ,પ્રહલાદ ભક્તિવાળો થયો છે,એ વિષયમાં તમે ખેદ પામો નહિ.
કેમ કે તે અરિદમન,પ્રહલાદ મોક્ષને જ યોગ્ય છે,તેનો આ છેલ્લો જ જન્મ છે.
જેમ બળી ગયેલું,બી ફરીવાર અંકુરને પામતું નથી,તેમ એ પ્રહલાદ હવે ગર્ભવાસમાં જવાનો જ નથી.
સદગુણો-વાળો પુરુષ સદગુણોથી રહિત થઇ જાય તો એ અનર્થ ની વાત કહેવાય છે,
પણ દુર્ગુણોવાળો પુરુષ સદગુણોવાળો થાય તો એ વાત ઉત્તમ ગણવામાં આવે છે.
હે,દેવો તમે પોતપોતાના સ્થાનમાં જાઓ,પ્રહલાદમાં જે ગુણવાન-પણું થયું છે તેનાથી તમને દુઃખ થવાનું નથી.
(એટલે કે-તમારા સ્વર્ગના સ્થાનને કોઈ ખતરો નથી !!)

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આવું વચન  કહીને વિષ્ણુ ભગવાન ક્ષીરસાગરના તરંગો માં અંતર્ધાન થઇ ગયા.
અને દેવતાઓ પાછા સ્વર્ગ માં ગયા.ત્યાર પછી દેવતાઓ પ્રહલાદના સ્નેહી મિત્રો થઇ ગયા,
કેમકે-મોટા પુરુષને જેની પર વિશ્વાસ હોય,તેના પર બાળકોનું મન પણ વિશ્વાસ રાખે તે સ્વાભાવિક જ છે.

અત્યંત ભક્તિવાળો,પ્રહલાદ તો એ જ રીતે-મનથી ક્રિયાથી અને વચનથી,
દેવાધિદેવ શ્રીવિષ્ણુ નું જ પૂજન કરવામાં તત્પર રહેવા લાગ્યો.
પૂજનમાં તત્પર રહેનારા એ પ્રહલાદના વિવેક,સંતોષ,વૈરાગ્ય-આદિ સદગુણો કાળે કરીને વૃધ્ધિ પામ્યા.

જેમ,સુકાયેલા ઝાડને જોઇને કોઈ રાજી થાય નહિ તેમ,પ્રહલાદ ભોગોના સમુહને જોઇને રાજી થતો નહોતો.
વળી તે પ્રહલાદને મિત્ર,પુત્ર,સ્ત્રીમાં કે લોકચર્યામાં પણ રુચિ ના રહેતાં,

કેવળ શાસ્ત્રાર્થના કથનમાં જ રુચિ ઉત્પન્ન થઇ.તેને ઉત્સવ-આદિ કૌતુકમાં (ક્રિયાઓમાં) પણ રુચિ રહી નહિ,
હવે,તેનું મન ભોગો-રૂપી રોગોના સંબંધ માં પરોવાયેલું નહોતું.

આમ,તેનું ચિત્ત,ભોગાદિની કલ્પનાથી રહિત થયેલું હોવા છતાં,પણ બ્રહ્મ-વિદ્યા-રૂપી વિશ્રાંતિમાં પહોંચ્યું નહોતું,
તેથી તે ચિત્ત,વચમાં રહેવાને લીધે,જાણે હિંડોળામાં હિચકતું હોય તેવી સ્થિતિમાં રહ્યું હતું.
ભગવાન વિષ્ણુએ  પોતાની સર્વ-વ્યાપક અને શુધ્ધ સત્વાત્મક જ્ઞાન-શક્તિથી પ્રહલાદની તે સ્થિતિને જાણી,
એટલે ભક્ત લોકોને આનંદ આપનારા,શ્રી વિષ્ણુ પ્રહલાદના પૂજન કરવાના દેવાલયમાં પ્રહલાદના આવ્યા પહેલાં
જ પધાર્યા.દૈત્યોના મોટા રાજા,પ્રહલાદે કમળ-સમાન નેત્રોવાળા વિષ્ણુ ભગવાન ને પધારેલા જાણીને,
બમણા ઉપચારોથી સમૃધ્ધ કરેલી પૂજા વડે પ્રેમ-પૂર્વક તેમનું પૂજન કર્યું,પ્રહલાદ અતિ પ્રસન્ન થયો અને
ભક્તિભરી વાણીથી તેમની સ્તુતિ કરવા લાગ્યો.

વસિષ્ઠ કહે છે કે-આમ,હે રામ,પ્રહલાદે ઘણા ઘણા ગુણોવાળી સ્તુતિઓ કરીને પૂજન કર્યું-એટલે જેમ રાજી થઈને,
મેઘ,મયુરને પ્રત્યુત્તર આપે છે,તેમ,રાજી થઈને વિષ્ણુએ,પ્રહલાદને, નીચે પ્રમાણે પ્રત્યુત્તર આપ્યો.

## (૩૪) પ્રહલાદે પોતાનું સચ્ચિદાનંદ સ્વરૂપ જોયું

ભગવાન કહે છે કે-હે ગુણો ના ભંડાર-રૂપ દૈત્ય-કુળના મોટા શિરોમણિ-રૂપ,
તું મારી પાસેથી જોઈતું વરદાન માગી લે,એટલે ફરી જન્મો થવાનું દુઃખ શાંત જ થઇ જાય.

પ્રહલાદ કહે છે કે-હે, સઘળા સંકલ્પોના ફળોને આપનારા,અંતર્યામી પ્રભુ,
આપના ધારવામાં જે વરદાન સઘળી દીનતાઓનું નિવારણ કરનારું હોય,તે જ વરદાન મને આપો.
ભગવાન કહે છે કે-હે,નિર્દોષ પ્રહલાદ,"બ્રહ્મ ના સાક્ષાત્કાર-રૂપ વિશ્રાંતિ મળવા સુધીનો વિચાર" કરવાથી જ
અનર્થોની અત્યંત નિવૃત્તિ થાય છે,અને પરમાનંદની પ્રાપ્તિ થાય છે,માટે તેનો "વિચાર" તને પ્રાપ્ત થાઓ.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,પ્રહલાદ ને એટલું  વચન કહીને વિષ્ણુ ભગવાન અંતર્ધાન થઇ ગયા.
ત્યારે પ્રહલાદે,પૂજામાં મણિઓથી  તથા રત્નો થી શણગારેલી ચિલી પુષ્પાંજલિ આપી,
અને પ્રેમ થી ઉત્તમ પદ્માસન વાળીને,ચિત્ત થી આ પ્રમાણે ચિંતવન કરવા માંડ્યું.

પ્રહલાદ પોતાના મનથી વિચાર કરે છે કે-
સંસાર નું નિવારણ કરનાર વિષ્ણુ ભગવાને મને કહ્યું કે -તું-"બ્રહ્મ ના સાક્ષાત્કાર-રૂપ વિશ્રાંતિ મળવા સુધીનો
વિચાર" વાળો થા-એટલા માટે હવે હું મનમાં આત્મા (બ્રહ્મ કે ચૈતન્ય) નો વિચાર કરું.

"હું" કે જે  આ  "સંસાર-રૂપી આડંબર" માં --
બોલું છું,ચાલું છું,ઉભો રહું છું અને પ્રયત્નથી વિષયોનો ઉપભોગ કરું છું,તે "હું" પોતે કોણ છું?
(નોંધ-રમણ મહર્ષિ આ જ વાત -વારંવાર કરતા હતા,અને તેમણે "હું કોણ" નામનું પુસ્તક લખેલું છે)

આ "જગત"-રૂપી વસ્તુ તો અત્યંત બાહ્ય છે,તે હું કેમ હોઉં? માટે તે (જડ) "જગત" -તો હું નથી.
આ "દેહ" તો ખોટો જ ઉદય પામેલો છે,કે જે પોતે તો પોતાની સત્તાથી બોલવાને સમર્થ પણ નથી,
આ દેહ (શરીર) પ્રાણવાયુની પ્રેરણાથી જ થોડો સમય ચાલનારો છે.
અને અલ્પ-કાળમાં નષ્ટ થનારો છે,તથા જડ છે -તેથી તે "દેહ" પણ હું નથી.

આ "શબ્દ" કે કાન ની જડતા-વાળી પૂતળીથી જ "આ ઉંચો છે-નીચો છે-પદ-રૂપ છે અને વાક્ય-રૂપ છે"
વગેરે ભેદો પાડીને કલ્પી લેવામાં આવે છે.

અને,ક્ષણમાત્રમાં ક્ષય પામનાર છે,અને ક્ષય પામનાર હોવાથી શૂન્ય આકારવાળો છે,
વળી,તે આકાશથી (આકાશમાં) ઉત્પન્ન થાય છે -અને જડ છે તેથી તે "શબ્દ" (વિષય) પણ હું નથી.

આ "સ્પર્શ" કે જે ક્ષણમાત્રમાં નષ્ટ થનારી ત્વચા થી જ પમાય છે,અને કોઈ વાર નથી પણ પમાતો,
વળી,તે ચૈતન્યની સિધ્ધિથી જ સિધ્ધ થાય એવો છે,તથા જડ છે,માટે તે "સ્પર્શ" (વિષય) પણ હું નથી.

આ "રસ" કે જે ચપળ સત્તા-વાળી,અનિત્ય જીભથી જ સંબંધ ધરાવનારો છે,
તુચ્છ છે,જીભની અણીથી તે કંઠ સુધી જ સ્વાદમાં આવે તેવો છે,અન્નાદિક પદાર્થોમાં રહેલો છે,
અને જડ છે,તેથી હું તે "રસ" (વિષય) પણ નથી.

આ "રૂપ" કે જે,ક્ષણમાત્રમાં નષ્ટ થઇ જનારાં દ્રવ્ય અને ચક્ષુઓને જ આધીન છે,ક્ષય પામનાર છે,
કેવળ દ્રષ્ટા ના જ ઉપભોગને માટે હોવાથી ગૌણ છે,
અને જડ છે, તેથી તે "રૂપ" (ચક્ષુ નો વિષય) પણ હું નથી.

"ગંધ" કે જે પ્રકાશ વિનાની તથા ક્ષય પામનારી છે,જે,નાસિકાથી જ કલ્પાય છે,ક્ષણમાત્રમાં નષ્ટ થનાર છે,
વળી,ક્ષણેક્ષણે ફેરફાર પામનાર છે -અને જડ છે-તેથી તે "ગંધ" (વિષય) પણ હું નથી.

તેવી જ રીતે,"કર્મેન્દ્રિયોનાં કર્મો,અહંકાર,મન,બુધ્ધિ કે ચિત્ત"-એમનું કશું પણ હું નથી,કારણકે તે સર્વ જડ છે.
હું તો મમતા વિનાનો,ચિંતન વિનાનો,શાંત,પાંચ ઇન્દ્રીયોના વિભ્રમોથી રહિત-
અને જેમાં કોઈ સંકલ્પ નથી,એવો શુધ્ધ ચેતન જ છું.

હું તો દૃશ્યો થી રહિત કેવળ ચૈતન્ય જ છું.સર્વ દૃશ્યો ને પ્રકાશ આપનાર છું,બહાર તથા અંદર વ્યાપક છું,
અંશોથી રહિત છું,નિર્મળ છું અને સત્તા-માત્ર છું.
ઘડાથી માંડીને સૂર્ય-પર્યંત,આ સઘળા પદાર્થો-ઉત્તમ તેજવાળા આ ચૈતન્ય થી જ પ્રકાશિત થાય છે.

પ્રહલાદ ચિંતવન (વિચાર) કરે છે કે- હવે મને સાચું અને સંપૂર્ણ સ્મરણ (પોતાના આત્માનું) પ્રાપ્ત થયું.
સર્વ-વ્યાપક,નિર્વિકલ્પ,ચૈતન્ય-રૂપ,અને સર્વને સ્ફુરણ આપનારો-આ આત્મા (ચૈતન્ય કે બ્રહ્મ) હું જ છું.
સર્વવ્યાપક ચૈતન્યથી જ વિચિત્ર પ્રકારની ઇન્દ્રિયો ની પંક્તિઓ સ્ફુરે છે.
પૃથ્વી આદિ પદાર્થો નું પદાર્થપણું આ ચૈતન્ય થી જ સિધ્ધ થાય છે.

જેમ,અરીસો સઘળી વસ્તુઓનાં પ્રતિબિંબોનું સ્થાન છે,
તેમ આ આત્મા જ સઘળાં પ્રાણીઓના,દેહ,ઇન્દ્રિયો-આદિ અનુભવોનું સ્થાન છે.
આ એક નિર્વિકલ્પ - ચૈતન્ય-રૂપ દીવા-ના અનુગ્રહ થી
સૂર્ય ગરમ છે,ચંદ્ર શીતળ છે,પર્વત ઘનરૂપ છે,અને જળ દ્રવ-રૂપ છે.

આકાશમાંથી વાયુ થયો,વાયુમાંથી તેજ થયું,તેજમાંથી જળ થયું,અને જળમાંથી પ્રુથ્વી થઇ-
આવા ક્રમથી "અનુભવ"માં આવેલા સઘળા પદાર્થોની "ઉત્પત્તિ સંબંધી વ્યવસ્થા" નું
મુખ્ય "કારણ" એ વ્યાપક ચૈતન્ય જ છે.પણ એ ચૈતન્ય નું "કારણ" બીજું કંઈ પણ નથી.
જેમ પૃથ્વી-આદિ નું તાપ-પણું -એ-સૂર્યના તાપ થી જ ઉદય પામે છે,
તેમ ક્રમથી "અનુભવ"માં આવતા,સઘળા પદાર્થો નું પદાર્થ-પણું આ આત્મા થી જ ઉદય પામે છે.

જેમ હિમથી જ શીતળ-પણું ઉત્પન્ન થયું છે તેમ,વાસ્તવિક રીતે તો તે ચૈતન્ય નિરાકાર હોવા છતાં,
અવિદ્યા (અજ્ઞાન) થી સઘળાં "કારણો"ના "કારણ" રૂપ આ ચૈતન્ય (આત્મા) થી જ જગત ઉત્પન્ન થયું છે.

જો કે,બ્રહ્મા,વિષ્ણુ,રુદ્ર-આદિ આ જગતની સ્થિતિનાં કારણરૂપ ગણાય છે,પણ તેમનું "કારણ" આ ચૈતન્ય જ છે.
ચૈતન્ય નું કોઈ કારણ બીજું કોઈ નથી.
આમ, હું,સાક્ષી-ભાવથી,પ્રકાશના દ્રષ્ટા અને દૃશ્ય-વગેરે નામોથી રહિત છું-
અને નિત્ય સ્વયંપ્રકાશ છું,તેથી,હું તેને -પ્રણામ કરું છું.

આત્માથી જુદી સત્તા વિનાના આ સઘળા પદાર્થો,એ-સર્વના અધિષ્ઠાન-રૂપ-ચિદાત્મા (ચૈતન્ય) માં જ
ઉત્પન્ન થયા કરે છે,અને પાછા તેમાં જ લીન થાય છે.
એ ચૈતન્ય-રૂપ જે અંતરાત્મા છે,તે જે જે વસ્તુનો સંકલ્પ કરે છે,તે તે જ વસ્તુ સર્વત્ર ઉત્પન્ન થાય છે.
એ વસ્તુ સૂક્ષ્મ-રૂપથી કારણ (આત્મા) માં રહેલી હોય તો પણ-આત્મા ના સંકલ્પ વિના પ્રગટ થાય નહિ.
ચૈતન્ય જે વસ્તુને સ્ફુરણ અને સત્તા આપીને સંકલ્પથી પ્રગટ કરે છે,તે જ વસ્તુ વ્યવહારના વિષમ-પણાને
પ્રાપ્ત થાય છે.અને જેને સંકલ્પ થી પ્રગટ નથી કરતુ.તે વસ્તુ કદાચ હોય તો પણ નષ્ટ-સમાન જ છે.

સંકલ્પ વૃદ્ધિ પામે તો તે વસ્તુઓ વૃદ્ધિ પામે અને સંકલ્પ ક્ષય પામે તો એ વસ્તુઓ ક્ષય પામે છે.
જેમ સૂર્ય નું પ્રતિબિંબ અનિર્વચનીય છે,તેમ આત્મામાં રહેલું આ "કાર્ય-કારણ-રૂપ-જગત" પણ અનિર્વચનીય છે.
આ ચૈતન્ય જો કે સઘળાં પ્રાણીઓમાં અદૃશ્ય છે,એટલે, જેમનું ચિત્ત ગલિત થયું હોય છે,
તેમને માટે તો માત્ર દૃશ્ય (દેખાતું ) જગત જ છે,
જયારે મહાત્મા પુરુષો જ સર્વ પ્રાણીઓમાં (દૃશ્ય જગતમાં) નિર્મળ પરમ ચિદાકાશ (ચૈતન્ય) ને જુએ છે.

બ્રહ્માંડમાં રહેનારા બ્રહ્માથી માંડીને,તૃણ સુધીના પદાર્થમાં જે સત્તા અને સ્ફૂરણ છે,તે આત્મા (ચૈતન્ય) માં જ છે,
સર્વમાં આ એક જ ચિદાત્મા પ્રકાશે છે.અને હું પણ એ જ છું.
સર્વમાં વ્યાપક છું,અને સઘળાં સ્થાવર-જંગમની અંદર અનુભવ-રૂપે રહેલો છું.
મારા જેવાં અન્ય ઘણાં શરીરો છે,અને મારાથી (આત્માથી) જુદો કોઈ અનુભવ ઘટતો નથી.
દૃષ્ટા-દર્શન અને દૃશ્યની ત્રિપુટી મારાથી જ પ્રકાશે છે.માટે સર્વ ના હસ્તોથી હું હજારો હસ્તો-વાળો છું.
અને સર્વનાં નેત્રો થી હજારો નેત્રો-વાળો છું.સર્વના હસ્તો એ મારા જ હસ્તો છે અને સર્વનાં નેત્રો મારાં જ નેત્રો છે.

પ્રહલાદ ચિંતવન કરે છે-કે-
આ હું જ આકાશમાં સૂર્ય-રૂપે ને વાયુ-રૂપે વિહાર કરું છું,અને
શ્યામ,શંખ-ચક્ર-ગદાને ધારણ કરનારા-આ વિષ્ણુ-રૂપે હું જ જગતમાં વ્યવહાર કરું છું.
કમળ-રૂપી આસન પર બેસનારા,પરમ આનંદ ને પ્રાપ્ત થયેલા બ્રહ્મા-રૂપે,
હું જ એ વિષ્ણુ ની નાભિમાંથી ઉત્પન્ન થયેલો છું.અને હું જ ત્રિનેત્ર-મૂર્તિ (શિવ) છું.
જેમ કાચબો પોતાના અંગોને સમેટી લે છે,તેમ હું પણ સૃષ્ટિના અંતે આ જગતના સમેટી લઉં છું.

ત્રૈલોક્ય ના આ સઘળા રાજ્ય ને હું પાળું છું.
હું સઘળા દેહો ને ધારણ કરનાર હોવાને લીધે,સ્ત્રી પણ છું,પુરુષ પણ છું,યુવાન અને વૃદ્ધ પણ હું જ છું.
જેમ, બાળક પોતાને રમવા માટે કાદવમાંથી રમકડું બનાવે છે,
તેમ,મેં મારી લીલાને માટે (માયાથી) આ જગતના આડંબર-રૂપી રમકડું બનાવ્યું છે.

"હું" રૂપી મોટા ચૈતન્યમય અરીસામાં જે જે (જગત) પ્રતિબિમ્બિત થયું છે,તે સઘળું મારાથી જુદું છે જ નહિ.
કાંઇ પણ મારાથી જુદું હોવાનો સંભવ જ નથી.
હું સર્વ પદાર્થો ની અંદર ઉત્કૃષ્ટ "સત્તા-રૂપે" રહેલો છું અને
પોતાના "સંકલ્પ" થી શરીરો માં પ્રવેશ કરીને જુદા જુદા જીવો-રૂપે દેખાવ આપું છું.
જેમ દૂધ ની અંદર ઘી રહેલું છે,તેમ સઘળા પદાર્થો ની અંદર હું જ સત્તા-રૂપે અને સ્ફૂરણા-રૂપે રહેલો છું.
ભૂત-ભવિષ્ય અને વર્તમાનકાળનું આ જડ જગત મારા રૂપમાં જ એક (કાલ્પનિક) ભાગમાં રહેલું છે.

સઘળી દિશાઓના અવકાશોમાં ભરપૂર રહેલો,સંકોચ-રૂપી-વિભ્રમ થી રહિત,
સર્વમાં રહેલો અને સર્વનો કર્તા,હું (આત્મા) જ વ્યષ્ટિ-રૂપે તથા સમષ્ટિ-રૂપે રહેલો છું.
(પ્રહલાદ વિચારે છે) અહો,શસ્ત્રોથી દેવોનો નાશ કર્યા વિના જ,અને ઇન્દ્રને બાંધી લીધા વિના જ,
આ જગતનું અપૂર્વ અને વિસ્તીર્ણ રાજ્ય વગર માગ્યે મને મળી ચુક્યું.

આટલા કાળ સુધી,"આ દેહ હું છું" એવી ખોટી કલ્પના મને ક્યાંથી થઇ હતી?
હું જે છેડા વિનાના આકાર-વાળો છું,તેનું એ કલ્પનાથી (હું શરીર છું-તે કલ્પનાથી) સ્વલ્પ-પણું થઇ ગયું હતું.
"આ તું છે અને આ હું છું" એ તો ખોટી ભ્રાંતિ જ છે.દેહ કોણ છે? અદેહ કોણ છે? મૂઓ કોણ છે અને જીવિત કોણ છે?
કશું નથી,જો દેહ અને પ્રાણ- સિધ્ધ થાય તો જ એ સઘળું સંભવિત છે.પણ તે (દેહ અને પ્રાણ) સિધ્ધ થતા જ નથી.
બિચારા મારા બાપ-દાદાઓ ક્ષુદ્ર બુધ્ધિવાળા જ હતા,કે જેઓ આ બ્રહ્મ-વિધા-રૂપી ચક્રવર્તી-પણા ને ત્યજીને
સંસારની ભૂમિકામાં જ રમ્યા હતા.બ્રહ્મ-પણાથી ઉન્નત પામેલો "વિચાર" ક્યાં? અને રાજ્યના વૈભવો ક્યાં?

અનંત આનંદ નો ઉપભોગ આપનારો અને પરમ ઉપશમથી શોભનારો,
આ "શુધ્ધ ચૈતન્યમય વિચાર" એ -સઘળા વિચારો થી ઉત્કૃષ્ટ છે.
હું જ દૃશ્યો થી રહિત ચૈતન્ય-રૂપ છું,અને સઘળા જીવો ના સ્વ-રૂપ-ભૂત છું,
માટે હું મને (આત્માને) જ વારંવાર પ્રણામ કરું છું.
જેમ ખાધેલા અન્ન ને પચાવી દેવામાં આવે છે,તેમ,જેને સંસારને પચાવી દીધો છે તેવો હું જન્મ-રહિત થયો છું,
સઘળા અનર્થોથી નિવૃત્તિ ને પ્રાપ્ત થયેલો છું,જે પામવાનું છે તેને પામી ચુક્યો છું,
મહાત્મા થયો છું,અને સર્વથી ઉત્તમ થયો છું.

આ બોધ-રૂપી અવિચળ અને ઉત્તમ સામ્રાજ્ય ને (સર્વ બ્રહ્માંડો ના અધિપતિપણા ને) ત્યજીને-
હવે હું,રમણીયતા વિનાની અને મહાસુખ-રૂપી રાજ્યની વિભૂતિઓમાં રમીશ નહિ.
મારો પિતા કે જે,પથ્થરના બનાવેલા કિલ્લાઓનો આશ્રય કરીને,
પૃથ્વી પર સ્વામીપણાના અભિમાનથી રોળાયા કરતો હતો,
અને તેથી જ એક નીચ દાનવ-રૂપી તુચ્છ કીડા જેવો જ રહ્યો હતો,તેને ધિક્કાર છે.

જે પુરુષ આ બ્રહ્મ-વિધા-રૂપી પરમ અમૃત ને પ્રાપ્ત થઇને અંદર ભરપૂર થયો હોય,
તે પુરુષ,સંસાર-સંબંધી,કોઇ પણ સુખ ને પામ્યો ના હોય -તો પણ,તે સંપૂર્ણ-અખંડિત સુખને પામ્યો છે.
માટે જે પુરુષ આ ઉત્તમ પદનો ત્યાગ કરીને,સંસાર સંબંધી,અલ્પ-સુખમાં રુચિ કરે,તે મૂર્ખ જ કહેવાય.
આવા સર્વોત્તમ વિચારને ત્યજીને ક્ષુદ્ર રાજ્યમાં કોણ રમે?
કયો સમજુ પુરુષ શેરડીના રસને છોડીને કડવા લીંબડાનો રસ પીએ? મારા સઘળા બાપ-દાદાઓ મૂર્ખ જ હતા,
કારણકે તેઓ આ વિચારને ત્યજીને રાજ્ય ના સંકટમાં જ રમ્યા હતા.

રાજ્ય ની ઈચ્છા પણ ના રહે,તેવી સઘળું સંપૂર્ણ સુખ આ ચૈતન્ય માં છે,
તો એ ચૈતન્ય તત્વ નો અનુભવ શા માટે કરવો નહિ?
આ ચૈતન્ય જ કે જે સર્વમાં રહેલું છે,સ્વસ્થ છે,સમ છે,નિર્વિકાર છે,અને સર્વ-રૂપ છે-
અને તેથી-જ-સર્વકાળમાં સઘળી રીતનું સંપૂર્ણ સુખ સારી પેઠે મળે છે.

સઘળા પ્રકારની "શક્તિ" ઓ વાળું,ત્રણે કાળના પદાર્થો ની સેંકડો કલ્પનાઓ કરનારું,
છતાં,પણ જેમાં કાળનો-કોઇ ભેદ લાગુ પડતો નથી,એવું અને
સંકલ્પોને લીધે અનંત-બ્રહ્માંડો-રૂપે ફેલાયેલું, એ વ્યાપક "ચૈતન્ય" પરિપૂર્ણ જ છે,

એટલે,કલ્પિત દૃશ્યો ને દુર કરી દેતાં,અખંડ "અનુભવ" જ શેષ રહે છે.
કે જે "સમતા" કહેવાય છે,અને "પૂર્ણતા" પણ કહેવાય છે.

મીઠા (ગળ્યા) રસનો અને કડવા રસનો - એક જ સમયમાં અનુભવ કરવામાં આવે-તો -
"મીઠા રસનો અનુભવ થયો અને કડવા રસનો અનુભવ થયો" એમ કહેવાય,
તો હવે એમાંથી અનુભવ ની ઉપાધિઓ-રૂપ-એ બંને રસનો ત્યાગ કરતાં-એકલો અનુભવ જ બાકી રહે છે,
કે જે "અનુભવ" ચૈતન્યનું સ્વરૂપ છે-અને તે (ચૈતન્ય) બંને રસને એક-સરખી રીતે લાગુ પડે છે.

જેમ ઉપર કહ્યા પ્રમાણે મીઠા ને કડવા રસને-"અનુભવ-રૂપ-ચૈતન્ય" સરખી રીતે જ લાગુ પડ્યું તે રીતે જ-
એ અનુભવ-રૂપ ચૈતન્ય સઘળા પદાર્થો ને પણ -સરખી રીતે લાગુ પડે છે.કેમ કે-
તે તે ઉપાધિઓનો ત્યાગ કરવાથી એકલો અનુભવ જ શેષ રહે છે.

ચૈતન્ય, કે જે સુક્ષ્મ છે,સર્વ પદાર્થોમાં ગૂંથાયેલું  છે,સત્તા-રૂપ છે અને મુખ્ય તો અદ્વૈત-રૂપ છે.
તે જો પદાર્થોને પરસ્પરથી જુદા પાડનારા ભેદોના "સંકલ્પ" ને ત્યજી દઈને,
એક જ કાળમાં (સમયમાં) સઘળા પદાર્થો ને જુએ,તો-
એકબીજાની સાથે સંબંધ ધરાવનાર પદાર્થો,વિચિત્ર છતાં એક-રૂપે અનુભવ માં આવે છે.

હવે ભેદોના સંકલ્પ નો ત્યાગ કરવાનો ઉપાય હું કહું છું તે તમે સાંભળો.
"કોઈ પણ દૃશ્ય છે જ નહિ"
એમ દૃશ્ય-માત્ર ના અભાવનો આશ્રય કરવાથી,ચિત્ત,તરત જ શોક-મોહ=આદિ પરિણામોને ત્યજી દે છે,
અનેએવી રીતે,દૃશ્ય-માત્ર ને મિથ્યા સમજીને,
સર્વના અધિષ્ઠાન-રૂપ સચ્ચિદાનંદ આત્માને જોવાથી,
ચિત્ત,રાગ-દ્વેષ-આદિ દોષોને ત્યજી દે છે.
આ રીતે રાગ-આદિ છૂટી જવાથી,ભેદો ના સંકલ્પ નો ત્યાગ થાય છે.

ચૈતન્ય જો વર્તમાન દૃશ્યો ની ઉપેક્ષા કરે,
અને ભૂત-ભવિષ્ય ના દૃશ્યો ના વાસનાઓ-રૂપ બંધનો થી રહિત થાય,
એટલે કે ત્રણે કાળ પર ધ્યાન આપે નહિ,તો તે ચૈતન્ય ની "સમતા" જ અવશેષ રહે છે.

ચૈતન્ય -જો એ સત્ય-સમતા-વાળી સ્થિતિમાં રહે,તો વાણીથી -ના-સમજાવાને લીધે,
જાણે સર્વદા અસત હોય,એવું થઇ જાય છે,
અને જાણે શૂન્ય-પણાને પામ્યું હોય એવું થઈને રહે છે.

એ -ચૈતન્ય આત્મા પણ કહેવાય છે અને બ્રહ્મ પણ કહેવાય છે.
અપવાદ-દૃષ્ટિથી જોતાં-એ ચૈતન્ય કોઇ રૂપ નથી,અને આરોપ-દૃષ્ટિથી જોતાં,એ ચૈતન્ય સર્વ-રૂપ પણ છે.
સર્વ દૃશ્યોનો બાધ થઇ જતાં,અખંડ-રૂપે અવશેષ રહેનારું એ જે પરમ ચૈતન્ય છે-તે મોક્ષ-નામથી પણ કહેવાય છે.

જેમ,પડળ-વાળું નેત્ર,પૂર્ણ પ્રકાશ ને પણ મંદ પ્રકાશ વાળું જુએ છે,
તેમ, એ આત્મા જો સંકલ્પો થી યુક્ત હોય તો,
મંદ પ્રકાશ-વાળો થવાને લીધે,આ જગતથી પોતાથી અભિન્ન-પણાને જોઇ શકતો નથી.

જે આત્મા,પોતામાં સારા-નરસા-સંકલ્પો-રૂપી મેલ-વાળો હોય-તે બ્રહ્મ-વિધામાં ચઢી શકતો નથી.
(પ્રહલાદ વિચારે છે કે) મારા બાપ-દાદાઓ સંકલ્પો-રૂપી જાળ માં વીંટળાઇને

વિષયો-રૂપી ખાડાઓમાં પડ્યા હતા,
તેથી તેઓએ,ઉપદ્રવ-વિનાનો આ માર્ગ જોયો જ નહોતો.અને પૃથ્વી પર જ નષ્ટ થઇ ગયા.

સર્વ લોકો,રાગ-દ્વેષ થી ઉઠેલા,સુખ-દુઃખ ના ભ્રમથી,ધરતીના દરમાં રહેલ કીડાઓ જેવા થઇ ગયા છે.
જે પુરુષને "આ સારું છે અને આ ખરાબ છે" એવા આકારો-વાળા-સંકલ્પો-રૂપી-ઝાંઝવાનાં જળ,
સત્ય-જ્ઞાન-રૂપી-વરસાદ થી શાંત થઇ ગયા હોય,તે પુરુષનું જ જીવવું સફળ છે.
આવી રીતે સત્ય નો બોધ પ્રાપ્ત થવાથી,સંકલ્પો શાંત થઇ જાય છે.
"હું-રૂપ-આત્મા" કે જે અખંડ ચૈતન્ય-રૂપ છે તેને હું પ્રણામ કરું છું.

જગતને પ્રકાશ આપનાર,હે,દેવ,આત્મા,
અહો,તમે ઘણા કાળે જાણવામાં આવ્યા છો,મળ્યા છો,ઉદય પામ્યા છો
અને હું,વિકલ્પોમાંથી દૂર થાઉં-એ માટે આવ્યા છો.
હવે,તમે જે છો તે જ હું છું-હું તમને પ્રણામ કરું છું.

હે, હું-રૂપ-આત્મા, તમે કે જે અંત વિનાના છો,જે આનંદ-રસથી ભરપૂર છો,બ્રહ્માદિ ના પણ પ્રકાશક છો,
અને જે સર્વ થી ન્યારા છો-તેમને હું પ્રણામ કરું છું.
મારું પોતાનું જ સ્વરૂપ,કે જે સંકલ્પો-રૂપી આવરણ ટળી જવાને લીધે,આવરણ વિનાના પૂર્ણ-ચંદ્ર જેવું થયું છે,
અને જે,પોતાના જ આનંદ-રસથી ભરપૂર છે-તથા-બીજા કોઈના આધાર વિના પોતાથી જ રહેલું છે,
તે સ્વયં-પ્રકાશ છે,અને સ્વતંત્ર છે-તેને હું પ્રણામ કરું છું.

## (૩૫) પ્રહલાદે સાક્ષાત્કાર કરેલા સ્વરૂપનું નિરૂપણ કર્યું અને સંસારના બંધનો ને ધિક્કાર્યા

પ્રહલાદ (સ્વગત) બોલે છે કે-
આ જગતમાં જે કંઈ છે તે સઘળું આત્મા જ છે,કે જે,આત્મા વિકારો થી રહિત છે.અને
"સર્વ-રૂપ-પણાનો તથા સર્વનો" અપવાદ થતાં -બાકી રહેનારું,
કે જેનું નામ "ૐ " છે,એ એક જ નામ તેને માટે યોગ્ય છે.

આ ચૈતન્ય-રૂપ આત્મા દેહમાં રહેલો હોવા છતાં,મેદ,અસ્થિઓ,રુધિર-વગેરે થી ન્યારો (જુદો) છે,
સૂર્યાદિ-ની અંદર પણ રહેલો છે,એટલે કે સૂર્ય વગેરે ને પણ તે (ચૈતન્ય) પ્રકાશ આપે છે,અને પોતે પ્રકાશમય છે.
આ આત્મા પોતાની સત્તાથી જ અગ્નિ ને ઉષ્ણ અને જળ ને શીતળ કરે છે,
જેમ,રાજા ભોગોને બનાવીને તેઓને ભોગવે છે,તેમ,આત્મા પોતાની સત્તાથી જ ઇન્દ્રિયોના વિષયો બનાવીને
ભોગવે છે,હકીકતમાં તો તે આત્મા નિષ્ક્રિય છે, છતાં,વાયુ-આદિ-રૂપે સર્વદા દોડ્યા કરે છે,કાળ-રૂપે ચાલ્યો
જાય છે,તો પણ કુંભારના ચાકડાની જેમ પોતાના ઠેકાણેથી ખસતો નથી,શાંત છે,અને વ્યવહારો કર્યા કરે છે.
આમ,વ્યવહારો કરવા છતાં તે વ્યવહારોમાં લેપાતો (આસક્ત થતો) નથી.

તે આત્મા પૂર્વે કરેલાં કર્મોના ફળોથી,હાલમાં લેપાતો નથી,કે હાલમાં કરવામાં આવતા કર્મોના ફળોથી ભવિષ્યમાં
લેપાવાનો નથી.આ લોકમાં,પરલોકમાં તથા બંને લોકની સંધિમાં આત્મા શુભાશુભ કર્મો ને ભોગવે છે,
તો પણ વાસ્તવિક રીતે તે સઘળી,વસ્તુઓનો "સાક્ષી" હોવાથી કશું ભોગવતો પણ નથી.
આત્મા પોતે જ સઘળા બ્રહ્માંડો-રૂપે થતા બ્રહ્મા થી માંડીને તરણા સુધીના સઘળા પદાર્થ-રૂપે થાય છે,
અને આમ થઇને પોતે,સર્વ બ્રહ્માંડોને તથા બ્રહ્મા-આદિ સઘળાને (નિર્લિપ્ત રીતે) વીંટીને રહેલો છે.

આ આત્મા વાયુ કરતાં પણ વધુ ગતિવાળો છે,તો ઝાડના ઠૂંઠા કરતાં પણ અત્યંત નિષ્ક્રિય છે અને,
આકાશ કરતાં પણ અત્યંત નિર્લેપ છે.

જેમ, પવન પાંદડા ને ડોલાવે છે,તેમ,આત્મા મન ને ડોલાવીને-તેને વેગ આપે છે.
જેમ,સારથી ઘોડાઓના સમૂહને ચલાવે છે,તેમ,આત્મા ઇન્દ્રિયોના સમૂહને ચલાવે છે.

આ આત્મા,દેહ તથા જગત સંબંધી કાર્યોમાં તત્પર રહેવાને લીધે સર્વદા અત્યંત દુર્દશાવાળા જેવો પણ જણાય છે.
પણ તે પોતાના સ્વ-રૂપમાં અવિચળપણાથી સ્વસ્થ રહીને,પોતાના સામર્થ્યથી સર્વ ભોગોને ભોગવે છે.
આ આત્મા નું જ સર્વદા શોધન કરવું,સ્તવન કરવું,અને ધ્યાન કરવું યોગ્ય છે.
કે જેના લીધે જરા (વૃધ્ધાવસ્થા)-મરણના,મોહમાંથી નીકળી જવાય છે.

સઘળા શરીરો ના છિદ્રો (છિદ્રો માં આકાશ રહેલું હોય છે??!!) માં રહેલો આ આત્મા વિશ્વાસુ બંધુની પેઠે,
સહેજમાં મળે તેવો છે,અને સહેજમાં જ વશ કરી શકાય તેવો છે.
કારણકે તે જ્ઞાનથી જ મળે તેવો છે અને તેના સ્મરણ-માત્રથી તે આત્મા વશ થાય છે.
(એટલે-કે) આ આત્માને ને જરા પણ બોલાવ્યો-તો તે ક્ષણ માત્રમાં જ સન્મુખ થાય છે.

આ આત્મા,તો સઘળી સંપત્તિઓ વાળો હોવા છતાં,પોતાનું સેવન કરનારા પાસે કદી ગર્વ કરતો નથી કે તેનું
અપમાન પણ કરતો નથી.જેમ,પુષ્પોમાં સુગંધ રહેલી છે,તલમાં તેલ રહેલું છે,તેમ આ આત્મા સઘળા પદાર્થોમાં
રહેલો છે.આ આત્મા હૃદયમાં જ (અંદર)રહેલો હોવા છતાં પણ અજ્ઞાન ને લીધે ઓળખાતો નથી.
પણ વિચારથી તેને જાણવામાં આવતા,પરમ આનંદ ની અનુભૂતિ થાય છે.

ઉત્કૃષ્ટ આનંદ આપનારો,આત્મા-રૂપી-ઉત્તમ-બંધુ,જોવામાં આવતા એવા એવા વિચારો પ્રાપ્ત થાય છે કે-જે
વિચારોથી મરણ આદિ વિઘ્નો ટળી જાય છે,સ્નેહ આદિ-સઘળા પાશો તૂટી જાય છે,
કામ-આદિ સઘળા શત્રુઓ નાશ પામી જાય છે અને દુષ્ટ આશાઓ મનમાં ત્રાસ આપતી નથી.

આ આત્મા જોવામાં આવતાં સઘળું જગત જોવામાં આવે છે,તેને સાંભળવામાં આવતા,સઘળું જગત
સાંભળવામાં આવે છે,સ્પર્શ (સાક્ષાત્કાર) કરવામાં આવતા સઘળું જગત સ્પર્શ કરવામાં આવે છે,
અને એના રહેવાથી જ સઘળું જગત રહે છે.આ આત્મા સઘળા પ્રાણીઓ સૂતા હોય તો પણ (તે પોતે) જાગ્યા કરે
છે,અવિવેકીઓ ને માર્યા કરે છે,શરણાગત થઇને આવેલા દુઃખી લોકોનાં દુઃખ હરે છે,
અને દેહનું અભિમાન કરનારાઓ ને દુઃખ આપે છે.

આ આત્મા,જગતની સ્થિતિઓમાં જીવ થઇને વિચરે છે,
ભોગોમાં વિલાસ પામે છે,અને સઘળી વસ્તુઓમાં સ્ફૂર્યા જ કરે છે.
તે સંસારમાં રહેલો હોવા છતાં પણ પોતાના શાંત સ્વરૂપથી પોતાના શાંત સ્વરૂપ નો જ અનુભવ કર્યા કરે છે.
આ આત્મા જ આકાશમાં શૂન્ય-પણા-રૂપે,વાયુમાં ગતિ-રૂપે,તેજમાં પ્રકાશ-રૂપે,જળમાં રસ-રૂપે અને
પૃથ્વીમાં કઠિન-પણા-રૂપે રહેલો છે.વળી તે,અગ્નિમાં ઉષ્ણતા-રૂપે,ચંદ્રમાં શીતળતા-રૂપે
અને સઘળા બ્રહ્માંડોમાં સત્તા-રૂપે રહેલો છે.

જેમ,મેંશ માં કાળા-પણું,હિમના કણમાં શીત-પણું અને પુષ્પોમાં સુગંધ-પણું રહેલું છે,
તેમ,સઘળા દેહોમાં આત્મા રહેલો છે.અને તેની સત્તા સર્વ-વ્યાપક છે.
સઘળી ઇન્દ્રિયો અને મન ના -બહાર કે અંદરના વ્યાપારોથી જે કાંઇ પણ પ્રકાશે છે,તે આત્મા નું જ કાર્ય છે.

દેવો ને પણ સત્તા અને સ્ફૂરણ આપનારો,અવિનાશી અને મોટો દેવ-આત્મા-હું જ છું.
મારામાં (આત્મામાં) બીજી કોઇ કલ્પના છે જ નહિ.
જેમ,રજની કણીઓથી આકાશને સંબંધ થતો નથી,તેમ મને બીજા કોઇ સાથે સંબંધ થતો નથી.
સુખો કે દુઃખો-કે-શરીરને પડે કે ના પડે,પણ તેથી મને શી હાનિ?

જેમ,તેલને,દિવેટને,કોડિયાને -ઓળંગીને, પર રહેલો પ્રકાશ, દોરીથી બાંધી શકતો નથી,
તેમ,સઘળા પદાર્થોને,ઓળંગીને રહેલો હું (આત્મા) કોઇથી પણ બંધાતો નથી.
મારે (આત્માને) વળી,વિષયોની સાથે,ઇન્દ્રિયોની સાથે,કે જન્મ-મરણ સાથે શો સંબધ હોય?

જેમ આકાશ નિરાકાર હોવાથી તેને કોઈ સાથે સંબંધ થતો નથી,
અને તે આકાશ ના પર કોઈનો,કશાથી-પ્રહાર પણ થઇ શકતો નથી,
તેમ,શરીરના સેંકડો ટુકડે ટુકડા થઇ જાય પણ મારું કશું ખંડન (કે નુકશાન) થતું નથી.

ઘડો ભાંગી જાય અને નષ્ટ થઇ જાય,તો પણ ઘડામાં જે આકાશ (ઘડાકાશ) હતું તેને શી  હાનિ છે?
જેમ,પિશાચ,મુદ્દલે નહિ હોવા છતાં,ખોટી ભ્રાંતિ થી જ ઉદય પામે છે,
તેમ,જડ મન-કે જે મુદ્દલે નહિ હોવા છતાં,ખોટી ભ્રાંતિ થી જ ઉદય પામ્યું છે,
તે મન જો જ્ઞાન ના પ્રભાવથી નષ્ટ થઇ જાય,તો પણ મને શી હાનિ?

પ્રહલાદ સ્વગત બોલે છે કે-સુખ-દુઃખમય વાસનાઓથી ભરપૂર રહેનારું મારું મન-
પ્રથમથી જ અજ્ઞાનની દશામાં હતું,પણ હવે નથી.
હમણાં,તો મને દેશ-કાળ-આદિ ની મર્યાદા વિનાની અનંત શાંતિ મળી છે.
પ્રકૃતિ ભોગવે છે,મન લે છે,દેહ કલેશો ને પામે છે અને આત્મા જોયા કરે છે (સાક્ષી)-
તેમ છતાં,કોઇ મનુષ્ય,એ આત્મા,
ભોગવવાને,લેવાને,કલેશોને પામવા માટે-પોતામાં છે-એમ-માની લે-એ તો મૂર્ખતા જ કહેવાય !!
આ મૂર્ખતા-વાળી ચકરી કોને નાખી હશે? હકીકતમાં આત્માને કોઈ ક્ષતિ છે જ નહિ.

પ્રહલાદ સ્વગત કહે છે કે-મને ભોગો મળે તેવી ઈચ્છા નથી કે ભોગોના ત્યાગની પણ ઈચ્છા નથી.
જે આવતું હોય તા ભલે આવે અને જે જતું હોય તે ભલે જાય,
મને સુખ પર રાગ નથી અને દુઃખ પર દ્વેષ નથી.મારે તેમની સાથે શો સંબંધ?
શરીર માં અનેક પ્રકારની વાસનાઓ ઉદય પામે કે અસ્ત પામે-મારે તેની સાથે શો સંબંધ?

અહો,આટલા કાળ સુધી અજ્ઞાન-રૂપી શત્રુએ મારા વિવેક-રૂપી-સર્વસ્વને હરી લઇને મને કચડી નાખ્યો હતો,
પણ હવે, મારા સ્વ-રૂપમાંથી જ ઉત્પન્ન થયેલી વિષ્ણુ ની અનહદ કૃપાથી,એ સઘળું સમજવામાં આવતા,
તે શત્રુને મેં તોડી નાખ્યો છે,અને સઘળું-સર્વસ્વ (વિવેક-વગેરે) પાછું મેળવીને બધું ઠીક કરી લીધું છે.

મેં હવે, મારા,મારા 'શરીર-રૂપી-ઝાડ'ની બખોલમાંથી,'બ્રહ્મ-વિષય-રૂપી-મંત્ર' વડે,
'અહંકાર-રૂપી પિશાચ' ને કાઢી મુક્યો છે,એટલે તે (શરીર) અત્યંત પવિત્ર થયું છે અને ખીલ્યું છે.
દુષ્ટ 'આશાઓ-રૂપી-દોષો' નો નાશ થવાને લીધે,'મોહ-રૂપી-દારિદ્રય' ટાળી જવાથી,
હું 'વિવેક-રૂપી-ધન'ને પ્રાપ્ત કરીને મહા-સમર્થ થયો છું.
જે જાણવાનું છે તે સર્વ જાણી લીધું,અને જે કંઇ જોવાનું હતું તે સર્વ જોઈ લીધું.
અને હવે મને એવો પુરુષાર્થ પ્રાપ્ત થયો છે કે-જે પછી બીજું કંઈ પામવાનું બાકી રહેતું નથી.

મારું 'મોહ-રૂપી ઝાકળ' ટાળી ગયું છે,'વાસના-રૂપી ઝાંઝવાં' ના પાણી શાંત થઇ ગયા છે,અને
'પરમાત્મા-રૂપી-વિશાળ ભૂમિ' ને પ્રાપ્ત થયો છું.
વિષ્ણુ ની સ્તુતિ કરવાથી,વિષ્ણુ ને પ્રણામ કરવાથી,વિષ્ણુ ની પ્રાર્થના કરવાથી અને શમ-નિયમના પ્રભાવથી,
મને આ 'મહા-સમર્થ આત્મા' જોવા મળ્યો છે અને સ્પષ્ટ રીતે જાણવામાં આવ્યો છે.

અહંકારના પદને ઓળંગીને રહેલો,અને સનાતન બ્રહ્મ-રૂપ આ સમર્થ આત્મા,
ઘણા સમયે આ વિષ્ણુની કૃપાથી જ મારા સ્મરણમાં (બુધ્ધિમાં) આવ્યો છે.
જેમ,મૂર્ખ મનુષ્યને રાત્રે જંગલમાં પિશાચ હેરાન કરે છે,
તેમ,લાંબા સમય સુધી આ અહંકાર-રૂપી શત્રુએ જ મને ઘણો પરેશાન કર્યો હતો.

વાસનાઓ,તૃષ્ણાઓ,જન્મ-મરણ,કામ,ક્રોધ,લોભ,સુખો અને આશાઓ-રૂપી પાશોથી હું બંધાયો હતો.
પણ હવે મારા આત્માએ પોતાની ચતુરાઇથી (વિચારથી) શ્રી વિષ્ણુ નું રૂપ ધારણ કરીને મારા વિવેકની
સંપત્તિને ધારણ કરી છે.આત્મજ્ઞાન-રૂપી પ્રકાશ થતાં તે અહંકાર હવે મારા જોવામાં આવતો નથી.

જેમ,દીવો,શાંત થતા,ફરી તે દીવાનો પત્તો (અંધકાર થવાને ને લીધે) મળતો નથી,
તેમ, 'મન-રૂપી-ગુફા'માં રહેનારો 'અહંકાર-રૂપી યક્ષ' શાંત થતા,હવે મને તેનો પત્તો મળતો નથી.
આ જગતમાં જ્ઞાનને પામેલો,હવે, હું શાંત થાઉં છું અને પરમસુખ માં રહું છું.
સ્વરૂપ ના વિચારને લીધે,અહંપદ (અહંકાર) શાંત થઇ ગયું તો-
હવે મોહ ક્યાંથી?દુઃખો ક્યાંથી? દુષ્ટ આશાઓ ક્યાંથી? અને ચિંતાઓ પણ ક્યાંથી?

પ્રહલાદ સ્વગત કહે છે કે-જેમ,જો, ભીંત હોય તો જ તેના પર ચિત્રો થાય,પણ આકાશમાં ચિત્રો થઇ શકે નહિ;
તેમ,જો અહંકાર હોય,તો જ મનમાં સ્વર્ગ-નરક-મોક્ષ- વગેરેના ભ્રમો પ્રવર્તે છે,
જેમ,મેલા વસ્ત્રમાં રંગ ચડે નહિ,તેમ,અહંકાર-રૂપી-ઘેલા-પણાથી ઘેરાયેલા મનમાં જ્ઞાન નો ચમત્કાર થાય નહિ.
હે,આત્મા,હું (મારા)-રૂપી-તું,કે જે "અહંકાર-રૂપી કાદવ" થી રહિત થયેલો છે,
અને અંદર સ્વચ્છતા-વાળા,આનંદના સરોવર-રૂપ છે,હું તને પ્રણામ કરું છું.

'બુધ્ધિ ને બુધ્ધિ ની વૃત્તિઓમાં આવેલું ચૈતન્ય' એ -બે પાંખો-રૂપી અને હૃદય-કમળની અંદર નિવાસ કરનાર
'આત્મા-રૂપી હંસ' ને -હું અંદર જ વારંવાર પ્રણામ કરું છું.
સર્વદા ઉદય પામેલા,હૃદયમાં રહેલા,અજ્ઞાન-રૂપી મોટા અંધકાર ને હરનારા,
અને સર્વમાં વ્યાપક હોવા છતાં-પણ-જોવામાં નહિ આવતા 'ચૈતન્ય-રૂપી-શીતળ-સૂર્ય'ને હું વારંવાર પ્રણામ કરું
છું.'વૈરાગ્ય-રૂપી-તેલ'થી પ્રકાશતા,'ચિત્તની વૃત્તિ-રૂપી વાટ'થી બહાર નીકળતા,અને
પોતાના 'સ્વ-રૂપ-રૂપી આધાર'માં રહેનારા 'ચૈતન્ય-રૂપી અવિચળ દીવા'ને,હું વારંવાર પ્રણામ કરું છું.

જેમ,અગ્નિથી તપેલા લોઢાને,ટાઢા લોઢાથી (છીણીથી) બળાત્કારે ભાંગી (કાપી) નાખવામાં આવે છે,
તેમ,કામ-રૂપી અગ્નિ થી તપેલા મન ને,ઉપશમ-વાળા મનથી બળાત્કારે ભાંગી નાખ્યું છે.
શુધ્ધ ઇન્દ્રિય થી મલિન ઇન્દ્રિય ને કાપી નાખીને,શુધ્ધ મનથી મલિન મન ને કાપી નાખીને,અને
શુધ્ધ અહંકારથી મલિન અહંકાર ને કાપી નાખીને-કેવળ ચૈતન્ય-રૂપે રહેલો,હવે હું-જય પામું છું.

હે,આત્મા,શ્રધ્ધાથી અશ્રધ્ધા ને કાપી નાખીને,અતૃષ્ણા થી તૃષ્ણા ને કાપી નાખીને,
વિચારવાળી બુધ્ધિથી સંદેહ-વાળી બુધ્ધિને કાપી નાખીને,જ્ઞાતા-પણાના અભિમાનથી રહિત-
એવા-સત્ય-જ્ઞાન-સ્વ-રૂપે,તું જ અવશેષ રહ્યો છે-હું તને પ્રણામ કરું છું.
"હું બ્રહ્મ છું" એ (શુધ્ધ) અહંકારથી,"હું દેહ છું" એ (મલિન) અહંકાર કપાઈ જતાં,
અહંકારથી રહિત થયેલો હું કેવળ,સ્વચ્છ-રૂપે (શુધ્ધ-રૂપે) રહ્યો છું.

ભાવનાઓ કરાવનારી બુધ્ધિથી,અહંકારથી,મનથી ને ઇચ્છાઓથી રહિત થયેલું,
આ મારું શરીર કેવળ પ્રાણવાયુ ને લીધે જ ગતિ કરે છે,અને આત્મા માં જ રહ્યું છે.
ભગવાન વિષ્ણુ ની કૃપાથી જ મને આ પરમ ઉપશમ-વાળી સર્વોત્તમ શાંતિ મળી છે.
અને હવે હું,સઘળા સંતાપો થી રહિત થયો છું.

અહંકાર અને તૃષ્ણા ક્યાં ચાલ્યા ગયા? એ હવે મારા,જાણવામાં પણ આવતું નથી.
સર્વ વાસનાઓ, સમાધિ થી કપાઇ ગઇ,તે બહુ સારું થયું.

આટલો સમય સુધી હું કોણ (કેવો) હતો? હું ખોટી રીતે જ દેહાદિક માં દ્રઢ અભિમાન ધરાવતો હતો.એ આશ્ચર્ય છે.હવે મારો જન્મ સફળ થયો,હું મોટી બુદ્ધિ-વાળાઓ થયો,એટલે ઐશ્વર્ય-રૂપી આત્મા મારા જાણવામાં આવ્યો છે,સમાધિમાં મનથી (તેને) આલિંગન કરવામાં આવ્યો છે,અને આલિંગન કરીને જાગ્રતમાં પણ,
"એ હું જ છું" એમ -એવા અનુભવમાં જોડવામાં (પણ) આવ્યો છે.

જેમ,પહેલાં,"જે શરીર છે,તે હું છું" એમ હું માની બેઠેલો હતો,તે જ હું હવે "જે આત્મા છે તે હું છું" એમ સમજ્યો છું.
વિષયો,વિષયો ના મનન,વાસનાઓ,અહંકાર,અને ભોગોથી રહિત થયેલું,આ મન,હવે શાંત થયું છે.
વિપત્તિઓ નાશ પામી ગઈ છે,જીવ ની અજ્ઞાન-રૂપી જડતા જતી રહી છે,
અને હું, અદ્વિતીય-ચૈતન્ય-રૂપી-પૂર્ણાનંદ-પરમાત્મા ને પ્રાપ્ત થયો છું.(આત્મ-સાક્ષાત્કાર)

## (૩૬) પ્રહલાદ ને દુર્લભ આત્મ-પદની પ્રાપ્તિ

પ્રહલાદ (સ્વગત) કહે છે કે-સઘળા પદાર્થોથી ન્યારો આત્મા ઘણા કાળે મારા સ્મરણમાં (બુદ્ધિમાં)આવ્યો છે.
હે,આત્મા,તું મને મળ્યો તે બહુ સારું થયું,તું કે જે સઘળી સીમાઓ થી રહિત છે,તેને મારા પ્રણામ હો.
હે,આત્મા,તને જોઇને તથા અભિનંદન કરીને હું તારું સમાધિમાં લાંબા કાળ સુધી આલિંગન કરું છું.
તારા વિના ત્રૈલોક્યમાં અત્યંત પ્યારો બીજો  કોઈ બંધુ કોણ છે? (કોઈ નથી)

તું,સર્વ-રૂપ હોવાને લીધે મારનાર પણ છે,રક્ષણ કરનાર પણ છે,આપનાર પણ છે,સ્તુતિ કરનાર પણ છે,
જનાર પણ છે,ગતિ કરનાર પણ છે-એવો તું -હવે-મને અપરોક્ષ-રીતે જોવામાં આવ્યો અને પ્રાપ્ત પણ થયો છે,
તો હવે તારાથી બીજું કાંઇ થઇ શકે તેમ પણ નથી અને મારાથી દૂર-ક્યાંય જતા રહેવાય તેમ પણ નથી.
કારણકે-પોતાની સત્તાથી,સર્વ બ્રહ્માંડ ને પૂરનારા (એટલે કે-તું સર્વ જગ્યાએ છે) એવા,
હે આત્મા,હે,સર્વ નું હિત કરનારા,તું સર્વ સ્થળોમાં સર્વદા જોવામાં આવે છે,તો હવે તું ક્યાં નાસી શકે તેમ છે?

હે,બંધુ,તારા-મારા વચ્ચે ઘણા ઘણા જન્મોથી,બહુ અંતર પડી ગયું હતું,તે હવે ટળી જઈને,આજે તું બહુ પાસે આવ્યો છે,અને તું કે જે કૃતાર્થ કરનાર છે,સર્વ જગતનો કર્તા છે અને સર્વનો પાલક છે-તેને હું પ્રણામ કરું છું.
તું કે જે -સાર-રૂપ,નિત્ય-રૂપ અને શુદ્ધ સ્વ-રૂપ-વાળો છે -તેને હું પ્રણામ કરું છું.
તું કે જે ચક્ર અને કમળ ને હસ્તોમાં ધારણ કરનાર વિષ્ણુ છે-તેને હું પ્રણામ કરું છું.
તું કે જે-સદાશિવ છે,બ્રહ્મા છે,ઇન્દ્ર છે-તેને હું પ્રણામ કરું છું.

જેમ,તરંગના અને જળના ભેદની કલ્પના કેવળ વ્યવહાર દૃષ્ટિથી જ છે,અને ખોટી જ છે,
તેમ,તારા ને મારા ભેદ ની કલ્પના વ્યવહાર-દૃષ્ટિથી જ છે અને ખોટી જ છે.
તું જ સુખ-દુઃખો ના ફેરફારો વાળી,અને પાર વિનાની આ અનંત વસ્તુઓની વિચિત્રતા-વાળી,
અનાદિ "સંસાર"નામની ખટપટ-રૂપે દેખાયા કરે છે.

તુ કે જે -સઘળા પદાર્થોનો સંકલ્પ કરનાર,અને સંકલ્પ થી જ સઘળા પદાર્થો ને સર્જનાર છે-તેને હું પ્રણામ કરું છું.
તુ કે,જે સર્જન કરીને અનંત રૂપોથી વિકાસ પામનાર છે,સઘળા પદાર્થોની કલ્પના ને અનુસરતા સ્વભાવ વાળો છે,અધિષ્ઠાન-પણાથી સર્વમાં વ્યાપક છે-તેને હું પ્રણામ કરું છું.

હું (મારા)-રૂપ,તુ,આજ સુધી મારા કહેવા પ્રમાણે વિષયોના માર્ગ માં ચાલ્યો,તેથી તું લાંબા દુઃખ-વાળો થયો,
લાંબા કાળ સુધી,જન્મોજન્મમાં ઘણા ઘણા ઉંચી-નીચી ગતિઓમાં જવા-રૂપ વિભ્રમો તારે જોવા પડ્યા-

તથા-ઘણાં ઘણાં વિપત્તિઓના દૃષ્ટાંતો પણ તારે જોવા પડ્યાં.
આજ સુધી બહિર્દષ્ટિને લીધે તારું સાચું સ્વરૂપ તને પ્રાપ્ત થયું નહોતું.
તેથી તું જરા પણ પુરુષાર્થ (આત્મ-દર્શન નો) મેળવી શક્યો નહોતો.

આ સઘળું જગત તારા વિના છે જ નહિ,
તેમ છતાં પણ તારા સ્વ-રૂપ ની પ્રાપ્તિ થાય તો જ પુરુષાર્થ પરિપૂર્ણ થાય તેમ છે.
હે,દેવ,આજે તું મળ્યો છે,જોવામાં આવ્યો છે,જણાયો છે,બાથમાં લેવાયો છે અને પકડાયો છે-
હું, તને પ્રણામ કરું છું.

પણ,હે આત્મા (પરમાત્મા) આવી રીતે પકડાયાથી (મેં આવી રીતે પકડ્યો છે -તેથી) મૂંઝાઈશ નહિ,
જે દેવ ચક્ષુ-રૂપે,આંખની કીકીઓના કિરણોના સમૂહમાં પરોવાઈને,સઘળા પદાર્થો જુએ છે,
અને જોઇને પોતામાં તેઓનો પ્રકાશ કરે છે,તે દેવ જોવામાં કેમ ના આવે?
જે,દેવ,ચામડી તથા સ્પર્શમાં વ્યાપીને,પુષ્પોની સુગન્ધ-રૂપ (સુંવાળો) છે-તે દેવ અનુભવમાં કેમ ના આવે?
જે,દેવ,શબ્દને (કાનથી) સાંભળીને,તે શબ્દના ચમત્કારનો પ્રકાશ કરતાં,શરીરમાં રોમાંચ ઉત્પન્ન કરે છે
તે દેવ,દૂર કેમ હોઈ શકે?
જે,દેવ, પ્રથમથી જ સર્વના સ્વાભાવિક પ્રેમના વિષય-રૂપ છે,અને જેને,
જીભની અણી ઉપર રહેતી સઘળી વસ્તુઓનો સ્વાદ આવે છે,તે દેવ,કોને સુખ-રૂપ ન જણાય?

પ્રહલાદ સ્વગત કહે છે કે-
જે,દેવ,શરીર (ચામડી)પર ધારણ કરેલા,પુષ્પોની સુગંધને,"નાકની ઇન્દ્રિય-રૂપ-હાથ"થી ગ્રહણ કરીને,
પુષ્પો થી શણગારેલા પોતાના શરીરને (આંખથી) પ્રેમથી જુએ છે-તે દેવ ,કોને મળતો નથી?
જે,દેવ,વેદ-વેદાંત ના વચનો વડે (જીભથી) ગવાયો છે,અને વચનોથી જણાયો પણ છે,
તે "આત્મા" નામનો દેવ કેમ (બુધ્ધિથી) ભૂલી જવાય?

હે,આત્મા,આ મારા શરીર સંબંધી ભોગો નો સમૂહ એનો એ છે અને એવો ને એવો સુંદર છે,તો પણ,
સ્વચ્છ અને સર્વ ના અધિષ્ઠાન-રૂપ તું,જોવામાં આવતાં,હવે મારા મનમાં તે (ભોગો) ગમતા નથી.

હે દેવ,તું, હું-પણા ને (મને કે મારા આત્માને) પ્રાપ્ત થયો,એ સારું થયું,
હું તથા તું એક થઇ ગયા તે પણ સારું થયું,હવે આપણા વચ્ચે કોઈ ભેદ નથી.
તારી ઉપાધિ-રૂપ "તું" એ શબ્દ અને મારી ઉપાધિ-રૂપ -"હું" એ શબ્દ-
કે-જેઓ લક્ષ્ય-રૂપ પરમાત્મા ના જ "પર્યાય-શબ્દો"  છે.તેઓને હું વારંવાર પ્રણામ કરું છું.

હું -કે જે અંત વિનાનો,અહંકાર વિનાના રૂપ-વાળો,આકારથી રહિત,
અને સર્વમાં સમાન રીતે રહેલો છું,તેને હું પ્રણામ કરું છું.
હે,આત્મા, હું કે જે-સર્વમાં,સ્વચ્છ,નિરાકાર,સાક્ષીભૂત અને દેશ તથા કાળ-આદિના પાપથી રહિત,
તારું જ સ્વરૂપ છું,અને તેમાં જ (તારા સ્વરૂપમાં જ) તું રહ્યો છે.

મન સંકલ્પો-વિકલ્પો કર્યા કરે છે,ઇન્દ્રિયોની વૃત્તિઓ સ્ફુરે છે,પ્રાણ-અપાન વાયુઓ નો ભારે પ્રવાહ ચાલ્યા કરે છે,
અને આશાઓ-રૂપી દોરીઓ થી ખેંચાતાં,મન-રૂપી-સારથિ-વાળા,અને ધર્મથી,માંસથી,અસ્થિઓ થી
ગોઠવાયેલાં,શરીર-રૂપી યંત્રો ચાલ્યા કરે છે,એ સઘળું મારી (આત્માની) પ્રેરણાથી જ થાય છે.

હું કોઈ શક્તિ-રૂપ નથી કે દેહમાં રહેલા અહંકાર-રૂપ પણ નથી,હું તો કેવળ "અનુભવ-રૂપ" જ છું.
ઘણા કાળે મારા જન્મ નું સાફલ્ય થયું અને ઘણા કાળે મને આ પોતાના સ્વ-રૂપ નો લાભ થયો.

ઘણા કાળ ને અંતે મારો ભ્રમ દૂર થયો છે.આ સંસાર-રૂપ લાંબા માર્ગમાં હું ભટક્યા કરતો હતો,થાકી ગયો હતો, પણ હવે મને શાંતિ પ્રાપ્ત થઇ છે.

હે,આત્મા,હું-રૂપ (મારા-આત્મા-રૂપ) તું,કે જે સર્વ-રૂપ છે ને સર્વથી ન્યારો પણ છે તેને હું પ્રણામ કરું છું.
અને જેઓ (જે આત્માઓ) મને તું-રૂપ (આત્મા-રૂપ) કહે છે તેઓને પણ હું પ્રણામ કરું છું.
સર્વ પદાર્થો ને પ્રકાશ કરનારું,છતાં પણ,જેને દોષની વૃત્તિઓનો સ્પર્શ જ થયો નથી-એવું- અને
જેમાં કોઈ પણ પ્રકારનો આગ્રહ થતો નથી-એવું-પરમાત્મા નું સાક્ષી-પણું,ભારે ચમત્કારવાળું છે.

હે,આત્મા,જેમ પુષ્પમાં સુગંધ,તલ માં તેલ અને જેમ ધમણમાં પવન રહે છે,તેમ તું સઘળા બ્રહ્માંડ માં રહેલો છે.
હે,આત્મા, તું અહંકારથી રહિત હોવા છતાં,પણ મારે છે,રક્ષણ કરે છે,ગડગડાટ કરે છે અને સઘળો વ્યવહાર કરે છે,માટે તારું આ માયાવી-પણું,બહુ જ વિચિત્ર છે.
સર્વદા પ્રકાશતો હું (આત્મા) કંઈ પણ વ્યવહાર ના કરતાં જ જગતને પ્રગટ કરું છું અને પ્રગટ કર્યા પછી,
વશ કરીને પાળું છું,અને પાળીને પાછો તેનો લય કરી દઉં છું,માટે હું સર્વોત્તમ છું.

પ્રહલાદ સ્વગત કહે છે કે-
હે,આત્મા, જેમ વડ, એ બીજમાં જ હતો,બીજમાં જ છે અને બીજમાં જ રહેશે,
તેમ,તું કે જે -પરમાણુ કરતાં પણ સૂક્ષ્મ છે,તેમાં જ આ સઘળો બ્રહ્માંડ નો ગોળો હતો,છે અને રહેશે.
જેમ આકાશ,એ વાદળો ને લીધે જુદા જુદા આકારો વાળું દેખાય છે,
તેમ,તું જ આ જગતમાં અસંખ્ય આકારો-રૂપે દેખાય છે.
તું,કે જે,આ દેહ-રૂપી નગરમાં ઘણાઘણા સંકલ્પોથી વિષયોની રચના કરીને,રાજ્ય કરે છે,તેને,
જેમ મુઠ્ઠીઓ,આકાશને પકડી શકતી નથી,તેમ (તને) સુખો કે દુઃખો પકડી શકતાં નથી.

હવે તો તું,ઇન્દ્રિયો-રૂપી દુષ્ટ ઘોડાઓને અને મન-રૂપી મદોન્મત હાથીને-જીતીને તથા
ભોગ-રૂપી શત્રુને ચારે બાજુથી ભાંગીને ચક્રવર્તી-પણું (રાજ) કરે છે.
જેમ,સૂર્ય અપાર આકાશમાં માર્ગ કર્યા કરે છે,તેમ,હવે,તું,પોતાના અપાર-સ્વ-રૂપ માં જ ગતિ કર્યા કરે છે.અને,
જેમ,સૂર્ય નિત્ય અસ્ત અને ઉદય પામે છે -તેમ,તું જગત-રૂપે નિત્ય અસ્ત અને ઉદય પામે છે.
(જો કે) તે સૂર્ય તો માત્ર બહાર જ પ્રકાશ કરે છે,પણ તું તો બહાર અને અંદર -બધે ય પ્રકાશ કરે છે.

જેમ,સૂતેલા પતિને,કામનાવાળી સ્ત્રી,ભોગની લીલાઓ કરવા જગાડે છે,
તેમ,તું કે જે સર્વદા સૂતેલો જ છે (સંકલ્પો થી રહિત જ છે)
તેને,કામના-વાળી **"શક્તિ"** ભોગની લીલાઓ કરવા જ જગાડે છે.(સંકલ્પો કરાવે છે)
"ઇન્દ્રિયો ની વૃત્તિઓ-રૂપી-મધમાખીઓ"એ આણેલા,"વિષયો-રૂપી-મધ"ને,
તું "ઇન્દ્રિયોનાં ગોલકો-રૂપી ગોખો"માં રહેલી "ચૈતન્ય-શક્તિ" થી સ્વીકારીને દૂરથી જ પીએ છે.

પ્રાણ-અપાન-વાયુઓને રોકવાના અભ્યાસમાં તત્પર રહેનારા યોગીઓ,દેહમાં ક્ષણે-ક્ષણે અનેક પ્રકારની નાડીઓમાં -જવા-આવવાના અભ્યાસો કરીને,તે અભ્યાસો ને લીધે,બીજાં "બ્રહ્માંડો-રૂપી-કોતરો" માં જાય છે, તે સમયમાં ત્યાં જવાના સુષુમણા આદિ-માર્ગો તેઓના જોવામાં આવે છે,તે તારા પ્રકાશ થી જ જોવામાં આવે છે.

સર્વ પ્રાણીઓના શરીરમાં ગર્વ (અભિમાન) ના નિમિત્ત-રૂપી જે રસ છે,તે રસમાં- તું,
"શરીર-રૂપી દુધમાં ઘી-રૂપે"રહેલો છે,એટલે, તું જો અભિમાનનો ત્યાગ કરે,તો એ રસમાં કસ રહેતો જ નથી.
તું જ સઘળા વાયુઓની ગતિ-રૂપે છે,તું જ 'મન-રૂપી હાથી'ને મદની પેઠે ભ્રાંતિનું 'નિમિત્ત' છે,
અને તું જ 'બુદ્ધિ-રૂપી-અગ્નિની જવાળા'ની તીક્ષ્ણતાનું તથા પ્રકાશનું 'નિમિત્ત' છે.

મરણમાં,મૂર્છામાં,તથા સ્વપ્નમાં વાણી બંધ પડી જાય છે,તે પણ તું બંધ પાડે -તેથી જ બંધ પડે છે,
જયારે બીજી અવસ્થામાં (જાગ્રત માં) વાણી,ક્યાંયથી ય (તારાથી જ) દીવાની પેઠે ઉદય પામે છે.
જેમ,સોનામાં, હાર-વગેરે ઘરેણાં ની રચનાઓ ઉદય પામે છે,
તેમ તારામાં સંસાર સંબંધી સઘળા પદાર્થો ની પંક્તિઓ ઉદય પામે છે.

"આ તું અને આ હું"વગેરે શબ્દોથી,તું જ લીલા કરવા,પોતે,પોતાથી,પોતાને જ (આ વાક્ય) કહે છે.
અને તું જે કોઈનાં વખાણ કરે છે,તે પણ લીલા કરવા -પોતાનાં જ વખાણ કરવા માટે જ કરે છે.
જેમ,આકાશમાં મંદ પવનથી ચલાયમાન થયેલો મેઘ (વાદળો) જુદા જુદા આકારોથી દેખાય છે,
તેમ તું જ પોતાથી અભિન્ન એવા સૃષ્ટિ-સબંધી પદાર્થોના આકારોથી દેખાય છે.

તે પદાર્થો માં તું ના હોય તો-તે પદાર્થો ની શોભા કદાચ હોય -તો પણ ના હોવા જેવી જ છે.
તે પદાર્થો ભલે દેખાતા હોય,પણ જ્યાં સુધી તેં તેઓને <u>ક્રિયા-શક્તિ </u>આપી ના હોય ત્યાં સુધી,તેઓ કશું કરવામાં સમર્થ થતા નથી.એટલે -આ દેહ વિધમાન હોવા છતાં,તારા વિના તે પૃથ્વીમાં ઢેફાંની જેમ અથડાયા કરે છે.

પ્રહલાદ સ્વગત કહે છે કે-સુખ-દુઃખો નો ક્રમ તને (આત્માને) પ્રાપ્ત થઈને નષ્ટ થઇ જાય છે.
જેમ,અંધકાર નો દીવા સાથે સંબંધ થતાં,અંધકાર જોતજોતામાં નષ્ટ પામે છે,
તેમ,તારો સંબંધ થતાં જ,તારી સત્તાથી,જ રહેલા સુખ-દુઃખ-વગેરે જોતજોતામાં જ નષ્ટ થઇ જાય છે.
સુખ-દુઃખો ની ભાવના,ક્ષણભંગુર હોવાને લીધે,જરાવાર પણ તારા સ્વરૂપમાં ટકી શકતી  નથી.
જે વસ્તુ,ક્ષણમાત્ર પણ સ્થિર રહે નહિ,તે વસ્તુ કામ કરનારી (સુખ-દુઃખ નું કામ) કેમ થાય?

હે,અનંત પદાર્થોના અધિષ્ઠાન-ભૂત આત્મા,તું વિવેકી પુરુષોના ચિત્તમાં રહીને,આ સુખ-દુખાદિ ગ્રહણ કરે છે ખરો,
પરંતુ,ગ્રહણ કરવા છતાં તું સમતા છોડતો નથી-જયારે,
અવિવેકી પુરુષોના ચિત્તમાં તો અનંત અને અનિયત વાસનાઓ હોય છે,તો તેવા ચિત્તમાં તારી કેવા પ્રકાર ની સ્થિતિ થાય છે? તેનું વર્ણન આપવામાં,મારી વાણી સમર્થ નથી.

તું,કે જે,વ્યાપારથી,અંશોથી અને અહંકારથી પણ રહિત છે,
તેણે જાગ્રતમાં અને સ્વપ્નમાં નકામું કર્તા-પણું સ્વીકારી લીધું છે.
અવિવેક ની દૃષ્ટિથી -ઘણા ફેલાયેલા આકારે જણાતા,પણ,
વિવેક ની દૃષ્ટિથી દ્વૈત-વિનાના શાંત જણાતા,હે,આત્મા, તારો જય હો.
અવિવેક-દૃષ્ટિથી જન્મ-વાળા,સંકલ્પો વાળા અને ખંડિત જણાતા,પણ,
વિવેક-દૃષ્ટિથી,જન્મ-રહિત,સંકલ્પ-રહિત અને અખંડિત એવા હે,આત્મા તારો જય હો.

વિવેક-દૃષ્ટિથી મન ના અવિષય-રૂપ જ જણાતા,હે,આત્મા,તારો જય હો.
હું તારા દર્શન થી પ્રફુલ્લિત થાઉં છું,શાંત થાઉં છું,સ્થિર થાઉં છું અને જ્ઞાન-સ્વ-રૂપ થાઉં છું.
જીવન-મુક્તિ-રૂપી જય ને પ્રાપ્ત થયેલો હું,બાકી રહેલા પ્રારબ્ધ ને જીવી લેવા માટે જીવું છું.
હું (મારો આત્મા) કે જે તું-રૂપ છે,અને તું કે જે હું-રૂપ (મારા આત્મારૂપ) છે -તેને હું પ્રણામ કરું છું.

વિષયો-રૂપી રોગથી રહિત થઇને,વિષયોની વાસનાના રંગથી પણ રહિત થઇને,હું તારામાં જ રહ્યો છું,
માટે મારે બંધન ક્યાંથી? વિપત્તિઓ કે સંપત્તિઓ પણ ક્યાંથી? જન્મ-મરણ પણ ક્યાંથી? હવે કશું રહ્યું નથી,
એટલે,હવે હું અવિચળ શાંતિને પ્રાપ્ત થાઉં છું.

## (૩૭) પ્રહલાદ ની સમાધિ-દશા અને રાજા વિનાના દેશની થયેલી દુર્દશા

વસિષ્ઠ કહે છે કે-ઉપર પ્રમાણે ચિંતવન કરતાં કરતાં તે પ્રહલાદ,પરમ આનંદ-રૂપ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત થયો,અને પોતાના "સ્વ-રૂપ-રૂપી-સામ્રાજ્ય-પદવી" ને પ્રાપ્ત થયેલો,તે,
જાણે,ચિત્રમાં આલેખાયેલો હોય,તેવો સ્તબ્ધ (સ્થિર) જણાવા લાગ્યો.

એ રીતે,પ્રહલાદને પોતાના ઘરમાં (પાતાળ ના રાજ્યમાં) સમાધિમાં રહેતાં,ઘણો લાંબો કાળ પસાર થઇ ગયો.
જેમ,બીજમાં રહેલા,અંકુરને ઘણું પાણી આપવા છતાં પણ,તેના સમય આવ્યા વિના અંકુર ફૂટતો નથી,
તેમ,સમાધિમાં રહેલા પ્રહલાદને મોટા મોટા દૈત્યોએ જગાડ્યો પણ તે જાગ્યો નહિ.
બાહ્ય-દૃષ્ટિ થી રહિત થયેલો,તે પ્રહલાદ,અસુરો ના નગરમાં,એ રીતે હજારો વર્ષ સુધી અવિચલ (નિશ્ચળ) રહ્યો.
પરમ આનંદ-રૂપી દશામાં એક-રસ-પણાથી પરિણામ પામેલો હોવાને લીધે,
તે મરી ગયો હોય,એવો દેખાવા લાગ્યો.

એટલા કાળ સુધી,એ પાતાળનું રાજ્ય,રાજા વિનાનું,રહેવાને લીધે અવ્યવસ્થિત થઇ ગયું.
થોડા બળવાન દૈત્યો,દુર્બળ દૈત્યો ને પીડવા લાગ્યા.ઉદ્વેગ થવાથી કેટલાએક દૈત્યો,જે જે દિશામાં જવાનું યોગ્ય જણાયું તે તે દિશાઓમાં જતા રહેતાં,એટલે બળવાન દૈત્યોએ રાજા વિનાના નગરમાં,પોતાની મરજી આવે તેમ, વ્યવહાર કરવા લાગ્યા,જેથી તે દૈત્યોના દેશ (પાતાળ) ની રાજા વિના અત્યંત દુર્દશા થઇ ગઈ.

## (૩૮) જગતનું દુઃખ મટાડવા વિષ્ણુ ભગવાને ચિંતા કરી

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, પછી ક્ષીર-સાગરના શ્વેત-દીપમાં,શેષનાગ-રૂપી શય્યા ઉપર પોઢેલા,અને,
જેની સઘળાં બ્રહ્માંડો નું પાલન કરવી એ ક્રીડા છે,એવા વિષ્ણુ-ભગવાન,ચાતુર્માસ ગયા પછી,
દેવતાઓ ની પ્રાર્થના થી જાગ્યા અને
તે સમયમાં ચાલતી જગતની સ્થિતિનો પોતાની બુદ્ધિથી વિચાર કરવા લાગ્યા.

પ્રથમ પોતાના "મન-રૂપી શરીર"થી,સ્વર્ગ-લોકમાં ચાલતી અને ભૂલોકમાં ચાલતી પરિસ્થિતિનો વિચાર કરવા લાગ્યા,અને પછી,તુરત જ પાતાળ ની પરિસ્થિતિ નો વિચાર કરવા લાગ્યા.
ત્યારે તેમને પ્રહલાદ નામનો દાનવ,સ્થિર સમાધિમાં જોવામાં આવ્યો.
તેમણે આગળ વિચાર્યું કે-પ્રહલાદ સમાધિમાં શાંત થઇ જતાં,પાતાળ રાજા વિનાનું થઇ જતા,
આ સૃષ્ટિ ઘણું કરીને દૈત્યો વિનાની (દૈત્યો ના ત્રાસ વિનાની) થઇ ગઈ છે,એ બહુ ભૂંડું થયું છે.

દૈત્યો નો અભાવ (દૈત્યો ના ત્રાસ નો અભાવ) થઇ જતાં,કોઈ શત્રુ નહિ રહેવાને લીધે,
દેવતાઓની પંક્તિ,રાગ-દ્વેષથી રહિત થઇ જશે.(કારણકે)
જો શત્રુઓ હોય,તો જ દેવતાઓ,સ્વર્ગનાં સુખો દુર્લભ જણાયાથી,તેઓના (સ્વર્ગના સુખો)પર "રાગ" રહે,
અને તે સુખમાં વિઘ્ન પાડનારા દૈત્યો પર "દ્વેષ" રહે.

જો,દેવતાઓની જાતિ,"રાગ-દ્વેષ" વગરની થઇ જશે,તો તે જાતિ,અભિમાનથી રહિત થઈને,
સુખ-દુખાદિ,દ્વંદ્વો વિનાના "મોક્ષ" પદને પ્રાપ્ત થઇ જશે.
અને જો દેવતાઓ મોક્ષ પદને પ્રાપ્ત થશે,તો મનુષ્યોને તે દેવતાઓ ના સ્વર્ગ-લોક સંબંધી સુખોને
મેળવવાની ઇચ્છા રહેશે નહિ,અને તેથી,ભૂલોકમાં યજ્ઞોની તથા તપની સઘળી ક્રિયાઓ બંધ પડી જશે,
એ નિઃસંશય છે.

હવે જો ભૂલોકમાં યજ્ઞો અને તપોની ક્રિયાઓ બંધ પડી જશે તો-
"ભૂલોક કર્મભૂમિ છે" એમ કોઇના પણ સમજવામાં રહેશે નહિ,અને તેમ થશે તો-
આખો સંસાર કે જે કર્મોને લીધે જ પ્રવર્ત્યા કરે છે-તેનો નાશ થઇ જશે.!!!!!

કલ્પ-ના આરંભ થી માંડીને મેં જે આ ત્રૈલોક્ય રચ્યું છે-તે-સમય વિના જ નષ્ટ થઇ જશે,એ બહુ ખોટું થશે.
હું ઉપેક્ષા રાખીને,આ "સંસાર-રૂપી આડંબર" નો નાશ થવા દઉં તો,
મેં હાથે કરીને પોતાની જ લીલાનો નાશ આરંભ્યો-એમ કહેવાય-એ શું યોગ્ય છે?

ચંદ્ર-સૂર્ય અને તારાઓ સહિત આ જગત શૂન્ય થઇ જાય તો,મારે પણ,મારા આ શરીરનો (વિષ્ણુ-શરીરનો)
સંહાર કરીને પૂર્ણ-સ્વ-રૂપમાં જ વિશ્રાંતિ કરવી પડે.
જો કે આ રીતે સમય વગર જ આ જગત શાંત થઇ જાય તો-પણ  જીવોને તો સઘળા ઉપદ્રવોની શાંતિ થઇ જાય
તેમ છે,પરંતુ એ જે શાંતિ થાય તે-સુષુપ્તિ-અવસ્થાના જેવી જ થાય,મુક્તિ-રૂપ થાય નહિ.

વિષ્ણુ ચિંતવન કરે છે-કે-હું ઉપેક્ષા ના કરતાં,જગતની સ્થિતિ ને યોગ્ય રીતે ચલાવું,તો સત્કર્મોની મર્યાદાનો ભંગ
ન થતાં,કર્મોથી ચિત્ત ની શાંતિ થવાને લીધે,અનુક્રમે સઘળા જીવો ને મુક્તિ નો લાભ મળે,
એટલે માટે હું ધારું છું કે-હમણાં દૈત્યો ને ઉત્તેજન આપવું,તે સારું છે.
દૈત્યો ઉદ્યોગી થાય -તો દેવતાઓને રાગ-દ્વેષ-પૂર્વક સ્વર્ગ-લોકનાં સુખો જાળવવાની કાળજી રહે.
અને જો દેવતાઓને -એવી-કાળજી રહે તો-
દેવતાઓનાં સુખો મેળવવાની ઇચ્છાથી મનુષ્યો યજ્ઞ સંબંધી ક્રિયાઓ કરે,
અને એ ક્રિયાઓ ચાલતી રહે,તો આ સંસારની સ્થિતિ બરાબર ચાલ્યા કરે.અને કદી એ સ્થિતિ નો ક્રમ ફરે નહિ.

જેમ,વસંત-ઋતુ,બીજી ઋતુમાં બગડી ગયેલા ઝાડને પાછું,તેના પોતાના ક્રમ માં સ્થાપે છે,
તેમ,પ્રહલાદને,પાછો હું તેના ક્રમમાં સ્થાપું.
પ્રહલાદ સિવાય હું બીજા કોઈ દૈત્ય ને રાજા કરીશ,તો હું ધારું છું કે-એ રાજા દેવોને મારી નાખ્યા વગર રહેશે નહિ,
પણ પ્રહલાદ નો આ જે દેહ છે-તે પવિત્ર છે-મહાત્મા નો છે-માટે તેને હાથે દેવો માર્યા જવાનો સંભવ નથી.
માટે,પ્રહલાદનો આ દેહ,આ કલ્પ પૂરો થતાં સુધી જીવતો રહે તે જ યોગ્ય છે.

"પ્રહલાદે આ કલ્પ પૂરો થતાં સુધી દેહ-ધારી-પણાથી જ રહેવું" એવો દૈવ-સંબંધી નિયમ પણ થઇ ચૂક્યો છે,
એમ મારા ધારવામાં છે,માટે હું પાતાળમાં જઈને પ્રહલાદને જગાડું,અને તેને કહીશ કે-
જેમ,મણિ મનમાં ભાવના રાખ્યા વિના જ વસ્તુઓ નાં પ્રતિબિંબોને ધારણ કરે છે,
તેમ,જીવનમુક્ત લોકોની પધ્ધતિ પ્રમાણે-મનમાં રાજ્યની આસક્તિ નહિ રાખતાં,જ દૈત્યો નું રાજ્ય કરો.
કારણકે "આસક્તિ નહિ રાખતાં,સઘળો વ્યવહાર કરવો" એ જ જીવનમુક્ત લોકોની સમાધિ છે,

હું આ પ્રમાણે ગોઠવણ કરીશ,તો આ સૃષ્ટિ નો નાશ થશે નહિ,
અને દેવતાઓ-દૈત્યોનાં નાનાં-નાનાં યુધ્ધો થયા કરશે,તેથી મને પણ વિનોદ મળ્યા કરશે!!
જો કે મારે માટે તો આ સૃષ્ટિ નો ઉદય અને અસ્ત-એ બંને સમાન જ છે.તો પણ -
આ જગત જૂની પધ્ધતિ મુજબ જ ભલે ચાલ્યા કરે.મારે તે પધ્ધતિ માં ફેરફાર કરવાનું પણ શું પ્રયોજન છે?

કર્તા-ભોક્તા-પણાનો આગ્રહ નહિ હોવાને લીધે,કોઈ પણ વસ્તુના નાશથી સુખ નહિ ધરતાં,અને તે વસ્તુની
સ્થિતિથી સુખ નહિ માનતાં,વ્યવહારને અનુસરતી-તે વસ્તુની ગોઠવણ કરવી-તે એક જાતની યોગ-પધ્ધતિ જ છે.
હું પાતાળ માં જઇશ,અને પ્રહલાદ ને જગાડીશ,તો પણ આગ્રહથી રહિત હોવાને લીધે-હું તો સ્થિર જ રહીશ.
કારણકે-હું કોઇ પામર મનુષ્યો ની માફક,આ સંસારની આવી લીલા કરતો નથી.

**<u>(૩૯) વિષ્ણુભગવાને પ્રહલાદને ઉપદેશ દીધો</u>**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,સર્વના આત્મા,વિષ્ણુ ભગવાન,એ પ્રમાણે વિચાર કરીને,
ક્ષીર-સાગરના પોતાના સ્થાનકમાંથી પોતાના પાર્ષદો સહિત ચાલ્યા.
ક્ષીર-સાગરના તળિયામાં રહેલો,માર્ગ,કે જેમાં મોટું છિદ્ર હોવા છતાં,પણ ઈશ્વરના સંકલ્પને લીધે,
ક્ષીર-સાગરનું જળ પાતાળમાં પેસી શકતું નથી-
તે માર્ગમાં થી વિષ્ણુ ભગવન,જાણે સ્વર્ગ-લોક હોય એવા પ્રહલાદના નગરમાં પધાર્યા.

એ સુવર્ણ-મય ઘરની અંદર સમાધિમાં સ્થિર થયેલો પ્રહલાદ,એ બ્રહ્માની જેમ શોભતો હતો.વિષ્ણુ ભગવાને તેને દીઠો.એ વખતે એ સ્થળમાં જે બીજા દૈત્યો હતા તે વિષ્ણુ ના તેજથી ત્રાસ પામીને ત્યાંથી દૂર થઇ ગયા.
વિષ્ણુ ભગવાને પોતાના પાર્ષદો અને અમુક દૈત્યો સાથે પ્રહલાદના ઘરમાં પ્રવેશ કર્યો,અને
પ્રહલાદ પાસે જઈને "હે મહાત્મા જાગ્રત થા" એમ કહીને પોતાનો પાંચજન્ય શંખ વગાડ્યો.

પ્રહલાદ ધીરે ધીરે જાગ્રત થવા લાગ્યો,બ્રહ્મ-રંધ્રમાંથી ઉઠેલી પ્રાણ-શક્તિએ પ્રહલાદ ના દેહને ભરી દીધો,
અને તે પ્રાણની શોભા પ્રગટ થતાં,તરત જ પ્રહલાદ ના શરીરમાં ચારે બાજુ પ્રાણશક્તિ વ્યાપ્ત થઇ ગઈ.
ઇન્દ્રિયો,પોત-પોતાનાં નવે ગોલકોમાં પ્રવૃત્ત થતાં,
લિંગ-શરીર-રૂપી-દર્પણમાં,પ્રતિબિમ્બિત થયેલું,પ્રહલાદનું ચૈતન્ય,દૃશ્યગામી બન્યું!!!

હે,રામ,જેમ દર્પણમાં પ્રતિબિમ્બિત થયેલું મુખ,બે-પણા ને પ્રાપ્ત થાય છે,
તેમ દૃશ્યગામી થયેલું પ્રહલાદનું ચૈતન્ય,મન-પણાને પ્રાપ્ત થયું.
અને આમ થતાં પ્રહલાદનાં નેત્રો,ધીરે ધીરે ખૂલવા માંડ્યાં.
પ્રાણ-અપાન વાયુઓએ "નાડીઓના છિદ્રો"માં ગતિ કરવા માંડતાં,પ્રહલાદના શરીરમાં ગતિ થઇ.
આ પ્રમાણે પ્રહલાદ જાગ્રત થયો એટલે વિષ્ણુ ભગવાને તેને નીચે પ્રમાણે કહ્યું.

વિષ્ણુ ભગવાન કહે છે કે-હે મહાત્મા,તારી રાજ્ય-લક્ષ્મીનું ને તારા દેહનું સ્મરણ કર.
તું સમય વિના જ આ દેહનો અંત શા માટે કરે છે ?
તું કે જે "આ ત્યાજ્ય છે અને આ ગ્રાહ્ય છે"એવા સંકલ્પોથી રહિત છે.તો,તને શરીર છતાં,પણ,
પ્રિય કે અપ્રિય પદાર્થોમાં શી આસક્તિ થવાની છે?
માટે હવે ઉઠ. આ કલ્પ પૂરો થાય ત્યાં સુધી તારે આ દેહથી જ આ જગતમાં રહેવાનું છે.
દૈવ ના યોગને -ને- યથાર્થ નિયમને,અમે સંપૂર્ણ રીતે જાણીએ છીએ.

તું -કે -જે-જીવનમુક્ત છે,તેણે તારા આ શરીર ને,આ રાજ્યમાં રહીને જ,આ કલ્પ પૂરો થાય ત્યાં સુધી,
કોઈ ઉદ્વેગ નહિ રાખતાં,વ્યવહાર માં લગાવવાનું છે.
કલ્પ-ને અંતે જયારે આ શરીર વીંખાઈ જશે,ત્યારે,
જેમ ઘટાકાશ,મહાકાશ માં મળી જાય,તેમ તારે,સ્વ-રૂપ-ભૂત-વ્યાપક-પર-બ્રહ્મ માં નિવાસ કરવાનો છે.
કલ્પ-ના અંત સુધી,રહેનારું અને જેણે આ જગતના સર્વ વ્યવહારોની પદ્ધતિ જાણેલી છે,
તેવું તારું આ શરીર,જીવનમુક્ત ના વિલાસોવાળું થયેલું છે.

હજી જગતનો પ્રલય થવાને ઘણી જ વાર છે,<u>હજી બારે સૂર્યો ઉગ્યા નથી,પર્વતો પીઘળી ગયા નથી,
અને જગત બળવા લાગ્યું નથી</u>,તે છતાં તું શરીર નો નકામો ત્યાગ શા માટે કરે છે?
હજી ત્રૈલોક્યની ભસ્મ થી ભૂરો થયેલો,ઉન્મત્ત પવન વાતો નથી,
તે છતાં તું શરીર ને વિના કારણ શા માટે ત્યજી દે છે?
હજી પ્રલય ના મેઘો ની વીજળીઓ,બ્રહ્માંડ માં ચમકવા લાગી નથી,તે છતાં શરીર ને કેમ ત્યજી દે છે?

હજી બ્રહ્માંડની ભીંતો,પૃથ્વી ના કંપથી,કડાકા કરતા પર્વતો વાળી અને બળતા અગ્નિ થી ધખધખ થઈને
તુટવા માંડી નથી-તે છતાં તું શરીર ને પ્રયોજન વિના શા માટે છોડી દે છે?

હજી જગત,વૃધ્ધિ પામેલા પ્રલય-વાળું,અને જેમાં બ્રહ્મા-વિષ્ણુ-રુદ્ર નામના ત્રણ દેવ જ અવશેષ રહ્યા હોય -
તેવું થયું નથી,તે છતાં,અમસ્થું,તું શરીર ને શા માટે છોડી દે છે?
હજી પર્વતો ને ફાડી નાખીને તેઓના ધડાકાઓ કરવનારાં,
સૂર્ય નાં કિરણો આકાશમાં ભ્રમણ કરવા લાગ્યાં નથી,તે છતાં શરીર ને તું શું કામ છોડી દે છે?

વિષ્ણુ કહે છે કે-હજુ હું પોતે,સર્વ પ્રાણીઓ થી ભરપૂર અને સૂર્ય-આદિના પ્રકાશવાળી-દશે દિશાઓમાં-
ગરુડ ઉપર બેસીને વિહાર કર્યા કરું છું,તે છતાં તું શરીર ને કેમ છોડી દે છે?
હજી અમે સઘળા વિધમાન છીએ,આ પર્વતો,આ પ્રાણીઓ,આ જગત અને આ આકાશ વિધમાન છે,
તેમ જ તું પણ સ્વસ્થ છે,માટે તું હમણાં તારા શરીર ને છોડી દે નહિ.

પ્રબળ અજ્ઞાનના યોગથી વ્યાકુળ થયેલા,જેના મનને સંસારનાં દુઃખો પીડા કરતાં હોય,
તે પુરુષ ને જ મરવું શોભે છે.
"હું દુબળો છું,અત્યંત દુઃખી છું ને મૂઢ છું" એવી અને એવી જ બીજા પ્રકારની ભાવનાઓ,
જેની મતિ ને લૂંટી લેતી હોય,તે પુરુષ ને જ મરવું શોભે છે.
જેને,મન ની ચપળ વૃત્તિ,આશાઓ-રૂપી પાશો વડે બાંધીને,આમતેમ રઝળાવ્યા કરતી હોય,તેને મરવું શોભે છે.

વિવેકને હરનારી તૃષ્ણાઓ જેના હૃદયને ભાંગી નાખતી હોય,તે પુરુષને મરવું શોભે છે.
તાડના ઝાડ જેવા ઊંચાઊંચા રાગ-દ્વેષ-આદિ-વાળા જેના મન-રૂપી-વનમાં,મનની વૃત્તિ-રૂપી લતાઓ,
સુખ-દુઃખો-રૂપી-ફળોથી ફળતી હોય,તે પુરુષનું મરવું શોભે છે.
આ દેહ-રૂપી-ઝેરી-વૃક્ષને,કામ-ક્રોધ-આદિ અનર્થ-રૂપી પ્રચંડ પવન નો વેગ,
હરણ કરી જતો હોય,તે પુરુષ નું મરવું શોભે છે.
આ દેહ-રૂપી વનને આધિ-વ્યાધિઓ-રૂપ-દાવાનળો બાળી નાખતા હોય,તે પુરુષનું મરવું શોભે છે.
જેના શરીરમાં કામ-ક્રોધ-વગેરે દુર્ગુણો ફૂંફાડા મારતા હોય તે પુરુષનું મરવું શોભે છે.

મરણ ના સ્વ-રૂપ નો વિચાર કરી જોતાં તત્વવેત્તાને -માટે-મરવું (મરણ) સંભવતું નથી.
આ દેહનો જે ત્યાગ કરવો-તે જ લોકોમાં મરણ કહેવાય છે.પણ દેહ કે જે તત્વવેત્તા ની દૃષ્ટિમાં સાચો પણ નથી
અને ખોટો પણ નથી,પરંતુ અનિર્વચનીય જ છે,
તેનો (દેહ અને તત્વવેત્તાનો) મુદ્દલ સંબંધ જ ઘટતો નથી તો-સંબંધ વિનાના દેહ નો ત્યાગ જ કેમ થાય?

જેવું આત્મજ્ઞાન થયું -તે જ સમયે,દેહનો સંબંધ ટળી જાય છે,તો પછી લોકો નો ત્યાગ કેમ કરવો?
યથાર્થ રીતે આત્મ-તત્વને જોનારા- જે જ્ઞાનીની મતિ,
આત્મ-તત્વના અનુસંધાન માંથી ખસતી ના હોય,તે પુરુષનું જ જીવન શોભે છે.
જેના મનમાં અહંકાર જ ન આવતો હોય,જેની બુધ્ધિ વિષયોથી લેપાતી ના હોય,અને જે સઘળા પદાર્થોમાં
સમતા જ રાખતો હોય,તે પુરુષ નું જીવન શોભે છે.

જે પુરુષ,રાગ-દ્વેષ થી રહિત થયેલી અને અંદર અત્યંત શીતળતા-વાળી બુધ્ધિથી-
સાક્ષી ની પેઠે જગતને જોયા કરતો હોય,તે પુરુષનું જ જીવન શોભે છે.
જેને,આત્મતત્વ ને સારી રીતે સમજી લઈને
"આ ત્યાજ્ય છે અને આ ગ્રાહ્ય છે" એવી ભેદ-બુધ્ધિને ત્યજી દઈને,
પોતાના ચિત્ત ને સાક્ષીમાં જ લગાવી દીધું હોય,તે પુરુષનું જ જીવન શોભે છે.

મલિન કલ્પના-રૂપી-વિષયો કે જેઓ રજ્જુ-સર્પ જેવા હોવા છતાં પણ સાચા લાગે છે,
તેઓમાં આસક્તિ નહિ રાખતાં,જેને પોતાના ચિત્તને,બ્રહ્મમાં જ લીન કર્યું છે-તે પુરુષનું જીવન શોભે છે.

જે પુરુષ સર્વમાં આત્મ-દૃષ્ટિ રાખી,વાસનાઓથી રહિત થઇને,લીલા-માત્રથી આ જગતનું કામકાજ કરતો હોય,
અને વ્યવહાર કરવા છતાં પણ સુખ મળવાથી રાજી ના થાય કે દુઃખ મળવાથી મનમાં કચવાય નહિ,
તે પુરુષનું જીવન શોભે છે.હે,પ્રહલાદ,જેનું નામ સાંભળવાથી,જેને જોવાથી,
અને જેનું સ્મરણ આવવાથી પણ લોકો આનંદ પામતા હોય,તે પુરુષ નું જીવન શોભે છે.

**<u>(૪૦) વિષ્ણુ ભગવાને પ્રહલાદ ને જ્ઞાની નો વ્યવહાર કહ્યો</u>**

વિષ્ણુ ભગવાન કહે છે કે-હે,પ્રહલાદ,આ જોવામાં આવતા દેહની જે સ્થિરતા છે-તેને લોકો જીવન કહે છે.
અને બીજો દેહ લેવાને માટે એક દેહનો જે ત્યાગ-છે તેને લોકો મરણ કહે છે.પરંતુ,
હે મહાબુધ્ધિમાન,તું તો જીવનથી પણ રહિત છે ને મરણથી પણ રહિત છે.
તારો દેહ સાથે સંબંધ મુદ્દલે ય નથી,માટે,તારે મરણ પણ શું છે? અને જીવન પણ શું છે? (કંઈ નથી)

આગળ મેં જે "આવા પુરુષ નું જીવવું શોભે છે અને આવા પુરુષ નું મરણ શોભે છે" એમ તને કહ્યું,
એ તો જ્ઞાનના ને અજ્ઞાનના ગુણ-દોષ જણાવવા માટે કહ્યું છે.
હે બ્રહ્મવેત્તા,તું કદી પણ જીવતો નથી અને કદી પણ,મરતો પણ નથી.
તું દેહમાં રહેવા છતાં,દેહ-દૃષ્ટિથી રહિત છે,અને દેહથી અલગ છે.
જેમ, વાયુ આકાશમાં રહેલો હોવા છતાં,પણ આકાશના સંબંધ વિનાનો હોવાને લીધે,આકાશથી અલગ જ છે,
તેમ,તું દેહ થી અલગ જ છે.

જેમ,આકાશમાં ઝાડની ઊંચાઇને (ઝાડના ઊંચા થવામાં) કોઈ રોકતું નથી,
તેમ તું,દેહાદિક ને કંઇ અડચણ કરતો નથી,તેથી દેહના કારણ-રૂપ કહેવાય છે.
દેહમાં થતા શીત-ઉષ્ણ પદાર્થો તારી સત્તાથી જ જણાય છે,માટે તું દેહમાં છે પણ ખરો,અને,
તને તથા દેહને કોઈ સંબંધ નહિ હોવાને કારણે,તું દેહમાં નથી પણ ખરો.
આત્મતત્વ જાણ્યા પછી,જેમ,સ્વપ્ન પૂરું થઇ જતાં,સ્વપ્ન-સંબંધી દેહનું રહેવું સંભવતું જ નથી,
તેમ,જ્ઞાન થયા પછી,જ્ઞાનીઓની દૃષ્ટિએ,દેહ મિથ્યા જ થઇ જાય છે,માટે જ્ઞાનીઓ ને દેહ છે જ ક્યાં?

આ તારું જે દેશ-કાળ-આદિથી માનવામાં આવેલું જે શરીર છે,તે અજ્ઞાનીઓની દૃષ્ટિ થી છે,જ્ઞાનીઓની નહિ.
જેની બુધ્ધિ બ્રહ્માકાર થઇ ગઈ છે,એવો તું સર્વદા સર્વ-રૂપ છે,અને પ્રકાશ-રૂપ ચૈતન્ય જ છે,
માટે કયો પદાર્થ તારા દેહ-રૂપ છે કે કયો પદાર્થ તારા દેહરૂપ નથી,કે જેને તું ગ્રહણ કરે કે ત્યજી દે?
સર્વ પદાર્થો તારા દેહરૂપ છે,અને કોઈ પણ પદાર્થ તારા દેહરૂપ નથી પણ,
માટે કોઈનો સ્વીકાર કે કોઇનો ત્યાગ,તારાથી થઇ શકે તેમ નથી જ.

મલયાચલ કે પ્રલયકાળ નો પવન વાય,તો પણ આત્મા કે જે પ્રિય-અપ્રિય થી રહિત છે,
તેને,તેઓથી શું,સુખ-દુઃખ પ્રાપ્ત થાય તેમ છે?
એટલે કે જ્ઞાની ગમે તેવા સંજોગોમાં પોતાના સ્વ-રૂપ માં જ રહે છે.
સઘળા પદાર્થો વિધમાન હોય કે નષ્ટ થઇ જાય,તો તેથી જ્ઞાનીઓને તેથી શું થઇ જાય તેમ છે? (કશું નહિ)
કેમ કે જ્ઞાની તો સર્વદા પોતાના આત્મ-સ્વ-રૂપ માં જ રહેતો હોય છે.

આ દેહ નાશ પામે છે પણ આત્મા નો નાશ પામતો નથી.
આ દેહ વૃધ્ધિ પામે તો પણ આત્મા વૃધ્ધિ પામતો નથી,અને આ દેહની ગતિ થતાં આત્મા ગતિ કરતો નથી.

"હું દેહનો છું અને દેહ મારો છે" એવા પ્રકારના ચિત્તનો ભ્રમ નષ્ટ થઇ ગયા પછી,
"હું ત્યાગ કરું છું અને હું ત્યાગ કરતો નથી" એવી ખોટી કલ્પના કેવી રીતે ઉદય પામે?

હે,પ્રહલાદ, "હું આ કામ કરીને આ કામ કરીશ,કે-આ વસ્તુને ત્યજી દઈને આ વસ્તુને ત્યજીશ"
એવી રીતના સંકલ્પો તત્વવેત્તાને હોતા જ નથી.
અકર્તા-પણાને પામેલા તત્વજ્ઞાનીઓ સઘળું કરતા હોય-તો પણ કશું કરતા નથી.
તત્વજ્ઞાનીઓને "હું અકર્તા છું" એવો દ્રઢ નિશ્ચય હોય છે,તેથી તેઓને કર્તાપણાનો સંબંધ હોતો નથી.

વિષ્ણુ કહે છે કે-અકર્તા-પણું પ્રાપ્ત થયું એટલે,અભોકતાપણું પણ પોતાની મેળે જ પ્રાપ્ત થયું સમજવું,
કેમકે -આ સઘળા ત્રૈલોક્યમાં વાવ્યા વિના કોણે લણ્યું છે?
કર્તા-પણું અને અભોકતા-પણું -શાંત થઇ જતાં શાંતિ જ અવશેષ રહે છે.
અને તે શાંતિ પ્રૌઢ-પણું પામે-ત્યારે વિદ્વાન લોકો તેને જ મુક્તિ કહે છે.

સ્વ-રૂપ પ્રગટ થવાથી,સર્વમાં વ્યાપીને રહેલા ચૈતન્યમય અને શુધ્ધ તત્વવેત્તાઓ,
નહિ પ્રાપ્ત થયેલા કયા પદાર્થ નું ગ્રહણ કરે? અને કયા પ્રાપ્ત થયેલા પદાર્થ ને ત્યજી દે?
"આ વસ્તુ ગ્રાહ્ય છે કે આ વસ્તુ ત્યાજ્ય છે" એવા પ્રકારનો આગ્રહ દુર થતા,સારી પેઠે શાંતિ ઉદય પામે છે,
અને,સ્થિરતા ને પ્રાપ્ત થયેલી,તે શાંતિ જ "મોક્ષ" એ નામથી કહેવામાં આવે છે.

સર્વદા એવી શાંતિમાં રહેલા તારા જેવા શાંત ,જીવનમુક્ત પુરુષો,
શરીર આદિ સઘળા દ્વૈત ની આસક્તિથી રહિત થઇને વ્યવહાર કરે છે.
હે,પ્રહલાદ,તારી સઘળી વાસનાઓ પરમાત્માના જ્ઞાનથી શાંત થઇ છે,માટે તું સ્વરૂપમાં જ રહેલી બુધ્ધિથી,
"જાગ્રતની અને સુષુપ્તિની સંધિમાં રહેલા" ની જેમ,આ જગતની સ્થિતિ ને જોયા કર.

જેઓનું ચિત્ત આત્મામાં જ રહેલું હોય છે.અને આત્મામાં જ તૃપ્તિ પામેલા છે,
તે પુરુષો,અવિચારથી રમણીય લાગતા,અનાત્મ પદાર્થો માં રુચિ કરતા નથી,
અને દુઃખો-(કે જે કદી આત્મા ને સ્પર્શ કરતા નથી) થી ઉદ્વેગ પામતા નથી.
જેમ,દર્પણ,આવી પડેલાં પ્રતિબિંબોને,કોઈ જાતની સ્પૃહા વિના જ સ્વીકારી લે છે,
તેમ,જીવનમુક્ત પુરુષો આવી પડેલાં વ્યવહાર સંબંધી કાર્યોને "આસક્તિ" વિના જ સ્વીકારી લે છે.

સ્વસ્થ રહીને પોતાની સ્વરૂપની સ્થિતિમાં જાગનારા અને સંસારની સ્થિતિમાં સૂતેલા,જ્ઞાની પુરુષો-
જેમ,ભર-ઊંઘમાં સૂતેલાં બાળકો હાથ પગ હલાવે છે,તેમ સંસાર સંબંધી ક્રિયાઓ કરે છે.
હે,મહાત્મા,પ્રહલાદ,પોતાની અંદર પરમાત્માના પદને પામેલો,તું બ્રહ્માનો આ એક દિવસ (કલ્પ) પૂરો
થતાં સુધી,અહી જ ગુણોવાળી રાજ્યલક્ષ્મીને ભોગવીને પછી અખંડ તત્વ ને પ્રાપ્ત કર.

## (૪૧) પ્રહલાદે વિષ્ણુ ની આજ્ઞા સ્વીકારી અને વિષ્ણુએ પ્રહલાદનો અભિષેક કર્યો

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,સૃષ્ટિ ના સમયમાં ત્રૈલોક્ય-રૂપી અદભુત પદાર્થ ને બનાવનારા અને
જગતો-રૂપી-રત્નો ના નિવાસસ્થાન-રૂપ,વિષ્ણુએ શીતળ વાણીથી જયારે પ્રહલાદને આવી આજ્ઞા કરી,
ત્યારે પ્રહલાદે,વિષ્ણુ નો સઘળો અભિપ્રાય મનમાં સમજી (જાણી) લઈને આનંદથી નીચેનું વચન કહ્યું.

પ્રહલાદ કહે છે કે-હે,દેવ,રાજ્ય-સંબંધી,હિત-અહિતોના વિચારથી અને સેંકડો કાર્યો થી થાકી ગયેલો હું,
ક્ષણમાત્ર શાંતિ પામ્યો હતો.આપની કૃપાથી મને સારી રીતે સ્વ-રૂપમાં સ્થિતિ પ્રાપ્ત થઇ છે.
હું,"મારા-સ્વ-રૂપે" સમાધિ અને અસમાધિ-એ બંનેમાં સર્વદા સમાન છું.

હે,મોટા દેવ,આપને મેં અખંડાકાર-વૃત્તિ થી હૃદયકાશની અંદર,ઘણીવાર સુધી જોયા છે.
અને તે ઉપરાંત,આજે,આપે,મારા ઉત્તમ ભાગ્યને લીધે,પાછું આ બહાર (રૂબરૂ) પણ દર્શન દીધું.

હે,પ્રભુ,જેમ,આકાશ નિર્મળ આકાશમાં જ રહે,તેમ,સઘળા સંકલ્પો થી રહિત અને અંત વિનાની બ્રહ્મ-દૃષ્ટિ માં હું રહ્યો હતો.હું કોઈ શોકથી,મોહથી,વૈરાગ્યના ચિંતવનથી ,દેહ ત્યાગ કરવાની ઇચ્છાથી કે સંસારના ભયથી, સમાધિમાં રહ્યો હતો એમ નથી,પણ હું તો કેવળ પોતાની મેળે ઉઠેલા નિર્મળ વિચારથી જ તે વિસ્તીર્ણ પવિત્ર પદમાં રહ્યો હતો.એ નિર્મળ પદ એક જ છે,માટે તેમાં શોક પણ ક્યાંથી હોય? હાનિ પણ ક્યાંથી હોય?
દેહ પણ ક્યાંથી હોય ? કે સંસાર પણ ક્યાંથી હોય? ભય પણ ક્યાંથી હોય? અને
ભય જ નહિ હોવાને લીધે ભયથી રક્ષણ પણ ક્યાંથી હોય?

પ્રહલાદ કહે છે-કે-એ નિર્મળ પદમાં મારી સ્થિતિ થઇ હતી,એ પણ કહેવા માત્ર જ છે,કારણકે તેનાથી હું ભિન્ન જ નથી.હે.પ્રભુ,"હાય ! હું આ સંસારની ખટપટ થી કાયર થઇ ગયો છું,માટે સંસારનો ત્યાગ કરું છું"
એવી ચિંતા,કે જે હર્ષ-શોક-ભય-આદિ વિકારોને આપનારી છે તે તો અજ્ઞાનીઓને જ થવી સંભવે.
વળી -"દેહના હોવાથી જ દુઃખ છે"એવી ચિંતા-રૂપી-ઝેરી-નાગણ,પણ તેવા મૂર્ખને જ કરડે.

"આ સુખ છે,આ દુઃખ છે,આ વસ્તુ મારી પાસે છે અને આ વસ્તુ મારી પાસે નથી" એવી રીતે હિલોળા ખાતું,
ચિત્ત મૂઢ મનુષ્યો ને જ દુઃખી કરે છે,પણ પંડિતો (જ્ઞાની) ને દુઃખી કરતુ નથી.
જેઓએ તત્વજ્ઞાનને દુર જ રાખેલું હોય છે,એવા મૂઢ પ્રાણીઓને જ "હું જુદો છું અને એ જુદો છે"
એવી વાસના રહ્યા કરે છે."આ ત્યાજ્ય છે અને આ ગ્રાહ્ય છે"એવી રીતની મિથ્યા મનની ભ્રાંતિ,
જેમ મુરખને ઘેલો કરી દે છે,તેમ જ્ઞાની ને,તે (ભ્રાંતિ) કદી ઘેલો કરી શકે નહિ.

હે,પ્રભુ,સર્વ જગતમાં તમે જ બ્રહ્મ-રૂપે વ્યાપક છો,માટે આ જગતમાં દ્વૈત ની કલ્પના ઘટે જ કેમ?
આ સઘળું જગત,રજ્જુ-સર્પ -આદિ ની જેમ,અનિર્વચનીય જ ઉઠેલુ છે,માટે તેમાં ત્યાજ્ય શું કે ગ્રાહ્ય શું?
હું તો કેવળ,મારા સ્વ-ભાવથી જ દ્રષ્ટા-અને દૃશ્ય નો વિચાર કરતાં કરતાં,
ક્ષણમાત્ર,પોતાથી,પોતાના જ,સ્વ-રૂપમાં શાંત થયો હતો.

હું એ શાંતિના સમયમાં.પ્રિય-અપ્રિય,ત્યાજ્ય-ગ્રાહ્ય થી રહિત હતો,અને હાલ પણ તેઓથી રહિત જ છું.
હે,દેવ, જે મારું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું હતું,અને હવે હું સંપૂર્ણ રીતે મારા પોતાના જ સ્વ-ભાવને
પ્રાપ્ત થયો છું.તો પણ આપને,જે ગમતું હોય તે કરવા હું તૈયાર છું.
પણ,હવે,આપ,સાક્ષાત વિષ્ણુ,ત્રૈલોક્ય માં પૂજ્ય છો,એટલા માટે મારી પાસેથી પ્રથમ,
શાસ્ત્ર ના નિયમ પ્રમાણે,પ્રાપ્ત થયેલી પૂજા આપે સ્વીકારવી જોઈએ.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, દાનવોના રાજા,પ્રહલાદે આવાં વચનો કહીને,અર્ધ્ય-પાત્ર ઊંચું કરીને,
વિષ્ણુ નું,વિષ્ણુ ના આયુધોનું,અને વિષ્ણુમાં રહેલા ત્રૈલોક્ય નું પૂજન કર્યું.

વિષ્ણુ ભગવાન કહે છે કે-હે,દાનવો ના રાજા,ઉઠ,સિંહાસન પર બેસ.હું,પ્રથમ મારા હાથથી તારો રાજ્યાભિષેક કરું છું,અને તેમ કર્યા પછી મારા પાંચ-જન્ય-શંખ નો નાદ કરીશ,એટલે તે નાદ સંભળાયા પછી,
સિધ્ધ લોકો-દેવતાઓ-વગેરે જે અહી આવ્યા છે-તેઓ પણ તારો મંગલાભિષેક કરશે.

વસિષ્ઠ કહે છે કે-વિષ્ણુએ આમ કહીને પ્રહલાદ ને સિંહાસન પર બેસાડ્યો,અને તેનો રાજ્યાભિષેક કર્યો.
ત્યાર પછી સિધ્ધ લોકો અને દેવતાઓ એ પણ મંગલાભિષેક કર્યો.
અભિષેકની વિધિ પતી ગયા પછી,વિષ્ણુ એ પ્રહલાદ ને નીચે પ્રમાણે કહ્યું.

વિષ્ણુ ભગવાન કહે છે કે-હે,નિર્દોષ પ્રહલાદ,જ્યાં સુધી પૃથ્વી રહે,સૂર્ય-ચંદ્રના મંડળો રહે ત્યાં સુધી-
તું અખંડિત-પણે રાજ્ય કર.રાગ-ભય-ક્રોધ ને ત્યજી દઈને,અને સમ-બુધ્ધિ થી,ઇષ્ટ કે અનિષ્ટ-એવા,
કોઈ પણ જાતના ફળોમાં આસક્તિ નહિ રાખતાં,તું રાજ્ય નું પાલન કર.

તેં,બ્રહ્માનંદનું સુખ જોએલુ છે-તેમ છતાં,વૈભવોથી ભરપુર આ રાજ્યમાં,કોઈ પણ જાતની અરુચિ કરવી નહિ,
અને સ્વર્ગલોક કે મનુષ્યલોક માં કોઈ પણ જાતની ખટપટ ઉઠે તેમ કરવું નહિ.
અપરાધીઓનો નિગ્રહ અને સુજનો નો સંગ્રહ-વગેરે રાજ્ય-સંબંધી-જે વિચારો પ્રાપ્ત થાય,તેમાં,
દેશ-કાળ અને ક્રિયાઓ ને અનુસરીને વધ-બંધ-દંડ -આદિ કાર્યો કરજે
અને મનમાં રાગ-દ્વેષ ની વિષમતા નહિ રાખતાં,સમતા થી રહેજે.

વિષ્ણુ કહે છે કે-આત્મા ને દેહાદિ થી ન્યારો સમજી,અહંતા-મમતા ને ત્યજી દઈને,અને લાભ-હાનિમાં
સમાન દૃષ્ટિ રાખીને,તું વ્યવહાર સંબંધી કર્યો કરીશ,તો તેઓથી લેપાઇશ નહિ.
તેં સંસારની સઘળી પધ્ધતિઓ જોયેલી છે,અને પરમ-પદનો પણ અનુભવ કર્યો છે,
માટે જે જાણવાનું છે તે તું જાણી ચૂક્યો છે,તો હવે તને બીજો શું ઉપદેશ કરવો?

રાગ-ભય-ક્રોધથી રહિત થયેલો તું રાજ્ય કરીશ,એટલે હવે દૈત્યોને દેવો પર દ્વેષ-રૂપી ગાંઠ રહેશે નહિ,
અને તેવી જ રીતે દેવોને દૈત્યો પર દ્વેષ-રૂપી ગાંઠ રહેશે નહિ.
આજથી માંડીને દૈત્યોની અને દેવતાઓની વચ્ચે લડાઈઓ નહિ થવાને લીધે,સઘળું જગત,સ્વસ્થ થઈને રહેશે.

## <u>(૪૨) સમાધિમાં રહેલા જીવનું જાગ્રત થવાનું કારણ</u>

વસિષ્ઠ કહે છે કે-વિષ્ણુ ભગવાન ઉપર મુજબ કહીને ત્યાંથી પધારી ગયા,ત્યારે પ્રહલાદ તથા બીજા લોકોએ
પુષ્પો વડે તેમને વધાવ્યા.ત્યાર બાદ વિષ્ણુ ભગવાન,ક્ષીર-સાગરમાં આવી અને શેષનાગના શરીર-રૂપી આસન
પર બિરાજ્યા અને શાંત-પણાથી રહ્યા,દેવતાઓ સાથે શાંત થઈને ઇન્દ્ર,સ્વર્ગમાં રહ્યો,
અને દાનવોનો રાજા પ્રહલાદ,પાતાળ-લોકમાં શાંતિ થી રહ્યો.

હે,રામ,સઘળા મળોનો (અજ્ઞાનનો) નાશ કરતી અને ચંદ્રથી ઝરતા અમૃત ના જેવી શીતળતાવાળી,
પ્રહલાદ ને જે જ્ઞાન પ્રાપ્ત થયું -તે વિશેની કથા મેં કહી સંભળાવી.
જે મનુષ્યો,પોતાની બુધ્ધિથી આ કથાનો વિચાર કરશે-તે થોડા જ કાળમાં પરમ-પદ ને પામશે.
કારણકે-સામાન્ય રીતે શુભ વિચાર કરવાથી પણ જો પાપ નો નાશ થાય છે-તો-
બ્રહ્મ-વિધા સંબંધી વચનનો વિચાર કરવાથી પરમ-પદ ની પ્રાપ્તિ થયા વિના કેમ રહે?

<u>જે અજ્ઞાન છે તે જ મોટું પાપ કહેવાય છે,અને તે "વિચાર"થી જ નષ્ટ થાય તેવું છે. એટલા માટે,
અજ્ઞાન-રૂપી પાપના મૂળને કાપી નાખતા "વિચાર"ને કદી ત્યજવો નહિ.</u>

રામ કહે છે કે-હે,પ્રભુ,પરમપદમાં પરિણામ પામેલું (બ્રહ્માકાર થયેલું) મહાત્મા પ્રહલાદ નું મન,
વિષ્ણુએ કરેલા શંખ-નાદ થી કેમ જાગ્રત થયું? મનનો જો લય થઇ ગયો હોય તો,
શબ્દ નું (શંખ-નાદનું) શ્રવણ થવાનો સંભવ જ નથી!!
વસિષ્ઠ કહે છે કે-હે,રામ,જગતમાં જ્ઞાનીઓની મુક્તિ બે પ્રકારની થાય છે-સદેહ મુક્તિ અને વિદેહ મુક્તિ.
તેના લક્ષણો હું કહું છું તે તમે સાંભળો.

આસક્તિથી રહિત થયેલી બુધ્ધિ-વાળા,જે પુરુષને કર્મો ના ત્યાગમાં કે ગ્રહણમાં ઈચ્છા જ ન હોય-
તે પુરુષની મુક્તિ સદેહ-મુક્તિ (જીવનમુક્તિ) કહેવાય છે.જયારે,

ભોગથી પ્રારબ્ધ કર્મ નો ક્ષય થતા,જીવનમુક્ત પુરુષનું શરીર પડી જઈને પુનર્જન્મ થી રહિત જે -
બ્રહ્મ-પદને પ્રાપ્ત થાય છે તે-વિદેહમુક્ત કહેવાય છે.
આવા વિદેહમુક્તિને પ્રાપ્ત થયેલા પુરુષો બહુ હોતા નથી,એટલે જલ્દી કોઈના જોવામાં આવતા નથી,

જીવનમુક્ત પુરુષો ના હૃદયમાં પુનર્જન્મના અંકુર થી રહિત અને શેકેલા બીજ જેવી "શુધ્ધ વાસના" રહે છે.
જેમ "સુષુપ્તિ"ને પ્રાપ્ત થયેલા,પુરુષના હૃદયમાં "સૂક્ષ્મ-વાસના" રહે છે,
તેમ,જીવનમુક્તના હૃદયમાં,પવિત્ર-ઉદાર અને શુધ્ધ સત્વ-ગુણને અનુસરનારી,
આત્મા ના અનુસંધાન-મય વાસના રહે છે.

હે,રામ,પ્રારબ્ધ-કર્મ ભોગવવાનાં બાકી હોય તો,જીવનમુક્ત પુરુષો,પોતાની અંદર રહેલી "શુધ્ધ વાસના" ને લીધે,
હજાર વર્ષો ના અંતે, પણ સમાધિમાંથી જાગ્રત થાય છે.
અને એટલે આ આ રીતે પ્રહલાદ,પોતાની અંદર રહેલી શુધ્ધ-સાત્વિક વાસનાને લીધે વિષ્ણુ ના શંખ-નાદથી
જાગ્રત થયો હતો.જો કે-શ્રવણ-ઇન્દ્રિય (કાન) લીન થવાને લીધે,શંખના શબ્દ નું ગ્રહણ થવાનો સંભવ નહોતો,
તો પણ,વિષ્ણુ ના સંકલ્પ ને લીધે,તે પ્રમાણે થયું હતું.

વિષ્ણુ ભગવાન પોતે સત્ય-સંકલ્પ છે, માટે,તે જેમ ધારે તે પ્રમાણે -પ્રાણીઓ માટે તરત જ થાય છે.
(આગળ આવી ગયું તેમ) એમનો સંકલ્પ જ સર્વ જગતના કારણ-રૂપ છે.
વિષ્ણુ એ જયારે "પ્રહલાદ સમાધિમાંથી જાગ્રત થાઓ" એમ જયારે સંકલ્પ કર્યો-
ત્યારે પળવારમાં જ પ્રહલાદની શુધ્ધ વાસના જાગ્રત થઇ અને ઇન્દ્રિય-આદિની સગવડ થઇ ગઈ.

<u>શુધ્ધ આત્માએ જ -"માયા"થી અને "જીવોના અદ્રષ્ટો-રૂપ નિમિત્ત" થી-</u>
<u>પોતામાં જ -જગતની વૃધ્ધિ (અને પાલન) ને માટે-"વિષ્ણુ" નામના શરીરનું (દેવ-રૂપે) ગ્રહણ કર્યું.</u>
<u>અને એટલા માટે જ આત્મા નું અવલોકન કરવાથી,તરત જ વિષ્ણુ નું દર્શન થાય છે.(આત્મા જ વિષ્ણુ છે)</u>
<u>અને વિષ્ણુ નું આરાધન કરવાથી,તરત જ આત્મા નું અવલોકન થાય છે.(વિષ્ણુ એ આત્મા જ છે)</u>

હે,રામ,તમે <u>આ "વિચાર" ને જ દ્રઢ રાખીને આત્મા ના અવલોકનનો યત્ન કરો.</u>
આ વિચાર કરવાથી તમને તરત જ અવિનાશી પદની પ્રાપ્તિ થશે.
જેમાં,"દુઃખો-રૂપી જળ"ની ધારાઓ નિરંતર પડ્યા કરે છે,એવી "સંસાર-રૂપી-લાંબી-વર્ષાઋતુ"માં,
"વિચાર-રૂપી-સૂર્ય" ને નહિ જોનારા લોકોને,તેમનું,અવિચારી-પણું, અત્યંત જડ (મૂર્ખ કે માંદા) કરી નાખે છે.

જેમ,ડાકણ,મંત્ર જાણનારને નડતર કરી શકતી નથી,તેમ,દેખવામાં આવતી આ પ્રબળ માયા (અવિદ્યા)
સર્વ ના આત્મા-રૂપી વિષ્ણુની કૃપા થી ધીર થયેલા પુરુષો ને નડતર કરી શકતી નથી.
જેમ,અગ્નિ ની જવાળા,વાયુના મંડળ ને લીધે જ ઘાટી થાય છે અને વાયુના મંડળને લીધે જ પાતળી થાય છે,
તેમ,"સંસાર-જાળ ની રચના-રૂપી-માયા" -એ-
સર્વના આત્મા-રૂપી-વિષ્ણુ ની ઇચ્છાથી જ ઘાટી થાય છે-કે-પાતળી થાય છે.

## <u>(૪૩) જ્ઞાન મેળવવામાં પુરુષાર્થ જ મુખ્ય છે</u>

રામ કહે છે કે-હે,મહારાજ,આપની વાણી થી મને આનંદ થાય છે,અને શ્રવણ ને માટે કાનમાં ગયેલાં,
આપનાં પવિત્ર અને કોમળ વચનો,ગ્રહણ થવાથી સુખ મળે છે.
આપ પહેલાં પણ કહી ગયા છો કે-સર્વત્ર,પોતાના પુરુષાર્થથી જ જ્ઞાન ની પ્રાપ્તિ થાય છે-
અને જો એ પ્રમાણે જ હોય તો-વિષ્ણુએ "તને વિચાર પ્રાપ્ત થાઓ"
એવો વર (વરદાન) આપ્યા વિના, પ્રહલાદને જ્ઞાન કેમ પ્રાપ્ત ના થયું?

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,મહાત્મા,પ્રહલાદે જે જે કંઇ મેળવ્યું તે પોતાના પુરુષાર્થથી જ મેળવ્યું હતું,
બીજ કશા થી મેળવ્યું નહોતું.જેમ,તલની અંદર રહેલું તેલ અને તલમાંથી બહાર કાઢેલું તેલ જુદું નથી,
તેમ,આત્મા અને વિષ્ણુ જુદા નથી.
જેમ,સુગંધ જ પુષ્પો ના સાર-રૂપ છે-તેમ,વિષ્ણુ જ સઘળા જીવોના સાર-રૂપ છે.
ઉપાધિઓ (માયાનો) ત્યાગ કરીને જોતાં,જે વિષ્ણુ છે તે જ આત્મા છે.અને જે આત્મા છે તે જ વિષ્ણુ છે.
જેમ,વૃક્ષ અને ઝાડ -એ પર્યાય શબ્દો છે તેમ,વિષ્ણુ અને આત્મા એ બે શબ્દો પરસ્પરના પર્યાય શબ્દો છે.

વસિષ્ઠ કહે છે કે-પ્રહલાદને પ્રહલાદ ના આત્માએ,પોતે-પોતાની મેળે જ-
પોતાની ઉત્તમ "શક્તિ"થી વિષ્ણુ ની "ભક્તિ"માં જોડ્યો હતો.
પ્રહલાદે વિષ્ણુ-રૂપ પોતાના આત્માની પ્રેરણા થી જ પોતાના મનને પોતાની મેળે,
"વિચાર"માં જોડીને,પોતાનું સ્વ-રૂપ (જ્ઞાન) જાણ્યું હતું.

જેમની પાસેથી વરદાન મેળવ્યું તે વિષ્ણુ,પ્રહલાદના આત્મા થી જુદા ન હતા.
આત્મા-કોઈ સમયે,પોતાના પ્રયત્ન થી કરેલા વિચારના બળથી (શક્તિ થી) પોતાના સ્વ-રૂપ ને જાણે છે-
અને -કોઈ સમયે,ભક્તિ-રૂપ (શક્તિથી) પ્રયત્નથી વિષ્ણુ-રૂપ દેહને મેળવીને-
તે દ્વારા-પોતાના સ્વરૂપને જાણે છે.
વિષ્ણુ ને લાંબા કાળ સુધી આરાધવામાં આવ્યા હોય (એટલે કે-ભક્તિ કરી હોય) અને તે બહુ પ્રસન્ન થયા હોય,
તો પણ "વિચાર" વિનાના પુરુષને તે "જ્ઞાન" આપી શકતા નથી.
(નોંધ-અહી આગળ આવી ગયેલી કથા મુજબ,બલિરાજા વિચારથી જ્ઞાનને પ્રાપ્ત થયો હતો,ત્યારે ,અહી,
પ્રહલાદ,ભક્તિ અને વિચાર થી જ્ઞાનને પ્રાપ્ત થયો છે-તેમ બતાવવામાં આવ્યું છે)

હે,રામ,પોતાના પુરુષ-પ્રયત્ન થી ઉત્પન્ન થયેલો "વિચાર" આત્માના અવલોકનમાં મુખ્ય ઉપાય-રૂપ છે,
અને જે,વરદાન આદિ છે તે,આત્માના અવલોકનમાં ગૌણ-ઉપાય-રૂપ છે.
એટલા માટે તમે, મુખ્ય ઉપાય (વિચાર) કરવામાં જ તત્પર રહો.
આમ,આત્મા ના અવલોકન માં વિચાર -એ જ મુખ્ય ઉપાય છે,એટલા માટે,
પ્રથમ બળાત્કારથી સઘળી ઇન્દ્રિયો નો નિગ્રહ કરીને,
સર્વ પ્રકારના યત્નથી અભ્યાસમાં લાગીને,ચિત્ત(મન) ને "વિચાર-વાળું" કરો.

જે કોઇ પુરુષ,જે કોઇ સ્થળમાં,જે જે કંઇ મેળવે છે,તે સઘળું તે પુરુષને પોતાના પ્રયત્નથી થયેલા શુભ
આચરણથી જ મળે છે,બીજે ક્યાંય,બીજું કશું- બીજા કશાથી મળે તેમ નથી.
પુરુષના યત્ન વિના જ,જો વિષ્ણુ તેનો ઉદ્ધાર કરતા હોય તો-
એ વિષ્ણુ બીજા પ્રાણીઓ નો (પશુઓ-વગેરેનો) શા માટે ઉદ્ધાર કરતા નથી?
પરમ પુરુષાર્થ-રૂપી આત્મજ્ઞાન કંઇ,વિષ્ણુથી,ગુરૂથી કે ધનથી મળતું નથી.
જે કંઇ આત્મજ્ઞાન મળે છે તે-પોતાના યત્ન વડે પોતાના મનને દબાવવાથી જ મળે છે.
એટલે કે,જે આત્મજ્ઞાન છે તે-પોતાના આત્માથી જ મળે છે તેમ સમજો.

તમે પોતાનું જ આરાધન કરો,પોતાનું જ પૂજન કરો,અને પોતાથી પોતાનું જ અવલોકન કરી અને
પોતાનામાં જ રહો.વેદાંત.અને શાસ્ત્રો વગેરેમાં- ઇન્દ્રિય-નિગ્રહ -વગેરે પ્રયત્નકરવાના તથા
વિચારોથી દૂર નાસનારા લોકો ને સારા માર્ગે લઇ જવા જ વિષ્ણુ ની ભક્તિ "કલ્પેલી" છે.
અભ્યાસ કરવો અને યત્ન કર્યા કરવો,એ જ આત્માના અવલોકન નો મુખ્ય ઉપાય કહેવામાં આવે છે.
અને જો આ મુખ્ય ઉપાય ના બની શકે તો જ વિષ્ણુ (કે ઇષ્ટ-દેવ) ના પૂજન-રૂપ (ગૌણ) ઉપાય પકડવો.

જો ઇન્દ્રિયો નો નિગ્રહ થઇ ગયો હોય તો,તો પછી પૂજનથી વળી કયું ફળ મળવાનું છે?
અને જો,ઇન્દ્રિયો નો નિગ્રહ ના થાય તો પણ,માત્ર પૂજનથી -પણ,કયું ફળ મળવાનું છે? (કશું જ નહિ)
વિચાર અને ઉપશમ વિના પૂર્ણાનંદ આત્મા પ્રાપ્ત થતો નથી. અને
જેને વિચાર કે ઉપશમ ના હોય,તેનું ઇશ્વરથી પણ હિત કરી શકાતું નથી.

હે,રામ, તમે,વિચાર તથા ઉપશમથી યુક્ત રહીને પોતાન ચિત્તનું જ આરાધન કરો.
જો ચિત્ત નિર્મળ થયું હોય તો-તમે નિર્મળ દશા-વાળા છો,અને
જો ચિત્ત નિર્મળ ના થયું હોય તો,તમે જંગલી પશુ જેવી દશા-વાળા છો.
જેમ,વિષ્ણુ-આદિ,દેવતાઓ ની નમ્રતાપૂર્વક પ્રાર્થના કરવામાં આવે છે તેવી,પોતાના ચિત્તની જ નમ્રતાપૂર્વક પ્રાર્થના શા માટે કરવામાં આવતી નથી?સર્વ લોકો ની અંદર રહેલો જે આત્મા છે તે જ વિષ્ણુ છે,માટે તેને છોડી દઈને જેઓ બહારના વિષ્ણુ માટે દોડે છે-તેઓ અધમ મનુષ્યો જ કહેવાય છે.

હૃદય-ગુફામાં રહેનાર જે  ચૈતન્ય-તત્વ છે તે જ,વિષ્ણુ નું અનાદિ-સિદ્ધ મુખ્ય સ્વ-રૂપ છે.અને,
હાથમાં શંખ-ચક્ર-ગદાને ધારણ કરનાર જે આકાર છે,તે તો વિષ્ણુ નું ગૌણ (માયાના ગુણો થી કલ્પાયેલું) સ્વ-રૂપ છે.જે પુરુષો (વિચાર-ઉપશમ વગેરે) મુખ્યનો ત્યાગ કરીને ગૌણને અનુસરે છે,
તે પુરુષ,અમૃત નો ત્યાગ કરીને દાળ રાંધવા બેસે છે,એમ સમજવું.

હે,રામ,પ્રમત્ત (ભ્રમિત) ચિત્ત-વાળો,આત્મવિવેક ને પ્રાપ્ત નહિ થયેલો,અને મુર્ખ ચિત્તથી વશ થયેલો-
જે પુરુષ,આત્મ-તત્વના ચમત્કારમાં સ્થિતિ નહિ પામતાં-માત્ર- વિષ્ણુ (કે ઇષ્ટદેવતા) નું જ પૂજન કર્યા કરે છે-
તેનું ચિત્ત "વૈરાગ્યને આપનારા-પૂજન-રૂપ-તીવ્ર-તપ"થી કોઈ લાંબા કાળે નિર્મળ થાય છે.
જેમ, નાનો આંબો-ધીરે ધીરે મોટા આંબા-પણાને પ્રાપ્ત થાય (ત્યારે ફળ આવે) છે.
તેમ,પૂજન ને માર્ગે ચડેલું ચિત્ત ધીરે ધીરે નિર્મળ-પણાને (લાંબે કાળે) પ્રાપ્ત થાય છે.પણ,
બ્રહ્મ-વિધ્યા ના નિરંતર અભ્યાસથી અને વિવેકથી તો ચિત્ત તરત જ નિર્મળ થાય છે.

હે,રામ,વિષ્ણુનું પૂજન કરવા-રૂપી નિમિત્તથી,જે ફળ શાસ્ત્રોમાં કહ્યું છે,તે ફળ પણ બીજા કશાથી (કે કોઇથી) નહિ,પણ પોતાના સંકલ્પ થી જ મળે છે.ભક્ત ને અપાર તેજ-વાળા વિષ્ણુ પાસથી જે વરદાન મળે છે,
તે વરદાન પણ પોતાના "પૂજનના અભ્યાસ-રૂપ-ઝાડ"નું જ ફળ મળે છે-એમ સમજવું.
જેમ,પૃથ્વી જ ધાન્યોની શોભાઓનું ઉત્પત્તિ-સ્થાન છે,તેમ,પોતાના મન નો નિગ્રહ જ-
લાંબા કાળ સુધી ભોગવવામાં આવે તેવી સંપત્તિઓનું
તથા બીજી પણ સઘળી ઉત્તમ સ્થિતિઓનું ઉત્પત્તિસ્થાન છે.

જે,પુરુષ સઘળી પૃથ્વીને ખોદી નાખવાનો મનોરથ સેવતો હોય,કે પર્વત ને ઉથલાવી નાખવા તૈયાર થયો હોય,
તેને પણ તે કાર્યો સિદ્ધ કરવા માટે પોતાના મનનો નિગ્રહ કર્યા સિવાયનો બીજો કોઇ ઉપાય નથી.
એટલે કે-મન ની એકાગ્રતા વિના મોટાં કાર્યો કદી સિદ્ધ થાય નહિ.
જ્યાં સુધી મન-રૂપી-છકેલો-મહાસાગર શાંત થાય નહિ,
ત્યાં સુધી,જગતમાં માણસો હજારો યોનિઓમાં ભમ્યા કરે છે.

બ્રહ્મા-વિષ્ણુ-રુદ્ર-ઇન્દ્ર-વગેરે દેવતાઓ લાંબા કાળ સુધી,પૂજન-વગેરે થી આરાધવામાં આવે,તોપણ,
અને,જો કે તેઓ (દેવો) બહુ દયા-વાળા છે -છતાં પણ,મનના રોગ-રૂપી-મોટા ઉપદ્રવમાંથી બચાવી શકતા નથી.
મન નો રોગ તો પોતાના પ્રયત્ન થી જ મટે.

આ વિષયો,કે જેઓ દેખાવ-માત્ર જ છે,તેઓને તમે બહારથી તથા મનમાંથી ત્યજી દઇને,
પુનર્જન્મના નાશને માટે,તરત જ નિર્વિકાર ચૈતન્ય-માત્ર નું અખંડ "ચિંતન" કરો.

"સત્તા-માત્ર-ચૈતન્ય" કે જે બહારના અને અંદરના વિષયોથી રહિત છે,નિર્દોષ-અખંડ-જ્ઞાન-રૂપે સ્ફુરે છે,
સઘળાં રૂપોની કલ્પનાઓના અધિષ્ઠાન-રૂપ છે,અને સર્વના સાર-રૂપ છે-
તેનો જ તમે તદાકાર વૃત્તિ થી સ્વાદ લો.એમ કરવાથી જ તમે જન્મ-રૂપી-નદીના પાર ને પ્રાપ્ત થશો.

**(૪૪) ગાધિ બ્રાહ્મણનું આખ્યાન-વિષ્ણુના વરદાનથી માયાનું દર્શન**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,અપાર ભ્રાંતિઓ ને ઉત્પન્ન કરનારી આ "સંસાર" નામની માયા,
પોતાના ચિત્તને જીતવાથી જ નાશ પામે તેમ છે.બીજા કોઇ પ્રકારે નાશ પામે તેમ નથી.
આ જગત-રૂપી માયાના પ્રપંચની વિચિત્રતા સમજાવવા માટે હું એક ઈતિહાસ કહું છું તે તમે સાંભળો.

આ પૃથ્વી પર કોસલ નામનો એક દેશ છે તેમાં ગાધિ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો.
એ ગાધિ બ્રાહ્મણ પોતાના ચિત્તમાં કોઇ ઇષ્ટ કાર્ય નો નિશ્ચય કરીને,બંધુઓના સમૂહમાંથી નીકળી જઈને
તપ કરવા સારું વનમાં ગયો.વિષ્ણુ નું પ્રત્યક્ષ દર્શન મળે નહિ,ત્યાં સુધી તપ કરવાનો સંકલ્પ કરીને,
એ તળાવના જળમાં કંઠ સુધી ડૂબીને બેઠો.
આમ તપ કરતાં કરતાં આઠ મહિના વીતી ગયા,ત્યારે વિષ્ણુ ભગવાન પધાર્યા અને તેમણે કહ્યું કે-

"હે,બ્રાહ્મણ,જળમાંથી ઉઠ, અને મારી પાસેથી તારે જે વર જોઇતો હોય તે તું માગી લે."
ત્યારે બ્રાહ્મણ બોલ્યો કે-હે,પ્રભુ,આપ કે જે જગત-સંબંધી અસંખ્ય પ્રાણીઓના હૃદય-રૂપ-કમળમાં,
ભ્રમરની પેઠે રહેનારા છો,અને જગત-રૂપી કમલિની ને ઉત્પન્ન થવાના સરોવર સમાન છે.
તમને હું પ્રણામ કરું છું.હે,મહારાજ,તમે પોતાના સ્વ-રૂપમાં જ રચેલી અને મોહને જ આપનારી,
આ સંસાર-રૂપી-માયા ને હું જોવા ઇચ્છું છું.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, પછી વિષ્ણુ ભગવાન એ ગાધિ બ્રાહ્મણને "તું એ માયાને જોઇશ અને પછી ત્યજી દઈશ"
એટલાં વચન કહીને ત્યાંથી અંતર્ધાન થઇ ગયા.
ત્યારે ગાધિ બ્રાહ્મણ તે તળાવમાંથી ઉઠ્યો,ત્યારે, વિષ્ણુનાં દર્શન અને સ્પર્શ થી તે આનંદ પામતો હતો.

વિષ્ણુના વચન નું મનમાં ચિંતવન કરતો તે બ્રાહ્મણ એક દિવસ,તે સરોવરમાં સ્નાન કરવા ગયો ત્યારે,
સ્નાન-વિધિ કરતાં,તેણે સઘળાં પાપના વિનાશ (અઘમર્ષણ) કરવા માટે જળમાં દર્ભ વડે કુંડાળું કર્યું.
અને જળની અંદર ડૂબકી દઈ,ધ્યાન ના મંત્રનું સ્મરણ કરવાના સમયમાં તે-તે મંત્રો ને ભૂલી ગયો,
અને તેની બુદ્ધિનો પ્રસાર વિપરીત થતા,તે બ્રાહ્મણે તે જળમાં પોતાનું ઘર દીઠું,અને તે ઘરમાં
પોતાના શરીરને મૂએલું અને તેની આસપાસ સંબંધીઓ શોક કરવા લાગ્યાં હતાં તેમ દીઠું.

એ શબ જાણે લાંબો વિસામો લેતું હોય,કે મૌન કે ધ્યાનને પ્રાપ્ત થયું હોય તેવું લાગતું હતું.
એ શબ,બાંધવો ની બૂમોને,રડાપીટને તથા કોલાહલ-વાળી વાણીને,સાંભળીને,
"જાણે કોને પોતાના માટે વધુ કે ઓછો સ્નેહ છે?" તેનો વિચાર કરવા ચુપ રહીને,એકાગ્ર મનથી,સાંભળ્યા
કરતુ હોય તેવું જણાતું હતું.ત્યાર પછી રડતા-કકળતા તે સંબંધીઓએ તે શબને પાછું ફરીથી નહિ જોવાને,
ઘરમાંથી સ્મશાન માં લઇ ગયા.અને તે શબને બળતા અગ્નિમાં ભસ્મ કરી નાખ્યું.

**(૪૫) ગાધિનો ચાંડાળ-જન્મ,તેની શિકારી વૃત્તિ અને પછી તેને થયેલો રાજ્યાલાભ**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,નિર્મળ જળમાં જ સમાધિમાં બેઠેલો એ ગાધિ કે જેની બુદ્ધિ શબ-પણા-આદિ વિચિત્ર
દેખાવોની પીડાથી ભરપૂર થઇ ગઈ હતી,તેને ફરીથી પોતામાં જ (ભ્રાંતિથી) એમ દેખાયું કે-
ભૂત-મંડળ નામના કોઈ દેશના સીમાડા ના ગામડાની પાસે,રહેનાર કોઈ ચાંડાળની સ્ત્રીના ગર્ભમાં.

પોતે અત્યંત વ્યાકુળ-પણાથી રહેલ છે.
ગર્ભવાસ ના દુઃખો થી દબાયેલો,પીડાયેલો,કૂણાં અંગ-વાળો,ચાંડાળી ના પેટમાં સૂતેલો,
અને જાણે મળ-મૂત્રમાં પડ્યો હોય તેવો વ્યાકુળ થયેલો,(તે ગાધિ) ધીરે ધીરે ગર્ભમાં પાક્યો.

જેમ વર્ષા-ઋતુ કાળાં વાદળાં ને જન્મ આપે છે,તેમ પુરા મહિના થતાં તે ચાંડાળીએ,કાળા અને
મળમૂત્ર -લોહી થી ખરડાયેલા બાળક નો જન્મ (ગાધિ નો બીજો જન્મ) આપ્યો.

તે ચાંડાળ(ગાધિ) સોળ વર્ષનો થયો ત્યારે અસંખ્ય મૃગો નો શિકાર કરીને પોતાની આજીવિકા ચલાવવા માંડ્યો,
સમય આવ્યે-તેને એક ચાંડાળી ની જોડે લગ્ન કર્યું.અને તેની સાથે વનોમાં વિહાર કરવા લાગ્યો.
અને સમય જતાં,તેમને - વિષમ ચરિત્રવાળા પુત્રો ઉત્પન્ન થયા.

જયારે તે ચાંડાળ (ગાધિ) ઘરડો થયો ત્યારે તે પોતાના દેશમાં પાછો આવીને ઝુંપડી બાંધીને રહ્યો.
પણ એક વખત ભારે પવન વાળો વરસાદ થતાં,તે ચાંડાળનું સઘળું કુટુંબ (સ્ત્રી-પુત્ર) મરણ ને વશ થઇ ગયું.
આમ,(ગાધિની) ભ્રાંતિથી થયેલા અને "કટન્જ" નામથી ઓળખાતો એ ચાંડાળ દુઃખોથી દૂબળો થઈને,તથા
સુખની આશા છોડીને  રોતો રોતો જ -પોતાનો દેશ છોડીને વનમાં ભટકવા લાગ્યો.

ફરતાં-ફરતાં તે ગાધિને "કીર" નામની એક સુંદર રાજધાની જોવામાં આવી.
કે જ્યાં કોઇ ઉત્સવ થઇ રહ્યો હતો,અને એક હાથીને ત્યાં છૂટો મુકવામાં આવ્યો  હતો.
હકીકતમાં,તે હાથી,જેમ ચિંતામણીની પરીક્ષા કરીને તેને શોધી લેવાની ઇચ્છાથી,કોઈ ઝવેરી ફરતો હોય,
તેમ એ રાજધાનીનો રાજા મરી ગયા પછી રાજ્યને યોગ્ય બીજા કોઈ ભાગ્યશાળી પુરુષની પરીક્ષા કરીને
તેને શોધી લેવાની ઇચ્છાથી ચારે બાજુ ફરતો હતો.

એ હાથીને ગાધિએ (ચાંડાળ) કૌતુક થી ખેંચાયેલી દૃષ્ટિ થી ઘણીવાર સુધી જોયા કર્યો.
ત્યારે તે હાથીએ પોતાની સામે એકાગ્ર દૃષ્ટિ થી જોઈ રહેલા તે ગાધિ ને પ્રેમપૂર્વક સૂંઢ વડે ઉપાડી લઈને,
પોતાની કાંધ પર બેસાડ્યો.એટલે સર્વે પ્રજાજનો એ જય-જય કાર કર્યો.
અને ગાધિ ને રાજા બનાવીને રાજ્યમાં બેસાડ્યો.ત્યાં તેણે મંત્રીઓને સાથે રાજ્ય-કારભાર ઉઠાવી લીધો.
કીરપુર નામના નગરમાં તે ગાધિ (ચાંડાળ) "ગવલ" એ નામથી રાજ્ય કરવા માંડ્યો.

## (૪૬) ગાધિ ની ચાંડાળતા સર્વને જણાયાથી ગાધિનો અગ્નિ-પ્રવેશ

વસિષ્ઠ કહે છે કે-રાજાના સુખ થી તે ચાંડાળ(ગાધિ) પોતાના ચાંડાળ-પણાને ભૂલી ગયો હતો,
પણ એક વખત,તેની પોતાની ચાંડાળ જાતિનોએક બુઢ્ઢો મનુષ્ય ત્યાં આવ્યો,તેણે,રાજાને"કટન્જ" ના નામથી
બોલાવ્યો,અને ગાધિને તે ચાંડાળ માંથી રાજા કેમ બન્યો? વગેરે વિષે પૂછવા લાગ્યો.
થોડા સમય સુધી તો ગાધિ (કે જે અત્યારે ગવલ રાજા બનેલો છે) કે -જેણે પોતાની વાત કોઈના જાણવામાં
ના આવવા દેવા માટે -ચેષ્ટાઓ થી તે મનુષ્ય નો અનાદર કરવા લાગ્યો.
પણ એ વાત ગોખમાં બેઠેલી રાણીઓ ના અને મંત્રીઓના સાંભળવામાં આવી ગઈ,
તેથી તે રાણીઓ અને મંત્રીઓ "આ અમારો રાજા ચાંડાળ છે" એમ જાણીને અત્યંત  દુઃખી થયા.

આ વાત ગામમાં પ્રજાજનો માં પણ પ્રસરી જતાં,સઘળા લોકોએ તેનો બહિષ્કાર કર્યો,ત્યારે શોકથી
વ્યાકુળ થયેલો,તે ગાધિ (ગવલ રાજા કે ચાંડાળ) એ નીચે પ્રમાણે વિચાર કર્યો.
"આ સર્વનો નાશ કરનાર અનર્થ મારા કારણથી જ પ્રાપ્ત થયો છે,હવે મારે દુઃખી જીવન રાખીને શું કરવું?
મારે તો મરવું -એ જ હવે મહોત્સવ છે."

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,ગવલ રાજાએ,એ પ્રમાણે નિશ્ચય કરીને પોતાના શરીર ને બળતા અગ્નિમાં હોમી દીધું.
અને દાહને લીધે વ્યાકુળ અવયવો વાળો થઇ જતાં,
જળમાં અઘમર્ષણ કરતો ગાધિ-બ્રાહ્મણ -પોતાના અંગમાં જાણે દાહથી ચલિત થયાનું સ્ફુરણ થતાં.
તરત જ જાગ્રત થયો.

## (૪૭) ગાધિ અને અતિથિનો સમાગમ તથા પ્રત્યક્ષ અનુભવ

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, જેમ સમુદ્રના કિનારા ની સમીપ થતી,ભરતી ની પ્રબળ ચકરી,બે ઘડી વારમાં
ભ્રમણ થી શાંત થઇ જાય છે,તેમ,એ ગાધિ બ્રાહ્મણ,મહા-પીડા-કારી ચિત્તના ભ્રમણથી બે ઘડી-વારે શાંત થયો.
તે ગાધિ નો ભ્રમ શાંત થતા તે ધીરે ધીરે જાગ્રત થયો.અને-
"હું તળાવમાં નહાવા માટે ઉતરેલો ગાધિ છું અને આ તર્પણ-વગેરે મારે કરવાનું છે,રાજ્ય નહિ"
એમ તે જોવા લાગ્યો.પોતાના ગાધિ-પણા નું સ્મરણ થતાં-"હું થાકી રહ્યો હતો,તેને લીધે ક્ષણવારમાં આ
મોટો ભ્રમ મારા જોવામાં આવ્યો" એમ જાણીને તે જળમાંથી બહાર નીકળ્યો,અને
તળાવના કાંઠે બેસીને ચિંતવન કરવા લાગ્યો-

ગાધિ ચિંતવન કરે છે અને સ્વગત કહે છે કે-હું તો નાનો હતો અને મારાં માબાપ મરી ગયાં છે,મારું લગ્ન પણ
નથી થયેલું,અને હું દુષ્ટ અને ક્ષોભ ઉત્પન્ન કરાવે તેવી કોઇ સ્ત્રી (ચાંડાળી) સ્વરૂપને જાણતો પણ નથી.
મારા સ્વદેશના બાંધવો તો અહીંથી અત્યંત દૂર છે,તે છતાં,જેમની મધ્યમાં અહી,હું મરી ગયો હતો,
તો,તેઓની સાથે મારે શો સંબંધ હતો? જેમ ગાંધર્વ-નગર (ભ્રાંતિ) જોવામાં આવે તેમ,
અનેક પદાર્થો વાળું,અને જન્મ-આદિની આસક્તિ વાળું આ બધું મેં શું દીઠું?
એ જોવામાં આવ્યું તે ભલે-પણ હવે મારે તેનો વિચાર કરવાની જરૂર નથી.એ સર્વ તો સ્વપ્ન જેવી ભ્રાંતિ હતી,
પ્રાણીઓ નું ચિત્ત -નિત્ય રીતે આવી જ ભ્રાંતિઓમાં નિયમિત ભમ્યા કરતુ હોય છે.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,એ ગાધિ બ્રાહ્મણે, ચિત્તમાં મોહ થવા વિષે,એ પ્રમાણે નિશ્ચય કરીને પોતાના આશ્રમ માં
જ કેટલાએક દિવસ કાઢ્યા.એક દિવસ તેની પાસે કોઈ અતિથિ આવ્યો અને તે થાકેલો હોવાથી તેના આશ્રમમાં
જ તે રાત્રિ રહ્યો. ગાધિ એ તે અતિથિ નું સન્માન કર્યું,અને ભોજન પતાવી ને કોમળ પાંદડાની શય્યા પર આવીને
બેસીને બંને વાતો કરવા લાગ્યા.
ત્યારે પ્રસંગ પ્રાપ્ત થતા,અતિથિને ગાધિએ  પૂછ્યું કે-હે,ઉત્તમ,બ્રાહ્મણ,તમારું શરીર બહુજ દુબળું થઇ ગયું છે
અને તમે થાકી ગયેલ હોવ,તેમ જણાવ છો,તો તેનું કારણ શું છે?

અતિથિ કહે છે કે-હે,મહારાજ,કારણ એ છે કે-ઉત્તર દિશામાં -કીર-નામનો એક દેશ છે,ત્યાં હું એક મહિના સુધી
રહ્યો હતો,ત્યાંના લોકો મારું સારું સન્માન કરતા હતા.
એક દિવસ એક માણસે મને કહ્યું કે-હે,બ્રાહ્મણ,આ નગરમાં,એક ચાંડાળે આઠ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું.
અંતે એ રાજા ચાંડાળ છે એમ લોકોના જાણવામાં આવતાં,
તે રાજાએ તરત જ અગ્નિમાં પ્રવેશ કર્યો હતો.અને તે આભડછેટ ને લીધે સેંકડો બ્રાહ્મણોએ પણ અગ્નિમાં પ્રવેશ
કર્યો હતો.એમના મુખે થી આ વાત સાંભળી,ત્યાંથી નીકળીને હું પ્રયાગ ગયો અને ત્યાં મેં શુદ્ધિને અર્થે,
ત્રણ ચાંદ્રાયણ વ્રત કરીને પ્રાયશ્ચિત કર્યું.અને તે વ્રત પૂરું થતાં પારણું કરીને અહી આવ્યો છું.
આ કારણે (શુદ્ધિ માટેના ચાંદ્રાયણ વ્રત ને લીધે) હું થાકી ગયો છું અને શરીરે અત્યંત દૂબળો થઇ ગયો છું.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, અતિથિના મુખેથી એ પ્રમાણે વાત સાંભળીને તે ગાધિએ ફરીવાર તે અતિથિ ને પૂછ્યું,
તો તે વખતે પણ  તેણે એવી ને એવી જ વાત કરી.જયારે એમાં કોઈ પણ ફેરફાર જણાયો નહિ,
ત્યારે ગાધિ બહુ વિસ્મય પામ્યો.

બીજે દિવસે સવારે પ્રાતઃસ્નાન કરીને,આજ્ઞા લઇને અતિથિએ ત્યાંથી વિદાય લીધી.
ત્યારે ગાધિ-બ્રાહ્મણે અત્યંત વિસ્મય પામેલી બુદ્ધિ થી વિચાર કર્યો કે-

"મેં જે ભ્રાંતિમાં જોયેલું,તેને આ બ્રાહ્મણે સાચે સાચું બનેલું છે એમ કહ્યું.રખેને આ વાત કોઈ માયા હોય!!
જો કે,બંધુઓના મધ્યમાં મેં મારું મરણ દીઠું-તે તો ખરેખર ભ્રાંતિ જ છે,એમાં કોઇ સંશય નથી.
પણ અતિથિએ કરેલા વૃતાંતનો મારે નિશ્ચય કરવો જોઈએ.અને તે માટે હું તે દેશના સીમાડા પાસે જાઉં."

વસિષ્ઠ કહે છે-કે-હે,રામ,તે પછી,તે ગાધિ ત્યાંથી 'ભૂતમંડળ' દેશના સીમાડા પાસે ગયો.અને ત્યાં તેને,
પોતે જે સ્વપ્નમાં જોયું હતું તેવું જ સર્વ જોવામાં આવ્યું.તેણે ત્યાં ચાંડાળોનું ફળિયું જોયું,
અને ત્યાંથી આગળ જઇને તે ગામમાં ગયો,ત્યાં જઇને તેણે લોકોની પાસે પૂછપરછ કરવા માંડી.

ગાધિ પૂછે છે કે-આ ગામની પાસેના બહારના ભાગમાં પૂર્વે એક ચાંડાળ રહેતો હતો,તેના વિષે તમને ખબર છે?
ત્યારે ગામના લોકોએ,જે રીતે ગાધિએ જે રીતે સ્વપ્ન જોયું હતું તે જ રીતનું તે "કટન્જ" ચાંડાળ નું વર્ણન કર્યું.

વસિષ્ઠ કહે છે કે-આ પ્રમાણે,વારંવાર લોકોને પૂછ્યા કરતો એ ગાધિ બ્રાહ્મણ એક મહિના સુધે એમ ને એમ ફર્યા કર્યો.પણ સર્વ ના મુખે થી ચાંડાળ વિશેનું એ જ વર્ણન સાંભળતો રહ્યો.અને એ વર્ણન ને લગતા કેટલાક પદાર્થો ને સારી રીતે ઓળખીને અત્યંત લજ્જા પામેલો અને લાજને લીધે,મનની વાત મનમાં જ છૂપાવતો તે ગાધિ અત્યંત વિસ્મય ને પ્રાપ્ત થયો,કે જે વિસ્મય કલંક ની પેઠે હૃદયમાં ડંસી રહ્યું.

## (૪૮) ગાધિએ ફરી તપાસ કરી અને વિષ્ણુએ "સઘળી માયા છે" એવો નિશ્ચય કરાવ્યો

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, વિસ્મય પામેલો તે ગાધિ ફરીથી તે ચાંડાળ ના ફળિયામાં ગયો,ભાંગી-તૂટી ગયેલા (સ્વપ્નના) પોતાના ઘરને જોવા લાગ્યો,અને મનમાં ને મનમાં ત્યાં બેસીને સ્વપનમાં બનેલી વાતોને સંભાળવા માંડ્યો.વિસ્મયથી માથું હલાવ્યા કરતો તે ગાધિ દૈવની ગતિને અદભૂત માનવા માંડ્યો.
ત્યાંથી તે "કીર-દેશ" માં પહોંચ્યો અને લોકો ને ચાંડાળ રાજા વિશેપૂછવા માંડ્યો.
ત્યારે પણ લોકોએ -તેના સ્વપ્ન માં જે બન્યું હતું તે રીત નું જ વર્ણન કર્યું.

ત્યારે ગાધિ વિચારે ચડીને સ્વગત કહે છે કે-આ કીર-દેશનું રાજ્ય મેં પૂર્વે ભોગવ્યું હતું,તે આજ બીજા જન્મના ચરિત્ર ના પેઠે,ના સંભવે,તે રીતે મને પ્રત્યક્ષ થયેલું છે.આ તો વિસ્મયકારક વાત છે કે-પૂર્વે મને જે સ્વપ્ન જેવું જોવામાં આવ્યું હતું તે -આજ જાગ્રતના પદાર્થ-રૂપ થઈને મારી પ્રત્યક્ષ ખડું થયું છે.સમજી શકાતું નથી કે-આ માયા શા કારણથી પ્રગટ થઈને આ રીતે દેખાય છે !!

અહો,જેમ જાળ,પક્ષીને પરવશ કરી નાખે છે-તેમ,મને આ મનના,લાંબા અને વધતા જતા મોહે,પરવશ કરી નાખ્યો છે,આ બહુ ભૂંડું થયું છે.કે વાસનાથી ખરાબ થયેલું મારું મૂઢ -મન,મોટા ભ્રમોના સમૂહને જુએ છે.
હા, હવે મને સંપૂર્ણ સ્મરણ પ્રાપ્ત થયું,તે બહુ સારું થયું.આ મોટી માયા મને વિષ્ણુ ભગવાને જ દેખાડી છે.
હવે હું પર્વત ની ગુફામાં જઇને તપ કરીને એવો પ્રયત્ન કરીશ કે આ દુષ્ટ ભ્રમના કારણને જાણી શકું.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,તે પછી તે ગાધિ તે નગરમાંથી નીકળીને એક પર્વતની ગુફામાં જઇને શાંતિથી રહીને, દોઢ વર્ષ સુધી તપ કર્યું,ત્યારે વિષ્ણુ ભગવાન ગુફામાં પધાર્યા.અને બોલ્યા કે-
"હે,ગાધિ,તેં મારી મોટામાં મોટી માયા જોઇને? આ જગત-રૂપી જાળની લીલા કે જે દેખાવ પુરતી જ છે,
તે તારા જોવામાં આવીને? તને મારી માયા જોવાની જે ઇચ્છા હતી તે તો હવે સારી રીતે પૂર્ણ થઇને?
હવે,કહે કે-અહીં ફરીથી તપ કરીને તું બીજું શું ઇચ્છે છે?"

ત્યારે ગાધિએ વિષ્ણુ-ભગવાન નું પૂજન કરીને,તેમની પ્રાર્થના કરવા માંડી અને કહ્યું કે-
હે,દેવ,આપે જે અત્યંત અંધકાર-મય (અજ્ઞાન-મય) આ માયા દેખાડી,એ માયાની મને સમજણ પાડો.
વાસનાઓ-રૂપી મેલોથી ઘેરાયેલું મન,સ્વપ્ન ની પેઠે જ મિથ્યા પદાર્થો-રૂપ ભ્રમને દેખે -
તે ભ્રમ,જાગ્રતમાં પણ કેમ જોવામાં આવે?
હે,પ્રભુ, મને જળ ની અંદર,સ્વપ્ન જેવો ભ્રમ -જે બે ઘડી-વાર  માટે જોવામાં આવ્યોતે ભ્રમ પાછો,
પ્રત્યક્ષપણાને કેમ પ્રાપ્ત થયો?
મને જે ચાંડાળપણાની ભ્રાંતિ થઇ હતી,તે ભ્રાંતિએ કરેલા કાળની-લંબાઇ-ટૂંકાઇ અને જન્મ-મરણો,
મારા મન ની અંદર જ નહિ રહેતાં બહાર પણ કેમ થયાં?

વિષ્ણુ ભગવાન કહે છે કે-હે,ગાધિ.તત્વને નહિ જાણનારા,અને પોતાનામાં રહેલા વાસનાઓ-રૂપી રોગથી
પકડાયેલા ચિત્તનું જ એ રૂપ (ભ્રાંતિ) છે,કે જે મોટા જગતના ભ્રમ-રૂપે તારા જોવામાં આવે છે.
આ સઘળું ચિત્તનું જ રૂપ છે,તેથી તે બહાર પણ નથી,અંદર પણ નથી,લાંબુ પણ નથી કે ટૂંકું પણ નથી.
સઘળા પૃથ્વી-વગેરે પદાર્થો, ચિત્તમાં જ છે અને ચિત્તમાંથી જ પ્રગટ થાય છે.

જેમ,વાત્વિક રીતે,પાંદડાં અને ફળ આદિ પદાર્થો અંકુરમાં જ છે,અંકુરની બહાર નહિ,
તેમ,વાસ્તવિક રીતે પૃથ્વી-આદિ પદાર્થો ચિત્તમાં જ છે,ચિત્ત ની બહાર કદી પણ નથી.
જેમ,કુંભાર ઘડાને બનાવે છે અને ફોડી પણ નાખે છે,
તેમ,ચિત્ત જ આ જગતને બનાવે છે અને નષ્ટ પણ કરી નાખે છે.

વર્તમાન પદાર્થોનું ઇન્દ્રિયો થી અવલોકન,ભવિષ્યના પદાર્થો નું મનથી મનન,વગેરે ચિત્ત જ બનાવે છે-
અને પોતાનામાં સમેટી લે છે.સ્વપ્ન થી થયેલા ભ્રમોમાં,રાગથી થયેલા ભ્રમોમાં,અને રોગ આદિના ભ્રમોમાં,
તે,સઘળા પદાર્થો ને ચિત્ત જ બનાવે છે ને એ ચિત્ત જ બધું પાછું સમેટી લે છે.
અને આ વાત બાળકથી માંડી વૃદ્ધ સુધીનાં સઘળા મનુષ્યોના અનુભવમાં પણ છે.

જેમ,મૂળથી પૃથ્વીનું ગ્રહણ કરીને રહેલા ઝાડમાં લાખો ફળો,પાંદડાં અને પુષ્પો રહે છે,
તેમ,વાસનાઓનું ગ્રહણ કરીને રહેલા ચિત્તમાં લાખો વૃતાંતો રહે છે,અને
જેમ,પૃથ્વીમાંથી ઉખડી ગયેલા ઝાડમાં ફરીવાર પાંદડા કે ફળ થતા નથી,
તેમ,વાસનાથી રહિત થયેલા ચિત્તમાં ફરીવાર જન્મ-મરણ -આદિ થતાં  નથી.

જેમાં અનંત બ્રહ્માંડો ની જાળ રહેલી છે,એવા તે ચિત્તે,પોતાની અનંત વાસનાઓના એક-દેશ-રૂપ,
ચાંડાળ-પણાને પ્રગટ કર્યું.તો તેમાં વિસ્મય પામવા જેવું શું છે?
જે રીતે ઘણા આડંબર-વાળું અને વિચિત્ર ચિંતાઓ-રૂપી-વિકારો દેનારું,ચાંડાળ-પણું તારા જોવામાં આવ્યું,
તે જ રીતે અતિથિ બ્રાહ્મણ આવ્યો,અને તેણે જે વાતો કરી.એ ભ્રાંતિ થી જ તારા જોવામાં આવ્યું છે.
ભૂતમંડળ અને કીર દેશની તારી મુલાકાત પણ ભ્રાંતિ થી જ તારા જોવામાં આવી છે.

હે,ઉત્તમ બ્રાહ્મણ,જેને તું સાચું ગણે છે અને જેને તું ખોટું ગણે છે,તે પણ સઘળી મોહ-જાળ જ છે અને તે તારા
જોવામાં પણ આવી છે.વાસનાથી ઘેરાયેલું ચિત્ત,પોતાની અંદર શું ના દેખે? એ કંઇ કહી શકાતું નથી.
કારણકે -કોઇ કામ કે જે એક વર્ષમાં પણ સિદ્ધ થઇ શકે તેવું ના હોય તે કામ,ઘણી વાર
સ્વપ્નમાં ક્ષણ-માત્રમાં સિદ્ધ થયેલું જોવામાં આવે છે.

હે મહા બુદ્ધિમાન,ગાધિ,જે સઘળું તારા જોવામાં આવ્યું છે તે માત્ર મોહથી જ તારા જોવામાં આવ્યું છે.
અઘમર્ષણ ના સમયમાં પણ જે કંઇ તારા જોવામાં આવ્યું તે,સઘળું માયા-મય જ જોવામાં આવ્યું છે.
અને તે સઘળો તારા મન નો ભ્રમ છે.

હવે તારા બ્રહ્મચર્યાશ્રમમાં ઘટે-એવાં વેદાધ્યયન -વગેરે કામમાં તું તત્પર થા અને તે પોતાનાં કર્મ કરતાં,
શાંત બુધ્ધિ-વાળો થઈને રહેજે.વર્ણાશ્રમ ના સંપ્રદાયથી પ્રાપ્ત થયેલાં,પોતાનાં કર્મો કર્યા સિવાય,
મનુષ્યને આ જગતમાં કલ્યાણ ની પ્રાપ્તિ થતી નથી.
ગાધિને આમ કહીને વિષ્ણુ ભગવાન પોતાના સ્થાનક-રૂપ ક્ષીર-સાગર માં પધાર્યા.

## (૪૯) ગાધિ બ્રાહ્મણ જીવનમુક્ત થયો-આખ્યાનની સમાપ્તિ

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,વિષ્ણુ ભગવાન પધારી ગયા પછી,પણ તે ગાધિ બ્રાહ્મણ પોતાના મોહનો ફરી વિચાર
કરવા લાગ્યો અને ફરીવાર અનુક્રમથી તે ભૂતમંડળ અને કીરદેશમાં ફરવા લાગ્યો અને ફરીથી પણ તેને
એ જ વૃતાંત લોકો પાસેથી સાંભળવામાં આવ્યું.એટલે તે ફરીથી મૂંઝાઇ ગયો,અને તેથી તે,ફરીવાર
પર્વતની ગુફામાં રહીને વિષ્ણુનું આરાધન કરવા લાગ્યો.

થોડો કાળ જતાં જ વિષ્ણુ ભગવાન પધાર્યા-કેમ એ એકવાર આરાધન કરવાથી પ્રભુ મિત્ર જેવા થઇ જાય છે,
એટલે,જ,જેમ મેઘ મોરને દર્શન દે છે,તેમ અત્યંત પ્રસન્ન થયેલા વિષ્ણુએ ગાધિ ને દર્શન દઈને પૂછ્યું કે-
"વળી તું તપ કરીને શું માગે છે?"

ગાધિ કહે છે કે-હે,પ્રભુ,હું ફરીવાર એ ભૂતમંડળ-અને કીર દેશમાં ફર્યો,અને તેમ કરતાં,પણ લોકોની વાતો અને
બીજા ચિહ્નોમાં પણ મારા વૃતાંત સંબંધી કશો ફેરફાર જોવામાં આવ્યો નહિ.(એટલે કે તે ભ્રાંતિ નહોતી)
જયારે,આપે તો કહ્યું હતું કે-એ સઘળું ભ્રાંતિ થી જ જોવામાં આવ્યું હતું,તો તે શી રીતે મનાય?
ભ્રાંતિથી જોવામાં આવેલા પદાર્થો,અવશ્ય બીજા કાળે,ફેરફાર પામી જાય છે,અને મારા જોયેલા પદાર્થો તો,
બીજા કાળે પણ ફેરફાર પામ્યા નહિ,માટે એ ભ્રાંતિ છે-એમ કેમ માની શકાય?
મહાત્માઓના વચનથી તો મોહ નો નાશ જ થવો જોઈએ,વૃધ્ધિ નહિ,
પરંતુ આપનાં વચનોથી તો,ઉલટી મારા મોહની વૃધ્ધિ થઇ છે,

વિષ્ણુ ભગવાન કહે છે કે-જેમ તારા ચિત્તમાં ચાંડાળ ની સ્થિતિ પ્રાપ્ત થયેલી છે,તે જ રીતે,કાક-તાલીય ન્યાય
મુજબ,ભૂતમંડળ અને કીરદેશના સઘળા માણસોના મનમાં ચાંડાળની સ્થિતિ પ્રતિબિમ્બિત થયેલી છે,
તેથી તેઓ તારા વૃતાંતને,બરોબર તે જ રીતે (તારા વૃતાંત મુજબ જ) કહે (વર્ણવે) છે.
આવો,જે મિથ્યા આભાસ થયો હોય તેનો જ્ઞાનથી બાધ થયા વિના-નાશ થતો નથી.

કોઈ ચાંડાળે,ગામના સીમાડામાં ઘર બનાવ્યું હશે અને તે ભાંગી-તૂટી પણ ગયું હશે,
તે તારા જોવામાં આવ્યું,અને તે ઘરમાં તેં પ્રવેશ કર્યો.
અને,કોઈ કાક-તાલીય ન્યાય (કાગનું બેસવું અને ડાળ નું ભાંગવું) પ્રમાણે,
ઘણા માણસોને એક પ્રકારનો આભાસ પણ થાય છે,કેમ કે મન ની ગતિ વિચિત્ર છે.
જેમ,નિંદ્રાની પેઠે ભ્રાંતિ આપનારા,મદ્યપાન થી બગડી ગયેલા ચિત્ત-વાળાઓને સઘળી દિશાઓ ઘૂમતી જોવામાં
આવે છે,તેમ,ઘણાં માણસો કોઈ એક જ સમયે,એક પ્રકારના જ સ્વપ્ન (આભાસ કે ભ્રાંતિ) ને દેખે છે.
એ વાત ઘણી વખત આપણા જોવામાં આવતી હોય છે.

હે,ગાધિ,"જો જગત એ એક જાતની મન ની જ કલ્પના હોય,તો-કોઈ કાળમાં અમુક છોડવાઓનો નાશ થાય છે
અને અમુક ધાન્ય ના છોડવાઓનો ઉદય થાય છે,એવી કાળની વ્યવસ્થા રહેવી જોઈએ નહિ,
પણ,મનની કલ્પનાથી સર્વ કાળમાં સર્વ સરખી રીતે થવું જોઈએ."
એવી શંકા પણ તારે રાખવી જોઈએ નહિ,કારણ કે એ "કાળ" પણ મનથી કલ્પાયેલો એક પદાર્થ જ છે.
સૂર્યની "ક્રિયા" ને જોઇને મનથી જ,ઋતુ,મહિના-આદિ (કાળ) ની દ્રઢ કલ્પના કરી લેવામાં આવી છે.

કલ્પિત "કાળ" ના અધિષ્ઠાન-ભૂત જે આત્મા છે-તે તો સર્વદા પોતાના સ્વસ્વરૂપમાં જ રહે છે,
એટલે તે કોઈનો પ્રતિબંધ પણ કરતો નથી કે કોઈનો ઉદય પણ કરતો નથી.
જે વાસ્તવિક અખંડ કાળ છે તે આત્મા જ છે એમ-વિદ્વાનોએ નિશ્ચય કર્યો છે.
અને તે આત્મા કદી કોઈનું કંઇ લેતો નથી કે મૂકતો પણ નથી.

વર્ષો-કલ્પો અને યુગો-વગેરે-રૂપ જે આ લૌકિક કાળ છે-તે તો સૂર્ય આદિ-ગ્રહોની ગતિ પરથી કલ્પાયેલો છે.
અને તે (લૌકિક કાળ) ઉપરથી પદાર્થોના પ્રતિબંધો અને ઉદય કલ્પાયેલા છે.
જેઓનાં ચિત્તોને ભ્રાંતિ થઇ હતી તેવા -ભૂતમંડળનાં અને કીરદેશનાં માણસોને,સૌને સમાન (એક પ્રકાર નો જ)
પ્રતિભાસ થવાથી,તેમણે તારો ચાંડાળ-પણાનો આડંબર જોયો અને તે આડંબરનો અંત પણ જોયો હતો.
હે,ગાધિ,હવે તું વર્ણાશ્રમ સંબંધી પોતાનાં કર્મો માં તત્પર રહીને,બુધ્ધિથી આત્માનો વિચાર કરજે,
અને મનના મોહને ત્યજી દઈને અહીં જ રહેજે.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,મહાસમર્થ વિષ્ણુ ભગવાન એટલાં વચન કહીને,અંતર્ધાન થઇ ગયા.ત્યારે,
(ભગવાન નું આવું કહેવા છતાં) તે ગાધિ-બ્રાહ્મણ ઘણી ચિંતાઓ-વાળી બુધ્ધિથી તે પર્વતની ગુફામાં જ રહ્યો
અને વિષ્ણુ નું જ આરાધન કરતો રહ્યો..એટલે એક દિવસ વિષ્ણુએ ફરીથી ગાધિને દર્શન દીધાં,
ત્યારે ગાધિએ તેમને પ્રણામ તથા માનસિક પૂજન કરીને,તેમની આજ્ઞા લઇ નીચે મુજબ કહ્યું.

ગાધિ કહે છે કે-હે,મહારાજ,મારી ચાંડાળ-પણાની સ્થિતિનું તથા જન્મ-મરણ-આદિ ઘણા અનર્થો-વળી,આ
સંસાર-રૂપી માયાનું સ્મરણ કર્યા કરતો,હું હજી ચિત્તમાં મૂંઝાયા કરું છું,માટે મારા મોહની નિવૃત્તિ માટે,
ઉપાય કહીને આપે તુરત જ જતું રહેવું નહિ,પણ સઘળો મોહ ટળી જાય,ત્યાં સુધી અહી જ બિરાજવું.
આપ મને કોઇ એક નિર્મળપણા-વાળા કાર્યમાં જોડો.

વિષ્ણુ ભગવાન કહે છે કે-હે,ગાધિ,આ જગત ઈન્દ્રજાળની જેમ માયાના આડંબર-રૂપ છે.અને આ જગતમાં
"સ્વ-રૂપ" ના વિસ્મરણ (અજ્ઞાન) ને લીધે સઘળા પ્રકારોનાં આશ્ચર્યો ની કલ્પના થવી સંભવે છે.
ભૂતમંડળ અને કીરદેશમાં તેં જે જોયું તે,સઘળું અજ્ઞાન-રૂપ નિમિત્ત થી જ સંભવે છે.
જેમ,નિંદ્રામાં અજ્ઞાનને લીધે કદી નહિ જોયેલા પદાર્થોનો ભ્રમ  થાય છે(એનો સર્વ લોકોને અનુભવ હોય છે જ)
તેમ,એ સઘળું કે તેં જોયું છે-તે તારા અજ્ઞાનને લીધે થયેલી ભ્રાંતિ જ છે.

જેમ તેં પોતે ખોટો -ચાંડાળપણાનો અનુભવ સાચા જેવો જોયો,તેમ તે દેશના લોકોએ પણ તેને સાચા જેવો
જોયો.આમ સંકલ્પો ની સમાનતા થવાને લીધે,કાળ,આદિની પણ સમાનતા થવી સંભવે છે.
હવે હું,તને તારા મનથી થયેલા ધિક્કાર નું નિવારણ કરનારી ખરી વાત કહું છું-તે સાંભળ.

ભૂતમંડળમાં પૂર્વે એક "કટન્જ" નામનો ચાંડાળ (ખરેખર- કે સાચો) રહેતો હતો,
તે તારા જોવામાં આવેલા જેવા જ સઘળા આકાર-વાળો હતો,એ ચાંડાળ તેં જોયેલા પ્રમાણે જ કુટુંબ થી રહિત
થઈને કીરદેશ ગયો હતો,અને ત્યાંનો રાજા થયો હતો,પછી તેણે અગ્નિમાં પ્રવેશ પણ,કર્યો હતો.
તેં જળની અંદર જયારે ડૂબકી મારી ત્યારે તારા ચિત્તમાં જે એ કટન્જ રૂપે રહેવાનો ભ્રાંતિ-રૂપ આભાસ થયો
હતો,તે કેવળ મારા સંકલ્પ (!!) ને લીધે જ થયો હતો.(ગાધિને માયા નાં દર્શન કરાવવા માટે)

મનુષ્યનું ચિત્ત સ્વપ્ન ની જેમ જાગ્રત સ્થિતિમાં પણ,અનેક પ્રકારના ભ્રમો ને દેખે છે.અને,
હે,ગાધિ,જેમ,ત્રિકાળદર્શી યોગીને ભવિષ્ય અને ભૂતકાળ ના પણ પદાર્થો નો દેખાવ નજરે પડે છે,
તેમ તને ભૂતકાળમાં થઇ ગયેલું કટન્જ નું આચરણ,વર્તમાનમાં ભ્રાંતિ થી જણાયું.
"આ ભ્રાંતિ કેવી રીતે થઇ ગઈ?" એવી શંકા રાખવી નહિ,કેમ કે-
આત્મજ્ઞાન વિનાના સર્વ લોકોને "પોતા-રૂપ નહિ -એવા દેહમાં"--

"હું છું" એવી- અને જે ઘર,સ્ત્રી બાળકો-પોતાનાં નથી તેઓ "આ મારાં છે" એવા
જે મહા-પ્રબળ ભ્રમો થયા જ કરે છે,તેઓની આગળ તો તારી (આ ચાંડાળ ની) ભ્રાંતિ તો કશું પણ નથી !!!

જો કે,તત્વજ્ઞાન માં આગળ વધેલા વાસના વિહીન વિદ્વાન ને "સર્વ જગત હું છું" એવો અહંકાર રહે છે,
તો પણ તે અહંકારથી તેની ખરાબી થતી નથી,કારણકે,એ વિદ્વાન,
"પદાર્થો ના ભિન્ન-ભિન્ન-પણા-રૂપ-અનર્થ ની ભાવના"ને સ્વીકારતો નથી.
તેથી તુંબડું જેમ પાણીમાં ડૂબી જતું નથી,
તેમ તે સુખ-દુઃખો ના વિલાસોવાળા ભ્રમોના પ્રકારો માં ડૂબી જતો નથી.

જયારે,હે,ગાધિ,તું તો હજી વાસનાઓની જાળથી ઘેરાયેલા ચિત્ત-વાળાઓ જેવો છે,અને યોગ્ય સમજણ વિનાનો છે,એટલે,તું સ્વ-રૂપમાં સ્થિર થયો છે એમ કહી શકાય નહિ.
વળી,તને હજુ સુધી "પૂર્ણ જ્ઞાન" થયું નથી,એટલે તું તારા મનના ભ્રમ નું નિવારણ કરી શકતો નથી.
જેથી, તારા મન (ચિત્ત) માં જયારે ભ્રમનો આભાસ ઉભો થાય છે ત્યારે,તે આભાસ આગળ તારું કંઈ ચાલતું નથી.

<u>જે ચિત્ત છે તે જ આ માયા-રૂપી-ચક્ર-ના મધ્ય-બિંદુ રૂપે છે,અને તે મધ્ય-બિંદુને લીધે માયા-રૂપી ચક્ર સર્વત્ર ફર્યા કરે છે.માટે તે ચિત્તને દબાવી દેવામાં આવે -તો માયા-રૂપી-ચક્ર કંઈ અડચણ કરી શકતું નથી.</u>
માટે હવે તું તપ કરવાને સજ્જ થા,અને મનમાં કોઈ ખેદ નહિ રાખતાં,દશ વર્ષ સુધી,
ચિત્તના નિરોધ (યોગ) નો અભ્યાસ કર,આમ કરવાથી તને અપરિચ્છીન્ન (શુદ્ધ) જ્ઞાનની પ્રાપ્તિ થશે.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આમ કહી વિષ્ણુ ભગવાન ત્યાંથી અંતર્ધાન થયા ત્યારે ગાધિ,ઋષ્યમૂક નામના
પર્વત પર ગયો અને ત્યાં દશ વર્ષ સુધી સંકલ્પો નો ત્યાગ કરી ને ચિત્તના નિગ્રહ કરવા-રૂપી તપ કર્યું,
કે જેથી તેને,જ્ઞાન ની પ્રાપ્તિ થઇ,અને પોતાની પર-બ્રહ્મ-સત્તા માં વિશ્રામ પામ્યો.

## <u>(૫૦) ચિત્તના જયનો ઉપાય,જ્ઞાન-માહાત્મ્ય અને ચિત્તની ચંચળતાથી થતા દોષોનું વર્ણન</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રઘુનંદન,આ રીતે પરમાત્મામાં રહેલી-
આ માયા -અત્યંત વિસ્તીર્ણ છે,માંડ-માંડ જાણી શકાય તેવી છે અને મહા-મોહ-મયી છે.અને
આ વિષમ માયા,અસાવધાન મન-વાળા પુરુષને નિઃસંશય નિત્ય (પ્રત્યેક દિને) સંકટમાં જોડી દે છે.

રામ પૂછે છે કે-હે,મહારાજ,આ પ્રમાણે આ (સંસારનું) માયા-રૂપી-ચક્ર કે જે મોટા વેગથી ચાલ્યા કરે છે,અને,
જેમ,અવયવો છેદાવાથી શરીરને દુઃખ થાય,તેમ પરમાત્માને પણ,આ માયા-ચક્ર મર્યાદામાં મૂકી દેતું હોવાથી,
તેમને પણ દુઃખ થયા કરતું હશે -તો તે (માયા-રૂપી) ચક્રને રોકવાનો કયો ઉપાય છે ?

વસિષ્ઠ કહે છે કે-સર્વદા ફર્યા કરતા અને ભ્રમ આપનારા
"સંસાર" નામના માયા-રૂપી ચક્ર નું (નાભિ) કેન્દ્ર,એ,"ચિત્ત" જ છે.એમ તમે સમજો.
પુરુષ-પ્રયત્ન કરીને બુદ્ધિ વડે એ ચિત્ત-રૂપી કેન્દ્ર ને રોકી લેવામાં આવે,
તો માયા-રૂપી ચક્ર-એ પોતાનું કેન્દ્ર (ચિત્ત) અટકી જવાને લીધે ભ્રમણ કરતુ (ફરતું) બંધ થઇ જાય છે.
માટે તમે ચિત્ત-રૂપી કેન્દ્રને યત્નથી થોભાવી રાખી અને આ સંસાર-રૂપી ચક્ર ને ભમતું (ફરતું) અટકાવી દો.

આ,સંસાર-રૂપી (માયા) ચક્ર જ (ઉપર મુજબ ચિત્ત ને લીધે) ભ્રમણ કરીને,
આત્માને વિવિધ યોનિઓમાં નાખી દે છે.
અને,આ ચિત્તનો નિરોધ કરવા-રૂપી (યોગ ની) યુક્તિ નહિ કરવાથી,માયા-ચક્ર (સંસાર) ને લીધે,
આત્મા ને (વિવિધ યોનિઓમાં ફરવા-રૂપ) અનંત દુઃખની પ્રાપ્તિ થાય છે.

કેવળ ચિત્તને દબાવવા-રૂપ-મહાન-ઔષધ વિના,
બીજો ગમે એવો પ્રયત્ન કરવામાં આવે,તો પણ,સંસાર-રૂપી-મહા-રોગ શાંત થાય તેમ નથી.
માટે પરમ કલ્યાણની પ્રાપ્તિ ને માટે ચિત્તને જ વશ કરો.

જેમ ઘડાનું આકાશ ઘડાની અંદર જ રહે છે,અને જેમ ઘડાનો નાશ થયા પછી,ઘડાનું આકાશ રહેતું નથી,
તેમ,ચિત્ત નો નાશ થઇ જાય પછી સંસાર રહેતો નથી.
ચિત્ત-રૂપી-ઘડાની અંદર જ રહેલું,અનેક જન્મ-મરણોથી ભરેલું અને અનાદિ સંસાર-રૂપી-જે આકાશ છે,
તેનો ચિત્તના નાશથી નાશ કરી નાખીને,તમારા સ્વ-રૂપ-ભૂત-બ્રહ્મ-રૂપી આકાશ (મહાકાશ) માં પ્રવેશ કરો.

આ ચિત્તને,જો,ભૂતકાળના અને ભવિષ્યકાળ ના વિષયો અનુસંધાન ને ત્યજી દઈને,અને વર્તમાનકાળના
બાહ્ય-વિષયો થી પણ આસક્તિ-રહિત થઈને,સેવવાનો અભ્યાસ કરવામાં આવે તો તે-
ચિત્ત- એ અચિત્ત-પણાને પ્રાપ્ત થઇ જાય છે.
જો તમે ક્ષણેક્ષણે,સંકલ્પનું અને સંકલ્પના અંશોનું અનુસંધાન ત્યજી દેતા જશો,
તો પરમ પવિત્ર બ્રહ્મ-પણું તમને મળી જ ચુક્યું છે-તે વાતમાં સંશય નથી.

જ્યાં સુધી સંકલ્પોની કલ્પના હોય ત્યાં સુધી,જ ચિત્તની વિભૂતિઓ રહે છે.
જ્યાં સુધી આત્મા ને ચિત્તનો સંબંધ (અજ્ઞાન) હોય ત્યાં સુધી જ સંકલ્પો ની કલ્પના રહે છે,
પણ જો આત્મતત્વ ને ચિત્ત થી જુદું પાડીને તેની ભાવના (જ્ઞાન) કરવામાં આવે તો-
પોતાના સંસારનાં કામ,કર્મ,તથા વાસના -આદિ મૂળિયાં,
એ મૂળ અજ્ઞાનની સાથે જ બળી જ ગયાં છે તેમ સમજો.
ચિત્તના સંબંધથી રહિત થયેલું -જે આત્મતત્વ છે તે -જ-પ્રત્યક્ષ ચેતન (ચૈતન્ય)કહેવાય છે.
અને તે પ્રત્યક્ષ ચેતન-ચિત્તથી રહિત જ રહેનાર છે,માટે તેમાં કાળના-રૂપી મેલ ઉત્પન્ન થવાનો ભય જ નથી.

જે સ્થિતિમાં આ અભાગિયું મન રહે જ નહિ-તે જ સ્થિતિ સાચી છે.તે જ સ્થિતિ પરમાનંદ છે.
તે જ સ્થિતિ પરમાત્મા ની સ્વભાવ-ભૂત અવસ્થા છે,તે જ સ્થિતિ સર્વને પ્રકાશ આપનારા ચૈતન્ય-રૂપ છે.
અને તે જ સ્થિતિ,પરમાર્થ (પરમ અર્થ)-દૃષ્ટિ-રૂપ છે.

જ્યાં ચિત્ત હોય,ત્યાં આશાઓ અને સુખ-દુઃખ સર્વદા હાજર જ રહે છે.પણ આ આશા-વગેરે પદાર્થોને ઉત્પન્ન
કરનાર,વાસના-રૂપી બીજ (ચિત્ત) --એ તત્વના બોધથી જ્ઞાનીઓમાં નાશ પામેલું હોવાથી,
તે જ્ઞાનીઓમાં સંકલ્પ-વિકલ્પ -કદી પેદા થતા જ નથી.
શાસ્ત્રો અને સજ્જનોના સમાગમનો નિરંતર અભ્યાસ રાખવાથી,
જયારે,જગતના પદાર્થો નું મિથ્યા-પણું સમજવામાં આવે છે,
ત્યારે તે ચિત્તને બળાત્કારથી અવિવેકમાંથી ખેંચી લેવાના,પુરુષ-પ્રયત્નથી તથા,
"આ જન્મમાં જ્ઞાન સિદ્ધ કર્યા વગર રહેવું જ નહિ"
એવા દ્રઢ નિશ્ચયથી,શાસ્ત્રોમાં અને સજ્જનો ના સમાંગમમાં જોડી દેવું.(જોડી રાખવું)

પરમાત્મા ના અવલોકનમાં,આત્મા જ મુખ્ય કારણ-રૂપ છે,
(જેવી રીતે-ઊંડી-અંધારી ખાઈમાં પડેલું રત્ન-પોતે પોતાના પ્રકાશથી જ જોવામાં આવે છે)
વળી,એ આત્મા જ પોતે અનુભવેલાં દૃશ્યો-રૂપી(જગત-રૂપી) દુઃખોને છોડી દેવા ઈચ્છે છે,
એટલા માટે પણ આત્મા જ પરમાત્માના અવલોકનમાં મુખ્ય કારણ-રૂપ કહેવાય છે.

તમે.કોઈ પણ વાત કરતાં,કોઈ પદાર્થને છોડી દેતાં કે ગ્રહણ કરતાં,આંખો ઉઘાડતાં કે મીંચતા.
જેમાં,કોઈ પણ પ્રકારની કલ્પના નથી એવા પોતાના મર્યાદા-રહિત સ્વ-રૂપના અનુસંધાનમાં જ તત્પર રહો.

તમે,જન્મતાં,મરતાં,જીવતાં,અને ક્રિયાઓ કરતાં પણ-પોતાના સ્વ-રૂપ-ભૂત અનુસંધાનમાં સ્થિર રહો.
"આ મારાં સંબંધીઓ છે અને હું દેહ છું"એવી વાસનાઓને ત્યજી દઈને,અને એકનિષ્ઠા રાખીને,
પોતાની અંદર રહેલા કેવળ અખંડ જ્ઞાન-રૂપ ચૈતન્યમાં જ તત્પર રહો.

દેહ પડતાં સુધી (મૃત્યુ સુધી) એકનિષ્ઠા રાખીને,વર્તમાન સ્થિતિમાં તથા ભવિષ્ય સ્થિતિમાં પણ
પોતાના "અખંડ-જ્ઞાન-સ્વ-રૂપ"ના અનુસંધાનમાં જ તત્પર રહો.
બાળપણમાં,યૌવનમાં,વૃદ્ધાવસ્થામાં,સુખ-દુઃખમાં,અને જાગ્રત,સ્વપ્ન સુષુપ્તિ જેવા સમયમાં,પણ,
સ્વ-રૂપ ના અનુસંધાનમાં જ તત્પર રહો.
બાહ્ય-વિષયો-રૂપી મેલનો ત્યાગ કરી,મન નો અત્યંત નાશ કરી નાખી,અને
આશાઓ-રૂપી-પાશને અત્યંત કાપી નાખીને---સ્વ-રૂપના અનુસંધાનમાં જ તત્પર રહો.
આ ઇષ્ટ છે અને આ અનિષ્ટ છે-એવી ભેદ-દૃષ્ટિ દૂર કરીને સાર-ભૂત સ્વ-રૂપના અનુસંધાનમાં જ તત્પર રહો.

બુધ્ધિ,બહારના વિષયો અને ઇન્દ્રિયો-વગેરે પદાર્થો કે જે તમારા સ્વ-રૂપનો સ્પર્શ પણ કરી શકતા નથી,
તેઓનો-કોઈ પણ આગ્રહ નહિ રાખતાં,દ્વૈત અને સંકલ્પો થી રહિત થઈને પોતાના ચૈતન્ય-માત્રમાં જ તત્પર રહો.
જાગ્રતમાં પણ સુષુપ્તિના જેવી,નિર્વિકલ્પ-સ્થિર-સ્થિતિની ભાવના રાખી,
"જે કંઈ છે તે સઘળું હું છું"એમ વિચાર કરીને કેવળ -સત્તા-રૂપે રહો.

જન્મ-મરણ-વગેરે દશાઓથી રહિત થઇ,સર્વત્ર મુક્ત-પણાથી યુક્ત થઇને,
અને "બુધ્ધિની- સઘળી વસ્તુઓ નો હું જ પ્રકાશક છું" એવો નિશ્ચય કરીને,પોતાના ચૈતન્ય-માત્રમાં જ તત્પર રહો.
ભેદ-બુધ્ધિનો (આ હું છું અને આ બીજો છે-તેવી બુધ્ધિનો) ત્યાગ કરીને,જગતની સ્થિતિમાં દેખાતા,
સઘળા વિભાગોને મિથ્યા સમજી,આત્માનું અવલંબન કરીને સ્થિર થાઓ.

કેવળ ધૈર્યને જ ધરનારી -ઉદાર બુધ્ધિથી,મનના આશાઓ-રૂપી પાશોને કાપી નાખી,
ધર્મ-અધર્મ બંનેથી રહિત થાઓ.
તમે કેવળ જ્ઞાન-સ્વ-રૂપ જ રહીને સ્વ-રૂપ નો જ આસ્વાદ લીધા કરશો તો -
હલાહલ-નામનું ઝેર પણ અમૃત થઇ જશે.(બ્રહ્મ-વિદ્યા (જ્ઞાન) થી સર્વ અમૃત થઇ જાય છે)
અંશ થી રહિત થઇ,અને નિર્મળ એવું પોતાનું સ્વરૂપ જયારે ભુલાઈ જાય છે,
ત્યારે જ સંસાર-રૂપી ભ્રમ ના કારણ-રૂપ મોટો મોહ ઉદય પામે છે-
પણ,જયારે પોતાના સ્વ-રૂપમાં સ્થિતિ થાય ત્યારે-તે મોટો મોહ નાશ પામે છે.

તમે જયારે આશાઓ-રૂપી મહાસાગર ને તરીને આત્મ-સ્વ-રૂપ ને અનુસરશો,
ત્યારે તમારું અખંડ જ્ઞાન,ચારે બાજુ ફેલાશે.
હે,રામ, સ્વ-રૂપનું અવલોકન કરતાં અને અદ્વૈત આનંદમાં રહેલા પુરુષને,દેવલોક નું અમૃત,
(કે જે,આત્માનંદ ના સ્વાદમાં વિઘ્ન-રૂપ હોવાને લીધે) પણ ઝેર જેવું લાગે છે.(એટલે કે આત્માનંદ શ્રેષ્ઠ છે)
હે,રામ,જેઓ,અમારા જેવા,સ્વ-ભાવ (બ્રહ્મ-ભાવ) ને પામેલા હોય છે તેમની સાથે જ અમે મૈત્રી કરીએ છીએ.
કેમ કે-દેહાદિ-માં અહં-ભાવ રાખનાર જે બાકીના લોકો છે
તેઓ તો-"પુરુષ-નામ"ને ખોટી રીતે ધરાવનારા,અને પશુ સમાન જ છે.(એટલે કે તેઓ મનુષ્ય જ નથી)

મોટા ઉત્કર્ષ ને પામેલા,અને અખંડ સ્વ-રૂપના જ્ઞાનને લીધે,સર્વ થી ઉન્નત થયેલા તત્વવેત્તાને,
સૂર્ય વગેરેનાં  બીજાં તેજો નકામાં જ લાગે છે-કેમ કે-તે બ્રહ્મ-વિદ્યાથી સ્વ-રૂપના પ્રકાશને  પ્રાપ્ત થયેલા છે.
સઘળા તેજસ્વી પુરુષોમાં,.સિધ્ધિઓવાળા પુરુષોમાં,બળવાન પુરુષોમાં,ઉન્નતિવાળા પુરુષોમાં -પણ-
તત્વવેત્તા (બ્રહ્મ-વિદ્યાથી સ્વ-રૂપના પ્રકાશને  પ્રાપ્ત થયેલ) અત્યંત ઉત્તમ પુરુષ મનાય છે.
બ્રહ્મને (સ્વ-રૂપ ને) જાણનારા આવા ઉત્તમ પુરુષો જગતમાં ઈશ્વરના ઉત્તમ પ્રકાશથી શોભે છે.

સંસાર-સંબંધી અનેક દુઃખદાયી કડાકૂટ કર્યા કરતો,આત્મજ્ઞાન વિનાનો પુરુષ,
ભલે,ધરતી પર ધામધૂમથી ફરતો હોય,તો પણ તે શબ જ ફરે છે તેમ સમજવું.
જીવતો તો કેવળ આત્મવેત્તા પુરુષ ને જ સમજવો.
કારણકે-ચિત્તની ચંચળતા વધી જતાં,આત્મવેત્તા-પણું દૂર જતું રહે છે.
એટલે જ-પ્રાપ્ત થયેલા ભોગોના તિરસ્કારથી -અને- નહિ પ્રાપ્ત થયેલા વિષયો (ભોગો) ની તૃષ્ણાના ત્યાગથી,
સમજુ પુરુષે,ધીરેધીરે મનને સુકાઇ ગયેલા પાંદડાંની જેવું દુર્બળ કરી નાખવું.

ઇન્દ્રિય તથા દેહ -આદિ અનાત્મ-પદાર્થો માં "હું છું" એવી ભાવના રાખવાથી,
દેહના પોષણ ની અત્યંત ચિંતા રાખવાથી,અને પુત્ર-સ્ત્રી-કુટુંબ-વગેરેમાં મમતા રાખવાથી-
ચિત્તની ચંચળતા વધી જાય છે.
મનુષ્યમાં અહંકાર વધવાથી,કુટુંબમાં આસક્તિ રાખવાથી અને-
"જે શરીર છે તે જ હું છું" એવી ભાવના રાખવાથી  ચિત્તની ચંચળતા વધી જાય છે.
દેહમાં અહંભાવ-કે જે જરા-મરણ-આદિ અનેક દુઃખ દેનાર છે,વળી,તે અહંકાર નકામો જ વધ્યા કરે છે,તથા,
તે,કામ-ક્રોધ-વગેરે દોષો-રૂપી સર્પોના કરંડિયા-રૂપ હોવાથી ચિત્તની ચંચળતા વધી જાય છે.

આ સંસાર મનોહર છે,અને તેમાં અમુકથી લાભ છે અને અમુકથી હાનિ છે,
એવો વિશ્વાસ થતાં ચિત્તની ચંચળતા વધી જાય છે.
સ્નેહ,ધન અને સ્ત્રી-વગેરે નો લોભ-કે જે ઉપટ ટપકે જોતાં રમણીય લાગે છે -
પણ પરિણામે દુઃખદાયી છે,તેથી ચિત્તની ચંચળતા વધી જાય છે.
આ ચિત્ત-રૂપી સર્પ,આશાઓ-રૂપી દૂધ પીને વિષયો-રૂપી ઉંદરનો ચારો મળવાથી-વધારે ચંચલ બની જાય છે.

હે,રામ, આ ચિત્ત-રૂપી ઝાડ,પર્વત જેવડું મોટું છે,શરીર-રૂપી ઊંડા ખાડામાં લાંબા કાળથી ઉગીને જામેલું છે,
ચિંતાઓ-રૂપ મંજરીઓ વાળું,જરા-મરણ-વગેરે વ્યાધિઓ-રૂપી ફળ થી નમી ગયેલું છે.
વિષયોના ઉપભોગો-રૂપી અનેક ફૂલો-વાળું છે,અને કલ્પનાઓ-રૂપી પાંદડાઓ વાળું છે.
તેને,(તે ચિત્તને) વિચાર-રૂપી-દૃઢ-કરવત થી કાપી નાખો.

હે,રામ,શરીર-રૂપી વનમાં રહેલો,ચિત્ત-રૂપી-ઉગ્ર-હાથી,કે જે,સંસાર-રૂપી-પહાડના બહારના
વિષયો-રૂપી-શિખર પર બેસનારો છે,એ હાથી પહાડની અંદરની સંકલ્પો-રૂપી ગુફામાં પેસીને આરામ લઇ
શકતો નથી.
જેનાં (જે હાથીનાં) શાસ્ત્ર અને અનુમાન-રૂપી બે નેત્રો અવિવેક-રૂપી મદથી ચકચૂર થઇ ગયાં છે-
તેને વિચાર-રૂપી-નખો ની અણીઓથી અત્યંત રીતે ચોળી નાખો.
(આમ અહીં ઉપર મુજબ -ચિત્તને,સર્પ,ઝાડ,હાથી વગેરે સાથે સરખાવી,પછી પણ કાગડા,પિશાચ,અજગર,
ગીધ,વાનર,દોરડા (પાશ) વગેરે સાથે પણ,લંબાણ થી સરખાવવામાં આવ્યું છે)

હે,રામ, જેમ અસ્ત્ર ની યુક્તિથી,ભયંકર અસ્ત્ર ને પણ શમાવવામાં આવે છે,
તેમ શુધ્ધ ચિત્તથી,મલિન ચિત્તને શમાવી નાખી,
અખંડ શોભા-વાળા થઇને તમે લાંબા દિવસો સુધી (વિષયોમાં) ચંચળ-પણાનો ત્યાગ કરી દો.

આ પ્રકારથી અને આગળ કહેલા તત્વ-બોધના પ્રકારથી,અંદર શાંત કરેલા મનને નિર્મળ કરી,
તે નિર્મળ મન વડે,સ્થૂળ-સુક્ષ્મ અને કારણ-દેહ પર્યંત (સુધી)-સઘળા દૃશ્ય (જગત)ને-
"આ ત્યાજ્ય જ છે" એવી દૃષ્ટિ થી તેને તુચ્છ-રીતે જ જોઇને,
સંસારનો પાર પામીને,તમે લીલા-માત્ર થી,ખાન-પાન કરો,શાસ્ત્રોક્ત કાર્યમાં વિહાર કરો,અને
શાસ્ત્ર થી અવિરુધ્ધ -એવા લૌકિક  કાર્યો માં પણ (અનાસકત થઈને) રમણ કરો.

**<u>(૫૧) શાંત-પદમાં શાંતિ ઇચ્છનાર ઋષિ ઉદ્દાલક</u>**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, ચિત્તની વૃત્તિઓ કે જેઓ પરલોકના વિષયો સુધી પણ પહોંચી શકે તેવી લાંબીલાંબી છે, વળી,આ ચિત્તની તે વૃત્તિઓ વાસનામય હોવાને લીધે-સુક્ષ્મ છે,તેથી -જો સમાધિમાં જરાક પ્રમાદ થઇ જાય તો- સમાધિના સુખને કાપી નાખે  તેવી અત્યંત તીક્ષ્ણ છે-માટે તે ચિત્તની વૃત્તિઓમાં પ્રમાદથી વિશ્વાસ રાખશો નહિ.

હે,નીતિના વિષયમાં પ્રવીણ રામ,ઉત્તમ કુળમાં તમને આ શરીર મળ્યું છે -વળી, આત્મા-ના પરિચય વાળી બુધ્ધિ તમને પ્રાપ્ત થઇ છે,તેને વિવેક થી પોષણ આપી અને તેનું રક્ષણ કરજો.

હે,મારાં વાક્યોના મુખ્ય તત્વ ને જાણનારા,રામ,
જેમ મોર,મેઘના શબ્દ ની ભાવના કરવાથી સુખ પામે છે,
તેમ,તમે મારા વાક્યના અર્થની જ ભાવના કરવાથી સુખ પામશો.
તમે સઘળા પ્રપંચને ઉત્પન્ન કરનારાં,પૃથ્વી-આદિ પાંચ ભૂતોને કાપી નાખીને,તથા વીંધી નાખીને,
ઉદ્દાલક મુનિ ની પેઠે અત્યંત ધીર બુધ્ધિથી અંદર વિચાર કરો.

રામ કહે છે કે-હે,મહારાજ,ઉદ્દાલક મુનિએ કયા ક્રમથી પાંચે ભૂતોને કાપી નાખીને તથા
વીંધી નાખીને અંદર વિચાર કર્યો હતો? તે મને કહો.

વસિષ્ઠ કહે છે કે-પૂર્વે,ઉદ્દાલક મુનિએ જે રીતે -ભૂતો (પંચમહાભૂતો) નો વિચાર કરવાથી અખંડિત બ્રહ્મ-વિધા પ્રાપ્ત થઇ હતી તે -રીતને હું કહું છું તે તમે સાંભળો.

પૂર્વે, ગંધમાદન નામના એક મોટા પર્વતમાં,મોટા વૃક્ષો ની છાયા-વાળા,ઊંચા પ્રદેશમાં,
યત્નોથી પુરુષાર્થને સિધ્ધ કરવાના અભિમાનવાળો,મહાબુધ્ધિમાન,મૌનવ્રત ને ધારણ કરનારો,અને જેને હજી યુવાની પ્રાપ્ત થઈ નહોતી,એવો ઉદ્દાલક નામે એક મહાન તપસ્વી રહેતો હતો.

એ ઉદ્દાલક પહેલાં,તો,થોડી બુધ્ધિવાળો,વિચાર વિનાનો,અણસમજુ,સારી વાસનાઓથી ભરેલા અંતઃકરણવાળો હતો અને તેને બ્રહ્મપદ માં વિશ્રાંતિ મળી નહોતી.
પછી એ મુનિમાં અનુક્રમે તપથી,શાસ્ત્રોમાં કહેલા નિયમો પાળવાથી અને સદાચાર પાળવાથી,
વિવેક નો ઉદય થયો.અને કોઈ સમયે તે મુનિને વિચાર થયો કે-
મુખ્યત્વે કરીને પામવા જેવો કયો પદાર્થ છે? કે જેમાં શાંતિ મળવાથી કદી પણ શોક કરવો ના પડે?
જેને પામીને ફરીવાર જન્મ નો સંબંધ થાય જ નહિ અને જેમાં મનના વ્યાપારો જ ના હોય તેવા
પવિત્ર પરમપદ માં હું ક્યારે વિશ્રાંતિ પામીશ? ભોગોની તૃષ્ણા મારી અંદર ક્યારે શાંત થઇ જશે?

"આ કામને પહોંચી વળીને આ બીજું કામ કરવું છે" એવી જાતની કલ્પના ને -
હું-ઉત્તમ-પદમાં શાંત થયેલી બુધ્ધિ વડે ક્યારે હસી કાઢીશ?
જગત-રૂપી આ જાળ,મારા ચિત્તમાં આભાસમાત્રથી રહેલી હોવા છતાં,પણ,
તે ચિત્તને વળગે નહિ-એવો સમય ક્યારે આવશે?
જગતનાં પ્રાણીઓ -જે આ ગરબડભરેલી ખોટીખોટી ક્રિયાઓ (કર્મો) કરે છે,તેને હું ક્યારે હસી કાઢી શકીશ?

વિકલ્પો થી વિક્ષેપ પામેલું,અને હિંડોળા ની જેમ ઝૂલ્યા કરતુ મારું મન,ક્યારે શાંત થશે?
હું ક્યારે બ્રહ્મા જેવો પૂર્ણ બુધ્ધિવાળો થઇને,નાતે તે બુધ્ધિથી ઉદય પામેલા,સ્વ-રૂપના સ્મરણથી,
જગતની સ્થિતિઓની સામે હસ્યા કરતો કરતો,ક્યારે પોતામાં જ સંતોષ પામીશ?
હું અંદર એકરસ સ્વ-રૂપવાળાઓ,સૌમ્ય અને સઘળી વસ્તુઓમાં સ્પૃહા વિનાનો થઈને ક્યારે શાંતિ પામીશ?

હું અહી આ પર્વતની ગુફાની અંદર,નિર્વિકલ્પ સમાધિને લીધે,બ્રહ્માકાર મનવાળો થઈને,
સંસારનું  અનુસંધાન-નહિ- રહેવાથી,પથ્થરના જેવી સ્થિરતાને ક્યારે મેળવી શકીશ?

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,આ પ્રમાણે વનમાં ચિંતા ને પરવશ થયેલો ઉદ્દાલક બ્રાહ્મણ,
તે ગુફામાં બેસીને,વારંવાર ધ્યાનનો,અભ્યાસ કરવા લાગ્યો,
પણ,અભ્યાસ કરવા છતાં પણ,તેનું વાંદરા જેવું ચંચલ મન,વિષયોમાં ખેંચાવાને લીધે,
તેને પ્રીતિ આપનારી સમાધિની સ્થિતિ પ્રાપ્ત થઇ નહિ.
અને (વળી) કોઇ સમયે,બહારના વિષયોના સ્પર્શોનો ત્યાગ થયા પછી સમાધિમાં પ્રવેશ કરવાના સમયમાં,
તે મુનિનો તે,ચિત્ત-રૂપી વાંદરો,રજોગુણથી ક્ષોભ પામીને,અરુચિ-આળસ-વગેરે ઉદ્વેગોને પ્રાપ્ત થવા લાગ્યો.

તો,કોઈ સમયે તે મુનિનું ચિત્ત,હ્રદયાકાશમાં ઉગેલા સૂર્ય જેવા તેજને જોઇને -
વળી પાછું,વિષયોમાં દોડી જવા લાગતું,
અને,કોઈ સમયે તેનું ચિત્ત અજ્ઞાન-રૂપી અંધકારનો સહેજ ત્યાગ કરીને,
વળી પાછું તરત જ (ચિત્તમાં) વિષયોની વાસના,જાગ્રત થવાને લીધે,
વિષયોમાં લંપટ થઇને ત્રાસ પામેલા,પક્ષીની જેમ છટકી જવા લાગતું.

(તો) કોઈ સમયે તેનું ચિત્ત,બહારના વિષયોમાં ડૂબીને (અજ્ઞાન ની સ્થિતિ)
તથા- સમાધિના સુખોનો પણ ત્યાગ કરીને (આત્મપ્રકાશની સ્થિતિ)
એ બંનેની સંધિમાં લીન થઈને -લાંબા ગાળા સુધી નિંદ્રા-રૂપી સ્થિતિને જ પામવા લાગ્યું.

આ પ્રમાણે,ધ્યાનના આનંદો લેવા માટે,નિત્ય ઉગ્ર ગુફાઓમાં રહેતો,
અને જેના વિચાર ધ્યાનમાં જ લાગેલા રહેતા હતા,તેવો તે ઉદ્દાલક,
તુચ્છ તૃષ્ણાના તરંગો થી ચલાયમાન થવાને લીધે,વ્યાકુળ થઈને,સંકટમાં રહેવા લાગ્યો.
પછી,આ રીતે જેનું મન વ્યાકુળ થઇ ગયું હતો તેવો તે ઉદ્દાલક,નિત્ય પર્વતમાં ફરવા લાગ્યો.
ફરતાં ફરતાં તેને,એક દિવસ એક બીજી,અતિસુંદર ગુફા જોવામાં આવી.

## (પર) ઉદ્દાલકે પોતાના મનને અનેક પ્રકારો વડે સમજાવ્યું

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,ઘણા ભ્રમણ કર્યા પછી તે ઉદ્દાલકને એવી સુંદર ગુફા જોવામાં આવતાં,
તેણે તે ગુફામાં પ્રવેશ કરીને પોતાનું આસન બિછાવીને,ચિત્તની વૃત્તિઓ ને પાતળી પાડી દઈને,શુધ્ધ થઈને,
મૌનવ્રત ધારણ કરીને તે આસન પર સ્થાન ગ્રહણ કર્યું.
અને નિર્વિકલ્પ સમાધિને માટે,તેણે મનને સમજાવવા-રૂપ નીચે પ્રમાણે વિચાર કર્યો.

ઉદ્દાલક સ્વગત કહે છે કે-હે,મૂર્ખ મન, તને સંસારની વૃત્તિઓનું શું પ્રયોજન છે?
જે,સમજુ હોય તે-પરિણામે દુઃખ દેનારી ક્રિયાઓનું સેવન કરે જ નહિ.
જે મનુષ્ય,ઉપશમ-રૂપી રસાયણ ને છોડીને ભોગો તરફ દોડે,
તે મનુષ્ય,કલ્પ-વૃક્ષ ના વનને છોડીને ઝેરી જંગલ માં જાય છે,એમ સમજવું.

હે,ચિત્ત તું,પાતાળમાં જઈશ કે બ્રહ્મલોક માં જઈશ પણ,ઉપશમ-રૂપી-અમૃત વિના તને શાંતિ મળવાની નથી.
હે,ચિત્ત,તું જ સેંકડો આશાઓથી ભરપૂર રહીને,સઘળાં દુઃખોને જ ભોગવ્યા કરે છે,
એટલા માટે તું હવે ભોગો ભોગવવાની આશાઓ ત્યજીને-અત્યંત સુંદર અને કલ્યાણ-રૂપી નિર્વાણ-પદમાં જા.

હે,ચિત્ત,આ સારા પદાર્થો મેળવવા કે ખરાબ પદાર્થો,ત્યજી દેવા-વગેરે વિચિત્ર કલ્પનાઓ તને દુઃખ દેનારી જ છે.
તેં શબ્દ-સ્પર્શ-આદિ નીચ વૃત્તિઓથી અંધ થઇને આટલા કાળ સુધી,ભુવનોમાં અત્યંત ભ્રમણ કરીને શું મેળવ્યું?
હે,મૂર્ખ ચિત્ત,સઘળી વૃત્તિઓના ઉપશમ-રૂપ સમાધિ કે જેમાંથી,વિદેહ-કૈવલ્ય-રૂપી-સુખ મળવાનો તથા,
જીવન-મુક્તિ-રૂપ આરામ મળવાનો સંભવ છે,માટે તેમાં તું શા માટે દૃઢ ઉદ્યોગ કરતુ નથી?

હે,મૂર્ખ ચિત્ત,મૃગ (કાનની ઇન્દ્રિય),ભ્રમર (નાકની ઇન્દ્રિય) પતંગિયું (આંખની ઇન્દ્રિય) હાથી (ચામડી ની ઇન્દ્રિય)
મત્સ્ય (જીભ ની ઇન્દ્રિય) વગેરે તો પોતાની એક એક ઇન્દ્રિયના વિષયોના લાલચ-રૂપી અનર્થથી માર્યા જાય છે,
તો પછી,તું કે જે,આવા સઘળા વિષયોની લાલચો-રૂપી-સર્વ અનર્થો થી વ્યાપ્ત છે-તો તને કેમ સુખ મળે?
જેમ,કોશેટાનો કીડો,પોતાની લાળ ને પોતાના,બંધનને માટે જ બનાવે છે-
તેમ,તેં વાસનાઓની જાળને પોતાના બંધન માટે જ ફેલાવેલી છે.

હે,ચિત્ત જો તું સંસાર-રૂપી રોગને ત્યજીને શુધ્ધ થઈને-સંપૂર્ણ રીતે શાંત થઇ જાય
તો જ તને અત્યંત વિજય મળ્યો કહેવાય.
હે,ચિત્ત,તું આ જગત સંબંધી પ્રવૃત્તિને,જન્મ-મરણ તથા દુઃખ-દારિદ્રય આદિ અનેક દશાઓને આપનારી,
અને પરિણામે પરિતાપો જ ઉત્પન્ન કરનારી જાણવા છતાં,પણ ત્યજી નહિ દે-તો દુઃખી જ થઈશ,એમાં સંશય
નથી.અરે,અરે,પણ તું કે જે મારા અહિત-રૂપ જ છે તેને હું -આ હિત નો ઉપદેશ શા માટે આપું છું?
તને તો બળાત્કારથી વશ કરીને,વિચારથી તારો નાશ કરવો જ યોગ્ય છે.

વિચારવાળા પુરુષને તું (મન) રહેતું જ નથી.એટલે પછી તેને ચિત્તનો નાશ કરવામાં જુદો યત્ન કરવાની પણ કંઈ
જરૂર નથી,કેમ કે તે વિચારવાળા પુરુષના મૂળ અજ્ઞાનનો નાશ થયેલો હોવાથી તેમના ચિત્તનો નાશ થઇ જાય
છે.ચિત્ત શુધ્ધ થઈને પાતળું થઇ જાય એટલે તે ક્ષીણ થયું એમ માનવામાં આવે છે.
જો કે ચિત્ત કે જે મુદ્દલે છે જ નહિ,અને જો તે (ચિત્ત) છે- તો તે વિચાર-માત્રથી નષ્ટ થઇ જાય તેવું છે-
માટે જ તેને (ચિત્તને) શિખામણ દેવી એ આકાશને પ્રહાર કરવાની પેઠે નકામી જ છે.

હે,ચિત્ત,હું તને શિખામણ નહિ દેતાં-તારો ત્યાગ જ કરું છું,
કેમ કે -જેનો ત્યાગ કરવો યોગ્ય હોય તેને શિખામણ દેવી તે મોટી મૂર્ખતા જ કહેવાય છે.
હે,મિથ્યા-ભૂત ચિત્ત, હું તો વિકલ્પોથી રહિત છું,સ્વયંપ્રકાશ ચૈતન્ય-રૂપ છું,
તથા અહંકારની વાસના વિનાનો છું,માટે તું કે જે અહંકારના બીજ-રૂપ છે,તેની સાથે મારે સંબંધ જ નથી.
"આ દેહ હું છું" એવું વ્યર્થ અભિમાન તેં જ કરાવી દીધું છે,એ તારો મોટો અપરાધ છે,
દેશ-કાળ-આદિના માપમાં નહિ રહેનારા આત્માની તારામાં મર્યાદિત (દેહાદિના અહંભાવ ની) સ્થિતિ,
થવી સંભવતી જ નથી.માટે એ દુષ્ટ અભિમાન ખોટા કારણથી જ (તારા લીધે જ) થયેલું છે.

વળી,અનેક દુઃખોને આપનારી વાસનાઓને અનુસરનાર તું જ છે-માટે હું તારો ત્યાગ કરું છું.
જે પુરુષ બાળક જેવો અવિચારી હોય,તેને જ તે (વાસનાઓ) સંબંધી મોહ થવો ઘટે.
પણ,હું કે જે વિચારવાળો છું તેને એ મિથ્યા મોહ શું પદાર્થ છે? (કંઈ નથી)
પગના અંગૂઠાથી માંડીને માથા સુધીના સઘળા અવયવો નું મેં કણકણ જેટલા વિભાગો પાડીને,વિવેચન
કરી જોયું,પણ તેમાં જે "હું કહેવાય છે" (અહં) તે કોણ છે તેનો પત્તો મળતો નથી.તે કોણ હશે?

હું પોતે,તો સઘળી દિશાઓથી ભરપૂર,દેશ-કાળ-વસ્તુ ના માપથી રહિત,
કોઈ બીજાથી જણાય નહિ એવું,અને વાસ્તવિક રીતે કોઈ પણ અનાત્મ-વસ્તુ-રૂપે ગોઠવાય નહિ-
તેવું ત્રૈલોક્યમાં જે-એક જ અનુભવાત્મક ચૈતન્ય છે-તે છું,
માટે મને દેહાદિક મર્યાદિત વસ્તુમાં અભિમાન થવું સંભવતું નથી.

હે,ચિત્ત,હું પોતે અનુભવ-રૂપ છું,એટલા માટે મારા સાક્ષી-સ્વ-રૂપ થી -
હું તને,જ્ઞેય-પદાર્થ-રૂપ અને અહંતા-રૂપ-આદિ દુઃખોના કારણ-રૂપ જાણું છું.
માટે હવે હું -આવા-વિવેકથી ઉત્પન્ન થયેલા,બોધ-રૂપી શસ્ત્રનું ગ્રહણ કરીને તને મારી નાખું છું.

જે ગતિ-રૂપ અંશ છે તે પ્રાણોનો છે,જે બોધ-રૂપ (જ્ઞાન-રૂપ) અંશ છે તે મહા-ચૈતન્ય નો છે,તો-
જે જરા અને મરણ-રૂપ અંશો છે તે શરીર ના છે,તો તેઓમાં "હું" એમ માની બેસનાર કોણ હશે?
જે માંસ છે,જે રુધિર છે,જે અસ્થિ છે,જે બોધ છે,કે જે ગતિ છે-તે કોઇ પણ અહં-પદ નો અર્થ નથી,
તો-અહં-પદ ના અર્થ-રૂપ તે કોણ હશે?
આ જ્ઞાનેન્દ્રિયો (નાક-કાન-વગેરે)છે તેમાં "હું" ને માની બેસનાર તે કોણ છે?

વાસ્તવિક રીતે વિચારી જોતાં,<u>મન</u> (કે ચિત્ત) છે તે પણ અહં-પદના અર્થ-રૂપ હોવાનો સંભવ નથી,
જે <u>વાસના</u> છે તે પણ અહં-પદ ના અર્થ-રૂપ હોવી સંભવતી નથી,
અને <u>આત્મા</u> છે-તેને પણ અહં-પદ નો સ્પર્શ પણ હોવો સંભવતો નથી.
આત્મા કેવળ શુધ્ધ ચૈતન્ય-પણે જ પ્રકાશે છે,માટે તેને "અહં" પદ લાગુ પડી શકે જ નહિ.

માટે-કાં તો "હું સર્વનું અધિષ્ઠાન છું માટે હું સર્વ-રૂપ છું"
અને કાં તો-"જે સર્વ કંઈ છે તે સર્વ પણ હું નથી" એમ માનવું યથાર્થ છે.
પણ,"જે મર્યાદિત દેહ છે તે હું છું" એમ માની લેવું તે ભૂલ ભરેલું છે અને તે સંભવિત નથી.

આ અજ્ઞાન-રૂપી ધૂતારાએ મને ઘણા દિવસથી પોતાની અહંતાથી ઠગીને મને હેરાન કર્યો છે,પણ,
હવે એ અજ્ઞાન-રૂપી ચોરને મેં ઓળખી લીધો તે સારું થયું.
મારા સ્વ-રૂપ-રૂપી-ધન નું હરણ કરનારા એ ચોરનો હું હવે -ફરી કદી પણ વિશ્વાસ કરીશ નહિ.
હું તો સર્વ દુઃખ થી રહિત છું,જયારે તે અજ્ઞાન-રૂપી ચોર તો સદા દુઃખમય જ છે,
માટે હું તેનો નથી અને તે મારો નથી.

મારે તો સર્વથા-અહંકાર-આદિ છે જ નહિ,તો પણ નટ,જેમ તાત્કાલિક વેશથી,બીજા-રૂપ થાય છે-
તેમ,તાત્કાલિક,કલ્પનાના અંશથી હું અહંકાર-રૂપ થઇ બોલું છું,જાણું છું,રહું છું અને ચાલુ છું.
આમ, હવે,હું પોતાના આત્મા ના અવલોકન ને લીધે અહંકાર રહિત થયો છું,અને હું હવે નિશ્ચયથી માનું છું કે-
ચક્ષુ -વગેરે ઇન્દ્રિયો વગેરે આ દેહમાં રહે કે જતી રહે-તો પણ એમને અને મને કંઈ લાગતું-વળગતું નથી.

હાય,આ જગત-રૂપી-બાળક ને ભૂતની પેઠે નડનારો,આ અહંકાર કોણ છે?
શી રીતે છે? અને કોને તેને કલ્પેલો છે?
આટલા લાંબા સમય સુધી હું નકામો જ આ અહંકાર-રૂપી ખાડામાં અથડાયો છું.
ઇન્દ્રિયો તેમના વિષયમાં જતી હોય તો ભલે જાય,પણ તે ઇન્દ્રિયોના વિષયોના રસનું ગ્રહણ કરવામાં
"હું રસ લઉં છું"એમ માનનારો દુષ્ટ અહંકાર,કોણ છે? અને ક્યાંથી આવ્યો છે?
મને તો આ અહંકાર એક પ્રકારનો ભ્રમ જ જણાય છે.
ઇન્દ્રિયોના કાર્યમાં "હું કરું છું"-તેવી જે કલ્પના થાય છે,એ તો ઝાંઝવાના પાણીની પેઠે,નકામું તૂત જ છે.
માટે તે અહંકારના હોવાથી જે "આ દેહ હું છું" એવી જે આસક્તિ થાય છે,તે પણ એક જાતની ભ્રાંતિ જ છે.

દેહમાં અહંભાવ રૂપી જે વાસના છે તે ટળી જશે,તો દેહનું જીવન જ નહિ રહે,જો કે-
વાસના વિનાનો દેહ પણ ચક્ષુ-આદિ ઇન્દ્રિયો ને લીધે,પોતાની મેળે,પોતાના જીવન રૂપ બહારના કાર્યોમાં,
વ્યવહાર કરી શકે તેમ છે.પણ,આમ,દેહની પ્રવૃતિમાં વાસના કારણ-રૂપ છે જ નહિ.

હે,ચિત્ત,વાસના વિનાનું કામ કરવામાં આવે,તો તે ઇન્દ્રિયો ના તાત્કાલિક ભોગના આભાસમાં
"હું સુખી છું કે દુઃખી છું" એવું અભિમાન થાય જ નહિ,અને ભવિષ્યમાં પણ સુખ-દુઃખો નો અનુભવ થાય નહિ.

માટે,હે,મૂર્ખ ઇન્દ્રિયો,માટે અંદરથી,પોતપોતાની વાસના છોડીને,પછી સઘળાં કાર્ય કરો,
કે જેથી તમને કોઈ દુઃખ જ પ્રાપ્ત થશે નહિ.
તમે જ વિષયોની અને વિષયોના નાશથી દુઃખની આ ખોટી કલ્પના ઉત્પન્ન કરી છે.
જેમ,તરંગ આદિ પદાર્થો એ જળથી જુદા નથી,તેમ,વાસના આદિ સઘળા પદાર્થો,આત્મા થી જુદા નથી,
એવો નિશ્ચય જ્ઞાની ને હોય છે,પણ અજ્ઞાની ને હોતો નથી.

હે,ઇન્દ્રિયો-રૂપી બાળકો,જેમ કોશેટાના મૂઢ કીડાઓ પોતે જ ઉત્પન્ન કરેલા તંતુથી ખરાબ થાય છે,
તેમ તમે પણ પોતાની તૃષ્ણાથી જ ખરાબ થાઓ છો.
તમે પોતાની તૃષ્ણાને લીધે જ અવળા માર્ગોમાં પડીને,જરા અને મરણનાં સંકટોમાં જાતે જ લોટો છો.
જેમ,છિદ્રોમાં પરોવાયેલી દોરી જ મોતીઓ ને એકઠાં બાંધવાના કારણ-રૂપ થાય છે,
તેમ,વાસના જ તમને (ઇન્દ્રિયોને) એકત્ર બાંધવામાં કારણ-રૂપ થયેલી છે.

આ વાસના,કેવળ ભ્રાંતિથી જ થયેલી છે,માટે વાસ્તવિક રીતે -તો તે સાચી છે જ નહિ,અને તે,
સંકલ્પના ત્યાગ-માત્ર થી કપાઈ (મરી) જાય છે.આ વાસના જ તમને (ઇન્દ્રિયોને) મોહ પામતા કરી દેવાને માટે
તથા મરણ આદિના દુઃખો દેવાને કારણરૂપ થયેલી છે.

હે,સઘળી ઇન્દ્રિયો ના આધાર-રૂપ-ચિત્ત,માટે તું સઘળી ઇન્દ્રિયો સાથે એક-મત થઈને,
પોતાના મિથ્યા-રૂપ-પણાનો નિશ્ચય કરી,નિર્મળ અને પરમ-બ્રહ્મ-રૂપ થઈને રહે.
હે,ચિત્ત,તું,આવા,"વિષયોના ત્યાગ-રૂપ-મંત્ર" ની "યુક્તિ"થી,
આ છેડા વિનાની અને અજ્ઞાન-રૂપ-વિષમ-વિષયથી ઉત્પન્ન થયેલી,
"અહંતા" નામની વાસના-રૂપી-વિશુચિકા (કોલેરા) ને સારી પેઠે દૂર કરી નાખીને,
સંસાર થી રહિત એવા "પૂર્ણાનંદ-રૂપ" અને
જેને મરણ આદિના ભયો પહોંચી શકતા નથી તેવા પરમાત્મા-રૂપ થઇ જા.

**<u>(૫૩) આત્મા વાસના ને અહંકાર થી નિર્લેપ છે,તથા,મન અને શરીર પરસ્પર વેરી છે</u>**

ઉદ્દાલક (સ્વગત) કહે છે કે-જે ચૈતન્ય છે તે અપાર છે,અવધિઓથી રહિત છે,પરમાણુ કરતાં પણ સુક્ષ્મ છે,
અને વિષયોથી રહિત છે,માટે વાસના આદિ પદાર્થો એ ચૈતન્ય નો જરા પણ સ્પર્શ કરવાને સમર્થ નથી.
બુધ્દ્રિમાં તથા અહંકારમાં,ચૈતન્ય નાં પ્રતિબિંબો પડવાને લીધે,
"જડ ઇન્દ્રિયોએ વિસ્તારેલી,મિથ્યા-વાસનાઓ" નો "મન" જ "અનુભવ" કરે છે.

"જાગ્રત" માં કરવામાં આવેલા,ઘણા ઘણા "વિષયોના વિચારો"થી અને "અનુભવેલા વિષયો"થી,ફરીવાર પણ,
મન જ "સ્વપ્ન" માં નાડીના છિદ્ર ની અંદર,તે વાસનામય વિષયોનો અનુભવ કરે છે.
પણ,હું તો નિર્લેપ ચૈતન્ય-રૂપ છું,માટે મને -તે વાસનાઓનો કે વિષયોનો લેપ થતો નથી.

ચૈતન્ય -તો-સર્વ-વ્યાપક છે અને જ્ઞાન-સ્વરૂપ છે,માટે તેને જન્મ-મરણ છે જ નહિ.
માટે,જો જીવને,પોતાના અવિનાશી-અદ્વિતીય-સ્વ-રૂપ નું દર્શન થાય-તો-તેને -
મરવું-કે કોઈના હાથ થી મરાવું-એવું કંઈ પણ રહે નહિ.
હકીકતમાં તો-જેને જીવન નું પ્રયોજન (અને જીવનમાં અતિ રસ) હોય તેને જ મરણ નો ભય લાગે છે,
પણ ચૈતન્ય ને તો જીવન નું પ્રયોજન જ નથી તો તેને મરણ નો ભય ક્યાંથી હોય?

ચૈતન્ય જ સર્વના આત્મા-રૂપ છે,અને સર્વના જીવન-રૂપ છે.માટે તેને કઈ વસ્તુ અપ્રાપ્તય  છે કે-
જેની તે ઈચ્છા કરે?અનેક દુષ્ટ વિકલ્પોની પંક્તિઓથી ભરેલી,જીવવા-મારવાની કલ્પના મન ને જ થાય છે,
પણ આત્મા કે જે નિર્મળ છે તેને થતી નથી.
આમ,જેને દેહાદિ માં અહંભાવ થયો હોય,તેને જ જન્મ-મરણો પ્રાપ્ત થાય છે.જયારે,આત્માને તો
દેહાદિમાં અહંભાવ થયો જ નથી,માટે તેને જન્મ-મરણની પ્રાપ્તિ ક્યાંથી જ હોય?

અહંકાર -એ મિથ્યા મોહ-રૂપ જ છે,મન એ જડ છે (કે જે વિચારથી નષ્ટ થઇ જાય તેવું છે,
અને શરીર તો માંસ-રુધિર મય છે-તો આમાંથી "હું દેવ છું" એવું અભિમાન ધરવાને કોઈ યોગ્ય નથી.
ઇન્દ્રિયો સર્વદા પોતાના અર્થે જ પોતપોતાના વિષયોની લાલચથી કામ કર્યા કરે છે,અને
વિષયો પોતાના સ્વ-રૂપ થી જ રહ્યા છે-તો તેઓમાં દેહાભિમાનને પોષણ આપીને ઉપકાર કરે-તેવું કોઈ નથી.

સત્વ-ગુણ-એ-પ્રકાશ આપવા-રૂપી પોતાનું કામ કર્યા કરે છે,
રજો-ગુણ પ્રવૃત્તિ આપવા-રૂપી પોતાના કામ માં જ તત્પર રહે છે,તમો-ગુણ મોહ આપવારૂપી કાર્ય કરે જાય છે,
માયા -એ ત્રણે ગુણો ના સામ્ય-રૂપ પોતાના સ્વભાવમાં જ રહે છે,અને
બ્રહ્મ પણ પોતાના સત્તા-રૂપ સ્વ-ભાવમાં જ રહ્યું છે-તો હવે આ સર્વમાં "હું દેહ છું" એવું અભિમાન કોણ કરી શકે?

આ દેહમાં જે આત્મા છે-તે તો સર્વમાં વ્યાપક,સઘળા દેહોમાં રહેનાર,સર્વ કાળ-મય અને સર્વથી મહાન,
પરમાત્મા જ છે,તેથી તેને પણ અહંકારનું પાત્ર ગણી શકાય તેમ નથી.

માટે આ અહંકાર-એ તે કોઈ જાતનો છે?કેવા આકાર-વાળો છે?કોણ છે? કેવો છે ?કોણે કરેલો છે?
શા કારણથી થયેલો છે?કેવા વર્ણન વાળો છે?કોના વિકાર-રૂપ છે ? અને શી ચીજ છે?
એમ કોઈ પણ રીતે તેનું વર્ણન કરી શકાતું નથી, માટે મિથ્યા જ છે.
આવા મિથ્યા-ભૂત અહંકારની ભાવના રાખીને હું શું લઉં? અને શું છોડી દઉં?
અહંકાર નામનો કોઈ પદાર્થ જ વિચારમાં ટકી શકતો નથી-કેમકે-તેને "તે છે" એમ કહેવામાં પણ કોઈ યોગ્ય
યુક્તિ નથી.માટે તે રજ્જુમાં દેખાતા સર્પ ની જેમ અનિર્વચનીય જ છે.

આ પ્રમાણે અહંકાર અનિર્વચનીય છે અને હું તો સદા સતા-રૂપ જ છું,
માટે મને અહંકાર નો સંબંધ શા કારણથી ઘટે? અને કયા પ્રકારથી ઘટે?
અહંકારનું હોવું-એ મુદ્દલે સંભવતું જ નથી,તો પછી તેની સાથે કોને સંબંધ ઘટે? અને કેવો સંબંધ ઘટે?
આ પ્રમાણે અહંકાર નો સંબંધ સિધ્ધ થતો જ નથી,માટે તેનાથી થતી,"તું અને હું" એ કલ્પના જ ઉડી જાય છે.

બ્રહ્મથી જુદા પદાર્થ ની શોધ કરવા બેસતાં,કોઈ જુદો પદાર્થ મળતો જ નથી,તેથી જગતમાં આ જે કંઇ સઘળું છે તે
બ્રહ્મ-રૂપ જ છે.અને હું પણ સત્તા-રૂપ છું માટે હું પણ બ્રહ્મ જ છું તો હવે વૃથા શોક શા માટે કરું છું?
એક જ નિર્મળ સ્વ-રૂપ,સર્વમાં વ્યાપક થઈને રહેલું છે,તો હવે અહંકાર-રૂપી કલંક નો ઉદય કેમ અને શાથી
સંભવે? આ જુદા જુદા જે પદાર્થો જોવામાં આવે છે-તેઓ મુદ્દલે છે જ નહિ,કેમકે જે કંઇ છે તે આત્મા જ છે.
અને કદાચ તે પદાર્થો છે,તેમ કલ્પવામાં આવે તો પણ -આત્માને તો-તે પદાર્થો સાથે કોઈ સંબંધ નથી.

જેમ, મન સ્વપ્નાવસ્થામાં પોતે પોતામાં જ સઘળા પદાર્થોને ઉત્પન્ન કરીને લીલા કરે છે,
તેમ જાગ્રત માં પણ મન જ પોતે,પોતામાં ઇન્દ્રિયો-આદિ-સઘળા પદાર્થો ને ઉત્પન્ન કરીને લીલા કરે છે.
આત્મા તો અસંગ છે-માટે તેને કોનો સંબંધ હોય? શા કારણથી સંબંધ હોય? અને કેમ સંબંધ હોય?
જેમ,પથરો,લોઢું અને સળી-એ એક જગ્યાએ પડ્યાં હોય તો પણ તેમને એકબીજા સાથે કંઈ લાગતું વળગતું નથી,

તેમ,દેહ,ઇન્દ્રિયો,મન તથા ચૈતન્ય-એ સઘળાં એક સ્થળે જોવામાં આવે પણ,
તેમને પણ એકબીજા સાથે કંઇ લાગતું વળગતું નથી.

ઉદ્દાલક સ્વગત કહે છે કે-આ અહંકાર રૂપી મોટો ભ્રમ અજ્ઞાનથી જ ઉઠેલો છે,માટે
"આ મારું છે અને આ બીજા અમુકનું છે" એમ માનીને જગત વૃથા જ ગોથાં ખાધા કરે છે.
"તત્વ" (આત્મ-તત્વ) નું અવલોકન નહિ કરવાથી જ ઉત્પન્ન થયેલો,આ અહંકાર-રૂપી ચમત્કાર -એ-
"તત્વ"ના અવલોકન થી પીગળી (નાશ પામી) જાય છે.

બ્રહ્મ થી જુદી સત્તા-વાળું કંઇ પણ નથી,જે કંઇ છે તે બ્રહ્મ જ છે,અને તે બ્રહ્મ મારું તત્વ છે-
માટે હું તેની જ ભાવના કરું.આ અહંકાર-રૂપી-બ્રહ્મ -કે જે મિથ્યા જ છે-
માટે તેનું (અહંકારનું) પાછું કદી સ્મરણ ના થાય તેમ તેને ભૂલી જવું જ યોગ્ય છે,એમ હું માનું છું.

અનાદિ કાળથી થયેલા આ અહંકાર-રૂપી-બ્રહ્મને તેના મૂળ-રૂપ-અજ્ઞાન ની સાથે ત્યજી દઈને,
શાંત થઈને હવે હું પોતાના-સ્વ-રૂપમાં જ રહું.
ભાવના વડે કરવામાં આવેલો દેહાદિમાં અહંભાવ (હું પણું) -એ-અનર્થો ના સમૂહ ને આપે છે,
પાપને ફેલાવે છે,અને સંતાપને જ ફેલાવે છે.એટલે કે અનેક દોષો ને ફેલાવ્યા કરે છે.
જન્મ ને અંતે મરણ અને મરણ ને અંતે જન્મ છે-અને સઘળા ભોગ્ય પદાર્થો,તેમના નાશ પામવાના સ્વભાવને
ક્ષણ-ભંગુર કહેવાય છે,અને અંતે દુઃખ આપે છે,માટે આ સંસાર-રૂપી-વેદના બહુ ભૂંડી છે.

દુષ્ટ-બુદ્ધિવાળાઓને "આ મળ્યું અને આ હવે મળશે" એવા પ્રકારની બળતરા આપનારી પીડા શાંત થતી જ
નથી."મારી પાસે આ વસ્તુ છે અને આ વસ્તુ નથી" એવી ચિંતા અહંકારને જ અનુસરે છે,એટલે-
જો અહંકાર-રૂપી વૃક્ષ રસ વિનાનું થઇ પથરા જેવું થઇ જાય,તો ફરી વાર તે અંકુરિત થતું નથી.
આ મિથ્યા જગત નો જે કંઇ ભેદ-રૂપ વ્યવહાર છે,તે પણ ખોટો જ છે,તો હવે-
"તું અને હું" એવો ભ્રમ ક્યાંથી બાકી રહે?

જેમ, ઘડો અનાદિ-કાળથી માટીમાં હતો,હાલ પણ માટીમાં જ છે અને ભવિષ્યમાં પણ માટીમાં જ રહેશે,
તેમ,દેહ,અનાદિ કાળથી બ્રહ્મમાં જ હતો,હાલ બ્રહ્મમાં જ છે અને ભવિષ્યમાં બ્રહ્મમાં જ રહેશે.
પૂર્વ-કાળ અને ઉત્તર(ભવિષ્ય)-કાળમાં કેવળ બ્રહ્મ-રૂપે જ રહેનારું -આ દેહાદિ-મધ્ય-કાળમાં
થોડીક વાર જડ-રૂપે વ્યવહાર કરતું જોવામાં આવે છે-તે પણ બ્રહ્મ જ છે.બીજી કોઇ વસ્તુ નથી.

આ જળના (ક્ષણિક) તરંગ જેવા,ક્ષણ-ભંગુર દેહમાં,જેઓ સ્થિર-પણા નો વિશ્વાસ રાખી બેસે છે-
તે કુબુદ્ધિ-લોકોને દુઃખી થનારા જ સમજવા.આ સઘળા નામ-રૂપો પહેલાં પણ નહોતાં,પછી પણ નહિ હોય,
પણ મધ્યમાં જ દેખાય છે-તો, તેવા પદાર્થોમાં વિશ્વાસ રાખવો,એ કેવું અભાગિયા-પણું છે !!!

જેને સત-કે અસત કહી શકાતું જ નથી અને જે વિચાર કરતાં ની સાથે જ છુપાઇ જાય છે,એવું ચિત્ત,
આદિ અને અંતમાં શાંત-બ્રહ્મ-રૂપે જ રહે છે, તો આ ચિત્ત મધ્ય-કાળમાં કોઈ અન્ય-રૂપે કેવી રીતે ઉદય પામે?
આમ,સંસાર-રૂપી ભ્રાંતિ અમુક (મધ્ય) સમયમાં જોવામાં આવે છે,અને પાછી તેના બાધથી તેને મિથ્યા સમજતાં,
તરત ક્ષીણ થઇ જાય છે.જે,સ્વપ્ન ની અંદર જોયેલા પદાર્થો થોડા સમય સુધી જ રહે છે-તેમ,
આ જગત-રૂપી ભ્રમ,એ મોક્ષ થતાં સુધી જ રહે છે.

હે,ચિત્ત,( તારું કલ્પેલું) કાળ નું ઓછા-વત્તા-પણું-એ-વ્યવહાર સંબંધી વસ્તુઓમાં,
સર્વદા સત્ય-પણાની ભ્રાંતિ ઉપજાવી,સુખ=દુઃખો ના નિમિત્ત-રૂપ તને જ પીડે છે.
જો કે તે તારો અપરાધ નથી પણ,હું (અહંકાર) કે-જે તારામાં "હું-પણા" નો મિથ્યા અભ્યાસ કરાવનાર છે,

તેનો જ (અહંકાર નો) જ અપરાધ છે,
કે જે અપરાધને લીધે,તું ઝાંઝવાનાં જળ ની પેઠે મિથ્યા હોવા છતાં,સાચા જેવું દેખાય છે.
અને જે તારું કરેલું (કર્મો વગેરે) હોય છે તે મારા (મનુષ્યના) કરેલા જેવું જ થઇ જાય છે.

ઉદ્દાલક સ્વગત કહે છે કે-આ દૃશ્યો (જગતના પદાર્થો) નું સઘળું મંડળ,મિથ્યા છે -
એવો દૃઢનિશ્ચય મનમાં આરૂઢ થાય તો-ભોગો ની સર્વ વાસનાઓ ક્ષીણ થઇ જાય છે.
મન જો રાગથી રહિત થઈને,અને વિષયોના વ્યસન ને ત્યજી દઈને,
આત્મા નું અવલોકન કરે-તો પોતાની મેળે જ શાંતિના સુખ ને પ્રાપ્ત થાય.

મન,શરીરને દુઃખ દેનાર હોવાથી,શરીરનો શત્રુ છે,અને શરીર મનને દુઃખ દેનાર હોવાથી મનનું શત્રુ છે.
અને આ મન અને શરીર-પોતામાંના -એક-ની વાસના નષ્ટ થવાથી,બીજું નષ્ટ થઇ જાય છે.
એટલે કે,મન ની વાસના નષ્ટ થઇ જાય તો શરીર નષ્ટ થઇ જાય છે,
અને શરીર ની વાસના નષ્ટ થઇ જવાથી મન નષ્ટ થઇ જાય છે.

આમ,મન અને શરીર,એકબીજાને દુઃખ દેનારાં હોવાથી,પરસ્પરનાં શત્રુ છે જયારે, પરસ્પરને આશ્રય આપનારાં
હોવાથી,પરસ્પરનાં મિત્ર પણ છે.તેઓનો મૂળ સહિત નાશ થાય-તો જ પરમ-સુખની પ્રાપ્તિ થાય એમ છે.
શરીરનું મરણ થતાં પણ જો મન જીવતું રહ્યું હોય તો મન ને બીજા શરીરની કલ્પના થાય છે,
માટે એકલા શરીરના મરણથી સર્વ દુઃખો નો નાશ થાય છે-એમ સમજવું નહિ.
આ રીતે, મન અને શરીર બંને જે ભેગાં થાય-ત્યાં તો અનર્થોના સમૂહો ધારાની પેઠે પડે છે.

જેમ,બાળક યક્ષને કલ્પી લે છે,તેમ મન,શરીરને કલ્પી લઇ,તે શરીરને જીવતાં સુધી ખાવાનું આપતાં,
તે શરીરને પોતાની આસક્તિ (વાસના) થતાં,સઘળાં દુઃખો આપે છે,માટે મન શરીરનો શત્રુ છે.
જયારે શરીર અનેક પ્રકારના રોગ વગેરે ઉત્પન્ન કરીને મન ને પીડવા ઈચ્છે છે,માટે શરીર મન નો શત્રુ છે.
જો કે મન એ શરીર ના બાપની જેમ છે,તો પણ બાપ જયારે પુત્રને અત્યંત દુઃખ લેવા લાગે ત્યારે
પુત્ર પણ,તેને દુઃખ દેવા તૈયાર થાય તે સ્વાભાવિક જ છે.

સ્વાભાવિક રીતે વિચારવામાં આવે તો-સ્વભાવથી કોઈ કોઈને શત્રુ કે મિત્ર નથી,
પરંતુ જે સુખ આપે તે મિત્ર અને દુઃખ આપે તે શત્રુ કહેવાય છે.
અહી,શરીર અને મન એ પરસ્પરનાં અત્યંત વિરોધી છે (એકબીજાને દુઃખદાયી છે)
તેઓનો પરસ્પર સમાગમ થવાથી સુખ પ્રાપ્ત થવાની આશા કેમ રાખી શકાય?

મન જો ક્ષીણ થઇ જાય તો શરીરને દુઃખો પ્રાપ્ત થવાનો સંભવ જ નથી
એટલે, શરીરે પણ મન નો ક્ષય કરવાની ઉત્કંઠા રાખીને જ્ઞાનનાં સાધનોમાં યત્ન કરવો યોગ્ય છે.
આમ,મન ને આત્મજ્ઞાન પ્રાપ્ત ના થયું હોય ત્યાં સુધી તેને જીવતું શરીર પણ અનેક અનર્થો આપતું જાય છે.
માટે શરીરના નાશથી મન નું ઇષ્ટ થાય તેમ પણ નથી.

મન નાશ પામે તો શરીર નાશ પામી જાય છે,અને મન વધતું જાય તો શરીર પણ વૃક્ષની જેમ વૃધ્ધિ પામે છે.
મન ક્ષીણ થાય તો વાસનાઓ ક્ષીણ થવાને લીધે શરીર ક્ષીણ થાય છે,
પણ શરીર ક્ષીણ થાય તો મન ક્ષીણ થતું નથી.એટલા માટે મનને ક્ષીણ કરવાના ઉપાયો કરવા જોઈએ.
આ મન જો ક્ષય પામતું જાય તો,તે,પોતાના સ્વભાવમાં નહિ રહેતાં,
વાસનાઓની જાળથી રહિત થતાં,નષ્ટ થઇ જાય છે.

ત્વચા,રુધિર,માંસ આદિની ગોઠવણ-રૂપી આ "શરીર" નામનો-
મારો શત્રુ-એ મન નાશ પામતાં ભલે નાશ પામે કે રહે-તો પણ મને તેથી કશી હાનિ નથી.
ભોગોની સંપત્તિ,જે મનને સુખ દેવા માટે જ શરીર ની અપેક્ષા રાખે છે-તે મન મારું નથી-અને હું મનનો નથી.
અને,મારે સુખના અંશનું પણ શું પ્રયોજન છે?
"જે આ શરીર છે તે હું નથી" એમ સમજવામાં જે "યુક્તિ" છે તે આ પ્રમાણે છે.

ઉદ્દાલક સ્વગત કહે છે કે-સઘળાં અંગો હોવા છતાં,પણ શબ કંઈ ક્રિયા કરી શકતું નથી,માટે આત્મા જુદો છે.
શરીરથી જુદો,નિત્ય અને જેનો પ્રકાશ બંધ પડતો નથી એવો આત્મા હું છું.
હું વ્યાપક હોવાને લીધે,સૂર્યના મંડળમાં પણ રહ્યો છું,મને અજ્ઞાન નથી,મને દુઃખ નથી,મને કોઈ અનર્થ નથી,
મને કોઈ અડચણ પણ નથી.શરીર રહે તો પણ ભલે અને પડી જાય તો પણ ભલે,હું તો પરમ ધીર થઈને રહ્યો છું.

જ્યાં "આત્માનું જ્ઞાન" છે ત્યાં મન પણ નથી,ઇન્દ્રિયો પણ નથી અને વાસનાઓ પણ નથી.
જેમ,રાજાની પાસે પામર-લોકો રહે જ નહિ,તેમ આત્માના પ્રકાશ ની પાસે મન-ઇન્દ્રિયો કે વાસનાઓની
સ્થિતિ સંભવે જ નહિ.હું, એવા એ "બ્રહ્મ-પદ"ને પામ્યો છું,કેવળ છું,સર્વથી શ્રેષ્ઠ છું,શાંત છું,અંશોથી રહિત છું,
ક્રિયાઓથી રહિત છું,અને ઇચ્છાથી પણ રહિત છું.

જેમ તલમાંથી જુદા પાડેલ તેલ ને તલના કૂચાથી સંબંધ નથી,
તેમ હવે મને મન-ઇન્દ્રિય-દેહ-આદિ સાથે સંબંધ નથી.
હું જયારે,મારા બાકી રહેલ પ્રારબ્ધ ના ભોગ ભોગવવા-રૂપી-લીલા કરવા માટે,સમાધિમાંથી ચલિત થઈશ,
અને પૂર્વ ની વાસના,મારી બુદ્ધિને બ્રહ્માકાર-પણાથી કંઇક જુદી પાડશે,
ત્યારે આ દેહ-ઇન્દ્રિયો વગેરે પદાર્થો મારા પરિવારની જેમ મને કદાચ વિનોદ આપશે.તો પણ તે વખતે,
તે સર્વ પદાર્થો પ્રત્યે અનાસકત રહી,સર્વ માં બ્રહ્મ-દૃષ્ટિ રાખી,વિવેકથી અને સમતાથી રહીશ.

સર્વ કાળમાં,સર્વ દેશમાં અને સર્વ પ્રકારે,સઘળું દ્વૈત કલ્પનાથી જ થાય છે,માટે હું કલ્પનાને જ ત્યજી દઈશ,
મારો,સઘળા વિષયો પરનો રાગ-દ્વેષ અને તેનાથી થતા સુખ-દુઃખો દુર થઇ ગયા છે.મારો મોહ ટળી ગયો છે.
મન નાશ પામ્યું છે,અને ચિત્ત સંબંધી વિકલ્પો દેખીતી રીતે જતા રહ્યા છે.
માટે,હવે, હું દૃશ્ય-પણાને (જગતના પદાર્થોને) ત્યજી દઈને શીતળ પરમાત્મામાં શાંત થાઉં છું.

## (૫૪) ઉદ્દાલક છેવટે સમાધિમાં જ શાંત થયો

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,એ ઉદ્દાલક મુનિ,પ્રૌઢતા-વળી બુદ્ધિ થી -એ પ્રમાણે નિશ્ચય કરીને,પદ્માસન વાળીને,
નેત્રો ને અડધાં ઉઘાડાં રાખીને બેઠો.
"ૐકાર પરબ્રહ્મ નું નામ છે,તથા તેમનું સ્વરૂપ છે અને જે ૐકાર નું ઉચ્ચારણ કરે છે તેને પરબ્રહ્મ ની પ્રાપ્તિ
અવશ્ય થાય છે"એમ નિર્ણય કરીને,ઊંચા સ્વરથી તે મુનિ ૐકાર નું ઉચ્ચારણ કરવા લાગ્યો.

એ ઉદ્દાલક નું-"ૐ કાર-વૃત્તિ માં પ્રતિબિમ્બિત થયેલું ચૈતન્ય" અને "કૂટસ્થ જીવ-ચૈતન્ય"
ૐકાર ની છેલ્લી અર્ધ-માત્રાની ઉપર પ્રકટ થયેલા "નિર્મળ પરબ્રહ્મ "માં -
જ્યાં સુધી તલ્લીન થાય ત્યાં સુધી,તે ઉદ્દાલકે ૐકાર નું જ ઉચ્ચ સ્વરે ઉચ્ચારણ કર્યા કર્યું.

ૐકાર -કે જે અ-કાર,ઉ-કાર,મ-કાર અને છેલ્લી અર્ધ-માત્રા-એ પ્રમાણે સાડા-ત્રણ અવયવો વાળો છે.
તેનો પહેલો ભાગ અ-કાર,બહુ જ ઉચ્ચ સ્વરથી  બોલતાં,અને તેનાથી,
પ્રાણોની બહાર નીકળવાની તૈયારી થવાથી,મૂલાધાર થી માંડીને હોઠ સુધી-
સઘળા શરીરમાં રણકારો વ્યાપ્ત થઇ રહેતાં,

એ પ્રાણ ના બહાર નીકળવાના "રેચક" (પ્રાણ કે શ્વાસને બહાર કાઢવાની ક્રિયા) નામના ક્રમે -
(૧) ઉદ્દાલક ના શરીર ને ખાલી કરી મુક્યું.(૨) આમ, ઉદ્દાલક નો પ્રાણ-વાયુ (પ્રાણ) તેના શરીરનો ત્યાગ કરીને,
ચૈતન્ય-રસથી ભરપુર થયેલા બહારના આકાશમાં જઈને રહ્યો.

આ સમયમાં જેમ,ઉત્પાત ના પવને ઉછાળેલો દાવાનળ(અગ્નિ),સુકા ઝાડને બાળી નાખે છે,
તેમ,પ્રાણ ના બહાર નીકળવાના સંઘર્ષણ થી,
(૩) હૃદયમાં ઉત્પન્ન થયેલા,પ્રજ્વલિત જ્વાળાઓ વાળા અગ્નિએ-ઉદ્દાલકના
(૪) સઘળા શરીરને (શરીર ની અશુધ્દ્રિને કે અશુધ્દ્ર શરીરને) બાળી નાખ્યું.

હે,રામ,ૐકાર ના પહેલા ભાગ (અ-કાર) નું ઉચ્ચારણ થતાં (આગળ બતાવ્યા મુજબ)
(1) શરીરના શોષણ (ખાલી થવા)-રૂપ,
(2) પ્રાણ ની આકાશમાં સ્થિતિ-રૂપ,
(3) હૃદયમાંથી અગ્નિની સ્થિતિ-રૂપ અને
(4) અગ્નિથી શરીરના બળી જવા-રૂપ-
એ સઘળી દશાઓ,ઉદ્દાલકે "સમાધિ ના નિયમ પ્રમાણે ભાવના" થી "માની લીધી હતી" તેમ સમજવું.
પણ હઠયોગ થી કરી હતી તેમ સમજવું નહિ,કેમ કે-
હઠયોગ થી પ્રાણને બહાર કાઢવામાં આવે તો-મૂર્છા કે મરણ આદિ દુઃખો થવાનો પ્રસંગ થાય છે.

તે પછી ૐકારનો બીજો ભાગ-ઉ-કાર અનુદાત્ત સ્વરથી બોલતાં,પ્રાણવાયુ નો "નિશ્ચળ તથા ભરપૂર-રહેવા-રૂપ"
"કુંભક" (પ્રાણ કે શ્વાસને રોકવાની ક્રિયા) નામનો બીજો ક્રમ થયો.કે જે ક્રમ માં-
પ્રાણવાયુ,બહાર-વચમાં-ઉંચે-નીચે કે બીજા કોઈ ભાગોમાં કંઈ પણ ક્ષોભ પામતો નથી.

આ ક્રમમાં જેણે (આગળ કહ્યા મુજબ-રેચક-વખતે હૃદયમાં ની અગ્નિ ની સ્થિતિ-રૂપ) શરીર ને બાળી નાખ્યું
હતું-
(૧) તે અગ્નિ ક્ષણ-માત્રમાં શાંત થઇ ગયો.અને,
(૨) સઘળા શરીરની હિમ ના જેવી ધોળી-સ્વચ્છ ભસ્મ દેખાવા લાગી.
(આ સ્થિતિમાં,શરીરના અસ્થિઓ પણ-ધોળાં ભસ્મ જેવાં અને ગતિ વિનાનાં જોવામાં આવ્યાં)
(૩) વંટોળ થી (શ્વાસથી કે રેચકથી) ઉંચી આવેલી તે હાડકાં-વાળી ભસ્મને
(આકાશમાં) અદશ્ય આકારમાં જોડી દીધી.
(૪) પ્રચંડ પવને (શ્વાસે) ઉડાડેલી તે ભસ્મ,આકાશને ઘેરી લઈને,ક્યાંય જતી રહી.

હે,રામ,ૐકાર ના આ બીજા ક્રમમાં,પણ ઉદ્દાલક મુનિએ સમાધિના નિયમ મુજબ ભાવનાથી જ માની લીધી
હતી,તેમ સમજવું,પરંતુ હઠયોગથી કરી હતી તે પ્રમાણે સમજવું નહિ,કેમકે-હઠયોગ અતિ-દુઃખદાયી છે.

પછી,ૐકાર ના ત્રીજા ભાગ-રૂપ-મ-કાર ના ઉચ્ચારણનો સમય કે -જે શાંતિ આપનાર છે,તેમાં,
પ્રાણવાયુ નો "પુરક" (પ્રાણ કે શ્વાસ ને અંદર લઇ જવાની ક્રિયા) નામનો ત્રીજો ક્રમ થયો.
આ ક્રમમાં પ્રાણવાયુઓનું પુરણ (પુરાવું કે પાછા પેસવું) થાય છે,માટે આ ક્રમ- પુરક કહેવાય છે.
આ ક્રમમાં "જીવ-ચૈતન્ય-માં ભાવનાથી ધારેલા "અમૃતમય આકાશ" (હૃદયકાશ) ના
મધ્યમાં રહેલા પ્રાણવાયુઓ" સુંદર શીતળતા ને પ્રાપ્ત થયા.

જેમ,આકાશના મધ્યમાં રહેલી વરાળો અનુક્રમથી શીતળ મેઘ-પણાને પ્રાપ્ત થાય છે,
તેમ,આકાશના મધ્યમાં રહેલા,તે પ્રાણવાયુઓ -અનુક્રમે ચંદ્રના મંડળ-પણા ને પ્રાપ્ત થયા.
હર્ષથી ભરપૂર થયેલા તે ચંદ્ર-મંડળમાં,તે પ્રાણવાયુઓ અમૃતમય કિરણો ની ધારા-રૂપ થઇ ગયા.

જેમ ગંગા,આકાશમાંથી સદાશિવ ના મસ્તક પર પડી હતી,તેમ તે અમૃત-મય-ધારા,
આકાશમાં રહેલી શરીરની અવશેષ-રૂપ ભસ્મ પર પડી.
એ ધારા પડવાથી,ચંદ્રના બિંબ સરખી-શોભા-વાળું,ચાર હાથ-વાળું (નારાયણ નું) શરીર પ્રગટ થયું.
નારાયણ ના શરીર-રૂપે ઉદય પામેલું,પ્રફુલ્લિત નેત્ર-કમળ-વાળું,પ્રસન્ન મુખ-કમળ-વાળું,અને
સુંદર કાંતિ-વાળું -એ ઉદ્દાલક નું શરીર શોભવા લાગ્યું.

આમ, અમૃતમય પ્રાણવાયુઓએ,એ શરીરને પૂર્ણ કરી દીધું.
જેમ,જળ,એ,ફેલાયેલી ચકરીઓ વળી-ગંગા-નદીને પૂર્ણ કરે છે,
તેમ,પ્રાણવાયુએ,ચકરીઓના આકારવાળી-અને શરીરની અંદર રહેનારી"કુંડલીની" નામની શક્તિને પૂર્ણ કરી.

આમ,દાહ થયાની તથા અમૃત થી ભીંજાવા આદિની "ભાવનાઓ" (પ્રાણાયામ ની ભાવનાઓ) થી-ધોવાયેલું,
એ ઉદ્દાલક નું શરીર નિર્મળ (નારાયણ ના શરીર-રૂપ) થઈને સમાધિ ના કામ માં યોગ્ય થયું.

(નોંધ-પ્રાણાયામ ના કોઈ ચોક્કસ નિયમો સર્વ-સામાન્ય-પણે જોવામાં આવતા નથી.
પતંજલિ -કે જે યોગ ના આચાર્ય કહેવાય છે-યોગસૂત્રમાં તેમણે પ્રાણાયામની કોઈ ચોક્કસ રીતિ લખેલી નથી.
કોઈ કોઈ એમ કહે છે કે-રેચક-કુંભક-પૂરક-એ ત્રણે ક્રમમાં સઘળા (આખા) ૐકારનો ઉપયોગ કરવો,
જયારે અહી,રેચક માં પહેલો ભાગ,કુંભકમાં વચલો અને પૂરકમાં છેલ્લો ભાગ જ લંબાવવો એમ કહ્યું છે.
થોડીક ગોપનીયતા થી ભરેલા આ પ્રકારનો જો અનુભવ કરવામાં આવે તો ઘણા આશ્ચર્યકારક જવાબો
મળી શકે તેમ છે?!!! ઉદાહરણ તરીકે -બ્રહ્મ માંથી બનેલા -બ્રહ્મા (નો છેલ્લો અક્ષર અ-કાર)
વિષ્ણુ (નો છેલ્લો અક્ષર -ઉ-કાર) અને મહેશ નો (પહેલો અક્ષર મ-કાર) ???!!!!!!--અનિલ શુક્લ)

પછી ઉદ્દાલકે પદ્માસનથી દેહ ની સ્થિતિ ને દૃઢ (હલન-ચલન વગરની) કરી.
જેમ,હાથી ને ખીલાથી બાંધી મુકવામાં આવે છે,તેમ, પાંચે ઇન્દ્રિયોને દેહમાં બાંધી મુકીને,
આશાઓ-આદિમાં ફેલાયેલા પોતાના મનને,દૃશ્યોના (જગતના પદાર્થોના) દર્શન--આદિ-મળોથી રહિત થઈને,
વાયુથી થતી ગતિ-વિનાનું કરીને-(તે મન ને) સ્વચ્છ કરવા માટે નિર્વિકલ્પ સમાધિ કરવાનો ઉધોગ કર્યો.

એ નિર્વિકલ્પ સમાધિના સમયમાં વિષયોમાં દોડી જતા અને વ્યાકુળ થતા મનને,તેણે બળાત્કારે રોક્યું.
અને પોતાનાં નેત્રોની ઉપર નીચે-ની બંને પાંપણો ને સ્થિર રાખીને અડધી મીંચી દીધી.
તે ઉદ્દાલકે પ્રથમ -પ્રાણ અને અપાન (વાયુ)ના વેગ (ગતિ કે જે શક્તિ છે) ને ક્ષોભ થી રહિત કર્યો !!
જેમ,કાચબો,પોતાના અંગોને પોતાની અંદર જ સંતાડે છે,
તેમ તેણે,પોતાની ઇન્દ્રિયોને વિષયોમાં નહિ જવા દેતાં,અંદર જ રાખવા લાગ્યો.
અને તેમ કરવાથી,તેણે,જેમ તલથી તેલ જુદું કરવામાં આવે છે,તેમ તેણે ઇન્દ્રિયોને, વિષયોથી જુદી કરી.

જેમ,કોડિયાથી ઢાંકી દીધેલ મણિ,પોતાનાં દુર ફેલાયેલાં કિરણોને તરત સંકોચી લે છે,
તેમ,ધીર બુદ્ધિ-વાળા એ ઉદ્દાલકે,બાહ્ય-વિષયોમાં,અત્યંત દૂરદૂર દોડી જતી-
સઘળી વૃત્તિઓને (બુદ્ધિથી) સંકોચી લીધી.
જેમ,વૃક્ષ,ઠંડીના મહિનાઓમાં  શાખાઓની અંદર રહેલા રસો ને લીન કરી નાખે છે,
તેમ,ઉદ્દાલકે,મન ની વાસનાઓ-રૂપી અંદરના વિષયોને,અધિષ્ઠાનમાં ખેંચી લઈને,તેને દૂર કરી નાખ્યા.

જેમ,પાણીથી ભરેલા ઘડાના મોઢાને,ક્યાંયથી ય  પવનનો સંચાર ના થાય,એવી રીતે રોકી દેવામાં આવે,
તો તે ઘડાનાં બીજાં છિદ્રોમાંથી પાણી ઝરતું રોકાઈ જાય છે,
તેમ,ઉદ્દાલકે,પગની પાની વડે,ગુદાને દબાવી દીધી,તેથી,શરીરના નવે દ્વારના પવનો રોકાઈ ગયા.
પછી,વસ્ત્રો-વગેરે ના આવરણ વિનાની,આત્માના (પોતાના) પ્રકાશ-વાળી,અને મુખ-રૂપી-કમળથી શોભાયમાન

લાગતી,ડોકને -અક્કડ (સીધી) રાખી.આવા ધ્યાનથી વશ કરેલા પોતાના મનને પોતાના હૃદયમાં જ પૂરી રાખ્યું.
સ્વચ્છ આકાશની જેમ,અત્યંત નિર્મળ-પણાને પામેલો,એ ઉદ્દાલક,વાયુ વિનાના પૂર્ણ સમુદ્ર જેવો જણાવા
લાગ્યો.

જેમ, પવન,પોતાની આગળ ઉડતા મચ્છરોને દૂર કરી નાખે છે,તેમ,ઉદ્દાલકે,વચમાં-વચમાં પ્રતિભાસ-રૂપે
દેખાતા,વિપરીત ભાવનાઓ-રૂપી ઘણાઘણા વિકલ્પો ને દૂર કરી નાખ્યા.અને
વારંવાર સામા ધસી આવતા,વિષયોના પ્રતિભાસોને,મનથી પૂરી રીતે કાપી નાખ્યા.

આમ,વિષયોનો સમૂહ કપાઇ જતાં,ઉદ્દાલકે,પોતાના હૃદયકાશમાં,વિવેક-રૂપી સૂર્યને ઢાંકી દેનારું,
અને આંજણના જેવું કાળું - (૧) તમોગુણના વધારાથી,થયેલું-અંધારું જોયું.(ત્યારે)
(૨) સત્વ-ગુણ ની ભાવના કરીને સારી પેઠે,પ્રકાશિત કરેલા,મન-રૂપી-સૂર્યથી તે અંધારાને ઉડાડી મુખ્યું.(તેથી)
જેમ, કમળ,રાત્રિનું અંધારું થતાં પ્રાતઃકાળના પ્રકાશને દેખે છે,
તેમ,ઉદ્દાલકે,તમોગુણ ના લીધે થયેલા અંધારા ને લીધે,અને સત્વગુણના વધારાથી થયેલો તેજનો પુંજ જોયો.

તે તેજના પુંજ ને ઉદ્દાલકે, (૩) રજોગુણ ના વધારા થી કાપી નાખ્યો.
અને તે તેજના પુંજના "વેગ" (કે ગતિને) પોતાનામાં સમાવી લીધો.
તે તેજનો પુંજ,શરીરમાં વેગ (ગતિ) ને પામી જતાં,અને રજોગુણના વધારાને લીધે,
પોતાનામાં ઘૂમવા લાગેલા,તેના ચપળ મનને -પોતાને કોઈ પણ વિષય નહિ મળવાને લીધે,
તે મન નિંદ્રા ને પ્રાપ્ત થયું. ત્યારે--(૪) ઉદ્દાલકે,તે (મન ની) નિંદ્રા ને પણ તરત કાપી નાખી.

આમ મનની નિંદ્રા જતી રહ્યા પછી.
જેમ,મનુષ્યને સૂર્યની સામે દૃષ્ટિ કરતાં આકાશમાં અનેક આકારો-વાળા કૂંડાળા દેખાય છે,
તેમ,(૫) ઉદ્દાલકના મન ને વાસનાથી કલ્પાયેલા રૂપ-વાળું આકાશ દેખાવા લાગ્યું.
પણ જેમ દીવો અંધારા ને દૂર કરી નાખે છે તે,(૬) ઉદ્દાલકે તે સ્વચ્છ આકાશને પણ દૂર કરી નાખ્યું.
આકાશ જતાં રહેતાં ઉદ્દાલકનું મન મૂઢ સરીખું થઇ ગયું.

પ્રૌઢ-વિચારવાળા તે (૭) ઉદ્દાલકે તે મનના મૂઢ-પણાને પણ દુર કરી નાખ્યું.
પછી,અંધકાર-તેજ-નિંદ્રા-તથા મૂઢ-પણાથી રહિત થયેલું ઉદ્દાલક નું મન,
વાણીથી વર્ણવી શકાય નહિ,એવી (૮) નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત થઇને થોડીક વાર શાંત થયું.
પણ,થોડી વાર શાંત થયા પછી,પાછું વિક્ષેપના (જગતના) સંસ્કારોની પ્રબળતા ને લીધે,તરત જ -
(૯) જગતના દેખાવ-વાળી-વૃત્તિ ને પ્રાપ્ત થયું.

પણ-તે વખતે-ધ્યાન-આદિ ના લાંબા અનુસંધાનને લીધે,
અને નિર્વિકલ્પ સમાધિમાં મળેલા આનંદ ના અનુભવના સંસ્કારને કારણે,
(૧૦) જગતની વૃત્તિમાંથી પાછું,નિર્વિકલ્પ સમાધિમાં ખેંચાવા લાગેલું,એ ઉદ્દાલક નું મન,
જેમ,સોનું -વચમાં નૂપુર-પણાને પ્રાપ્ત થાય છે,
તેમ (૧૧) ઇષ્ટ-દેવ આદિ-ચેતન-પદાર્થોના દેખાવ-વાળી,"સવિકલ્પ સમાધિ"ને પ્રાપ્ત થયું.

અને આ સવિકલ્પ સમાધિના પ્રભાવથી,અનુક્રમે ક્ષીણ થતું જતું,ઉદ્દાલક (જીવ-ચૈતન્ય) નું મન,
(૧૨) મન-પણા ને છોડીને,"મહા-ચૈતન્ય-પણા"રૂપી (મહા-ચૈતન્યની કે તત્વના સાક્ષાત્કાર-રૂપી )
બીજી અવસ્થાને પ્રાપ્ત થયું.
જેમ,ઘડા-રૂપી-ઉપાધિ ટળી જાતા,ઘટાકાશ-એ-મહાકાશ સાથે એક-રસ થઈ જાય છે,
તેમ,જીવ-ચૈતન્ય-એ-મન-રૂપી ઉપાધિ ટળી જતાં,મહા-ચૈતન્ય સાથે એક-રસ થઇ જાય-એ સ્વભાવિક જ છે.

આ રીતે,"તત્વ"ના સાક્ષાત્કાર ને પામેલો,એ ઉદ્દાલક,
સર્વ જગતના અધિષ્ઠાન-રૂપ,અને (દ્વૈત ના પ્રતિભાસથી રહિત) શુધ્ધ-મહા-ચૈતન્ય-રૂપ થઇ ગયો.
એ સ્થિતિમાં-તેને,દૃશ્યોના દર્શન થી રહિત,જાણે,અમૃતનો સમુદ્ર હોય તેવો-અને-
બ્રહ્માદિ,મહાત્માઓ જેનો સ્વાદ લે છે-તેવો-નિરતિશય આનંદ (પરમાનંદ) પ્રાપ્ત થયો.
શરીર-આદિ ની આસક્તિથી રહિત થયેલો,અને એ અવર્ણનીય દશાને પ્રાપ્ત થયેલો, તથા,
આનંદના સમુદ્ર-રૂપ થયેલો તે ઉદ્દાલક "સત્તા-સામાન્ય-રૂપ" થયો.
(નોંધ-સત્તા-સામાન્ય-રૂપ-આ શબ્દ નો અર્થ હવે પછી ના પ્રકરણમાં આવશે)

જેમ શરદ-ઋતુના સ્વચ્છ આકાશમાં રહેલો પૂનમનો ચંદ્ર પૂર્ણ સ્થિતિને પ્રાપ્ત થાય છે,
તેમ,આનંદના સરોવર-રૂપ-પરમ-તત્વમાં રહેલો
એ ઉદ્દાલકનો ચૈતન્ય-રૂપી-હંસ (આત્મા)પૂર્ણ સ્થિતિને પ્રાપ્ત થયો.
એ ઉદ્દાલક વાયુ વિનાના સ્થળના દીવા જેવો,ચિત્રમાં આલેખાયેલા જેવો,તરંગો થી રહિત થયેલા સમુદ્ર જેવો,
અને વરસી રહીને ગર્જનાથી પણ રહિત થયેલા મેઘ જેવો થઇ ગયો.

એ મોટા પ્રકાશ-રૂપી નિર્વિકલ્પ સમાધિમાં લાંબા કાળ સુધી રહેલો,
ઉદાલક જયારે કોઈ સમયે સમાધિમાંથી જાગ્રત થયો,
ત્યારે આકાશમાં ફરનારા કેટલાક સિધ્ધલોકો અને ઘણા દેવતાઓ પણ ત્યાં તેના જોવામાં આવ્યા.
અનેક પ્રકારની પ્રત્યક્ષ સિધ્ધિઓ પણ ચારે બાજુથી તેની પાસે આવી,પણ ઉદ્દાલકે તે સર્વ નો અનાદર કર્યો.અને
તેમ કરીને તે પાછો છ મહિના સુધી,આનંદના સ્થાનક-રૂપ તે નિર્વિકલ્પ સમાધિમાં ડૂબી ગયો,
ફરી તે જાગ્રત થયો ત્યારે,તેણે સિધ્ધલોકો,દેવતાઓ,બ્રહ્મા,રુદ્ર -વગેરે ને પાસે આવીને ઉભેલા જોયા,
આમ છતાં કોઈ સુખમાં આસક્ત નહિ થતાં,સઘળું ત્યજીને ફરી ફરી,નિર્વિકલ્પ સમાધિ કર્યા કરતો,
એ ઉદ્દાલક અનુક્રમથી જીવનમુક્ત-પણાની ઉંચી-ને ઉંચી ભૂમિકાઓને પ્રાપ્ત થતો ગયો.

પર-બ્રહ્મ-પદ- કે જેનો આનંદ ચિત્ત (મન) થી અનુભવમાં આવતો નથી,પણ,સ્વરૂપથી જ અનુભવવામાં આવે છે,
-તેને- પ્રાપ્ત થયેલો,એ ઉદ્દાલક નો આત્મા,વિષયાનંદના સુખમાં નહિ રહેતાં,
પર-બ્રહ્મ ની સાથે એક-રસતા થી રહ્યો.

હે,રામ,જે પુરુષે હજાર વર્ષ સુધી,અથવા એક ક્ષણ સુધી,પણ જો-સ્વર્ગ-લોક દીઠો હોય,
તો-તેને જેમ ભૂલોકમાં (પૃથ્વી કે પૃથ્વીના ભોગોમાં) રુચિ થાય જ નહિ,
તેમ જેને,હજાર વર્ષ સુધી કે એક ક્ષણ પણ એ "પરમ-બ્રહ્મ-પદ" માં સ્થિતિ મળી હોય-
તો-તેના મનને ભોગોમાં રુચિ થાય જ નહિ.
હે,રામ,એ જ ઉત્તમ પદ છે,એ જ શાંત ગતિ છે,એ જ ઉત્તમ કલ્યાણ છે,અને એ જ અવિચળ સુખ છે.
એ પદમાં જેને શાંતિ મળી હોય,તેને સંસાર સંબંધી ભ્રમ ફરીવાર નડે જ નહિ.
જેમ,પોતાના પ્રભાવથી,રાજ્યને પામેલા રાજાઓ,દીન-પણાને અ-યોગ્ય જ માને,
તેમ,મહા આનંદ (પરમાનંદ) પદવીને પ્રાપ્ત થયેલા,મહાત્માઓ આ સંસારને અ-યોગ્ય જ માને છે.

બોધ (જ્ઞાન) પામેલું અને નિર્વિકલ્પ સમાધિમાં શાંત થયેલું,ચિત્ત,
બીજા લોકોના (પોતાના નહિ) મહાપ્રયત્નથી જ જાગ્રત દશાને પ્રાપ્ત થાય છે,
અને કોઈ સમયે તે (જાગ્રત) દશાને પ્રાપ્ત થતું પણ નથી.
ઉદ્દાલક પહેલી નિર્વિકલ્પ સમાધિમાંથી સિધ્ધિઓ-વગેરેથી જાગ્રત થયો હતો,કે જેને તેણે દુર કાઢી નાખી,
અને હવે,ફરીવાર -તે,નિર્વિકલ્પ સમાધિમાંથી
સ્વર્ગની અપ્સરાઓ-અને ભોગો,ઋષિમુનિ,દેવો વગેરે ના પ્રયત્ન થી તે જાગ્રત થયો.

મોટામોટા વિદ્યાધારો અને મહાત્માઓએ તેને કહ્યું કે-
હે,મહારાજ કૃપા કરી અમારાં પ્રમાણો પર દૃષ્ટિ કરો.અને આ વિમાનમાં બેસી આપ સ્વર્ગમાં પધારો.
સ્વર્ગલોક જ જગતની સઘળી ભોગ-સંપત્તિઓની પરાકાષ્ઠા-રૂપ છે.
આ ચાલતો કલ્પ પૂરો થતાં સુધી,મનભાવતા યોગ્ય ભોગોને ભોગવો.કારણકે સઘળી તપ-સંબંધી ક્રિયાઓ,
સ્વર્ગનાં સુખ ભોગવવા માટે જ કરવામાં આવે છે,ધર્મ તથા અર્થ ના ફળ-રૂપ કામ જ છે,અને તે કામના
સાર-રૂપ ઉત્તમ સ્ત્રીઓ (અપ્સરાઓ) સ્વર્ગમાં જ થાય છે.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,અતિથીઓએ આ પ્રમાણે કહ્યું,
છતાં પણ ઉદ્દાલક તે સર્વનું યોગ્ય રીતે પૂજન કરીને કંઇ પણ સંભ્રમ રાખ્યા વગર જ ઉભો રહ્યો.
અને ધીર-બુદ્ધિ-વાળા,એ ઉદ્દાલકે એ વિભૂતિઓનું કંઇ પણ ગ્રહણ કે ત્યાગ નહિ કરતાં-
"હે, સિદ્ધ લોકો-પધારો" એટલું જ બોલીને પાછો સમાધિ ધરવામાં તત્પર થયો.
જીવનમુક્ત થયેલો,એ ઉદ્દાલક કોઇ વખતે મહિનાઓ,તો કોઈ વખતે વર્ષે પણ જાગ્રત થવા લાગ્યો.

પરમ-તત્વ ની સાથે એક-પણાને પ્રાપ્ત થયેલો,એ ઉદ્દાલક ત્યારથી માંડીને,વ્યવહાર કરવાના સમયમાં પણ
સમાધિ-વાળો જ રહેવા લાગ્યો.હવે તે અજ્ઞાની ની પેઠે (જગતથી) વિક્ષેપ પામતો નહોતો.
"અંતઃકરણમાં તથા અંતઃકરણની વૃત્તિઓમાં" પરોવાયેલ "સાક્ષી-ચૈતન્ય"નું વિવેચન કરીને-
અને "અવલોકન કરવાના દૃઢ અભ્યાસ" ને લીધે,મહાચૈતન્ય-પણાને પામીને,
તે ઉદ્દાલક,સર્વ પદાર્થોમાં વિષમ દૃષ્ટિ વિનાનો જ રહેવા લાગ્યો.

"દૃશ્ય (જગત) અને દૃશ્યના સંસ્કાર" નો સર્વથા ઉચ્છેદ થઇ જતાં,
અને,દૃશ્યોને પ્રકાશ આપનાર,"ચૈતન્ય-પણા-ના વ્યવહાર" પણ ઉપશમ (નિવૃત્ત) થવાથી
"સત્તા-સામાન્ય-પણા"ને પ્રાપ્ત થઇને,
શરીર હોવા છતાં,ચિત્રમાં આલેખાયેલા સૂર્ય ની પેઠે-ઉદય-અસ્ત થી રહિત થઇને જ રહ્યો.
(એટલે કે સાતમી ભૂમિકા ને -કે-બ્રહ્મ-ભાવ ની સ્થિતિને-પ્રાપ્ત થયો)

## (૫૫) સત્તા-સામાન્ય-પણાનું લક્ષણ-ઉદ્દાલક નિર્વાણ-અને ચામુંડા દેવીએ શબ ને મુકુટમાં ધર્યું

રામ કહે છે કે-હે,સમર્થ ગુરુ,આપે જે સત્તા-સામાન્ય-કહ્યું તેનું શું લક્ષણ છે?

વસિષ્ઠ કહે છે કે-સર્વ દૃશ્ય પદાર્થોનો સંપૂર્ણ પણે નાશ થઇ,ચિત્ત પણ સ્વ-રૂપમાં લીન થઇ જાય ત્યારે
કેવળ એક (સર્વ) સામાન્ય-ચૈતન્ય જ બાકી રહે તેને-સત્તા-સામાન્ય- કહે છે.
આ ચિત્ત-જયારે ચૈતન્યમાં લીન થઇ જાય,ત્યારે ચૈતન્ય સિવાય બીજું કંઈ રહે નહિ,અને તેથી તે (ચિત્ત)
આકાશ જેવું અત્યંત નિર્મળ (ચૈતન્ય) થઇ જાય છે તેને-સત્તા-સામાન્ય-કહે છે.

જયારે બહારનાં તથા અંદરનાં દૃશ્યો સહિત આ જે કંઈ જગત છે તેનો અત્યંત બાધ કરીને કેવળ,
અખંડ-ચૈતન્ય જ રહે છે-ત્યારે તે સત્તા-સામાન્ય કહેવાય છે.
જયારે સઘળા પદાર્થો,વાસ્તવિક રીતે અખંડ અને અનુભવ-રૂપ જ થઇ જાય,ત્યારે સત્તા-સામાન્ય થયું કહેવાય.
જેમ,કાચબાનાં અંગો કાચબામાં જ લીન થાય છે,
તેમ, સઘળાં દૃશ્યો,જયારે ભાવના-રૂપી યત્ન વિના સહજ-રીતે
જ પોતાના ચૈતન્યમાં લીન થઇ જાય,ત્યારે તે ચૈતન્ય-સત્તા-સામાન્ય-કહેવાય છે.

આ સત્તા-સામાન્ય-રૂપી ઉત્તમ-દૃષ્ટિ,કે જે,"તુરીયાતીત પદ" જેવી જ છે,
તે દેહના ભાનવાળા મુક્ત પુરુષને પણ,(પાંચમી કે છઠ્ઠી ભૂમિકામાં આરૂઢ થયેલા ને પણ) અને,

દેહના ભાન વગરના મુક્ત પુરુષને પણ (સાતમી ભૂમિકા માં આરુષ થયેલાને પણ) થાય છે.
પરંતુ એમાં વિશેષતા એટલી જ છે કે-
દેહની પ્રતીતિ-વાળા મુક્ત પુરુષને સમાધિમાં જ થાય છે અને-
દેહની પ્રતીતિ-વિનાના મુક્ત-પુરુષને તે જાગ્રત અવસ્થામાં પણ રહે છે.

જ્ઞાનથી થનારી આ દૃષ્ટિ અજ્ઞાનીને તો થતી જ નથી.પણ પ્રૌઢ જ્ઞાન-વાળા સઘળા જીવનમુક્ત પુરુષો,
આ દૃષ્ટિ માં રહેવાને લીધે,આ લોક તથા પરલોકના ભોગોની તૃષ્ણાનો સ્પર્શ પામ્યા વિના જ રહે છે.
હે,રામ પૃથ્વી પર ફરનારા મારા જેવા સર્વ પુરુષો,આકાશમાં ફરનારા નારદ-આદિ પુરુષો અને તેઓથી પણ ઉપર રહેનારા,બ્રહ્મા-વિષ્ણુ-સદાશિવ-આદિ મહાત્માઓ-આ સત્તા-સામાન્ય-રૂપી દૃષ્ટિમાં જ રહ્યા છે.

આમ,એ ઉદ્દાલક સઘળા ભયોનો નાશ કરનારી એ સત્તા-સામાન્ય-રૂપી પદવી નો આશ્રય કરીને,
પોતાના શરીરના પ્રારબ્ધ નો નાશ થતા સુધી,આ જગત-રૂપી ઘરમાં રહ્યો.
પછી ઘણે કાળે એ ઉદ્દાલકને "હું દેહ છોડીને વિદેહમુક્ત થઈને રહું" એવો દૃઢ વિચાર ઉત્પન્ન થયો.
આ દૃઢ વિચારને લીધે,તે ફરીથી -એક પર્વતની ગુફામાં પાંદડા ના આસન પર પદ્માસન વાળી,
નેત્રોને અર્ધા ઉઘાડાં રાખીને બેઠો.તેણે પાની વડે ગુડાને રોકી,ચિત્તનાં નવે દ્વારને રોકી દીધાં,
શબ્દ-સ્પર્શ-આદિ વિષયોની વૃત્તિઓને વીણીવીણી ને હૃદયમાં હોમી દીધી.

તેણે પોતાના સ્વરૂપભૂત અખંડ બ્રહ્મથી જ એકરસપણા ની ભાવના કરીને પ્રાણવાયુને રોકી દીધો,અને .
ડોકને સ્થિર કરી રાખી,જીભના મૂળને કંઠના છિદ્રમાં કમળની પેઠે ખોસી દીધું.
મન ને કે દ્રષ્ટિને બહાર-ઉંચે-નીચે-વિષયમાં કે શૂન્યમાં-ક્યાંય જોડ્યાં નહિ,
અને ઉપરના તથા નીચેના દાંત પરસ્પર અડે નહિ એમ મુખ રાખ્યું.

હે,રામ,પ્રાણના પ્રવાહને રોકવાને લીધે,મન-આદિની ચંચળતા થી રહિત થયેલો,પ્રસન્ન તથા સુશોભિત મુખવાળો,
અને બ્રહ્માનંદ ના અનુભવને લીધે રોમાંચિત થયેલા શરીરવાળો એ ઉદ્દાલક,મનની સઘળી વૃત્તિઓનો લય કરવાના અભ્યાસથી,મનનું મનપણું ટાળી નાખી,"પ્રતિબિંબ ચૈતન્યથી-બિંબ-ચૈતન્યમાં" એક-રસ થઇ ગયો.
(અત્રે એ નોંધનીય છે કે-અહીં ક્યાંય પણ કુંડલિની નો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી !!!)

પછી,બિંબભૂત મહાચૈતન્યનું જ અનુસંધાન કરવાના અભ્યાસથી હૃદયમાં સર્વોત્કૃષ્ટ આનંદના ઝરાને પ્રાપ્ત થયો.
તે પછી તે આનંદને પ્રાપ્ત થતાં,દૃશ્યો અને દ્રશ્યોના સંસ્કારોનો નાશ થઇ જતાં,
અને,તે દૃશ્યોને પ્રકાશ આપનારા મહા ચૈતન્યના વ્યવહારથી પણ છૂટી જઇને,તે સર્વમાં એકરસ અને
અંતથી રહિત સત્તા-સામાન્ય-પણાને પ્રાપ્ત થયો.

વિક્ષેપની વિષમતાથી અત્યંત રહિત થયેલા.સ્વ-રૂપવાળો,પરમ શાંતિને પ્રાપ્ત થયેલો,
જેના સમાન કોઈ પણ આનંદો નથી તેવા આનંદને લીધે અત્યંત સુશોભિત લગતા મુખ-વાળો,
અને જેના આનંદના ભાવને સૂચવનારા,રોમાંચો પણ શાંત થઇ ગયા હતાં,
એવી જીવનમુક્તિની સ્થિતિ પ્રાપ્ત થયા પછી,
પ્રારબ્ધના ભોગનો નાશ થતાં,
અવિધા ના આભાસથી પણ રહિત થયેલો,ઉદ્દાલક ચિત્રમાં આલેખાયેલા,પૂર્ણ ચંદ્ર જેવો ભરપૂર થઈને રહ્યો.
એમ,જન્મ ની દશામાંથી નીકળી ગયેલો એ ઉદ્દાલક ધીરેધીરે કેટલેક દિવસે,
પોતાના નિર્મળ સ્વરૂપમાં શાંત થયો (દેહ છોડીને -વિદેહ-મુક્તિને પામ્યો)

અજ્ઞાનના વિલાસ-રૂપી સઘળી કલ્પનોથી રહિત થયેલો નિર્વિકાર ને શુદ્ધ-રૂપ એ ઉદ્દાલક,
બ્રહ્મના ઐશ્વર્ય સુધીનાં સઘળાં સુખોના મૂળભૂત તેવા આધસુખને પ્રાપ્ત થયો,

કે જે સુખોમાં,ઇન્દ્રનું રાજ્ય અને લક્ષ્મી સંબંધી સુખ તો,જળના પૂરમાં ખડની પેઠે તણાઈ જાય છે.
ઉદ્દાલકનો જીવ બ્રહ્મભાવને પ્રાપ્ત થતાં,તેનું શરીર છ મહિના સુધી એમ ને એમ (મૃતાવસ્થામાં) બેઠું રહી,
સૂર્યના કિરણો થી સુકાઈ જઈને,બહારના પવનના પ્રવેશથી ભુંભાટ કરવા લાગતાં,અને તેની નસો-રૂપી
તારો,રણકાર કરવા લાગતાં,જાણે વીણાના તાર ઝણઝણી ઉઠ્યા હોય તેવું જણાવા લાગ્યું.

આ સમયમાં,જગદંબા-સહિત,પીળા કેશોવાળી,અને સઘળી સાથે રહેનારી જોગણીઓ,
જાણે,કોઈ ભક્તની કામના પૂરી કરવાની હોય,તે માટે,તે આકાશમાંથી એ પર્વતની ભૂમિ પર આવી.
આ જોગણીઓમાંથી,જે જોગણી,રાત્રિના સમયમાં નવાંનવાં ચરિત્રો કરે છે,
અને જેને સઘળા દેવતાઓ નમે છે-એવી-ચામુંડા-દેવીએ,
પોતાના મુકુટ ની અણી પર,તે ઉદ્દાલકના શરીર ને ભૂષણ ની જેમ સ્થાપી દીધું.
(નોંધ-વિચારનાર ને અહી ઘણી વસ્તુ પ્રકાશમાં આવી સમજાય તેમ છે)

હે,રામ,જેનું (ઉદ્દાલકનું) દુર્ગંધ-વાળું શબ પણ દેવી ના મસ્તકના ભૂષણ થઇને સર્વથી ઉત્કૃષ્ટ થયું,
તેને પોતાને સર્વોત્કૃષ્ટ પદ મળ્યું,એમાં શું કહેવું?

હે,રામ,"દૃશ્યો ના વિવેક" થી સ્ફુરતી,બ્રહ્માનંદ-રૂપી-ચિત્ત-વૃત્તિ,જે પુરુષના હૃદયમાં ફેલાય,
તે પુરુષ,વ્યવહારમાં ફરતો હોય,તો પણ,તેને,સત્ય-શાંતિ-સંતોષ-વગેરેનો વિયોગ થતો નથી.
એટલું જ નહિ,પણ તેને ઊંચામાં ઊંચું,મોક્ષ-રૂપી ફળ પ્રાપ્ત થાય છે.

## (૫૬) માયા અને વાસનાથી રહિત જ્ઞાની વ્યવહારમાં પણ સમાધિસ્થ છે

વસિષ્ઠ કહે છે કે-એ પ્રમાણે,વિચારના-વૈરાગ્યના-તથા સમાધિના અભ્યાસનો-ક્રમથી વિહાર કરતાં,
પોતાથી જ પોતાના આત્મા નો અનુભવ કરીને,તમે અત્યંત વિશાળ પદમાં શાંત થાઓ.
શાસ્ત્રના શ્રવણથી,શાસ્ત્રાર્થ-તત્વની પરીક્ષાથી,ગુરુના ઉપદેશથી અને પોતાના ચિત્તના શોધનથી,
સર્વ દૃશ્યોના ક્ષય નો અભ્યાસ કરીને,જ્યાં સુધી,તેથી (ઉપરના સર્વથી) થયેલા સર્વ દૃશ્યો ના બાધ દ્વારા,
પરમ-પદમાં શાંતિ મળે,ત્યાં સુધી "વિચાર" કર્યા કરવો જોઈએ.

કેમ કે એકલી બુદ્ધિથી જ એ પરમ પવિત્ર પદની પ્રાપ્તિ થાય છે.
કલંકોથી રહિત,જ્ઞાન-યુક્ત,અને સુક્ષ્મ અર્થમાં પ્રવેશ કરવાની શક્તિ-વાળી "બુદ્ધિ" -
એ બીજાં સાધનોની સગવડ ના હોય,તો પણ (માત્ર વિચારથી) મનુષ્યને અવિચળ પદમાં પહોંચાડે છે.

રામ પૂછે છે કે-હે,ગુરૂ મહારાજ,તત્વને જાણ્યા પછી-
એક પુરુષ વ્યવહારમાં તત્પર રહેવા છતાં,પણ સમાધિમાં રહેલાની પેઠે,શાંત રહેતો હોય,
અને બીજો પુરુષ એકાંતમાં બેસીને સમાધિ કર્યા કરતો હોય,તો તે બેમાં કયો પુરુષ શ્રેષ્ઠ છે? એ મને કહો.

વસિષ્ઠ કહે છે કે-"આ ગુણોના સમૂહ-રૂપી સંસાર મિથ્યા જ છે" એમ જોયા કરતા પુરુષને -
ચિત્તમાં જે શીતળતા રહે છે,તે જ સમાધિ કહેવાય છે.
જો મન હોય તો જ વિક્ષેપો ના કારણ-રૂપ-દૃશ્યો (સંસારનો) સંબંધ છે,
પણ "મારે તો મન જ નથી" એવો દ્રઢ નિશ્ચય રાખીને,એક પુરુષ વ્યવહારમાં રહ્યો હોય
અને બીજો પુરુષ ધ્યાનમાં રહ્યો હોય,અને તે બંને જો અંદર શીતળ હોય -તો તે બંને સરખા જ સુખી છે.
કેમ કે-અંદર શીતળતા પ્રાપ્ત થાય એ જ અનંત તપનું ફળ છે.

સમાધિમાં તત્પર રહેતાં-પણ-મનુષ્યનું ચિત્ત જો,વૃત્તિઓથી ચંચલ રહેતું હોય,
તો તે મનુષ્યની તે સમાધિ,ગાંડપણથી ભરેલા નાચ (નૃત્ય) જેવી છે.
આવો ઘેલછાથી (ગાંડપણથી) ભરેલો નાચ કરવા છતાં,પણ -
જો ચિત્તની વાસનાઓ નાશ પામે તો-તે નાચ પણ,તત્વને સમજીને કરેલી સમાધિ બરાબર છે.
તત્વને સમજીને વ્યવહાર કરનારો પુરુષ,અને તત્વને સમજીને વનમાં રહેનારો પુરુષ,
એ બંને પરમ-પદમાં શાંત થતા હોવાથી,સંપૂર્ણ રીતે તે બંને સરખા જ છે.

જેમ,કથાનું શ્રવણ કરવા છતાં પણ જેનું મન ત્યાંથી (કથામાંથી) દુર ગયું હોય,
તો-તે પુરુષ કથા શ્રવણ કરતો જ નથી,એમ કહી શકાય,
તેમ, ચિત્ત જો પાતળી વાસનાઓ-વાળું થયું હોય,
તો તે ચિત્ત વ્યવહાર કરવા છતાં,પણ,તે વ્યવહાર કરતુ જ નથી તેમ કહી શકાય.

જેમ, નિંદ્રામાં નિશ્ચળ થઈને સૂતેલો પુરુષ,કોઈ ક્રિયા નહિ કરવાં છતાં પણ
સ્વપ્નમાં ખાડામાં પડે તો તે ખાડામાં પડવાનો કર્તા થાય છે,
તેમ,ઘાટી વાસનાઓ-વાળું ચિત્ત કંઈ પણ-ના કરતુ હોય,તો પણ સઘળું કરે છે-એમ સમજવું.

ચિત્તનું જે "કંઈ ન કરવું" છે-એ જ ઉત્તમ સમાધિ છે,એ જ કૈવલ્ય છે,એ જ સર્વોત્તમ શાંતિ છે-એમ સમજો.
ચિત્ત જો ચંચળ હોય તો તે સમાધિ કહેવાય નહિ,અને જો ચિત્ત  સ્થિર હોય તો જ તે સમાધિ કહેવાય છે.
માટે તમે,ચિત્તને જ વાસના-રૂપી અંકુરથી રહિત કરો,કેમ કે જો વાસના ટળી ગઈ તો જ,
તે ચિત્તની સ્થિરતા થઇ કહેવાય છે.આમ, ચિત્તની સ્થિરતા એ જ ધ્યાન કે સમાધિ છે.

જો ચિત્તની વાસનાઓ પાતળી પડી ગઈ હોય તો-તે ચિત્ત મોક્ષ પામવાને તૈયાર થયેલું કહેવાય છે.
વાસના-રહિત થયેલું મન -એ અકર્તા છે અને તેવા મનથી જ પરમ-પદ મળે છે.
પણ,જો ચિત્ત ઘાટી-વાસનાઓ-વાળું હોય તો-તે કર્તા-પણાની પત્ર થાય છે અને દુઃખોને દેનાર થાય છે.
માટે વાસનાને પાતળી કરવી જોઈએ.

જે ઉપાયથી જગત પરની આસ્થા શાંત થઇ જાય,શોક,ભય,તૃષ્ણા-ટળી જાય,
તેમજ સ્વસ્થ થવાય-તે ઉપાય સમાધિ કહેવાય છે.
ચિત્તની સર્વ પદાર્થો માં અહંતા-મમતા-રૂપી-આસક્તિ છોડી દઈને-પછી-
તમે પર્વતમાં રહેવું હોય તો-પર્વતમાં રહો કે ઘરમાં રહેવું હોય તો ઘરમાં રહો (બંને એક જ સમાન છે)

જેનો અહંકાર-રૂપી-દોષ શાંત થયો હોય,જેનું ચિત્ત સમાહિત થયું હોય-
તે ગૃહસ્થ ને ઘર આદિ-નિર્જન અરણ્ય જેવું જ છે.(એટલે કે તેના માટે ઘર કે અરણ્ય બંને સરખું જ છે)
જયારે જેનું ચિત્ત,વ્રુત્તિઓથી ચંચલ થયા કરતુ હોય,
તે પુરુષને નિર્જન અરણ્યો પણ ઘણા લોકોથી ભરેલાં નગર જેવું જ છે.
જો ચિત્ત,રાગ-આદિ દોષોથી ખેદ પામીને ભમ્યા કરે-તો તે ભ્રમણ માં અનેક પીડાઓને જુએ છે,
અને જો શાંત થાય તો તે મુક્તિ પામે છે.માટે હવે તમારી જેમ ઈચ્છા હોય તેમ તમે કરો.

જે પુરુષ,પોતાના આત્માને સઘળા પદાર્થોથી ન્યારો કે સઘળા પદાર્થો-રૂપ જોતો હોય,
તો તે પુરુષ,આ તુચ્છ દેહના અભિમાનથી રહિત હોવાને લીધે,સમાધિમાં જ રહેલો કહેવાય છે.
અંદર "વ્યાપક-રૂપ" થયેલા જે પુરુષના,સઘળા રાગ-દ્વેષ ક્ષીણ થઇ ગયા હોય,
અને જેને સઘળા પદાથો તુચ્છ ભાસતા હોય,તે પુરુષ સમાધિમાં જ રહેલો ગણાય છે.

હે,રામ,તત્વવેત્તા પુરુષ જગતને જગત-રૂપ જોતો નથી,પણ સર્વદા બ્રહ્મ-રૂપ જ દેખે છે,અને,
જેમ સ્વપ્નમાં ભાસેલા નામ-રૂપ-વાળા પ્રપંચ મિથ્યા છે-
તેમ તે જાગ્રતમાં દેખાતા,નામ-રૂપ-વાળા પ્રપંચને પણ તે તત્વવેત્તા મિથ્યા જ માને છે.

તત્વવેત્તા પુરુષને કોઈ લોકોની સાથે સંબંધ નહિ હોવાથી,તેને માટે,નગર પણ નહિ હોવા જેવું જ છે.
જેનું ચિત્ત અંતર્મુખ થયું હોય તેવો પુરુષ,સૂતાં,જાગતાં,અને ચાલતાં પણ-
સર્વદા નગરને અને,દેશને અરણ્ય જેવું  જ ગણે છે.
જેને અંતર્મુખ સ્થિતિ પ્રાપ્ત થઇ હોય,તે પુરુષને,જગત પ્રાણીઓથી ભરપૂર હોવા છતાં,
તે સર્વ,તેને માટે નિરુપયોગી હોવાને લીધે તે સર્વ જગત તેને શૂન્ય જ લાગે છે.

પણ,અંદર તૃષ્ણાથી તપી રહેલાં સર્વ પ્રાણીઓને જગત દાવાનળની બળતરા જેવું જ લાગે છે,
કેમકે-જો ચિત્ત શીતળ હોય તો જ બહારનું જગત શીતળ લાગે છે,
અને જો ચિત્ત તપી રહ્યું હોય તો બહારનું જગત પણ ધગધગતું જ લાગે છે.

હે,રામ,સ્વર્ગ,પૃથ્વી,વાયુ,આકાશ,પર્વતો,નદીઓ અને દિશાઓ વગેરે અંતઃકરણ-રૂપી તત્વના જ ભાગો છે.
પણ  જાણે તે અંતઃકરણ થી બહાર રહ્યા હોય-તેમ દેખાય છે.
જેમ, વડ એ બીજમાં જ રહેલો હોવા છતાંય જાણે બહાર રહ્યો હોય તેમ લાગે છે,
અને જેમ ગંધ પુષ્પમાં રહેલી હોવા છતાં જાણે બહાર રહી હોય તેમ ભાસે છે-
તેમ,જગત આત્મામાં રહેલું હોવા છતાં બહાર ભાસે છે.

હે,રામ, વાસ્તવિક રીતે જોતાં,તો જગત ક્યાંય પણ આત્માની બહાર રહ્યું નથી,
અને આત્માની અંદર પણ રહ્યું નથી,
એટલે, જે,પૂર્વ-જન્મ ની વાસનાના બળને લીધે,જે વસ્તુ જે પ્રકારેથી જોવામાં આવે છે,
તે વસ્તુ-રૂપે અને,તે પ્રકાર-રૂપે બ્રહ્મ જ સ્ફુરિત થયું છે-એમ સમજવું જ યોગ્ય છે.
જેમ કપૂર ડાબલીમાં રહેલું હોવા છતાં તેની ગંધથી જણાઈ આવે છે,
તેમ,આત્મ-તત્વ અંદર રહેલું હોવા છતાં,પણ સ્ફુરણ થી જણાઈ આવે છે.

સ્થૂળ જગત-રૂપે કે સૂક્ષ્મ અહંકાર-રૂપે પણ આત્મા જ સ્ફુરે છે.પણ તે આત્મા સુક્ષ્મ કે સ્થૂળ નથી.
અને તે બહારના તથા અંદરના સઘળા સ્થૂળ-સૂક્ષ્મ પદાર્થોમાં સત્તા-રૂપે પરોવાયેલ  છે.
આ આત્મા પોતાના ચિત્તને જ પૂર્વ ની વાસના પ્રમાણે બહિર્મુખ ચક્ષુ આદિ-રૂપ ઇન્દ્રિયોથી જગત-રૂપ જુએ છે.
અને અંદર રહેલી વાસનાથી -અંદર રહેલા સ્વપ્ન જેવા નગર-રાજ્ય આદિને  જુએ છે.
બહારના તથા અંદરના -એમ બંને પ્રકારના જગતને આત્માથી જુદું પાડીએ તો જગત મુદ્દલે રહેતું જ નથી.

આત્માથી જો જગતને જુદું ના પાડવામાં આવે-તો-બહારનો અને અંદરનો ભેદ રહે,અને તેથી તે જગત,
અહંતા-મમતા ના અધ્યાસથી અતિ-દુઃખદાયી થઇ પડે છે.
જે પુરુષ અંદર પોતાના આત્મા માં જ રુચિ રાખીને બહાર કર્મેન્દ્રીયોથી ક્રિયાઓ કરતો હોય તે પુરુષ,
હર્ષ કે શોકને વશ નહિ થવાને લીધે સમાધિમાં રહેલા જેવો જ કહેવાય  છે.

આત્માને સર્વમાં એક રીતે રહેલો જોતાં અને શાંત બુદ્ધિવાળો જે પુરુષ શોક પણ ના કરે કે ચિંતા પણ ન કરે,
તે પુરુષ સમાધિમાં રહેલો જ ગણાય છે.
જગતની સ્થિતિને જન્મ-મરણ-વાળી જોયા કરતો જે પુરુષ અહંતા-મમતાના દેખાવોની હાંસી કરતો હોય -
તે પુરુષ સમાધિમાં રહેલો જ ગણાય છે.

"અહંતા તથા જગત મારામાં હોવાં સંભવતાં નથી,કારણકે,દ્રષ્ટામાં દૃશ્ય ની સ્થિતિ (દ્વૈત) ઘટતી નથી,
અદ્વિતીય પર-બ્રહ્મમાં દ્વૈત ની સ્થિતિ ઘટે જ નહિ,માટે અહંતા તથા જગત મિથ્યા જ છે"
એમ જાણવાને લીધે,તત્વવેત્તા પુરુષ અહંતા તથા મમતાના દેખાવોની હાંસી કરે છે.

જે પુરુષની દૃષ્ટિમાં હું-પણું,તું-પણું,જગતના વિભાગ,મન અને જડ-ચેતન નો ભેદ ના હોય,
તે જ સાચો પુરુષ છે-બાકી બીજો પુરુષ તે પુરુષ નથી.

આકાશની જેમ નિર્લેપ રહેનારો,ઉપશમવાળો અને હર્ષ તથા રોષના વિચારોમાં લાકડા જેવો-રહેતો પુરુષ,
શાસ્ત્રનો તથા શિષ્ટ લોકોના આચારનો વિરોધ ના આવે-
એવી રીતે બહારના વ્યવહારની ક્રિયાઓ સારી રીતે કરતો હોય,તે પુરુષ ને જ પુરુષ સમજવો.

જે પુરુષ કોઈના ભયથી નહિ પણ,સ્વભાવથી જ સઘળાં પ્રાણીઓને પોતાના જેવાં જુએ,
અને દ્રવ્યને માટીના ઢેફા જેમ જુએ-તે જ મનુષ્ય દેખતો છે તેમ સમજવું.

અજ્ઞાની પુરુષ,નાના-મોટા સઘળા પદાર્થો ને મિથ્યા જાણતો નથી અને અધિષ્ઠાન નો અનુભવ નહિ હોવાને લીધે,
સત્તા-સામાન્ય ને પણ જાણતો નથી.માટે તે પુરુષને આંધળો જ સમજવો.
જ્ઞાની પુરુષ જ જગતને જગત-રૂપે મિથ્યા જાણે છે,અને અધિષ્ઠાન-રૂપે સત્ય જાણે છે.
માટે તેને કોઈ પ્રકારનો મોહ થતો નથી.
તે જ્ઞાની-પુરુષ બ્રહ્મવેત્તાની પદવીને પામેલો હોવાથી,સર્વને સમ-દૃષ્ટિથી જોનારો હોય છે,
તેથી તે જ્ઞાની-પુરુષ,દરિદ્ર જ રહે કે ધનાઢ્ય થાય-તો પણ તેને હર્ષ શોક થતો નથી.

એવા જ્ઞાની-પુરુષને પુત્રની પ્રાપ્તિ થાય કે પુત્રનું મરણ થાય તો પણ-તેને હર્ષ-શોક થતો નથી.
એ પુરુષ,વૈભવ-વાળા મોટા મકાનમાં રહે કે અરણ્યમાં રહે તો પણ તેને કશો વિકાર થતો નથી.
એ પુરુષ,ચંદન વગેરેનું શરીર પર લેપન કરે કે અગ્નિમાં પડે-તો પણ તેને મનમાં કશો વિકાર થતો નથી.
એ પુરુષ ઘણાં પાપો કરે કે ઘણાં પુણ્યો કરે તો પણ તેને સ્વર્ગની કે નરક ની પ્રાપ્તિ થતી નથી.
કારણકે-એ મહાત્મા દેહાદિ-રૂપ નથી માટે તે જે કંઈ કરે તે કરેલું કહેવાતું નથી.

જેમ,સોનું કાદવમાં પાડે તો પણ કલંકિત થતું નથી,
તેમ તે પુરુષ,ગમે તેવી પરિસ્થિતિમાં-ગમે તેમ વર્તે તો પણ તે કલંકિત થતો નથી.
જ્ઞાનીને સઘળી વસ્તુઓ ઉપશાંત થઇ ગયેલી હોય છે,અને ચિત્ત શાંત થઇ ગયેલું હોય છે,
માટે તેના ચિત્તને કંઈ કોઈ પણ કલંક લાગતું નથી.
અજ્ઞાની પુરુષ પણ જોકે પરબ્રહ્મ જ છે,છતાં અહંતા ના અધ્યાસથી,વાસનાઓ-રૂપી અનર્થો જાગ્રત થવાને
લીધે,આ જન્મમાં વિચિત્ર સુખ-દુઃખો ને પ્રાપ્ત થાય છે.

જેમ, રજ્જુમાં રહેલો સર્પનો ભ્રમ,શાંત થતાં,"તે સર્પ નથી" એમ સમજાઈને શાંતિ પ્રાપ્ત થાય છે.
તેમ,અહંતા-રૂપી ભ્રમ શાંત થતાં,"દેહાદિ નથી જ" એમ સમજાઈને અંદર સમતા પ્રાપ્ત થાય છે.
જ્ઞાની,ક્રિયાઓમાં (કર્મોમાં) કોઈ જાતની આસક્તિ રાખતો જ નથી,એટલે તે ક્રિયાઓ કરે તો પણ ભલે અને ના
કરે તો પણ ભલે.તેને કર્મ કરવાનું કશું પ્રયોજન નથી કે કર્મ ના ત્યાગનું પણ કશું પ્રયોજન નથી.
તે જ્ઞાની પુરુષ આત્માને બરોબર સમજેલો હોય છે,તેથી આત્મામાં જ રત રહેલો હોય છે.

જ્ઞાની પુરુષને ઈચ્છા થતી જ નથી,પણ કદાચ વાસનાના અભ્યાસને લીધે,ઇચ્છાઓ ઉત્પન્ન થાય,તો પણ,
જેમ જળમાં ઉત્પન્ન થયેલા તરંગો જળથી જુદા નથી-તેમ પોતામાં ઉત્પન્ન થયેલી ઇચ્છાઓ પોતાથી જુદી નથી,
એમ,તે પુરુષ સંપૂર્ણ રીતે સમજે છે.

"આ જે સઘળું જગત છે તે આત્મા છે અને જે આત્મા છે તે સઘળું જગત છે-માટે દ્વૈત-રૂપ કોઇ વિભાગ છે જ નહિ"
એમ જ્ઞાની પુરુષ સમજે છે,માટે તે જ્ઞાની પુરુષ પૂર્ણ અને પવિત્ર પરમાત્મા-રૂપ જ છે.
પરમાત્મા સત્તા-રૂપે સર્વમાં છે,માટે જ્ઞાની પણ સર્વમાં હોવાને લીધે-
"એ અમુક પદાર્થ-રૂપ છે" એમ કહી શકાતું નથી.

## (૫૭) જે દૃશ્ય છે તે ચૈતન્ય જ છે

વસિષ્ઠ કહે છે કે-જેમ મરીમાં તીખાશ રહેલી છે-તેમ,આત્મામાં ચૈતન્ય-પણાને લીધે-જે "અનુભવ" રહ્યો છે,
તે જ (હું-પણા તથા તું-પણા - રૂપ તથા દેશ-કાળ આદિ-રૂપ) "જગત-રૂપે" થયેલ છે.
આત્મામાં જે અનુભવ રહ્યો છે-એટલે કે-આત્મામાં પોતાથી જ જે સત્તા-રૂપ અનુભવ રહ્યો છે,
તે જ જાણે,દૃશ્ય-રૂપ થઈને આત્મામાંથી બહાર આવેલો હોય-તેમ,હું-પણા,તું-પણા આદિ-રૂપે દેખાય છે.

આત્માના પ્રકાશનું જે પોતાની મેળે જ સ્ફુરણ છે-
તેને જ જીવ "આ હું-પણું તથા આ તું-પણું" છે એક કલ્પી લે છે.
આત્મા-રૂપ ચૈતન્ય ની અંદર જે ચૈતન્ય-રૂપ અમૃત છે-તે સ્વયં-પ્રકાશ-પણાથી,
આત્મા ના જ અનુભવમાં આવતા "હું-પણા,તું-પણા" વગેરે રૂપે ઉદય પામે છે.
પરમાત્મા-રૂપી ગોળની અંદર જે ચૈતન્ય-પૂર્ણ માધુર્ય છે,
તેને તે પરમાત્મા પોતાથી જ પોતામાં -હું-પણા,તું-પણા- વગેરે રૂપે અનુભવે છે.

હે,રામ,"જગત-રૂપ માયિક આકાર,સ્વયં-પ્રકાશ આત્માના અનુભવ-રૂપ જ છે" એમ તમને સમજાવવા માટે,
મેં તમારી આગળ આ વિચાર કહ્યો છે.માટે તે ઉપરથી એમ ના સમજવું કે-
"જાણનાર અને જાણવા યોગ્ય પદાર્થ જુદા છે અને અનુભવનાર અને અનુભવવા-યોગ્ય પદાર્થ જુદા છે"
કેમ કે-આત્માની અંદર કોઈ જાણવા યોગ્ય પદાર્થ કે અનુભવવા-યોગ્ય પદાર્થ જ નથી.
માટે તે આત્મા,કોઈ પદાર્થ જાણતો કે અનુભવતો નથી.

એ પરમાત્મા ની અંદર કોઈ વિષય જ નથી,કે જેના રૂપને પરમાત્મા ગ્રહણ કરે.અને -
તે પરમાત્મા ની અંદર બીજો કોઈ મેળવવાનો પદાર્થ જ નથી કે જેને તે પરમાત્મા મેળવે.
અનંત અને ભરપૂર સ્વરૂપ-વાળા એ પરમાત્મામાં આ જગત-રૂપ આકાર મિથ્યા જ દેખાય છે.

ઉપર કહેલા ઉપદેશથી મેં તમને એમ જ સમજાવ્યું કે-
"હું-પણા તથા તું-પણા આદિ-રૂપ "જગત" નામનો ભેદ પરમાત્મામાં મુદ્દલે છે જ નહિ.
ચિત્ત પણ નથી,દૃષ્ટા પણ નથી કે જગત-વગેરે ભ્રમ-રૂપ દૃશ્ય પણ નથી.

જેમ,વરસી રહીને ખાલી થયેલું વાદળું,પ્રથમ પાતળું થઈને પછી શાંત થઇ જાય છે,
તેમ અધિષ્ઠાન-રૂપે રહેલું આ જગત,પહેલાં પાતળું થઈને પછી સઘળું શાંત થઇ જાય છે.
તત્વવેત્તા પુરુષ --"પોતાના "જાણનાર-પણા" માં
"જાણનાર અને જાણવાનો વિષય એ અંશો કલ્પિત છે,અને જાણ (જ્ઞાન) એ અંશ જ સત્ય છે"
એમ પોતાનામાં થયેલા જ્ઞાનની વૃદ્ધિને લીધે સમજે છે.

અજ્ઞાની જે જે વાસનાને લીધે,જે જે વિષયના જ્ઞાનથી,જે જે પ્રકારે જેવી જેવી તૃપ્તિને પ્રાપ્ત થાય છે,
તે તે વાસના-રૂપે,તે તે વિષયો-રૂપે,તે તે પ્રકાર-રૂપે અને તેવી તેવી તૃપ્તિ-રૂપે-પરમાત્મા માં જ વિવર્ત પામે છે.
પરમાત્મા કે જે કોઈ ભિન્ન પદાર્થ જ નથી,એટલે,તેમાં જે જુદાઈ જેવું સમજવામાં આવે છે,તે ભૂલ જ છે.

જે અવિદ્યા (અજ્ઞાન) છે તે જીવનું જીવન છે અને જે માયા છે તે,ઈશ્વરનું જીવન છે.
કારણકે  જીવ-પણું અવિદ્યા-રૂપી ઉપાધિ થી અને ઈશ્વર-પણું માયા-રૂપી ઉપાધિથી થયું છે.
એ બંને ઉપાધિઓને દુર કરી દેતાં,ઈશ્વર અને જીવના ચૈતન્ય-સ્વરૂપમાં કંઈ ભેદ નથી.
માટે જે કંઈ છે તે -શાંત અખંડિત ચૈતન્ય જ છે તેમ સમજો.

હે,રામ,"આ જે સઘળું જગત છે તે બ્રહ્મ જ છે" એમ જે મારે બોલવું પડે છે તે તમને સમજાવવા માટે બોલવું પડે છે.
કેમકે,વાસ્તવિકપણે વિચાર કરતાં તો "જગત મુદ્દલે છે નહીં" એવો સિધ્ધાંત વિદ્વાનોએ સ્વીકાર્યો છે.

**<u>(૫૮) ભીલના રાજા સુરઘુને માંડવ્યે ઉપદેશ આપ્યો</u>**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,ભીલના રાજા સુરઘુ નો વિસ્મય આપનાર વૃતાંત-રૂપ એક જુનો ઈતિહાસ,
આ વિષયમાં જ કહેવામાં આવે છે.
આ જગતમાં હિમાલયના શિખર-રૂપ એક "કૈલાસ" નામનો પર્વત છે,તેની નીચેના ભાગમાં,હેમજટ નામથી
ઓળખાતા ભીલો રહે છે,તેમનો સુરઘુ નામનો બળવાન,ધનવાન અને તેજસ્વી રાજા હતો.
કે જે,કોઈ જાતનો ખેદ નહિ પામતાં,પ્રજાનું પાલન કરતો હતો અને રાજ્ય-સંબંધી કાર્યો કર્યા કરતો હતો.

ઘણા દિવસ થતાં,રાજ્ય-સંબંધી સુખ-દુઃખોથી બંધાયેલા,એ રાજાને રાજ્યથી કંટાળો આવ્યો,
અને આમ કંટાળો આવવાથી એ રાજા નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યો.

સુરઘુ સ્વગત કહે છે કે-જેમ ઘાણી પોતાના બળથી તલને પીલે છે,તેમ હું પોતાના બળથી આ દુખિયા
અપરાધી લોકોને શા માટે પીડું છું? જેમ મને કોઈ શિક્ષા કરે તો મને પીડા થાય તેમ હું શિક્ષા કરું છું,તો એ
સર્વ-લોકોને પીડા થતી જ હશે.મને લાગે છે કે-હું આ લોકોને ધન આપું,કેમકે જેમ ધનથી હું રાજી થાઉં છું,
તેમ તે સર્વ લોકો ધનથી રાજી થાય તે સ્વાભાવિક જ છે.
હવેથી મારે અપરાધીઓને શિક્ષા કરવાનું બંધ જ રાખવું,પણ જો તે અપરાધીઓને હું
યોગ્ય શિક્ષા નહિ કરું તો-આ પ્રજા,કોઈ પણ જાતના  નિયમ વિના મર્યાદામાં ચાલશે નહિ.
અપરાધીઓને શિક્ષા કરવાની એ બહુ મોટી કડાકૂટ છે,હાય,આવા આવા વિચારોથી હું અત્યંત દુઃખી છું"

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,તે રાજાનું ચિત્ત "હું આમ કરું કે તેમ કરું?"  એવા વિચારો કરતાં શાંતિ પામ્યું નહિ.
ત્યારે એક વખત માન્ડવ્ય નામના મુનિ એ સુરઘુ રાજાને ઘેર આવ્યા.ત્યારે સુરઘુ એ તેમની પૂજા કરી અને પછી,
તેમને નમ્રતા-પૂર્વક પોતાના ચિત્તની વ્યાકુળતાની વાત કરી અને કહ્યું કે-
મારા મનમાં સમતા ઉદય પામે અને વિષમતા ટળી જાય તેવો ઉપાય આપ બતાવો.

માન્ડવ્ય કહે છે કે-હે,રાજા,જેમ,સૂર્યના કિરણથી હિમ પીઘળી જાય છે,તેમ પોતાના હાથમાં જ રહેલા,
(વૈરાગ્ય તથા ત્યાગ આદિ યત્નથી અને શ્રવણ-મનન-આદિ) ઉપાયથી મનનું આ વેવલા-પણું પીઘળી જાય છે.
પોતાના "વિચાર-માત્ર" થી મનની અંદરનો તાપ તરત શાંત થાય છે.
તમે પોતાના જ મનથી પોતાના શરીરમાં રહેલી ઇન્દ્રિયોનો વિચાર કરો કે-"એ ઇન્દ્રિયો કેવી છે અને કોણ છે?"
વળી,"હું કોણ છું? આ જગત કેવું છે?અને જન્મ-મરણ કેમ થાય છે?" એનો પણ વિચાર કરો.

એટલે તમને અત્યંત મહત્તા (મોટાપણું કે બ્રહ્મપણું) પ્રાપ્ત થશે.અને આમ "વિચાર" કરીને તમે તમારા પોતાના
સ્વભાવને જાણશો,તો તમારું મન,હર્ષ-શોકથી કંપાવી શકાય નહિ એવું અચળ થશે.
એટલે કે તમારું મન પોતાના ચંચળપણાને ત્યજીને,તાપ વિનાનું થઇ,
પોતાના મૂળભૂત બ્રહ્મરૂપ થઇને બ્રહ્મમાં શાંત થશે.

હે,રાજા,વ્યવહારોને લીધે,ચંચળતા-રૂપ કલંકને પ્રાપ્ત થયેલું તમારું પોતાનું મન,
જયારે,પોતે જીવનમુક્ત-રૂપે થઇને,"વિચારના બળ" થી પોતાના કલંકિત-રૂપને ત્યજી દેશે-અને-એ રીતે,
તમે પોતાના "તત્વ" ને જાણીને સંતુષ્ટ થશો,ત્યારે,તમે એવી ઉત્તમ "મહત્તા"ને (બ્રહ્મ-પણાને) પ્રાપ્ત થશો કે-
જે મહત્તાની સત્તાને,પર્વત,સમુદ્ર અને આકાશની મહત્તા પણ અધીન છે.
અને ત્યારે -(તે પછી) તમારું મન કદી પણ સંસારી વૃત્તિઓમાં ડૂબશે નહિ.
કામનાઓથી કંગાળ થયેલું ક્ષુદ્ર મન જ ક્ષુદ્ર કાર્યમાં ડૂબી જાય છે.
જેમ,કીડા કાદવમાં ડૂબી જાય છે,તેમ,ચિત્ત,દ્રશ્યોને જ લાગુ પડનારી,
પોતાની વાસના-રૂપી દીનતા થી મોહમાં ડૂબી જાય છે.

હે,રાજા,કેવળ સ્વયંપ્રકાશ પરમાત્માનો અનુભવ થાય ત્યાં સુધી પોતાની સઘળી વસ્તુઓ નો ત્યાગ કરવો
જોઇએ.જ્યાં સુધી આત્મા જ અવશેષ રહે,ત્યાં સુધી સઘળા વેદાંત-શાસ્ત્ર નું અવલોકન કરવાની આવશ્યકતા છે.
દૃઢ નિશ્ચયવાળી બુધ્ધિથી,સર્વ દેશમાં અને સર્વ કાળમાં સઘળી રીતે સર્વનો ત્યાગ કરવામાં આવે,તો જ
પૂર્ણ-સ્વ-રૂપ પરમાત્મા ની પ્રાપ્તિ થાય છે.પણ,વિષયો નો થોડો-ઘણો ત્યાગ કરવાથી પરમાત્મા મળતા નથી.

જ્યાં સુધી સર્વનો ત્યાગ ના થાય ત્યાં સુધી પરમાત્મા મળતા નથી,
કેમકે-સઘળી "અનાત્મ-વસ્તુ"ઓનો ત્યાગ કરવાથી જે શેષ રહે છે તે જ "આત્મા" કહેવાય છે.
હે,રાજા,જ્યાં સુધી બીજું કાર્ય છોડી દઈને ઉદ્યોગ કરવામાં ના આવે ત્યાં સુધી,ધન આદિ સામાન્ય વસ્તુ પણ જો
મળતી ના હોય,તો પછી,સર્વ નો ત્યાગ કરીને ઉદ્યમ કર્યા વિના આત્મા કેમ મળે?

આમ,સઘળી વસ્તુઓનો ત્યાગ કરતાં,જેનો સર્વથા ત્યાગ થઇ શકે નહિ-તેવું,
જે જોવામાં આવે છે તે જ પરમ-પદ છે.
સઘળાં કાર્યોની તથા કારણોની પરંપરામાં આ જગતની અંદર દેખાતી સત્તા-માત્ર આત્મામાં,
કલ્પનાથી જ દેખાતી,સઘળી અનાત્મ-વસ્તુઓને સંપૂર્ણ-પણે ત્યજી દઈ,
અને મનના રૂપને પણ લીન કરી નાખીને જે વસ્તુની પ્રાપ્તિ થાય છે તે જ "બ્રહ્મ" છે.

**<u>(૫૯) સુરઘુરાજાને વિચારથી આત્મ-લાભ થયો.</u>**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,માન્ડવ્ય મુનિએ સુરઘુ રાજાને એ પ્રમાણે કહી ત્યાંથી વિદાય લીધી,ત્યારે સુરઘુ રાજા,
પવિત્ર એકાંત સ્થળમાં જઇને પોતે પોતાની બુધ્ધિથી નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યો.

સુરઘુ સ્વગત કહે (વિચારે) છે કે -હું પોતે કોણ છું? હું જગત નથી અને જગત મારું નથી.
હું પર્વત કે પૃથ્વી નથી કે તે પર્વત અને પૃથ્વી મારા નથી.આ ભીલોનો દેશ હું નથી કે તે દેશ મારો નથી.
જે કલ્પના-રૂપ સંકેત ને લીધે આ દેશ મારો છે-તે સંકેતને જ -ત્યજી દઉં છું.
આ સ્ત્રી-પુત્ર-વૈભવ-નોકરો-સેનાપતિઓ-વાળું રાજ્ય-એ હું નથી અને એ સઘળું મારું નથી.

આ હાથ-પગ-આદિ અવયવોવાળા મારા દેહને
"હું તે દેહ છું" એમ જે હું માનું છું-તો હવે તરત તેનો પણ મનમાં વિચાર કરી જોઉં.
આ દેહમાં જે માંસ-હાડકાં છે તે હું નથી,કેમ કે તે જડ છે,અને હું તો ચેતન છું.
જેમ,જળ,એ કમળ ઉપર ચોંટી રહેતું નથી,તેમ,હું અસંગ હોવાને લીધે,મારી સાથે એ માંસ-હાડકાં ને
કોઈ સંબંધ નથી.એટલે કે તે હું નથી અને તે મારાં નથી.

સુરઘુ સ્વગત કહે છે કે -આ દેહમાં,કર્મેન્દ્રિયો,જ્ઞાનેન્દ્રિયો અને તે ઇન્દ્રિયોના ભોગો-તે હું નથી અને તે મારા નથી.
આ સંસાર-રૂપી દોષના મૂળ-રૂપ જે મન છે-તે પણ જડ હોવાથી-તે હું નથી અને તે મારું નથી.

બુદ્ધિ અને અહંકાર પણ મનથી જ કલ્પાયેલાં છે-વાસ્તવિક નથી,તેથી તે હું નથી અને તે મારાં નથી.
આ રીતે શરીરથી માંડીને મન-બુદ્ધિ-અહંકાર સુધીનાં સ્થૂળ-સૂક્ષ્મ ભૂતો નો સમુદાય હું નથી.કે તે મારાં નથી.

હવે જે અવશેષ-રૂપ (જે હું કે મારું પંચભૂતમાંથી બનેલ મનુષ્ય-રૂપ) રહ્યું તેનો વિચાર કરું.
અવશેષ તો ચેતન-સ્વ-રૂપ જીવ (મનુષ્ય) રહ્યો-પણ તે પ્રમાતા છે.અને -તે-પ્રમાતા-
(પ્રમાતા-પ્રમાણ અને પ્રમેય -એ ) ત્રિપુટીની અંદર આવી જાય છે.
અને આ ત્રિપુટી -તો-સાક્ષી (આત્મા) થી જણાય તેવી છે,
માટે તે જીવ (મનુષ્ય) સ્વયંપ્રકાશ નહિ હોવાને લીધે આત્માનું વાસ્તવિક સ્વરૂપ નથી તેમ જણાય છે.

(નોંધ-દા.ત.સૂર્ય એ પ્રમાતા (જ્ઞાતા) છે,તેના કિરણો તે પ્રમાણ (જ્ઞાન) છે અને
તે કિરણો થી જે વસ્તુઓ-જેમકે ઘડો વગેરે પ્રકાશે છે તે પ્રમેય(જ્ઞેય) છે-
જીવના -આમ તો બે અર્થ છે-પણ અહી આત્મા જેમાં છે તેવું પ્રાણી કે મનુષ્ય એવો અર્થ લેવો જોઇએ?!!!)

આ પ્રમાણે હું સાક્ષીથી (આત્માથી) જણાય તેવી સઘળી વસ્તુઓનો ત્યાગ કરું છું.
કેમકે માપમાં આવનારી જે જે વસ્તુઓ છે તે -હું નથી.
સર્વનો ત્યાગ કરતાં -તો જ્યાં કોઈ જાતના વિકલ્પ નથી-એવું શુધ્ધ ચૈતન્ય (આત્મા-પરમાત્મા) અવશેષ રહે છે.
માટે તે (શુધ્ધ ચૈતન્ય-કે-આત્મા-પરમાત્મા) જ હું છું.
આ તો આશ્ચર્ય થયું.મને આત્માની પ્રાપ્તિ થઇ ગઈ!! ઘણા કાળ સુધી યત્ન કરતાં કરતાં આજ હું સફળ થયો.

હું એ ચૈતન્ય-શક્તિ છું કે જે ચૈતન્યશક્તિ વિષયો-રૂપી રોગથી રહિત છે.સઘળી દિશાઓમાં ભરપૂર છે અને
ભૈરવી આકાર ધારણ કરનારી છે.તે મનની સઘળી વૃત્તિઓમાં રહેલી છે,સૂક્ષ્મ છે,ઇષ્ટોથી તથા અનિષ્ટોથી
રહિત છે,બ્રહ્મ-લોક સુધીનાં સઘળાં ભુવનોની અંદર રહેલી છે.અને સઘળી શક્તિઓની ડાબલી-રૂપ છે.
તે નિરતીશય આનંદથી ભરપૂર છે અને દીવાની જેમ સર્વને પ્રકાશ આપનારી છે.

તે ચૈતન્ય-શક્તિ સઘળાં બ્રહ્માંડો-રૂપી મોતીઓમાં એક-રૂપે રહેનારા લાંબા તાંતણા જેવી છે.
કલ્પનાથી તે સઘળા.આકારો-વિકારો વાળી છે,પણ વાસ્તવિક રીતે તે આકારો-વિકારો થી રહિત છે.
સઘળા પ્રાણીઓના સમૂહપણાને પામેલી છે,સદા સર્વપણાને પામેલી છે,અને સર્વ (ચૌદ) લોકોના
પદાર્થોને પોતાના વિશાળ ઉદરમાં ધરી રહેલી છે.

આ જગત-રૂપી જે કલ્પના જોવામાં આવે છે તે સઘળી એ અનુભવરૂપ ચૈતન્ય શક્તિમય જ છે.
સુખ-દુઃખ ની દશાઓ તથા તેથી થતી ગતિઓ મિથ્યા આભાસમાત્ર જ છે.
આ મારો આત્મા સર્વમાં વ્યાપક છે અને મારી બુદ્ધિનો સાક્ષી પણ એ જ છે.
એ આત્મા જ કલ્પનાથી આ શરીર-રૂપ થઇને "હું રાજા છું" એવો ભ્રમ કરતો હતો.

મન,એ આત્માની કૃપાથી જ,દેહ-રૂપી ગાડીમાં (રથમાં) બેસીને "સંસારના સમૂહો-રૂપી લીલા" ઓમાં જાય છે,
ત્યાં તે નાચે-કૂદે છે.આ મનનો નાશ થતા શરીર -આદિ -કે જે તુચ્છ છે,તે નાશ પામે તો -પણ તેમાં મારું કંઈ નાશ
પામતું નથી.હાય,મને પ્રજાના નિગ્રહ-અનુગ્રહ કરવા વિશેની ચિંતાઓ વૃથા જ થઇ હતી.
નિગ્રહ-અનુગ્રહ,એ તો દેહ ને લીધે જ છે,અને એ દેહ તો કંઈ જ નથી,અહો,હું એ સમજી ચૂક્યો છું.

સુરઘુ સ્વગત કહે છે કે -સંસાર પ્રત્યેની મારી દૃઢ આસક્તિઓ હવે ચાલી ગઈ છે.
જગતમાં,જે જોવાનું હતું તે જોવાઇ ચુક્યું,અને જે પામવાનું હતું તે સંપૂર્ણ-પણે પમાઇ ચુક્યું.
જગતમાં આ જે કઈ દૃશ્ય પદાર્થો જોવામાં આવે છે,તેમાંના કોઇ પણ અબાધિત છે જ નહિ.

(૧) માયાથી,જીવ-પણા-રૂપી-ભ્રમ,(૨) એ ભ્રમથી થયેલ,લિંગ-શરીર-રૂપી-ભ્રમ,
(૩) એ  ભ્રમથી થયેલ બાહ્ય-વસ્તુઓ હોવાનો ભ્રમ (૪) અને એ ભ્રમ થી થયેલ જાગ્રત-સ્વપ્ન-રૂપી ભ્રમ,
એ વિના જગતનું સ્વરૂપ બીજું કંઈ નથી.

નિગ્રહ-અનુગ્રહ અને તેથી થતા-મારા હર્ષ-શોક ક્યાં ગયા? તે કેવા હતા અને શામાં રહ્યા હતા? અને શા રૂપ હતા? એ વિષેનો હવે કંઈ પત્તો પણ મળતો નથી.સુખ પણ શું છે? અને દુઃખ પણ શું છે? (આ કંઈ જ નથી)
જે આ કંઈ છે તે વ્યાપક બ્રહ્મ જ છે,હું તો વૃથા જ મૂઢ થઇ ગયો હતો.
પણ,હવે હું મોહથી પર થયો છું.એ સારું થયું.

હવે કોને માટે શોક કરવો? શામાં મોહ પામવો? શું જોવું? શું કરવું? ક્યાં રહેવું અને ક્યાં જવું?
એવા પ્રશ્નો નો કોઈ સંભવ જ નથી.
આ તો અલૌકિક ચમત્કાર-વાળું ચૈતન્ય-રૂપી આકાશ જ બ્રહ્માંડ-રૂપે દેખાય છે.
હે,સઘળાં,પાંચ-ભૂતોથી રહિત આત્મા,હું તને વારંવાર પ્રણામ કરું છું. તું ભલે જોવામાં આવ્યો.
અહો,હું જાગ્રત થયો છું.અને જે મેં જાણ્યું છે-તે સંપૂર્ણ અને બરાબર સાચું છે.

હું કે જે અંત વિનાનો અને યથાર્થ જ્ઞાનથી (ચૈતન્ય-રૂપ-આત્મા-રૂપે) પ્રગટ થયો છું,તેને પ્રણામ કરું છું.
આસક્તિ વિનાનો હોવાને લીધે,વિષયોથી રહિત સ્થિતિ-વાળો છું,અને સુષુપ્તિવાળાની જેમ,
ઉપાધિથી મુક્ત થઈને સ્થિર થયેલો છું.અને માટે જ સંસારના ભ્રમથી રહિત હોવાને લીધે,
જેમાં,અધ્યારોપ-રૂપી-કલંક નથી,એવા આત્મામાં જ ભરપૂરપણાથી રહ્યો છું.અને
તેથી હવે મને કદી વિષમતા થાય તેમ નથી.

**<u>(૬૦) સુરઘુરાજાએ દેહ પડતાં સુધી કરેલું નિઃસંગ આચરણ</u>**

વસિષ્ઠ કહે છે કે-જેમ,વિશ્વામિત્ર,તપ કરવા-રૂપી દૃઢ-ઉદ્યોગ ને લીધે બ્રાહ્મણ-પણું પામ્યા હતા,
તેમ,એ સુરઘુ રાજા દૃઢ ઉદ્યોગ ને લીધે સર્વોત્તમ પરમ-પદને પ્રાપ્ત થયો

ત્યારથી તે સંસારની સર્વ કોઈ ક્રિયાઓમાં (કર્મોમાં) અનાસક્ત રહી કામ કરતો હતો અને
રાજ્ય-સંબંધી સમ-વિષમ કાર્યોમાં પડવા છતાં સર્વદા સંતાપથી રહિત જ રહ્યો.
એ રાજા દરરોજ નિયમિત કાર્યો કરતો હતો છતાં પણ હર્ષ-ક્રોધ થી રહિત રહેવાને લીધે,અને
ઉદાર તથા ગંભીર સ્વ-રૂપ-વાળો હોવાને લીધે સમુદ્રની જેમ શોભવા લાગ્યો.

જેમ,દીવો કંપ વિનાની અને પ્રકાશવાળી શિખાથી શોભે છે,તેમ,એ રાજા,જે,સુષુપ્તિ અવસ્થામાં ચિત્ત-વૃત્તિ નિશ્ચલ રહે છે,તેવી નિશ્ચળ રહેનારી અને આત્મા-રૂપી પ્રકાશ-વાળી,પોતાની નિશ્ચળ ચિત્ત-વૃત્તિથી શોભવા લાગ્યો.એ રાજા,નિર્દય-દયાળુ-સુખ દુઃખો આદિ દ્વંદોવાળો-મત્સરવાળો-આસ્તિક-નાસ્તિક-
વિષયોના ગ્રહણવાળો-કે-વિષયોના ત્યાગવાળો પણ ના રહ્યો.
સર્વદા સમતા ભરેલી,ચપળતા ટળી જવાને લીધે ધીરતાવાળી અને અંદર શીતળપણાવાળી વૃત્તિ થી ભરપૂર,
સમુદ્ર ની જેમ તથા પૂર્ણ-ચંદ્રની જેમ શોભવા લાગ્યો.

"સઘળું જગત  એ ચૈતન્ય-તત્વમાં થયેલી એક જાતની કલ્પના-રૂપ છે" એવો નિશ્ચય હોવાને લીધે,
સુખ-દુઃખોથી રહિત થયેલી એ સુરઘુ રાજાની પૂર્ણ-બુદ્ધિ અત્યંત શોભવા લાગી.
તત્વ ને સમજેલો અને ચૈતન્યમાં એકતા પામેલો હોવાને લીધે,પૂર્ણ થયેલો એ રાજા,
વિલાસ કરતાં,રાજ્યનાં સુખ ભોગવતાં,ચાલતાં,બેસતાં,ઉભા રહેતાં કે સૂતાં પણ-
નિર્વિકલ્પ સમાધિમાં રહેલા જેવો જ રહેવા  લાગ્યો.

કોઇ જાતની આસક્તિ નહિ રાખતાં,રાજ્ય કરતો એ રાજા,સેંકડો વર્ષો સુધી જીવતો રહ્યો,
અને તેટલા કાળમાં તેને કોઇ રોગ પણ થયો નહિ.પછી તેને પોતાના "દેહ" નામનો વેષ ત્યજી દીધો.
પરબ્રહ્મ ના સાક્ષાત્કારને લીધે,તેણે પરબ્રહ્મમાં જ પ્રવેશ કર્યો,
કે જે પરબ્રહ્મ-સૃષ્ટિ અને પ્રલયનું અધિષ્ઠાન છે,તથા કારણોના પણ કારણ-રૂપ છે.

નિર્મળ અને સ્વયંપ્રકાશ સર્વોત્તમ સ્વરૂપ જાણવામાં આવવાને લીધે,શોકથી રહિત થયેલો અને
જન્મ આદિ વિકારોથી રહિત,દશાને પ્રાપ્ત થયેલો,એ મહાત્મા રાજા,
જેમ,ઘડો ફૂટી જતાં,ઘટાકાશ -એ મહાકાશની સાથે એકરસ થઇ જાય છે,
તેમ,સ્થૂળ-સૂક્ષ્મ-કારણ-એ ત્રણે શરીરનો ભંગ થતાં,પરબ્રહ્મ ની સાથે એકરસ થઇ ગયો.

## (૬૧) પરિઘ અને સુરઘુનો સંવાદ

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,તમે પણ એ રીતે,તત્વબોધ થી સઘળાં પાપોને દુર કરી,જગતના કલ્યાણ માટે શોક-રહિત
થાઓ,અને સુખ-દુઃખ-આદિ દ્વંદ્વો થી રહિત થઈને જીવનમુક્ત ની પદવી ને પ્રાપ્ત થાઓ.
બાળકની પેઠે ઘોર અંધારામાં ડૂબેલું મન જો-વિચાર-રૂપી દીવાને મેળવે,તો તે વિચારના આશ્રયને લીધે,
તે મનને કદી પણ પરિતાપ થતો નથી.મોહમાં પડતું ચિત્ત (મન) આ રીતના વિચારના આશ્રયથી સુખ પામે છે.
માટે તમે આ પવિત્ર વિચારને અભ્યાસથી દૃઢ કરીને તેનો બીજાઓને ઉપદેશ કરો અને
સર્વદા મનને,"એક સમાધાનવાળું" રાખો,એટલે એમ કરવાથી તમે પૃથ્વીના શણગાર-રૂપ થશો.

રામ કહે છે કે-હે,મુનિશ્વર,પવનથી ઉડતાં મોરનાં પીંછા જેવું ચપળ મન એક સમાધાન-વાળું કેવી રીતે થાય?
અને તે એક સમાધાનવાળું કેવું થાય? એ આપ મને કહો.

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,તત્વબોધને પ્રાપ્ત થયેલા તે સુરઘુરાજાનો અને તેના સમયમાં થયેલ પરિઘ(પણાઁદ)
નામના રાજર્ષિ સાથે થયેલા અદભૂત સંવાદ - હું ,તમને કહું છું તે તમે સાંભળો.
એ બંને રાજાઓએ "એક સમાધાનમાં મન" ને સમજાવ્યું (કર્યું) હતું.

પ્રબળ શત્રુઓને હણનારો,અને "પરિઘ" એ નામથી પ્રખ્યાતિ પામેલો પારસી (!!ઈરાન) દેશનો એક રાજા હતો.
તે રાજાના પ્રભાવથી એ દેશ સારી રીતે ચાલતો હતો.સુરઘુ રાજાનો એ પરમ મિત્ર હતો.
કોઇ સમયે,જેમ,પ્રજાના અપરાધોને લીધે સંસારમાં પ્રલય થાય,તેમ, પરિઘરાજાના દેશમાં પ્રજાના પાપોને લીધે,
મોટી અનાવૃષ્ટિ થઇ-કે જેને લીધે પ્રજાજનો ભૂખે મરવા લાગ્યા,તેથી પરિઘરાજાને ઘણો ખેદ થયો.
પ્રજાનો વિનાશ અટકાવી નહિ શકવાને લીધે વૈરાગ્યને પામેલા એ રાજાએ પોતાનું રાજ્ય છોડી દીધું અને
તપ કરવા માટે વનમાં જઇને ગુફામાં રહ્યો.

તપ કરતો,જિતેન્દ્રિય અને શાંત બુધ્દિવાળો એ રાજા,વૃક્ષો પરથી પોતાની મેળે ખરી પડેલાં પર્ણો (પાંદડાં) ખાઈને
રહેવા લાગ્યો.લાંબા સમય સુધી પર્ણોનું જ ભક્ષણ કરવાને લીધે તે "પણાઁદ" એ નામથી ઓળખાવા લાગ્યો.
પછી હજાર વર્ષ સુધી દારુણ તપશ્ચર્યા કરીને -અભ્યાસને લીધે,તે રાજા અંતઃકરણની શુધ્દિથી અને ઈશ્વરના
અનુગ્રહ થી,જ્ઞાનને પ્રાપ્ત થયો,જીવનમુક્ત થયો.અને પોતાની ઈચ્છા મુજબ ત્રૈલોક્ય માં વિચરવા લાગ્યો.

એક વખત તે પરિઘ (પણાઁદ) રાજા સુરઘુરાજાને ઘેર આવી પહોંચ્યો.બંને રાજા પરસ્પરના મિત્ર હોવાને નાતે,
પરસ્પરની પૂજા કરી, બંને એકબીજાને મળવાથી અત્યંત ખુશ થઈને,આસન ગ્રહણ કર્યું.

પરિઘ કહે છે કે-આજ તમારાં દર્શનથી મારું ચિત્ત મોટા આનંદને પ્રાપ્ત થયું છે.તમને જેમ માન્ડવ્ય મુનિની કૃપાથી
જ્ઞાન પ્રાપ્ત થયું છે,તેમ મને તપથી પ્રસન્ન થયેલા ઈશ્વરની કૃપાથી જ્ઞાન પ્રાપ્ત થયું છે.

હે,રાજા તમે સઘળાં દુઃખોથી રહિત થયા ને? તમે પરબ્રહ્મમાં શાંત થયાને? તમારા આત્મારામ-પણાને લીધે તમારા ચિત્તમાં મોટા કલ્યાણ-રૂપી નિર્મળતા થઈને? જે કાર્યો લોકોના હિતને માટે અવશ્ય કરવાં જોઇએ, તે કાર્યોને સમતાવાળી દૃષ્ટિએ કર્યે જાઓ છો ને? વિષયો-રૂપી સર્પો કે જેઓ ઉપરઉપરથી સારા લાગે તેવા છે, પણ પરિણામે અત્યંત શત્રુતા કરે તેવા છે,તેઓમાં તમારું મન વૈરાગ્ય રાખીને વર્તે છે ને?

આપણે બે કે જે ઘણા વર્ષોથી જુદા પડી ગયા હતા,તેઓને કાળે આજ ફરી ભેગા કરી દીધા છે.
હે મિત્ર,જગતમાં લોકોના સંયોગોથી તથા વિયોગોથી થતાં સુખ-દુઃખોની દશાઓ કોઈ એવી નથી કે જેઓ જીવતાં મનુષ્યોમાં જોવામાં ના આવે.આપણે પણ એવા પ્રકારની લાંબીલાંબી દશાઓને લીધે જુદા પડી ગયા હતા,તે આજ ફરી ભેગા થયા છીએ.પ્રાણીઓનાં કર્મોને અનુસરનારી ઈશ્વરની ઈચ્છાનો આ વિલાસ અદભુત છે.

સુરઘુ કહે છે કે-ઈશ્વરે તમને અને મને દૂરદૂર દેશોમાં અને પ્રથમથી જાણવામાં ના આવે એવી દશાઓમાં જુદાજુદા કરી નાખીને,આજ ફરી ભેગા કરી દીધા છે.અહો,ઈશ્વરને શું અસાધ્ય છે? અમે અહી ક્ષેમ-કુશળથી રહ્યા છીએ, અને આજ તમારા પધારવા-રૂપી પુણ્યે અમને અત્યંત પવિત્ર કર્યા છે.
હે મહાપ્રભાવશાળી,તમારું,પવિત્ર ભાષણ અને પવિત્ર દર્શન ચારે બાજુથી જાણે અમૃતોના મીઠા પ્રવાહને વરસતું હોય એવું લાગે છે.મહાત્માઓનો સમાગમ મોક્ષ-સુખની પ્રાપ્તિ જેવો જ છે.

## <u>(૬૨) ચૈતન્ય નું સ્ફૂરણ રહેવાથી નિત્ય સમાધિમાં જ રહે છે</u>

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,પછી ઘણીવાર સુધી,જુના સ્નેહથી ભરેલી અને એવા પ્રકારની વિશ્વાસની વાતો કરીને પરિઘરાજાએ સુરઘુરાજાને નીચે પ્રમાણે કહ્યું.

પરિઘ કહે છે કે-હે રાજા,આ સંસાર-રૂપી જાળમાં જે જે કામ કરવામાં આવે છે-તે તે સર્વ કામ સ્થિતપ્રજ્ઞ ચિત્તવાળાને સુખદાયી થાય છે,અજ્ઞાનીને સુખદાયી થતું નથી.
સમાધિ કે જે સઘળા સંકલ્પોથી રહિત છે,પરમ શાંતિનું સ્થાન છે,સઘળાં દુઃખોના અત્યંત ઉપશમરૂપ છે, અને સંસાર સંબંધી સુખો કરતાં અત્યંત શ્રેષ્ઠ છે,તેને તમે કરો છો ને?

સુરઘુ કહે છે કે-હે,મહારાજ,આપ જેને સઘળા સંકલ્પોથી રહિત,સઘળા વિક્ષેપરૂપી દુઃખોના અત્યંત ઉપશમરૂપ અને સંસાર સંબંધી સુખો કરતાં અત્યંત શ્રેષ્ઠ કહો છો તે સમાધિ શો પદાર્થ છે? એ મને કહો.
હે,મહાત્મા,જે તત્વવેત્તા પુરુષ હોય છે,તે બેસી રહેતા કે વ્યવહાર કરતાં પણ સમાધિ વિનાનો ક્યારે રહે છે? જે ક્ષણમાત્ર પણ સમાધિ વિનાનો રહે તે તત્વવેત્તા જ કેમ કહેવાય?

સુરઘુ કહે છે-જેઓ નિત્ય જ્ઞાન-યુક્ત ચિત્તવાળા અને આત્મતત્વમાં નિષ્ઠાવાળા હોય છે,
તેઓ ભલે જગતની ક્રિયાઓ કરતા હોય તો પણ સમાધિવાળા જ છે.
પદ્માસન વાળીને બ્રહ્માંજલિ કર્યા છતાં પણ જેનું ચિત્ત શાંત થયું ન હોય,તો તેની સમાધિ શું કામની છે?
હે,મહારાજ,સઘળી આશાઓ-રૂપી ખડોને બાળી નાખવામાં,અગ્નિ-રૂપ જે તત્વબોધ છે -તે જ-સમાધિ છે.
ચૂપ થઈને એકાંતમાં બેસી  રહેવું એ સમાધિ નથી.

ભેદનો બાધ કરીને અભેદનું જ અનુસંધાન કરતી સર્વદા તૃપ્તિવાળી અને સત્યવસ્તુ (બ્રહ્મ)ને જ જોનારી,
જે ઉત્તમ બુદ્ધિ હોય છે,તેને જ તત્વવેત્તાઓ સમાધિ કહે છે.
ક્ષોભ વિનાની,અહંકાર વિનાની,સુખ-દુઃખ-આદિ દ્વંદ્વોને નહિ અનુસરનારી અને મેરૂ પર્વત કરતાં પણ વધારે અડગ રહેનારી જે ઉત્તમ બુદ્ધિ હોય છે-તેને જ તત્વવેત્તાઓ સમાધિ કહે છે.

ચિંતા વિનાની,આત્મ-તત્વરૂપ પરમ ઇષ્ટ પદાર્થ ને પ્રાપ્ત થયેલી,અને "આ વસ્તુ ગ્રાહ્ય છે કે ત્યાજ્ય છે"
એવી આસક્તિથી રહિત થયેલી મન ની જે પરિપૂર્ણ સ્થિતિ હોય છે,તે જ સમાધિ કહેવાય છે.
મહાત્મા પુરુષનું મન જ્યારથી બોધ સાથે જોડાયેલું હોય,ત્યારથી જ તેમને એકધારી સમાધિ ચાલ્યા કરે છે.
તત્વવેત્તા ની સમાધિ કદી પણ તૂટી જતી નથી,તત્વનું નિરંતર અનુસંધાન ચાલ્યા કરે તે જ સમાધિ છે.
એટલે-તે તત્વવેત્તાની બ્રહ્માકારવૃત્તિ વિદેહકૈવલ્ય થતાં સુધી તત્વના અવલોકનમાંથી વિરામ જ પામતી નથી.

જ્ઞાનીને વિષયોથી રહિત,ચૈતન્યનું નિરંતર સ્ફૂરણ રહ્યા જ કરે છે.તેનો કોઇ પણ કાળ (સમય) આત્માના
અનુસંધાન વગરનો હોતો જ નથી.તેથી તેનું મન કદી સમાધિ વગરનું હોતું જ નથી.
જો મન છે તેમ ધારતા હો,તો જ્ઞાનીનું મન સર્વદા સ્થિતપ્રજ્ઞ (સમાધિમાં) પણ છે.અને,
આત્મ-સ્વ-રૂપ વિના બીજો કોઈ પદાર્થ ના હોવાને લીધે મન નથી-એમ ધારતા હો તો-જ્ઞાનીને સમાધિ પણ
નથી.

આત્મા જ સર્વમાં વ્યાપક છે,સર્વકાળમાં સર્વ-રૂપે છે અને સર્વ પ્રકારે છે.
તો એવા અખંડ-આત્મ-સ્વ-રૂપ માં સમાધિ ના હોવી તે પણ શું કહેવાય? અને સમાધિ હોવી પણ શું કહેવાય?
દ્વૈત-રૂપી વિભાગોથી રહિત થયેલા અને અત્યંત  સમતાવાળા મહાત્મા-પુરુષો,સર્વદા સમાધિ-વાળા જ
હોય છે એટલા માટે "આ તત્વવેત્તા સમાધિ વાળો છે અને આ તત્વવેત્તા એ સમાધિ વિનાનો છે"
એવા પ્રકારનો બોલવાનો ભેદ ક્યાં સંભવે?

## (૬૩) સુરઘુએ પોતાની સહજ સ્થિતિનું વિસ્તારથી વર્ણન કર્યું

પરિઘ કહે છે કે-હે,સુરઘુરાજા,હું તમારી પરીક્ષા કરી ચૂક્યો છું,તમે પરમ-પદને પામી ચૂક્યા છો.
તમે અત્યંત શીતળ અંતઃકરણવાળા,આનંદ-રૂપી રસથી પૂર્ણ,બ્રહ્મવિધા-રૂપી ઉત્તમ લક્ષ્મીવાળા,અને,
સઘળા ઇષ્ટ-અનિષ્ટ વિષયોમાં આસક્તિ વિનાના દેખાવ છો.
સાર-અસાર નો વિચાર કરી,તેના નિર્ણય ના પાર ને  પામેલા,તમે મોટી બુદ્ધિથી,
"આ સઘળું જગત અખંડ બ્રહ્મરૂપ જ છે" એમ જાણો છો.અને તમે સઘળી વસ્તુઓ થી રહિત,પરમાત્માની અંદર
ભરપૂર થયા છો.તમને પરમપદમાં એવી તૃપ્તિ મળી છે કે તે તૃપ્તિ -કદી પણ ક્ષીણ થશે નહિ.

સુરઘુ કહે છે કે-હે,મુનિ,જેને આપણે ગ્રહણ કરવા યોગ્ય માનીએ છીએ તેવી કોઇ વસ્તુ જ નથી.જે કંઈ આ સઘળું
દૃશ્ય જોવામાં આવે છે તે-સઘળું કંઈ જ નથી.મિથ્યા જ છે.જેનું ગ્રહણ કરવામાં આવ્યું હોય તેનો જ ત્યાગ કરી
શકાય,પણ આપણે કશું ગ્રહણ જ નથી કર્યું તો આપણાથી ત્યાગ કરવા યોગ્ય -પણ શું કહી શકાય?

સુરઘુ કહે છે-પદાર્થ એક સમયે સારો લાગે છે તે બીજા સમયે તુચ્છ ભાસે છે,તો એ રીતે સંસારના સઘળા
પદાર્થોમાં સારા-નરસા-પણા નું કોઇ ઠેકાણું નહિ હોવાને લીધે,પદાર્થોને સારા-નરસા ગણવા-રૂપી મારા મનની
સ્થિતિઓ,ઘણા કાળથી ક્ષીણ થઇ ગઇ છે.

આ લોકમાં જે નિંદા કે સ્તુતિ  થાય છે,તે રાગથી જ થાય છે,અને તે રાગ એ ઈચ્છા જ છે.
સારી બુદ્ધિવાળો તત્વવેત્તા પુરુષ તો સર્વથી ઉત્કૃષ્ટ-એક-પરબ્રહ્મ-રૂપી વસ્તુમાં જ રાગ ધરાવે છે.
માટે તે બીજા સઘળા પદાર્થોની ઈચ્છા વિનાનો હોવાને લીધે,કયા પદાર્થ ની નિંદા કરે કે કયા પદાર્થની સ્તુતિ
કરે? જેમાં કોઈ પણ પદાર્થ ઇચ્છવા યોગ્ય નથી,એવા શૂન્ય જગતમાં કયા પદાર્થ ની ઈચ્છા થાય?

જેમ દિવસ ની શોભા ટળી જતા પ્રકાશ અને તડકો-એ બંનેનો નાશ થાય છે,
તેમ ઈચ્છા ટળી જાય તો રાગ-દ્વેષ એ બંનેનો નાશ થાય છે.
ટૂંકમાં એટલું જ સમજવાનું છે કે-

મન જો સર્વ પદાર્થમાં રાગ વિનાનું અને
વિક્ષેપ-રૂપી-વિષમતા વિનાનું થઈને આત્મામાં જ સંતુષ્ટ થાય તો એ જ ઉત્તમ શાંતિ છે.
અને જેનાથી એ શાંતિ મળે-તે "વિચાર" નું જ સેવન કરવું યોગ્ય છે.

## <u>(૬૪) સંસારિક દુઃખોથી મુક્ત થવાના ઉપાયો</u>

વસિષ્ઠ કહે છે કે-હે રામ,એ રીતે સુરઘુ અને પરિઘ-એ બંને રાજાઓ જગતના ભ્રમ-પણાનો અને
આત્મા ના સત્ય-પણાનો વિચાર કરી,પ્રસન્ન થઈને,પરસ્પરનું પૂજન કરીને છુટા પડ્યા.
આ પરમ જ્ઞાન આપનારો એ બે રાજાઓનો સંવાદ,કે જે "આત્મા નું નિરંતર અનુસંધાન રાખવું,એ જ મનનું
એક સમાધાન છે,અને તે વૈરાગ્ય આદિ સાધનો થી થાય છે" એવું જણાવનારો છે.
તો હવે આ વિષયનું જ મનન કરીને અને જ્ઞાનની દૃઢતા કરીને,તમે સ્પષ્ટ રીતે આત્મામાં શાંત થાઓ.

જે પુરુષ,નિત્ય વેદાંત-શાસ્ત્ર નો વિચાર કરે,સર્વદા વિષયોની આસક્તિ થી રહિત રહે,અને સર્વદા આત્માનું જ
અનુસંધાન કર્યા કરે,તે સુખી પુરુષને મનના શોકો કંઈ જ અડચણ કરી શકતા નથી.
એવો પુરુષ વ્યવહારમાં અત્યંત તત્પર રહે અને વ્યવહારની અનુકૂળતા માટે મનથી નહિ પણ,
ઉપરઉપરથી રાગ-દ્વેષ દેખાડ્યા કરે,તો પણ તે વ્યવહાર સંબંધી કલંક થી લેપાતો નથી.
રાગ-દ્વેષથી રહિત,શાંત મનવાળો અને આત્મા ના ઉત્તમ વિજ્ઞાનવાળા પુરુષને મન કોઇ અડચણ ઉભું કરી શકતું
નથી.જ્ઞાનીના ચિત્તમાં ભોગોની દૃઢ વાસના કે દીનતા હોતી જ નથી.

જેમ વૈરાગ્યવાળો મનુષ્ય પોતાની સ્ત્રીનું મરણ થતાં પણ,મનમાં દુઃખ ધરતો નથી,
તેમ,જેણે આ જગતને ભ્રાંતિ-રૂપ -જાણ્યું  છે-તેનું ચિત્ત દુઃખી થતું નથી.
જેમ,દીવો અંધારાનું ઓસડ છે,તેમ "સઘળું અવિદ્યા માત્ર જ છે" એમ જાણવું એ જ
જગત-રૂપે વિસ્તારને પામેલા,અવિદ્યા-રૂપી મહાન રોગનું ઓસડ છે.
જયારે "આ સ્વપ્ન છે" એમ જાણવામાં આવે.ત્યારે જ તે સ્વપ્ન નાશ પામે છે,તે જ પ્રમાણે ,
જયારે " આ અવિદ્યા છે" એમ જાણવામાં આવે ત્યારે અવિદ્યાનો પુરેપુરો નાશ થઇ જાય છે.

જયારે ચૈતન્યના જ્ઞાન-રૂપી મોટો પ્રકાશ પ્રાપ્ત થાય,ત્યારે પુરુષની અજ્ઞાન-રૂપી રાત્રિ નાશ પામી જાય છે,
અને તેની બુદ્ધિ પરમ આનંદને પ્રાપ્ત થઇને અત્યંત શોભે છે.
અજ્ઞાન-રૂપી નિંદ્રા શાંત થઇ જતાં,શાસ્ત્ર-રૂપી સૂર્યથી જાગ્રત થયેલો પુરુષ,એવા જાગ્રતપણાને પ્રાપ્ત થાય છે કે-
જે જાગ્રત-પણું થયા પછી તેને અજ્ઞાન-રૂપી નિંદ્રા આવતી જ નથી.
જેને આત્માના અવલોકનમાં ઉપેક્ષા હોય તે લોકો રાંક જ રહે છે અને જન્મ-મરણ-સંસાર ના ચક્કરમાં ફર્યા કરે છે.

હે,રામ,આ સંસાર-રૂપી અરણ્યમાં ફરનારો જીવ-રૂપી બળદ,કે જે સેંકડો આશાઓ-રૂપી પાશથી બંધાયેલો છે,
અને ભોગો-રૂપી તરણાં (ઘાસ) ની અત્યંત લાલચ રાખ્યા કરે છે.
તે પોતાનાં પહેલાં કરેલાં પાપો-રૂપી અનર્થમાં સર્વદા ડૂબેલો જ રહે છે,દુઃખી થયા કરે છે અને નિરુપાય છે.
કર્મોના ફળો-રૂપી બોજો માથે પડવાથી,તે શરીરમાં ખેદ પામ્યા કરે છે અને રોગાદિની પીડાઓને લીધે દયામણી
ચીસો નાખ્યા કરે છે.તેને (તે જીવ-રૂપી બળદને) લાંબા કાળના વૈરાગ્ય-આદિ પ્રયત્નથી અને
જ્ઞાન-રૂપી બળથી મોહ-રૂપી જળાશયના કાદવમાંથી  બહાર કાઢવો જોઇએ.

જો તત્વના અવલોકન થી મન ક્ષીણ થાય તો-જીવ સંસાર-રૂપી સમુદ્ર તરી જાય છે,અને ફરી પાછો તે સમુદ્રમાં
(સંસારમાં) પડતો નથી.મહાત્માઓના સમાગમથી સંસાર પાર કરવાની સારી યુક્તિઓ મળે છે,માટે,
જે દેશમાં સજ્જન-મહાત્માઓ વસતા ના હોય તે દેશમાં સમજુ માણસે વસવું નહિ.
આ સંસાર કે જે-આત્મ-લાભ-રૂપી-શાંતિ ના મળી હોય,ત્યાં સુધી મહા-મોહ ને અને સંતાપોને આપનાર છે.

બુધ્દ્ધિમાન પુરુષે,જો પોતાને કંઈ પણ વિવેક પ્રાપ્ત થયો હોય તો-આ સંસારમાં પડ્યા રહેવું તેને માટે યોગ્ય નથી.અને પુરુષ પોતે જ પોતાનો બંધુ હોવાથી,<u>પોતાથી જ પોતાનો ઉધ્ધાર થાય તેમ કરવું જોઈએ</u>.પણ, દેહાભિમાન-રૂપી ગર્વ ધરીને પોતાના આત્માને જન્મો-રૂપી કાદવોથી ભરેલા,સંસાર-રૂપી સમુદ્રમાં નાખવો જોઈએ નહિ.અને "આ દેહ-રૂપી સુખ શું છે? કેમ આવ્યું છે? શાથી થયું છે? અને કેમ નાશ પામે? " એવી રીતથી,સમજુ પુરુષોએ પ્રયત્ન-પૂર્વક "વિચાર" કરવો જોઇએ.

સંસારમાં ડૂબેલા આત્માનો ઉધ્ધાર કરવામાં માણસોને ધન,મિત્રો,શાસ્ત્રો કે બાંધવો-કંઈ કામમાં આવતાં નથી.પણ,મન-રૂપી મિત્ર કે જે,સર્વદા સાથે જ રહેનાર છે,
તેને શુધ્ધ કરીને,વિચાર કરવામાં આવે તો આત્માનો ઉધ્ધાર થાય છે.
વૈરાગ્ય તથા અભ્યાસ-રૂપી યત્નો કરીને પોતાનો વિચાર કરવાથી,ઉત્પન્ન થયેલા તત્વાવલોકન-રૂપી-વહાણથી સંસાર-રૂપી સમુદ્ર તરાય છે.માટે આત્માની ઉપેક્ષા નહિ કરતાં,કાળજી રાખીને તેનો ઉધ્ધાર કરવો જોઇએ.

હે,રામ,જો મૂઢપણાને દુર કરીને અહંકારને ધોઈ નાખવામાં આવે તો-એટલાથી જ આત્મા નું રક્ષણ થાય છે.
જો મન વડે રચાયેલી આસક્તિ-રૂપ જાળને ફેંકી દઈ,અહંકારને કાપી નાખવામાં આવે તો-એટલાથી જ, આત્માના શોધન નો માર્ગ અત્યંત સ્પષ્ટ દેખાય છે.
જો આ દેહને લાકડા જેવો કે માટીના ઢેફા સમાન ગણવામાં આવે -તો-એટલાથી જ દેવાધિદેવ પરમાત્માને જાણવાનો માર્ગ મળે છે.

અહંકાર-રૂપી-મેઘ ક્ષીણ થાય તો ચૈતન્ય-રૂપી સૂર્ય જોવામાં આવે છે.
જેમ અંધકારને કાપી નાખતાં પોતાની મેળે જ પ્રકાશનું દર્શન થાય છે,
તેમ,અહંકાર દુર થતાં,પોતાની મેળે જ આત્મા નું અવલોકન થાય છે.
અહંકાર ક્ષીણ થતાં,નિરતિશય આનંદમાં શાંતિ મળવાથી,જે નિર્વિકલ્પ અવસ્થા પ્રગટ થાય છે,
તે ભરપૂર સ્થિતિ-વાળી છે.અને તેનું જ પ્રયત્નથી સેવન કરવું યોગ્ય છે.

<u>પરિપૂર્ણ અવસ્થા અમારાથી વર્ણવી શકાય તેમ નથી.એને કોઇ ઉપમા લાગુ પડી શકે તેમ નથી.</u>
અને તેમાં દૃશ્યો નો સંસર્ગ જ હોતો નથી.એ અવસ્થા પ્રાપ્ત થયા પછી,ફરી અજ્ઞાન-રૂપ આવરણથી ઢંકાઇ જતી ના હોય તો-એ સ્થિરતા ને પ્રાપ્ત થયેલી તુર્યાવસ્થા (સાક્ષીપણા ની સ્થિતિ) છે એમ જ કહી શકાય-
કે જે તુર્યાવસ્થા કેવળ મહા ચૈતન્ય ના પ્રકાશની કળી-રૂપ છે.

ભરપૂર આકાર-વાળી,અને આકાશની શોભા જેવી વિસ્તીર્ણ-એ "નિર્વિકલ્પ અવસ્થા"
"વિક્ષેપોથી રહિત-પણા-રૂપ-અવસ્થા" ના અંશમાં (એટલે કે એ રીતે જોવામાં આવે તો) સુષુપ્તિ જેવી જણાય છે.
જો કે આ બંને અવસ્થાઓમાં ઝાઝો કંઈ ફરક નથી.

<u>મન તથા અહંકારનો લય થઇ જતાં,વિચારથી પોતાની મેળે સિધ્ધ થનારી,બ્રહ્માત્મક-રૂપી નિર્વિકલ્પ અવસ્થા, વચનથી વર્ણવી શકાય તેમ નથી.કેવળ હૃદયમાં જ અનુભવમાં આવે છે.</u>તેમ છતાં જો તેની નકલ જોઇતી હોય, (એટલે કે તેના સમાન કંઈ જો કહેવું જ હોય) તો-તે "સુષુપ્તિ" (જેવું) છે.
હે,રામ જેમ અનુભવ કર્યા વિના ખાંડ આદિ પદાર્થોમાંનું,"તત્વ" (સ્વાદ) અનુભવ કર્યા વિના જણાતું નથી,
તેમ આત્માનું વાસ્તવિક સ્વરૂપ પણ "અનુભવ" વિના જણાતું નથી.(એટલે કે તેનો-માત્ર-અનુભવ જ થઇ શકે!!)

આ જે સઘળું જગત છે તે,અંત વિનાના (અનંત) પરમાત્માનું જ સ્વરૂપ છે.
જયારે ચિત્ત (મન) વિષયોમાંથી ઉપરામ પામીને,આત્માકાર થઇ નિશ્ચળ થઈને રહે છે ત્યારે,
"સ્થાવર-જંગમ નો અંતર્યામી અને સાક્ષીપણાથી ઇન્દ્રિયો વગેરેને પ્રકાશ આપનાર"
એ "પરમાત્મા-રૂપી-દેવ" (આત્મા) સાક્ષાત અનુભવમાં આવે છે.એમાં કોઈ સંશય નથી.

આ પ્રમાણે ચોથી ભૂમિકામાં આત્માનો અનુભવ થતાં,તે પછી ની પાંચમી ભૂમિકામાં,વિષયોની વાસનાઓનો અત્યંત વિનાશ થાય છે,તે પછી ની છઠ્ઠી ભૂમિકામાં,યત્ન વિના જ પરમ પુરુષાર્થ-રૂપ આત્માનો,સર્વદા અને પૂર્ણ-પણે અનુભવ થાય છે.અને તે પછીની સાતમી ભૂમિકામાં સમાધિની અને સમાધિ ના થવી-તે બંનેની પણ સમતા થઇ જવાને લીધે,પરમાત્માની સાથે એકરસપણું જ થાય છે.
કે જે (પરમાત્મા ની સાથેનું એકરસપણું) બ્રહ્માદિ મહાત્માઓથી પણ માપી શકાતું નથી.

**(૬૫) વિલાસ અને ભાસ નું આખ્યાન-તેઓને થયેલો શોક**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,અહંતા મમતા નો ત્યાગ કરીને અને મનથી જ મનને કાપી નાખીને જો આત્માનું અવલોકન કરવામાં ના આવે,તો જગત-રૂપી દુઃખ ચિત્રમાં આલેખાયેલા સૂર્યની પેઠે અસ્ત પામતું નથી.
આ વિષયમાં જ ભાસ-વિલાસ નામના બે મિત્રોના સંવાદ-રૂપ પ્રાચીન ઈતિહાસ કહેવામાં આવે છે.

આ પૃથ્વી પરના સહ્યાદ્રિ નામના પર્વત ના શિખરમાં અત્રિ-ઋષિનો એક મોટો સુશોભિત આશ્રમ છે.
તેમાં શુક્ર અને બૃહસ્પતિ નામના બે પંડિત તપસ્વીઓ રહેતા હતા.તેમના ભાસ-વિલાસ નામના બે પુત્રો હતા.
બંને પુત્રો માત-પિતાના આશ્રય થી અનુક્રમે વૃધ્ધિ પામ્યા.અને સાથે જ રહેતા હતા.
સમય થતાં-વૃધ્ધાવસ્થાને લીધે તેમનાં માતા-પિતા શરીરને ત્યજી દઈને સ્વર્ગમાં ગયાં.

ત્યારે તે ભાસ-વિલાસ પોતાના માતા-પિતાની મરણ પછી ની સઘળી ક્રિયાઓ કરીને વિલાપ કરવા લાગ્યા.
શોકને લીધે થયેલ વ્યથાથી પીડાયેલા,એ બંને જણા કરુણાથી ભરેલી વાણીથી વિલાપ કરીને,ચિત્રમાં આલેખાયેલા હોય તેમ શરીરોની સઘળી ચેષ્ટાઓથી રહિત થઇ ગયા.
તેઓ મરણ પામ્યા નહિ પણ મૂર્છિત થઇ ગયા.

**(૬૬) અજ્ઞાની મનુષ્ય દુઃખમાં જ પડ્યો રહે છે**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ, પછી ઘણે કાળે મૂર્છા ઉતરતા,શોકથી અત્યંત પરાભવ પામેલા,અને સુકાયેલાં અંગોવાળા,એ બે તપસ્વીઓ છુટા પડીને કેટલાક કાળ વનમાં જ રહ્યા.
વર્ષો પસાર થઇ ગયાં અને બંને વૃધ્ધ થઈ ગયા.
જેમને તત્વબોધ મળ્યો નહોતો.એવા તે બંને ઘણે કાળે એક દિવસ ભેગા થયા ત્યારે પરસ્પર વાતો કરવા લાગ્યા.

વિલાસ કહે છે કે-હે,ભાસ,તું ભલે આવ્યો.મારાથી છૂટા પડ્યા પછી,આ જગતમાં આટલા દિવસો તેં ક્યાં કાઢ્યા?
તારું તપ સફળ થયું? તારી બુધ્ધિ શાંત રહે છે ને? તને તત્વબોધ મળ્યો? તું કુશળ છે ને?

ભાસ કહે છે કે-હે,વિલાસ,તું પણ આજ મને જોવામાં આવ્યો એ બહુ સારું થયું અને મારું આવવું સફળ થયું.
હે ભાઈ,જ્યાં સુધી જાણવાની વસ્તુ,જાણવામાં આવી નથી,ચિત્તના કામ-આદિ સંકલ્પો ક્ષીણ થયા નથી અને આ સંસાર-સમુદ્ર તરાયો નથી,ત્યાં સુધી આપણું કુશળ ક્યાંથી જ હોય?
જ્યાં સુધી,ચિત્તની વાસનાઓ કપાઈ ગઈ નથી,યોગ્ય સમજણ મળી નથી,અને આત્મજ્ઞાન ઉદય પામીને આત્માનો લાભ મળ્યો નથી,ત્યાં સુધી આપણું કુશળ ક્યાંથી હોય?

મનુષ્યનાં જીવનનાં વર્ષો,આસક્તિ,તૃષ્ણાઓ,મોહમાં,વિષય-સુખોમાં વીતી જાય છે અને વિવેક નબળો પડતો જાય છે.વૃધ્ધાવસ્થામાં પુત્ર-આદિએ કરેલ અપમાનો થી લેવાઈ ગયેલું અને જેની શોભા નાશ પામી હોય તેવું શરીર સુકાઈ જઈને મરણ ને શરણ થાય છે,ત્યારે તે ક્યાં ગયું તે જાણવામાં પણ આવતું નથી.
તેમ છતાં,લાંબા કાળથી ચિંતા-રૂપી ચક્રમાં બંધાયેલું અને દુષ્ટ ક્રિયાઓ તથા દુષ્ટ રીતિઓમાંજ આસક્ત રહેનારું ચિત્ત,તૃષ્ણા માં ઘૂમરીઓ ખાય છે,અને ચિંતાઓમાં ઘેરાયેલું તે ચિત્ત ક્ષણમાત્ર શાંતિ આપતું નથી.

મારી બુદ્ધિ-રૂપી પક્ષીણી " આ કર્યું,આ કરું છું અને આ કરીશ" એવી કલ્પનાની જાળમાં બંધાઈ મૂંઝાઈ જાય છે.
"આ મિત્ર છે અને આ શત્રુ છે" એવા પ્રકારના દ્વંદ્વોના સંકલ્પો-રૂપી-મોટો હાથી,મારાં મર્મસ્થળો-રૂપી-કમળોને કાપી નાખે છે."હું દેહ છું" એવી બુદ્ધિ ને લીધે દીન-પણાને પ્રાપ્ત થયેલ,અનેક સુખ-દુઃખોમાં પડી જનાર,તથા જન્મ-મરણમાં ફસાયેલ એવા મનુષ્યનું કુશળ ક્યાંથી હોય?

**(૬૭) આસક્તિ થી બંધ અને અનાસક્તિથી મોક્ષ**

વસિષ્ઠ કહે છે કે-હે,રામ,પરસ્પર નું કુશળ પૂછવામાં આ પ્રમાણે વાતો કરી,એ ભાસ-વિલાસ નામના બે તપસ્વીઓ કાળે કરીને જ્ઞાનને પ્રાપ્ત થયા હતા અને મોક્ષને પામ્યા હતા.
હે,રામ, આ હું તમને એ માટે કહું છું કે-અનેક પાશોથી બંધાયેલ,ચિત્તને સંસારમાંથી તરવા માટે જ્ઞાન વિના બીજી કોઈ ગતિ નથી.આ સંસાર-રૂપી દુઃખ વિવેક (જ્ઞાન) વિનાના પુરુષને દુસ્તર છે
પણ વિવેકી પુરુષને માટે તે (સંસાર-રૂપી-દુઃખ) જરાવારમાં તૂટી જાય તેવું છે.

જેમ,નાટકને જોવા બેઠેલા મનુષ્યો,નાટક કરનારા મનુષ્યોને દુરથી જ જુએ છે,
તેમ,પોતાના સ્વ-રૂપ-ભૂત-ચૈતન્ય-માત્રમાં રહેલા અને દેહથી પર થયેલા મહાત્માઓ દેહને દૂરથી જ જુએ છે.
એટલે,એ દેહ દુઃખોથી અત્યંત ક્ષોભ પામે તો પણ આપણને શી હાનિ થાય એમ છે?
જેમ,રથનું ધૂસરું ભાગી જાય કે આખો રથ ભાગી જાય પણ તેમાં સારથીનું કંઈ ભાંગતું નથી,
તેમ,મન ક્ષોભ પામે તો તેમાં ચૈતન્ય ને શું થઇ જાય તેમ છે?

જેમ,જળને,તેનામાં રહેલા હંસો,પથ્થરો કે લાકડાઓ વગેરે સાથે કોઈ સંબંધ નથી,કે તે તેના કોઈ સગા નથી,
તેમ,પરમાત્માને ભોગોની સાથે કોઈ જ સગપણ નથી,અને તે આત્માને બંધન સાથે પણ કોઈ સગાઇ નથી.
જેમ,લાકડું અને જળ એ બંનેના પરસ્પર અભિઘાત (અથડામણ) થી જળના બિંદુઓ ઉછળે છે,
તેમ,દેહના અને આત્માના એકબીજાના અધ્યાસથી ચિત્તની સુખ-દુઃખ આદિ વૃત્તિઓ ઉછળે છે.
જેમ,જળ અને લાકડું પાસેપાસે હોય તો જળમાં લાકડાનાં પ્રતિબિંબ જોવામાં આવે છે,
તેમ,આત્મા અને શરીર પાસેપાસે હોવાને લીધે,શરીરનાં સુખ-દુઃખ આત્મામાં જોવામાં આવે છે.

જેમ,દર્પણમાં જોવામાં આવતાં પ્રતિબિંબો સત પણ નથી કે અસત પણ નથી,પરંતુ અનિર્વચનીય જ છે,
તેમ,આત્મામાં જોવામાં આવતાં શરીરો સત પણ નથી કે અસત પણ નથી,પરંતુ અનિર્વચનીય જ છે.

જેમ જળની સાથે સંબંધ પામેલ લાકડાં-પથરાઓ જળ થી જુદા પડી જાય,તો પણ જળને કશી હાનિ નથી,
તેમ,આત્માની સાથે કલ્પનાથી સંબંધ પામેલાં શરીરો છૂટાં પડી જાય તો તેથી આત્માને કોઈ હાનિ નથી.
જેમ,લાકડાંથી સંબંધ પામેલા,જળમાં કંપ-ધ્વનિ-વગેરે પેદા થાય છે,
તેમ,આત્માની સાથે રહેવાના સંબંધથી આ દેહમાં ગતિ-ધ્વનિ-વગેરે ઉત્પન્ન થાય છે.

ચૈતન્ય અસંગ છે અને શરીર જડ છે,માટે ચૈતન્યને સુખ-દુઃખ નથી તેમ શરીરને પણ સુખ-દુઃખ નથી.
જે કંઈ સઘળું સુખ-દુઃખ થાય છે તે-અહંકારને જ થાય છે,માટે અહંકાર નષ્ટ થઇ જાય તો કોઈ પીડા રહે નહિ.
અજ્ઞાની પુરુષ જેવો આ સંસારને દેખે છે તેવો જ સાચો માને છે,પણ જ્ઞાની સંસારને સાચો માનતો નથી.
જો કે-જ્ઞાની મનુષ્ય તો સંસારને અધિષ્ઠાન-પણાથી સાચો માને છે,સંસાર-રૂપ-પણાથી નહિ.

જેમ,જળનો અને પથ્થર નો સંબંધ -અંદર પ્રવેશ વિના જ થાય છે,
તેમ,આસક્તિ થી રહિત થયેલા મન-વાળાનો બહારના વિષયોની સાથેનો જે સંબંધ થાય છે,તે અંદરના અભિમાન વિનાનો જ થાય છે.આત્મા નો અને દેહનો સંબંધ વાસ્તવિક સંગ થયા વિનાનો જ છે.
ચૈતન્ય સર્વત્ર એક જ છે,સર્વત્ર શુધ્ધ જ છે,અને સર્વત્ર વિષયોના સંબંધથી રહિત જ છે.

જેમ,જળમાં લાકડાં પડવા છતાં પણ તે -જળ-લાકડાં પડવાના દુઃખ થી પીડાતું નથી,
તેમ આત્મા જો અહંકારથી રહિત રહે તો,દેહનાં દુઃખોથી પીડાતો નથી.

આત્મા પોતામાં દેહ-પણાની ભાવનાથી જ દેહનાં દુઃખો ને વશ થયો છે.
એટલે તે જો, દેહપણા ની ભાવના ત્યજી દે તો,તે આત્મા -મુક્ત જ છે.એમ વિદ્વાનોએ નિશ્ચય કર્યો છે.
આત્મા,દેહ,ઇન્દ્રિયો અને મન -એ પરસ્પર એક સાથે લાગેલાં હોય તો પણ જો અંદરથી આસક્તિ-રહિત રહે-તો-
તેઓમાં કોઈને કોઇથી દુઃખ થતું નથી.અને તે સર્વે- સર્વદા દુઃખ થયા વિના જ રહે છે.

હે,રામ,સંસારમાં સર્વ પ્રાણીઓને ,અંદરની આસક્તિ જ,જરા-મરણ-તથા મોહ-રૂપી વૃક્ષોના બીજ-રૂપ થાય છે.
જે જીવ અંદરની આસક્તિ વાળો હોય તે-સંસાર-રૂપી સમુદ્રમાં ડૂબેલો છે.
જો ચિત્ત,અંદર આસક્તિ-વાળું હોય તો-સંકલ્પોથી અનેક શાખાઓ-વાળા જેવું થયેલું કહેવાય છે અને જો
અંદરની આસક્તિથી રહિત હોય તો-તે ચિત્ત-લીન (ક્ષીણ) થઇ ગયેલું જ કહેવાય છે.

ચિત્ત,સંસારના વ્યવહાર કર્યા કરતું હોય,તો પણ જો આસક્તિ વિનાનું હોય,
તો તે નિર્મળ છે અને સદા મુક્ત જ છે-એમ સમજવું,
પણ જો ભલે તે લાંબા કાળથી તપ કરતુ હોય પણ આસક્તિ વાળું હોય તો બંધન-વાળું જ સમજવું.
જીવને જો અંદર આસક્તિ હોય તો-તે જીવને બેસી રહેવા છતાં,પણ તેને કર્તા-પણું પ્રાપ્ત થાય છે-
જેમ કે -મનુષ્ય જો સુઇ ગયેલો હોય તો પણ તેને મનમાં આસક્તિ હોવાને લીધે,સ્વપ્નમાં પણ સુખ-દુઃખો
આપનાર,ઘણા ઘણા ભ્રમોનું કર્તા-પણું પ્રાપ્ત થાય છે.

દેહ કશી ક્રિયા કરતો ના હોય,પણ જો ચિત્ત ક્રિયાઓ કર્યા કરતું હોય,તો જીવને સુખ-દુઃખો પ્રાપ્ત થયા વિના
રહેતાં નથી.મન જો પોતાની અંદર કંઈ કરતુ ના હોય તો-જીવ ને સાચી-કે દેખીતી રીતે કર્તા-પણું છે જ નહિ.
સુષુપ્તિ અવસ્થામાં મનની ક્રિયાઓથી રહિત થયેલો પુરુષ ગતિ કરે તો પણ,તે "હું કરું છું" એવું અભિમાન
ધરતો નથી,એ તો આપણા જાણવામાં છે જ.

તમે જે પાપ કે પુણ્ય મનથી કરશો-તો તેનું ફળ પામશો,પણ પાપ-પુણ્ય મનથી નહિ કરો તો તેનું ફળ પામશો
નહિ.એ ચિત્તમાં કર્તા-પણાની શક્તિ નથી-એમ નથી,તો પછી શા માટે દેહને કર્તા તરીકે કલ્પવો પડે?
એટલે કે દેહ કદી પણ કોઇ કર્મનો કર્તા છે જ નહિ,અને કર્મો જો મન કરતુ હોય,પણ આસક્તિથી રહિત હોય,
તો તે પણ અકર્તા જેવું જ છે.કેમ કે એમ હોવાથી તેને કર્મોના ફળ ભોગવવા પડતાં નથી.

પરમાત્મામાં લાગેલા મન વાળો પુરુષ,પોતાનું મન સારાં-નરસાં કર્મોની આસક્તિથી રહિત હોવાને લીધે,
તેના શરીરથી બ્રહ્મ-હત્યા થાય તો પણ તેના પાપથી લેપાતો નથી,
અને શરીરથી અશ્વમેધ યજ્ઞ કરે તો પણ તેના પુણ્ય થી લેપાતો નથી.
એટલે કે-તેવો જીવ,બહારની કોઈ પણ ક્રિયાઓ કરતો હોય તો પણ તે કદી કર્તા કે ભોક્તા થતો નથી.
તેથી બહારની ક્રિયાઓ (કર્મો) કરવાથી કે ના કરવાથી તેને કોઈ લાભ કે હાનિ નથી.

હે,રામ,માટે શરીરની સાથે સંબંધ ધરાવનારી સઘળી વસ્તુઓને તથા સર્વે ક્રિયાઓને મનથી બહાર રાખવી,
અને સઘળાં દુઃખોને ઉત્પન્ન કરનાર આસક્તિને,અત્યંત ક્રૂર સમજીને ત્યજી દેવી.
એટલે- આસક્તિ-રૂપી મેલથી રહિત થયેલું મન,પરમાત્મામાં મળીને એક-રસ થઇ જાય છે.

**<u>(૬૮) આસક્તિ ને ટાળવાના ઉપાયો</u>**
રામ પૂછે છે કે-હે,મહારાજ,મનુષ્યને કયો અને કયા પ્રકારનો સંગ બંધન આપે છે
અને તે સંગ ને કયા ઉપાયથી ટાળવો? કયો સંગ મનુષ્યને મોક્ષ આપનારો કહેવાય છે?

વસિષ્ઠ કહે છે કે-દેહ અને આત્મા-કે જેઓ પરસ્પરથી અત્યંત વિરુદ્ધ સ્વભાવવાળા છે,
તેઓના પરસ્પર વિલક્ષણપણાનો વિચાર નહિ કરતાં,દેહમાં જ આત્મ-પણા નો વિશ્વાસ રાખવામાં આવે-
તો એ સંગ,બંધ-ના કારણ-રૂપ કહેવામાં આવે છે.

આત્મા કે જે દેશ-કાળ ની તથા વસ્તુની મર્યાદાથી પર છે,તેનું એ "મર્યાદાથી રહિત-પણું" ભૂલી જઇ,
દેહને જ આત્મા માનીને વિષયોના સુખની લાલચ રાખવામાં આવે તે-સંગ,બંધ-ના કારણરૂપ છે.પણ,
"આ સઘળું જગત આત્મા જ છે,માટે હું કોની ઈચ્છા કરું કે કોને ત્યજી દઉં? ઇચ્છવા કે ત્યજવા યોગ્ય કંઇ છે જ
નહિ" એમ સમજીને અસંગપણાથી રહેવું તે જીવનમુક્તની (અસંગની) સ્થિતિ કહેવાય છે.
"હું દેહ પણ નથી,અને દેહ મારાથી જુદો પણ નથી.માટે દેહ કે જે મિથ્યા જ છે,તેમાં વિષય-સુખો મળે તો પણ
ભલે અને ના મળે તો પણ ભલે-હું તો અસંગ જ છું" એવી રીતનો જે મનનો નિશ્ચય છે તે જીવનમુક્ત ની સ્થિતિ છે.

જે પુરુષ કર્મોના ત્યાગને ન ઈચ્છે,કર્મો માં આસક્ત પણ ન થાય,સિદ્ધિ-અસિદ્ધિમાં સમાન બુદ્ધિવાળો રહે,અને
કર્મો ના ફળો નો ત્યાગ કરે-તે પુરુષ સંગ વિનાનો કહેવાય છે.
આત્મામાં જ નિષ્ઠા રાખનારા જે પુરુષનું મન,હર્ષને,ક્રોધને વશ થતું ના હોય,તે પુરુષ સંગ-રહિત કહેવાય છે.
જે પુરુષ સઘળા કર્મોનો અને તેનાં ફળ આદિનો ક્રિયાથી(કર્મોથી) નહિ પણ મનથી જ સારીરીતે ત્યાગ કરીદે,
તે પુરુષ સંગથી રહિત (અસંગ) કહેવાય છે.

જો એક- આસક્તિ ને જ ત્યજી દેવામાં આવે તો-અનેક પ્રકારના દુઃખોથી થતી ચેષ્ટાઓનું ઓસડ મળી આવે છે,
અને મોક્ષ-રૂપી પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે.
આસક્તિને લીધેજ ઉદય પામતા સઘળા દુઃખોના સમૂહો,ખાડામાં ઊગેલાં કાંટાળાવૃક્ષોની જેમ સેંકડો
શાખાઓથી ફેલાય છે.બળદ-આદિ પશુઓની નાકની નથ ખેંચવાથી ભય પામી ભારને તાણે છે
તે આસક્તિનું જ ફળ છે.
ઝાડ એક ઠેકાણે જ રહેનારા પોતાના શરીરથી ટાઢ-તડકો-વાયુ ના દુઃખને સહન કરે છે -તે આસક્તિનું જ ફળ છે.
મનુષ્યો વારંવાર જન્મે-મરે છે અને નિરુપાય થઇ જાય છે તે આસક્તિનું જ કારણ છે.
અનર્થથી ભરેલી આ સંસાર-રૂપી નદી,વૃદ્ધિ પામે છે તે આસક્તિ નું જ કારણ છે.

હે રામ,વંદ્યા (વંદન કરવા કે વખાણવા યોગ્ય) કે વંધ્યા (વાંઝણી-પુરુષાર્થ-રૂપી ફળથી રહિત)
એમ બે પ્રકારની આસક્તિ છે.તત્વવેત્તાઓને સ્વરૂપ ના અનુસંધાનમાં જે આસક્તિ છે,તે વંદ્યા-આસક્તિ છે.
આત્મ-તત્વનો બોધ નહિ થતા,દેહ-વગેરેમાં થયેલી દૃઢ આસક્તિ કે જે ફરીવાર પણ સંસારમાં જ નાખનારી છે,
તે વંધ્યા-આસક્તિ કહેવાય છે. સાચા વિવેકને લીધે,આત્મ-તત્વનો બોધ થતાં,સ્વરૂપના અનુસંધાનમાં દૃઢ
આસક્તિ કે જે ફરીવારના સંસારના ફેરાને ટાળી જ નાખે છે,તે વંદ્યા-આસક્તિ કહેવાય છે.

શંક-ચક્ર-ગદા -વગેરેને હાથોમાં ધારણ કરનારા વિષ્ણુ-દેવ,વંદ્યા-આસક્તિને લીધે જ અનેક પ્રકારની લીલાઓથી
ત્રૈલોક્ય નું પાલન કરે છે.સૂર્ય-દેવ વંદ્યા-આસક્તિથી જ દરરોજ આકાશમાં ગતિ કર્યા કરે છે.
મોટા કલ્પને અંતે વિદેહ-મુક્તિમાં શાંતિ માટે કલ્પાયેલું બ્રહ્મા નું શરીર વંદ્યા-આસક્તિ થીજ જગતનું નિર્માણ કરે
છે,પાર્વતી-રૂપ (શક્તિ-રૂપ) બંધન ના સ્તંભમાં લીલાથી બંધાયેલું અને વિભૂતિઓથી શણગારેલું સદાશિવનું
શરીર,વંદ્યા આસક્તિથી જ જગતનો પ્રલય કરે છે.

દેવતાઓ (દેવો) મન-રૂપી-વ્રણથી દુઃખી થવા છતાં,પણ અનેક યુગના ફેરફારોનાં દુઃખો જોવામાં આવવાથી
કઠિન થઇ ગયેલા એ મન-રૂપી વ્રણ ને -આસક્તિના લીધે જ કાપી નાખતા નથી.
હે રામ,નિરાકાર પરબ્રહ્મ-રૂપી આકાશમાં કોઈએ કેવળ વાસનાને લીધે જ,મનની આસક્તિ-રૂપી રંગથી,
આ જગત-રૂપી વિચિત્ર ચિત્ર આલેખ્યું છે તે તમે જુઓ.

આ સંસારમાં મનથી આસક્ત રહીને વ્યવહાર કરનારા લોકોનાં શરીરોને તૃષ્ણા-રૂપી અગ્નિ બાળી નાખે છે.
આવા મનુષ્યોના વારંવાર થતા જન્મોને ગણી નાખવામાં કોણ સમર્થ છે?

જેમનું મન સંસારમાં આસક્ત છે,તેઓના માટે જે આ રૌરવ-વગેરે નામનાં નરકોનાં અંતઃપુરો હારબંધ બાંધેલાં છે,
કે જેઓમાં "યાતનાઓ" નામની રાણીઓ ભોગવવામાં આવે છે.
જગતમાં જે જે દુઃખો છે-તે સઘળા આસક્તિ-વાળાઓ માટે જ ઈશ્વરે ઠરાવેલાં છે.
જીવોને જન્મ-મરણની દુર્દશાઓ માં નાખવાને જ ઇચ્છનારી,અવિદ્યાએ (અજ્ઞાને) આ દુઃખની જાળ પાથરેલી છે.

હે રામ, જેમ વર્ષા-ઋતુમાં નદીઓ જળના પૂરથી ખુબ ફેલાય છે,તેમ,ઐશ્વર્ય-આદિ-વિભૂતિઓ,ભોગોની
આસક્તિના ત્યાગથી,અત્યંત વિસ્તાર પામે છે.મન ની અંદર જે આસક્તિ છે તે-અંગો ને અંગારા-રૂપ છે,અને
જે આસક્તિનો ત્યાગ છે-તે-અંગોને અમૃત-રૂપ છે.એમ સમજો.

સઘળા વિષયોની આસક્તિથી રહિત,શાંત,આકાશની પેઠે નિર્લેપ રહેનારું,
બ્રહ્મ-વિષયમાં ઉત્સાહ ધરાવનારું,અને,અવિદ્યામાં ઉત્સાહ વગરનું મન સુખ આપનારું જ થાય છે.
અને આવા ચિત્ત થી જે સંસારમાં રહે છે તે જીવનમુક્ત જ છે.

## (૬૯) મન ને આસક્તિરહિત કરીને બ્રહ્મમાં અવશિષ્ટ કરવાનો ક્રમ

વસિષ્ઠ કહે છે કે-હે રામ,સર્વદા સર્વ વ્યવહારમાં પુત્ર,સ્ત્રી,મિત્ર-આદિ સઘળાંની સાથે રહેતાં,ધનનો ઉદ્યમકરતાં,
અને સઘળા પ્રકારના કાર્યો કરતાં -પણ સમજુ પુરુષે પોતાના મનને ધન આદિ ઉદ્યમોમાં આસક્ત રાખવું નહિ.
થઇ ગયેલી (ભૂતકાળની) વાતોની ચિંતામાં આસક્ત રાખવું નહિ,તેમ,વર્તમાનમાં પણ આસક્ત રાખવું નહિ,
આકાશમાં-મધ્યમાં-નીચે (જમીન પર) કે કોઇ ખૂણાઓમાં મનને આસકત રાખવું નહિ.

તેમ જ શરીરમાં,ભોગોરુપી ઇન્દ્રિયોની વૃત્તિઓમાં,ઇંદ્રિયોમાં,યોગ સંબંધી ધારણ કરવાનાં-
પ્રાણ,બ્રહ્મરંધ્ર,ભ્રુકૃટીઓનું-મધ્ય,નાસિકાનો અંત,મુખ તથા કીકીઓ-ઈત્યાદિ સાધનોમાં,
અંધકારમાં,પ્રકાશમાં,હ્રદયાકાશમાં,જાગ્રત-સ્વપ્ન કે સુષુપ્તિમાં,સત્વ-રજસ કે તમોગુણમાં,કાર્ય પદાર્થોમાં,
માયામાં,સૃષ્ટિના આદિ-મધ્ય કે અંતકાળમાં,ટુકડામાં,દુર કે પાસે રહેલામાં,નામ-રૂપાદિમાં,જીવમાં,
શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધમાં,વિષયોની અભિલાષથી પરવશતામાં,વિષયોના ઉપભોગ-રૂપી ફળમાં,
બીજા લોકમાં જવા-આવવાની સિધ્દ્રિઓમાં અને લાંબા કાળ સુધી જીવવા-આદિ સિધ્દ્રિઓમાં-
પણ સમજુ પુરુષે,પોતાના મનને આસક્ત રાખવું નહિ.

મન કેવળ બુધ્દ્રિની સાક્ષીમાં જ શાંતિ લઈને,અને બીજા સઘળા વિષયો તુચ્છ સમજીને,
વ્યાપક ચૈતન્યના જ અનુસંધાનમાં રહે -એમ કરવું જોઇએ.
સર્વત્ર રહેલી સર્વ પ્રકારની આસક્તિઓ ટળી જવાથી,અને એ સ્થિતિમાંજ રહેવાથી,
બ્રહ્મપણાને પ્રાપ્ત થયેલો જીવ,આ સઘળા વ્યવહારને કરે તો પણ ભલે અને ના કરે તો પણ ભલે.
વ્યવહાર કરવાથી કે ના કરવાથી તેને કોઈ હાનિ કે લાભ થતાં નથી.

જેમ આકાશ વાદળાં જોડે સંબંધ પામતું નથી,તેમ,આત્મારામ થયેલો જીવ,ક્રિયાઓ ના ફળોથી સંબંધ પામતો
નથી.માટે એવો જીવ ક્રિયાઓ કરે તો પણ ભલે અને ના કરે તો પણ ભલે.

હે,રામ,સ્વ-રૂપમાં શાંતિ પામેલો,સર્વદા સ્વયંપ્રકાશ રહેતો અને વ્યવહારનાં ફળોમાં ઈચ્છા નહિ રાખતો જીવ,
વ્યવહાર કરતો હોય તો પણ અવિદ્યા-આદિથી રહિત હોવાને લીધે,કર્મોના ફળોના સંબંધને પ્રાપ્ત થતો નથી.
અને,પ્રારબ્ધ નો ક્ષય થવા સુધી,દેહ-રૂપી ભારને જાણે સહન કરી રહ્યો હોય તેવી સ્થિતિમાં તે રહે છે.

<u>(૭૦) આસક્તિ રહિત મનુષ્ય વ્યવહારિક દોષોથી પરિતાપ પામતો નથી.</u>

વસિષ્ઠ કહે છે કે-હે રામ,અસંગ-પણાના સુખનો જ નિરંતર સ્વાદ લેનાર,
ઘણા મહાત્મા પુરુષો વ્યવહાર કરવા છતાં,પણ અંદર શોક-ભયથી રહિત થઈને રહેલા છે.
જેનું મન વિષયોથી રહિત હોવાને લીધે,સંતાપોથી રહિત થઈને આત્મામાં જ રહ્યું હોય,
તેવા પુરુષના સંગ થી સર્વ લોકો પ્રસન્ન થાય છે.

સર્વદા આત્મ-દૃષ્ટિથી આત્મામાં જ લીન થઈને સ્વસ્થ રહેનારો જીવનમુક્ત પુરુષ કોઇ સમયે ચંચળ દેખાય,
તો પણ જળમાં પ્રતિબિમ્બિત થયેલા,સૂર્યની પેઠે મિથ્યા જ ચંચળ દેખાય છે.
વાસ્તવમાં તેવા જીવનમુક્ત પુરુષો-અંદર તો તે મેરુ પર્વત જેવા અચળ જ હોય છે.
જયારે પુરુષ,પરમાત્માના જ્ઞાનને પ્રાપ્ત થઇ,કલ્પનાઓ-રૂપી મેલોથી રહિત થઇને, સમાધિ ધર્યા વિના પણ,
સમાધિમાં રહેલા ના જેવો સુખ-મગ્ન રહે,ત્યારે તે આસક્તિથી અત્યંત રહિત થયેલો કહેવાય છે.

હે રામ,આ આત્મમાં જ આસક્તપણા-રૂપી સ્થિતિમાં રહેલો જીવ,સર્વદા પ્રિયથી,અપ્રિયથી,જીવન-મરણ થી
રહિત હોવાને લીધે,<u>જાગ્રતમાં પણ સુષુપ્તિમાં રહેલા જેવો થાય છે.અને આ અવસ્થામાં રહેવાના અભ્યાસના
ક્રમથી,પ્રૌઢતાને પામેલો જીવ,અત્યંત પવિત્ર પરમાત્માને પ્રાપ્ત થાય છે.</u>જીવ એવી સુષુપ્તિ અવસ્થાને પામીને
જીવતાં સુધી વ્યવહાર કર્યા કરે તો પણ,સુખ-દુઃખ-રૂપી રજ્જુઓથી કદી ખેંચાતો નથી.

હે રામ, તમે પણ સુષુપ્તિ (જાગ્રતમાં પણ સુષુપ્તિ) જેવી વૃત્તિનો આશ્રય કરીને,
પ્રારબ્ધના યોગે આવી પડેલાં વર્ણાશ્રમ કર્મો કરો,અને કદાચ એ કર્મો ના કરો તો પણ કંઈ નહિ.
જ્ઞાની પુરુષને કર્મોનો સ્વીકાર પણ ગમતો નથી અને ત્યાગ પણ ગમતો નથી.
પોતાના સ્વરૂપને જાણનારા જ્ઞાની પુરુષો,કોઇ પણ આસક્તિ રાખ્યા વિના
જે સમયે જે ક્રિયા આવી પડે તે ક્રિયાને અનુસરીને વર્તે છે.

જો તમે જાગ્રતમાં જ સુષુપ્તિમાં રહેનારી બુદ્ધિથી -ક્રિયાઓ કરશો,તો પણ અકર્તા જ રહેશો,અને
જો તમારી બુદ્ધિ,જાગ્રતમાં,જ,સુષુપ્તિમાં નહિ રહેલી હોય તો-તમે કોઇ ક્રિયાઓ નહિ કરો તો પણ કર્તા જ રહેશો.
હે રામ, જેમ બાળક કોઈ પણા ફળનો વિચાર કર્યા વિના ખાટલામાં પગ હલાવ્યા કરે છે,
તેમ,તમે ફળોનો સંકલ્પ નહિ કરતાં જ કર્મો કરો.

હે રામ, તમે કે જે નિર્દોષ છો,તે સુષુપ્તિ જેવી અવસ્થામાં રહીને,
જો,શરીરને તરત પાડી નાખો તો પણ ભલે અને પર્વતની જેમ લાંબા કાળ સુધી ધરી રાખો તો પણ ભલે.
<u>આમ જાગ્રત માં જ -સુષુપ્તિમાં રહેવા-રૂપી સ્થિતિ અભ્યાસના યોગથી દૃઢ રહેવા લાગે-
ત્યારે જ તત્વવેત્તાઓ તેને"તુર્યાવસ્થા" (જીવનમુક્ત)કહે છે.</u>

ઉપર કહેલી (જાગ્રતમાં) "સુષુપ્તિ" જેવી અવસ્થામાં <u>આનંદ-મય </u>થઈને રહેવાય છે,
જયારે તુર્યાવસ્થા માં <u>આનંદ-રૂપ </u>થઇ જવાય છે.
ભાગ્યશાળી પુરુષ તુર્યાવસ્થામાં સઘળાં દુઃખોથી રહિત થાય છે,તેનું મન અત્યંત નાશ પામી જાય છે.
પરમ આનંદથી ઘૂમતો તુર્યાવસ્થા માં રહેલો તત્વવેત્તા પુરુષ,
આ જગતની સર્વ રચનાને-લીલાના જેવી જોયા કરે છે.અને ફરીથી આ સંસારની રચનામાં પડતો નથી.

આમ તે તત્વવેત્તા-જીવતાં સુધી,એ<u> "તુર્યાવસ્થા"</u>માં અખંડ સ્થિતિ પામીને,આનંદમાં જ લીન થયેલો હોવાને લીધે,
અંતે <u>"વિદેહ-મુક્તિ"</u> ને પ્રાપ્ત થાય છે.કે જે વિદેહ-મુક્તિ "તુર્યાતીત" પદ કહેવાય છે.

જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ-એ ત્રણ અવસ્થાઓ-કે જે-મોટા -મહા-આનંદ થી રહિત છે,તેને ત્યજીને,
તુર્યાવસ્થા (જીવનમુક્ત)-રૂપ-મહા-આનંદના પદને પ્રાપ્ત થયેલો તત્વવેત્તા પુરુષ,
તે મહા-આનંદને પણ છોડીને,તુર્યાતીત-પદ (વિદેહ-મુક્તિ) ને પ્રાપ્ત થાય છે ત્યારે "મુક્ત" કહેવાય છે.

જેનાં સઘળાં અજ્ઞાનમય અભિમાનો ક્ષય પામેલાં હોય છે અને જન્મ આપનાર કામ-કર્માદિ-સઘળા પાશો ગલિત થઇ ગયા હોય છે -એવો મહાત્મા પુરુષ,પરમાત્મા ની અધિષ્ઠાન-રૂપી -
"અખંડાનંદ-સત્તા" (સત્તા-સામાન્ય) ને પ્રાપ્ત થાય છે.

## (૭૧) અવર્ણનીય વિદેહ-મુક્તિ-અને તુર્યાવસ્થા નું વર્ણન

હે રામ, "તુર્યાવસ્થા"ના અનુભવ-રૂપ જે બ્રહ્મ-ભાવનું પદ-કે જેને "જીવનમુક્ત" પુરુષો જાણે છે,અને
"તુર્યાતીત -પદ" ને પ્રાપ્ત થાય -ત્યારે તે "વિદેહ-મુક્ત" કહેવાય છે.
શ્રુતિ-આદિનાં વચનો,પણ,તુર્યાવસ્થા ના અનુભવ સુધીનું જ વર્ણન કરી શકે છે-
તે પછીની સ્થિતિનું કોઇ વર્ણન થઇ શકતું નથી.
કારણકે-જીવનમુક્ત થયા પછી વિદેહમુક્ત થયેલા પુરુષો "મનથી રહિત" હોવાને લીધે પોતાના
"વિદેહ-મુક્ત-પણા" ને જાણતા નથી.

હે રામ, જેમ,આકાશ મનુષ્યોના વિષય-રૂપ નથી,તેમ વિદેહ-મુક્તિ અનુભવના કે વચનોના વિષય-રૂપ નથી.
જેમ આકાશમાં પવનો જ પહોંચે છે,તેમ, જેમાં વિદેહમુકતો જ પહોંચે છે એવી એ પરમ વિશ્રાંતિ ની પદવી,
તો બીજા સામાન્ય જીવન જીવતા માનવીને દૂર કરતાં અત્યંત અત્યંત દૂર છે.
આમ,જાગ્રતમાં જ સુષુપ્તિ જેવી અવસ્થાથી કેટલાક કાળ સુધી,જગતની સ્થિતિ ભોગવીને પછી,
પરમ આનંદમાં ધુમેલો પુરુષ "તુર્યાવસ્થા" (જીવનમુક્તિ) ને પ્રાપ્ત થાય છે.

હે રામ,જીવનમુક્ત પુરુષો જે પદ્ધતિથી,નિર્દ્વંદ્વ (સુખ-દુઃખ વગેરે દ્વંદ્વ થી રહિત) પદ-રૂપી "તુર્યાતીત" દશાને
પ્રાપ્ત થાય છે.તે પદ્ધતિથી તમે પણ એ દશાને પ્રાપ્ત થજો.
તમે જાગ્રતમાં સુષુપ્તિ જેવી અવસ્થાથી જગતના વ્યવહાર કરો.જેમ ચિત્રમાં આલેખાયેલા ચંદ્રને ક્ષય નથી-
કે રાહુ આદિનો ભય પણ નથી,તેમ,તમને મૃત્યુ નથી અને કોઈનો ભય પણ નથી.

આ શરીરનો ક્ષય થાય કે સ્થિરતા થાય,તેથી આત્માને ક્ષય કે સ્થિરતા પ્રાપ્ત થાય છે તેમ સમજવું નહિ,
કેમ કે-જે આ શરીર છે તે તો ભ્રમ જ ઉદય પામેલો છે.તમારે દેહના નાશનું શું પ્રયોજન છે?
તમે તમારા આત્માના બોધની સ્થિરતાનો પ્રયત્ન કરો.દેહ જેમ છે તેમ ભલે રહ્યો.
તમે જગતના અધિષ્ઠાન ને જાણી ચૂક્યા છો,ત્રણે અવસ્થાઓના અધિષ્ઠાન ને સમજી ચૂક્યા છો,
અને પોતાના સ્વ-રૂપને પામી ચૂક્યા છો,તો હવે પ્રજાના કલ્યાણ માટે શોક-રહિત થાઓ.

આ સંસારમાં જે કંઈ છે તે ત્રણે પ્રકારના પરિચ્છેદથી રહિત,શુધ્ધ ચૈતન્ય જ છે.માટે "આ હું છું અને આ મારું છે"
એવી ખોટી ભ્રાંતિ તમને ના રહેવી જોઇએ.
**શુધ્ધ ચૈતન્ય નું "આત્મા" એ નામ પણ શાસ્ત્ર-આદિ વ્યવહાર માટે કલ્પેલું છે.વાસ્તવિક નથી.**
તો પછી અનાત્મ પદાર્થોનો નામ-રૂપ આદિ ભેદ તો શુધ્ધ ચૈતન્યથી અત્યંત દૂર જ હોય,એમાં શું કહેવું?
જે સમુદ્ર છે તે જળ છે,અને તેમાં તરંગ-આદિ જળથી જુદું છે જ નહિ,તેમ સઘળું જગત આત્મા જ છે.
આ સઘળા જગતમાં આત્મા સિવાય બીજું કંઇ મળે તેમ જ નથી.

કોઈ પણ અમુક પદાર્થમાં આસ્થા રાખવી યોગ્ય નથી,કેમ કે-જે તમે નથી અથવા જે તમારું નથી એવું કંઈ પણ નથી.તેમજ જે તમે છો અથવા જે તમારું છે,એવું પણ કંઈ નથી.દેહ પણ તમારો નથી,તો તે દેહ સાથેનો સંબંધ પણ નથી,એટલે કોઈ પણ પ્રકારનું નું દ્વૈત નથી જ.અને દ્વૈત હોઈ શકે નહિ.
સૂર્યમાં અંધકાર-રૂપી કલંક હોય તો આત્મામાં દ્વૈત-રૂપી કલંકનો સંભવ હોય.

હે રામ, હવે "દ્વૈત છે" એમ ઘડીભર સ્વીકારીને તમારી પાસે હું વાત કરું છું.
દેહ અને આત્માને સંબંધ સંભવતો જ નથી.જેમ શીત અને ઉષ્ણ-સર્વદા પરસ્પરથી વિરુદ્ધ હોઈ તેમનો સંબંધ સંભવતો નથી,તેમ,દેહ અને આત્મા પરસ્પર વિરુદ્ધ હોવાથી તેઓનો સંબંધ સંભવતો નથી.
જેમ, માટીને અને ઘડાને પરસ્પર જુદાં નહિ રહેવા-રૂપ "સમવાય" સંબંધ છે.તેવો,આત્મા અને દેહનો "સમવાય" સંબંધ પણ ઘટતો નથી,કારણકે આત્મા ચેતન છે અને શરીર જડ છે.

કેવળ ચૈતન્ય-માત્ર આત્મામાં કલ્પાયેલ દેહનો અને આત્માનો ખોટો સંબંધ,
આત્માનું અવલોકન કરવાથી બાધિત થઇ જાય છે.
આત્મા ચૈતન્ય-સ્વ-રૂપ છે,નિત્ય છે,સ્વયંપ્રકાશ છે તથા દુઃખ-રહિત છે.અને
દેહ જડ છે,મળવાળો છે,અનિત્ય છે,બીજાને લીધે તે પ્રકાશે છે,અને દુઃખોવાળો છે.
માટે આત્મા દેહની સાથે સંબંધ જ કેમ પામે?

હે ઉત્તમ બુદ્ધિવાળા રામ,દ્વૈત નો ઘડીભર સ્વીકાર કરવા છતાં પણ-દેહના અને આત્માના સંબધ નો સંભવ થતો નથી.ત્યારે દ્વૈતનો સ્વીકાર- ના- કરવાના-સિદ્ધાંત-પક્ષમાં તો દેહ અને આત્મા ના સંબંધની કલ્પના ક્યાંથી હોય?
જેમ,દેહના અને આત્માના સંબંધ નું ખંડન કરવામાં ઘણી યુક્તિઓ છે-
તેવી જ રીતે- દ્વૈત નું ખંડન કરવા પણ ઘણી યુક્તિઓ છે.
માટે તમે દ્વૈત-રૂપી ભ્રમને છોડી દઈને અદ્વૈત માં જ સ્થિતિ કરો.

કોઈને કદી પણ અને ક્યાંય પણ બંધ કે મોક્ષ છે જ નહિ.
હે,રામ,સર્વત્ર બહારના તથા અંદરના પદાર્થો સહિત જે દેખાય છે-તે સઘળું કંઈ છે જ નહિ
અને તે આત્મા જ છે-એવી ભાવનાને સ્પષ્ટ રીતે દૃઢ કરો.
"હુ સુખી છું-દુઃખી છું-મૂઢ છું" એવા પ્રકારની ભાવનાઓ તો કેવળ ઉલટા વિચારો જ છે.
એ ખોટી ભાવનાઓને તમે સાચી સમજતા હશો-તો હું ધારું છું કે-તમને હજી લાંબા કાળ સુધી દુઃખ ભોગવવાની ઈચ્છા છે.જેમ,રેશમી વસ્ત્ર અને પથ્થર ની તુલના થાય નહિ તેમ,આત્મા અને શરીર ની તુલના થાય નહિ.
આત્મા પ્રકાશ-રૂપ છે અને શરીર જડ છે માટે તેઓનો સંબંધ કે એકતા કેમ ઘટે?

"જો દેહ આત્મા ના હોય,અથવા આત્માના સંબંધવાળો ના હોય,તો તે ગતિ-વગેરે કેમ કરી શકે?"
એવી જો તમારા મનમાં શંકા હોય તો-તે ખોટી જ છે.
કેમ કે-દેહ,વાયુથી આવે-જાય અને ચાલે છે અને નાડીઓમાં ભ્રમણ કરનારા વાયુથી જ "શબ્દ" (નાદ) કરે છે.
જેમ,વાંસનાં છિદ્રોમાં,પવનના અભિઘાતથી શબ્દ ઉત્પન્ન થાય છે,
તેમ કંઠ તથા તાળવા-આદિ દેહનાં છિદ્રોમાં અંદરના "પવન" નો અભિઘાત થવાથી,"ક-ચ-ટ-ત-પ"
અક્ષરો વાળો શબ્દ (નાદ) ઉત્પન્ન થાય છે.
જેમ,દેહમાં શબ્દ -આ રીતે વાયુથી જ થાય છે,તેમ ચક્ષુ આદિ ઇન્દ્રિયોનું ચલન પણ વાયુથી જ થાય છે.
(નોંધ-શાસ્ત્રોમાં વાયુને શક્તિ તરીકે બતાવ્યો છે-અને તેની દેવી માતાજી છે!!!)

ઇન્દ્રિયો-વગેરે ઉપાધિઓને છોડી દેતાં,જે સામાન્ય "અનુભવ" અવશેષ રહે છે,તે જ કેવળ આત્માનું સ્વરૂપ છે.
જો કે આકાશ,પથ્થર અને ભીંત વગેરે સઘળા પદાર્થોમાં "આત્મા" છે,
તેમ છતાં જેમ પ્રતિબિંબ અરીસામાં જ પ્રગટ થાય છે,

તેમ,આત્મા -ચિત્ત અને ચિત્તની પ્રવૃત્તિઓમાં જ "અનુભવ-રૂપે" પ્રગટ થાય છે.

ચિત્ત-રૂપી-પક્ષી,આ શરીર-રૂપી-માળાને ત્યજીને પોતાની વાસના પ્રમાણે જ્યાં જાય છે,
ત્યાં જ આત્મા નો અનુભવ થાય છે.
જેમ,જ્યાં પુષ્પ હોય ત્યાં જ સુગંધ જણાય  છે,તેમ,જ્યાં ચિત્ત હોય ત્યાંજ આત્માનો અનુભવ થાય છે.
આત્મા સર્વત્ર છે,પણ -ચિત્તમાં જ તે જણાય છે.ચિત્ત જ આત્માના પ્રતિબિંબના સ્થાન-રૂપ છે.

જેમ સૂર્યની પ્રભા આકાશને વિસ્તારે છે,તેમ ચિત્તમાં પ્રતિબિમ્બિત થયેલું,આત્મ-સ્વ-રૂપ,
આ સત્ય અને અસત્ય "જગત" નામના આકારને વિસ્તારે છે.
(નોંધ-જગતની સત્તા -બે-પ્રકારે છે.વ્યવહારિક સત્તા અને પ્રાતિભાસિક સત્તા.જેનાથી જગતનાં કાર્યો થઇ શકે તે વ્યવહારિક સત્તા-જેમ કે ઘડાથી પાણી ભરવું.આ બ્રહ્મ-દૃષ્ટિએ મિથ્યા છે પણ વ્યવહારિક દૃષ્ટિએ સત્ય છે.પણ જે બંને દૃષ્ટિએ નકામાં હોય તે પ્રાતિભાસિક સત્તા છે.જેમ કે દોરડામાં સાપ દેખાય-કે જે કરડે નહિ.
આત્માનો દેહ સાથે જે સંબંધ છે તે વ્યવહારિક સત્ય છે.પણ પરમાર્થિક (કેવળ બ્રહ્મની સત્તા)દૃષ્ટિએ નથી)

હે રામ,આમ,આત્મા નાં પ્રતિબિંબો,ચિત્તમાં પડવાથી-ચિત્ત જ સઘળા સંસારની ઉત્પત્તિ નું કારણ છે.
અને અજ્ઞાન-અવિચાર કે મૂર્ખતા- એ ચિત્તનું કારણ છે.એટલે અજ્ઞાન-કે અવિચારને સંસારની ઉત્પત્તિ નું કારણ કહી શકાય છે.યથાર્થ વિચાર નહિ કરવા-રૂપી-અજ્ઞાન થી જ ચિત્તને પોતાના સઘળા ભ્રમોના બીજ-રૂપી આકાર મળ્યો છે.આત્મામાં જન્મ-મરણ-આદિ બિલકુલ સંભવ નહિ હોવા છતાં ચિત્તને લીધે જ,તેમાં જન્મ-મરણ જોવામાં આવે છે.આત્માના (તત્વના) યથાર્થ જ્ઞાનથી જ ચિત્તનો સંપૂર્ણ નાશ થાય છે.માટે સમજુ પુરુષે ચિત્તનો "વિચાર" કરવો જોઇએ. કે જે ચિત્ત "જીવ-અંતઃકરણ-ચિત્ત અને મન" એવાં અનેક નામો ધરાવે છે.

રામ કહે છે કે-હે,ગુરુ મહારાજ,ચિત્તનાં "જીવ-અંતઃકરણ-ચિત્ત અને મન" વગેરે નામો -કયા કારણોથી પ્રસિધ્ધ થયાં છે? તે મને કહો -કે જેથી હું ચિત્તનો વિચાર કરી શકું.

વસિષ્ઠ કહે છે કે-હે રામ,આત્માની સત્તાથી જુદી સત્તાવાળા નહિ થઇ શકનારા આ સઘળા પદાર્થો ચિત્તથી જ ભરેલા છે.આ આત્મા ગતિવાળા પદાર્થોમાં ગતિ-રૂપે અને ગતિ વિનાના પદાર્થોમાં ગતિ વિનાનો રહેલો છે.
પથ્થર આદિ પદાર્થો કે જેઓ ગતિ વિનાનાં છે,તેઓ પણ આત્મામાં કલ્પાયેલાં છે.અને
મનુષ્ય આદિ પદાર્થો કે જે ગતિ કરી શકે છે તેઓ પણ આત્મામાં જ કલ્પાયેલાં છે.

સઘળા સ્થાવર-જંગમ પદાર્થોમાં જે જે શક્તિઓ જોવામાં આવે છે,તે શક્તિઓ આત્માથી જુદી સત્તાવાળી છે જ નહિ.અજ્ઞાન પોતે પણ આત્મામાં કલ્પિત હોવાને લીધે જુદી સત્તા-વાળું છે નહિ.
અજ્ઞાન નો જે અંશ આત્માના પ્રતિબિંબ થી શોભી રહેલો છે-તે "જીવ" કહેવાય છે.
અને તે "જીવ" જ આ સંસારમાં મહા-મોહ-રૂપી અજ્ઞાનના પાંજરામાં બંધાઈ રહ્યો છે.
એ "જીવ" (અજ્ઞાનનો અંશ) પ્રાણને (એટલે કે-આત્માના પ્રતિબિંબને) ધારણ કરે છે-તેથી "જીવ" કહેવાય છે.
એ જીવ "અહંકાર" ને ધારણ કરે છે-ત્યારે "હું" (અહં) કહેવાય છે.
એ જીવ "નિશ્ચય" કરે છે ત્યારે "બુધ્ધિ" કહેવાય છે.અને
એ જીવ "સંકલ્પ-વિકલ્પ" કરે છે ત્યારે "મન" કહેવાય છે.

એ જીવ જયારે "કલ્પના" થી સર્વ અનાત્મ-પદાર્થો ઉત્પન્ન કરે છે-ત્યારે "પ્રકૃતિ" કહેવાય છે.
એ જીવ "મોહ" થી ખરડાયેલો હોવા થી "દેહ" કહેવાય છે.
કે જે દેહ-માં અજ્ઞાન વધારે હોવાથી "જડ" કહેવાય છે-અને
તેમાં પ્રતિબિંબ-રૂપી "ચૈતન્ય" વિશેષ-પ્રમાણમાં રહેલું હોવાથી"ચેતન" કહેવાય છે.

આ રીતે-"અજ્ઞાનનો ભાગ" અને "ચૈતન્ય નો પ્રતિબિમ્બિત-રૂપી-ભાગ"
એ બંને મળીને જે "પદાર્થ" ગોઠવાયેલો છે-
તે પદાર્થ "હું-બુધ્ધિ-મન-ચિત્ત-અહંકાર-પ્રકૃતિ-જીવ-અંતઃકરણ" એવાં નામથી કહેવાય છે-
કે જે -ઉપર કહ્યા મુજબ જડ પણ છે અને ચેતન પણ છે.

હે,રામ,જીવનું આવી રીતનું સ્વરૂપ બૃહદારણ્યક -વગેરે ઘણાં ઉપનિષદોમાં ઘણાઘણા પ્રકારથી કહેલું છે.
દુષ્ટ વિકલ્પો અને દુષ્ટ તર્કોને કરનારા,મૂઢ લોકોએ પોતાની ભૂલને જ લીધે,
એ સઘળાં નામોમાં "તેઓ જુદાજુદા પદાર્થો છે" એવી વ્યર્થ આસક્તિઓ કરી લીધી છે.

હે રામ,આ રીતે જે જીવ (આત્માના પ્રતિબિંબથી શોભી રહેલ અજ્ઞાન) કે ચિત્ત છે,તે જ સંસારનું કારણ છે.
દેહ -કે જે મૂંગો છે અને અત્યંત તુચ્છ છે-તેણે એમાં શું કર્યું? (કશું કર્યું નથી)
<u>દેહ પણ સંસારી નથી અને આત્મા પણ સંસારી નથી,પણ વચમાં લટકતો જે "જીવ" છે તે સંસારી છે.</u>
જેમ,જેમ,ઘડો અને તે ઘડામાં ભરેલું જળ-એમાંથી એકનો નાશ થતા બીજાનો નાશ થતો નથી,
તેમ,શરીર નો નાશ થતાં શરીરમાં રહેલા "જીવ" (આત્માના પ્રતિબિંબથી શોભી રહેલ અજ્ઞાન) નો નાશ થતો નથી.

જેમ પાંદડું સુકાઈ જતા તેનો રસ સુકાઈ જતો નથી,પણ તે રસ સૂર્યનાં કિરણોની અંદર જાય છે,
તેમ,શરીર નો ક્ષય થતાં જીવ -ક્ષય પામતો નથી-તે (વાસના-વાળો) જીવ બીજા શરીરમાં જાય છે.
પણ,જો એ જીવ-વાસનાથી રહિત થઇ ગયેલો હોય,તો તે બીજા શરીરમાં નહિ જતાં,
પોતાના પર-બ્રહ્મ-રૂપ (સત્તા-સામાન્ય-રૂપ) માં અસલ સ્વભાવ (આત્મા) માં રહે છે.

દેહનો નાશ થવાથી કંઈ વળતું નથી
પણ જો ચિત્તનો નાશ થાય તો મોટો ભાગ્યોદય થયો-એમ ગણવામાં આવે છે.
ચિત્તનો નાશ થવાથી જીવનો નાશ થવાની પણ સંભાવના થતી હોય -તો તેથી કંઈ ડરવા જેવું નથી.
કેમ કે-એ રીતનો નાશ એ-પરમ-પુરુષાર્થ-રૂપ-મોક્ષ જ છે-એમ શાસ્ત્રો કહે છે.

જે મરી જાય છે-તે "નાશ પામ્યો" એમ જે કહેવામાં આવે છે-એ તો ખોટું જ કહેવામાં આવે છે-એમ હું ધારું છું.
કેમ કે જે મરી જાય છે-તે તો બીજા દેશમાં અને બીજા કાળમાં -બીજા શરીરને ધારણ કરતો અનુભવમાં આવે છે.
એટલે "અમુક નષ્ટ થઇ ગયો અને અમુક જન્મ્યો" ઈત્યાદિ કલ્પનાઓ મનુષ્ય ભ્રાંતિ થી જ કરી લે છે.
જીવ-વાસનાને લીધે જ એક શરીરને ત્યજી ને બીજા શરીરમાં જાય છે.
હૃદયમાં રહેલી વાસનાઓને લીધે-અનાદિ કાળથી ટકી રહેલા જીવો,
અનેક દુઃખો ને વેઠતાં,નરકોના સમૂહમાં વસે છે.

## <u>(૭૨) પંચભૂતવાળા દેહને માટે હર્ષ-શોક મિથ્યા છે</u>

વસિષ્ઠ કહે છે કે-હે રામ,દેહ જન્મતાં તમે જન્મ્યા નથી અને દેહ નષ્ટ થતાં તમે નષ્ટ થવાના નથી.
તમે પોતાના સ્વ-રૂપમાં નિષ્કલંક જ છો.તમારે દેહ સાથે કોઈ સંબંધ નથી.
જેમ ઘડો ફૂટી જતાં,ઘડો અને ઘડાનું આકાશ-એ બંને નષ્ટ થઇ ગયા-એ કલ્પના વ્યર્થ છે,
તેમ, દેહ નષ્ટ થઇ જતા દેહ અને આત્મા બંને નષ્ટ થઇ જાય છે-એ કલ્પના વ્યર્થ છે.

વિનાશ પામવાના સ્વભાવવાળો આ દેહ નષ્ટ થઈને પંચમહાભૂત માં મળી જાય છે,તેમાં "હું નષ્ટ થઇ જાઉં છું"
એમ માનીને જે પુરુષ ખેદ કરે-તે આંધળા ચિત્ત-વાળા પુરુષને ધિક્કાર છે.
જેમ તળાવના કાદવનો અને નિર્મળ પાણીનો સંબંધ પરસ્પર પ્રેમ વિનાનો જ છે-

તેમ,દેહ તથા ઇન્દ્રિય-ચિત્ત વગેરેનો અને આત્માનો-સંબંધ પરસ્પર પ્રેમ વિનાનો જ છે.
માટે સમજુ પુરુષે દેહ સાથે અહંતા-મમતા (આસક્તિ કે રાગ-દ્વેષ-કે સંયોગ-વિયોગ) નો ખેદ કરવો યોગ્ય નથી.

લોકોને દેહના સંબંધથી થતાં સુખ-દુઃખ આદિ વિકારો કેવળ ખોટી કલ્પનાથી જ ઉત્પન્ન થયેલાં છે.
પંચમહાભૂત માંથી જ આ દેહો બનેલા છે-એટલે દેહોમાં પંચમહાભૂતો સિવાય કશું જોવામાં આવતું નથી.
તો તેનો ક્ષોભ-નાશ કે ઉત્પત્તિ થતાં તમે હર્ષ-શોક કે ક્રોધને શા માટે વશ થાઓ છો?

"સ્ત્રી" એવું નામ ધરાવનારો ક્ષણભંગુર પંચભૂત નો સમુદાય,કે જેમાં પુરુષો,જેમ પતંગિયાં અગ્નિમાં પડે છે-
તેમ તેમાં પડે છે,તો "પુરુષ" એવું નામ ધરાવનારા ક્ષણભંગુર પંચભૂત ના સમુદાયમાં શી વિશેષતા છે?

"સ્ત્રી"-એવું નામ ધરાવતા પંચભૂત ના સમુદાયમાં.અવયવો ની કોમળતા-તથા સુંદરતા આદિ-જે વિચિત્રતા છે-
તે તો અજ્ઞાની ને જ સંતોષ આપે તેવી છે-જ્ઞાનીઓ ને નહિ.
જેમ,એક પથ્થરમાંથી થયેલાં બે પૂતળા પરપરની સામે મળ્યાં હોય તો-પણ
તેમાં કોઇને કોઈનું સ્નાન-સૂતકનો સંબંધ પણ નથી.અને પરસ્પર મમતા-આદિથી રહિત રહે છે,
તેમ તમે બુધ્ધિ-ઇંદ્રિયો અને મન ના સમાગમમાં મમતા આદિથી રહિત જ રહો.

જેમ તરંગો,અહીં-તહીં થયેલા તૃણોને એકબીજાની સાથે અત્યંત નજીકમાં મેળવી દે છે,
તેમ,દેહમાં થયેલી "હું" દૃષ્ટિ જુદાજુદા દેશોમાં થયેલ પ્રાણીઓને એકબીજાની સાથે મેળવી દે છે.
અને તે જ તૃણો -જેમ,મમતા રહિત રહીને જ એકબીજાની સાથે મળે છે,અને એકબીજાથી જુદા પણ પડે છે,
તેમ,દેહમાં અને અધિષ્ઠાન-રૂપ-આત્મામાં--પંચભૂતો કોઇ પણ જાતની મમતા-આદિ-નહિ રાખતાં-
એકબીજાની સાથે મળે છે-અને એકબીજાથી છૂટાં પણ પડે છે.

આત્મા,ચિત્ત-રૂપી કલ્પનાવાળો થઇને દેહને લગતા અનેક પદાર્થોને (પંચમહાભૂતો-વગેરેને) ભેગા કર્યા કરે છે,
પણ,જેમ,જળ પોતાની ગતિને લીધે,મલિન-પણાનો ત્યાગ કરીને સ્વચ્છતાને પ્રાપ્ત થાય છે,
તેમ,આત્મા તત્વ-બોધથી,દેહાદિ-પણાનો ત્યાગ કરીને પોતાના અખંડ-સ્વરૂપને પ્રાપ્ત થાય છે.

જેમ,આકાશમાં ફરનારો સિધ્ધ-પુરુષ પૃથ્વીના મંડળને દુરથી જ જુએ છે,
તેમ,બોધ ના સમયમાં પંચભૂતો ના સંબંધથી રહિત થયેલો પુરુષ,પોતાના દેહને દૂરથી જ જુએ છે.
દેહનું અભિમાન છૂટી જવાને લીધે દેહથી -પર-થયેલો પુરુષ,સઘળા પદાર્થોને (પંચમહાભૂતો-વગેરેને)
અનાત્મ-રૂપ જાણીને,દિવસના સૂર્યની કાંતિને પેઠે અત્યંત પ્રકાશ પામે છે.

જેમ,સમુદ્રના મોટામોટા મોજાં,ઉત્તમ મણિઓથી સંબંધ પામવા છતાં તેમાં આસક્ત નહિ થતાં,લીલા જ કરે છે,
તેમ,મહા-જ્ઞાન-વાળા,રાગ-દ્વેષ-દોષોથી રહિત થયેલા જીવનમુક્ત મહાત્માઓ
લીલાથી આ જગતમાં વ્યવહાર કરે છે.
જેમ,ઉડતી રજોથી આકાશ ગ્લાનિ પામતું નથી,
તેમ,આ જગતમાં પોતાના લૌકિક વ્યવહારોથી,જીવનમુક્ત પુરુષ ગ્લાનિ પામતો નથી.
જીવનમુક્ત પુરુષને આ સંસારમાં આવતા-જતા,સારા-નરસા,ભોગોમાં રાગ-દ્વેષ થતો નથી.
જે કંઇ આ જગતમાં છે તે મનની કલ્પના-રૂપ છે અને તે વિષયોમાં પ્રવૃત્ત થયેલા ચૈતન્યનો વિલાસ છે,
એમ વિદ્વાનોએ નિશ્ચય કરેલો છે.

અહંકાર,પંચમહાભૂત-આદિ પદાર્થો,અને ભૂત-ભવિષ્ય-વર્તમાન-કાળ સંબંધી,બીજું પણ જે કંઇ ઇન્દ્રિયોના અને
વિષયોના સંબંધોના વિસ્તાર થી દેખાય છે-તે સઘળું મનના વિલાસ સિવાય બીજું  કંઇ પણ નથી.
દૃશ્ય કે જેની સિધ્ધિ આત્માથી જ થાય છે,તે તો સત પણ કહી શકાતું નથી કે અસત પણ કહી શકાતું નથી.

માટે તેનો હર્ષ શોક કરવો યોગ્ય નથી.અને જે આત્મા છે,તે તો અસંગ હોવાને લીધે,હર્ષ-શોક સાથે જોડાય એમ જ નથી.માટે હર્ષ કે શોક નો મુદ્દો અવકાશ જ રહેતો નથી.

હે,રામ, આ જગતને સત્ય માનો કે અસત્ય માનો-અથવા-એક રીતે સત્ય અને બીજી રીતે અસત્ય (કે -સત્યાસત્ય) માનો,તો પણ કોઈ રીતે જગતને માટે હર્ષ કે શોક કરવો યોગ્ય નથી.
કેમ કે -જગત સત્ય હોય તો-સત્ય વસ્તુ અખંડિત હોય છે-માટે તેમાં હાનિ-લાભ નહિ હોવાથી હર્ષ-શોકનો પ્રશ્ન જ રહેતો નથી.અને જો જગત અસત્ય હોય તો અસત્યને માટે શોક હર્ષ કરવો થી નથી.એ વાત સ્પષ્ટ છે.
અને જો જગત સત્યાસત્ય-હોય તો તે અસત્ય-પણાની કોટિમાં જ પ્રવેશ કરે છે.

આ રીતે જગત-કોઈ પણ પ્રકારે હર્ષને કે શોકને યોગ્ય ઠરતું જ નથી,તે છતાં,તેના સંબંધમાં તમે શા માટે મૂંઝાઓ છો? હે રામ, તમે નકામા વિચારોને તાજી દઈને યથાર્થ વિચાર કરો.
યથાર્થ વિચાર કરનારો પ્રૌઢ મનુષ્ય કોઈ પણ પદાર્થમાં મોહ પામે જ નહિ.
<u>ઇન્દ્રિયોનો-અને-વિષયોનો સંબંધ થતા,જે સુખ અનુભવમાં આવે છે,તે સુખને-</u>
<u>ઇન્દ્રિયો અને વિષયો-રૂપી ઉપાધિઓના ત્યાગ કરીને વિચારીએ-તો-તે સુખ કેવળ "અનુભવ-રૂપ" જ અવશેષ રહે છે,અને જે "અનુભવ" છે તે-સર્વથી-સાર-ભૂત-પરબ્રહ્મ જ છે.એમ કહેવાય છે.</u>

ઇન્દ્રિયોનો અને વિષયોનો સંબંધ થતાં જે સુખ થાય છે,
તેનું જો અજ્ઞાનને લીધે વિષયાકર વૃત્તિથી ગ્રહણ કરવામાં આવે -તો તે સુખ-સંસાર (બંધન) આપે છે-અને-
જો જ્ઞાનને લીધે બ્રહ્મ-ભાવનાથી ગ્રહણ કરવામાં આવે તો મોક્ષ આપે છે.
ઇન્દ્રિયો અને વિષયોનો સંબંધ થતા જે સુખ અનુભવમાં આવે છે-તે સુખ પોતાના લાભથી હર્ષને કે પોતાના નાશથી શોકને ઉત્પન્ન કરનાર- ના- થાય તો તે મુક્તિ જ છે -એમ વિદ્વાનો નું કહે છે.

ઇન્દ્રિયો અને વિષયોરૂપી ઉપાધિઓથી રહિત જે અખંડ પૂર્ણાનંદના સ્કુરણ-રૂપ "અનુભવ" થાય છે,
તેનું જ અવલંબન કરીને તમે સંસારથી રહિત થાઓ.
<u>"અખંડ અનુભવ"નું અવલંબન કરવાથી અજ્ઞાન જતું રહે છે.જ્ઞાનનો પ્રકાશ થાય છે,અને,</u>
<u>એ જ અનુભવ -જીવનમુક્તિ-એ નામથી કહેવાતી "તુર્યાવસ્થા" થાય છે.</u>

હે,રામ,આવી "તુર્યાવસ્થા" થતાં એવો આત્મા અવશેષ રહે છે કે-જે આત્મા સ્થૂળ નથી,પ્રત્યક્ષ નથી,તેમ જ ના દેખાય તેવો પણ નથી.તે ચૈતન્યના આશ્રય-રૂપ નથી,જડ નથી,અસત નથી,ઉત્પત્તિથી સત્તાવાળો નથી.
હું કે અન્ય કહેવાતો નથી,એકપણા-રૂપ ગુણવાળો નથી,અનેક નથી અને અનેકવાળો નથી.
તે દૂર કે સમીપ રહેલો નથી,સત્તાનો આશ્રય નથી,નથી એમ પણ નથી,નહિ પામવા યોગ્ય નથી,સર્વ-રૂપ નથી, અને સર્વ-વ્યાપક પણ નથી.વચનથી નહિ કહી શકાય એવો હોવાને લીધે,પદાર્થોની પંક્તિમાં નથી,
પદાર્થ થી જુદો નથી,પંચભૂત સ્વભાવવાળો નથી અને પંચભૂત-રૂપ પણ નથી.

કેમ કે-<u>પાંચ જ્ઞાનેન્દ્રિયોથી અને છઠ્ઠા મનથી જે કંઇ વિષયો-રૂપી જગત અનુભવમાં આવે છે,</u>
<u>તેથી ન્યારું (જુદું) આત્મ-સ્વ-રૂપ જગતની અંદરના કોઇ પદાર્થ-રૂપ જેવું હોય જ નહિ.</u>
વાસ્તવિક રીતે જોનારા જ્ઞાનીને જગત જેવું બ્રહ્મ-રૂપ છે તેવું જ દેખાય છે,સઘળું જગત બ્રહ્મમય જ છે.
જગતનો કોઇ પણ અંશ બ્રહ્મથી ભિન્ન નથી.

આત્મા,પૃથ્વીમાં કઠિન-પણા-રૂપે,જળમાં પ્રવાહ-રૂપે,તેજમાં પ્રકાશ-રૂપે,વાયુમાં ગતિરૂપે,અને આકાશમાં અવકાશ-રૂપે રહેલો છે.માટે જે કંઇ જગત છે તે આત્મા જ છે.

હે,રામ વસ્તુઓની જે જે સત્તા છે,તે તે સત્તા ચૈતન્યથી ભિન્ન નથી."જગત ચૈતન્યથી જુદું છે" એમ જો બોલવામાં આવે તો-તે ઘેલા નું જ બોલવું કહેવાય છે.સઘળા કાળમાં, અનંત કલ્પોના ક્રમોમાં,અને મધ્યમાં પણ જે જે જગતો છે,તથા તે જગતોમાં જીવોનાં જે જવા-આવવાં છે,તે સઘળાં આત્મા જ છે.આત્મા વિના બીજું કંઈ છે જ નહિ. માટે તમે એ પ્રમાણે બુધ્ધિ રાખો અને બુધ્ધિથી સંસાર તરી જાઓ.

**<u>(૭૩) અહંકાર નષ્ટ થતાં મુક્તિ પ્રાપ્ત થાય છે</u>**

વસિષ્ઠ કહે છે કે-હવે એક બીજો વિચાર કહું છું-કે જે-વિચાર-રૂપી દૃષ્ટિથી તમે આત્માને અવિચળ દેખશો,અને, દિવ્ય-દૃષ્ટિ-વાળા થશો.
"હું" કે જે આત્મા છું,તે જ બ્રહ્માંડોમાં સર્વ સ્થળે રહ્યો છું,હું આ તુચ્છ-દેહ-રૂપ નથી,અને દેહાદિ માત્રથી જુદાં પણ નથી,હું કે જે સર્વ-સ્વ-રૂપે એક જ છું,તેમાં મારો પોતાનો જ ભેદ બતાવનાર "દ્વૈત" જ કેમ હોય? "
એવી રીતનો નિશ્ચય રાખીને પોતાનામાં રહેલા,આ સઘળા જગતને પોતા-રૂપ જુઓ.
અને આમ જોવાથી તમે હર્ષ-શોક ને પરવશ થઈને-તેઓથી પરાભવ પામશો નહિ.

હે રામ, જયારે આ સઘળું જગત એ રીતે જ જોવામાં આવે તો પછી કયો પદાર્થ પોતાનો કે પારકો રહે?
જે કંઈ ઇન્દ્રિયોથી પ્રાપ્ત થાય એવું છે તે શું આત્મા થી જુદું રહે?
આમ છતાં પણ લોકો હર્ષ-શોકને ધારે છે-તો તે તેઓની ભૂલ જ છે.
જ્ઞાની થઈને જો -તે હર્ષ-શોકને ધરતો હોય તો તેને અજ્ઞાની (દેહમય) જ સમજવો.

પરમાર્થ(પરમ-અર્થ)ને લગતા હોવાને લીધે મોક્ષને આપનારા -બે-"અહંકારો" સાત્વિક-કે -નિર્મળ કહેવાય છે.
"હું અત્યંત સૂક્ષ્મ છું,અને સર્વથી ન્યારા-સ્વ-રૂપ-વાળો છું" એ પહેલો અહંકાર છે અને-
"સઘળું જગત હું જ છું" એવા પ્રકારનો બીજો અહંકાર છે.
"હું દેહ છું" એવા પ્રકારનો જે ત્રીજો અહંકાર છે તે-શાંતિ માટે નહિ પણ દુઃખ માટે છે-એમ જ સમજો.
તમે મુક્તિને અર્થે એ ત્રણે અહંકારોને ત્યજી દઈને-સર્વનો ત્યાગ કરતાં જે પૂર્ણ-ચૈતન્ય અવશેષ રહે છે-
તેનું જ અવલંબન કરીને તેમાં જ સ્થિર થઇ તત્પર રહો.

આત્મા સર્વથી ન્યારા સ્વ-રૂપ-વાળો હોવા છતાં પણ પોતાની સત્તાથી નાશ પામતી સત્તા-વાળા જગતને પૂરનારો
હોવાને લીધે સર્વનો પ્રકાશક થઈને સ્ફુરે છે.તમે પોતાના અનુભવથી જ તે જુઓ.
તમે પોતે એ સ્વયંપ્રકાશ આત્મા જ છો.તમે દેહાદિની વાસનાઓ સહિત અહંકારના અધ્યાસને છોડી દો.
હે રામ,<u>એ આત્મા અનુમાનથી કે વેદનાં વાક્યોથી જણાય તેમ નથી,પણ અનુભવથી જ પ્રત્યક્ષ થાય છે.</u>
સર્વ કાળમાં-સર્વ પ્રકારોથી જે કંઈ છે તે સઘળું આત્મા જ છે.

ઇન્દ્રિયોથી,શબ્દ-સ્પર્શ,રૂપ,રસ,ગંધ-એ વિષયોનાં જે જ્ઞાન થાય છે-તેમાં ઇન્દ્રિયો-રૂપી તથા વિષયો-રૂપી ઉપાધિઓનો ત્યાગ કરતાં,જે અખંડ "અનુભવ" અવશેષ રહે છે-તે સ્વયં-પ્રકાશ આત્મા જ છે.
એ આત્મા કાર્ય-કારણ-સૂક્ષ્મ-સ્થૂળ પણ નથી અને કાર્ય-કારણ અને સ્થૂળ-સૂક્ષ્મ ના મધ્યમાં પણ નથી.
આમ છતાં પણ જે કંઈ સઘળું છે તે આત્મા જ છે.
જે બોલે છે-તે આત્મા જ બોલે છે-પણ તેને (એટલે કે તે કેવો છે? તે વિષે) કોઇ બોલી શકતું નથી.

હે,રામ,તમે એ અખંડ આત્માનું અવલોકન કરો."આ આત્મા છે અને આ અનાત્મા છે"
એવી રીતની સંજ્ઞાઓનો ભેદ પણ આત્માએ જ પોતાનામાં કલ્પેલો છે.
જો કે ત્રણે કાળમાં સ્વયંપ્રકાશ એ આત્મા સર્વત્ર રહેલો છે,
તો પણ -અત્યંત સૂક્ષ્મપણા અને અત્યંત મોટાપણાને

લીધે લોકોના જાણવામાં આવતો નથી.એ આત્મા પોતાના સ્વ-ભાવને લીધે અંતઃકરણ-રૂપી અરીસામાં જ જીવ-પણાથી પ્રતિબિમ્બિત થાય છે.

જેમ,પવન સઘળા આકાશમાં રહેલો હોવા છતાં પણ પંખાને હલાવવાથી પ્રગટ થાય છે,
તેમ,આત્મા સર્વદા સર્વ પદાર્થોમાં રહેલો હોવા છતાં,પણ અંતઃકરણના ઉદયથી પ્રગટ થાય છે.
જેમ સત્તા સર્વ પદાર્થોમાં છે તેમ આત્મા સર્વ પદાર્થોમાં છે.
જે,પદાર્થોમાં અંતઃકરણ હોય તો તેમાં એ આત્મા જીવ-રૂપે પ્રતિબિંબ વાળો થાય છે.
પણ,પથ્થરમાં અંતઃકરણ નહિ હોવાથી-તે આત્મા તેમાં- જીવ-રૂપે-પ્રતિબિંબ-વાળો થતો નથી.

જેમ,આકાશમાં સૂર્યની સ્થિતિથી જ લોકોના વ્યવહાર ચાલે છે,
તેમ,અંતઃકરણમાં જીવ-રૂપે આત્માની સ્થિતિથી જ પ્રીતિ (પ્રેમ) થાય છે તથા વિચિત્ર ભોગોની ઈચ્છા થાય છે.
કારણકે પરમ-પ્રેમ નું સ્થાન આત્મા જ છે,માટે જે કંઈ પ્યારું લાગે છે તે આત્માના અર્થે જ પ્યારું લાગે છે.
સર્વદા સર્વમાં રહેનારો આ આત્મા કદી જન્મતો નથી,કદી પણ મરતો નથી,કદી કશું લેતો નથી,
કદી કશું ઈચ્છતો નથી,કે કદી મુક્ત કે બંધન-વાળો થતો નથી.

આ દેહાદિ-રૂપી ભ્રાંતિ કે જે આત્માના અજ્ઞાનથી ઉદય પામેલી અને ખોટી હોવા છતાં પણ દેખાવમાં આવતી હોવાને લીધે,રજ્જુમાં સર્પ ની ભ્રાંતિ જેવી છે.તેથી તે કેવળ દુઃખ દેનારી છે.
આ આત્મા અનાદિ છે માટે કદી પણ જન્મેલો નથી અને જન્મેલો નથી એટલા માટે મરતો પણ નથી.
આત્મા પોતાનાથી જુદા કોઈ પદાર્થને ઈચ્છતો નથી,કારણ કે કોઈ પદાર્થ આત્માથી જુદો છે જ નહિ.
આ આત્મા દેશ-કાળ-આદિના માપથી રહિત હોવાને લીધે કદી બંધાયેલો નથી,
અને એમ હોવાથી મુક્ત પણ થતો નથી.માટે આત્મા મોક્ષથી રહિત છે.

હે રામ,સર્વનો આત્મા આ સ્વભાવવાળો છે,છતાં આ મૂઢ લોકો વિચાર કર્યા વિના કલેશ પામે છે.
તમે જગતના સઘળા આજુબાજુ ના ક્રમને સારી પેઠે જાણ્યો છે,એટલે તમે મૂઢોની જેમ શોક કરો નહિ.
જેમ,કેટલાએક મનુષ્યો પોતે કંઈ કામ નહિ કરતાં,યંત્ર થી સઘળું કામ ચલાવે (કરે) છે,
તેમ વિદ્વાને બંધન અને મોક્ષની કલ્પના ને ત્યજી દઈને,
પોતે કંઈ રાગ-દ્વેષ નહિ કરતાં,દેહાદિ થી વ્યવહાર ચલાવવો જોઈએ.

મોક્ષ-એ કંઈ આકાશ-પાતાળ કે પૃથ્વીમાં પણ નથી.યથાર્થ જ્ઞાનથી આત્માકાર કરેલું ચિત્ત એ જ મોક્ષ છે.
કોઈ પણ વિષયમાં આસક્તિ નહિ રહેવાથી,પોતાની મેળે ચિત્તનો ક્ષય થાય-તેને મહાત્માઓ મોક્ષ કહે છે.
હે રામ,જ્યાં સુધી નિર્મળ બોધ ઉદય પામ્યો ન હોય,ત્યાં સુધી મૂર્ખતાને લીધે,કંગાળ-પણા તથા ભક્તિથી (આત્માને અપ્રાપ્ત માની લેવાથી) મોક્ષ ઇચ્છવામાં આવે છે.

હે રામ."આ મોક્ષ છે અને આ બંધ છે" એવી વેવલી કલ્પનાને ત્યજી દઈને,મહા-ત્યાગી થઈને,
તમે પોતે-જ-મોક્ષ-રૂપ થાઓ.સઘળી ભેદની કલ્પનાને છોડી દઈ,અંદરથી આસક્તિ-રહિત થઇ અને
સર્વદા જીવનમુક્તપણાથી શોભા ધરીને તમે આ ભૂમંડળ નું લાંબા સમય સુધી પાલન કરો.

## <u>(૭૪) પ્રમાદથી ભ્રાંતિ અને પ્રબોધ થી પૂર્ણતા</u>

વસિષ્ઠ કહે છે કે-હે રામ,જેમ અત્યંત રૂપાળો મનુષ્ય જો કદી પણ પોતાના મોઢાને અરીસામાં ના જોતો હોય,
તો,તેને પોતાના હૃદયમાં પોતાના કદરૂપ-પણાની બુદ્ધિ થાય છે,
તેમ,આત્મા પોતાના સ્વ-રૂપને ના જુએ તો તેને સૃષ્ટિ-આદિના સમયમાં ક્ષણ-માત્રમાં શરીર પ્રાપ્ત થાય છે.
જેમ,મદિરાનો થોડોક પણ સ્વાદ લેવાથી,પણ મદ (નશો) ઉત્પન્ન થાય છે,

તેમ,શરીરમાં અહંતા ના થોડા અધ્યાસથી પણ -ખોટી છતાં મોટી,રાગદ્વેષ-રૂપી ખોટી ખટપટ ઉત્પન્ન થાય છે.

જેમ સૂર્યના તાપથી ઝાંઝવાનું જળ ઉત્પન્ન થાય છે-તેમ,આત્મામાં દેહના અધ્યાસથી સત્તા પામેલી,
અને પુણ્ય-પાપ-આદિ અનેક અનર્થોથી ભરેલી,એ રાગ-દ્વેષ-રૂપી ખટપટથી સઘળું જગત ઉત્પન્ન થયું છે.

ચિત્તનો અને અહંકારનો ભેદ કહેવા માત્ર જ છે.વાસ્તવિક રીતે નથી.
જે અહંકાર છે તે જ ચિત્ત છે અને જે ચિત્ત છે તે જ અહંકાર છે
જેમ,વસ્ત્રનો ક્ષય થતાં,વસ્ત્રનો અને તેના ધોળા-પણાનો ક્ષય થાય છે
તેમ,ચિત્ત અને અહંકાર-એ બેમાંથી,એક નો ક્ષય થતાં,બંને નો ક્ષય થાય છે.
મોક્ષની બુધ્ધિ,બંધની બુધ્ધિ તથા તૃષ્ણા કે જેઓ ખોટાં જ છે,અને તુચ્છ જ છે,તેઓને ત્યજી દઈને,
કેવળ વૈરાગ્ય અને વિવેકથી મન ને ક્ષીણ કરવું જોઈએ.

જો "મને મોક્ષ થાય તો ઠીક" એવી ચિંતા અંદર ઉઠી-તો મન ને ઉઠયું જ સમજવું.
અને મન જો ઉઠીને મનન કરવા લાગ્યું,તો તે મન શરીર-રૂપ થઈને અડચણો જ ઉભી કરે છે.
"દેહ હું છું" એવા મનથી જ બંધ ની તથા મોક્ષની ભ્રાંતિ થાય છે.માટે એવા મન ને જ ઉખેડી નાખો.

<u>વાયુ ગતિ-રૂપ-ધર્મ-વાળો હોવાથી,દેહમાં ચાલવા લાગે છે(ગતિ કરે છે-હાથ-પગ વગેરે ચાલવા લાગે છે)</u>
<u>માટે આત્મા અંગોને ચલાવનારો છે તેમ સમજવું નહિ.(નોધ-વાયુ શક્તિ છે!!)</u>
સર્વ-વ્યાપક અને સૂક્ષ્મ-ચૈતન્ય,પોતાથી કે બીજા કોઇથી પણ ડગતું નથી.
સર્વ પદાર્થોમાં પ્રતિબિમ્બિત થયેલું હોવા છતાં,
પોતાના સ્વરૂપમાં જ રહેલું,ચૈતન્ય,જ્ઞાન વડે દીવાની જેમ આ જગતને પ્રકાશિત કરે છે.

અવિદ્યા-રૂપી મોટી નદીનાં મોજાં અથડાવાથી ઉત્પન્ન થયેલી ભ્રાંતિથી જ દેહમાં ચેતન-પણું અને
આત્મામાં કર્તા-ભોક્તા-પણું જોવામાં આવે છે.
આત્માના ખરા સ્વરૂપ ના અજ્ઞાનથી જ -"હું પરલોકમાં જનાર-આવનાર છું અને કર્તા-ભોક્તા છું"
એવી વાસના થાય છે.આ વાસના પણ ખોટી હોવા છતાં સાચા જેવી ભાસે છે.અને,
વિષયોની તૃષ્ણા-વાળા મન ને ખેંચે છે.

ઓળખવામાં આવેલી અવિદ્યા (એટલે કે અવિદ્યા જયારે ઓળખાઈ જાય છે ત્યારે)
જ્ઞાનીઓના મનમાંથી નાસી જાય છે.જાણવામાં આવેલી અવિદ્યા (માયા કે અજ્ઞાન) મન ને ખેંચતી નથી.
આત્માના બોધથી વાસના નષ્ટ થઇ જાય છે.અને પરમ-આનંદ-રૂપી પ્રકાશ પ્રાપ્ત થાય છે.
શાસ્ત્ર થી અને યુક્તિઓથી "અવિદ્યા મુદ્દલે છે જ નહિ" એવો નિશ્ચય થતાં,તે પીગળી જાય છે.
"આ જડ દેહ માટે ભોગોનું શું પ્રયોજન છે?"
એવા નિશ્ચય-વાળો તત્વવેત્તા પુરુષ,આશા-રૂપી-મેલનો નાશ કરે છે.

હે રામ,આશાના પરિવાર-રૂપી દેહાભિમાન આદિને હૃદયમાંથી દૂર કરી નાખવામાં આવતાં,
નિર્મળતાને પ્રાપ્ત થયેલો પુરુષ,પૂર્ણિમાના ચંદ્રની જેમ પૂર્ણતા ને પ્રાપ્ત થાય છે.
તેવો પુરુષ અત્યંત શીતળ-પણા અને પરમસુખને પ્રાપ્ત થાય છે.
પ્રલયકાળના સમુદ્રની પેઠે પોતાના સ્વરૂપમાં માતો નથી,અને શાંત થયેલા સમુદ્રની પેઠે સ્વરૂપમાં રહે છે.
તે ધીરતારૂપી મોટી સ્થિરતાવાળો થાય છે,સ્વચ્છતા-પણાથી શોભે છે,અને શાંત થયેલા દીવાની પેઠે,
પોતાના સ્વાભાવિક-રૂપને પ્રાપ્ત થઈને તૃપ્ત થાય છે.
વળી,અંદર દીવા-વાળા ઘડાની પેઠે,તે અંદર પ્રકાશ પણાને પ્રાપ્ત થાય છે.

પોતાનો આત્મા કે જે સર્વાત્મક છે અને સર્વમાં રહેલો છે-તેને જ એ પુરુષ -તરીકે દેખે છે.
વિષયી-લોકોના સંગથી તથા વિષયોના રાગ થી અલિપ્ત રહેલો,આત્મામાં જ રુચિવાળો,શાંત-પણાથી બેસતો,
પૂર્ણ થયેલો,પવિત્ર મનવાળો,રાગ-દ્વેષ આદિ ભયોથી રહિત થયેલો,સંસાર-રૂપી સમુદ્રને તરી ચૂકેલો,
જેમાંથી પાછા વળવું પડતું નથી તેવા પદને પામેલો,જેનું ચરિત્ર મન-વાણી-ક્રિયાથી સર્વ લોકોએ ઇચ્છવા યોગ્ય
હોય છે,જેના આનંદ ને સર્વ લોકો વખાણે છે,જેનો કામ-રૂપી કાદવ ધોવાઈ ગયેલો હોય છે,
બંધ-રૂપી ભ્રાંતિ છેદાઈ ગઈ હોય છે,તથા મનનો મન-રૂપી તાવ શાંત થઇ ગયો હોય છે-

એવો જીવનમુક્ત પુરુષ  કશું ઈચ્છતો નથી,કોઇથી રાજી થતો નથી,કશું આપતો નથી,કશું લેતો નથી,
કોઈની સ્તુતિ કે નિંદા કરતો નથી,અસ્ત કે ઉદય પામતો નથી,આનંદ કે શોક કરતો નથી.

જે પુરુષ સઘળા આરંભોને છોડી દેનારો,સઘળી ઉપાધિઓથી રહિત થયેલો
અને સઘળી આશાઓ વિનાનો હોય-તે જીવનમુક્ત કહેવાય છે.
હે રામ,તમે સઘળી આશાઓનો ત્યાગ કરીને ચિત્તથી શાંત થઇ જાઓ.
ચંદ્રના જેવી શીતળતા-વાળી નિસ્પૃહતા,અંતઃકરણને જેવું સુખ આપે છે,
તેવું સુખ આલિંગનથી અંગોમાં વીંટાઈ રહેલી રૂપાળી સ્ત્રી પણ આપતી નથી.
નિસ્પૃહપણાથી જેવું પરમ સુખ પ્રાપ્ત થાય છે તેવું,પરમ સુખ રાજ્ય થી કે સ્વર્ગથી પણ મળતું નથી.

હે રામ,જે મળવાથી ત્રૈલોક્ય ની લક્ષ્મીઓ પણ તરણા જેવી લાગે છે,એવી પરમ શાંતિ નિસ્પૃહપણાથી જ મળે છે.
નિસ્પૃહ-પણું કે જે આપદા-રૂપી કાંટાના ઝાડને કાપી નાખવામાં કુહાડા-રૂપ છે,પરમ શાંતિના સ્થાન-રૂપ છે,
અને શમ-રૂપી વૃક્ષનાં પુષ્પોના ગુચ્છ-રૂપ છે-તેનું અવલંબન કરો.
નિસ્પૃહપણાથી શોભી રહેલા પુરુષને,પૃથ્વી ગાયના પગલા જેવડી લાગે છે,રત્નોથી ભરેલો મેરુ-પર્વત
ઝાડના ઠૂંઠા જેવો લાગે છે,દિશાઓ નાની દાબડીઓ જેવી લાગે છે અને ત્રૈલોક્ય તરણા જેવું લાગે છે.
આશાઓથી રહિત થયેલા મહાત્મા પુરુષો-આપવું,લેવું,ધન ભેગું કરવું,વિહાર કરવા,વૈભવો ભોગવવા-
ઇત્યાદિ-જગત સંબંધી ક્રિયાઓની હાંસી કરે છે-કારણકે-એ ક્રિયાઓ ઘણા પરિશ્રમો આપનારી,
તુચ્છ ફળ આપનારી,અને ઘણા અનર્થો ઉત્પન્ન કરનારી છે.

જેના હૃદયમાં કદી પણ આશાઓ પગ ના મૂકતી હોય એવા અને
તેથી જ ત્રૈલોક્ય ને તરણાની જેમ ગણનારા પુરુષને કોની ઉપમા આપી શકાય?
જેના હૃદયમાં "આ વસ્તુ મને મળે તો ઠીક અને આ વસ્તુ મને કદી નાપણ મળે તો પણ ઠીક"
એવી કલ્પના જ ઉત્પન્ન થતી હોય-તે પુરુષને લોકો કોના જેવો ગણી શકે? (એટલે કે)
જેને પોતાનું મન સ્વાધીન  થઇ ગયું હોય તેને કોઈની ઉપમા લાગુ પડે જ નહિ.

હે રામ,નિસ્પૃહપણું કે જે સઘળાં સંકટોના છેડા-રૂપ છે,સુખ-રૂપ છે,અને બુદ્ધિનું પરમ સૌભાગ્ય છે -
તેનું અવલંબન કરો.આશાઓનું અવલંબન કરો નહિ.આ જગતને મિથ્યા ભ્રાંતિ-રૂપ છે એમ સમજો.
ધીર પુરુષો જગતને આત્મા-રૂપ સમજીને કોઈ જાતની મૂંઝવણ કરતા જ નથી.
હે રામ,સઘળા પદાર્થોને આત્મા-રૂપ સમજવાથી-બુદ્ધિને અત્યંત આશ્વાસન આપનારું નિસ્પૃહપણું પ્રાપ્ત થાય છે,

વૈરાગ્ય-રૂપી-વીરતા થી ભરેલા પુરુષથી-મોહ ઉપજાવનારી સંસાર-સંબંધી-માયા નાસી જાય છે.
ધીર પુરુષને ભોગો આનંદ આપતા નથી,આપદાઓ ખેદ આપતી નથી,અને દૃશ્ય-પદાર્થોની શોભાઓ તેને
પોતાના ધૈર્યમાંથી ડોલાવી શકતી નથી.આત્માના તત્વને જાણનારો પુરુષ,રાગ-દ્વેષને પરવશ થઇને-તેઓથી
ખેંચાતો નથી,પર્વત ની શિલાઓ ની જેમ નિર્વિકાર રહેનારો જ્ઞાની પુરુષ,ભોગોમાં રુચિ ધરાવતો નથી,પણ,
આપોઆપ આવી પડેલા સઘળા ભોગોને આસક્તિ રાખ્યા વિના કેવળ લીલાથી જ ભોગવે છે.

જેમ,દેશ-કાળ અને ક્રમ પ્રમાણે,આવ્યા કરતી ઋતુઓમાં,પર્વત કોઇ પણ પ્રકારના ક્ષોભને પ્રાપ્ત થતો નથી,
તેમ,દેશ-કાળ અને પ્રારબ્ધના ક્રમ પ્રમાણે આવ્યા કરતા સુખ-દુઃખોમાં,જ્ઞાની ક્ષોભને પ્રાપ્ત થતો નથી.
હે રામ, તત્વને યથાર્થ જાણનારો પુરુષ,વાણી-આદિ-કર્મેન્દ્રીયોના વ્યાપારોથી વિષયોમાં ડૂબ્યો હોય,
તો પણ મનથી આસક્તિ વિનાનો હોવાથી,તેનું મન કોઇ પણ વિષયોમાં ડૂબતું નથી.

જેમ,જો સોનાની અંદર બીજી કોઇ ધાતુઓના મિશ્રણ-રૂપી કલંક હોય-તો જ સોનું કલંકિત કહેવાય છે,
પણ જો તે સોનું બહાર થી કાદવ વગેરે થી લેપાયેલું હોય તો-તેથી તે કલંકિત કહેવાતું નથી,
તેમ,જ્ઞાની પુરુષ જો વિષયોમાં આસક્ત હોય-તો જ તે આસક્ત કહેવાય છે,
પણ માત્ર બહારથી વિષયોને ભોગવતો હોય તો તે આસક્ત કહેવાતો નથી.

આત્માને શરીરથી જુદો જોયા કરતા વિવેકી પુરુષનાં સઘળાં અંગો કાપી નાખવામાં આવે,તો પણ તેનું કંઇ કપાઇ જતું નથી,અખંડ પ્રકાશ વાળું નિર્મળ તત્વ-એકવાર જાણવામાં આવ્યું,તો તે જાણેલું જ રહે છે,તે કદી પણ પાછું  ભુલાઇ જતું નથી.આત્મામાં થયેલી જગત-રૂપી ભ્રાંતિ એકવાર ટળી ગઇ પછી,ફરી પ્રાપ્ત થતી નથી.

જેમ,અગ્નિના તાપથી તપીને શુધ્ધ-પણાને પ્રાપ્ત થયેલું સોનું -કાદવમાં ડુબે તો પણ તેની અંદર મેલ જતો નથી,
તેમ,વિવેકથી,શુધ્ધ થઇને બ્રહ્મપણાને પ્રાપ્ત થયેલું જ્ઞાની નું મન પાછું વ્યવહારમાં લાગે તો પણ અંદર મેલનું ગ્રહણ કરતુ નથી.એકવાર સત્ય જ્ઞાનથી દેહાભિમાન ટળી ગયું,તો પછી તે જ્ઞાનીને વિષયોથી પાછું કદી બંધન થતું નથી.જેમ,ફળ ઝાડથી છુટું પડી ગયા પછી પાછું ત્યાંજ ફરી ચોંટાડી શકાતું નથી,
તેમ,વિચારથી જુદા પાડેલ આત્માને અને અનાત્માને પાછા જોડવામાં કોઇ સમર્થ નથી.

જેમ,શુધ્ધ જળમાં થયેલી,દુધની ભ્રાંતિ,વિચાર કરવાથી ટળી જાય છે,
તેમ,આત્મામાં થયેલી સંસાર-રૂપી ભ્રાંતિ વિચાર કરવાથી ટળી જાય છે.
સમજુ પુરુષો અનાત્મા ને આત્મા સમજીને ત્યાં સુધી જ સ્વીકારે છે -કે-જ્યાં સુધી,"તે અનાત્મા છે" તેમ જાણવામાં ના આવે,પણ જેવો તે અનાત્મા તરીકે જાણવામાં  આવે કે તરત જ તેને ત્યજી દે છે.

જેણે ગોળના મધુર રસનો અનુભવ કયો હોય,તે મનુષ્યને તેના તે -અનુભવ ને બદલવા માટે-તે મનુષ્યને ડામ દઈને કે તેના અંગો કાપીને તે અનુભવને બદલાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો પણ તે મનુષ્યને ગોળનો જે અનુભવ થયો હોય તે બદલાતો નથી,
તેમ,જેને આત્મ-સ્વ-રૂપ ના આનંદનો અનુભવ થયો હોય,તે મનુષ્યને બીજા મનુષ્યો ગમે તેવી રીતે હેરાન કરીને તે બદલાવવાનો યત્ન કરે પણ-તેને થયેલો આત્મ-સ્વ-રૂપ નો અનુભવ બદલાતો નથી.
ઇન્દ્ર-આદિ દેવતાઓ પણ તેને પોતાને એ લાગણીમાંથી (આનંદ ના અનુભવમાંથી) ડોલાવી શકતા નથી.

એવો બ્રહ્મવેત્તા પુરુષ કદી પણ આંસુઓ વહેવાવતો નથી,
કપાઇ જાય તો પણ કપાતો નથી,બળી જાય તો પણ બળતો નથી અને મરી જાય તો પણ મરતો નથી.
શરીરના પ્રારબ્ધની ગતિથી,ગમે તેવાં ભારે સંકટો આવી પડતાં પણ તેના પર ધ્યાન નહિ આપનારો જીવનમુક્ત પુરુષ,ઘરમાં રહે તો પણ ભલે,રાજ્ય કરે તો પણ ભલે કે જંગલમાં ગુફાઓમાં રહે તો પણ ભલે.
તેને કોઇ જ જાતનો ફરક પડતો નથી.

## (૭૫) અધિકારમાં રહેલા છતાં તેથી નહિ લેપાયેલાઓનાં નામ

વસિષ્ઠ કહે છે કે-હે રામ, જીવનમુક્ત થયેલો જનકરાજા રાજ્ય સંબંધી વ્યવહારો કર્યા કરતો હોવા છતાં,પણ,
મનની અંદર સંતાપોથી રહિત,આસક્તિ વિનાની બુધ્ધિવાળો રહીને રાજ્ય કરે છે.
તમારા દાદા દિલીપ-રાજા પણ,સઘળાં કામોમાં તત્પર રહેતા હતા,

તે છતાં પણ મનમાં કોઈ પ્રકારની આસક્તિ નહિ રાખતાં,લાંબા કાળ સુધી પૃથ્વીને ભોગવી હતી.

જ્ઞાની હોવાને લીધે,સુખ-દુઃખ-વગેરેના સંગથી દૂર રહીને,લોકોનું પાલન કરતા,વૈવસ્વત મનુએ લાંબા કાળ સુધી રાજ્ય કર્યું હતું.માંધાતા રાજાએ પણ અનેક વ્યવહારો-યુદ્ધો-વગેરે કર્યા હોવા છતાં,મનમાં રાગ-દ્વેષ-થી રહિત-પણાને લીધે પરમ પદ પામ્યો હતો.બલિરાજા પાતાળમાં રહીને જાણે વ્યવહારને સાચો ગણતો હોય તે રીતે વ્યવહાર કર્યા કરે છે,તો પણ મનથી સર્વદા -સર્વનો ત્યાગ કરીને આસક્તિ વિનાનો હોવાને લીધે જીવનમુક્ત છે.

ઉદાર મનવાળા અને માન ધરાવનારા વૃત્રાસુરે પણ મનમાં શાંત રહીને દેવતાઓ સાથે સંગ્રામ કર્યો હતો,અને ઇન્દ્ર સાથે યુદ્ધ કરીને દેહનો ત્યાગ કર્યો હતો.પાતાળનો સ્વામી પ્રહલાદ,પણ દાનવોનાં રાજ્ય સંબંધી સઘળાં કાર્યો કરતો હોવા છતાં,પણ અવિનાશી અને વચનથી વર્ણવી શકાય નહિ તેવા,બ્રહ્માનંદ માં રહેલો છે.
શમ્બરાસુર માયાઓ કરવામાં તત્પર રહેતો હતો તો પણ,પોતામાં બ્રહ્મ-સ્વ-રૂપની ભાવના કર્યા કરતો હતો અને,તેણે મનથી આ માયિક સંસારને ત્યજી દીધો હતો.

સઘળા દેવતાઓ "મુખ-રૂપ-અગ્નિ" થી અનેક કાર્યોમાં તત્પર રહે છે,અને લાંબા કાળથી યજ્ઞોમાં પૂજાય છે, તથા,અગ્નિની આહુતિઓ ગ્રહણ કરે છે -તો પણ જીવનમુક્ત પણાથી રહ્યા છે.
દેવતાઓએ પોતાનું અમૃત પી લીધા છતાં પણ ચંદ્ર,બ્રહ્માકાર મનવાળો રહેવાથી -ક્યાંય સુખ-દુઃખ-આદિના સંબંધને પ્રાપ્ત થતો નથી.દેવતાઓના ગુરુ બૃહસ્પતિ,સ્વર્ગમાં પુરોહિતપણા-સંબંધી વિચિત્ર કાર્યો કર્યા કરે છે, અને તેમણે પોતાની સ્ત્રી તારાને ચંદ્રના ઘરમાં થી પછી લેવા સારુ-ચંદ્રની સાથે યુદ્ધની ખટપટ ઉઠાવી હતી, તો પણ મનથી અસંગ હોવાને લીધે તે જીવનમુક્ત જ છે.

દૈત્યો ના ગુરુ,શુક્રાચાર્ય કે જે આકાશને પોતાની કાંતિથી પ્રકાશિત કરે છે,મહા પંડિત છે અને નીતિશાસ્ત્ર રચીને સર્વને ધન આદિનું પાલન કરવાની યુક્તિઓ બતાવનાર છે,તો પણ મનમાં નિર્વિકાર રહીને જ પોતાના આયુષ્યના સમયને વિતાવે છે.
વાયુ લાંબા કાળથી બ્રહ્માંડ ની અંદર રહેનારાં સર્વ પ્રાણીઓના શરીર ચલાવ્યા કરે છે તથા પોતે સર્વદા સઘળા જગતમાં વિચાર્યા કરે છે,તો પણ મનમાં હર્ષ-શોક-આદિ થી પર રહેવાને લીધે જીવનમુક્ત જ છે.

હે રામ,વિષ્ણુ ભગવાન જીવનમુક્ત હોવા છતાં પણ,
આ સંસારમાં લાંબા કાળથી અવતારો લઈને -જરા-મરણ-યુદ્ધ આદિ લીલાઓ કર્યા કરે છે.
સદાશિવ (શંકર) જીવનમુક્ત હોવા છતાં,જેમ કામી પુરુષ કામના-વાળી સ્ત્રીને ધરી રહે -
તેમ,પાર્વતીને પોતાના દેહના અર્ધ ભાગમાં ધરી રહ્યા છે.
કાર્તિકેય સ્વામી પોતે મુક્ત હોવા છતાં,તારકાસુર આદિ દૈત્યોની સાથે યુદ્ધો કર્યા હતાં.

નારદમુનિ જીવનમુક્ત છે,તો પણ લોકોમાં કજિયા-રૂપ કૌતુક ને પ્રવર્તાવનારી લીલા કરતા કરતા ફર્યા કરે છે.
વિશ્વામિત્ર પોતે મનથી સઘળી આસક્તિઓ વિનાના રહીને,વેદોમાં કહેલી યજ્ઞ-આદિ ક્રિયાઓ કર્યા કરે છે.
સૂર્ય પણ જીવનમુક્ત રહીને જ દિવસ કરવાની ક્રિયા કરે છે અને
યમ પણ જીવનમુક્ત રહીને પાપી લોકોને શિક્ષા કર્યા કરે છે.

કેટલાએક મહાત્માઓ,અનેક ખટપટોથી ભરેલા વ્યવહારોમાં હોવા છતાં,પણ મનમાં અતિ શીતળ રહે છે.
તો-કેટલાએક મૂઢ પુરુષો પથરાની જેમ કશી ક્રિયાઓ કરતા નથી-તો પણ મનમાં તપ્યા કરે છે.
કેટલાએક જીવનમુક્ત પુરુષો (ભૃગુ-ભરદ્વાજ-શુક-વગેરે) પરમબોધને પ્રાપ્ત થઇ વનમાં ગયેલા છે.
કેટલાએક (જનક-શર્યાતી-માંધાતા-સાગર-વગેરે) છત્ર-ચામરો ની મોજ માણતા રાજ્યોમાં રહેલા છે.
કેટલાએક (બૃહસ્પતિ-શુક્રાચાર્ય-ચંદ્ર-સૂર્ય-સપ્તર્ષિઓ-વગેરે) આકાશની અંદર નક્ષત્રોના ચક્રમાં રહેલા છે.

કેટલાએક (અગ્નિ-વાયુ-વરુણ-યમ-નારદ-વગેરે) દેવ-પદવી ને પ્રાપ્ત થઇ વિમાનોમાં બેસીને ફરે છે,
કેટલાએક (બલિરાજા-પ્રહલાદ-વગેરે) પાતાળમાં રાજ્ય કરે છે.

પશુઓની તથા પક્ષીઓની જાતિઓમાં પણ કેટલાએક (ગરુડ-હનુમાન-વગેરે) જીવનમુક્ત લોકો છે.
તો દેવતાઓની યોનિઓમાં પણ કેટલાએક અજ્ઞાનીઓ છે.
"દેવતાઓની યોનિ અત્યંત સાત્વિક છે-તેમ છતાં-તેમાં કેટલાએક અજ્ઞાનીઓ કેમ છે?"
એવી શંકા રાખવી નહિ,કેમકે-અત્યંત વિસ્તીર્ણ અને સર્વ-રૂપ પરમાત્મામાં "માયા નામની વિચિત્ર શક્તિ" ને
સર્વ-દેશ-કાળમાં,સર્વ-પ્રકારે અને સર્વથી સર્વ થવું સંભવે છે.

"દૈવ" નો અત્યંત આરંભોથી ભરેલો નિયમ વિચિત્ર છે,અને તેમાં મન આદિ અંશોની વિચિત્રતાને લીધે,
સર્વત્ર-સઘળું,અસંભવિત પણ જોવામાં આવે છે.
"દૈવ" એ બીજો કોઈ પદાર્થ નથી,પણ,જે ચૈતન્ય-રૂપ આપણો આત્મા છે તે જ -
દૈવ-બ્રહ્મા-વિષ્ણુ-શિવ-વિધાતા-સર્વેશ્વર-કે ઈશ્વર-વગેરે નામોથી કહેવાય છે.

માયા-રૂપી શક્તિ કે જેમાં તુચ્છ વસ્તુ (રેતી)ની અંદર ઉત્તમ વસ્તુ (સોના) ની સ્થિતિ અને
ઉત્તમ વસ્તુ (સોના)ની અંદર તુચ્છ વસ્તુ (મેલ) ની સ્થિતિ-આદિ-અનેક ગરબડો જોવામાં આવે છે.તેમાં
અસંભવિત એવું શું હોય? અયોગ્ય પદાર્થોમાં પણ યુક્તિથી જોઈએ તો-
કોઈ જાતની યોગ્યતા જોવામાં આવે છે,જેમ કે-
પાપનું ફળ અત્યંત યોગ્ય છે,તો પણ તેની બીકથી લોકો ધર્મમાં પ્રવર્તે છે,તો એટલી તેમાં યોગ્યતા પણ છે.

જે પદાર્થ શૂન્ય હોય તેમાંથી પણ કોઈ સમયે સાચું ફળ થતું જોવામાં આવે છે -જેમ કે-
ધ્યાન-યોગ અત્યંત શૂન્ય છે-તો પણ તેનાથી સાચા બ્રહ્મ-પદની પ્રાપ્તિ થાય છે.
જે પદાર્થ મુદ્દલે હોય જ નહિ-તે પદાર્થ પણ દેશના તથા કાળના વિલાસને લીધે ઉદય પામે છે-જેમકે-
ઈન્દ્રજાળની સૃષ્ટિમાં શિંગડા-વાળા સસલાં જોવામાં આવે છે.
જે પદાર્થો,વજ્ર જેવા અત્યંત દ્રઢ હોય તેઓ પણ ક્ષય પામતા જોવામાં આવે છે-જેમ કે-
કલ્પ ના અંતે,ચંદ્ર-સૂર્ય-પૃથ્વી-સમુદ્રો-વગેરે પણ ક્ષય પામે છે.

હે રામ, આ પ્રમાણે,જગત અનિયમિત સ્થિતિ વાળું જ છે,
અને તેમાં અનેક પદાર્થો સંભવે અને અનેક પદાર્થો ના સંભવે-એવો કોઈ જ જાતનો ક્રમ નથી-માટે-
હર્ષ-ક્રોધ-ખેદને ત્યજીને વ્યવહાર સંબંધી ફળોની આશાને ત્યજી દઈને "સમતા" પામો.
આ જગતમાં અસંભવિત પણ સંભવિત થઇ જાય છે અને સંભવિત -અસંભવિત થઇ જાય છે.
એટલા માટે આ ગરબડિયા જગતની ઉપર રુચિ તથા અરુચી-એ બંને નો ત્યાગ કરીને "સમતા" ધરો.

હે રામ, મુક્તિ આત્મા-રૂપ હોવાને લીધે સર્વદા પ્રાપ્ત જ છે,માટે તેના ટળી જવાની શંકા જ નથી.
આ લોકમાં કહેવામાં આવે છે કે-"મુક્તિ પ્રાપ્ત થઇ" પણ તે કંઈ નવી પ્રાપ્ત થતી નથી!!
પરંતુ જેમ કંઠમાં પહેરેલો હાર,તેનું સ્મરણ થવાથી પ્રાપ્ત થયેલો કહેવાય છે,
તેમ,મુક્તિ માત્ર "વિવેક" પ્રાપ્ત થવાથી પ્રાપ્ત થયેલી કહેવાય છે.
મનનો ક્ષય થવાથી મુક્તિ થાય છે અને મનનો ક્ષય વિવેક થી થાય છે.માટે તમે વિવેકને પ્રદીપ્ત કરો.

મુક્તિને ઇચ્છનાર પુરુષે,આત્માના અવલોકનમાં યત્ન કરવો જોઈએ.
આત્માનું દર્શન થવાથી સઘળાં દુઃખો,કપાઈ જાય છે.
હે રામ,તમે પણ વિવેકથી તથા વૈરાગ્યથી ધીરજવાળી બુદ્ધિનો ઉદય કરી,
પથ્થર અને સોનામાં સમાન દૃષ્ટિ રાખીને જીવનમુક્તપણાથી વિહાર કરો.

લોકમાં વિવેકી પ્રાણીઓને પ્રાપ્ત થતી મુક્તિ-બે પ્રકારની છે.એક સદેહ મુક્તિ અને બીજી વિદેહ મુક્તિ.
મુક્તિના એ  બે ભેદ હોવાનું કારણ હું કહું છું તે તમે સાંભળો.
પદાર્થોમાં આસક્તિ ટળી જવાથી જે મનની શાંતિ થાય છે તે મુક્તિ કહેવાય છે.
અને આવા પ્રકારની મનની શાંતિ,શરીર જીવતાં છતાં અને શરીર પડી ગયા પછી પણ હોવી સંભવે છે.

અનાત્મ પદાર્થોમાં આત્મપણા ની ભ્રાંતિથી થયેલા (તેની પ્રત્યેના) સ્નેહ નો ક્ષય થવો -
એ જ ઉત્તમ મુક્તિ છે-એવો સિધ્ધાંત છે.
અને એ રીતનો સ્નેહનો અભાવ,શરીર જીવતું હોય કે પડી ગયું હોય તો પણ સંભવે છે.
શરીર જીવતા છતાં જે પુરુષ,અનાત્મ પદાર્થો પ્રત્યે  સ્નેહથી રહિત હોય છે-તે જીવનમુક્ત કહેવાય છે.
અને જીવનમુક્ત થયા પછી જે મરી જાય-તે મૂઆ પછી પણ સ્નેહથી રહિત હોવાને લીધે વિદેહમુક્ત કહેવાય છે.

હે રામ, મોક્ષને માટે યુક્તિપૂર્વક યત્ન કરવો જોઇએ.યુક્તિ વિનાનો યત્ન કરવાથી-આત્મ-તત્વના નિશ્ચય-રૂપ
ફળ થતું નથી.અને તે ફળ નહિ થવાથી,યત્ન વ્યર્થ જતાં,યત્ન માટે જે મોટું કષ્ટ વેઠયું હોય તે માથે પડે છે.
એટલા માટે કેવળ મૂઢતાથી યુક્તિ વિનાનો યત્ન કરીને આત્માને અનર્થોમાં નાખવો નહિ.

તમે મોટી ધીરજનું અવલંબન કરીને,યુક્તિપૂર્વક યત્ન લગાવી પોતાની મેળે પોતાના આત્માનો વિચાર કરો.
બુધ્ધો,જૈનો,સાંખ્યો-વગેરે એ આત્મતત્વના નિશ્ચય માટે મોટો યત્ન કર્યો,પણ,યુક્તિ વિનાનો કર્યો (!!!)
એટલે તેમનો યત્ન અધિક સફળ (નિશ્ચય-રૂપ-મુક્તિ-પદને પ્રાપ્ત) થયો નહિ.(!!!)
શ્રુતિઓ ના "રહસ્ય" ને જાણનારા મહાત્મા પુરુષો જ,આત્મતત્વ ના ખરા નિશ્ચય-રૂપ-મુક્તિ-પદને પ્રાપ્ત થયા છે.

## <u>(૭૬) સંસાર-સમુદ્રને તરવાના ઉપાયોનું વર્ણન</u>

વસિષ્ઠ કહે છે કે-હે રામ,આ સઘળાં બ્રહ્માંડો બ્રહ્મમાંથી પ્રગટ થાય છે,અવિવેક થી તેની સ્થિતી થાય છે અને
વિવેકથી શાંત થઇ જાય છે.બ્રહ્મ-રૂપી-સમુદ્રમાં જગતની જાળો-રૂપી જેટલી ચકરીઓ ફર્યા કરે છે
તેને ગણવા કોણ સમર્થ છે?
અયથાર્થ વિચાર જગતની સ્થિતિ નું કારણ છે,અને યથાર્થ વિચાર (વિવેક)જગતની શાંતિનું કારણ છે.
આ સંસાર-રૂપી ભયંકર સમુદ્ર અત્યંત દુષ્પાર છે,અને તેમાંથી તરી ઉતરવું હોય તો યુક્તિ વિના અને પ્રયત્ન વિના
બની શકે તેમ નથી.એટલે, તેમાં ડૂબેલો પુરુષ બહાર નીકળે તો તેને મોટો પુરુષાર્થ કર્યો કહેવાય.

બુધ્ધિ-રૂપી મોટું વહાણ હોવા છતાં,અને વિવેક-રૂપી એ વાહનને ચલાવનારો હોવા છતાં જે પુરુષ આ
સંસાર-રૂપી સમુદ્રને તરી જાય નહિ-તે પુરુષને ધિક્કાર છે.
આ સંસાર-રૂપી સમુદ્ર કે જેનો આ તરફ કે પેલી તરફ કોઇ છેડો જ દેખાતો નથી,
તેને સઘળી રીતે બ્રહ્મ-રૂપ બનાવી દઈને જે પુરુષ તેમાં વિચરે-તે જ મનુષ્ય સાચો મનુષ્ય છે.
મહાત્માઓની સાથે,આ સંસાર-રૂપી સમુદ્રનો વિચાર કરી,તથા બુધ્ધિથી તેનું અવલોકન કરી-તે પછી-
જો પુરુષ તેમાં ક્રીડા કરે તો તે ક્રીડા શોભે છે-અન્યથા નહિ.

હે રામ,આ જગતમાં તમે વિચારમાં વિલક્ષણ બુધ્ધિ-વાળા હોવાને લીધે ભાગ્યશાળી છો.
અને ભાગ્યશાળી છો-તેથી જ આ નાની અવસ્થામાં સંસારનો વિચાર કરવા લાગ્યા છો.
જે પુરુષ નાની અવસ્થામાં જ અતિ સુંદર બુધ્ધિથી સંસાર-રૂપી-સમુદ્રનો વિચાર કરી -તેમાં પ્રવેશ કરે તે
એ સમુદ્રમાં ડૂબતો નથી.સંસારના વ્યવહારમાં પણ બુધ્ધિથી વિચાર કરીને તેનું ઊંડાણ જાણીને જે જે
સંપત્તિઓ નું સેવન કરવામાં આવે-તે તે સંપત્તિઓ સુખદાયી થાય છે અન્યથા નહિ.
અને તે-તત્વને જોવામાં આવતાં પુરુષનાં બળ-બુધ્ધિ અને તેજ વૃધ્ધિ પામે છે.

હે રઘુનંદન,તમે જે જાણવાનું છે તે જાણી લીધેલું હોવાને લીધે,તમે ઘાટા આનંદથી ભરપૂર થઈને, અધ્યાત્મિક-આદિ ત્રણે તાપોને મટાડનારી,નિર્મળ અને સર્વદા સમતાવાળી બ્રહ્મ-વિદ્યા-રૂપી શોભાથી શોભો છો.

**(૭૭) જીવનમુક્ત નાં લક્ષણો**

રામ કહે છે કે-હે મુનિ,તત્વનો ચમત્કાર જોનારા જીવનમુક્તનાં જે જે લક્ષણો છે-તેનો એકઠો સંગ્રહ કરી, "ફરી વાર" પણ આપ મને કહો.આપનાં વચન સાંભળવાથી કોને તૃપ્તિ થાય?

વસિષ્ઠ કહે છે કે-હે રામ,જીવનમુક્ત નાં લક્ષણો મેં ઘણીઘણી વાર કહ્યા છે-
તો પણ ફરીવાર આ સંગ્રહ-રૂપે કહું છું.
સઘળી તૃષ્ણાઓથી રહિત થયેલો,જીવનમુક્ત પુરુષ,
સર્વત્ર અને સર્વદા -આ સઘળા જગતને મોહમય અને ઝાંઝવાના પાણીની પેઠે દેખે છે.
જીવનમુક્ત પુરુષ,જાણે સમાધિમાં જ રહ્યો હોય,જાણે સૂઇ ગયેલા મનવાળો હોય અને જાણે આનંદમાં મસ્ત રહેતો હોય તેમ સંસારમાં રહે છે.તેની બુધ્ધિ પ્રૌઢ-સમતાવાળી અને અંતર્મુખ થયેલી હોય છે.

શાંત બુધ્ધિ વાળો જીવનમુક્ત પુરુષ,પોતાના વિચાર અંતર્મુખ થવાને લીધે,
આ જગતના વ્યવહારને યંત્રથી નાચતાં પૂતળાઓના વ્યવહાર જેવો જોઇને -હસ્યા કરે છે.
તે પુરુષ ભવિષ્યની અપેક્ષા રાખતો નથી,વર્તમાનમાં રુચિ કરતો નથી,થઇ ગયેલાં ને સંભાળતો નથી,
અને તેમ હોવા છતાં પણ સઘળો વ્યવહાર કરે છે.
જીવનમુક્ત પુરુષ ને વ્યવહારમાં રુચિ બહિ હોવાને લીધે-સૂતેલા જેવો રહે છે,પણ આત્મવિચારમાં જાગતો રહે છે, વ્યવહારમાં વિચક્ષણ રહે છે.અને વિચક્ષણ હોવા છતાં,વિચક્ષણતાના ફળને ઇચ્છતો નથી-
તે, સઘળાં કાર્યો કરે છે-તે છતાં અંદર કંઇ કરતો નથી.

સર્વદા- મનથી સર્વનો ત્યાગ કરનારો અને સઘળી તૃષ્ણાઓ વિનાનો જીવનમુક્ત પુરુષ બહારથી સઘળા ચાલતા ઉદ્યોગો કરે છે,આવી પડેલ ક્રિયાઓ કરવામાં તૈયાર રહે છે,પોતાના શરીરને તથા વર્ણાશ્રમ ને લગતી ક્રિયાઓ અનુસરે છે,બાપદાદા ની પરંપરાથી પ્રાપ્ત થયેલી જીવિકાઓને અનુસરે છે.
અને,આમ,તે જીવનમુક્ત પુરુષ મનમાં કર્તા-ભોક્તાપણાની આસક્તિ નહિ રાખતાં,
સઘળાં કાર્યોને (કર્મોને) કરે છે અને સઘળાં ભોગ-સંબંધી સુખોને પણ ભોગવે છે,
અને આમ કરતો હોવાથી તે પુરુષ અજ્ઞાનીઓની જેમ વિષય-સુખની આશાઓવાળા જેવો દેખાય છે.

પણ,તે પુરુષ,અંદરથી ઉદાસીન જેવો થઈને રહે છે,કંઇ ઇચ્છતો નથી,કોઈનો દ્વેષ કે શોક કરતો નથી.અને કોઇ વિષયથી પ્રસન્ન થતો નથી.તે જીવનમુક્ત પુરુષ શત્રુઓમાં અને મિત્રોમાં,ચિત્તથી રાગ-દ્વેષ વિનાનો હોય છે, તો પણ બહારથી તે મિત્રની સાથે મિત્રની જેમ અને શઠની સાથે શઠની જેમ વર્તે છે.

તે જીવન્મુક્ત પુરુષ,બાળકોના મંડળમાં બાળકો જેવો,વૃધ્ધોના મંડળમાં વૃધ્ધ જેવો,
જુવાનોના મંડળમાં જુવાનો જેવો અને દુઃખીના મંડળમાં દુખિયા જેવો થાય છે.
અને તેમ છતાં પણ સઘળાં મંડળોમાં વાણીથી પવિત્ર વાતો જ કરે છે,અને મનમાં કોઇ દીનતા રાખતો નથી.
બુધ્ધિના ધૈર્યને લીધે આનંદવાળો જ રહે છે,ચિત્તમાં કોમળ રહે છે,પવિત્ર રહે છે,મધુર રહે છે,વિચક્ષણ રહે છે,
અને સર્વદા સ્વ-રૂપના અનુસંધાનથી પૂર્ણ રહે છે.
ખેદને તથા દારિદ્ર દેખાવને દૂર રાખે છે,અને સર્વની સાથે સ્નેહી બાંધવની જેમ વર્તે છે.

જેના આકાર ઉપરથી જ પ્રૌઢ-પણું જણાઇ આવે છે તેવો જીવનમુક્ત પુરુષ સમતા-વાળો રહે છે.
શાંતિ-રૂપી સુખના સમુદ્ર જેવો રહે છે,સર્વના પર સ્નેહ રાખે છે,અને પોતાના સંગથી સર્વના તાપો મટાડે છે.
જીવનમુક્ત પુરુષને પુણ્યો જોઇતા નથી,ભોગો ભોગવવા નથી,કર્મો કરવા નથી,
તેને પાપ લગતા નથી,કે ભોગોના ત્યાગની જરૂર પણ તેને રહેતી નથી.
આ લોક કે પરલોક સંબધી ફળોની સાથે કે બંધનોની સાથે તેને કોઇ સંબંધ નથી.
તેને મોક્ષની કે સ્વર્ગની ઇચ્છા નથી કે પાતાળમાં તે પડતો નથી.

"જે કંઇ જોવામાં આવે છે તે સઘળું જગત,જેમ છે તેમ-બ્રહ્મ-રૂપ જ છે" એમ જાણવામાં આવે ત્યારે,
તે પછી સંસારનાં સુખોમાં કે સંસાર સંબંધી દુઃખોનું નિવારણ કરવામાં ક્યાંય પણ મનનું કંગાળ-પણું રહેવું
સંભવે જ નહિ.જેના સંદેહો -જ્ઞાનથી દુર થયા છે,તેના ચિત્તનો નાશ જ થયેલો કહેવાય છે.
આમ,જેનું મન ભ્રાંતિ-રહિત થઇને બ્રહ્માકારપણાથી રહ્યું હોય તે પુરુષ સુખ-દુઃખ-આદિ સર્વ દેખા
માં નિર્લેપ રહેવાના લીધે,આકાશની પેઠે અસ્ત પામતો નથી-કે ઉદય પામતો નથી.

જેમ પારણામાં રહેલું બાળક કોઇ પણ પ્રકારના પ્રયોજન વગર હાથ-પગ હલાવે છે,
તેમ, જીવન્મુક્તના અવયવો કોઇ પણ પ્રકારના પ્રયોજન વિના જ ચેષ્ટાઓ કરે છે.
બ્રહ્માનંદથી,મદિરાના મદથી મત્ત થયેલાની પેઠે ઘૂમતો અને જેને પુનર્જન્મનો ફેરો બાકી રહેલો હોતો નથી,
એવો જીવનમુક્ત,કોઇ ક્રિયાઓનાં ફળોને લેવા યોગ્ય નહિ સમજતો હોવાને લીધે,
"મેં શું કર્યું? અને શું નથી કર્યું?" એવી રીતનું સ્મરણ રાખવાની જરૂરત જોતો નથી.

જીવનમુક્ત કાર્ય સફળ થવાથી હર્ષ પમાતો નથી કે કાર્ય બગડી જવાથી ખેદ પામતો નથી.
દુઃખની દશાની ઉપેક્ષા નહિ કરવા છતાં,પણ,કોઇ પણ સુખની આશા રાખતો નથી
ગમે તેવાં આશ્ચર્યો જોવામાં આવે તો પણ-"આ સઘળી ચૈતન્ય શક્તિઓ જ સ્ફુરે છે"
એમ પાકી સમજણ હોવાને લીધે,જીવનમુક્તને કોઇ પણ આશ્ચર્યમાં કૌતુક ઉત્પન્ન થતું નથી.

જીવનમુક્ત દયાથી થતી દીનતાનું ગ્રહણ કરતો નથી,ક્રૂરતાને અનુસરતો નથી,કુળ-પરંપરાને લીધે ભિક્ષા માગવાનું
આવી બને છતાં લાજતો નથી અને નીચાં કાર્યો કરવામાં નિર્લજ્જ પણ થતો નથી.
તે કદી કંગાળ થઇ જતો નથી,કદી પણ ઉદ્ધત થઇ જતો નથી,કદી પણ ગાફેલ થતો નથી,કે
કદી પણ ભય,હર્ષ કે શોક કે કોપને પામતો નથી.
જેમાં પ્રાણીઓ નિરંતર જન્મ્યા અને મર્યા કરે છે-એવી જગતની આ સ્થિતિમાં સુખી-પણું કે દુઃખી પણું
શું હોય? અને કેમ હોય? સુખ કે દુઃખી પણું કદી સંભવતું જ નથી.

જેમ રાત્રિમાં દરેક ઘડીએ જુદાંજુદાં સ્વપ્નોના દેખાવો ઉત્પન્ન થયા કરે છે,અને નષ્ટ થયા કરે છે,
તેમ આત્મામાં પ્રત્યેક ક્ષણે આ જગતોના દેખાવો ઉત્પન્ન અને નષ્ટ થયા કરે છે.
નિરંતર ઉત્પન્ન થતા અને નષ્ટ પામતા આ તુચ્છ સંસારમાં સુખ-કે સુખ નો પ્રસંગ જ કેમ સંભવે?

જો શુભ કર્મો હોય,અને શુભ કર્મોનાં ફળરૂપ-ધન-પ્રાપ્તિ આદિ સુખો હોય,તો-
તેનાથી વિરુદ્ધ-દુષ્ટ કર્મો અને દુષ્ટ કર્મોના ફળ-રૂપ ધન-નાશ આદિ દુઃખ પણ સંસારમાં હોવાં સંભવે,
પણ જીવનમુક્તની દૃષ્ટિમાં તો શુભ કર્મો કે દુષ્ટ કર્મો નથી-તો -તેને સુખ-દુઃખ કેમ સંભવે?

સુખ નામનો પદાર્થ હોય તો દુઃખ નામનો પદાર્થ હોવો સંભવે -અન્યથા નહિ.
જીવનમુક્તની દ્રષ્ટિમાં શુભ કે અશુભ કર્મો મુદ્દલે હોતાં જ નથી,
એ કર્મો નહિ હોવાને લીધે,સુખ કે દુઃખ હોતાં નથી.
અને સુખ-દુઃખ નહિ હોવાને લીધે,ગ્રહણ કરવા યોગ્ય કે ત્યાગ કરવા યોગ્ય પદાર્થો પણ હોતા જ નથી.

અને એ પદાર્થો જ જો ના હોય તો પછી તે પદાર્થોનું સારા-નરસા-પણું જ ક્યાંથી સંભવે?

"આ સારું છે અને આ નરસું છે" એવી ભેદ-બુદ્ધિનો નાશ થતાં,ભોગોની સ્પૃહા નષ્ટ થઇ જઈને નિસ્પૃહ-પણું પ્રાપ્ત થાય છે,અને નિસ્પૃહપણું સારી રીતે પ્રાપ્ત થાય ત્યારે,મન,પોતાના મૂળ-ભૂત અજ્ઞાન સહિત પીગળી જાય છે,
અને એવી રીતે મન પીગળી જાય તો પછી સંકલ્પ રહેવાની તો વાત જ શી કરવી?
તલના દાણા બિલકુલ બળી જાય પછી તેલની વાત ક્યાંથી હોય?

"મારાથી બીજું કંઈ છે જ નહિ" એવી દૃઢ ભાવનાને લીધે,સંકલ્પ-વિકલ્પો નો નાશ થતાં,સઘળા પદાર્થો-જીવનમુક્ત ના આત્મા-રૂપ જ થઇ જાય છે,એટલે પછી જુદું "કારણ" જ નહિ રહેવાથી ,
અખંડ વ્યાપક થયેલો જીવનમુક્ત પુરુષ સર્વદા તૃપ્ત રહીને તથા પોતાના સ્વ-રૂપ-ભૂત નિરતિશય આનંદમાં ભરપૂર રહીને,જગતમાં તથા સ્વપ્નમાં ચિત્તને ભાસતા સર્વ પદાર્થો જોયા કરે છે,
સુષુપ્તિમાં સૂઈ જાય છે,અને શરીરના પ્રારબ્ધનો ક્ષય થતાં સુધી જીવે છે.

## (૭૮) ચિત્તના ભ્રમણ થી જગત અને ચિત્ત-નિરોધક યોગ

વસિષ્ઠ કહે છે કે-હે રામ,જેમ રાતના અંધારામાં,બળતા ઉંબાડીયાનું ભ્રમણ થતાં,મિથ્યા પણ સાચા જેવું લાગતું, અગ્નિનું ચક્ર જોવામાં આવે છે,તેમ, ચિત્તનું ભ્રમણ થતાં,જગત મિથ્યા હોવા છતાં સાચા જેવું જોવામાં આવે છે.
જેમ જળનું ભ્રમણ થતાં,જાણે જળથી જુદી હોય તેવી ગોળ ચકરી થયેલી જોવામાં આવે છે,
તેમ,ચિત્તનું ભ્રમણ થતાં,જગત જાણે ચિત્તથી જુદું હોય તેવું જોવામાં આવે છે.

રામ કહે છે કે-હે મહારાજ,ચિત્ત કયા પ્રકારથી ભમે છે?
અને કયા પ્રકારથી તેનું ભ્રમણ અટકી જાય તે મને કહો,કે જેથી હું તેની જ ચિકિત્સા કરું.

વસિષ્ઠ કહે છે કે-હે રામ,જેમ તલ અને તેલ પરસ્પરથી ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે,
તેમ,ચિત્ત અને ચિત્તનું ભ્રમણ -એ પરસ્પર થી ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે.
એ ભેદ અને અભેદ -બંનેમાં અભેદ હોવો-તે જ -સત્ય- છે.કેમ કે ભેદ તો કેવળ કલ્પિત હોવાને લીધે મિથ્યા છે.
ચિત્ત અને ચિત્તનું ભ્રમણ-એમાંથી એક નો નાશ થાય તો-
અધિષ્ઠાન-રૂપે રહીને-પોતાના રૂપ થી બંને નષ્ટ થઇ જાય-એમાં સંશય નથી.
<u>હે રામ,ચિત્તને નાશ કરવાના બે ઉપાય છે-એક તો "યોગ" અને બીજો "જ્ઞાન"</u>
<u>ચિત્તની વૃત્તિઓ ને રોકવી એ "યોગ" અને અત્યંત સૂક્ષ્મ રીતે તેનું અવલોકન કરવું તે "જ્ઞાન"</u>

રામ કહે છે કે-પ્રાણ અને અપાન નો નિરોધ કરવા-રૂપી "યોગ" નામની યુક્તિથી -
"મન" (ચિત્ત) કઇ રીતે અનંત સુખ આપનાર થાય છે તે મને કહો.

વસિષ્ઠ કહે છે કે-જેમ,કૂવા-આદિ નાં છિદ્રોમાં જળ -દરેક ઠેકાણેથી ફૂટે છે-
તેમ,જે "વાયુ" આ દેહમાં નાડીઓની અંદર વ્યાપ્ત થઈને સ્ફુરે છે-તે "પ્રાણ" કહેવાય છે.
(નોંધ-અહી વાયુ ને પ્રાણ કહેવામાં આવ્યો છે!!)
તે વાયુ-"ગતિ" ને લીધે,શરીરની અંદર વિચિત્ર પ્રકારની ક્રિયાઓને પ્રાપ્ત થતાં-
એ "પ્રાણ" નાં જ "અપાન" (સમાન-ઉદાન-વ્યાન) નામ વિદ્વાનો એ "કલ્પેલાં" છે.
(નોંધ-શરીરમાં કુલ-પાંચ જાતના વાયુઓ છે -પ્રાણ-અપાન-સમાન-ઉદાન-વ્યાન-કે જેમાં પ્રાણ મુખ્ય છે.
અપાન-આદિ વાયુઓ પ્રાણના જ "ભેદ" છે,અને તે પ્રાણથી જુદા નથી.)

જેમ,સુગંધ નો આધાર પુષ્પ છે-તેમ,<u>ચિત્ત નો "આધાર" પ્રાણ છે</u>.એ "પ્રાણ" ચિત્તથી અભિન્ન જેવો જ છે.
શરીરની અંદર <u>પ્રાણની "ગતિ"થી, ચિત્તનો જે ભાગ સંકલ્પો કરવામાં તૈયાર થાય છે-તેને "ચિત્ત" સમજો.</u>
<u>પ્રાણ ની ગતિથી તે ચૈતન્ય ની ગતિ થાય છે.</u>(નોંધ-અહી ચૈતન્ય ની ગતિ કલ્પવામાં આવેલી છે?!!)
<u>અને ચૈતન્ય ની ગતિથી -ચિત્તના  વિષયોના દેખાવો થાય છે.</u>
આમ <u>ચિત્તની ગતિ પ્રાણની ગતિને આધીન છે</u>-એમ વેદનું રહસ્ય જાણનારા વિદ્વાનો કહે છે.
એટલે -જો પ્રાણની ગતિને રોકવામાં (કે-શાંત કરવામાં)આવે તો-ચિત્તની ગતિ શાંત થઇ જાય છે.અને-
ચિત્તની ગતિ શાંત થવાથી "સંસાર" શાંત થઇ જાય છે.(સંસાર જતો રહે છે)

રામ કહે છે કે-પ્રાણ-આદિ વાયુઓ જે નિરંતર શરીરમાં ફર્યા કરે છે-મુખ,નાક-વગેરે છિદ્રોમાં અને
બહારના "આકાશ" માં પણ જાય છે-તો-તેની ગતિ કેવી રીતે રોકવામાં આવે છે?

વસિષ્ઠ કહે છે કે-
(૧) સંસારની વૃત્તિઓમાં (કે જે સંસારની વૃત્તિઓ નો મનુષ્યને લાંબા કાળથી અભ્યાસ છે)
શાસ્ત્ર અને મહાત્માઓના સંગથી,વૈરાગ્ય અને અભ્યાસથી-સંસાર પરની "આસક્તિ" દૂર કર્યા પછી,
જે પદાર્થ મનને અનુકૂળ લાગે-તે પદાર્થમાં મનને લાંબા કાળ સુધી (અભ્યાસથી) લગાવી દેતાં,
તે એક ના એક અભ્યાસને લીધે,જયારે મન "એકાગ્ર" થાય છે-ત્યારે પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે.

(૨) પૂરક-કુંભક-રેચક -એ ક્રમથી પ્રાણાયામ કરવાનો દૃઢ અભ્યાસ કરી-તે પ્રાણાયામ "સહજ" થઇ જાય
તેવી સ્થિતિમાં આવે-ત્યારે-તેની સાથે-ઉપર કહ્યા પ્રમાણે (મન ને અનુકુળ) ગમે તે પદાર્થના "ધ્યાન"થી,
મન ની એકાગ્રતાનો ઉપયોગ કરવાથી-પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે.
(નોંધ-અહી શ્વાસને રોકવાથી પ્રાણની ગતિ રોકાઈ જાય છે-તેમ કહ્યું નથી-તે અત્યંત નોંધનીય છે)

(૩) ૐકાર ના ઉચ્ચારણ ને અંતે-ચોથી અર્ધ-માત્રા (બિંદુ??!!) નો અનુભવ થાય છે.
તે અર્ધ માત્રા ની ખૂબ જ "ભાવના" કરવાથી-બહારના સઘળા પદાર્થો નો ઉપરામ (શાંત) થાય છે,
ત્યારે પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે.

(૪) "રેચક" ના અભ્યાસને લીધે-પ્રાણવાયુ-બહારના આકાશમાં આવીને-નાસિકાના છિદ્રોનો-સ્પર્શ ના કરે-
(એટલે કે સ્થિર થઇ જાય) ત્યારે -પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે.
"પૂરક" ના અભ્યાસથી-પ્રાણવાયુ શરીરની અંદર-પૂરાઈને-પર્વત જેવો ઘાટો થવાથી-સ્થિર થઇ જાય-
ત્યારે તે-પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે.
"કુંભક" ના અભ્યાસથી-પ્રાણ ને થંભાવી રાખવામાં આવે(કે થંભી જાય!!) ત્યારે પ્રાણની ગતિ થંભી જાય છે.
(નોંધ-અહી રેચક-પૂરક-કુંભક-એ ત્રણેમાં "અભ્યાસથી" શબ્દ બહુ મહત્વનો છે !!)

(૫) તાળવાના મૂળમાં રહેલ કાકડા ને (ગળાના છિદ્રમાં રહેલ આંચળ જેવો લટકતો ભાગ ને) બેવડો વાળીને,તેને
જીભના મદદથી -મસ્તક તરફ જતા છિદ્રમાં દબાવી રાખીને-પ્રાણ ને બ્રહ્મરંઘ્રમાં પેસાડીને-થોભાવી રાખવાથી -
પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે (નોંધ-અનુભવી જોડેથી  શીખ્યા વિના -માત્ર વાંચીને આ કરવું હિતાવહ નથી
લાગતું!!)

(૬) નિર્વિકલ્પ સમાધિને લીધે,કલ્પનાઓથી રહિત થયેલા-સૂક્ષ્મ હૃદયાકાશમાં-બહારનાં તથા અંદરનાં -
સઘળાં "જ્ઞાનો" લીન થઇ જાય છે-ત્યારે પ્રાણ ની ગતિ (આપોઆપ!!) રોકાઈ જાય છે.
(૭) દૃષ્ટિ થી માંડીને-બાર આંગળ સુધીના-નીચેના-આકાશમાં-ચક્ષુ અને મન ને રોકી દેવામાં આવે-
ત્યારે પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે.

(૮) "અભ્યાસ" ને લીધે-પ્રાણ-કપાળના (અંદરના) છિદ્રમાં પ્રવેશ કરી,બ્રહ્મરંધ્ર નામના સ્થાનમાં જઇને
ગલિત જેવો થઇ જાય છે-ત્યારે પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે.(અભ્યાસ -શબ્દ-અહી નોંધનીય છે)
(૯) લાંબા કાળના નિરોધને લીધે (નિરોધ ના અભ્યાસ ને લીધે)ચક્ષુ નો ઉપરામ થતાં,અને પ્રાણ બ્રહ્મરંધ્રમાં
આવતાં,"ભ્રકૃટી"ની વચ્ચેના સ્થાન ની અંદર -ચૈતન્યરૂપ પરમેશ્વર-પોતાના આત્મા-પણે જાણવામાં આવે-
ત્યારે પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે (ખેચરી મુદ્રા ??!!)

(૧૦) ગુરુ કે ઈશ્વરના અનુગ્રહથી,કાક-તાલીય-ન્યાય-પ્રમાણે તરત જ "જ્ઞાન" ઉત્પન્ન થતાં-તરત જ-
ચિત્તના વિકલ્પો શાંત થઇ જાય છે-ત્યારે પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે.
(૧૧) મન ને વાસનાઓથી રહિત કરી હૃદયાકાશમાં (આત્મા-સ્વ-રૂપમાં) લાંબા કાળ સુધી પેસાડી રાખતાં-
આત્મા નો સાક્ષાત્કાર થાય છે-ત્યારે પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે.

રામ કહે છે કે-હે મહારાજ,જગતમાં પ્રાણીઓનું હૃદય તે શું કહેવાય છે?
કે જે હૃદય-રૂપી મોટા અરીસામાં આ સઘળું જગત પ્રતિબિંબની જેમ સ્ફુરે છે.

વસિષ્ઠ કહે છે કે-હે રામ,જગતમાં એક સ્વીકારવા યોગ્ય અને બીજું ત્યાગ કરવા યોગ્ય-
એમ પ્રાણીઓનું હૃદય બે પ્રકારનું કહેવાય છે-તેનું વિવેચન હું કહું છું તે તમે સાંભળો.
સાત વેંતથી મપાઈ શકે-એવું છાતીના મધ્ય ભાગમાં જે હૃદય છે તે ત્યાગ કરવા યોગ્ય હૃદય છે.એમ સમજો.
કારણકે તે હૃદય તે દેહના એક પ્રદેશમાં જ રહેલું છે.
જે અખંડ (આત્મ) અનુભવ છે તે-સ્વીકારવા યોગ્ય હૃદય છે-એમ સમજો.

આ હૃદય દેહથી બહાર પણ છે અને દેહની અંદર પણ છે અને બીજી રીતે જોવામાં આવે તો-
દેહાદિ-તો નહિ હોવાને લીધે-એ હૃદય બહાર પણ નથી અને અંદર પણ નથી.(આકાશ-કે આત્મ-રૂપ છે)
આ હૃદય જ મુખ્ય છે અને તેમાં જ આ સઘળું જગત રહેલું છે.
એ હૃદય-રૂપી મોટા અરીસામાં સઘળા પદાર્થો પ્રતિબિંબોની જેમ સ્ફુરે છે.
અને તે જ હૃદય સઘળા અનાત્મ-પદાર્થોના ભંડાર-રૂપ છે.

સર્વ પ્રાણીઓનો જે અખંડ જ્ઞાન-રૂપ આત્મા છે-તે જ સાચું હૃદય છે.
દેહના અવયવોમાં ના એક અવયવ-રૂપ હૃદય કે જે જડ છે અને તે સાચું હૃદય નથી.
ચિત્તને સઘળી વાસના વગરનું કરી એ અખંડ અનુભવ-રૂપ-શુધ્ધ-હૃદય (આત્મા)માં બળાત્કાર થી જોડતાં,
આત્મા નો સાક્ષાત્કાર થાય ત્યારે-પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે (અને ચિત્તની ગતિ જતી રહે છે)

હે રામ,અનેક સંકલ્પોથી કલ્પાયેલા,અને અનેક આચાર્યોએ કહેલા "સમાધિઓના ક્રમ" થી,પણ,
પ્રાણ ની ગતિ રોકાઈ જાય છે.
મુમુક્ષુ-પુરુષને અભ્યાસને લીધે-આ સમાધિઓની યુક્તિઓના અભ્યાસને લીધે-
રોગો-વગેરે-કંઈ અડચણ નહિ કરતાં,સંસારને તોડવાના કામમાં ઉપાય-રૂપ થાય છે.
અભ્યાસને લીધે દૃઢ થયેલો-અને-વૈરાગ્ય-રૂપી ચિહ્નો-વાળો આ પ્રાણાયામ (યોગ)
મોક્ષની ઈચ્છાવાળાઓને મોક્ષની પ્રાપ્તિમાં
અને સિધ્ધિઓ ઇચ્છવાવાળાઓને સિધ્ધિઓની પ્રાપ્તિમાં ઉપાય-રૂપ થવાથી-સફળ થાય છે.

જેમ,પર્વતમાં થી નીકળેલા પાણી નો ઝરો-દૂર જઇને લીન થાય છે-તેમ -પ્રાણ-એ અભ્યાસને લીધે-
ભ્રકૃટીઓના મધ્યમાં-નાસિકામાં અને તાળવામાં થી થઇને - બ્રહ્મરંધ્રમાં જઇને શાંત થાય છે.
લાંબા કાળ સુધી-વારંવાર કરેલા અભ્યાસને લીધે-જીભની અણી-તાળવામાં કાકડાને દબાવી રાખે છે-
અને તેથી પ્રાણ સારી રીતે બ્રહ્મરંધ્રમાં રહે છે.

આ સમાધિઓના -સારી રીતના અભ્યાસથી-જુદીજુદી સિદ્ધિઓ-રૂપ-જુદાંજુદાં ફળ મળે છે.પણ,
નિષ્કામ પુરુષને તો તે તરત જ "શાંતિ-રૂપ" એક જ ફળ આપે છે.કે જે ફળ સિદ્ધિઓથી ઉત્તમ છે.
પુરુષ બીજા કોઈ પ્રકારથી નહિ પણ અભ્યાસથી જ -તે-આત્મારામ-શોક વિનાનો અને
અંદર ભરપૂર સુખ-વાળો થાય છે,માટે અભ્યાસ રાખો.

અભ્યાસને લીધે પ્રાણોની ગતિ બંધ પડતાં મન શાંત થઇ જાય છે.અને મુક્તિ જ અવશેષ રહે છે.
વાસનાઓથી વીંટળાયેલું મન-જન્મ-મરણો આપે છે.અને વાસના-રહિત થયેલું મન મોક્ષ આપે છે.
માટે હવે હે રામ, તમારી જેમ ઈચ્છા હોય તેમ કરો.

પ્રાણની ગતિ થી મનની ગતિ થાય છે અને મનની ગતિથી સંસાર-રૂપી ભ્રમ થાય છે.
માટે પ્રાણની ગતિ રોકાઇને મનની ગતિ બંધ થઇ જાય તો-જ-સંસાર-રૂપી-જવર નાશ પામી જાય છે.
ભેદની ભાવનાનો નાશ થઇ જાય તો પ્રાણીને એ જ પદ અવશેષ રહે છે-કે જેને -ના પહોંચી શકીને -
વાણી તથા સઘળી કલ્પનાઓ પાછી વળે છે.

હે રામ, સઘળું જગત એ પદમાં રહ્યું છે-એથી જ ઉત્પન્ન થાય છે-એ રૂપ જ છે-અને- એ થી જ વીંટાએલું છે.
બીજા પ્રકારથી જોતાં -એ પદમાં જગત મુદ્દલે છે જ નહિ,એથી ઉત્પન્ન થયું પણ નથી-એ રૂપ પણ નથી-અને
એના જેવું પણ નથી.જગતના સર્વ પદાર્થો વિનાશી છે,ભેદ-વાળા છે,અને સગુણ છે-એટલા માટે એ પદાર્થોમાંનો
કોઈ પણ પદાર્થ-એ પદના દ્રષ્ટાંત-રૂપ નથી.

તે પદનું અવલંબન કરીને જે મહાત્મા પુરુષ સ્થિર-પણાથી રહે-તે જીવન મુક્ત કહેવાય છે.
જીવનમુક્ત થયેલા પુરુષને સઘળી કામ-ભોગની ઉત્કંઠા ટળી ગયેલી હોય છે,અને-
કોઈ પણ વ્યવહારોમાં હર્ષ-શોક ઉત્પન્ન થતા નથી.

**<u>(૭૯) યથાર્થ જ્ઞાન-નામનો ચિત્ત નાશનો બીજો ઉપાય</u>**

રામ કહે છે કે-હે મહારાજ,આપે ચિત્તનો નાશ કરવાના બે ઉપાયોમાં -એક "યોગ" નામનો ઉપાય કહ્યો-
હવે મારા પર અનુગ્રહ કરીને "યથાર્થ જ્ઞાન" નામનો બીજો ઉપાય મને કહો.

વસિષ્ઠ કહે છે કે-"આદિ વિનાના-અંત વિનાના-પ્રકાશ-રૂપ જે પરમાત્મા છે-તે જ આ જગત છે"
એવી રીતનો અસાધારણ અને એક-સરખો નિશ્ચય કરવો-તે "યથાર્થ જ્ઞાન" કહેવાય છે.
અથવા-"આ જે ઘટ-પટ-વગેરે-જે સેંકડો પદાર્થો ની પંક્તિઓ છે-તે આત્મા જ છે-બીજું કંઈ છે જ નહિ"
એવી રીતનો જે અસાધારણ નિશ્ચય કરવો તે જ "યથાર્થ જ્ઞાન" કહેવાય છે.

મિથ્યા જ્ઞાનથી જન્મ-મરણ થાય છે અને યથાર્થ જ્ઞાનથી મોક્ષ થાય છે.
આત્મા,મિથ્યા જ્ઞાનથી જગત-રૂપે દેખાય છે અને યથાર્થ જ્ઞાનથી-જગત-રૂપ ટળીને પાછો અસલ આત્મા જ
દેખાય છે.મુક્તિમાં સંકલ્પ-રૂપ અંશથી રહિત,વિષયોથી રહિત,અને સ્વયં-પ્રકાશથી દીપતો-કેવળ અખંડ
અનુભવ જ રહે છે -બીજું કંઈ રહેતું નથી,એ "તત્વ" વિષયો-રૂપી-દ્વૈતથી રહિત સમજવામાં આવે-તો તે પરમાત્મા
જ છે,અને તેમાં જો દ્વૈત-રૂપી અશુદ્ધિ જોવામાં આવે તો-તે અશુદ્ધિને પંડિતો "અવિદ્યા" કહે છે.

જે અખંડ અનુભવ છે -તે જ જગત છે,અખંડ અનુભવમાં અને જગતમાં બે-પણા (દ્વૈત) ની કલ્પના કરવી જ નહિ.
આત્મા પોતે -પોતાને જ-પોતાના સંકલ્પથી જગત-રૂપ બનાવી લે છે-માટે આત્મા સિવાય બીજું કંઈ છે જ નહિ.
જે આત્મા છે -તે જ આ જગત છે-એવો નિશ્ચય કરીને પૂર્ણતા સમજવી-એ જ ત્રૈલોક્યમાં "યથાર્થ જ્ઞાન" છે.
જે કંઈ સઘળું છે-તે આત્મા જ છે-એમ નિશ્ચિત સમજવામાં આવ્યું-

તો પછી-પ્રિય-અપ્રિય,બંધ-મોક્ષની કલ્પનાઓ ક્યાંથી રહે?

હે રામ, આત્મા વિના બીજું શું છે? કે જેને માટે મૂઢ લોકો શોક કરે છે?
જગત પણ નથી અને ચિત્ત પણ નથી,"જગત અને ચિત્ત-રૂપે બ્રહ્મ જ દેખાય છે,સઘળું એક જ છે અને બ્રહ્મ જ છે"
એમ સમજવામાં આવે તો પછી-બંધ પણ ક્યાંથી અને કોક્ષ પણ ક્યાંથી? (કશું નથી)
બ્રહ્મ જ અજ્ઞાનથી જગત-રૂપ દેખાય છે.જો જ્ઞાન પ્રાપ્ત થાય તો જગત-રૂપી-દ્વૈત અસ્ત પામી જાય છે.
માટે તમે યથાર્થ જ્ઞાન મેળવી-દ્વૈતનો તિરસ્કાર કરીને-પોતાથી જ બ્રહ્મ-રૂપ થાઓ.

જગતના દેખાતા જુદાજુદા પદાર્થો જુદા છે જ નહિ.જગતના આદિમાં ને અંતમાં જે અવિનાશી શાંત-સ્વ-રૂપ
અવશેષ રહે છે-તે જ સત્ય વસ્તુ છે.અને તે આત્માનું સ્વરૂપ છે.
માટે યથાર્થ જ્ઞાન મેળવીને તમે આત્મ-સ્વ-રૂપ થાઓ.
આ સઘળું સ્થાવર-જંગમ -જગત એ "આત્મા" જ છે-તો પછી તેમાં સુખ-દુઃખ નો પ્રાદુર્ભાવ જ ક્યાં રહ્યો?
સુખ-દુઃખ કંઈ છે જ નહિ-માટે તમે સંતાપોથી રહિત થાઓ.

શુધ્ધ આત્માનું આલિંગન કરીને જે પુરુષ,સર્વદા અંતર્મુખ દૃષ્ટિથી રહેતો હોય,તે તત્વવેત્તા પુરુષને -
કયા ભોગો બાંધી લેવાને સમર્થ થાય? જેમ,મંદ પવન,પર્વતને જરા પણ ભેદી શકતા નથી-
તેમ, કામ આદિ શત્રુઓ -આત્માનો સંપૂર્ણ વિચાર કરનારાઓના મનને ભેદી શકતા નથી.
વિચાર વિનાના ને આશાઓમાં તત્પર રહેનારા મૂઢ અજ્ઞાની પુરુષોને દુઃખ ગળી જાય છે.

હે રામ,સઘળું જગત આત્મા છે અને દ્વૈત ક્યાંય છે જ નહિ-એવો દૃઢ નિશ્ચય રાખીને-આત્મા-રૂપે સ્થિર થાઓ.
"દ્વૈત છે જ નહિ" એવી રીતે સંપૂર્ણ અવલોકન કરીને-તેવા અસાધારણ નિશ્ચયને સ્થિર રાખનારો-પુરુષ મુક્ત
કહેવાય છે-કારણકે-આ પ્રકારના યથાર્થ અવલોકનથી આત્મા વિના બીજું કંઇ પણ ના રહેવાથી-ચિત્તનો સંપૂર્ણ
નાશ થઇ જાય છે.

## (૮૦) ભોગોમાં સ્પૃહા ન થાય-તેવા પ્રકારનું વર્ણન

વસિષ્ઠ કહે છે કે-હે રામ, મનની અંદર સર્વદા એક જ વિચારનું અનુસંધાન રાખનારા વિવેકી પુરુષને,
પોતાની આગળ રહેલા ભોગોમાં કદી ઈચ્છા થતી જ નથી.
જેમ,બળદ ભાર ઉપાડે છે-તો તે ભાર ઉપાડવાનું દુઃખ બળદને જ થાય,
તેમ છતાં-મનુષ્ય તે ભાર ઉપાડવાના દુઃખને પોતાનું માની લે-
તેમ, આંખ,સારાં-નરસાં રૂપોને જુએ અને તેમ કરવાથી થતાં સુખ-દુઃખો આંખોને જ થાય છે-
તેમ છતાં-જીવ (મનુષ્ય) કે જે તે સુખ-દુખોને પોતાનાં માની લે છે-તે કેવળ મૂર્ખતા જ છે.

નેત્રો-જો રૂપમાં દુઃખી થાય તો-તેમાં જીવને શી હાનિ છે? (કોઈ હાનિ નથી)
સેના ની અંદર રહેલો,ધોબીનો ગધેડો,કાદવમાં ખૂંપી જાય-તો તેમાં સેનાપતિ નું શું જાય?

હે અધમ નેત્ર,તું આ રૂપ-રૂપી કાદવમાં લંપટ થા નહિ,આ સ્ત્રી-પુત્રાદિનું સુંદર રૂપ ક્ષણ-વારમાં નષ્ટ થઇ જાય છે,
અને તને દુઃખી કરે છે.શુધ્ધ ચૈતન્ય  કે જે,સઘળા અનાત્મ-પદાર્થોને પ્રકાશ કરવા છતાં,અને સઘળા અનાત્મ
પદાર્થોમાં વ્યાપક હોવા છતાં અસંગ રહે છે.તે અસંગ-પણાનો જ સૂક્ષ્મ જોનારાએ અભ્યાસ કરવો જોઈએ.

હે નેત્ર,આત્મા સર્વ રીતે સર્વ પદાર્થોનો પ્રકાશ કરવામાં સમર્થ હોવા છતાં,પણ કોઈ પદાર્થ માટે સંતાપ પામતો
નથી,અને તું જો દીવાનું અજવાળું હોય તો-કેવળ રૂપનો જ પ્રકાશ કરી શકે છે -તે છતાં કેવળ રૂપને માટે,
આટલો બધો પરિતાપ શા માટે ધારે છે? તું પણ સાક્ષીની પેઠે જ રૂપને જોયા કર.

હે ચિત્ત,આ વિચિત્ર દેખાવો વાળી સૃષ્ટિ,નદીમાં થતા અનેક પ્રકારના ફેરફારો (મોજાં-વમળ વગેરે) જેવી
અવ્યવસ્થિત છે,મિથ્યાભુત છે,સારી-નરસી અનેક જાતિઓની ખટપટ વાળી છે-અને કેવળ આંખોને જ સ્ફુરે છે,
તે છતાં તારે તેની સાથે શું લગતું-વળગતું છે? કે જેને લીધે-તું એમાં લંપટ થાય છે? ને પરિતાપ ભોગવે છે?
જો,ગતિ પામ્યા કરતા,આ ચિત્તમાં,સૃષ્ટિ પોતાની મેળે જ જો સ્ફૂરતી હોય તો ભલે સ્ફુરે,પણ,
હે,અહંકાર,તું શા માટે ઉઠયો છે?

હે ચિત્ત,સૂર્ય-આદિનું અજવાળું અને પદાર્થોનું રૂપ-કે જેઓ સર્વદા જડ છે,અને જડ હોવા છતાં સદા સ્ફૂર્યા કરે છે,
તથા,પરસ્પરમાં રહે છે,તેમની સાથે તારે કોઈ સંબંધ નથી,તે છતાં,પણ તેઓને માટે તું શા માટે વ્યાકુળ થાય છે?
એ કેવળ તારી મૂર્ખતા જ છે.
ચક્ષુ થી થતો પદાર્થો નો દેખાવ બહાર થાય છે અને તારાથી થતા-સંકલ્પ-આદિ-અંદર થાય છે-
માટે તું અને પદાર્થો ભિન્ન ભિન્ન પ્રદેશમાં (અંદર અને બહાર) રહેવાને લીધે,
તારે અને પદાર્થોને કોઈ સંબંધ નથી-એ વાત સ્પષ્ટ જ છે.

જેમ,મોઢું અને દર્પણ એ પરસ્પર ના સંગ વિનાનાં હોવા છતાં,પણ ભ્રાંતિને લીધે એક જેવાં જણાય છે,
તેમ, પદાર્થો ના દેખાવો (ચિત્ત ના બહારના) અને સંકલ્પ-આદિ (ચિત્તની અંદરના) પરસ્પરના સંગ વિનાના
હોવા છતાં,પણ ભ્રાન્તિને લીધે,સર્વદા ગાઢસંબંધ-વાળા જણાય છે-અને તેનું મૂળ અજ્ઞાન જ છે.
જ્ઞાન થી અજ્ઞાન ગલિત થઇ જાય,તો એ પરસ્પરથી છૂટાં પડી,દુર થઈને અધિષ્ઠાન-રૂપે જ રહે છે.
મનની કલ્પનાથી,પદાર્થોના દેખાવા અને સંકલ્પ-આદિ પરસ્પરની સાથે અત્યંત જોડાઈ ગયા છે.
અને તેથી-તે બંધન આપનાર થાય છે-કે જે અભ્યાસ અને વિચાર-રૂપી યત્ન થી કપાઈ જાય છે.

ઉત્તમ અધિકારીનો આ તંતુ (મન નો મનન-રૂપી તંતુ) તો સહસા જ્ઞાન ઉત્પન્ન થતાં જ કપાઈ જાય છે,
એટલે અજ્ઞાનની ભાવનાને છોડવા તેને વધારે પ્રયત્ન કરવાની જરૂર રહેતી નથી.
અજ્ઞાનના ક્ષય ને લીધે,મન ક્ષય પામી જતાં,એ પદાર્થોના દેખાવો અને મનના સંકલ્પ-આદિ,
ફરીથી,કદી પણ પરસ્પરની સાથે,જોડાતા નથી.

ચિત્ત જ સઘળી,ઇન્દ્રિયોને જગાડનાર છે,એટલે માટે-જેમ, ઘરમાંથી પિશાચને કાઢી મુકવો જોઇએ-
તેમ,શરીરમાંથી તે ચિત્તને જ કાઢી મુકવું જોઇએ.
હે ચિત્ત,તું મિથ્યા જ મસ્તી કર્યા કરે છે,પણ હવે,તારા બાધ નો ઉપાય મારા જાણવામાં આવ્યો છે,
તું આદિમાં ને અંતમાં અત્યંત તુચ્છ (અસત) છે,માટે વર્તમાનમાં પણ અત્યંત તુચ્છ જ છે.
હે ચિત્ત,તું ઇન્દ્રિયોએ પ્રાપ્ત કરેલા શબ્દ-સ્પર્શ-વગેરે પાંચ વિષયો ધારણ કરીને મારી અંદર વિના કારણ,
શા માટે મસ્તી કર્યા કરે છે?પણ ચિંતા નથી,તું તો માત્ર -જે ધણી-તને પોતાનું સમજે છે તેની આગળ જ તું મસ્તી
કરે છે,પણ હું, કે જે તને પોતાનું સમજતો નથી,તેની આગળ,તારી મસ્તી ચાલે તેમ નથી.

હે દુષ્ટ ચિત્ત,તારી મસ્તીથી હું જરા પણ પ્રસન્ન થતો નથી,અને કચવાતો પણ નથી.
વિષયોની વૃત્તિઓ કે જે ઇન્દ્રજાલ ની રચનાઓ જેવી છે,તેની માટે તું વ્યર્થ શા માટે બળતરા રાખે છે?
હે ચિત્ત, તારે રહેવું હોય તો રહે અને જવું હોય તો જા,તું મારું નથી અને (મારે માટે) જીવતું પણ નથી.
તું કલ્પિત હોવાને લીધે સ્વાભાવિક રીતે સર્વદા મરેલું જ છે.અને વિચારથી તો અત્યંત મરી ગયેલું જ છે.

હે મરેલી આકૃતિવાળા ચિત્ત,તું શરીર-રહિત છે,જડ છે,ભ્રાંત છે,શઠ છે,અને અત્યંત અજ્ઞાન-વાળું એવું તું,
મૂઢ પુરુષને જ ભરમાવી શકે તેમ છે-ઉત્તમ વિચારો વાળાને નહિ.
મૂર્ખતા ને લીધે અમે -તને આમ તરત મરી જનારું જાણતા ન હતા,પણ હવે જાણી ગયા છીએ.
જેમ,દીવાઓની દ્રષ્ટિમાં અંધારું મરેલું જ છે,તેમ અમારી દ્રષ્ટિમાં (જ્ઞાન ને લીધે) તું મરેલું જ છે.
તું કે જે અત્યંત લુચ્ચું છે,તેને લાંબા કાળ સુધી,આ મારા દેહ-રૂપી આખા ઘરને રોકી લીધું હતું,

કે જેથી,એ (દેહ-રૂપી) ઘરમાં,શમ-દમ-આદિ સજ્જનો આવી શકતા જ નહોતા,

હે લુચ્ચા ચિત્ત,તું કે જડ છે,અને પ્રેત જેવા આકારવાળું (મિથ્યા) છે,તે જતું રહેવાથી,
આ મારું દેહ-રૂપી ઘર,શમ-દમ-આદિ સઘળા સજ્જનોને સેવવા યોગ્ય થયું છે.
તું પ્રથમ પણ નહોતું (ભૂતકાળમાં) હમણાં પણ નથી (વર્તમાન કાળમાં) અને હવે પછી પણ (ભવિષ્ય-કાળમાં)
હોવાનું નથી જ-આ પ્રમાણે હું તને જાણું છું-તો પણ મારી પાસે ઉભું રહીને કેમ લજાતું નથી?
અહો,તારું નિર્લજ્જ-પણું ભારે છે.

હે ચિત્ત-રૂપી વૈતાલ,તું તૃષ્ણાઓ રૂપી પિશાચણીઓ સાથે અને ક્રોધ આદિ યક્ષોની સાથે-
મારા દેહ-રૂપી ઘરમાંથી નીકળી જા.
અહો,આ ચિત્ત-રૂપી દુષ્ટ પિશાચ-એ વિવેક-રૂપી મંત્રથી દેહ-રૂપી ઘરમાંથી નીકળી ગયો તે બહુ સારું થયું.
અહો,આ અત્યંત મોટું આશ્ચર્ય છે-કે જે -જડ અને ક્ષણમાત્રમાં તૂટી જનારા મન-રૂપી ધુતારાએ,
આ સઘળા લોકોને પરવશ કરી નાખ્યા છે.

હે ચિત્ત,તું લોકોની અંદર,"દેહ એ જ આત્મા છે" એવું સમજનાર નિર્બળ મનુષ્યને -અડચણ કરે છે-
તેમાં તારું શું પરાક્રમ છે? શું બળ છે? શું મોટાઈ છે? (કંઈ નથી)
જો તું હવે મારા એકલાની જ આગળ આવીને કંઇ પણ મસ્તી કરે તો -હું તને પરાક્રમી,બળવાન કે મોટું સમજુ.
હે રાંક ચિત્ત,તું સર્વદા મરેલું જ છે-એટલે હું તને મારતો નથી.

હે ચિત્ત, તું અનાદિ કાળથી મરેલું જ છે -માટે મુદ્દલે છે જ નહિ-એ આજ મારા સમજવામાં આવ્યું છે-
તેથી,હું તારી આશા ત્યજીને કેવળ મારા-સ્વ-રૂપમાં જ રહું છું.કેમકે -તું મરેલું છે -એમ સમજ્યા પછી,
તારા જેવા લુચ્ચાની સોબતમાં રહી પોતાનું આખું જીવન નકામું કાઢવું એ યોગ્ય ના જ કહેવાય.
માટે હું તને ત્યજી દઉં છું.

હું ક્ષણ-માત્રમાં મન-રૂપી શઠને,દેહ-રૂપી ઘરમાંથી કાઢી મુકીને,આજ સ્વસ્થ થઈને રહ્યો છું,
મારામાં જે ભૂત (મન-રૂપી-ભૂત) હતું તે નીકળી ગયું.
હે ચિત્ત,મેં તારાથી ઠગાઈને,લાંબા કાળ સુધી,ઘણાંઘણાં તોફાનો કર્યા,હવે એ તોફાનોને સંભારી-સંભારીને
હું હસું છું.ચિત્ત-રૂપી વૈતાલ શાંત થતા,પવિત્ર સ્થિતિને પ્રાપ્ત થયેલા,
આ શરીર-રૂપી નગરમાં હું આજ કેવળ સુખથી રહ્યો છું-તે બહુ સારું થયું.

કેવળ "વિચાર-રૂપી-મંત્ર" થી ચિત્ત મરી ગયું,ચિંતા પણ મરી ગઇ,અને અહંકાર-રૂપી રાક્ષસ પણ મરી ગયો.
આજે હું કેવળ સ્વસ્થ અને ભરપૂર -થઈને રહ્યો છું.
મારે ચિત્ત શું સગું થતું હતું?આશા શું સગી થતી હતી?અને અહંકાર પણ શું સગો થતો હતો?
મારો એ મફતનો પરિવાર આજ સંપૂર્ણ નાશ પામ્યો છે-એ બહુ સારું થયું.

હું કે જે "એક" જ છું,પૂર્ણકામ છું,નિત્ય છું,નિર્મળ સ્વ-રૂપવાળો છું,અને વિકલ્પો થી રહિત ચૈતન્ય-રૂપે પ્રકાશું છું,
તેને જ હું વારંવાર પ્રણામ કરું છું.
હું કે જે શોકથી રહિત છું,મોહ થી રહિત છું,દેહાદિ-રૂપ નથી,અહંકાર-રૂપ નથી,કોઈ સમયે ના હોઉં તેમ પણ
નથી,અને મારાથી કંઈ પણ જુદું ન હોવાને લીધે,સર્વ-રૂપ પણ છું-તેને જ હું વારંવાર પ્રણામ કરું છું.

મને આશાનો-કર્મોનો-સંસારનો અને દેહનો-પણ સંબંધ નથી,એટલા માટે હું કે જે -અસંગ-સ્વ-રૂપ છું-
તેને જ હું વારંવાર પ્રણામ કરું છું.
હું કે જે "આત્મા" એ શબ્દ થી પણ કહેવાઉં એવો નથી,બીજા કોઇ શબ્દથી પણ કહેવાઉં તેવો નથી,

"હું" એ શબ્દ નો વિષય નથી તેમ જ "અમુક" એ શબ્દ નો વિષય પણ નથી,
તેથી સર્વ-રૂપ-એવા મને જ વારંવાર પ્રણામ કરું છું.

હું કે જે સર્વનું આદિ-કારણ છું,સર્વને ધારણ કરનાર છું,ચૈતન્ય છું,જગત-રૂપ છું,અને દેશ-કાળની મર્યાદાથી દુર છું,તેને જ હું વારંવાર પ્રણામ કરું છું.
હું કે નિર્વિકાર છું,નિત્ય છું,અંશોથી રહિત છું,વ્યાપક છું,સર્વ-રૂપ છું અને સનાતન છું-તેને વારંવાર પ્રણામ કરું છું.
હું કે જે રૂપથી રહિત,નામથી રહિત છું,સ્વયંપ્રકાશ અને વ્યાપક છું -તેને વારંવાર પ્રણામ કરું છું.

હું મારા સ્વ-રૂપમાં જ સત્તાને પ્રાપ્ત થયેલો છું,કે જે સત્તા સમાન રીતે સર્વમાં વ્યાપક છે-સૂક્ષ્મ છે-અને
સર્વ જગતને મુખ્ય પ્રકાશ આપનારી છે-આવી સત્તાને પ્રાપ્ત થયેલા હું -ને-હું - વારંવાર પ્રણામ કરું છું.
દૃશ્યો (પર્વતો-નદીઓ-વગેરે) ની શોભા છે-તે હું નથી-અને હું જ છું પણ.જે જગત છે તે હું નથી અને હું છું પણ.
હું એવા સ્વરૂપ-વાળાઓ છું-માટે હું મને જ વારંવાર પ્રણામ કરું છું.

અવિધાને અને અવિધાનાં કાર્યોને દુર કરવામાં,શક્તિ ધરાવતું-મારું પોતાનું જ સ્વરૂપ કે જે-
મનના વિકલ્પોથી રહિત છે-આનંદથી ભરપૂર હોવાને લીધે સર્વને પ્રિય છે-
જગતથી રહિત હોવા છતાં પણ જગતને પ્રગટ કરનાર છે,અંત થી રહિત છે,જન્મથી રહિત છે,જરાથી રહિત છે,
ત્રણે ગુણથી ન્યારું છે-અને અખંડિત છે તેને હું પ્રણામ કરું છું.

## <u>(૮૧) યુક્તિ અને અનુભવથી ચિત્ત નો અભાવ</u>

વસિષ્ઠ કહે છે કે-હે રામ,"આત્માને જાણવો એ જ ઉત્તમ છે" એમ સમજનારા મહાત્માઓ,ઉપર પ્રમાણે વિચાર કરી,સમજીને વળી નીચે પ્રમાણે પણ વિચાર કરે છે.
ચિત્તે જ "આ સઘળું આત્મા જ છે" એમ સમજીને જગતને ભૂસી નાખ્યું છે,એ વાત સાચી છે-પણ,
આ ચિત્ત શામાંથી ઉઠયું હશે?

અહો,જગતની અંદર આવી જવાને લીધે ચિત્ત પોતે પણ ખોટું જ જણાય છે.
ચિત્ત જડ છે અને તે આમ જડ હોવાને લીધે,તે ભ્રાંતિ વિના બીજું કશું નથી.
ચિત્ત અજ્ઞાની ની દૃષ્ટિએ સિધ્ધ છે પણ જ્ઞાનીની દૃષ્ટિ એ અસિધ્ધ જ છે.
જેમ ચકડોળ માં બેઠા હોઇએ ત્યારે,પર્વતો ભમતા દેખાય છે પણ,તેમાંથી ઉતર્યા પછી તેમ થતું નથી,
તેમ,અજ્ઞાન-રૂપી ભ્રમણ શાંત થતા,ચિત્તનો પત્તો પણ મળતો નથી.

આ પ્રમાણે,જોતાં,ચિત્ત મુદ્દલે છે જ નહિ,પણ જે કંઈ છે તે બ્રહ્મ જ છે.
સઘળા પદાર્થોની ભાવનાઓ ચિત્ત થી જ થાય છે,માટે ભાવનાઓને મિથ્યા સમજી હું ત્યજી દઉં છું.
હું સઘળા સંદેહો અને સંતાપોથી રહી થયો છું.હું સઘળી તૃષ્ણાઓ ત્યાગ કરીને જેઓ સ્વભાવિક રીતે છું તેવો જ થયો છું.ચિત્તનો ઉપરામ થતાં,ચપળતા અને તૃષ્ણા આદિ સઘળા દોષો દુર થઇ ગયા છે.

ચિત્ત મરી ગયું,તૃષ્ણા જતી રહી,મોહ-રૂપી પાંજરું તૂટી ગયું,અને અહંકાર નષ્ટ થઇ ગયો,
તેથી હું જાગ્રત અવસ્થામાં -પણ-આ નવી જાગ્રત અવસ્થાને પ્રાપ્ત થયો છું.
જગત શાંત થઇને બ્રહ્મ-રૂપ થઇ ગયું,અને જે દ્વૈત દેખાતું હતું તે સાચું તો હતું જ નહિ-
તો હવે હું જગત સંબંધી કોઇ વિચાર પણ શા માટે કરું?
મિથ્યા પદાર્થ ની આ વાત કરવાનું કોઈ પ્રયોજન પણ નથી રહ્યું.

હું, જેનો આદિ કે અંત નથી અને જેમાં જીવ-પણું નથી તેવા પવિત્ર પદને પામ્યો છું.
અત્યંત શાંત,સૂક્ષ્મ,અવિચલ અને સર્વ-વ્યાપક આત્મા થઈને જ રહ્યો છું.
બહારના કે અંદરના વ્યવહારની જે કોઇ વસ્તુઓ છે-તે વિસ્તીર્ણ બ્રહ્મ જ છે.
જો ચિત્ત હોય તો પણ ભલે અને ના હોય તો પણ ભલે,મરી જાય તો પણ ભલે અને રહે તો પણ ભલે,
હું,કે જે અખંડ પ્રકાશ-સ્વ-રૂપે પ્રકાશું છું-તેને એ ચિત્ત હોવા ના હોવા-આદિ નો વિચાર કરવાનું શું પ્રયોજન છે?

હું મૂર્ખતા ને લીધે વિચાર કરતો નહોતો,તેથી દેહ-રૂપ થઈને રહ્યો હતો,પણ હવે તો હું,વિચાર કરવાને લીધે,
સર્વ-વ્યાપક પરમાત્મા થયો છું.અને "હવે વિચાર કરનાર કોઇ (બાકી રહ્યો) છે કે નહિ?"
એવો વ્યર્થ જે સંકલ્પ ઉઠે છે તેને પણ હું ત્યજી દઉં છું.
"હું સાક્ષી-રૂપ જ છું" એવો નિર્ણય કરીને,હું શાંત-પણાથી મારા સ્વ-રૂપમાં જ રહું છું.અને ચૂપ થઈ જાઉં છું.

હે રામ, વિવેકી પુરુષે,ખાતાં,જતાં,સૂતાં,બેસતાં-પણ પોતાની બુધ્ધિ વડે નિરંતર આવો વિચાર જ કરવો જોઈએ.
સ્વસ્થ અને સ્વ-રૂપમાં જ રહેલા,પોતાના ચિત્તથી આવો વિચાર કરીને,જીવનમુક્ત પુરુષો,
કોઈ પણ પ્રકારનો ઉદ્વેગ નહિ રાખતાં,વ્યવહાર સંબંધી સર્વ કાર્યો કર્યા કરે છે.અને સુખથી વિચરે છે.

## (૮૨) વીતહવ્ય મુનિએ -ઇન્દ્રિયો તથા મનને સમજણ આપી

વસિષ્ઠ કહે છે કે-હે રામ, જેમણે આત્માને જાણ્યો હતો તેવા,વિદ્વાન સંવર્ત મુનિએ,એ પ્રમાણે વિચાર કર્યો
હતો,અને વિન્ધ્યાચળમાં તેમને આ જ વિચાર મને કહ્યો હતો.તમે પણ વિચારમાં તત્પર રહેનારી બુધ્ધિ વડે,
આ નિશ્ચયને પકડીને,અનુક્રમે જ્ઞાનની ભૂમિકામાં ચડતાં ચડતાં આ સંસાર-રૂપી-સમુદ્રમાંથી નીકળી જાઓ.

હે રામ, હવે,મોક્ષ આપનારો તથા ઇન્દ્રિયો અને મનને સમજાવવા-રૂપ એક બીજો વિચાર કહું છું તે તમે સાંભળો.
જે વિચારથી,વીતહવ્ય નામના મુનિએ સઘળા સંદેહોથી રહિત થઈને પરમ પદમાં નિવાસ કર્યો હતો.
પૂર્વે,મહાતેજસ્વી વીતહવ્ય મુનિ,સંસારથી કંટાળી જઈને,સમાધિ કરવાનું સ્થળ શોધવા માટે,વિન્ધ્યાચળની
ગુફાઓની આસપાસ ફરતા હતા.આખરે તેઓએ સુગંધ-વાળી અને કપૂરથી ધોળેલી,કેળનાં પાંદડાઓથી
બનાવેલી,પર્ણ-શાળામાં પ્રવેશ કર્યો.

મૃગચર્મ પાથરીને,તેઓ શુધ્ધ અને સમતા-વાળા આસન પર બેઠા.પદ્માસન વાળી,પગનાં તળિયાં પર હાથની
આંગળીઓ રાખી,ડોકને ઉંચી રાખી,શરીરને સ્થિર કરી,શિખરની પેઠે તેમણે સ્થિતિ કરી.
તે મુનિએ.વિષયોમાં ચારે તરફ વિખરાયેલા પોતાના મનને ધીરે ધીરે સમેટી લીધું.અને અનુક્રમે બહારના તથા
અંદરના વિષયોનો ત્યાગ કરતાં,પોતાના મનથી વિચાર કર્યો.

વીતહવ્ય સ્વગત કહે છે કે-અહો,વિષયોમાંથી પાછું વાળેલું છતાં પણ ક્ષણ-માત્રમાં ચંચલ થઇ જતું,આ મન,
તરંગો થી તણાતાં જતાં પાંદડાની જેમ,સ્થિરતાને પ્રાપ્ત થતું નથી.
ચક્ષુ-આદિ પ્રચંડ ઇન્દ્રિયોએ -ભ્રમથી પકડેલા વિષયોની માટે,આ મન,હાથથી પછાડેલા દડાની જેમ નિરંતર
ઉછળ્યા જ કરે છે.આ મન ઇન્દ્રિયોએ વધારેલી વૃત્તિઓમાં,એક ને ત્યજી બીજીને અને બીજીને ત્યજી ત્રીજીને-
એમ અનેક વૃત્તિઓમાં ભટક્યા કરે છે.અને જેમાંથી પાછું વાળીએ-તો તેમાંજ ગાંડાની માફક પાછું દોડે છે.
જેમ વાંદરો વૃક્ષોમાં કૂદયા કરે છે તેમ આ મન,જુદાજુદા વિષયોમાં કૂદયા કરે છે.

હવે હું,પ્રથમ મનને નીકળવાનાં પાંચ-દ્વારો-રૂપ,આ તુચ્છ,ચક્ષુ-આદિ કે જે "ઇન્દ્રિયો" એ નામથી ઓળખાય છે,
તેઓનું જ સારી રીતે અવલોકન કરું.
હે,અભાગણી ઇન્દ્રિયો,જેમ સમુદ્રના જળને સ્થિર થવાનો અવસર મળતો નથી,તેમ તમને પણ સ્થિર થવાનો
અવસર નથી મળતો કે શું? તમે જો સ્થિર થાઓ,તો જ મને સમાધિથી આત્માનું દર્શન મળે.

હે ઇન્દ્રિયો,કેવળ અનર્થોમાં પડવા માટે તમે ચપળતા કરો નહિ.
ચપળતા કરવાથી ભૂતકાળમાં જે ઘણાં ઘણાં દુઃખો પડ્યાં હતાં-તેઓનું સ્મરણ કરો.

હે મનનાં દ્વારો-રૂપ  અધમ ઇન્દ્રિયો,તમે જડ જ છો,અને જે જડ હોય છે,તેઓનું ઉછળવું-એ-,ઝાંઝવાંના પાણીની જેમ વ્યર્થ જ હોય છે.તમે કે જેઓ સર્વથા મિથ્યા સ્વ-રૂપ-વાળી જ છો,તેમનું આ સાચા તત્વને સમજ્યા વિનાનું ઉદ્ધત-પણું,આંધળા મનુષ્યને દોડવા સમાન જ થાય છે.
હે અભાગણી ઇન્દ્રિયો,મહા સમર્થ ચૈતન્ય-રૂપ હું જ છું,સાક્ષી-પણાથી સઘળું કરું છું,તે છતાં,તમે નાહક આકુળ-વ્યાકુળ શા માટે થાઓ છો? તમે ભ્રાંતિથી ખાલી-મફતની જ મસ્તી કર્યા કરો છો.

સર્વને પ્રકાશ આપનારો-જે સાક્ષી-ઇન્દ્રિયોને (ચક્ષુ-વગેરે) જાણે છે,-તેની સાથે તેને કોઈ જ સંબંધ નથી.
જેમ સ્વર્ગલોકને અને પાતાળલોકને કોઈ સંબંધ નથી,અને જેમ માર્ગમાં ચાલતો મનુષ્ય,સર્પોથી દૂરજ રહે છે,
તેમ અખંડિત ચૈતન્ય-રૂપ આત્મા ઇન્દ્રિયોથી દૂર જ રહે છે.

હે ઇન્દ્રિયો,આત્માની સ્વતંત્ર સત્તા-માત્રથી,તમારી પરસ્પર પ્રવૃત્તિઓ-ધામધૂમથી ચાલ્યા કરે છે.
હે,ચિત્ત,તું તારી વૃત્તિઓ-રૂપી-સ્ત્રીઓને બહાર ભટકાવનારૂ છે,દેહને આત્મા માનનારું હોવાને લીધે,
ચાર્વાર્ક (સુંદર વાણી) જેવું છે.અને પેટને ભરવાને અર્થે સઘળી દિશાઓમાં ફરનારું હોવાથી,ભિખારી જેવું છે.

(નોંધ-ચાર્વાર્ક નામના એક મહા-નાસ્તિકનો એવો મત ફેલાયેલો હતો કે-જે નરી આંખે દેખાય છે તે જ સાચું છે.અને નરી આંખે,દેહ દેખાય છે,માટે દેહ જ આત્મા છે.અને પરલોક કે પુનર્જન્મ જેવું કંઈ નથી.અત્યારે પણ જાણ્યે અજાણ્યે પણ જગતનો મોટો ભાગ આ ચાર્વાક મતને જ અનુસરે છે -
કારણકે દેખીતી રીતે તે મીઠો -સુંદર  લાગે તેવો છે-એટલે ચાર્વાક -કે સુંદર વાણી-એ એ મતનો સિધ્ધાંત છે)

હે જગતને ઉત્પન્ન કરનારા ચિત્ત,હવે કૂતરાની જેમ તારું ભટકવું  કે જે કેવળ અનર્થ માટે જ છે,તેને ત્યજી દે.
"હું ચૈતન્ય છું" એવી તને જે ભ્રાંતિ છે-તેવ્યર્થ છે અને ખોટી જ છે.
હે શઠ  ચિત્ત,ચૈતન્ય અને તું કે જેઓ પરસ્પરથી વિરુધ્ધ છો,તેઓની એકતા હોવી સંભવે જ નહિ.
"હું પરમાત્માની સત્તા વિના સ્વતંત્ર સત્તાથી જીવું છું" એવા પ્રકારની અહંકારને કારણે તને જે દુર્મતિ થઇ છે-
તે સાચી નથી.પણ ખોટી જ છે.અને કેવળ દુઃખને માટે જ થઇ છે.
તારા "અભિમાન" નામના પરિણામ નો ઉદય થતાં,"આ દેહ હું છું" એવી તને જે આસક્તિ થાય છે,
તેનો ત્યાગ કર.

હે મૂર્ખ  ચિત્ત,તું કોઈ વસ્તુ જ નથી,તે છતાં અમથું-અમથું શા માટે ચપળતા કરે છે?
આદિથી તથા અંતથી રહિત જે "અનુભવ" છે તે ચૈતન્ય વિના બીજું કશું નથી,તે છતાં,"ચિત્ત" એ નામ ધરાવી રહેનારું તું કોણ છે? હે ચિત્ત, ભોગના સમયમાં અમૃત જેવી લાગતી અને પરિણામે ઝેરી ફળને આપનારી,
જે કર્તા પણા ની અને ભોક્તા પણા ની જે ભ્રાંતિ છે-તે વૃથા જ છે.
હે મુર્ખ  ચિત્ત,ઇન્દ્રિયોનો આશ્રય કરીને-તું ઉપહાસ ના પાત્ર થા નહિ.
તું કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી.તું તો કેવળ નિશ્ચેટ જ છે,અને બીજાની આપેલી સત્તાથી જાગ્રત થાય છે.

ભોગોને તું શું થાય છે? અને ભોગો તારે શું થાય છે? તું જડ છે-તેથી મુદ્દલ તારું સ્વરૂપ જ નથી,
ત્યારે તારા બંધુ-કે મિત્ર-આદિ  તો ક્યાંથી જ હોય?
જે પદાર્થ જડ  હોય છે-તેની-પોતાની સત્તાથી નહિ હોવા છતાં પોતાની ખોટી સત્તા ભોગવતો હોય છે.
માટે ખોટો જ હોય છે.તું કે જડ  છે,તેમાં સમજનાર,કર્તા,ભોક્તા,અને પૂર્વા પરનું અનુસંધાન રાખનાર-
વગેરે ભાવ-ચૈતન્યની સત્તા વગર ઘટતા જ નથી.

તું જો જીવ-રૂપ હોય તો-જે આત્મા છે તે જ તારું સ્વરૂપ છે.માટે તારે નિર્વિકલ્પ-પણે  જ રહેવું જોઇએ,
કેમકે,અનેક-વિકલ્પોથી ભરેલી અને દુઃખ દેનારી,તારી આવી સ્થિતિ ઘટતી જ નથી.
કર્તા-પણું અને ભોક્તા પણું કે જેને તેં  પોતામાં મિથ્યા જ માની લીધેલાં  છે,
તેમને ધીરે ધીરે યુક્તિથી હું ભૂંસી નાખું છું.તે યુક્તિ તું સાંભળ.

તું પોતે જડ છે,તો પછી તારે કર્તા-પણું કેવું? "શિલાઓ નાચે છે" એ વાત કેમ કરી સંભવે?
માટે તું એમ સ્વીકાર કર કે-"મારામાં જે શુધ્ધ પરમાત્માનો પ્રતિબિંબ-રૂપ ભાગ છે,
તેની સત્તાથી જ મારું સઘળું જીવન છે"
હે ચિત્ત,તું જીવે છે,ઇચ્છે છે,હણે છે,.જાય છે,નાચે છે-એ સઘળું વૃથા જ છે.કેમકે એમાંથી કોઇ પણ ક્રિયા,તારી પોતાની શક્તિથી થતી નથી-પણ-આત્માની શક્તિથી જ થાય છે.માટે એ ક્રિયાઓ તારી કરેલી કહેવાય નહિ-પણ આત્માની શક્તિથી જ કરેલી કહેવાય.

જે કામ જેની શક્તિથી કરવામાં આવે-તે કામ તેણે જ કરેલું કહેવાય..
જેમ કે-દાતરડું પુરુષની શક્તિથી ઘાસ કાપે છે,માટે પુરુષ જ કાપનાર કહેવાય-દાતરડું નહિ.

હે ચિત્ત,તું સ્વભાવથી જ અત્યંત જડ છે,અને તને જે ચેતન મળે છે,તે સર્વજ્ઞ આત્માથી જ મળે છે.
માટે,આત્મા પોતે જ પોતાને સર્વ પદાર્થ-રૂપે ગોઠવે છે-એમ સિધ્ધ થાય છે.
એટલે તારામાં કર્તા-પણું પ્રાપ્ત થતું જ નથી.મહા-સમર્થ આત્મા જ તને સર્વદા જાગ્રત કરે છે.
આ સંસારમાં કેવળ બોધ-રૂપ આત્મ-સત્તા જ સ્ફુરે છે,
અને તેની સત્તાથી જ તું "ચિત્ત" એ શબ્દને તથા તેના અર્થને ધારણ કરી રહ્યું છે.

આ પ્રમાણે તું,આત્માની શક્તિ-રૂપ-અજ્ઞાનમાંથી આવેલું છે-એમ સિધ્ધ થાય છે.
માટે જો જ્ઞાન પ્રાપ્ત થાય તો-જેમ સખ્ત તડકામાં હિમ પીગળી જાય છે-તેમ તું પીગળી ગયા વિના રહે જ નહિ.

હે ચિત્ત,તું જ્ઞાનથી પીગળી જાય એમ છે-એટલા માટે તું મુએલું જ છે,નિશ્ચેટ છે
અને વાસ્તવિક રીતે જોતાં તું મુદ્દલે છે જ નહિ.તેથી તારે "હું આત્મા છું"
એવી દુઃખ આપનારી આસક્તિ રાખવી નહિ.
હે ચિત્ત,તારી કરેલી સઘળી કલ્પનાઓ -મિથ્યા જ છે.કેમકે અખંડ અનુભવ-રૂપ બ્રહ્મ જ સર્વ જગત-રૂપે સ્ફુરે છે.
<u>બ્રહ્મ ની "ચૈતન્ય-શક્તિ" ના મિશ્રણ-વાળી "માયા-શક્તિ" જ મનુષ્યો-રૂપે,દેવતાઓ-રૂપે અને બ્રહ્માંડો-રૂપે ગોઠવાયેલી છે</u>.આ જગત આત્માના સ્ફૂરણો વિના બીજું કંઇ નથી.

હે મૂઢ ચિત્ત,તું જો પોતાને ચૈતન્યમય સમજતું હોય તો તું કદી પણ એ પરમ-પદથી જુદું નથી,
તો હવે કોના માટે ચિંતા કરે છે? તું પણ નથી અને દેહ પણ નથી,
જે કંઇ છે તે સ્વયંપ્રકાશ અને વ્યાપક બ્રહ્મ જ છે.
અવિચલ આત્મામાં "હું અને તું" વગેરે કેવળ આભાસો જ સ્ફૂર્યા કરે છે,માટે કોને શી પીડા છે?
કોઇને કંઇ પીડા નથી.તું જો આત્મા હોય તો સર્વ-વ્યાપક આત્મા એક જ છે,બીજો કોઇ નથી.
માટે તું (ચિત્ત) આત્માની પ્રાપ્તિ માટે નિશ્ચિંત રહે.

"આ શરીર હું છું અને આ સ્ત્રી,પુત્ર,ધન મારાં છે"એવી નકામી આસક્તિ તું શા માટે રાખે છે?
જો સસલાંના શિંગડાંથી  કોઇ માર્યો જતો હોય -તો જ મિથ્યા પદાર્થોની આસક્તિથી લાભ થવો સંભવે.
હે શઠ ચિત્ત,જેમ દિવસમાં છાયા અને તડકા સિવાય -ત્રીજો  કોઇ ભાગ જ નથી,
તેમ,જગતમાં ચૈતન્ય અને જડ સિવાય ત્રીજો કોઇ ભાગ જ નથી.

હે ચિત્ત,કેવળ ચૈતન્ય ના અવલોકન થી તારી જડતાનો અને તારી અંદર રહેલા,ચિદાભાસનો નાશ થતાં.
જે કેવળ અનુભવ-માત્ર અખંડ ચૈતન્ય અવશેષ રહે છે,તે જ તું છે.
હે મૂઢ,આમ હોવાને લીધે,તને કર્તાપણું કે ભોક્તાપણું કંઇ પણ નથી.તું તો પરબ્રહ્મ જ છે.
એટલા માટે મૂર્ખપણા ને છોડી દઈને ધીરજવાળું થા.

જો કે તું આ રીતે આત્મા-રૂપ જ છે,તો પણ "આત્મા ચિત્ત-રૂપ સાધનથી પોતાના સ્વરૂપ નો સાક્ષાત્કાર કરે છે"
એમ જે કહેવામાં આવે છે-તે તો કેવળ ઉપદેશનાં વાક્યોની જમાવટને માટે જ કહેવામાં આવે છે.
જો તું એમ ધારતું હોય કે "હું આત્માને પ્રાપ્ત કરવાનું એક જાતનું સાધન છું" તો-તારામાં તો આપમેળે ગતિ
કરવાની શક્તિ પણ નથી-તો તેમ કેમ સંભવે? માટે તારું કર્તાપણાનું અભિમાન વૃથા જ છે.

સાધન કે જે જડ હોય છે,ગતિ વિનાનું હોય છે અને કર્તાએ આપેલી પ્રેરણા વિના અશક્ત જ હોય છે-
તે કર્તાએ આપેલી પ્રેરણા વિના શી રીતે કાર્ય કરી શકે?
જો કર્તા પ્રેરણા ના આપે તો સાધનમાં કોઈ જાતની શક્તિ જ હોતી નથી.
જો ઘાસને કાપનારો પુરુષ પ્રેરણા ના આપે તો -દાતરડું શું કરી શકે?
હે,મૂર્ખ ચિત્ત,જે પોતે અશક્ત હોય તેને બીજાઓની સંભાળને માટે ઉદ્વેગ શોભતો જ નથી.

"આત્મા જ જીવપણાને પામીને સંસારમાં પીડાય છે-એટલે તેને માટે હું સઘળા પ્રયત્નો કરવાનો ખેદ ભોગવું છું"
એમ જો તું ધારતું હોય તો,તારું તેમ ધારવું એ વૃથા છે.
જે તારા જેવો હોય તેને માટે જ તારે ખેદ ધરવો યોગ્ય છે-પણ આત્મા તારા જેવો નથી -એટલા માટે તેને માટે તારે
ઉદ્વેગ કરવો યોગ્ય નથી.આત્માને તો કોઈ કાર્ય કરવાથી કે ના કરવાથી-કંઇ હાનિ-લાભ થાય એમ નથી.

તું જો દેહમાં અભિમાન ધરીને "હું ભોગોની સગવડ કરી આપીને દેહનો કે આત્માનો ઉપકાર કરું છું"
એમ ધારતું હોય તો-તું દેહને માટે અમસ્તું જ દુઃખી થાય છે કેમ કે-દેહમાં રહેનારાં,પાંચ પ્રાણ,મન,બુધ્ધિ અને દશ
ઇન્દ્રિયો-એ સઘળાં જડ છે,માટે -તેમાં કોઈને કોઈ પણ ભોગ જોઈતો નથી.
અને,આત્મા તો સર્વદા તૃપ્ત જ છે-માટે તેને કોઈ પણ પ્રકારની (ભોગની) ઈચ્છા નથી.

સર્વ-રૂપ,સર્વમાં વ્યાપક અને એક હોવા છતાં-અનેક-રૂપ દેખાવાની શક્તિવાળો આત્મા પોતે પોતામાં જ
સર્વ જગતને બનાવે છે-માટે તેને કયો પદાર્થ અલભ્ય હોય? કે જેની તે ઇચ્છા કરે?
હે ચિત્ત,જેમ રાજાની અલબેલી રાણીને જોઇને યુવાન પુરુષ અમસ્તો જ દુઃખી થાય છે-
તેમ,તું આત્માની આ સઘળી લીલા જોઇને અમસ્તું જ દુઃખી થાય છે.

હે ચિત્ત, જો તું એમ ધારતું હોય કે "આત્માની સાથે સંબંધ રાખીને તેના અનુગ્રહથી જ ભોગો ભોગવીશ"
તો તારું તેમ ધારવું પણ વૃથા છે-કેમકે-તું આત્મા ના સંબંધને યોગ્ય જ નથી.
એકબીજાના પદાર્થ ની અંદર રહેવું અથવા બીજા પદાર્થ ની સાથે મળી જવું-એ સંબંધનું મુખ્ય લક્ષણ છે,
પણ આવો સંબંધ તારાથી ધરાવી શકાય તેમ નથી.કેમ કે તારો અને આત્માનો સ્વભાવ -એકબીજાથી વિરુધ્ધ છે.

તું અનેક પ્રકારની રચનાઓવાળાં અને અનેક પ્રકારની ક્રિયાઓ કરાવનારાં-અનેક પ્રકારનાં-
સુખ-દુઃખોની અનેક દશાઓ વાળું છે પણ આત્મામાં તેવી કોઈ એક પણ દશા નથી.
માટે તારો અને આત્માનો સ્વભાવ પરસ્પરથી અત્યંત વિરુધ્ધ છે.
જેઓ જળ અને અગ્નિ ની જેમ પરસ્પરથી વિરુધ્ધ હોય તેઓનો સંબંધ થવો ઘટે નહિ.
અને જગતમાં જો પરસ્પરથી અત્યંત વિરુધ્ધ હોય-તેઓનો સંબંધ થાય તો તેઓમાંથી એક નો નાશ થયા વિના
રહે નહિ-તેમ જોવામાં આવે છે.માટે તેઓનો સંબંધ જ રહી શકતો નથી.

તારો અને આત્માનો જો સંબંધ થાય તો-જો તારા પ્રભાવથી આત્મા દુર થઇ જાય તો-તને જાણનારો (આત્મા) કોઈ ના રહેવાને લીધે તારી સિધ્ધિ ના થાય અને જો આત્માના પ્રભાવથી તું નષ્ટ થઇ જાય તો-
તેં પોતાના નાશ અર્થે જ આત્મા નો સંબંધ માગ્યો કહેવાય.એટલે બંને રીતે તારી હાનિ છે.
તું ભોગની લાલચથી આત્માના સંબંધને માગીને હાથે કરીને તારા સ્વરૂપનો નાશ કરવા જ ધારે છે-
માટે તેમ તું કર નહિ.સ્વરૂપ થી ભ્રષ્ટ થવું તે મોટું દુઃખ છે.

"હું સઘળું દૃશ્ય કે જે અજ્ઞાન-રૂપ છે,તેનો આત્માના જ્ઞાનપણાના પ્રભાવથી નાશ થઇ જાય  તો-એકલો નિરતિશય આનંદ-રૂપ આત્મા જ અવશેષ રહેશે-એ સારું થશે" એમ ધારીને તું એટલાથી સંતોષ માનતું હોય, તો એકાગ્ર-ધ્યાન-રૂપ સમાધિ કરીને આત્માનું જ દર્શન કરનારું થા.

હે ચિત્ત,તને સમાધિમાં જ સુખ થાય એમ છે પણ તને સંકલ્પો કરવામાં સુખ નથી-કારણકે-
જેમ,ધોધ નું પાણી પથરાઓમાં પડતા ફેલાઈ જવા જેવું થઇ જાય છે,તેમ, અખંડ અનુભવ,સંકલ્પો ને લીધે, દેહ તથા ઇન્દ્રિયો આદિમાં પડતાં ફેલાઈ ગયેલા જેવો થઇ જાય છે-કે જે  મોટું દુઃખ છે.

હે ચિત્ત,તું જો એમ ધારતું હોય કે "હું સંકલ્પો કરતું નથી,પણ આત્મા કર્તાપણા-રૂપ સ્વભાવને લીધે સંકલ્પો કરે છે" તો એ પણ તારી ભૂલ છે.આત્મા કે જે કલ્પના-રૂપી કાદવ થી રહિત છે અને પ્રકાશીને કલ્પનાઓનો નાશ કરનારો છે-તેને વળી કર્તાપણું કેવું? તેં કલ્પેલા અનેક ભેદ-રૂપે આત્મા,કેવળ સ્ફુરે જ છે,
પણ તે (આત્મા) પોતે તો કોઈ ભેદની કલ્પના કરતો નથી.

જેમ સમુદ્રમાં ધગધગતો અંગારો હોવો સંભવતો નથી-તેમ, સર્વાત્મક અને સ્વયંપ્રકાશથી સ્ફૂરતા,
આ ચૈતન્ય માં દ્વૈત હોવું સંભવતું જ નથી.
હે ચિત્ત,આત્મા કલ્પનાઓથી રહિત છે અને તું જડ હોવાને લીધે કલ્પના કરી શકે તેમ નથી-
માટે કલ્પના જ સિધ્ધ નહિ થવાને લીધે-વિષયોથી રહિત એક અનુભવ જ સાચો છે.બીજું કંઈ પણ નહિ
એમ સિધ્ધ થાય છે.જેમ આકાશમાં વન નથી-તેમ,અખંડ અનુભવ-રૂપ આત્મામાં આ "જુદું છે-જુદું નથી,
શુભ છે કે -અશુભ છે" એવી કોઈ મિથ્યા કલ્પના છે જ નહિ.

હે ચિત્ત,તેં નિર્મળ થઈને આત્માને સઘળા પદાર્થોના તત્વ-રૂપ,અખંડ અનુભવ-રૂપે રહેલો અને સઘળી દિશાઓમાં અત્યંત ભરપૂર-પણાથી જાણ્યો-એટલા માટે મારાં સુખ-દુઃખો ક્ષીણ થઇ ગયાં છે.
એટલે-મને જે સુખ-દુઃખોના દેખાવો હતા તે તો માત્ર ભ્રાંતિ જ હતી.

## <u>(૮૩) ચિત્ત અને ઇન્દ્રિયો હોવાથી થતા દોષો તથા ના હોવાથી થતાં સુખો</u>

વસિષ્ઠ કહે છે કે-હે રામ,એકાંતમાં બેઠેલા એ ધીર વીતહવ્ય મુનિએ શુધ્ધ ધારણાવાળી બુધ્ધિથી ફરીવાર પણ પોતાની ઇન્દ્રિયોના સમુહને નીચે પ્રમાણે સમજાવ્યો.

વીતહવ્ય કહે છે કે-હે ઇન્દ્રિયો,આ તમારી પોતાની સત્તા,જીવનના સમયમાં ઘણાઘણા અનર્થોને આપનારી છે.
અને મરણ થયા પછી,નરક આદિ દુઃખોને આપનારી છે.એટલે તમે એ ખોટી સત્તાને છોડી દો.
હું સ્પષ્ટ ધારું છું કે-મારા ઉપદેશથી તમારી આ સત્તા નષ્ટ જ થઇ ગઈ છે.કેમ કે તમે અજ્ઞાનથી જ ઉત્પન્ન થયેલી છો.ઉપદેશથી અજ્ઞાન નષ્ટ થઇ જતાં તમોને પાછી સત્તા મળવાની જ નથી.

હે ચિત્ત,જેમ બાળકોનું અગ્નિમાં રમવું તે તેમના શરીરના બાળવા માટે જ થાય છે
તેમ,તારી સત્તા તને બાળવા માટે જ થાય છે.
તારા હોવાને લીધે જ-ભ્રાંતિ પામેલા મૂર્ખ લોકો,રાગ-દ્વેષથી ભરેલા આ કાળ-રૂપી સંસારમાં પ્રવેશ કરે છે.

તારા હોવાને લીધે જ,જેઓમાં પોતપોતાના અભિમાનને લીધે,પરસ્પરના અનિષ્ટો કરવાના વિચારો થાય છે-
અને જેને લીધે,દુઃખોની પરંપરા નો વરસાદ થાય છે.

હે ચિત્ત,તું તારી ખટપટ ત્યજી દે તો-જેમ પ્રભાતમાં સૂર્યના પ્રકાશથી,કમલિનીઓ સુંદર રીતે ખીલે છે,
તેમ,હૃદયમાં જ્ઞાનના પ્રકાશથી,સઘળી શુભ સ્થિતિઓ સારી રીતે વિકાસ થાય.
તું તારી ખટપટ ત્યજી દે તો-આ હૃદય-પી આકાશ,મોહ-રૂપી ઝાકળથી તથા રજોગુણ-રૂપી ધૂળથી,
અત્યંત રહિત થઈને,જ્ઞાન-રૂપી સૂર્યના પ્રકાશથી જોડાઇ શોભવા લાગે,
વિકલ્પોના સમૂહો આવી પડે નહિ અને આનંદ આપનારી શાંત,અત્યંત પવિત્ર અને પ્રિય લાગે એવી
મૈત્રી હૃદયમાં પ્રગટ થાય.

હે ચિત્ત,તું તારી ખટપટ ત્યજી દે તો -ચિન્તા-વિવેકને લીધે બળીને ભસ્મ થઇ જાય,અજ્ઞાનનો ક્ષય થતાં,
હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થાય,અને હૃદય-સ્વચ્છ,ગંભીર,ક્ષોભ વિનાનું થઇ સમાનતાને પ્રાપ્ત થાય.
તું તારી ખટપટ ત્યજી દે તો-જીવ,સ્વસ્થતા થી પરિપૂર્ણ,આનંદમય અને અંદર શીતળ થઈને રહે,
અજ્ઞાનનો નાશ થવાથી,અંદર જ્ઞાનના પ્રકાશો સંપૂર્ણ પ્રગટ થાય અને તેથી સઘળું સ્થાવર-જંગમ જગત
બાધિત થઈને,આત્માના એક દેશમાં જ રહે.

હે ચિત્ત,તું,જો નષ્ટ થઇ જાય તો-આનંદ-રૂપ અને ભરપૂર આકારવાળા,આત્મ-સ્વ-રૂપની ભાવના થાય,
કે જે,ભાવના -આશાઓના પાશોને અનુસરનારા દેહાભિમાનીઓને થતી નથી.
તું,જો નષ્ટ થઇ જાય તો-જેમ, બળી ગયેલાં પાંદડામાં -તેઓના રસ પાછા આવતા નથી,
તેમ નાશ પામેલા સંસારના જરા-મરણ-રૂપી મોટા માર્ગોમાં પુરુષો પાછા આવે નહિ,
અને આત્મા-રૂપી વૃક્ષમાં એવો લાંબો આરામ મળે,કે જે મળ્યા પછી પાછું ભ્રમણ કરવું -બાકી ના રહે.

હે સઘળી આશાઓવાળા ચિત્ત,તું જો નાશ પામી જાય તો-સઘળી આશાઓ આપનાર બાબતનો નાશ થતાં,
ઉપર કહેલી અને બીજી પણ ઘણીઘણી સંપત્તિઓ પ્રાપ્ત થાય.
હે ચિત્ત,એક તારા રહેવાનો પક્ષ અને બીજા તારા નષ્ટ થઈ જવાનો પક્ષ-
એ બંનેમાંથી જે પક્ષ લેવાથી પરમ કલ્યાણ -તારા જોવામાં આવતું હોય,તે પક્ષને સ્વીકારી લે.
પણ હું ધારું છું કે-તને નષ્ટ થઈને આત્મા-રૂપે રહેવામાં જ સુખ છે,માટે તે સુખ લેવા માટે દ્વૈત થી રહિત,
આત્મા-સ્વ-રૂપ ની જ ભાવના તું કર.હે ચિત્ત,પ્રાપ્ત થઇ શકે તેવા સુખનો ત્યાગ કરવો તે તો મૂઢ-પણું જ કહેવાય.

જો આત્માના પ્રતિબિંબ વાળું તારું સ્વરૂપ કે જેથી તું જીવે છે,તે જો સાચું હોય-તો તને કોણ નષ્ટ કરવા ઈચ્છે?
પરંતુ હું સાચેસાચું કહું છું કે-એ આત્માના પ્રતિબિંબવાળું તારું સ્વરૂપ મુદ્દલે છે જ નહિ.
તું મુદ્દલે છે જ નહિ,માટે "હું જીવું છું" એવા ખોટા વિશ્વાસથી તું સુખ માની લે નહિ.
તું પ્રથમ પણ નહોતું અને હમણાં પણ નથી જ,જ્યાં સુધી,ભ્રાંતિ હતી-ત્યાં સુધી જ તારી સ્થિતિ હતી,
પણ હમણાં વિચાર કરવાથી અને ભ્રાંતિનો સદંતર નાશ થવાથી હવે તારી સત્તા છે જ નહિ.

હે ચિત્ત,જ્યાં સુધી યથાર્થ વિચાર કરવામાં ના આવે ત્યાં સુધી જ તું તારા રૂપથી રહી શકે છે,
પણ યથાર્થ વિચાર કરવામાં આવે -કે તુરત જ તું વિપક્ષોથી રહિત થઈને બ્રહ્મ-રૂપ થઇ જાય છે.
જેમ પ્રકાશના અભાવથી અંધારું થાય છે-તેમ વિચારનો અભાવ થવાથી તું (ચિત્ત) થયું છે,
અને વિચારથી તું નષ્ટ થઇ જાય છે.
હે મિત્ર,આટલા સમય સુધી હું અલ્પ વિવેકવાળો હતો,તેથી જ તારી વૃદ્ધિ થઇ હતી,
કે જે વૃદ્ધિ દુઃખોના જ કારણરૂપ હતી,તારી વૃદ્ધિ થી જ -સુખ-દુઃખ આદિ દ્વંદ્વો જોવામાં આવતાં હતાં,
કે જે દ્વંદ્વો,આ સંસારમાં આદિ તથા અંત વાળાં હોવાથી,મિથ્યા જ છે.

જે વિવેકની કૃપાથી,હમણાં મિથ્યા-રૂપ નષ્ટ થઈને તને અવિનાશી આત્મ-સ્વ-રૂપ પ્રાપ્ત થયું છે-તે વિવેકને હું પ્રણામ કરું છું.હે ચિત્ત,તું પોતે પણ ઘણી રીતે સમજેલું છે,અને તને શાસ્ત્રોએ પણ ઘણી રીતે સમજાવેલ છે,કે-જેથી તું ચિત્ત-પણાથી છૂટીને આત્મા-રૂપ થયેલું છે,તને આત્મ-સ્વરૂપ ની પ્રાપ્તિ થઇ છે તે તારા કલ્યાણ માટે જ થઇ છે.હમણાં તું સઘળી વાસનાઓ વિનાનું થઈને બ્રહ્મ-રૂપ થયેલું છે.
વિવેકના અભાવથી ઉત્પન્ન થયેલું તારું ચિત્ત-પણું,વિવેકથી નષ્ટ થઇ ગયું છે.

હે ભલા ચિત્ત,તારી પોતાની ઈચ્છા નહિ હોવા છતાં,પણ તારામાં વિચાર સ્થિર થયો છે,
તેથી સઘળી રીતે આ તારો વિનાશ પ્રાપ્ત તને થયો છે,કે જેથી તને પરમસુખની પ્રાપ્તિ થશે.

વીતહવ્ય કહે છે કે-હે ચિત્ત,હે ઇન્દ્રિયોના અધ્યક્ષ,હું સિદ્ધાંતની યુક્તિઓથી મારા સ્વરૂપને જાણીને -
સંસારના પારને પામ્યો છું.હવે તારું ભલું થજો.તું પૂર્વે,હમણાં કે હવે પછી પણ થશે નહિ,તારું ભલું થજો.

હું તને છોડી જ દઉં છું,મારા સઘળા સંતાપો ટળી ગયા છે,હું શાંત થયો છું,અને પરમ સુખ પામ્યો છું-
તે બહુ સારું થયું.હું સાક્ષી-રૂપે અને પોતાના સ્વરૂપમાં જ રહ્યો છું.
ઉપરનાં કહેલ કારણોને લીધે,હવે સંસારમાં ચિત્તની સ્થિતિ રહી જ નથી.
ચિત્ત મુદ્દલે છે નહિ,આત્મા તો છે,છે,અને છે-કે જે આત્માથી જુદું બીજું કંઈ છે જ નહિ.
એ આત્મા હું જ છું,અને મારા સિવાય બીજું કંઈ છે જ નહિ.

હું ચૈતન્યરૂપ,સ્વયંપ્રકાશ,છું,બોધરૂપ છું,અને સર્વત્ર-સદા રહેલો છું.
શુધ્ધ ચૈતન્ય માં "આ આત્મા છે" એવી કલ્પના પણ દુર્લભ છે-તો પછી તેમાં અનાત્મ પદાર્થો ની કલ્પના-
ના જ હોય,તેમાં કહેવું શું? અખંડ પદાર્થ માં બીજા પદાર્થ ની કલ્પના ક્યાંથી જ હોય?
માટે "એ આત્મા હું છું" એમ પણ નહિ બોલતાં -ચૂપ થઈને મારા સ્વરૂપમાં જ રહું.

હું મારા હૃદયમાં,મારું સ્વરૂપ જ કે જે વિષયોથી રહિત છે,વાસનાઓથી રહિત છે,ચિદાભાસ (જીવ) પણાથી પણ રહિત છે,પ્રાણના સંચાર વિનાનું છે,ભેદના દોષથી રહિત છે,અને જગતનો બાધ થતા અનુભવ-રૂપે અવશેષ રહેલું છે,તેને પ્રાપ્ત થઈને શાંત થયો છું,હું મનની ચેષ્ટા અને વાણીના વ્યાપાર ને છોડી દઉં છું.

## (૮૪) વીતહવ્ય મુનિની સમાધિ

વસિષ્ઠ કહે છે કે-હે રામ, આ પ્રમાણે નિર્ણય કરીને,વાસનાથી રહિત થયેલા એ વીતહવ્ય મુનિ,વિન્ધ્યાચળની ગુફાની અંદર સમાધિમાં સ્થિર થયા.ગતિથી રહિત,પૂર્ણ તથા સ્વયંપ્રકાશ-અનુભવ-રૂપ આનંદથી શોભતા,
અને જેમનું મન અસ્ત પામી ગયું હતું એવા તે મુનિ,
પવન વિનાના સમયે નિશ્ચલ થયેલા સમુદ્ર જેવા ગંભીર જણાવા લાગ્યા.

વાસનાઓ બળી જવાને લીધે,અનુક્રમે તેમની મન આદિ ઇન્દ્રિયો,તેમની અંદર શાંત થઇ ગઈ.
પૂરી રીતે નહિ મીંચાયેલાં,પૂરી રીતે નહિ ઉઘડેલાં,
તથા,મીંચાયેલાં ભાગોની અંદર રહેલાં--ગતિ વિનાની પાંપણોવાળાં,
અને જાણે નાસિકાની ટોચ પર બંને બંને પાસેથી સરખી રીતે પડતા થોડાથોડા પ્રકાશ વાળાં હોય--
એવાં જણાતાં તેમનાં નેત્રો,કમળ સરીખાં શોભવા લાગ્યાં.
કાયા,મસ્તક અને ડોકને સમાન રીતે અક્કડ રાખીને બેઠેલા એ મહાબુધ્ધિમાન મુનિ,
જાણે ચિત્રમાં આલેખાયેલી મૂર્તિ હોય એવા સ્થિર દેખાવા લાગ્યા.

ગુફામાં આ રીતે સમાધિ ધારણ કરીને બેઠેલા એ મુનિને ત્રણસો વર્ષ એક ઘડીની પેઠે વીતી ગયાં.

જ્ઞાની અને ધ્યાની - એવા એ વીતહવ્ય મુનિ એટલા કાળ સુધી સમાધિમાંથી જાગ્યા જ નહિ-અને-
જીવનમુક્તપણાને લીધે તેમણે તે દેહને પણ છોડ્યો નહિ.
યોગને જાણનારા તે મહામુનિ,એટલા કાળ સુધી-આસપાસના કોઈ પણ અવાજો થી જાગ્યા નહિ.

અનેક વર્ષાકાળો વીતી જતાં,એ પર્વતની ગુફાની અંદર વરસાદના પાણીએ ઠેલીઠેલીને નાખેલા કાદવની
જમાવટથી ધરતી ઉંચી થઇ જવાને કારણે,એ મુનિ,ધરતીના ગર્ભ ની અંદર આવી ગયા.

ત્રણસો વર્ષ વીતી ગયા પછી,તે પોતાની મેળે જાગ્રત થયા,
એટલા કાળ સુધી તેમના દેહને તેમના જીવાત્માએ જ પાળી રાખ્યો.

પ્રાણ તો પોતાની ગતિ બંધ થઇ જવાનેલીધે,અત્યંત સૂક્ષ્મ થઇ ગયેલો હોવાને લીધે,
એ દેહને પાળી શકે તેમ નહોતો.પછી એ મુનિના જીવાત્માએ અવશેષ રહેલું પ્રારબ્ધ ભોગવવા માટે,
હૃદયની અંદર અનુક્રમે વધારે વધારે પ્રગટ થઇ,સ્થૂળ-પણાને પામી,મન-રૂપ થઇ,
હૃદયમાં જ કલ્પના માત્રથી નીચે પ્રમાણે ભોગો ભોગવ્યા.

કૈલાસપર્વતના સુંદર વનમાં,કદંબના ઝાડની નીચે,જ,સો વર્ષ સુધી,જીવનમુક્તપણાથી નિશ્ચિંતપણે,
વિધાધરની પદવી ભોગવી,અને તે પછી પાંચ યુગ સુધી ઇન્દ્રની પદવી ભોગવી.

રામ કહે છે કે-હે મહારાજ,કૈલાસ પર્વત ઉત્તર દેશમાં આવેલો છે,
અને ઇન્દ્રની તથા વિધાધરની પદવી સ્વર્ગમાં જ મળે છે,એમ "દેશ" નિયમિત (નિયમ પ્રમાણે) છે-વળી-
આટલા વર્ષ -આટલા મહિનાથી થાય,તથા યુગ આટલા વર્ષોથી થાય-એમ "કાળ" પણ નિયમિત છે,
તે છતાં,વીતહવ્ય મુનિએ પોતાના હૃદયમાં જ અને અલ્પ-કાળમાં જ--
તે તે દેશનો અને તે તે કાળનો અનુભવ કર્યો,તો એ દેશ-કાળ નો નિયમ કેમ બદલાઇ ગયો?

વસિષ્ઠ કહે છે કે-હે રામ,સર્વ-રૂપ અને સઘળી શક્તિઓવાળું ચૈતન્ય,જ્યાં જે જે પ્રકારે ઉદય પામે (સંકલ્પ કરે)
ત્યાં તે તે પ્રકારે તુરત જ થઇ જાય છે,કારણકે,અનુભવ કરનાર ચૈતન્ય નો એવો જ સ્વભાવ છે.
જ્યાં જયારે દૃઢ સંસ્કારને લીધે,જેવો સંકલ્પ થાય,ત્યાં ત્યારે તેવો જ નિયમ ગોઠવાઈ જાય છે,
કારણકે દેશ-કાળ આદિના નિયમોના ક્રમો "સંકલ્પમય" જ છે.

અત્યંત સૂક્ષ્મ નાડીના છિદ્રમાં અલ્પકાળમાં જ સંકલ્પને લીધે,
વિસ્તીર્ણ દેશ કાળ-વાળા સ્વપ્ન નો અનુભવ થાય છે.એ સર્વના જાણવામાં પણ છે.
આ કારણને લીધે,વીતહવ્યે પોતાના હૃદયની અંદર "અનુભવ-રૂપ આકાશ"માં અનેક પ્રકારનાં જગતો જોયાં.
આત્માના યથાર્થ બોધવાળા જીવનમુક્ત પુરુષોને આવા પ્રકારની જે વાસના હોય છે તે વાસના જ નથી,
કારણકે,તે જ્ઞાન-રૂપી અગ્નિ થી ભૂંજાઇ ગયેલી હોય છે.અને ભુંજાયેલા બીજમાં બીજ પણું કેમ હોઈ શકે?

વીતહવ્ય મુનિએ,ઇન્દ્રની પદવી ભોગવ્યા પછી-એક કલ્પ સુધી સદાશિવ ના પાર્ષદની પદવી ભોગવી,
કે જેમાં તેમને સઘળી વિધાઓમાં નિપુણપણું,તથા ત્રણે કાળનું નિઃસંશય જ્ઞાન પ્રાપ્ત થયું.
જેને જેવી રીતનો દૃઢ સંસ્કાર હોય,તે તેવી રીતનું સઘળું દેખે છે,વીતહવ્ય જીવનમુક્ત હતા,
છતાં પણ ભોગ આપનારા,"પ્રારબ્ધ કર્મ",જાગ્રત કરેલા દ્રઢ સંસ્કારથી જ
તેમને દેહના તથા ભોગ-આદિના વિચિત્ર-પણાનો ભાસ થયો હતો.

રામ કહે છે કે-જો વીતહવ્ય મુનિની જેમ,જીવનમુક્ત પુરુષોને પણ દૃઢ સંસ્કારને લીધે,
દેહ આદિના વિચિત્ર આભાસો થતા હોય,તો તેઓને બંધ અને મોક્ષના દેખાવો પણ થવા જોઇએ.

વસિષ્ઠ કહે છે કે-હે રામ,આ જે કંઈ જગત જોવામાં આવે છે-
તેને જીવનમુક્ત પુરુષો,શાંત અને આકાશના જેવા, નિર્મળ બ્રહ્મના જેવું જ જાણે છે-
માટે તેઓને બંધન-મોક્ષના દેખાવો ક્યાંથી થાય?

જેમ બળી ગયેલું કપડું,પ્રથમ જેવા જ આકારવાળું જોવામાં આવતું હોવા છતાં,કશા કામનું નથી,
તેમ જીવનમુક્ત પુરુષોની દ્રષ્ટિમાં,મિથ્યા થઇ ગયેલું જગત,
પ્રારબ્ધ ના અવશેષ-પણાને લીધે દેખાતું હોવા છતાં,પણ તેઓને બંધન આપનાર થતું નથી.
આ બ્રહ્મ-રૂપ ચૈતન્ય,સર્વને આત્મ-સ્વ-રૂપ માની લઇને,ઘણાંઘણાં જગતનો અનુભવ કરી ચુક્યું છે-
અને ઘણાંઘણાં જગતનો અનુભવ કરે છે.

પૃથ્વીમાં દબાઈ રહેલા તે વીતહવ્ય મુનિના ચૈતન્યમાં,ખોટા જ ગોઠવાયેલા,અસંખ્ય લોકોમાં-
જે અજ્ઞાની ઇન્દ્ર હતો,તે હમણાં "દિન" નામના દેશમાં રાજા થયો છે.જયારે સદાશિવના ગણની પદવી મળી હતી,
તે સમયમાં કૈલાસ ના વનના કુંજમાં,તેમનો ક્રીડા કરવાનો જે હંસ હતો-
તે હમણાં ભીલ લોકોનો રાજા થઈને રહ્યો છે.

રામ કહે છે કે-વીતહવ્યના જોવામાં આવેલી એ સૃષ્ટિઓ જો વીતહવ્યના મનથી થયેલી હોય -
તો તેઓમાં જે ઇન્દ્ર-હંસ વગેરે પ્રાણીઓ (જીવો) દેખાયા હતાં.તેઓ પણ ભ્રાંતિમાત્ર જ હોવાં જોઇએ,
અને જો તેઓ ભ્રાંતિમાત્ર હોય તો-ચેતનવાળાં હોવાં કેમ ઘટે?

વસિષ્ઠ કહે છે કે-હે રામ,વીતહવ્યે જોયેલા જગતની પેઠે આ તમારા જોવામાં આવતું જગત ભ્રાંતિમાત્ર જ છે,
તે છતાં,આ જગતનાં પ્રાણીઓ ચેતનાવાળાં તો દેખાય જ છે.
જેમ આ જગતનાં પ્રાણીઓ ચેતનાવાળાં છે તેમ -
તે જગતનાં (વીતહવ્યે જોયેલા) પ્રાણીઓ પણ ચેતનાવાળાં જ હતાં.
હે રામ,આ જગત પણ ચૈતન્યમાત્ર જ છે અને કેવળ મનની ભ્રાન્તિને લીધે,જુદા આકારવાળા જેવું દેખાય છે.
અને તેવી જ રીતે તે જગત,ચૈતન્યમાત્ર જ હતું અને કેવળ મનની ભ્રાન્તિને લીધે જુદા આકાર વાળું જણાયું હતું.
વાસ્તવિક રીતે જોતાં તે જગત પણ નહોતું અને આ જગત પણ નથી જ.

તમે જે આ જગત જુઓ છો તે મુદ્દલે છે જ નહિ,જે કંઇ જગત દેખાય છે,તે કેવળ બ્રહ્મ જ પ્રકાશે છે.
ભૂતકાળ,વર્તમાનકાળ અને ભવિષ્યકાળ નું આ જગત બ્રહ્મ-રૂપ છે અને વીતહવ્યને દેખાયેલું જગત પણ
બ્રહ્મ-રૂપ જ હતું.આ જે કંઇ દૃશ્ય-રૂપ જગત છે તે,તે સઘળું બ્રહ્મ-રૂપ અધિષ્ઠાનમાં,મનથી કલ્પાયેલું છે.
આવા પ્રત્યક્ષ દેખાતા રૂપ-વાળું જગત--
જ્યાં સુધી--તે-- "બ્રહ્મ-રૂપ અધિષ્ઠાનમાં કલ્પિત છે" એમ જાણવામાં ના આવે--
ત્યાં સુધી તે વજ્ર જેવું દૃઢ થઇ પડે છે અને જાણવામાં આવે -કે તરત જ -તે જગત બ્રહ્મ-રૂપ થઇ જાય છે.

<u>પરબ્રહ્મ કંઈ પણ વિકાર નહિ પામતાં,માયાથી ચિત્ત-રૂપ થાય છે,</u>
<u>ચિત્ત જ વારંવાર મનન કરવાથી-મન-એ નામને પ્રાપ્ત થાય છે, અને તે મને જ આ જગતને ફેલાવ્યું છે.</u>
હે રામ,આ દૃશ્ય જગત આ રીતે જ થયું છે,અને વાસ્તવિક રીતે જોતાં કંઇ પણ થયું જ નથી.

## <u>(૮૫) વીતહવ્ય મુનિ જીવનમુક્ત સ્થિતિમાં રહ્યા</u>

રામ કહે છે કે- હે મહારાજ,પછી વીતહવ્ય મુનિએ પૃથ્વીના ગર્ભમાં રહેલા (પૃથ્વીમાં દટાયેલા) પોતાના દેહને
તેમાંથી બહાર કાઢ્યો કે નહિ?કાઢ્યો તો શી રીતે કાઢ્યો?

અને કાઢ્યા પછી એ મુનિ શી રીતે વિચર્યા અને શી રીતે વિદેહમુક્તિ પામ્યા?

વસિષ્ઠ કહે છે કે-હે રામ,વીતહવ્ય પોતાને બ્રહ્મ-રૂપ સમજવાને લીધે,જે કઈ ઇન્દ્ર-પણું આદિ દેખાયું હોય તેને આત્માના જ ચમત્કાર-રૂપ સમજ્યા.પોતે સદાશિવના ગણની પદવી પામ્યા હતા-
ત્યારે,એક દિવસ પોતાના આત્મા-તત્વ નું સ્મરણ કરવાના સમયમાં,
તેમને પોતાની મેળે જ,પોતાના સઘળા પૂર્વજન્મનું અવલોકન કરવાની ઈચ્છા થઇ.
એ ઈચ્છા થતાં,તેમને પોતાના જેટલા દેહો નષ્ટ થઇ ગયા હતા અને જેટલા દેહો નષ્ટ થયા નહોતા-તેઓને દીઠા.
નષ્ટ નહિ થયેલા દેહોમાંના એક "વીતહવ્ય" નામના દેહને વિન્ધ્યાચળની ગુફામાં -ધરતીની અંદર દટાયેલો જોયો.
કે જે દેહ કાદવના સમૂહમાં કીડા જેવો દેખાતો હતો અને કાદવના ભારથી દબાઈ ગયેલો હતો.
એવા દેહને જોઇને આપોઆપ જ એ દેહને કાદવમાંથી બહાર કાઢવાનો એમને વિચાર થયો.
ત્યારે તેમણે પોતાની ઉત્તમ સમજણ-વાળી બુદ્ધિથી વિચાર કર્યો કે-

"આ મારા દેહનાં સઘળાં અંગો દબાઈ ગયાં છે,અને પ્રાણવાયુનો સંચાર પણ બંધ પડી ગયો છે,
તેથી આ દેહ હાલીચાલી શકે તેમ નથી અને કંઇ કરી શકે તેમ પણ નથી.
માટે હું સૂર્યના શરીરમાં પ્રવેશ કરું કે જેથી સૂર્યનો "પિંગળ" નામનો પાર્ષદ,
સૂર્યની આજ્ઞાથી આ મારા દેહને કાઢી આપશે.(જરા વાર પછી તેમને બીજો વિચાર થયો કે)
મારે આ દેહનું શું પ્રયોજન છે? હું તો શાંતિ જ રાખું અને નિર્વિઘ્ન રીતે પરમ નિર્વાણ-રૂપ (વિદેહમુક્ત)
પોતાના પદને પામું. દેહથી લીલા કરવાનું મારે કશું પ્રયોજન નથી.

વસિષ્ઠ કહે છે કે-હે રામ,વીતહવ્ય મુનિએ એ પ્રમાણે વિચાર કરીને અને
જરાવાર ચૂપ રહીને ફરીથી વિચાર કર્યો કે-
"મારે દેહનો ત્યાગ કરવાની પણ જરૂર નથી કે ગ્રહણ કરવાની પણ જરૂર નથી.મારે માટે આ બંને સરખું જ છે.
હવે હજુ,આ મારો દેહ જીવતો છે અને હજુ,માટી ભેગો માટી થઇ ગયો નથી,
તો તે પહેલાં એ દેહમાં રહીને હું કંઇક વિહાર કરું.
હું જેમ પ્રતિબિંબ,અરીસામાં પ્રવેશ કરે છે-તેમ સૂર્યના શરીરમાં પ્રવેશ કરું."

હે રામ,વીતહવ્ય મુનિએ એ પ્રમાણે વિચાર કરીને,સૂક્ષ્મ-લિંગ-રૂપ થઈને,જેમ વાયુ ધમણના છિદ્રમાં પ્રવેશ કરે છે તેમ,સૂર્યના શરીરમાં પ્રવેશ કર્યો.આકાશની મધ્યમાં રહેલા સૂર્યનારાયણે એ મુનિની ધારણા જાણી લઈને
પૃથ્વીમાંથી તેમના શરીરને કાઢવા સારું,"પિંગલ" નામના પોતાના પાર્ષદને આજ્ઞા કરી.
વીતહવ્યમુનિનો જીવાત્મા કે જે લિંગ-શરીર-રૂપે સૂર્યના શરીરમાં પેઠો હતો,તેણે તરત જ ચિત્ત વડે સૂર્યને
નમસ્કાર કર્યા.પછી,સૂર્યે માન-પૂર્વક આજ્ઞા આપવાથી,એ જીવાત્માએ વિન્ધ્યાચળની ગુફામાં જવાને તૈયાર
થયેલા,પિંગલના શરીરમાં પ્રવેશ કર્યો.

પિંગલે તે ગુફામાં આવીને નખથી ધરતીને ખોડીને વીતહવ્યના શરીરને બહાર કાઢ્યું,ત્યારે,
જેમ,પક્ષી આકાશને છોડીને પોતાના માળામાં પ્રવેશ કરે છે,
તેમ,વીતહવ્યના લિંગ-શરીરે,પિંગલ ના શરીરને છોડી દઈને પોતાના સ્થૂળ શરીરમાં પ્રવેશ કર્યો.શરીરને પ્રાપ્ત
થયેલા વીતહવ્ય મુનિ અને પિંગલે -પરસ્પર પ્રણામ કર્યા અને પોતપોતાના કાર્યો કરવામાં તત્પર થયા.

વીતહવ્યે તળાવમાં સ્નાન કર્યું અને જપ-સૂર્યનું પૂજન વગેરે કરી -
વ્યવહારો વાળા શરીરથી એ આગળની (પહેલાંની) પેઠે જ શોભવા લાગ્યા.
મૈત્રી-વાળા,સમતાવાળા,ઉત્તમ શાંતિવાળા,ઉત્તમ બુદ્ધિવાળા,કોઈનું સારું થયેલું જોઇ પ્રસન્ન થનારી વૃત્તિવાળા,
દયાવાળા,શ્રેષ્ઠ શોભાવાળા,અને સંગોથી રહિત થયેલા ચિત્તવાળા,એ વીતહવ્ય મુનિએ -
તે દિવસ,સમાધિ ધારણ કર્યા વિના જ નદીના કિનારા પર વિહાર કર્યો.

**(૮૬) વીતહવ્યે રાગ-દ્વેષાદિને છેલ્લા પ્રણામો કરી તેમનો ત્યાગ કર્યો**

વસિષ્ઠ કહે છે કે-હે રામ,સાયંકાળ થયો ત્યારે તે વીતહવ્ય મુનિએ ફરી વાર પોતાના મનને એકાગ્ર કરવા માટે
વિન્ધ્યાચળની જાણીતી કોઇ ગુફામાં પ્રવેશ કરીને -આત્માના અનુસંધાનને નહિ છોડનાર એવા,અને જેમણે
જગતનો સારાસાર જોઈ લીધો હતો,એવા- તે મુનિએ ઇન્દ્રિયો અને ચિત્તના સંબંધી નીચે પ્રમાણે વિચાર કર્યો.

વીતહવ્ય સ્વગત કહે છે કે-ઇન્દ્રિયો ને તો મેં પ્રથમ થી જ સારી પેઠે ત્યજી દીધી છે,
માટે તેમના સંબંધમાં મારે હવે ફરીવાર લાંબી ચિંતા કરવાની આવશ્યકતા નથી.
હવે હું,"જગત છે કે નથી" એવા પ્રકારની કલ્પનાને તોડી નાખી,
સાક્ષીભૂત ચૈતન્ય નો જ આશ્રય કરી- દૃઢ આસન વાળીને અવિચલ થઈને રહું.

જીવતા છતાં પણ અજ્ઞાનીઓની દૃષ્ટિથી શબ જેવો રહેવા છતાં પણ,
આત્મા ના અનુસંધાનમાં ઉદ્યોગી રહું,સમતાવાળો થઈને રહું,સ્વચ્છપણું પામીને રહું,
એકરસ ચૈતન્ય-માત્ર-રૂપે રહું,જાગતાં પણ દ્વૈતને નહિ જોનાર થઈને રહું,સ્વરૂપના અનુભવમાં સાવધાન રહું,
અને કાયાની અંદરના  સઘળા મન-આદિના વ્યાપારોને બંધ પાડીને સ્વરૂપ નું અવલંબન કરીને રહું.
હવે,એકાંતમાં સ્થિરતાથી બેસીને રાગ-દ્વેષાદિનો ત્યાગ કરીને
સર્વમાં વ્યાપક અને કલ્પનાઓથી રહિત -બ્રહ્મ-પરમ-પદમાં જ હું રહું.

વસિષ્ઠ કહે છે કે-હે રામ,એ પ્રમાણે વિચાર કરીને,વીતહવ્ય મુનિ છ દિવસ સમાધિમાં રહીને જાગ્યા,
અને પછી,જાગ્રતમાં પણ સમાહિતના જેવી સ્થિતિથી રહેલા એ મુનિએ,લાંબાકાળ સુધી જીવનમુક્તપણાથી
વિહાર કર્યો.એમણે કોઇ વસ્તુમાં કદી પણ ગુણ-દૃષ્ટિ કે દોષ-દૃષ્ટિ કરી નહિ,કોઇથી ઉદ્વેગ પણ ધર્યો નહિ,
કે કોઇથી હર્ષ પણ ધર્યો નહિ,બેસતાં,ઉભા રહેતાં અને ચાલતાં-પણ પોતાના ચિત્તને વિનોદ આપવા માટે
હૃદયમાં પોતાના મનથી નીચે પ્રમાણે વાતો કર્યા કરતા હતા.

વીતહવ્ય મનને કહે છે કે-હે ઇન્દ્રિયોના અધ્યક્ષ મન,તેં વૈરાગ્ય રાખવાથી સર્વ જગતને આનંદ આપનારું
કેવું સુખ મેળવ્યું છે-તે જો.હે ગતિ કરનારાઓમાં ઉત્તમ મન,આવું સુખ તને વૈરાગ્યથી જ મળ્યું છે,
માટે તારે એ વૈરાગ્યની દશાને જ ધારણ કરી રાખી અને ચપળતાને છોડી દેવી.

હે ઇન્દ્રિયો-રૂપ ચોરો,હે અભિમાન-વાળી દુષ્ટ આશાઓ,આ આત્મા તમારો નથી અને તમે આત્માના નથી,
તમે નષ્ટ થઇ જાઓ.તમારી આશાઓને મેં નિષ્ફળ કરી નાખી છે.ક્ષણભંગુર વિષયોમાં લાગનારાં તમે-
મને દબાવવા સમર્થ નથી."અમે આત્મા છીએ" એવી તમને જે વાસના હતી.
તે વાસના રજ્જુમાં દેખાયેલા સર્પની જેમ -તત્વને ભૂલી જવાને લીધે જ થઇ હતી.
અનાત્મા માં આત્મા અને આત્મા માં અનાત્માની ભાવના -અવિચારથી જ થઇ હતી.

હે ઇન્દ્રિયો તથા મન,વિવેકથી જોતાં,આ વ્યવહાર-રૂપી ખટપટ ઉભી કરવાનો,કોઈને માથે દોષ મૂકી શકાય
તેમ નથી,કેમકે-તમે કેવળ પરતંત્ર છો,માટે તમે તમારી ઇચ્છાથી કશું કરતા નથી.
અહંકાર પણ કેવળ અભિમાન જ ધારણ કરે છે -પણ બીજું કશું કરતો નથી.
અને બ્રહ્મ-અદ્વિતીય છે-માટે તેમાં કોઇ જ ક્રિયાઓ નો સંભવ જ નથી.
કર્તા-પણું પ્રાણની ગતિમાં થાય છે,પણ તે પ્રાણ જડ છે,જીવ કેવળ ભોગવે છે,મન કેવળ મમતા રાખે છે,-
માટે આ વ્યવહારની ખટપટ માટે કોનો-કેવો અને શો દોષ કહેવાય?

જેમ ઘર બનાવવા માટે-લાકડાં વનમાંથી થાય છે-કે જે લાકડાંને પોતાને ઘર બનાવવાની જરૂર નથી,

રજ્જુ વાંસની છાલમાંથી થાય છે- કે જેમને પણ ઘર બનાવવાની જરૂર નથી,
વાંસલો-આદિ હથિયારો લોઢાનાં છે-કે જેમને પણ  ઘર બનાવવાની  જરૂર નથી-
અને સુતાર પોતાનું પેટ ભરવાને વાસ્તે જ મજુરી કરી કાળજી રાખે છે-તેને પણ ઘરની જરૂર નથી-
તેમ છતાં,પણ જુદાજુદા પદાર્થો રૂપી સામગ્રીથી,જે ઉત્તમ ઘર બને છે-
તે -જો-કાકતાલીય ન્યાય પ્રમાણે પડી જાય તો-એમાં ઉપરના કોઇને પણ કશી હાનિ થાય તેમ નથી,

તેમ,તમે (ઇન્દ્રિયો) કેવળ પોતપોતાના વિષયોનું ગ્રહણ કરનાર છો,
પણ વિષયો-વાળા વ્યવહારને ઉત્પન્ન કરવાની જરૂર-વાળાં નથી.
તે છતાં પણ તમે જે સામગ્રી-રૂપ છો,તેનાથી જે આ ચપળ વ્યવહાર ઉત્પન્ન થયો છે-
તે કાકતાલીય ન્યાય પ્રમાણે  જ થયો છે.
માટે આ વ્યવહાર નષ્ટ થઇ જાય તો પણ તેથી તમારામાંના કોઇને કશી હાનિ થાય તેમ નથી.

અવિધા તો સાવ ભુલાઇ ગઈ,અને આત્મ-વિધા સ્પષ્ટ પ્રમાણે પ્રાપ્ત થઇ.સાચું હતીં તે સારું  થયું,
ખોટું હતું તે ખોટું થયું,વિનાશી હતું તે વિનાશ પામ્યું અને સ્થિર હતું તે સ્થિર થયું.

વસિષ્ઠ કહે છે કે-હે રામ,મહા-તપસ્વી વીતહવ્ય મુનિ આવી રીતના વિચારથી ઘણાં વર્ષો સુધી રહ્યા.
જેમાં ચિત્ત નષ્ટ થઈને પાછું કદી ઉત્પન્ન થતું નથી,અને મૂઢતા અત્યંત દૂર થાય છે-તે પૂર્ણાનંદ પદમાં -
એ મુનિ સર્વદા રહેતા હતા.સત્ય અને અખંડ  આત્મામાં કોઇ સમયે ભ્રાંતિથી વિચિત્ર પદાર્થો દેખાવાથી,
થતા વ્યર્થ દુઃખનું નિવારણ કરવા માટે -
વારંવાર ધ્યાન-રૂપી આશ્વાસનો નો આશ્રય કરી,એ મુનિ સર્વદા સુખમાં જ રહેતા હતા.

ત્યાગ કરવા યોગ્ય કે ગ્રહણ કરવા યોગ્ય વિષયોની પ્રાપ્તિ થતાં પણ
"આ ગ્રહણ કરવા યોગ્ય છે કે આ ત્યાગ કરવા યોગ્ય છે"
એવી દૃષ્ટિઓનો ક્ષય થયેલો હોવાથી,તે મુનિનું મન ઇચ્છાથી કે અનિચ્છાથી પણ રહિત થઇ ગયું.

વિદેહ-કૈવલ્ય ની પ્રાપ્તિ,કે જે જન્મોના તથા કર્મોના પરમ અંત-રૂપ છે-તેનો સમય થતાં
(એટલે કે અવશેષ રહેલા પ્રારબ્ધ નો ક્ષય થતાં) પ્રતિભાસ-માત્ર-રૂપે રહેલા સંસારનો ત્યાગ કરીને,
બ્રહ્મ-રસ પીવાની નવી ઉત્કંઠાથી,તે મુનિએ-છેવટે-સહ્યાદ્રીની એક સુવર્ણ-મય ગુફામાં પ્રવેશ કર્યો.
અને ફરી પાછી જગત-રૂપી જાળનો સમાગમ જ ના થાય,એવી રીતે જગત-રૂપી જાળનું અવલોકન કરીને
એ ગુફામાં પદ્માસન વાળી,સ્થિરપણાથી બેસીને એ મુનિ સ્વગત જ કહે છે કે-

"હે રાગ,તું ટળી જા,હે દ્વેષ તું પણ ટળી જા.મેં સંસારમાં ઘણા કાળ સુધી તમારી સાથે રમી લીધું.
હે ભોગો,હું તમને પ્રણામ કરું છું,જેમ રમાડનારાઓ બાળકને રમાડે,તેમ તમોએ મને સંસારમાં કરોડો જન્મ
સુધી રમાડ્યો છે.જે વિષય-સુખે મને- આ પરમ પવિત્ર,નિર્વાણ-પદ ભુલાવડાવ્યું હતું તેને હું પ્રણામ કરું છું.
હે દુઃખ,મેં તારાથી અત્યંત તપીને-આદરપૂર્વક આ આત્માને શોધી કાઢ્યો છે-
માટે મને આ સુમાર્ગ બતાવનારો ગુરુ તું જ છે.તેથી હું તને વારંવાર પ્રણામ કરું છું.

હે દુઃખ,તું "દુઃખ" એવું નામ ધરાવે છે-પણ તારા તત્વનો વિચાર કરતાં,તું અધિષ્ઠાન-રૂપે આત્મા જ છે-
અને તારી કૃપાથી જ મને આ શીતળ પદવી પ્રાપ્ત થઇ છે-માટે હું તને પ્રણામ કરું છું.

હે સંસારમાં નિઃસાર જીવન વાળા મિત્ર "દેહ",તારું કલ્યાણ થજો.
કોઇ દિવસે તારે અને મારે જુદું પડવું જ પડે-એ નિયમ જ છે-માટે મારા જુદા પડવાથી તારે કોઇ ખેદ કરવો નહિ.
હવે અમે અમારા સ્થાનમાં જઇએ છીએ.આ લિંગ-શરીરની સાથે  હું સેંકડો જન્મો સુધી  રહ્યો-

પણ આજ મારા સ્વાર્થને માટે -જુદો પડું છું.અહો પ્રાણીઓના સ્વાર્થોની ગતિ વિચિત્ર જ છે.
હે મિત્ર લિંગ-દેહ,તું કે જે લાંબા કાળનો બાંધવ છે-તેને હું છોડી દઉં છું.એ મારો અપરાધ નથી-
કેમકે-તેં જ આત્મજ્ઞાન મેળવીને તારે હાથે જ તારી હાનિ કરી છે.

હે માતા તૃષ્ણા,તું શાંત થતાં,તું એકલી થઇ ગઈ છે,સુકાઇ ગઈ છે અને રાંક થઇ ગઈ છે,
તો પણ તારે દુઃખ ધરવું નહિ.અને હવે તો હું તને ત્યજી જાઉં છું,પણ તેમ કરવાથી મારું કલ્યાણ થવાનું છે-
માટે હવે તારે તારા ભવિષ્યના નાશનું દુઃખ પણ હવે ધરવું નહિ.
હે મહારાજ કામદેવ,મેં તમને જીતવા માટે વૈરાગ્ય -આદિ તારા શત્રુઓના સેવનો કર્યા છે,
તો મારા એ અપરાધોની તારે ક્ષમા કરવી,હવે હું સંપૂર્ણ શાંતિમાં જાઉં છું,તું મને આશીર્વાદ દે.

હે પુણ્યદેવ,હું તને પ્રણામ કરું છું,તેં મને પૂર્વે નરકોમાંથી તરીને સ્વર્ગમાં મોકલ્યો હતો,
એ મારા ઉપર તારો ઉપકાર છે-અને પાપો કે જે યાતનાઓ આપનાર છે-તેને પણ હું પ્રણામ કરું છું.
મેં જેને સાથે રાખીને,લાંબા કાળ સધી ઘણીઘણી પામર યોનિઓ ભોગવી છે-અને જે આજે અદૃશ્ય થઇ ગયો છે-
તે મોહને હું પ્રણામ કરું છું.આ ગુફાઓ કે જેમને સમાધિના સમયોમાં સહાયતા મને આપતી હતી
તેમને હું પ્રણામ  કરું છું.હે દંડ,તેં ઘડપણમાં મારી ઘણી સહાયતા કરી છે-માટે હું તને પ્રણામ કરું છું.

હે સ્થૂળ દેહ,રુધિર આદિથી ખરડાયેલાં આંતરડાં-રૂપી તંતુઓ વાળું,
આ તારું અસ્થિ-પિંજર કે જેમાં રુધિર આદિ વિના બીજો કશો સાર નથી,
તેને લઈને તું જતો રહે.તારા સ્નાન કરવાના પ્રકારો-કે જે મળથી-જળને દુષિત કરનાર જ હતા(તેમ છતાં)
તેઓને હું પ્રણામ કરું છું.તારા વ્યવહારોને અને વ્યવહારોને માટે થતી દોડધામોને હું પ્રણામ કરું છું.

હે પ્રાણવાયુઓ,તમે મારા જુના સહજ મિત્રો છો,માટે અનુક્રમે આજ હું તમને પણ પ્રણામથી માન આપું છું.
તમારુ ભલું થજો.હું જાઉં છું.મેં બ્રહ્માંડની અંદર તમને સાથે રાખ્યા વિના,મેં  કંઈ પણ કર્યું નથી,
કંઈ પણ લીધું નથી,ક્યાંય ગતિ કરી નથી,કંઈ પણ દીધું નથી,અને કોઇનો પણ આશ્રય કર્યો નથી.
હવે તમે પોતપોતાના માર્ગે જાઓ.

હે પ્યારા પ્રાણવાયુઓ,હું તમારાથી છૂટો પાડીને જાઉં છું.
હે સઘળાં મન તથા ઇન્દ્રિયો-આદિ-સંબંધીઓ,જેમ,આ સંસારના માર્ગમાં,ભરતી પછી ઓટ હોય છે,
ચડતી પછી પડતી હોય છે,અને સંયોગો પછી વિયોગો હોય છે.તેમ આપણો આજે વિયોગ થાય છે.

આ મારી ચક્ષુ -ઇન્દ્રિય સૂર્યના મંડળમાં પ્રવેશ કરો,ઘ્રાણ-ઇન્દ્રિય પૃથ્વીમાં પ્રવેશ કરો,
પ્રાણવાયુ (ત્વચા) ગતિવાળા વાયુમાં પ્રવેશ કરો.શ્રોત્ર ઇન્દ્રિય આકાશમાં પ્રવેશ કરો,
રસના ઇન્દ્રિય જળમાં પ્રવેશ કરો.

જેમ તેલ બળી જતાં,દીવો શાંત થાય છે-તેમ હું સઘળા સંકલ્પો થી રહિત થઇ -
ૐ કાર ની છેલ્લી અર્ધમાત્રાથી જ જણાતા,પોતાના સ્વરૂપમાં પોતાથી જ શાંત થાઉં છું.
મારામાંથી સઘળા કાર્યોની પરંપરાઓ જતી રહી છે,મારી સ્થિતિ સઘળાં દ્રશ્યોથી રહિત થઇ છે,
મારી બુધ્દ્ધિ,લાંબા ઉચ્ચારાયેલા ૐ કારથી બ્રહ્મરંધ્રમાં જે શાંતિ થાય છે,તેને અનુસરીને શાંત થઇ છે,
અને હું હવે,અવશેષ રહેલા પ્રારબ્ધે ટકાવી રાખેલા,અવિદ્યાના લેશથી રહિત થઈને રહ્યો છું.

**(૮૭) વીતહવ્ય મુનિ વિદેહમુક્ત થયા**

વસિષ્ઠ કહે છે કે-હે રામ,પછી ઊંચા સ્વરથી ૐ કાર નું ઉચ્ચારણ કરતા એ મુનિ -
કલ્પનાઓ-રૂપી-તૃષ્ણાઓની શાંતિના ક્રમથી,
છઠ્ઠી અને સાતમી ભૂમિકાને પ્રાપ્ત થઈને પોતાના હૃદયમાં જ બ્રહ્મને પ્રાપ્ત થયા.

સંન્યાસી થયેલા એ મુનિએ અકાર,ઉકાર,મકાર અને અર્ધમાત્રા એ ભેદોથી ૐ કાર નું સ્મરણ કરવા માંડ્યું.
બ્રહ્મમાં જગતના અધ્યારોપની રીતિથી અને અપવાદની રીતિથી-બ્રહ્માંડની -અંદર રહેલા-
અને સંકલ્પોના વિસ્તારથી જ કલ્પાયેલા-
બહારના તથા અંદરના-સઘળા સ્થુક-સૂક્ષ્મ ભાગોને ત્યજી દઈને
અવિનાશી શુધ્ધ બ્રહ્મ-સ્વ-રૂપ-નું અવલોકન કર્યું,
અને જેમ,પવન ગંધનો ત્યાગ કરી દે,તેમ ૐ કાર ના લાંબા ઉચ્ચારણ-રૂપી-
તંતુની સાથે  સાથે ,ઇન્દ્રિયોનો તથા શબ્દ આદિ-તન્માત્રાઓનો ત્યાગ કરી દીધો.

જેમ મણિ પોતાના સ્વરૂપમાં ક્ષોભ પામ્યા વિનાનો જ રહે છે,
તેમ,પોતાના સ્વરૂપમાં ક્ષોભ પામ્યા વિના રહેલા પૂર્ણિમા ના ચંદ્રની જેમ શાંત,અચળ,વેગથી રહિત,
અને અત્યંત નિર્મળ જેવા-દેખાવા લાગ્યા.
જો શરદ-ઋતુ નું આકાશ,તેજ તથા અંધકારથી પણ રહિત હોય,સૂર્ય,ચંદ્ર અને તારોથી પણ રહિત હોય,
તો તે આકાશની તે મુનિ ને -તે આકાશની ઉપમા આપી શકાય.

પછી જાણે આકાશમાં ઉઠ્યું હોય તેવું અને સાક્ષીથી સ્ફુરવા લાગેલું કેવળ અંધારું જોતાં,
તે મુનિએ,જેમ સમજુ મનુષ્ય ક્રોધના અંશને પણ છોડી દે છે,તેમ તે અંધારાને પણ છોડી દીધું.
પછી તેજ દેખાવા લાગતાં,તે મુનિએ અડધી પળ સુધી વિચાર કરીને તે તેજને પણ છોડી દીધું.
આ સમયે અંધારું કે પ્રકાશ પણ રહ્યો નહિ,એટલે તેવી અવસ્થાને પ્રાપ્ત થઈને,તે મુનિએ જરાક સ્ફુરેલા,
મન-રૂપી-ખડ ને પણ કાપી નાખ્યું (કે જે મન કલ્પના ના કારણ-રૂપ હતું)

હે રામ,પવન વિનાના દીવાની જેમ,સ્પષ્ટ પ્રકાશવા લાગેલા,પોતાના સ્વ-રૂપનું અવલંબન કરીને,
(કલ્પના વાળા) ચિત્તને અને સર્વને ત્યજી દઈને તે મુનિ કેવળ સાક્ષી-રૂપ જ અવશેષ રહ્યા.
પછી સુષુપ્તિ અવસ્થા જેવા,એ નિર્વિકલ્પ સાક્ષી-પણામાં રહેતાં રહેતાં-
તેમાં જરાવાર સ્થિર થઈને તે મુનિ,વિદેહમુક્તિને પ્રાપ્ત થયા.

વિદેહમુક્ત થયેલા એ મુનિ વિષયોના આનંદ થી રહિત હોવા છતાં પણ આનંદ-રૂપ થયા.
પોતાની ન્યારી-સત્તાથી રહિત છતાં પણ સત્તા-રૂપ થયા.કોઈ નામ-રૂપ વાળા નહિ હોવા છતાં પણ -
"કંઇક છે" એમ કહેવાને યોગ્ય થયા.જ્ઞાનીઓને પ્રકાશ-રૂપ થયા,અજ્ઞાનીઓને અંધારા જેવા થયા,
જડ-ચેતન પદાર્થોના અધિષ્ઠાન-રૂપ થયા અને જેને વાણી પહોંચી શકે નહિ તેવા થયા.

સર્વમાં સમ-પણાથી રહેનારા થયા,વ્યાપક થયા,પરમ પવિત્ર-પદ-રૂપ થયા,
અને સઘળા પદાર્થોની અંદર રહ્યા છતાં પણ સર્વથી રહિત થયા.
જેને શૂન્ય-વાદી "શૂન્ય" કહે છે,બ્રહ્મવાદીઓ "બ્રહ્મ" કહે છે,વિજ્ઞાનવાદીઓ "વિજ્ઞાન" કહે છે,
સાંખ્ય-મત-વાળા "પુરુષ" કહે છે,યોગ મતવાળાઓ "ઈશ્વર" કહે છે,શૈવમતવાળાઓ "શિવ" કહે છે,
કાળવાદીઓ "કાળ" કહે છે,ક્ષણિકવાદીઓ "ક્ષણિક" કહે છે,
અને માધ્યમિક લોકો જડ તથા ચૈતન્યના "મધ્ય-રૂપ" કહે છે -તેવા તે મુનિ થયા.

એ મુનિ આત્મ-જ્ઞાનીઓમાં "આત્મા" થયા,સમદૃષ્ટિવાળાઓ જેને "પૂર્ણ" કહે છે તે થયા,
સઘળા "શાસ્ત્રો ના સિધ્ધાંત-રૂપ" થયા,સર્વના હૃદયમાં "વ્યાપક" થયા,અને જે સર્વ-રૂપ,સર્વમાં રહેલ અને સર્વનું "તત્વ" કહેવાય છે તે થયા.જે અત્યંત "નિષ્ક્રિય" (ક્રિયાઓથી રહિત) છે,સૂર્ય-વગેરેને પણ પ્રકાશ આપે છે, અને "અખંડ અનુભવ-રૂપ" જ કહેવાય છે તે થયા.
જે સ્વ-રૂપથી "એક" કહેવાય છે,અને માયાથી "અનેક" કહેવાય છે,
સ્વ-રૂપથી "નિરંજન" (અદ્વૈત) કહેવાય છે અને માયાથી "દ્વૈત"વાળું કહેવાય છે-તે થઈને રહ્યા.

જે સર્વ-રૂપ પણ કહેવાય છે અને સર્વથી ન્યારું પણ કહેવાય છે-તેવા થઈને રહ્યા.આમ તે -
મહા સમર્થ વીતહવ્ય મુનિ ક્ષણમાત્રમાં જન્મથી રહિત થયા,જરાથી રહિત થયા,આદિથી રહિત થયા,
દ્વૈતના અધિષ્ઠાન-રૂપ થયા,એક થયા,સર્વ-રૂપ થયા,અંશોથી રહિત થયા,અને
આકાશના સ્વરૂપ કરતાં પણ વધારે નિર્લેપ સ્થિતિ-વાળા થયા.

## <u>(૮૮) વૈદેહમુક્તિ પછી પ્રાણાદિનો લય</u>

વસિષ્ઠ કહે છે કે-હે રામ, સંસાર સીમાડાના અંત ને પ્રાપ્ત થઈને,દુઃખ-રૂપી સમુદ્રને પાર પામેલા,
એ વીતહવ્યમુનિ,એ રીતે મન નો નાશ થતાં સંપૂર્ણ શાંત થયા,જેમ જળનું બિંદુ સમુદ્રમાં સમુદ્ર-રૂપે શાંત થાય છે,તેમ એ મુનિ પરિણામો વિનાના બ્રહ્મમાં,બ્રહ્મ-રૂપે સ્થિત થઇ,પરમ સુખ પામતાં,
ગુફામાં સ્થિર થઈને બેઠેલો તેમનો દેહ,અંદર રસ વિનાનો થઈને ગ્લાનિ પામ્યો.

તેમના દેહના પ્રાણો,જે તે નાડીઓમાંથી ઉડવાને લીધે,પક્ષીઓની જેમ આચરણ કરતા કરતા,
નાડીઓના સ્થાન ને છોડીને,હૃદય-રૂપી માળામાં લીન થઇ ગયા.
બુધ્ધિ -આદિ સઘળા પદાર્થો પોતપોતાના કારણોમાં લીન થયા,અને અસ્થિઓના પિંજર-રૂપી દેહ,
ધરતી ઉપર જ રહ્યો.જીવ-ચૈતન્ય,બ્રહ્મ ચૈતન્ય ની સાથે એકરસ થઇ ગયું.અને ત્વચા તથા રુધિર-આદિ
ધાતુઓ પોતપોતાના કારણોમાં રહ્યા.આમ,મુનિ શાંત થતાં,સઘળું પોતપોતાના સ્વરૂપ માં જ રહ્યું.

હે રામ,ઘણા વિચારોથી શોભતી,આ વીતહવ્યમુનિ ની કથા મેં તમને કહી સંભળાવી,
હવે તમારી બુધ્ધિથી,આ કથાનું વિવેચન કરો.પોતાની વિચાર-શક્તિ થી વૃધ્ધિ પામેલી-એવી બુધ્ધિથી,
સારભૂત તત્વનું અવલોકન કરીને તેમાં જ રહો,અને જીવનમુક્ત બનીને યોગ્ય વ્યવહારને નિભાવો.

હે રામ,જે આ સઘળું મેં તમને કહ્યું,હમણાં જે તમને કહું છું અને હવે પછી જે તમને કહીશ,
તે સઘળું,,હું કે જે ત્રિકાળદર્શી છું અને ચિરંજીવ છું,તેણે (એટલે કે મેં)
સંપૂર્ણ રીતે પોતાની રીતે વિચારેલું છે અને સંપૂર્ણ-પણે અનુભવ્યું છે.
માટે,આ નિર્મળ વિચારનું અવલંબન કરીને ઉત્તમ જ્ઞાનને મેળવો.કેમ કે જ્ઞાનથી જ મુક્તિ મળે છે,
જ્ઞાનથી જ દુઃખ દુર થાય છે,જ્ઞાનથી જ અજ્ઞાનનો ક્ષય થાય છે,અને જ્ઞાનથી જ પરમ સિધ્ધિ મળે છે.
હે રામ,સઘળા લાભો જ્ઞાન સિવાય બીજા કોઇ સાધનથી મળતા નથી,મહામુનિ વીતહવ્યે જ્ઞાનથી જ સઘળી
આશાઓ સંપૂર્ણ રીતે કાપી નાખીને,ચિત્ત-રૂપી સઘળા પર્વતને કાપી નાખ્યો હતો.

વસિષ્ઠ કહે છે કે-"વીતહવ્યે પોતાના હૃદયમાં અનુભવેલા,સંકલ્પમય જગતની અંદરના સૂર્યના "પિંગલ"
નામના પાર્ષદે,આ જગતની પૃથ્વીની અંદર રહેલા તે મુનિનું શરીરનું બહાર કાઢવું કેમ સંભવે?"
કે, "સ્વપ્નની કોદાળીથી જાગ્રત ની પૃથ્વી ખોદાવી સંભવે કેવી રીતે?"
એવી કોઇ શંકા રાખશો નહિ,કેમ કે,વીતહવ્ય ના જીવાત્માએ જે સંકલ્પમય જગતનો અનુભવ કર્યો હતો,
તે આ જગત હતું કે જે આપણા જોવામાં આવે છે.
આપણી આંખોથી જોવામાં આવે એવા જે,વીતહવ્ય મુનિ હતા,તે આપણું "મન" જ હતું.

કેમ કે આપણું મન જ "તું અને હું" વગેરે રૂપે દેખાય છે.
જે મન છે તે જ આ સઘળું જગત છે.માટે તેમાં ભિન્ન-કે અભિન્ન-પણું શું હોય?

હે રામ,અવિદ્યા-વગેરે સઘળા મળોથી,ઇન્દ્રિયો-રુપી વિકારોથી,ત્રણે દેહ-રૂપી ઉપાધિઓથી,
તથા પ્રિય-વગેરે "સંગો" થી રહિત થયેલા પરમાર્થને પરિપૂર્ણ રીતે જાણી ચુકેલા,અને,
જેના રાગ-દ્વેષ ક્ષીણ થયા હતા તથા શોક શાંત થયો હતો -
એવા વિવેકી વીતહવ્ય મુનિ લાંબા કાળ સુધી કરેલા શ્રવણ-મનન-આદિના અભ્યાસોથી,
પોતાના સ્વ-ભાવ-રૂપ-નિર્મળ-પદ ને પ્રાપ્ત થયા.

## (૮૯) જ્ઞાનીઓના શરીરને હિંસક પ્રાણીઓ અડચણ કરતાં નથી

વસિષ્ઠ કહે છે કે-હે રામ, તમે પણ વીતહવ્યની જેમ અંતઃકરણ માં તત્વજ્ઞાન મેળવીને,
સર્વદા રાગ,ભય અને ઉદ્વેગથી રહિત જ થઇને રહો.
જેમ વીતહવ્યે શોકને છોડી દઈને ત્રીસ હજાર વર્ષ સુધી સુખથી વિહાર કર્યો હતો,
તેમ તમે પણ,શોક ત્યજી દઈને લાંબા કાળ સુધી વિહાર કરો.

હે મોટી બુધ્ધિવાળા રાજકુમાર,બીજા પણ મહાબુધ્ધિમાન તત્વજ્ઞ મુનિઓ જેવી રીતે રહ્યા હતા,
તે જ રીતે તમે તમારા દેશમાં રહો.આત્મા,સર્વમાં રહેલો હોવા છતાં પણ,કદી સુખ-દુઃખને વશ થતો નથી,
માટે વૃથા શોક શા માટે કરો છો? આ પૃથ્વીમાં આત્માને જાણનારા ઘણાઘણા મહાત્માઓ વિહાર કરે છે,
પણ તેઓ કંઇ તમારી પેટે દુઃખને વશ થતા નથી.
હે રામ, તમે સમતાવાળા થાઓ,મનથી સર્વનો ત્યાગ કરનારા થાઓ,સ્વસ્થ થાઓ અને સુખી થાઓ.
તમે સર્વમાં વ્યાપક છો,તમે જ આત્મા છો,તમને પુનર્જન્મ છે જ નહિ.
તમારા જેવા જીવનમુક્ત પુરુષો કદી હર્ષ-શોકને વશ થાય જ નહિ.

રામ કહે છે કે-હે પ્રભુ,મારો અહી સંશય એ છે કે-જીવનમુક્ત થયેલા તત્વવેત્તાઓમાં,
આકાશમાં ગતિ કરવી-વગેરે સિદ્ધિઓ કેમ થતી નથી? અને થતી હોય તો તે કેમ જોવામાં આવતી નથી?

વસિષ્ઠ કહે છે કે-હે રામ,આકાશમાં ગમન કરવું વગેરે જે સિદ્ધિઓ છે તે દેવતાઓને સ્વાભાવિક જ છે-
એમ પ્રમાણ થી સિદ્ધ થયું છે.જે જે વિચિત્ર ક્રિયાઓ નો સમૂહ (આકાશમાં ગમન કરવું વગેરે) જોવામાં આવે
છે,તે ઘણું કરીને તે તે યોનિઓ નો (અહી દેવોનો) સ્વભાવ જ છે તેમ જણાય છે.
જેમ કે-તમે જુઓ છો કે મચ્છરો -આકાશમાં ઉડતા દેખાય છે-તે મચ્છરની જાતિનો સ્વભાવ છે.
આત્મવેત્તાઓને આવી સિદ્ધિઓની (દેવોના જેવી આકાશમાં ગમન કરવાની) ઈચ્છા જ હોતી નથી.

વળી, હે રામ,આત્મજ્ઞાન વિનાનો-અમુક્ત-મનુષ્ય પણ ઔષધ આદિ પદાર્થોની શક્તિથી,મંત્રોની શક્તિથી,
કે યોગાભ્યાસ-આદિ ક્રિયાઓથી આકાશમાં ગતિ કરવી-વગેરે સિદ્ધિઓ મેળવે છે.
આ સિદ્ધિઓ તુચ્છ પદાર્થો જ છે.માટે આત્મજ્ઞાની ને તેની ઇચ્છા થવી સંભવે જ નહિ.

આત્મજ્ઞાની પુરુષ પોતાને બ્રહ્મતત્વ પ્રાપ્ત થયેલું હોવાને લીધે,પોતાથી પોતાનામાં જ તૃપ્ત હોય છે,
માટે તે પુરુષ અજ્ઞાનથી કલ્પેલી,સિદ્ધિઓ-રૂપી તુચ્છ ફળોને ઇચ્છે જ નહિ અને તેને અનુસરે પણ નહિ.
જગત સંબંધી જે જે પદાર્થો છે તે સઘળા અવિદ્યામય જ છે-માટે જેણે અવિદ્યા છોડી દીધેલી છે,એવો
આત્મવેત્તા પુરુષ એ પદાર્થોમાં આસક્ત થાય જ કેમ?

જેઓ અવિદ્યાને પણ સુખ-રૂપ ગણીને મંત્ર-આદિ-સાધનોની યુક્તિઓથી તેને (સિદ્ધિઓને) મેળવે છે.
તેઓ અજ્ઞાનીઓ કહેવાય છે-આત્મવેત્તા પુરુષો કદી પણ એવા અજ્ઞાની હોતા નથી.
જ્ઞાની હોય કે અજ્ઞાની હોય-પણ જે પુરુષ ઔષધ-મંત્ર-આદિ પદાર્થો થી કે યોગાભ્યાસ -આદિ ક્રિયાઓથી,
અનુક્રમે લાંબા કાળ સુધી યત્ન કરે તો-તેને આકાશમાં ગમન -કરવાની શક્તિ -આદિ સિદ્ધિઓ પ્રાપ્ત થાય તેમાં સંશય નથી.પરંતુ જ્ઞાની પુરુષ તો સર્વ જગતથી ન્યારો થયેલો,તૃષ્ણાઓ વિનાનો અને પોતાનામાં જ સંતોષ પામેલો હોય છે,માટે તે સિદ્ધિઓ માટે યત્ન કરતો નથી કે ઈચ્છા પણ રાખતો નથી.

જ્ઞાની પુરુષને આકાશમાં જવાની જરૂર જ રહેતી નથી,કે બીજી સિદ્ધિઓની પણ જરૂર હોતી નથી.
તે ભોગોને ઈચ્છતો નથી,નિગ્રહ-અનુગ્રહ કરવાની શક્તિ ધરાવતો નથી,તેને મન ની ઈચ્છા હોતી નથી,
તે આશા રાખતો નથી,મરણને પણ વશ થતો નથી કે જીવવાની ભાવના પણ તેને હોતી નથી.
સર્વદા તૃપ્ત રહેનારો,શાંત મનવાળો,રાગથી તથા વાસનાઓથી રહિત થયેલો -
એ આકાશની પેઠે નિર્લેપ રહેનારો-જ્ઞાની પુરુષ તો "સ્વ-રૂપ" માં જ રહે છે.

કોઈ સુખ-દુઃખ અચાનક આવી પડે કે જન્મ-મરણ થાય તો પણ તત્વવેત્તા પુરુષ પોતાની સ્વાભાવિક તૃપ્તિને છોડતો નથી.પ્રારબ્ધના ક્રમથી આવી પડેલી,અનુકુળ કે પ્રતિકુળ વસ્તુઓથી જ્ઞાની પુરુષ હર્ષ-શોકને પ્રાપ્ત થતો નથી.તે તો અખંડાકાર વૃત્તિ-રૂપી ચંદનથી આત્માનું પૂજન જ કર્યા કરે છે.
તત્વવેત્તા પુરુષને કોઈ ક્રિયા કરવાનું કે કોઈ ક્રિયા નહિ કરવાનું કોઈ પ્રયોજન જ હોતું નથી,
અને તે પુરુષને સર્વ પદાર્થોમાં કોઈ પ્રકારે પ્રયોજનની અપેક્ષા હોતી જ નથી,

જે પુરુષને આત્મજ્ઞાનનો લેશ પણ ના હોય,તે પુરુષ પણ જો સિધ્ધિઓને ઈચ્છે,
તો સિદ્ધિઓ આપનાર પદાર્થોની ગોઠવણ કરવાથી,અનુક્રમે સિદ્ધિઓ મેળવી શકે છે.
"મણિ-મંત્ર -આદિથી તેને યુક્તિથી  ગોઠવવાથી આવી સિદ્ધિ પ્રાપ્ત થાય છે" એવો નિયમ નો ક્રમ છે.
આવા પ્રકારના જે નિયમનો ક્રમ છે તે ક્રમ સદાશિવ આદિ મોટા દેવતાઓથી પણ ફોક કરી શકતો નથી.

હે રામ,આકાશમાં ચાલી શકવું-વગેરે જે સિદ્ધિઓ છે,
તેઓ ઔષધ આદિ દ્રવ્યોના,કાળોના,ક્રિયાઓના,તથા મંત્રોના પ્રયોગોની સ્વાભાવિક "શક્તિ"ઓ જ છે.
આત્મજ્ઞાન કે જે -એ દ્રવ્યો અને કાળોના તથા ક્રિયાઓના ક્રમ-રૂપ (અવિદ્યાના) નિયમથી અલગ છે.
તે એ આકાશમાં જવાની આદિ શક્તિઓને (સિદ્ધિઓને) આપનાર નથી-
કે તે સિદ્ધિઓને ટાળી નાખનાર પણ નથી.

સિદ્ધિઓ કે સિદ્ધિઓ મેળવવાની યુક્તિઓ,કે શક્તિઓ-એ કોઈ પણ-પરમાત્માની પદવીની પ્રાપ્તિમાં સહાય-રૂપ થનાર નથી.જે પુરુષને કોઈ પ્રકારની ઈચ્છા હોય -તે જ સિદ્ધિ મેળવવાનો પ્રયત્ન કરે છે.
પણ આત્મજ્ઞાની તો પૂર્ણ જ હોય છે માટે તેને કોઈ પણ પદાર્થમાં કે ક્યાંય પણ કશી ઈચ્છા જ હોતી નથી,
કે જે ઇચ્છાથી તે સિદ્ધિ મેળવવા માટે પ્રયત્ન કરે.

આત્માના લાભનો ઉદય,સઘળી ઇચ્છાઓની જાળની બિલકુલ શાંતિ થાય ત્યારે જ થાય છે,
માટે આત્મજ્ઞાની,પુરુષને તે આત્મ-લાભથી વિરુદ્ધ ની ઈચ્છા જ  કેમ થાય?
આમ,તત્વવેત્તા પુરુષ પોતે ઈચ્છા વિનાનો હોવા છતાં,જો,"કૌતુક" થી સિદ્ધિઓ મેળવવાનો નો પ્રયત્ન કરે -
તો તેને પણ સિદ્ધિઓ અવશ્ય પ્રાપ્ત થાય છે-
કેમ કે જે પ્રકારની ઈચ્છા થાય તે પ્રકારને અનુસરતો યત્ન કરવાથી,
અજ્ઞાની કે જ્ઞાની ને પણ સમયસર સિદ્ધિઓ પ્રાપ્ત થાય જ છે.
વીતહવ્ય મુનિ ને કેવળ જ્ઞાની જ ઇચ્છા હતી,તેથી તેમણે સિદ્ધિઓ માટે યત્ન કર્યો જ ન હતો.

હે રામ નિરંતર તૃપ્ત રહેનારા આત્માનું જ અનુસંધાન કરનારા અને પરમ પ્રેમના સ્થાનરૂપ-આત્મસુખ ને પામેલા મહાત્મા તત્વવેત્તાઓને સિધ્દ્રિઓ કંઇ પણ ઉપયોગી લાગતી નથી.

રામ કહે છે કે- હે મહારાજ,ગુફામાં રહેલા તે વીતહવ્યના શરીરને સિંહ-આદિ હિસક પશુઓ કેમ ખાઇ ગયાં નહિ? અને તે શરીર ધરતીના ગર્ભમાં સડી ગયું કેમ નહિ? વનમાં ગયેલા તે મુનિ તરત જ વિદેહમુક્તિ પામ્યા નહિ,પણ પાછો એ શરીરમાં કેટલોક વિહાર કર્યા પછી વિદેહમુક્તિને પામ્યા,તેનું કારણ શું?

વસિષ્ઠ કહે છે કે-હે રામ,જે જીવાત્મા,વાસના-રૂપી-મેલા દોર થી ખુબ જ વીંટળાયેલો હોય,
તે જીવાત્મા જ આ સંસારમાં સુખ-દુઃખોની દશાઓ-રૂપી બળતરાઓ ભોગવે છે.
જે જીવાત્મા વાસનાઓથી રહિત અને શુધ્ધ ચૈતન્ય-માત્ર થયેલ હોય છે તેનું શરીર જેમ હોય તેમનું તેમ રહે છે.
અને તે શરીરનું છેદન-ભેદન કરવામાં કોઇ સમર્થ ન થતા નથી.
એ વિષયમાં હું બીજી પણ એક વાત કહું છું તે તમે સાંભળો.

ચિત્ત જયારે જે જે પદાર્થમાં પડે છે ત્યારે તુરત જ તે પદાર્થમય થઇ જાય છે.એ નિયમ છે.
તમે જુઓ કે-આપણું ચિત્ત જયારે આપણા કોઈ શત્રુને જુએ છે-ત્યારે જાણે-તે શત્રુના હ્રદયમાં રહેલા દ્વેષના પ્રતિબિંબ-વાળું થયું હોય-તેમ દ્વેષ-રૂપી વિકારને પ્રાપ્ત થાય છે અને-
જયારે આપણે આપણા કોઈ મિત્રને જોઇએ છીએ ત્યારે  તે મિત્રના હ્રદયમાં રહેલી પ્રીતિના પ્રતિબિંબ વાળું થયું હોય તેમ પ્રીતિના વિકારને પ્રાપ્ત થાય છે.આ વાત આપણે સઘળાએ અનુભવેલી છે.

ઝાડ,પર્વત અને પરદેશી માણસ -આપણી પર રાગ-દ્વેષથી રહિત હોય છે-તો એમને જોઇને,
આપણું ચિત્ત પણ રાગ-દ્વેષથી રહિત જ રહે છે.એ વાત પણ આપણે સઘળાએ અનુભવેલી છે.
વળી,ખાવામાં આવતા જે જડ પદાર્થો છે-તેઓના ગુણ-દોષના પ્રતિબિંબો પણ આપણા ચિત્તમાં પડે છે.
જેમકે-મીઠો પદાર્થ જોવામાં આવતાં આપણું મન તેને લેવા માટે ચપળ બને છે,
પણ રસ વિનાનામાં આપણું ચિત્ત કોઈ પણ સ્પૃહા રાખતું નથી.

આ રીતે જ યોગીનું શરીર કે જે રાગ-દ્વેષ-વિનાના જીવન વિલાસ-વાળું હોય છે-તેના પર જયારે હિસક પ્રાણીઓનું ચિત્ત પડે છે-ત્યારે તે પ્રાણીઓનું ચિત્ત પણ તુરત જ રાગ-દ્વેષથી રહિત થઇ જાય છે,
માટે હિસક પ્રાણીઓ યોગીના શરીરને કંઇ અડચણ કરતા નથી.
અને એજ પ્રાણી તે યોગીના શરીરથી દુર જાય છે ત્યારે તે ફરીથી હિસકપણા ને પ્રાપ્ત થાય છે,
કેમ કે,જેવા પ્રકારનો પદાર્થ  જોવામાં આવે તે પ્રકારે જ ચિત્ત થઈ જાય છે.
આ જ કારણથી હિસક પ્રાણીઓએ વીતહવ્યના શરીરને છેદી નાખ્યું નહોતું.

હવે તમારા બીજા પ્રશ્નનો જવાબ એ છે કે-
આત્મ-રૂપ "અનુભવ"-એ સત્તા-સામાન્ય-રૂપે,કાષ્ઠ,પથરા-આદિ સર્વ જડ પદાર્થોમાં પણ રહેલો હોય છે.
જેમ,સૂર્યનું પ્રતિબિંબ સઘળા પદાર્થોમાં પડે છે,
પણ કેવળ જળ-આદિ પદાર્થોમાં જ ચંચળ અને ચકચકિત દેખાય છે,
તેમ, આત્મા-રૂપ અનુભવ સર્વ પદાર્થોમાં રહેલો હોય છે.
પણ કેવળ લિંગ-શરીરો માં જ તે ચંચલ અને ચકચકિત દેખાય છે.

વીતહવ્યનું શરીર તત્વબોધ અને સમાધિથી નાશ પામ્યા જેવું થઇ જતાં,
તેના સ્થૂળ શરીરમાં રહેલો આત્મા-રૂપ "અનુભવ",
પૃથ્વી,જળ,વાયુ અને અગ્નિમાં રહેલા આત્મા-રૂપ "અનુભવ" જેવો નિર્વિકાર થઇ ગયો હતો.
તેથી તે મુનિનું શરીર સડી ગયું નહોતું.

હે રામ,આ વિષયમાં બીજું પણ હું તમને કહું છું તે તમે સાંભળો.
જે ગતિ-રૂપ વિકાર છે તે નાશનું કારણ છે.
એ ગતિ-રૂપ-વિકાર ચિત્ત-કે-વાયુ થી થાય છે.એમ વ્યવહારમાં પ્રસિદ્ધ છે.
પ્રાણવાયુઓ જે પોતપોતાની ક્રિયાઓ કરે છે-તે તેની ગતિ છે.
વીતહવ્યના શરીરમાં યોગ-ધારણાથી પ્રાણવાયુઓની ગતિ શાંત  થઇ જતાં,
તે પ્રાણવાયુઓ પથરા જેવા દૃઢ થઇ ગયા હતા,તેથી તે મુનિનું શરીર નષ્ટ થયા વિનાનું રહ્યું હતું.

જેના,હાથ-પગ-આદિ બહારના તથા પ્રાણ-આદિ અંદરના ભાગો સહિત-દેહમાં,
ચિત્ત તથા વાયુ થી થતો,ગતિ-રૂપી વિકાર ના હોય,તેના દેહથી વૃધ્ધિ-ક્ષય-આદિ વિકારો દુર જ રહે છે.
હે રામ,દેહના બહારના તથા અંદરના ભાગોમાં ગતિ શાંત થઇ જાય,
ત્યારે તે દેહમાં ત્વચા-આદિ ધાતુઓ કદી પણ પોતાની પહેલાંની અવસ્થાને છોડી દેતી નથી.
ચિત્ત તથા  વાયુથી થતું દેહનું હલન-ચલન બંધ થઇ જતાં,સ્તબ્ધ થઇ ગયેલ-ત્વચા-આદિ ધાતુઓ,
મેરુ-પર્વત જેવી સ્થિરતા અને દૃઢતા ને પ્રાપ્ત થાય છે.

આ લોકમાં આપણા જોવામાં આવે છે કે-પ્રાણાયામ  આદિથી,ધીર-પુરુષોનું હલનચલન શાંત થઇ જાય છે,
ત્યારે તેઓનાં અંગો લાકડાના જેવાં દૃઢ અને શબનાં અંગો જેવાં સ્થિર થઇ જાય છે.
હે રામ,આ કારણને લીધે,યોગીઓનાં શરીરો હજારો વર્ષો સુધી -સડી જતાં નથી.

હવે,તમારા "વીતહવ્ય તે જ સમયે દેહનો ત્યાગ કરી વિદેહમુક્ત કેમ ના થયા?" તેનો જવાબ આપું છું.
રાગથી રહિત થયેલા,બ્રહ્મને સંપૂર્ણ  રીતે જાણી ચૂકેલાઅને જેનું દેહાભિમાન છૂટી ગયેલું હોય છે-
એવા જે જે મહાત્માઓ હોય છે-તેઓ પોતાના દેહમાં સ્વતંત્ર જ રહે છે.એ મહાત્માઓનો જીવાત્મા જયારે
અવશેષ રહેલા,પ્રારબ્ધને ભોગવવાને માટે પ્રવૃત્ત થાય છે,ત્યારે જીવનમુક્ત થયા પહેલાં કે પછી કરવામાં આવેલાં
કર્મો અથવા વાસના,કે પછી ઈશ્વર -એમાંથી કોઈ પણ એને અટકાવવાને સમર્થ થતું નથી.

હે રામ,માટે તત્વવેત્તાઓનો જીવાત્મા પ્રારબ્ધના અવશેષ રહેલા ભોગોને જયારે અકસ્માત ભોગવવાને ધારે છે-
ત્યારે જે જે ઇચ્છે છે તે તુરત જ કરી શકે છે,વીતહવ્યના જીવાત્માએ,કાકતાલીય રીતિથી તે સમયે જીવવાનું જ
ધાર્યું હતું,તેથી તેણે જીવનને જ તુરત દૃઢ કરી દીધુ હતું.
જ્યારે પ્રારબ્ધના ભોગ પૂરા થઇ રહેતાં,તેમના જીવાત્માએ વિદેહમુક્તિની ધારણા કરી,
ત્યારે તે જીવાત્મા વિદેહમુક્ત થઇ ગયો-કેમ કે તેની સ્થિતિ સ્વતંત્ર હતી.

વાસનાઓથી અને પાશોથી રહિત થયેલો અને વાસ્તવિક આત્મ-સ્વ-ભાવથી પ્રકાશિત થયેલો જીવાત્મા જે જે
ઈચ્છે છે-તે તે ક્ષણમાત્રમાં થાય છે,કેમ કે-તે જીવાત્મા પોતે સર્વ-શક્તિઓથી સંપન્ન પરમાત્મા જ થયેલો હોય છે.

## (૯૦) સરૂપ અને અરૂપ ચિત્ત-નાશ

વસિષ્ઠ કહે છે કે-હે રામ,જયારે  વિચારથી ચિત્તનો નાશ થયો
ત્યારે વીતહવ્ય મુનિને મૈત્રી આદિ ગુણો પ્રાપ્ત થયા હતા.

રામ કહે છે કે-હે મહારાજ,ચિત્ત, બ્રહ્મમાં અસ્ત પામ્યા પછી,મૈત્રી આદિ ગુણો કોને પ્રાપ્ત થાય છે?
અને તેઓ શામાં સ્ફુરે છે? તે મને કહો.એ ગુણો નાશ પામેલા ચિત્તને થાય છે કે-અધિષ્ઠાન ને થાય છે?
અને તે ગુણો જીવમાં કે અધિષ્ઠાનમાં સ્ફુરે છે? કેમ કે આપે કહ્યું હતું તેમ,
ઝાંઝવાનાં પાણીની નદી,નાશ પામ્યા પછી તેને શીતળતા-આદિ ગુણો સંભવતા નથી.
અને નિર્જળ ભૂમિને પણ તેવા ગુણો સંભવતા નથી-એ ગુણોનું જેમાં સ્ફુરણ થાય એવું કંઈ પણ સંભવતું નથી.

વસિષ્ઠ કહે છે કે-હે રામ,સરૂપ અને અરૂપ-એમ બે પ્રકારે ચિત્તનો નાશ થાય છે.
જીવનમુક્તિ થી ચિત્તનો જે નાશ થાય છે-તે સરૂપ (ચિત્તના કંઇક પ્રતિભાસ વાળો) થાય છે.અને,
વિદેહમુક્તિથી ચિત્તનો જે નાશ થાય છે-તે અરૂપ (ચિત્તના લેશમાત્ર પ્રતિભાસ થી રહિત) થાય છે.
આ સંસારમાં ચિત્તનું હોવું દુઃખ આપનારું જ છે અને ચિત્તનો નાશ સુખ આપનારો થાય છે.
ચિત્તની સત્તાનો ક્ષય કરીને ચિત્તનો નાશ કરી નાખવો જોઇએ.

જે ચિત્ત,અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી વાસનાઓની જાળોથી વ્યાપ્ત હોવાને લીધે,પુનર્જન્મ નું કારણ થઇ પડે -
એવું હોય તે ચિત્તને તમે સતા-વાળું સમજો.એ સત્તા-વાળું ચિત્ત કેવળ દુઃખ-દાયી જ હોય છે.
અનાદિ-કાળના અધ્યાસને લીધે,પ્રાપ્ત થયેલા દેહાધિકના ધર્મોને જે ચિત્ત "મારાં છે" એમ માની લે-
તે ચિત્તને સત્તા-વાળું સમજવું.અને આ સત્તાવાળું ચિત્ત જ અજ્ઞાની,દુઃખિત,અને જીવ કહેવાય છે.
અને જ્યાં સુધી ચિત્તની સત્તા હોય ત્યાં સુધી દુઃખનો ક્ષય થાય જ ક્યાંથી?
ચિત્ત નાશ પામે છે ત્યારે જ સંસાર અસ્ત પામે છે.

રામ કહે છે કે-હે મહારાજ,કોના ચિત્તને નષ્ટ થયેલું ન સમજવું? નષ્ટ થયેલું ચિત્ત કેવું હોય છે?
ચિત્તનો નાશ કેવા પ્રકારનો થાય છે? અને ચિત્તની સ્થિતિ શાથી રહે છે?

વસિષ્ઠ કહે છે કે-હે રામ,ચિત્તની સ્થિતિ અજ્ઞાનથી થતી વાસનાઓની જાળોથી રહે છે-એ હું કહી ચૂક્યો છું.
હવે ચિત્તના નાશ વિષે કહું છું તે તમે સાંભળો.

જેમ,પર્વતને શ્વાસના પવનો ડોલાવી શકતા નથી,તેમ,જે ધીર પુરુષને,સુખ-દુઃખોની દશાઓ-
આત્માના અનુસંધાનમાંથી દૂર કરી શકે નહિ-તેના ચિત્તને નષ્ટ થઇ ગયેલું સમજવું.
"આ દેહ હું છું,અને દેહથી ન્યારું જે સર્વ છે-તે હું નથી"
એવી રીતની ભાવના જે પુરુષને નીચ ન કરી નાખે-તેનું ચિત્ત નષ્ટ થઇ ગયેલું કહેવાય.
આપદા (મુશ્કેલીઓ),કંગાળપણું,ઉત્સાહ,મદ,માંદાપણું,અને મહોત્સવ-
જેના મુખ ના વર્ણને (ફેરફારને) દબાવી શકે નહિ,તેના ચિત્તને નષ્ટ થયેલું સમજવું.

હે રામ,ચિત્તનો નાશ આવા પ્રકારનો સમજવો.જીવનમુક્ત પુરુષના ચિત્તના નાશની દશા આવા પ્રકારની હોય છે.
દૃશ્ય પદાર્થોને ભ્રાંતિથી સાચા સમજીને,તેનું મનન કરવામાં આવે છે-એ મૂઢતા જ છે એમ સમજો.
એ મૂઢતા જયારે નષ્ટ થઇ જાય ત્યારે "ચિત્તનાશ" એ નામ ધરાવનારો ઉત્તમ સ્વભાવ ઉદય પામે છે.

હે રામ,આવા પ્રકારનો ચિત્ત-નાશ કે જે જીવનમુક્ત પુરુષોના સ્વભાવ-રૂપે હોય છે-
તેને જ કેટલાક પુરુષો,"ચિત્ત" (સત્વ ચિત્ત) એવું નામ આપે છે.
આવા સ્વભાવ-વાળું,જીવનમુક્તનું ચિત્ત,મૈત્રી આદિ ગુણોથી યુક્ત થાય છે, ઉત્તમ વાસનાવાળું થાય છે,
અને પુનર્જન્મના સંબંધથી રહિત થાય છે-તેવા એ ચિત્તને "સત્વ" એ નામથી કહેવામાં આવે છે.
જેમ,વસંતમાં મંજરીઓ દીપી નીકળે છે,તેમ "સત્વ" નામ ધરાવતા
ચિત્તમાં મૈત્રી આદિ ગુણોની સંપત્તિઓ ખીલી ઉઠે છે.

હે રામ,મેં જે ચિત્તનો "અરૂપ" નાશ કહ્યો-એ તો વિદેહમુક્ત ને જ થાય છે,
કારણકે તેનું ચિત્ત,અત્યંત નાશ થવાથી,આભાસ-રૂપે પણ રહેતું નથી.એટલે કે-
જીવનમુક્તિના સમયમાં મૈત્રી-વગેરે ગુણોથી મુક્ત રહેનારું ચિત્ત (સરૂપ) જયારે અત્યંત પવિત્ર નિર્મળ પદ,
વિદેહમુક્તિ ને પ્રાપ્ત થાય છે-ત્યારે જ તે ચિત્ત નો અત્યંત નાશ થઇ જાય છે (અરૂપ)
આમ વિદેહમુક્તિમાં જે "અરૂપ" નામનો ચિત્તનો નાશ થાય છે તેમાં,ચિત્તનો લેશમાત્ર ભાગ બાકી રહેતો નથી.

વિદેહમુક્તિમાં ગુણો પણ રહેતા નથી,દુર્ગુણો પણ રહેતા નથી,લક્ષ્મી પણ રહેતી નથી,ગરીબાઈ પણ રહેતી નથી,ચપળતા પણ રહેતી નથી,ઉદય કે અસ્ત પણ રહતો નથી,હર્ષ કે ક્રોધ પણ રહેતો નથી, અંધારું કે અજવાળું,રાત કે દિવસ,કે દિશાઓ,આકાશ,પાતાળ,અનર્થો,વાસનાઓ,તૃષ્ણા,વૈરાગ્ય,આસક્તિ, પ્રિય કે અપ્રિય-આમાંનું કશું પણ રહેતું નથી.

એ વિદેહમુક્તિનું પદ કોઈ કર્માદિને પ્રાપ્ત થતું નથી,અને આ પદ,જીવનમુક્ત લોકોને - <u>પ્રારબ્ધના ક્ષયને અંતે જ પ્રાપ્ત થાય છે</u>.પૂર્ણ શુધ્ધ આકાશની તે વિદેહમુક્તને ઉપમા આપી શકાય. જેમ,પવનોનું મોટું સ્થાન આકાશ છે,તેમ સંસારના,આડંબરના,તથા બુધ્ધિના પારને પામેલા, તત્વવેત્તાઓનું એ "વિદેહમુક્તિ" નામનું પદ મોટું સ્થાન છે.

એ પદ કે જે દુઃખોથી અત્યંત રહિત છે,ચેતન હોવા છતાં,પણ ક્રિયાઓથી રહિત છે,આનંદ-રૂપ છે,અને રજોગુણ,તમોગુણ કે સત્વગુણ થી પણ રહિત છે.તેમાં ચિત્તના અંશથી પણ,અત્યંત રહિત થયેલા, એ બ્રહ્મ-સ્વ-રૂપ ને પામેલા વિદેહમુક્ત મહાત્માઓને વિદેહમુક્ત જ કહે છે.

## <u>(૯૧) શરીરનું અને ચિત્તનું બીજ પ્રાણચલન તથા વાસના છે</u>

રામ કહે છે કે-જરા તથા મરણ-રૂપી ગાંઠોવાળી,સુખ-દુઃખ-રૂપી ફળોની પંક્તિઓ વાળી,અત્યંત દૃઢ મૂળોવાળી, અને મોહ-રૂપી જળથી સિંચાયા કરતી આ સંસૃતિ (જીવોની યોનિઓ રૂપે ગતિ) રૂપી, દ્રાક્ષની લતાનું બીજ કોણ છે અને બીજનું બીજ કોણ છે? અને એ બીજના બીજનું બીજ કોણ છે? હે મહારાજ,બોધની વૃધ્ધિને માટે અને જ્ઞાનના સારભૂત-બ્રહ્મ-પણા-ની સિધ્ધી ને માટે આપ <u>ફરીથી મને આ સઘળું જ્ઞાન-સાર-રૂપે સંક્ષેપમાં કહો.</u>

વસિષ્ઠ કહે છે કે-હે રામ,જેની અંદરના લિંગ-દેહમાં અનંત વિચિત્ર કાર્યો કરનારા, શુભાશુભ કર્મો-રૂપી-મોટા અંકુરો રહ્યા છે તેવું <u>"શરીર"</u>-જ સંસૃતિ-રૂપી દ્રાક્ષની લતાનું બીજ છે.એમ સમજો. તે શરીરનું બીજ <u>"ચિત્ત"</u> છે,કે જે ચિત્ત,સંપત્તિ-વિપત્તિની દશાઓ અને દુઃખના ભંડાર-રૂપ છે. આ ભૂત,ભવિષ્ય અને વર્તમાન -શરીરો ચિત્તથી જ ઉદય પામે છે.

"ચિત્તથી શરીરનો ઉદય થવો કેમ સંભવે?" એવી શંકા રાખવી નહિ, કેમ કે સ્વપ્નાવસ્થામાં ચિત્તથી જ શરીરનો ઉદય થતો આપણા સર્વના અનુભવમાં આવે જ છે. હે રામ,જેમ ઘડા તથા કુંડાં-આદિ પદાર્થો માટી નું જ રૂપ છે, તેમ જે કંઈ આ મોટા આડંબર-વાળું જગત જોવામાં આવે છે,તે પણ ચિત્તનું જ વિશાળ-રૂપ છે.

વૃત્તિઓ-રૂપી-શાખાઓને ધરનારા,એ ચિત્ત-રૂપી-વૃક્ષનાં-<u>"પ્રાણનું ચલન અને દૃઢ વાસના" એ બે બીજ</u> છે. જ્યારે પ્રાણ નાડીઓનો સ્પર્શ કરી,ગતિ કરવા લાગે છે-ત્યારે તરત જ શરીરની અંદર વ્યાપીને રહેલો - "આત્મા-રૂપી-સામાન્ય-અનુભવ" અમુક અંશથી ચિત્ત-રૂપે ગોઠવાઈ જાય છે.

જ્યાં સુધી,પ્રાણ,નાડીઓના માર્ગોના છિદ્રો માં ગતિ કરવા લાગતો નથી,ત્યાં સુધી વિષયોના સંસ્કારો - જાગ્રત ન થવાને લીધે "સામાન્ય-અનુભવ" (આત્મા) ની અંદર ચિત્ત-રૂપી વિકાર થતો નથી. પ્રાણની જે ગતિ છે-તે જ ચિત્ત-રૂપી-દ્વારથી "જગત" એ નામને પ્રાપ્ત થઈને બહાર દેખાય છે-એમ પણ કહેવાય છે.

જેમ આકાશનો રંગ (નીલિમા) મિથ્યા જ દેખાય છે-
તેમ,આત્મા.પ્રાણ,ચિત્ત,અને જગત -એ સર્વે મિથ્યા જ દેખાય છે.

પ્રાણની ગતિ બંધ પડતાં "સામાન્ય-અનુભવ-રૂપ-આત્મા" માં  ચિત્ત-રૂપી વિકાર નહિ ઉઠવાથી,
એ આત્માનું જે "શાંત-પણું" રહે છે-તે જ "સમાધિ" કહેવાય છે.

પણ,પ્રાણની ગતિ થતાં,"આત્મા-રૂપી-સામાન્ય-અનુભવ"  અમુક અંશમાં ચિત્ત-રૂપ થઈને,
હાથથી પછાડેલા દડાની જેમ ઉછળ્યા કરે છે.
જેમ,વાયુથી ગંધ વિક્ષેપ પામે છે,તેમ સત્ય (બ્રહ્મ કે પરમાત્મા)-એ-
સર્વમાં વ્યાપક અને સૂક્ષ્મથી પણ અત્યંત સૂક્ષ્મ "અનુભવ" એ ઉપર કહ્યા મુજબ વિક્ષેપ પામે છે.
હે રામ,એટલે "અનુભવ" ને વિક્ષેપ થી રહિત રાખવો તે જ પરમ કલ્યાણ છે તેમ સમજો.

જો,આત્મા ચિત્ત-રૂપે ગોઠવાયો કે તરત જ બહારના વિષયોમાં અત્યંત રાગ થી દોડે છે અને દોડીને તે વિષયોનો
ઉપભોગ કરે છે.અને ઉપભોગ કરવાથી તે ચિત્ત-રૂપ થયેલા આત્માને અનંત દુઃખો પ્રાપ્ત થાય છે.
એ ચિત્ત જો બહારના વિષયોમાંથી વિમુખ થઈને,આત્માના બોધને અર્થે,ઉદ્યોગ કર્યા કરે,
તો તેને એ આત્મા ને પામવા યોગ્ય નિર્મળ પદ પ્રાપ્ત થાય છે.

હે રામ, માટે,જો, ચિત્તના બીજ-રૂપ પ્રાણની ગતિથી અને વાસનાઓની પ્રેરણાથી
આત્માને વિક્ષેપ આવવા ના દો-તો તમે મુક્ત જ છો.આત્મામાં  જે વિક્ષેપનું ઉઠવું તે જ ચિત્ત છે.-એમ સમજો.
અને તે ચિત્તે જ  લોકોને દુઃખી કરી નાખનારી આ સંસાર-રૂપી અનર્થોની જાળ પાથરેલી છે- તેમ પણ સમજો.

યોગીઓ ચિત્તની શાંતિને અર્થે જ પ્રાણાયામો તથા ધ્યાનો ના વિધિસર પ્રયોગ કરીને,
પ્રાણની ગતિને રોકે છે.પ્રાણનું રોધન કરવું એ બહુ ઉત્તમ છે.તે આત્માને વિક્ષેપો-રહિત રાખનાર છે,
ચિત્તની શાંતિ-રૂપ ફળ આપનાર છે,અને સમતાનું મોટું કારણ છે.
હે રામ, 'પ્રાણનું ચલન ચિત્તનું (એક) બીજ છે"એ વિષય આમ મેં તમને કહી સંભળાવ્યો.
હવે "વાસના ચિત્તનું બીજું બીજ છે"
એ વિષય કે જે તત્વવેત્તાઓએ પ્રગટ કરેલો છે અને અનુભવેલો છે-તે કહું છું તે તમે સાંભળો.

પૂર્વકાળની દૃઢ ભાવનાને લીધે,દેહ આદિ પદાર્થોને "હું અને મારું" ઇત્યાદિ-રૂપે જે સ્વીકારી લેવામાં આવે-
તે સ્વીકારવું-તે- જો પૂર્વાપરના વિચાર વિનાનું હોય તો તે "વાસના" કહેવાય છે.
હે રામ, વાસનાના તીવ્ર વેગથી જોડાયેલો પુરુષ,પોતાથી જયારે જે વસ્તુનું અનુસંધાન કરે છે,
ત્યારે તુરત,સઘળી સ્મૃતિઓથી રહિત થઇને,તે વસ્તુમય થઇ જાય છે.
વાસનાથી પરવશ થયેલો,અને ધારેલી વસ્તુમય થઇ ગયેલો,
પુરુષ જે વસ્તુને જુએ છે,તે વસ્તુને સાચી માનીને મોહ પામે છે,અને પોતાના સ્વરૂપને ત્યજી દે છે.

ખોટી આસક્તિ વાળો થઇને-મદ્યના મદવાળા મનુષ્યની જેમ -સંસાર-રૂપી વિપરીત દેખાવને જોવા લાગે છે.
જેમ ઝેરથી પરવશ થયેલો,માણસ દુઃખોથી ઘેરાઇ જાય છે,એમ અંદર રહેલી વાસનાથી પરવશ થયેલો,
મનુષ્ય,ખોટી સમજણ વાળો થઇને,દુઃખોથી ઘેરાઇ જાય છે.
અનાત્મામાં આત્માની ભાવના કરવી અને મિથ્યામાં સાચાપણાની ભાવના કરવી-
એ ખોટી સમજણનું સ્વરૂપ છે અને તે જ ચિત્ત છે -તેમ સમજો.

પદાર્થોમાં એવી રીતની જ વાસનાના દૃઢ અભ્યાસથી અત્યંત ચંચળ થયેલું ચિત્ત -
જન્મ,જરા,મરણનું કારણ થાય છે.
જયારે "આ વસ્તુ ત્યાજ્ય છે અને આ વસ્તુ ગ્રાહ્ય છે" એવી કંઈ વાસના જ ના રહે-અને,
જયારે સઘળી અહંતા-મમતાને છોડીને રહેવામાં આવે-ત્યારે આત્મામાં ચિત્ત-રૂપી વિકાર ઉત્પન્ન થતો નથી.
જયારે ચિત્ત વાસનાઓથી રહિત થઇને,કદી કોઇ દ્રશ્યની કલ્પના જ ન કરે,

ત્યારે પરમ ઉપશમ આપનારી,સંકલ્પ-રહિત અવસ્થા ઉદય પામે છે.

આત્મામાં કંઇ પણ સ્ફુરે નહિ-ત્યારે આત્મામાં ચિત્ત ઉત્પન્ન થતું નથી.
જયારે જગત સંબંધી કોઇ પણ વસ્તુનું સ્મરણ જ ન થાય-
ત્યારે સર્વથી રહિત થયેલા આત્મામાં ચિત્ત કેમ જ ઉત્પન્ન થાય?
હે રામ,રાગને લીધે,દ્રશ્ય વસ્તુમાં સાચા-પણાની ભાવના કરવામાં આવે છે-
એટલે જ ચિત્તનું સ્વરૂપ છે એમ હું માનું છું.
બાહ્ય પદાર્થોને યાદ જ ન કરવા-એ નિરોધ-રૂપી યોગથી સઘળાં દૃશ્યોને ભૂલી જઇને,
સાચા આત્મ-સ્વ-રૂપનું જ અવલોકન કરવું,એ ચિત્તની સંકલ્પરહિત અવસ્થા કહેવાય છે.

જીવનમુક્તનું ચિત્ત (ભલે) વૃત્તિવાળું હોય પણ,અંદર રાગ-દ્વેષથી રહિત હોવાને લીધે,શીતળ જ રહે છે,
માટે તે ચિત્ત હોવા છતાં-તે (ચિત્ત) નથી એમ જ કહેવાય છે.
જેને વિષય-રસોની ઉત્કંઠાપૂર્વક સ્મરણથી થતો રાગ જ ન હોય,તેનું ચિત્ત અચિત્ત-પણાને પામેલું કહેવાય છે,
અને "સત્વ" કહેવાય છે.જેને પુનર્જન્મ આપનારી ઘાટી વાસના હોતી નથી.તે પુરુષ જીવનમુક્ત છે.

જેમ કુંભારનો ચાકડો,કામ પૂરું થયા પછી પણ વેગ સમાપ્ત થાય ત્યાં સુધી ફર્યા કરે છે,
તેમ જીવનમુક્ત પુરુષ,અનાત્મા પદાર્થોની વાસના વિનાનો હોવા છતાં પણ-
પ્રારબ્ધનો વેગ -સમાપ્ત થાય ત્યાં સુધી વ્યવહાર કર્યા કરે છે.
જેઓની વાસના વિષયોના સ્વાદથી રહિત થયેલી હોવાને લીધે-ભુંજાયેલા બીજની પેઠે આભાસમાત્ર હોવાથી,
પુનર્જન્મ-રૂપી અંકુરને ઉત્પન્ન કરનારી ન હોય,તેઓ જીવનમુક્ત કહેવાય છે.
જેઓનું ચિત્ત સત્વપણાને પામેલું હોય છે,એવા અને જ્ઞાનના પાર ને પહોંચેલા એ જીવનમુક્ત લોકો
અચિત્ત (ચિત્ત વિનાના) કહેવાય છે.અને તેમના પ્રારબ્ધ નો ક્ષય થાય ત્યારે તેઓ વિદેહમુક્ત થાય છે.

હે રામ,આમ,એક પ્રાણની ગતિ અને બીજી વાસના,એ બે ચિત્તનાં બીજ છે.
એમાંથી એક ક્ષીણ થતાં-તરત જ બંને ક્ષીણ થઇ જાય છે.
જેમ,ઘટાકાશની અંદર જળ ભરાવામાં,ઘડો અને જળાશય (તળાવ) એ બંને મળીને કારણભૂત થાય છે,
પણ જુદાંજુદાં કારણભૂત થતા નથી,
તેમ, પ્રાણની ગતિ અને વાસના બંને મળીને ચિત્તના જન્મના કારણભૂત થાય છે,
પણ જુદાંજુદાં કારણભૂત થતાં નથી.
એકલી વાસના કે એકલી પ્રાણની ગતિ ચિત્તને જન્મ આપે તેમ નથી.
જેમ તલમાં તેલ રહે છે તેમ,પ્રાણની ગતિ વાસના ની અંદર અને વાસનાની અંદર પ્રાણની ગતિ રહે છે.
માટે આ બંને (વાસના અને પ્રાણની ગતિ) સિવાય ત્રીજું કોઇ બીજ નથી-એમ પણ કહી શકાય છે.

બીજી રીતથી જોઇએ તો-એ પ્રાણની ગતિ,તથા વાસના,કે જેઓ એકબીજાના આધાર વિના થનાર નથી.
અને અનુક્રમે- પરસ્પર થી ઉત્પન્ન થાય છે.
તેઓને,પ્રાણને,ઇન્દ્રિયોને તથા તેઓથી થતા આનંદ ને ઉત્પન્ન કરનારું-ચિત્ત જ છે એમ કહી શકાય છે.
(જો કે) એ ચિત્ત આત્માના વિકાર-રૂપ હોવાથી આત્મા-રૂપ જ છે.
પણ, પૂર્વે ભોગવેલો વિષયાનંદ અને વર્તમાન જીવન પણ-
વાસના-રૂપ જ હોવાથી બંને સાથે મળીને ચિત્તને ઉત્પન્ન કરે છે.
અને જેમ ફૂલમાં સુગંધ રહે છે-તેમ પૂર્વે ભોગવેલો વિષયાનંદ,વર્તમાન જીવનમાં રહ્યો છે-
એટલે કે-એમ પણ કહી શકાય કે-વર્તમાન જીવન પૂર્વે ભોગવેલા વિષયાનંદમાં રહ્યું છે.

વાસનાથી પ્રાણની ગતિ થાય  છે,પ્રાણની ગતિથી વાસના  થાય છે અને
આમ,ચિત્તની વાસના અને પ્રાણની (બંનેની) ગતિ થાય છે.(બીજ અને અંકુરના જેવો ક્રમ ચાલ્યો જાય છે)
વાસના પોતે ઉછળી,આત્મામાં ક્ષોભ કરીને પ્રાણની ગતિને જાગ્રત કરે છે-અને- ચિત્ત-રૂપી બાળક જન્મે છે.
તે જ રીતે પ્રાણ પોતે ગતિ કરીને આત્મામાં ક્ષોભ કરીને વાસનાને પ્રેરે છે-અને ચિત્ત-રૂપી બાળક જન્મે છે.

હે,રામ,આ રીતે પ્રાણની ગતિ તથા વાસના ચિત્તના બીજ-રૂપ છે,એમાંથી એક નાશ પામે તે તે બંનેનો નાશ થાય છે.એ ચિત્ત-રૂપી વૃક્ષ,સુખ-દુઃખોની ગતિવાળું,શરીર-રૂપી મોટા ફળવાળું,કાર્યો-રૂપી પાંદડાંવાળું છે,
ક્રિયાઓ-રૂપી લતાઓથી વીંટાયેલું છે,તૃષ્ણા-રૂપી નાગણી ના નિવાસસ્થાન-રૂપી છે,
રાગ અને રોગ-રૂપી બગલાઓના ઘર-રૂપ છે,અજ્ઞાન-રૂપી મૂળવાળું છે,અત્યંત દૃઢ છે અને
ઇન્દ્રિયો-રૂપી પક્ષીઓ ના નિવાસસ્થાન-રૂપ છે.

ચિત્તના બીજ-રૂપ પ્રાણની ગતિ અને વાસના -એ બંનેનું બીજ -શબ્દાદિ-"વિષયો" છે એમ પણ કહી શકાય છે,
કેમ કે-શબ્દાદિ વિષયોથી હૃદયમાં પ્રાણની ગતિનું અને વાસનાનું સ્ફુરણ થાય છે.
જેમ,મૂળના છેદનથી વૃક્ષ તરત નષ્ટ થઇ જાય છે,
તેમ શબ્દાદિ વિષયોના ત્યાગથી પ્રાણની ગતિ અને વાસના મૂળ-સહિત તુરત નષ્ટ થઇ જાય છે.

શબ્દાદિ વિષયોને આત્માથી અભિન્ન ધારવા-એ જ શબ્દાદિ વિષયોનો ત્યાગ છે.
કેમ કે આત્મા જ પોતાના ધીરપણા ને ત્યજી દઇ,શબ્દાદિ વિષયો જેવો થઇને ચિત્તના બીજ-રૂપ થાય છે.
જે આત્મા છે તે જ સંકલ્પથી સ્ફૂરીને પોતાથી પોતામાં જ શબ્દાદિ વિષયો ને દેખે છે.
જેમ સ્વપ્ન માં મરણ -એ-આત્માના પોતાના ચમત્કારથી જ થાય છે,
તેમ જાગ્રતના વિષયો પણ આત્માના પોતાના ચમત્કારથી જ થાય છે.
આત્માને વિવેક-દશામાં જે પોતાના તત્વનું જ્ઞાન થાય છે,તે પણ પોતાના સંકલ્પથી જ થતું હોવાને લીધે,
તે પણ સ્વપ્ન જેવું જ છે.કેમ કે અદ્વિતીય સ્વ-રૂપમાં તત્વજ્ઞાન આદિ કંઇ પણ વાસ્તવિક રીતે સંભવતું નથી.

હે રામ,જેમ,બાળકને પોતાના સંકલ્પથી ઉઠેલા ભ્રમથી જ  વેતાલ દેખાય છે,
તેમ,જીવાત્માને પોતાના સંકલ્પથી ઉઠેલા ભ્રમને લીધે જ આ જગત-રૂપી-જાળ દેખાય છે.
જેમ રજ્જુમાં દેખાતું સર્પ-પણું સારી રીતે અવલોકન કરવાથી ટળી જાય છે-
તેમ,આત્મામાં દેખાતું જગત-રૂપી-મિથ્યા-જ્ઞાન, એ "યથાર્થ-જ્ઞાન"થી ટળી જાય છે.

"આત્મા શુધ્ધ છે અને તેમાં જગત મુદ્દલે છે જ નહિ"એવી રીતનો જે દૃઢ નિશ્ચય છે તે જ યથાર્થ જ્ઞાન છે,
એમ વિદ્વાનોએ સિધ્ધાંત કર્યો છે.
આ આત્માએ પૂર્વે જોયેલું -અથવા-પૂર્વે નહિ જોયેલું,જે કોઇ દ્વૈત દેખાય છે,
તેને સમજુ પુરુષે પ્રયત્ન થી ટાળી નાખવું જોઇએ.
એ ટાળી નાખવામાં આવતું નથી એટલે જ આત્માને સંસાર નો સંબંધ છે,
અને તે ટાળી નાખવામાં આવે -એ જ મોક્ષ છે.એમ સિધ્ધ થાય છે.

જગતનું દર્શન એ જન્માદિ - (વિનાશી) સુખને માટે છે અને જગતના દર્શનથી રહિત થઇને ચેતનપણાથી રહેવું,
એ "અવિનાશી સુખ"ને માટે છે.હે રામ,માટે તમે જગતના દર્શનનો ત્યાગ કરીને,
ચૈતન્ય-એકરસ-અને પૂર્ણાનંદ થાઓ.આત્મા કે જે જગતના દર્શનથી રહિત છતાં ચૈતન્ય છે-તે જ તમે છો.

રામ કહે છે કે-હે મહારાજ,જગતના દર્શનનો ત્યાગ કરીને ચેતન રહેનારો પુરુષ કેવો થાય?
જગતનું દર્શન ટળી જાય તો જડ-પણું પ્રાપ્ત થયા વિના રહે નહિ,તો એ જડ-પણું કેવી રીતે ટળે?

વસિષ્ઠ કહે છે કે-હે રામ, જીવનમુક્ત પુરુષ વ્યવહારના અધ્યાસને માત્ર દેખાડે જ છે,
પણ તેના મનમાં ભૂત-ભવિષ્ય કે વર્તમાન કાળની કોઈ પણ વસ્તુમાં સત્યતા માનવારૂપ ભ્રાંતિ હોતી નથી,
એટલા માટે તે પુરુષ જગતનાં દર્શન નો ત્યાગ કરનારો છે અને ચેતન છે.
જે પુરુષને સેંકડો કાર્યો કરવા છતાં,પણ જગતમાં સત્ય-પણાની ભ્રાંતિ ના રાખતો હોય,
તે પુરુષ,જગતના દર્શનનો ત્યાગ કરનારો અને ચેતન કહેવાય છે.

જેની બુધ્ધિ જરા પણ લેપાતી ના હોય,તે પુરુષ જગતના દર્શન નો ત્યાગ કરનારો,ચેતન અને જીવનમુક્ત કહેવાય છે.જયારે સઘળી વિષય વાસનાઓ ટળી જવાને લીધે,આત્મ-સ્વ-રૂપ વિના બીજું કંઇ પણ નાશ પામે એવું નથી,એમ માનવામાં ના આવે-અને બાળકના તથા મૂંગા-આદિના જ્ઞાનની પેઠે,
નિર્વિક્ષેપ-પણાથી રહેવામાં આવે,ત્યારે જડતા વિનાનાં સ્વચ્છ અનુભવનો આશ્રય કર્યો -કહેવાય છે.
અને એ આશ્રય કરવાને લીધે જીવનમુક્ત પુરુષ ફરીવાર જન્મ-મરણ-આદિ ના લેપને પ્રાપ્ત થતો નથી.

નિર્વિકલ્પ સમાધિ કરવાથી,સઘળી વાસનાઓ વિનાનો બ્રહ્માકાર વૃત્તિ-રૂપી મોટો આનંદ ઉદય પામે છે,
કે જે આનંદમાં જીવનમુક્ત પુરુષો સર્વદા રહે છે.
જીવનમુક્ત પુરુષનો એ બ્રહ્માકાર-વૃત્તિ-રૂપ આનંદ,પણ
વિદેહમુક્તિના સમયમાં જીવનમુક્તિની સાથે સાથે જ-પરબ્રહ્મ માં લીન થઇ જાય છે.
જગતના જગત-રૂપે દર્શનનો ત્યાગ કરનારો મહા-સુખી જીવનમુક્ત પુરુષ ચાલતાં,બેસતાં કે વિષયોનું ગ્રહણ કરતાં પણ એ બ્રહ્માકાર-વૃત્તિ-રૂપી આનંદથી યુક્ત રહે છે-માટે,તે ચેતન,એકરસ અને પૂર્ણાનંદ-રૂપ કહેવાય છે.

હે રામ,યત્નો-દ્વારા ગમે તેવું કષ્ટ વેઠીને પણ,જીવનમુક્ત-પણા ને મેળવી,આ સંસાર-રૂપી દુઃખમય સમુદ્રને પારને પ્રાપ્ત થાઓ.જેમ,બીજમાંથી કાળે કરીને આકાશ સુધી પહોંચનારૂ મોટું વૃક્ષ ઉઠે છે,
તેમ,જીવાત્મા ના સંકલ્પથી જ આ અત્યંત મોટું જગત ઉઠેલું છે.
જયારે જીવાત્મા,સંકલ્પો કરી-કરીને,પોતાના દેહ-રૂપી આકારને કલ્પી લે છે,
ત્યારે એ જ ,જીવાત્મા,આ જન્મોની જાળના બીજ-પણાને પ્રાપ્ત થાય છે.

હે રામ,એ રીતે,જીવાત્મા પોતાને વારંવાર જન્મો આપીને તથા વારંવાર મોહ પમાડીને,
અંતે કોઇ સદગુરુ -આદિના સમાગમથી પોતાને મોક્ષ પણ પમાડે છે.
એ જીવાત્મા જે વિષયની જે રૂપે ભાવના કરે છે,તે વિષય-રૂપ તે ક્ષણમાત્રમાં થઇ જાય છે,
એટલા માટે જ્યાં સુધી પોતે વિષયોની ભાવનાઓથી રહિત ના થાય,
ત્યાં સુધી,ઘણો કાળ વીતી જતાં પણ પોતાના સત્ય-સ્વ-રૂપ ને પ્રાપ્ત થતો નથી.

હે રામ,<u>આ દેવ-અસુર-યક્ષ -વગેરે કોઇ મુદ્દલે છે જ નહિ,પણ આત્મા પોતાની અનાદિ-સિદ્ધિ-માયાથી,
આ જગત-રૂપી નાટકને રચી,દેવ-આદિના વેષો ધારણ કરીને નાચ્યા કરે છે.</u>
એ જીવાત્મા કોશેટા ના કીડાની પેઠે પોતે જ પોતાને બાંધી લઇને,પછી રોઈરોઇ ને ઘણે કાળે,
વિવેક-આદિથી પાછો પોતાના અસંગ-રૂપ (બ્રહ્મ-પણા) ને પ્રાપ્ત થાય છે.

હે રામ,"સઘળું જગત મારું જ સ્વ-રૂપ છે,અને જગતમાં મારા સિવાય બીજું કંઈ છે જ નહિ"
એવી રીતનું યથાર્થ જ્ઞાન થાય ત્યારે એ આત્મા પોતાના સ્વાભાવિક રૂપને પ્રાપ્ત થાય છે.
જયારે એ જીવાત્મા પોતાનાથી ન્યારું કંઇ પણ ના જાણે,બાહરના વિષયોથી કંપે નહિ,
અંદરના વિષયોથી ડગે નહિ,અને પોતાના સ્વ-રૂપમાં જ સ્થિતિ પામે-ત્યારે એ કોઇથી લેપાતો નથી.

હે રામ,એ જીવાત્માનું બીજ "સત્તા" છે,
જેમ સૂર્યમાંથી પ્રભા ઉદય પામે છે તેમ,સત્તામાંથી તે જીવાત્મા ઉદય પામે છે.

અનેકતા વાળી અને એકતાવાળી-એમ સત્તાના બે પ્રકાર છે.
તેઓમાં જે એકતાવાળી સત્તા (એટલે કે સમષ્ટિ સત્તા કે ઈશ્વર) છે તે જીવાત્માનું બીજપણું છે,
ઘટ-પટ પણું કે તું કે હું પણું-વગેરે અનેક વિભાગોથી જે જુદીજુદી સત્તા છે-તે અનેકતાવાળી સતા છે.

સત્તાના ઘટ-પટ-વગેરે જે જુદાજુદા આકારો છે-તે કદી પણ સાચા નથી,
એટલા માટે તેઓનું ધ્યાન કરવાની પણ આવશ્યકતા નથી.
એકતાવાળી જે નિર્મળ સત્તા (ઈશ્વર) છે તે અનેકતાવળી સત્તાની જેમ કદી નાશ પામતી નથી.
અને કદી પણ પોતાના સ્વ-રૂપને ભૂલતી નથી.

કેટલાએક કહે છે કે-"કાળ જ જગતનું કારણ છે" કેટલાએક કહે છે કે "પરમાણુઓ જ જગતનું કારણ છે"
અને કેટલાએક કહે છે કે "જાતિ જ જગતનું કારણ છે"
પણ તમે કાળને,પરમાણુને કે જાતિને કારણ નહિ માનતાં,
સમષ્ટિ સત્તા (એકતા વળી સત્તા) ને (ઈશ્વરને) જ જગતનું કારણ માનીને તેની ભાવના કરો.
જો કે કાળ,પરમાણુ અને જાતિ-પણ તેમના જડ-ભાગને કાઢી નાખતાં,બ્રહ્મ-રૂપ જ છે-
છતાં પણ-તેઓ-દૃશ્ય-ભાગે-ભેદ-વાળાં હોવાથી,તે વાસ્તવિક નથી.

જેમાં ભેદ-બુધ્ધિ કરાવનારો અને અનાત્માની આસક્તિ આપનારો,કોઈ પણ પ્રકારનો ભેદ રહ્યો હોય,
તે પદાર્થ પવિત્ર કેમ હોઈ શકે? હે રામ,તમે પોતામાં એ સમષ્ટિ સત્તાની ભાવના કરી,
પરિપૂર્ણ પરમ આનંદવાળા તથા સઘળી દિશામાં ભરપૂર થઈને રહો.
એ સમષ્ટિ સત્તા (ઈશ્વર) ના પણ છેડે,એટલે તેના પણ અધિષ્ઠાન-રૂપ જે પરમ સત્તા (પરબ્રહ્મ) છે-
તે જ વાસ્તવિક રીતે જીવનું અને જગતનું બીજ છે-કેમ કે એ સર્વ એમાંથી જ પ્રવર્તે છે.

અને તે કલ્પના વિનાનું,આદિ-અંત વિનાનું-જે આદિ-પદ (પરબ્રહ્મ) છે,તેનું કોઈ પણ બીજ  નથી.
એમાં જ સર્વ નો લય થાય છે,અને એ પોતે નિર્વિકાર રહે છે.
એ પદમાં જેને સ્થિતિ મળી હોય -તે પુરુષ ફરીવાર આ દુઃખ-રૂપી સંસારમાં જન્મ ધરતો નથી.
એ પદ સઘળાં કારણો નું કારણ છે-અને એનું  કારણ કોઈ પણ નથી.
એ પદ જ સઘળા સારોનો સાર છે,અને તેથી અધિક કોઈ પણ સાર નથી.

જેમ તળાવ માં કાંઠા નાં વૃક્ષો પ્રતિબિમ્બિત થાય છે,
તેમ એ ચૈતન્ય-રૂપી મોટા દર્પણમાં -આ સઘળી વસ્તુઓ પ્રતિબિમ્બિત થયેલી છે.અને,
જેમ જીભથી મધુર-આદિ છ રસો પ્રગટ થાય છે,તેમ આનંદ -એ પદથી જ પ્રગટ થાય છે.
વિષયો-પોતે- પોતાથી સ્વાદ વિનાના હોવા છતાં,પણ એ પદના યોગથી જ સ્વાદ વાળા લાગે છે.
એટલા માટે એ અત્યંત સ્વચ્છ બ્રહ્મ-સ્વ-રૂપ (પરબ્રહ્મ),સઘળા આનંદોમાં અત્યંત આનંદ-રૂપ છે,
અને સઘળાં પ્રિયોમાં અત્યંત પ્રિય-રૂપ છે.

હે રામ,બ્રહ્માંડો ના સમૂહો એ પદમાં જ ઉત્પન્ન થાય છે,ઉત્પન્ન થયા પછી એમાં જ રહે છે,
એમાં જ વધે છે,એમાં જ ફેરફાર પામે છે,એમાં જ ક્ષીણ થવા લાગે છે અને એમાં જ ગળી જાય છે.
એ પદ,ભારેમાં ભારે છે,હલકામાં હલકું છે અને સ્થૂળ માં સ્થૂળ અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે.
એ પદ,દૂરમાં દૂર,સમીપમાં સમીપ,નાનામાં નાનું છે,અને વૃધ્ધમાં વૃધ્ધ છે.
એ પદ,તેજના તેજ-રૂપ છે,અંધારાના પણ તત્વ-રૂપ છે,
સઘળી વસ્તુઓના અધિષ્ઠાન-રૂપ છે અને દિશાઓના પણ અવકાશ-રૂપ છે.

એ પદ,જગતમાં પ્રસિધ્ધ નથી અને જે કંઇ પ્રસિધ્ધ છે તે પણ તે જ છે.
જગતના અભાવ-રૂપ પણ એ જ છે,દૃશ્ય પણ એ જ છે,અને જે કંઇ અદ્રશ્ય છે તે પણ તે જ છે.
સ્વ-રૂપથી એ "હું" છું અને અહંકાર-રૂપે - એ "હું" નથી.

હે નિર્દોષ રામ,સર્વ પ્રકારના પ્રયત્નો કરીને પણ જે રીતે-એ પવિત્ર પરમ પદમાં તમને સ્થિતિ મળે,તેમ કરો.
એ પદ નિર્મળ છે,અવિનાશી છે,અને એ જ આત્માનું વાસ્તવિક સ્વ-રૂપ છે.
જો એનો સાક્ષાત અનુભવ થાય તો ચિત્ત બાધિત થઇ જાય છે.
હે રામ,જો તમે એ વ્યાપક મુખ્ય સ્વરૂપને જાણી ચુક્યા હશો,તો સંસારના ભયથી મુક્ત જ છો.
પછી તમને કદી પણ આવર્તન (પૂનર્જન્મ) થવાનું નથી.

## (૯૨) તત્વજ્ઞાન,ચિત્ત-નાશ અને વાસના-ક્ષયનો સાથે જ અભ્યાસ

રામ કહે છે કે-હે ગુરુ મહારાજ,આપે શરીરથી માંડીને શબ્દાદિ વિષયો સુધી જે બીજો કહ્યાં,
અને જીવાત્મા થી માંડીને બ્રહ્મ સુધીનાં જે બીજો કહ્યાં,તેઓમાં કયા બીજનો આશ્રય  કરવાથી,
બ્રહ્મ-રૂપ પરમ પદની તુરત પ્રાપ્તિ થાય? તે મને કહો.

વસિષ્ઠ કહે છે કે-હે રામ,મેં શરીરથી માંડીને શબ્દાદિ વિષયો સુધી જે દુઃખ-રૂપ બીજો કહ્યાં,
તે સઘળાં એક પછી એકને દુર કરવાથી પરબ્રહ્મ-રૂપ પરમ પદની પ્રાપ્તિ તુરત થાય છે.
બળાત્કારે પુરુષ-પ્રયત્નથી તુરત જ વાસનાનો ત્યાગ કરીને પરબ્રહ્મ-રૂપ પરમ પદ કે જે-
સમષ્ટિ સત્તા થી (એટલે કે ઈશ્વરથી) પણ ઉપર છે તેનો સાક્ષાત્કાર કરીને-
તે પરમ-પદમાં ક્ષણમાત્ર -જો-ચિત્તની નિશ્ચલ-સ્થિતિ કરો-તો-
આ ક્ષણમાં જ એ સર્વોત્તમ પરબ્રહ્મ-રૂપ-પદને સારી રીતે પ્રાપ્ત થાઓ.

હે રામ,જો સ્વરૂપને શુધ્ધ કરીને તેમાં ચિત્તની સ્થિતિ બાંધશો,તો કંઇક વધારે પ્રયત્નથી,
પરબ્રહ્મ-રૂપને પ્રાપ્ત થઇ શકશો.પણ,
જો જીવાત્માના સ્વરૂપને શુધ્ધ કરીને તેમાં ચિત્તની સ્થિતિ બાંધશો,
તો ઉપરના પ્રયત્ન કરતાં  પણ થોડા વધારે પ્રયત્ન થી પરમ બ્રહ્મ-રૂપ પદને પામી શકશો.

હે રામ,"જેમ ઈશ્વરના તથા જીવાત્મા ના સ્વરૂપને -જડ ભાગથી રહિત કરવા-રૂપી શુધ્ધિ આપીને-
તેઓનું ધ્યાન કરવું એ બ્રહ્મ-પ્રાપ્તિનો ઉપાય છે-
તેમ-જડ ને ચૈતન્યમાંથી રહિત કરવા-રૂપી શુધ્ધિ આપીને જડનું ધ્યાન કરવું-
એ પણ બ્રહ્મની પ્રાપ્તિનો ઉપાય શા માટે ના હોય?"
એવી શંકા રાખવી નહિ,કેમ કે,ચૈતન્ય વિના એકલા જડ પદાર્થનું સ્ફૂરણ થવું સંભવતું જ નથી.
ચૈતન્ય સર્વદા સર્વ માં વ્યાપક છે,માટે ચૈતન્ય વિના એકલા જડ નું ગ્રહણ થઇ શકે એમ જ નથી.

તમે જે કંઇ  ચિંતવો છો,જ્યાં જાઓ છો,જ્યાં ઉભા રહો છો,અને જે કરો છો-ત્યાં ચૈતન્ય રહેલું જ છે.
જેમ,રજ્જુ-સર્પના ભ્રમમાં,રજ્જુ વિના એકલો સર્પ હોતો જ નથી,
તેમ ચૈતન્ય વિના એકલું જડ  હોતું જ નથી.સઘળું જડ  ચૈતન્યમાં અધ્યસ્ત  છે,
માટે જેમ ચૈતન્ય જડ થી છૂટું પડી શકે છે-તેમ જડ  ચૈતન્યથી છૂટું પડી શકતું નથી.

હે રામ,વાસના નો ત્યાગ કરવામાં અને મનનો નાશ કરવામાં યત્ન કરો,તો તમારા સઘળા આધિ-વ્યાધિઓ,
ક્ષણમાત્રમાં શિથિલ થઇ જાય.પણ ઉપર કહેલા પ્રયત્નો કરતાં -આ પ્રયત્ન અઘરો લાગે છે-કેમ કે-
વાસનાનો ત્યાગ કરવો-વધારે દુઃસાધ્ય છે.

જ્યાં સુધી મનનો લય થાય નહીં,ત્યાં સુધી,વાસના નો ક્ષય થતો નથી,અને
જ્યાં સુધી વાસના નો ક્ષય ના થાય ત્યાં સુધી ચિત્ત શાંત થતું નથી.

જ્યાં સુધી આ તત્વજ્ઞાન થયું ના હોય ત્યાં સુધી ચિત્તનો નાશ થતો નથી.અને
ચિત્તનો નાશ ના થાય ત્યાં સુધી તત્વજ્ઞાન થતું નથી.
તે જ રીતે જ્યાં સુધી વાસના નો નાશ થયો ના હોય ત્યાં સુધી તત્વજ્ઞાન થતું નથી,અને,
જ્યાં સુધી તત્વજ્ઞાન ના થયું હોય ત્યાં સુધી વાસના નો નાશ થતો નથી.

તત્વનું જ્ઞાન,ચિત્તનો નાશ અને વાસના નો ક્ષય-એ પરસ્પરનાં કારણો થઈને રહયાં છે.માટે દુઃસાધ્ય છે.
હે રામ, માટે વિવેકી પુરુષે પુરુષ-પ્રયત્ન કરી ,ભોગોની ઈચ્છા ને દૂર ત્યજી દઈને,
તત્વજ્ઞાન,ચિત્ત (મન) અને વાસના નો ક્ષય-એ ત્રણે ના સંપાદનનો સામટો જ અભ્યાસ કરવો જોઈએ.
જ્યાં સુધી,આ ત્રણેના સંપાદનનો,સામટી રીતે,વારંવાર અભ્યાસ ના થયો હોય,
ત્યાં સુધી સેંકડો વર્ષો વીતી જતા પણ બ્રહ્મપદ ની પ્રાપ્તિ થતી નથી.

હે રામ,તમે આ ત્રણેનો લાંબા કાળ સુધી અભ્યાસ કરશો,તો સંસાર નો લેપ થશે નહિ.અને
અહંતા-મમતા-રૂપી દૃઢ ગાંઠો,સંપૂર્ણ રીતે તૂટી જશે.
જેનો સેંકડો જન્મોથી અભ્યાસ થતો આવ્યો છે -એવી "સંસારની સ્થિતિ"
આ ત્રણેના અભ્યાસ વગર ક્ષીણ થતી નથી.
એટલે તમે,ચાલતાં,સાંભળતાં,સ્પર્શ કરતાં,સુંઘતાં,ઉભા રહેતાં,જાગતાં અને સૂતાં-પણ,
પરમ કલ્યાણ ને અર્થે,આ ત્રણે (તત્વબોધ-ચિત્તનો નાશ અને વાસનાનો ક્ષય) નો અભ્યાસ કર્યા કરો.

જેવો વાસનાનો ક્ષય ફળદાયી છે,તેવો જ પ્રાણાયામ પણ ફળદાયી છે-એમ તત્વવેત્તાઓ કહે છે.
માટે પ્રાણાયામ નો પણ એવી જ રીતે અભ્યાસ રાખવો.
વાસનાનો ત્યાગ કરવાથી ચિત્ત પણ નાશ પામે છે અને પ્રાણની ગતિ રોકવાથી પણ ચિત્ત નાશ પામે છે,
માટે ચિત્તનો નાશ કરવાને માટે એ બે પક્ષમાંથી તમે ગમે તે પક્ષ લો.
લાંબા કાળ સુધી પ્રાણાયામના અભ્યાસથી,યોગાભ્યાસમાં નિપુણતાવાળા ગુરુએ બતાવેલી યુક્તિથી,
આસનના જય થી,ભોજન ના નિયમોથી,અને યોગને લગતા એવા બીજા પ્રકારોથી પ્રાણની ગતિ રોકાય છે.

વસ્તુઓના આદિ-મધ્ય અને અંતમાં-
જે નિર્વિકાર અને અવિનાશી રહે છે,તે આત્મ-તત્વ ને જાણવાથી વાસના ક્ષીણ થાય છે.
આસક્તિ રાખ્યા વિનાનો વ્યવહાર કરવાથી,સંસાર સંબંધી મનોરથો નો ત્યાગ કરવાથી,અને
"શરીર વિનાશી છે" એમ જોયા કરવાથી-વાસના ક્ષીણ થાય છે.
જેમ પવનની ગતિ શાંત થતાં,ધૂળ ઊડતી નથી,તેમ વાસનાનો નષ્ટ થતાં ચિત્તની પ્રવૃત્તિ બંધ પડી જાય છે.
વળી, જે પ્રાણની ગતિ છે તે જ ચિત્તની ગતિ છે એટલે વારંવાર એકાગ્ર ચિત્તથી બેસીને,
બુધ્ધિમાન પુરુષે,પ્રાણની ગતિ જીતી લેવા માટે સારી પેઠે પ્રયત્ન કરવો જોઇએ.

પ્રાણની ગતિને રોકવાનો (આગળ) જે ક્રમ કહ્યો-તે ક્રમ નહિ કરતાં,
જો તમે બીજા ઉપાયોથી જ ચિત્તને દબાવવા નું ધરતા હો- તો બહુ લાંબા કાળે ચિત્તને દબાવી શકશો.
જેમ અંકુશ વિના મદોન્મત્ત હાથીને વશ કરી શકતો નથી,
તેમ,યોગ્ય યુક્તિઓ વિના મનને જીતી શકાતું નથી.
ચિત્તને જીતી લેવા માટે,બ્રહ્મવિધ્યાની પ્રાપ્તિ,મહાત્માઓનો સમાગમ,વાસનાનો ત્યાગ અને
પ્રાણની ગતિ ને રોકવી-એ ઉત્તમ યુક્તિઓ છે.કે જેનાથી ચિત્ત તુરત જ જીતાઈ જાય છે.

ચિત્તને જીતી લેવાની આ યુક્તિઓ હોવા છતાં,જે પુરુષો ઉપવાસ,મંત્ર-યંત્રોનાં સાધન તથા સ્મશાન સાધન-
આદિ હાથ-રૂપ ઉપાયોથી ચિત્તને જીતી લેવા ધારે છે-તેઓ દીવા-રૂપ સાધનને છોડી દઈને,
કાજળના સમૂહો થી અંધારાને જીતી લેવા ધારે છે.
તેઓને નિષ્ફળ શ્રમ કરનાર જ સમજવા.

તેઓ એક ભયને છોડી બીજા ભયમાં અને એક કલેશને છોડીને બીજા કલેશમાં પડે છે.અને
ક્યાંય પણ ધીરજ-રૂપી શાંતિને પ્રાપ્ત થતા નથી.
તેવાઓમાંથી કોઇક જ અને તે પણ કોઇ સમયે જ -દૈવ-ગતિથી આત્મતત્વ ને પ્રાપ્ત થાય છે,તો કોઇ થતા નથી.
ત્રણે લોક ના ભોગો-રૂપી નિમિત્તને લીધે,દડાની પેઠે ચડતી-પડતી સ્થિતિઓને પ્રાપ્ત થયા કરતા,
એક ઠેકાણે સ્થિર નહિ રહી શકતા ને યોનિઓમાં આવન-જાવન કર્યા કરતાં એ લોકો-
વારંવાર-રોગ તથા મરણ આદિ થી પીડાય છે.

હે રઘુનંદન,આમ હોવાથી,દેહાભિમાનનો ત્યાગ કરીને,યોગ્ય ઉપાયોથી ચિત્તને જીતીને,શુધ્ધ અનુભવનો આશ્રય
કરીને,રાગથી રહિત થઇ સ્થિર થાઓ.જ્ઞાની પુરુષ-જ સુખી હોય છે,જ્ઞાનીનું જ જીવવું સફળ છે અને
જ્ઞાની જ સર્વથી અધિક બળવાન છે,માટે તમે જ્ઞાનમય થાઓ.
તમે ચિત્તને વિષયમાં જવા નહિ દેતાં,બ્રહ્મપદ નું જ અનુસંધાન કરતા રહો,અને,
વ્યવહાર સંબંધી ક્રિયાઓ કરવા છતાં,પણ આસક્તિના ત્યાગથી-
જીવનમુક્ત ના ગુણોની સંપત્તિ-વાળા થઈને તમે અકર્તા જ રહો.

**<u>(૯૩) બોધ સ્થિર થવાથી જ્ઞાનીઓની થતી સમ-સ્થિતિ</u>**

વસિષ્ઠ કહે છે કે-હે રામ,જેણે,જરાક વિચાર કરીને,થોડોક પણ પોતાના ચિત્તનો નિગ્રહ કર્યો હોય,
તેણે,પોતાના જન્મનું સાફલ્ય કર્યું સમજવું.આ વિચાર-રૂપી કલ્પવૃક્ષ નો અંકુર હૃદયમાં જરાક ઉત્પન્ન થયો હોય,
તો તે અંકુર,અભ્યાસ-રૂપી-જળના સિંચનથી સેંકડો શાખાઓ વાળો થાય છે.

જે મનુષ્યનો વૈરાગ્ય-પૂર્વક-વિચાર,કંઇક પણ પ્રૌઢ થયો હોય,
તે મનુષ્યને શમ-દમ આદિ શુધ્ધ ગુણો આશ્રય કરે છે.
સારા વિચારવાળા,અને આત્મ-તત્વનું યથાર્થ અવલોકન કરનારા વિદ્વાનને,
અત્યંત ઉન્નતિ વાળા અને ઈન્દ્રાદિ લોક નાં સુખો પણ લલચાવતાં નથી.
આત્માના યથાર્થ અનુભવથી પ્રૌઢ થયેલી બુધ્ધિ-વાળા પુરુષને -
વિષયો,મન ની વૃત્તિઓ આધિઓ કે વ્યાધિઓ શું કરી શકે? તેઓ કોઈ જ વિકાર ઉત્પન્ન કરી શકે નહિ.

જેમ પ્રલયોમાં અવિચલ રહેનારા મેરુ પર્વતને મંદ પવનો ભાંગી શકતા નથી,
તેમ પ્રૌઢ થયેલા વિવેકને દુષ્ટ રાગ-આદિ વૃત્તિઓ ભાંગી શક્તિ નથી.
જેણે ચિત્ત-રૂપી-પૃથ્વીમાં,પોતાનું દૃઢ મૂળ બાંધ્યું ના હોય,એવા અવિવેક-રૂપી ફૂલ-ઝાડને ચિંતાઓ-રૂપી
વંટોળ,પાડી નાખે છે,પણ મુલોથી ચિત્ત-રૂપી પૃથ્વીની અંદર દૃઢ રહેલા -ઝાડને વંટોળો પાડી શકતા નથી.
ચાલતાં,ઉભા રહેતાં,જાગતાં અને સુતા પણ જે -પુરુષનું ચિત્ત (તત્વના) વિચારમય ન રહેતું હોય,
તે પુરુષ જીવતા પણ મુએલો જ કહેવાય છે.

હે રામ,આત્માને ઓળખવાની દૃષ્ટિ રાખીને
ધીરે ધીરે,પોતાની મેળે-"આ જગતશું હશે? આ દેહ શું હશે?" એવો વિચાર કરો.
જેમ પ્રકાશવાળા દીવાથી,અંધારામાં પણ વસ્તુ તુરત જ જોવામાં આવે છે-
તેમ "અજ્ઞાનને હરનારા-વિચારથી" તુરત પરમ-પદ જોવામાં આવે છે.

જેમ,પ્રકાશનો વિલાસ કરનારા સૂર્યથી અંધકારોનો નાશ થાય છે-
તેમ પ્રકાશનો વિલાસ કરનારા જ્ઞાનથી સર્વ દુઃખોનો વિનાશ થાય છે.
જ્ઞાન પ્રગટ થતાં,જાણવા યોગ્ય પરબ્રહ્મ પોતાની મેળે ઉદય પામે છે.

જે શાસ્ત્ર વિચારથી બ્રહ્મ-તત્વ જાણવામાં આવે તે શાસ્ત્ર વિચાર જ્ઞાન કહેવાય છે.
એ જ્ઞાન પોતે બ્રહ્માકાર તથા ભેદના બાધ-રૂપ હોવાને લીધે,બ્રહ્મથી જુદું -ના હોય એવું હોય છે.
હે રામ,વિવેક-વિચારથી થયેલું આત્મજ્ઞાન જ જ્ઞાન કહેવાય છે-એવો પંડિતો નો સિધ્ધાંત છે.
અને જેમ મધુર-પણું દુધની અંદર રહે છે-તેમ,આત્મા એ જ્ઞાનની અંદર જ રહે છે.
જ્ઞાનથી ભરપૂર પ્રકાશવાળો પુરુષ,સર્વદા આત્મામય જ રહે છે.

નિર્મળ થયેલું અને સમતા-વાળું જે પોતાનું સ્વ-રૂપ છે-તે જ જાણવા યોગ્ય પરબ્રહ્મ છે.
એમ વિદ્વાનો નો નિશ્ચય છે.અને તે સ્વ-રૂપ-જ્ઞાનની પ્રાપ્તિ થતાં જ અવિધા-રૂપી કાદવ,દુર થઇ જવાથી,
પોતાની મેળે જ (તે સ્વ-રૂપ) નિર્મળ થઇ જાય છે.

સ્વરૂપજ્ઞ,પ્રગટ આનંદવાળો અને આસક્તિરહિત જીવનમુક્ત કોઈ વિષયમાં ડૂબી જતો નથી,
પણ,સમ્રાટ (રાજા) ની પેઠે પૂર્ણ સુખવાળો જ હોય છે.
હે રામ, જેમ ચંદ્ર,એ કમળોમાં રુચિ બાંધતો નથી,
તેમ જ્ઞાની પુરુષ,જગતના સુંદર લાગતા ભોગોમાં,રુચિ બાંધતો નથી.
જીવનમુક્ત પુરષ,સુંદર બગીચામાં જતાં પણ આનંદ કે ખેદ ને પ્રાપ્ત થતો નથી.
હે રામ, જીવનમુક્ત પુરુષ સઘળા વ્યવહારોને કરવા છતાં,પણ સર્વદા આસક્તિ વિનાનો જ રહે છે.
તે વ્યાકુળ કે રાંક થતો નથી અને ધીરજપણાથી રહે છે.

જીવનમુક્ત પુરુષ,જીવનું હરણ કરનારને અને જીવને આપનારાને પણ -
પ્રસન્નતાથી તથા મધુરતાથી શોભી રહેલી એકસરખી દૃષ્ટિ થી જ જુએ છે.
સર્વદા પ્રદીપ્ત રહેનારી પોતાની બુદ્ધિની સમતાને લીધે,
સ્થિર શરીરો કે રમણીય વસ્તુઓ મળવાથી રાજી થતો નથી અને
અસ્થિર શરીરો કે અરમણીય વસ્તુઓ મળવાથી ગ્લાનિ પામતો નથી.
પોતે ચિત્તમાં ચિંતા રહિત,રાગ વિનાનો,જાણવાનું જાણી ચૂકેલો તથા જગતની સ્થિતિને મિથ્યા જ સમજે છે,
અને જગતની સ્થિતિ  વાસ્તવિક રીતે મિથ્યા જ છે,
તેથી,જીવનમુક્ત પુરુષ કદી પણ કોઈ પણ, સ્થિતિમાં ઇન્દ્રિયોમાં વિષયોને પ્રસરવાનો અવકાશ જ આપતો નથી.

જેમ,મૃગો,કૂણાં પાંદડાં ને તુરત ગળી જાય છે,તેમ,ઇન્દ્રિયોની શોભા,
આત્મા ને નહિ પહોંચેલા,અને ગંભીર સ્થિતિ વિનાના મૂઢ પુરુષને તરત જ ગળી જાય છે.
સંસાર-રૂપી સમુદ્રમાં તણાયા જતા,વાસનાઓ-રૂપી તરંગોથી ગોથા ખાતા,અને
મોટી ચીસો પાડ્યા કરતા,મૂઢ પુરુષને ઇન્દ્રિયો-રૂપી મગર મચ્છો ગળી જાય છે.

જેમ જળનાં પૂર પર્વતને ખેંચી શકતા નથી,તેમ,સુખ-દુઃખાદિ વિકલ્પોના સમૂહો-
વિચારવાળા,અને આત્મામાં જ શાંત થયેલા,બુદ્ધિ વાળા જીવનમુક્ત પુરુષને ખેંચી શકતા નથી.
જે પુરુષો પોતાના સ્વરૂપ-જ્ઞાનથી સર્વ સંકલ્પોના સીમાડાના છેડા-રૂપ પરમપદમાં શાંતિ પામેલા હોય છે-
તેઓને મેરુ પર્વત પણ તરણા જેવો લાગે છે.
બ્રહ્મ-રૂપે વિસ્તીર્ણ પામેલા ચિત્ત-વાળા જીવનમુક્ત પુરુષોને -ઝેર અને અમૃત સમાન લાગે છે,તથા
ક્ષણો અને હજારો કલ્પો પણ સમાન જ લાગે છે.

"આ સઘળું જગત આત્મા જ છે" એવો નિશ્ચય હોવાને લીધે,આનંદ ભરેલી બુદ્ધિવાળો અને પોતે જ આત્મા હોવાને લીધે,સઘળું જગત જેઓની અંદર જ રહ્યું હોય છે,એવા જીવનમુક્ત પુરુષો નિર્લેપપણાથી વિહાર કરે છે.
આ જગત-રૂપી પાંજરું,કે જે આત્માના જ એક "ચલન-રૂપ" છે-
તેમાં તત્વવેત્તાઓ કઈ વસ્તુને ત્યાજ્ય માને?અને કઈ વસ્તુને ગ્રાહ્ય માને?

હે રામ,આ સઘળું જગત આત્મા જ છે-માટે દ્વૈત-રૂપ ભ્રાંતિ છોડી દો,
આ સઘળું વિશાળ જગત આત્માનું જ રૂપ છે,
માટે જ્ઞાની પુરુષ-તેમાં કઈ વસ્તુને ત્યાજ્ય કે ગ્રાહ્ય માને? અને કઈ વસ્તુને ઈચ્છે?
પૃથ્વીમાંથી પાંદડા ના અંકુર જેવા-જે જે વિષયો થાય છે-જે જે વિષયો થશે અને જે શબ્દાદિ વિષયો છે,
તે સઘળા વિષયો-પણ-તત્વવેત્તાપુરુષોની દ્રષ્ટિમાં તો બ્રહ્મ-રૂપ જ છે.

હે રામ,જે પદાર્થની સત્તા,આદિમાં તથા અંતમાં ના હોય અને મધ્યમાં જ થોડીકવાર જોવામાં આવતી હોય,
તે પદાર્થ આત્માના એક જાતના ભ્રમ-રૂપ જ હોય છે-એવો નિશ્ચય રાખી,
"આ ઇષ્ટ છે અને આ અનિષ્ટ છે" એવી કલ્પનાને ત્યજી દઈ,સઘળા પદાર્થોના છેડાને પ્રાપ્ત થઈને -
તમે સંગ-રહિત ને સ્વયંપ્રકાશ અનુભવ-રૂપ થાઓ.
સંગ-રહિત થયેલો પુરુષ અહંતા-મમતાથી રહિત કરેલાં શરીર-મન-ઇન્દ્રિયાદિ-કર્મ કરે,
તો પણ તેઓના ફળથી લેપાતો નથી.અને ના કરે તો પણ પ્રાયશ્ચિતનો ભાગી થતો નથી.

જેમ, કોઈ રાજા,પોતે જ્યાં રાજ્ય કરે છે-તે-પોતાના રાજ્ય ને મનોરથ થી કલ્પી લીધેલું માની ને -
નિર્લેપતાથી,તે રાજ્યનાં કાર્યો કરે તો તે કાર્યો કરવા છતાં પણ તે સુખ-દુઃખોથી લેપાતો નથી,
તેમ,મનથી આસક્તિ વિનાનો જીવનમુક્ત પુરુષ,
વ્યવહાર સંબંધી કર્યો કરતો હોય,તો પણ સુખદુઃખોથી લેપાતો નથી.
જેવી રીતે,જયારે બાળકનું ચિત્ત બીજા સ્થળમાં લાગ્યું હોય છે ત્યારે -
તે બાળક પોતાની પાસે પદાર્થ ને નેત્રથી દેખતો હોવા છતાં દેખતો નથી,
તેવી રીતે મનની લાગણી વિના જે કામ કરવામાં આવે તે કામ -તે ના કર્યા જેવું જ છે.
આ વાત કોઈ ને કોઈ વખતે તો સર્વના અનુભવમાં આવેલી જ હોય છે.

આ જ રીતે,જોવા તથા સાંભળવાની-આદિ ક્રિયાઓ કરવા છતાં પણ જેનું મન તે ક્રિયાઓમાં લાગેલું ના હોય,
તે મનુષ્ય,દેખતાં,સાંભળતાં,સ્પર્શ કરતાં,આંખોને ઉઘાડતાં કે મીંચતા પણ કંઈ ક્રિયાઓ કરતો નથી અને
તેની હાથ-પગ-આદિ કર્મેન્દ્રિયો,સંસ્કારના બળથી,તે તે કાર્યોમાં પડવા છતાં,પણ તે કાર્યોમાં પોતે પડતો નથી.

હે રામ, માટે સંગ જ પુણ્ય-પાપ-આદિ અનર્થોનું કારણ છે,
સંગ જ સંસારનું,આશાઓનું,અને આપત્તિઓનું કારણ છે,માટે સંગ નો ત્યાગ થાય તે જ મોક્ષ છે,
અને સંગનો ત્યાગ કરવાથી જ પુનર્જન્મ ની પ્રાપ્તિ થતી નથી-એમ વિદ્વાનોએ સિદ્ધાંત કર્યો છે.
માટે તમે પદાર્થોના સંગને ત્યજીને જીવનમુક્ત થાઓ.

રામ કહે છે કે-હે ગુરુ મહારાજ,આપ સંગ-શબ્દ થી કોને કહો છો? (સંગ-શબ્દ નો શો અર્થ છે?) તે મને કહો.

વસિષ્ઠ કહે છે કે-હે રામ,પ્રિય-અપ્રિય પદાર્થોના સંયોગ-વિયોગ થતાં,
હર્ષ-શોક રૂપી -વિકાર આપનારી જે "મલિન વાસના" છે-તે "સંગ" નામથી ઓળખાય છે.
જીવનમુક્ત પુરુષોની વાસના હર્ષ-શોક-રૂપી વિકારના સંબંધ વિનાની હોવાને લીધે-શુદ્ધ હોય છે-
એટલા માટે તે (શુદ્ધ) વાસનાથી તેઓને પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી.
હે રામ,એવી શુદ્ધ વાસના એ "અસંગ" શબ્દથી કહેવામાં આવે છે.

તેવી શુધ્ધ  વાસના જ્યાં સુધી જીવનમુક્ત પુરુષનો દેહ રહે ત્યાં સુધી રહે છે.
એ શુધ્ધ વાસનાથી કર્મ કરવામાં આવે,તો પણ તે બંધન આપનાર થતું નથી.
જીવનમુક્ત નહિ થયેલા લોકો કે જે,મૂઢ અને રાંક જ હોય છે-
તેઓની વાસના હર્ષ-શોક-રૂપી વિકારોના સંબંધવાળી હોય છે,માટે તે વાસના બંધન આપનારી થાય છે.
આ હર્ષ-શોક-રૂપી વિકારોના સંબંધવાળી મલિન વાસના જ "સંગ" એ શબ્દથી કહેવાય છે.

આ મલિન વાસનાથી જે કર્મ કરવામાં આવે છે,તે કર્મ બંધન ને જ ઉત્પન્ન કરે છે.
તમે જો પોતાના ચિત્તમાં વિકાર આપનારી-એ મલિન વાસનાને ત્યજી દઈ,સ્વસ્થ થઈને રહેશો,
તો વ્યવહાર સંબંધી કાર્યો કરવા છતાં પણ લેપાશો નહિ.
હે રામ,હર્ષ,ક્રોધ અને ખેદથી તમારો રંગ બદલાઈ જતો ના હોય,
તો તમે રાગ,ભય અને ક્રોધથી,રહિત હોવાને લીધે,સંગ વિનાના જ છો.

હે રામ, તમે જો આશાથી થતા,પરવશપણાનો ત્યાગ કરીને -
દુઃખોથી -જો ગ્લાનિ પામતા ના હો,અને,સુખોથી પ્રસન્ન થતા ના હો-તો તમે જીવનમુક્ત જ છો.
જે તમે વ્યવહારોમાં વિહાર કરતાં,પ્રાપ્ત થતી સુખ-દુઃખોની દશાઓમાં-
બ્રહ્મથી એકરસ-પણાને ના છોડતા હો-તો તમે જીવનમુક્ત જ છો.
હે રામ,તમારા ચિત્તનો સ્વભાવ સઘળા ઇષ્ટ-અનિષ્ટ વિષયોમાં એકસરખો રહેતો હોય અને -
તેમ રહીને,વ્યવહારથી કરવા પડતાં કાર્યો ને અનુસરતો હોય,તો તમે જીવનમુક્ત જ છો.

હે રામ,ચિત્ત પર કોઈ જાતનો બળાત્કાર નહિ કરતાં,ચિત્તનું સહજ અસંગપણું કે જે જીવનમુક્તની,
સ્થિર સ્થિતિ-રૂપ છે-તેનું અવલંબન કરીને તમે રાગથી રહિત થાઓ,સમ થાઓ અને સ્વસ્થ થાઓ.
વૃથા ભાષણ નહિ કરનારો અને જેણે,ઇન્દ્રિયો-રૂપી પિશાચોને વશ કર્યા હોય છે,
એવો જીવનમુક્ત પુરુષ,માનથી,મદથી,મત્સરથી તથા સંતાપથી રહિત જ રહે છે.

સર્વદા સઘળી વસ્તુઓમાં સમ બુધ્ધિ-વાળો,સ્પૃહા વિનાનો,અને કશાની પણ યાચના નહિ કરનારો,
જીવનમુક્ત પુરુષ વર્ણના,આશ્રમના તથા કુળના ક્રમથી પ્રાપ્ત થયેલા વ્યાપાર સિવાય બીજું કશું કરતો નથી.
વર્ણના,આશ્રમના તથા કુળના ક્રમથી પ્રાપ્ત થયેલું પોતાનું જે કંઈ સહજ કર્મ હોય,
તેને જ કોઈ જાતનો ખેદ ધર્યા વિના કરતો એ જીવનમુક્ત પુરુષ-
આસક્તિથી તથા ફળની ઇચ્છાથી રહિત,થયેલી બુધ્ધિ વડે,પોતાના સ્વરૂપ માં જ રમે છે.

તે જીવનમુક્ત પુરુષ,મોટી સંપત્તિ કે મોટી વિપત્તિને પામ્યા છતાં પણ-
પોતાના પ્રથમથી સિધ્ધ કરી રાખેલા,શમ-દમ-સમદૃષ્ટિ- આદિના સ્વભાવને છોડતો નથી.
જેમ, ચંદ્ર,પોતાની ક્ષીણતા થતાં કે વૃધ્ધિ થતાં,શોક કે હર્ષ થી રહિત જ રહે છે,
તેમ,જીવનમુક્ત પુરુષ નીચી યોનિ ને કે ઇન્દ્રની પદવી ને પણ પ્રાપ્ત થતાં શોક-હર્ષ રહિત જ હોય છે.

હે રામ,રાગ-દ્વેષને છોડી દઈ,ભેદને દુર કરી નાખી અને અનેક પ્રકારના તુચ્છ ફળો આપનારી,
વાસનાને પણ શાંત કરીને-એવી રીતે આત્મા નો વિચાર કરો કે-
જે વિચારથી ગંભીર ચિત્તવાળા તથા અવશ્ય મેળવવા યોગ્ય પુરુષાર્થમાં તમે સ્થિર થાઓ.

હે રામ,વિચારને લીધે ઉદય પામેલી,સમાધિના વિલાસથી,સઘળી વાસનાઓનો ક્ષય થતાં,શુધ્ધ થયેલી,
આત્માને જોનારી,અને આત્માના દર્શનથી જ અવિદ્યાને (તથા અવિદ્યાના કાર્યો ને) બાળી નાખવામાં સમર્થ
થયેલી-"બુધ્ધિ" વડે,દુઃખ-રહિત,નિરતિશય આનંદરૂપ પરમપદમાં તમે રહો.
એ પરમપદમાં  રહેવાથી તમે આ સંસારમાં ફરીવાર જન્મો-રૂપી બંધનોથી બંધાશો નહિ.

**<u>ઉપશમ-પ્રકરણ-૫-સમાપ્ત</u>**

**<u>યોગવાસિષ્ઠ-બુક-ભાગ-2-સમાપ્ત</u>**

**Continue-on-યોગ વાસિષ્ઠ-બુક-ભાગ-3-Chapter-6-નિર્વાણ પ્રકરણ (પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ)**